ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પરમાત્મ વૈભવ

(ભાગ–૩)

(શ્રીમદ્ ભગવત્ યોગીન્દુદેવ પ્રણીત શ્રી પરમાત્મપ્રકાશ પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૯

વીર સંવત
૨૫૪૯

ઈ. સન
૨૦૨૩

**પ્રકાશન**
જેઠ સુદ-૫, તા. ૨૪-૫-૨૦૨૩
શ્રુતપંચમી તથા શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર,
વિલેપાર્લાનો વાર્ષિક પ્રતિષ્ઠા દિન

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ, ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવ લેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવ દર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦ થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના અંત સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ઓડિયોમાં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન તેમની વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત

જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૬-૭૭માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** તથા **vitragvani app** ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




શ્રીમદ્ ભગવત યોગીન્દુદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દ્રઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઈન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૬૧ | ૨૭–૧૧–૧૯૬૫ | ગાથા–૯૨–૯૩ | ૦૦૧ |
| ૦૬૨ | ૨૮–૧૧–૧૯૬૫ | ગાથા–૯૩–૯૪ | ૦૧૪ |
| ૦૬૩ | ૨૯–૧૧–૧૯૬૫ | ગાથા–૯૫ | ૦૨૮ |
| ૦૬૪ | ૩૦–૧૧–૧૯૬૫ | ગાથા–૯૬–૯૭ | ૦૪૧ |
| ૦૬૫ | ૦૨–૧૨–૧૯૬૫ | ગાથા–૯૭ થી ૯૯ | ૦૫૫ |
| ૦૬૬ | ૦૩–૧૨–૧૯૬૫ | ગાથા–૯૯ | ૦૬૯ |
| ૦૬૭ | ૦૪–૧૨–૧૯૬૫ | ગાથા–૧૦૧ થી ૧૦૩ | ૦૮૩ |
| ૦૬૮ | ૦૫–૧૨–૧૯૬૫ | ગાથા–૧૦૪ થી ૧૦૬ | ૦૯૮ |
| ૦૬૯ | ૦૬–૧૨–૧૯૬૫ | ગાથા–૧૦૬ થી ૧૦૮ | ૧૧૨ |
| ૦૭૦ | ૦૭–૧૨–૧૯૬૫ | ગાથા–૧૦૯–૧૧૦ | ૧૨૬ |
| ૦૭૧ | ૦૯–૧૨–૧૯૬૫ | ગાથા–૧૧૦ થી ૧૧૨ | ૧૪૧ |
| ૦૭૨ | ૧૦–૧૨–૧૯૬૫ | ગાથા–૧૧૩–૧૧૪ | ૧૫૪ |
| ૦૭૩ | ૧૧–૧૨–૧૯૬૫ | ગાથા–૧૧૫–૧૧૬ | ૧૬૯ |
| ૦૭૪ | ૧૨–૧૨–૧૯૬૫ | ગાથા–૧૧૭–૧૧૮ | ૧૮૨ |
| ૦૭૫ | ૧૩–૧૨–૧૯૬૫ | ગાથા–૧૧૯ થી ૧૨૧ | ૧૯૪ |
| ૦૭૬ | ૧૫–૧૨–૧૯૬૫ | ગાથા–૧૨૧–૧૨૨ | ૨૦૭ |
| ૦૭૭ | ૧૬–૧૨–૧૯૬૫ | ગાથા–૧૨૨–૧૨૩ | ૨૧૯ |
| ૦૭૮ | ૧૭–૧૨–૧૯૬૫ | ગાથા–૧ થી ૪ | ૨૩૧ |
| ૦૭૯ | ૧૮–૧૨–૧૯૬૫ | ગાથા–૪ થી ૬ | ૨૪૫ |
| ૦૮૦ | ૧૯–૧૨–૧૯૬૫ | ગાથા–૭–૮ | ૨૬૦ |

| | | | |
|---|---|---|---|
| ૦૮૧ | ૨૦–૧૨–૧૯૬૫ | ગાથા–૮–૯ | ૨૭૪ |
| ૦૮૨ | ૨૧–૧૨–૧૯૬૫ | ગાથા–૧૦ થી ૧૩ | ૨૮૮ |
| ૦૮૩ | ૨૩–૧૨–૧૯૬૫ | ગાથા–૧૩–૧૪ | ૩૦૨ |
| ૦૮૪ | ૨૪–૧૨–૧૯૬૫ | ગાથા–૧૫ થી ૧૭ | ૩૧૮ |
| ૦૮૫ | ૨૫–૧૨–૧૯૬૫ | ગાથા–૧૮ થી ૧૯ | ૩૩૩ |
| ૦૮૬ | ૨૬–૧૨–૧૯૬૫ | ગાથા–૧૯ | ૩૪૮ |
| ૦૮૭ | ૨૭–૧૨–૧૯૬૫ | ગાથા–૨૦ થી ૨૨ | ૩૬૪ |

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પરમાત્મ વૈભવ

**(ભાગ-૩)**

**(શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)**

**માગશર સુદ ૪, શનિવાર, તા. ૨૭-૧૧-૧૯૬૫**
**ગાથા-૯૨, ૯૩, પ્રવચન-૬૧**

પહેલા ભાગની ૯૨મી ગથા. 'આગે આત્માકા ચેતનભાવ વર્ણન કરતે હૈં -' આત્માનો તો ચેતનભાવ, દર્શન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રએ પરિણમેલો ચેતનભાવ એ આત્માનો છે. સમજાણું? હેં?

મુમુક્ષુ :- પરિણમેલો?

ઉત્તર :- પરિણમેલો. આત્માનો ચેતનભાવ છે. વસ્તુ ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વરૂપ એવો આત્મા એની પર્યાયમાં જેટલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ચૈતન્યના પરિણામરૂપે પરિણમ્યો એ ચેતનભાવ તે આત્મા છે. એ સિવાય બીજું એ આત્મા નથી એમ અહીંયા સિદ્ધ કરવું છે.

૯૨) पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ।
एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयण-भाउ।।९२।।

શું કહે છે? 'પુણ્યરૂપ શુભકર્મ...' એ શાતાવેદનીય આદિ શુભકર્મ જે બંધાયેલા જડ છે એ આત્મપર્યાય નથી, એ આત્મભાવ નથી. આત્મદ્રવ્ય નથી, આત્મગુણ નથી અને એ આત્મપર્યાય નથી. જડ શુભ, અશુભકર્મ. એમ 'પાપરૂપ અશુભકર્મ...' જડ એ કાંઈ આત્મપર્યાય નથી, આત્મભાવ નથી. 'અતીત અનાગત વર્તમાન કાલ...' ભૂત, ભવિષ્ય, વર્તમાનકાળ લ્યો! કે, આ ભૂત, ભવિષ્ય, વર્તમાન એ તો પરવસ્તુ છે, એ કાંઈ આત્મભાવ નથી. 'આકાશ...'

એ આત્મભાવ નથી. '**ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય શરીર, ઇનમેંસે...**' કાય ધર્મ-અધર્માસ્તિકાય છેને? '**ઇનમેંસે એક ભી આત્મા નહીં હૈ, 'ચેતનભાવ મુક્ત્વા' ચેતનભાવકો છોડકર અર્થાત્ એક ચેતનભાવ હી અપના હૈ.**' સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** '**વ્યવહારનયકર યદ્યપિ પુણ્ય, પાપાદિ આત્માસે અભિન્ન હૈં,...**' એક કહેવામાં આવે છે. એ કર્મ આદિ અભિન્ન નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છેને. તેથી નિમિત્ત સંબંધે વ્યવહારે ચેતનાના ભાવ છે એમ વ્યવહારથી, ઉપચારથી, આરોપથી કહેવામાં આવે છે. '**તો ભી શુદ્ધનિશ્ચયનયકર ભિન્ન હૈં,...**' શુદ્ધ નિશ્ચયથી જ્ઞાનાનંદ સ્વભાવ આત્માનો જોતા, પરિણમન કરતા એ આત્માથી ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? '**ઔર ત્યાગને યોગ્ય હૈં,...**' એ કર્મ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ બધું છોડવા લાયક છે.

'**ઉન પરભાવોંકો મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ...**' દેખો! એ આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, પુણ્ય-પાપના ભાવ અને પુણ્ય-પાપના કર્મ વગેરે બધું. એ પરભાવકો... મિથ્યાત્વ પરભાવ છે, એ આત્માના ભાવ નથી. '**મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ...**' એ પુણ્ય-પાપના ભાવ ને પુણ્ય-પાપના કર્મ, ધર્માસ્તિ આદિ અને શરીરાદિ બધું, કાય, ધર્માસ્તિ આદિ એ મિથ્યાદૃષ્ટિ-મિથ્યાત્વરૂપે ભ્રમણારૂપે પરિણમતો, રાગ અને દ્વેષરૂપે થયો, '**બહિરાત્મા (અપને) જાનતા હૈ,...**' સમજાણું કાંઈ? બહિર્ બુદ્ધિવાળો બહિર્ ભાવને પોતાના માને છે. મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- શરીરથી તો ધર્મ થાય.

ઉત્તર :- ધૂળેયથી શરીર કે દિ' ધર્મ થતા હતા? રાગથી ધર્મ થાય નહિ તો શરીરથી ક્યાંથી થાતો હતો? સમજાણું કાંઈ? આવશે હમણા પછી ગાથામાં.

'**ઔર ઉન્હીંકો પુણ્ય, પાપાદિ સમસ્ત સંકલ્પ, વિકલ્પરહિત...**' દેખો! બહિરાત્મા, આત્માનો જ્ઞાનાનંદ, ચિદાનંદ સ્વભાવ એના ભાન વિનાના અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણે થયા થકા એવા પરભાવનો આત્માનો ભાવ છે એમ મિથ્યાદૃષ્ટિ માને છે. અસત્યદૃષ્ટિ, પાપદૃષ્ટિ એમ માને છે. પણ એ '**પુણ્ય, પાપાદિ સમસ્ત સંકલ્પ, વિકલ્પરહિત...**' પાછું સમસ્ત સંકલ્પ, વિકલ્પ. શુભ-અશુભ, સંકલ્પ-વિકલ્પ જે રાગાદિ એનાથી રહિત, '**નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં...**' નિજ શુદ્ધસ્વરૂપ ચિદાનંદ મહાન પદાર્થ ભગવાન એક સમયમાં '**શુદ્ધાત્મદ્રવ્યમેં સમ્યક્ શ્રદ્ધાન...**' એની સમ્યક્ શ્રદ્ધાન એ પરિણામ ચૈતન્યભાવ જીવના છે. સમજાણું કાંઈ?

શુભ-અશુભ રાગ, કર્મ, ધર્માસ્તિ, કાળાદિ એનાથી રહિત ભગવાન શુદ્ધાત્મ પદાર્થ, શુદ્ધાત્મ દ્રવ્ય જે ધ્રુવ કહ્યો હતો તે, એવા દ્રવ્યની. શુદ્ધ વસ્તુ ત્રિકાળ ચૈતન્ય રત્નાકરથી ભરેલો ભગવાન, સમજાણું કાંઈ? અનંત અનંત જીવતરશક્તિ, જ્ઞાનશક્તિ, આનંદશક્તિ આદિ અનંત ચૈતન્ય રત્નાકરના

સ્વભાવથી ભરેલો શુદ્ધાત્મા એની શ્રદ્ધા, એની નિર્વિકલ્પ શ્રદ્ધા. એવા આત્માનું જ્ઞાન. એવો નિજશુદ્ધાત્મા એનું જ્ઞાન, એનું જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, નિજશુદ્ધાત્માનું જ્ઞાન, અને એનું ચારિત્ર. ઝીણી વાત છે, ભાઈ! પરમાત્મદ્રવ્યની વાત છેને આ. અંદર સ્વરૂપમાં શુદ્ધ પદાર્થ એની સન્મુખનું રાગ રહિત સમ્યગ્દર્શનનું પરિણમન, રાગ રહિત શુદ્ધાત્માનું જ્ઞાન, રાગ રહિત શુદ્ધાત્મામાં સ્થિરતારૂપ ચારિત્ર એવો '**અભેદરત્નત્રયસ્વરૂપ પરમસમાધિમેં તિષ્ઠતા...**' સમજાણું કાંઈ? ઓલામાં એમ કહ્યું હતું કે, આત્મા અખંડ આનંદકંદ શુદ્ધાત્મ વસ્તુ એમાં એ પુણ્ય-પાપના ભાવ, પુણ્ય-પાપના કર્મ (એને) મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા એ મારા છે એમ માને છે. સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની, સમ્યક્ ચારિત્રમાં સ્થિર એ શુદ્ધાત્મા દ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાનમાં સ્થિર એ વસ્તુને પોતાની માનતો નથી. સમજાણું કાંઈ?

'**તિષ્ઠતા સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધાત્માસે જુદે જાનતા હૈ.**' શુદ્ધાત્માના ભાવથી એ ચીજ જુદી છે, એ શુદ્ધાત્માનો ભાવ નથી. સંકલ્પ, વિકલ્પ, પુણ્ય, પાપના ભાવકર્મ આદિ શુદ્ધાત્માની પર્યાય—ભાવ નહિ. શુદ્ધ ધ્રુવ એવો પરમાત્મા, પોતે પરમાત્મા. પરમાત્માની વ્યાખ્યા છેને આ. એવો પરમાત્મા જેમાં અનંત, અનંત બેહદ જીવતર ચૈતન્ય શક્તિરૂપ રત્નાકરથી ભરેલો ભગવાન છે. એવો અનંત અનંત ચિદ્-જ્ઞાન, દર્શન, આનંદ, સુખ, વીર્ય આદિ ચૈતન્ય રત્નાકરથી ભરેલો આત્મા છે. એવું જે આત્માનું શુદ્ધાત્મ દ્રવ્યસ્વરૂપ એની અંતરમાં નિર્વિકલ્પ અનુભવમાં સમ્યગ્દર્શન થયે, અને એનું આત્માનું જ્ઞાન થઈ, આત્માની સ્થિરતા થઈ એમાં ... એમાં પરિણમતો આત્મા પોતાના માનતો નથી એટલે જુદા પડી ગયા છે. કહો, સમજાય છે કે નહિ આમાં? બહુ મોટી વાતું જાણે આમાં. કહો, ભીખાભાઈ! સમજાય છે?

ભગવાન આત્મા જે પરમાત્મા પોતે જ વસ્તુ... વસ્તુ... વસ્તુ. એ પરમાત્માથી બહિર્ દૃષ્ટિ જેની છે તે બાહ્યદૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા એ શુભ-અશુભ રાગ, શુભાશુભ કર્મ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ એને પોતાના માને છે. શુદ્ધાત્મ દ્રવ્ય પરમાત્મસ્વરૂપ એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ નિર્મળ પર્યાય, એ નિર્મળ અવસ્થાપણે પરિણમતો, રહેતો આત્મા એ પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ આદિને પોતાના જાણતો નથી. સમજાણું કાંઈ? '**શુદ્ધાત્માસે જુદે જાનતા હૈ.**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સંકલ્પ-વિકલ્પ વિકાર છે, એની નિર્મળ પર્યાય નહિ. કહે છેને સંકલ્પ, વિકલ્પ એ વિકારી દશા, એ આત્મ દ્રવ્ય-ગુણની પર્યાય નહિ. આત્મા દ્રવ્ય શુદ્ધ છે, એના ગુણો શુદ્ધ છે, એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એની પર્યાય શુદ્ધ છે એ એની પર્યાય છે. એ પર્યાયમાં સંકલ્પ, વિકલ્પને પોતાના માનવા અને ઓલી નિર્મળ પર્યાય ભૂલી જવી, પ્રગટ ન થવી અને

આને માનવી એનું નામ મિથ્યાદષ્ટિ છે. ભારે વાત. કહો, જમુભાઈ! ચૈતન્યભાવ તે આત્મા છે, અહીં એ સિદ્ધ કરવું છે. એ પુણ્ય-પાપના વિકલ્પો, કર્મ, શરીર એ ચેતનભાવ નહિ, એ અચેતન ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ચૈતન્યસૂર્ય ભગવાન પરમાત્મા પોતે ચૈતન્યપ્રકાશ નામ તેજ-નૂર એવું જે આત્મસ્વરૂપ એનો ચૈતન્યભાવ, એના ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની સ્થિરતા અંશ એ ચૈતન્યનો પર્યાય કહો કે એ ચૈતન્યનો ભાવ કહો. એ સંકલ્પ, વિકલ્પ એ ચૈતન્યભાવ નહિ, એ તો અચેતનભાવ છે. આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયમાં. એ પર્યાય આમ થઈ ત્યારે આ ભિન્ન છે એમ જણાય છે એમ. સંકલ્પ, વિકલ્પ ભલે થોડા હોય થોડા, પણ એ ભિન્ન છે, એકમાં આમાં નથી. સમજાણું કાંઈ? આહા..! એ ૯૨ ગાથા થઈ. કહો, સમજમેં આયા કિ નહિ? બરાબર નહિ. ભઈ પૂછીએ નહિ, નહીં પૂછીએ. હવે એક આ પા કલાકમાં વાત કરી, બે મિનીટમાં શી રીતે જવાબ દેવો?

આ વાત કરી નહિ? આમ સીધી વાત છે કે નહિ? આ વસ્તુ છે કે નહિ આત્મા? પદાર્થ છે કે નહિ? મહાન ગુણનો પિંડ એ છે કે નહિ? સમજાય છે? અનંત, એક એક ગુણની અનંત સામર્થ્ય શક્તિવાળા એવા અનંત ગુણનું એકરૂપ તે શુદ્ધાત્મા છે. એવો શુદ્ધાત્મા એની પર્યાયમાં પરને રાગ, દ્વેષ, પુણ્ય-પાપને પોતાના માને તો એ બહિરાત્મા છે. કારણ કે નિર્મળ પર્યાય એની હોય. મલિન પર્યાય અને કર્મ એના ન હોય. સમજાણું કાંઈ? ત્યારે એ પરને પર જુદા કોણ માની શકે? પરને, સંકલ્પ, વિકલ્પને, કર્મને જુદા કોણ માને? કે, એનાથી જુદો પડેલો ચિદાનંદ વસ્તુની શ્રદ્ધા, જ્ઞાનની રમણતાના પરિણમનમાં રહેલો એ સમાધિસ્થ અથવા સમ્યગ્દષ્ટિ જીવ એટલે અંતરાત્મા, પરિણમન થયેલો અંતરાત્મા તેને ભિન્ન જાણે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- વાતો કરવાની આ વાત નથી.

ઉત્તર :- વાતું કરે શું? વાત કોની સાથે કરે, વાત કરે કોણ? વાત વાણીમાં જાય, જડમાં, સંકલ્પ, વિકલ્પ જડમાં જાય ત્યાં વાણીનું શું કહેવું? આહા..હા..! સમજાણું કાંઈ?

એ વાત બહિરાત્મા, અંતરાત્મા ત્રણ પ્રકારનું કથન કહ્યું, લ્યો.

**'ઐસે બહિરાત્મા પરમાત્મારૂપ તીન પ્રકારકે આત્માકા જિસમેં કથન હૈ, એસે પહલે અધિકારમેં મિથ્યાદષ્ટિકી ભાવનાસે રહિત જો સમ્યગ્દષ્ટિકી ભાવના ઉસકી મુખ્યતાસે આઠ દોહા-સૂત્ર કહે. આગે ભેદવિજ્ઞાનકી મુખ્યતાસે 'अप्पा संजमु' ઈત્યાદિ ઈકતીસ દોહાપર્યન્ત ક્ષેપક-સૂત્રોંકો છોડકર પહલા અધિકાર પૂર્ણ કરતે હુએ વ્યાખ્યાન કરતે**

**हैं, उसमें भी जो शिष्यने प्रश्न किया कि यदि पुण्य-पापादिरूप आत्मा नहीं है, तो कैसा है? ऐसे प्रश्नका श्रीगुरु समाधान करते हैं.'** જુઓ! આ એવી રીતે સંબંધ કર્યો કે, શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે, પ્રભુ! આ સંકલ્પ, વિકલ્પ, મન, વાણી, કર્મ, શરીર એ આત્મા નહિ તો છે આત્મા કોણ? કોને આપ આત્મા કહો છો? એમ શિષ્યનો (પ્રશ્ન છે કે) પ્રભુ! આપ આત્મા કોને કહો છો? આને આત્મા નહિ તો આત્મા વળી બીજો ક્યો હશે? આ બધું નહિ, આ બધું નહિ ત્યારે વળી ક્યો આત્મા? એના ઉત્તરમાં ગુરુ કહે છે.

९३) अप्पा संजमु सीलु तउ अप्पा दंसणु णाणु।
अप्पा सासय-मोक्ख-पउ जाणंतउ अप्पाणु।।९३।।

**શબ્દાર્થ :- 'आत्मा' 'निज गुण-पर्यायका धारक ज्ञानस्वरूप चिदानंद ही...'** દેખો! શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાન આનંદસ્વરૂપ જે પ્રભુ એ પોતે પોતાના નિજ ગુણનું પરિણમન, નિર્મળ પરિણમન. સમજાણું કાંઈ? આત્મા અનંત ગુણનું રૂપ એનું શ્રદ્ધાગુણનું સમ્યક્ પરિણમન, જ્ઞાનગુણનું સમ્યક્ પરિણમન, ચારિત્રગુણનું સમ્યક્ પરિણમન, આનંદગુણનું આનંદરૂપ પરિણમન એવા નિજ ગુણ-પર્યાયનો ધરનાર, **'ज्ञानस्वरूप चिदानंद ही संयम है,...'** આહા..હા..! જુઓ! કથન પદ્ધતિ તો જુઓ!

દ્રવ્ય પરમાત્મા, પણ એ દ્રવ્ય પરમાત્મા પોતે જેવા એના ગુણ છે અંદર ત્રિકાળ જ્ઞાનગુણનું સમ્યક્ જ્ઞાનરૂપે પરિણમન પર્યાયમાં થવું. શ્રદ્ધાગુણનું પર્યાયમાં સમ્યક્ શ્રદ્ધારૂપે પરિણમન થવું, આનંદગુણનું પર્યાયમાં અતીન્દ્રિય આનંદરૂપે પ્રગટ પરિણમન થવું, ચારિત્રગુણનું પર્યાયમાં શાંતિ-સ્થિરતારૂપે પરિણમન થવું. એવો નિજ ગુણ પર્યાયનો ધારક જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ જ સંયમ છે. એ પરિણામ જે નિર્મળ થયા એ સંયમ છે. આહા..હા..! એની વ્યાખ્યા કરશે હોં! પાઠમાં નિશ્ચયની વાત છે. ટીકામાં એનું સાધનપણું નિમિત્તનું વ્યવહારે બતાવશે. એમાં ગડબડ મોટો ઉઠે. અરે..! ભગવાન! શું કરે છો? પ્રભુ! તારી પાસે મહાન પદાર્થ મોટો આનંદચક્ર, ચક્રવર્તીના નિધાન ખૂટે, પણ આ ખૂટે એવો નથી. આહા..હા..! એવા અનંત ગુણનો ભંડાર એવો ભગવાન પોતાના આત્મા તરફના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના પરિણામરૂપ પરિણમતો એ આત્મા જ સંયમ છે. સમજાણું કાંઈ? એને સંયમ કહેવામાં આવે છે.

એને **'शील है, तप है,...'** (એમ) કહેવામાં આવે છે. આત્મા જ પોતાના શુદ્ધ ગુણનો પિંડ પ્રભુ, શુદ્ધપણે પરિણમનની દશા (રૂપે પરિણમે) એ દશાને શીલ, તપ અને શીલ કહેવામાં આવે છે. એનું નામ શીલ ને તપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને **'आत्मा दर्शन-ज्ञान है,...'** ભગવાન આત્મા પોતાનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શનરૂપી પરિણમન થવું, દર્શનગુણ છે એનું પર્યાયરૂપે સમ્યક્ દર્શન, ચૈતન્ય નિશ્ચય સમ્યક્પણે પરિણમન થવું એ સમ્યગ્દર્શન એ આત્મા

છે. સમજાણું કાંઈ? અને સ્વસંવેદન વીતરાગી આત્માનું જ્ઞાન એ આત્મા છે. આહા..હા..! બહુ વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહીએ છીએને. વાચક છે એ વાચ્યને તો સમજાવેને. આહા..હા..!

એ '**આત્મા દર્શનજ્ઞાન હૈ, ઔર 'आत्मानम् जानन्' અપનેકો જાનતા અનુભવતા હુઆ...**' દેખો! એ બધી નિર્મળ જે પર્યાય કીધી, શેની? સંયમની, શીલની, તપની, દર્શનની, જ્ઞાનની એ '**અપનેકો જાનતા અનુભવતા હુઆ આત્મા...**' પોતાની પર્યાયમાં આત્માને જાણતો, અનુભવતો થકો એ '**આત્મા અવિનાશી સુખકા સ્થાન મોક્ષકા માર્ગ હૈ.**' સમજાણું કાંઈ? એના બે, ત્રણ અર્થ કર્યા છે અંદર. છેને? '**सासय-मोक्ख**'. એના બે અર્થ—શાશ્વત્ મોક્ષ, શાશ્વત્ મોક્ષનો માર્ગ અને શાશ્વત્ સુખ એવા ત્રણ અર્થ કર્યા છે. છેને સંસ્કૃતમાં. '**मोक्षपदं। अथवा पाठान्तरं सासयमुक्खपहुं शाश्वतमोक्षस्य पन्था मार्गाः, अथवा सासयसुक्खपउ**' સુખપદ. એમ ત્રણ અર્થ છે. ધીમેથી કહીશું. જુઓ! સાંભળો. કહો, સમજાણું આમાં? શું કીધું?

ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ ધ્રુવ એ પોતે જ શુદ્ધપણે વર્તમાન પરિણમતો અવિનાશી સુખનું સ્થાન એવા મોક્ષનો માર્ગ પોતે આત્મા જ છે. મોક્ષપર્યાયરૂપે પણ આત્મા છે અને મોક્ષના માર્ગરૂપે પણ આત્મા જ છે અને આનંદના થોકરૂપ, શાશ્વત સુખના પરિણમનરૂપ આનંદ પણ એ આત્મા જ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એ પોતે જ પૂર્ણ આનંદની પર્યાયપણે પરિણમતો પોતે જ શાશ્વત મોક્ષરૂપ છે. એવો આત્મા જ પોતે શુદ્ધપણે પરિણમતો, મોક્ષના માર્ગરૂપે પરિણમતો એ આત્મા જ મોક્ષમાર્ગ છે, આત્મા જ મોક્ષમાર્ગ છે અને આત્મા જ શાશ્વત્ આનંદરૂપ છે. સમજાણું? એ આનંદના પરિણામે પરિણમતો અતીન્દ્રિય આનંદરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદે પરિણમતો પોતે જ આનંદરૂપ એ આત્મા છે. આહા..! ભારે ભાઈ આત્મા. આ બધા મકાન ને શરીર ને આ બધા ક્યાં ગયા? જેચંદભાઈ! આ શરીર નથી ચાલતું ત્યારે કંટાળો (આવે છે). ક્યાં ગયું? નથી આ તો એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન્યાય નહિ, એવો છે, એવો છે એમ કહ્યું છે અહીં. એવો છે એવો એને જાણવામાં આવતો નથી. બીજી રીતે જાણવામાં આવે છે મૂઢને, એમ કહે છે અહીં. આહા..હા..!

ભગવાન આત્મા શાશ્વત્ મોક્ષપદ, મોક્ષનો માર્ગ પોતે જ છે. આહા..હા..! શુદ્ધ અખંડાનંદ પ્રભુ પોતાના આશ્રયમાં લીન થતો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિએ પરિણમતો ભગવાન આત્મા જ મોક્ષનો માર્ગ છે. મોક્ષમાર્ગ કોઈ બીજો નથી. કહો, આમાં રાગને, પુણ્યને, વિકલ્પને

મોક્ષમાર્ગ નથી કહ્યો.

હવે ટીકાકાર થોડું સાધનનું નિમિત્તપણું સિદ્ધ કરશે. ૧૭૨મી ગાથામાં આવેને? ૧૭૨ ગાથામાં વીતરાગભાવ જ તાત્પર્ય આવે છેને? છતાં એ અમૃતચંદ્રાચાર્ય એને વ્યવહારરત્નત્રયના વિકલ્પને અવિરોધપણે કેમ હોય છે એનું ત્યાં અંદર કર્યું છે. એમ અહીં પણ (કહે છે). આ બધી શૈલી મૂળ તો સમયસાર, પંચાસ્તિકાય, પ્રવચનસાર અને એની ટીકા અમૃતચંદ્રાચાર્યની ગજબની અલૌકિક વાત! એ બધા આત્મા હતા હોં! એ કોઈ પરમેશ્વર નહોતા થઈ ગયા પરમાત્મા. એવા આત્માઓને આ બધી રચનાનો વિકલ્પ હતો અને આ રચાણું એ તો પરમાણુની પર્યાય છે. પાછળ કહે છે કે, એ વિકલ્પ અને આ અમે નહિ. અમે વિકલ્પમાં આવ્યા નથી ને અમે વાણીમાં, શાસ્ત્ર રચનામાં અમે નથી આવ્યા. આહા..હા..! અમે તો અમારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની રચનામાં અમે આવ્યા છીએ. સમજાણું કાંઈ?

વાત ઈ છે કે, એ શુદ્ધ આત્મપદાર્થ કેવો છે એની એને ખબર નથી. એ તો આમ સાધારણ આત્મા એટલે કાંઈ (નહિ), ભિખારીની જેમ રાંક. કિંમત તો કાંઈક હીરાની કિંમત, આની તો કાંઈ ન મળે. આહા..હા..! પાંચ, દસ લાખનો એક હીરો મળ્યો હોય તો કહે આહા..હા..! ત્રણ લાખનો મુગટ તો ભગવાન માથે અહીં છેને અહીં પાલીતાણા. ઓલા કહે જોવા આવો. અમે ગયા હતા ૯૫માં. હવે જોયા કીધું. હારને શું માથે છે? ઉપર હતો તો હેઠે ઉતાર્યો. .. સાથે હતાને. એના હતા નોકર. ત્રણ લાખનો માથે મુગટ. હવે એની એને કિંમત, (પણ) આ દેખનારો કોણ છે એની ખબર એને નથી. એને તો આમ જોઈ જોઈને આમ ટગ ટગ જોયા કરે આમ. આહા..હા..! અહીં લાલ મણિ છે ને અહીં આ મણિ છે ને પીળો મણિ છે ને, ઢીકણો મણિ છે. ત્રણ લાખ, તે દિ' ત્રણ લાખ હતા ૯૫માં હોં! લ્યો! કેટલા વર્ષ થઈ ગયા? ૨૭ વર્ષ. પોષમાં ગયા હતા, ૯૫નો પોષ મહિનો. મેરુ તેરસે ત્યાં હતા. મેરુ તેરસ આવે છેને? આવે છે. મેરુ કરે છે, ત્રણ મેરુ કરે. નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, મેરુ તે દિ' ત્યાં ... કહો, સમજાણું? ઈ એમાં માલ નથી કહે છે ન્યાં મુગટમાં ને ધૂળમાં. આ ભગવાનને જોવા માટે નવરો થયો નહિ કોઈ દિ'. આ તે કોણ છે પણ આ? સમજાણું કાંઈ? પોતે ત્રણ લોકનો નાથ બાદશાહ આહા..! ત્રણ કાળ, ત્રણ લોકને એક સમયમાં સમાડી દે એવો આત્મા, હવે એ આત્માની એને ખબર ન મળે.

ભાવાર્થ :- કહે છે, હવે વ્યાખ્યા પહેલેથી કરે છે સંયમની. સંયમ લીધો છેને, આત્મા તે સંયમ એમ કહ્યું હતુંને? **'પાંચ ઈન્દ્રિયા,...'** પાંચ ઈન્દ્રિયો અને મનનું રોકવું, પાંચ ઈન્દ્રિય અને મનનું રોકવું એ વિકલ્પ શુભ. **'છ કાયના જીવોની દયાસ્વરૂપ,...'** એ વિકલ્પ શુભ

રાગ. એ '**ઈન્દ્રિયસંયમ તથા પ્રાણસંયમ ઈન દોનોંકે બલસે...**' એટલે વિકલ્પનું નિમિત્ત એના બળથી એમ વ્યવહારે કહેવામાં આવે છે. એઈ..! એના બળથી કહ્યું લ્યો! એ તો એ બળ કહેવાય. '**संयमबलेन साध्यसाधकभावेन**' એમ. વ્યવહારનયથી એનું બળ એમ કહેવામાં આવ્યું છે. એ તો પ્રવચનસારમાં નથી આવ્યું? પંચાચાર, નહિ? તારા પ્રતાપથી. એ બધું એમ જ આવે કથન. અરે..! ભગવાન! શુભ નિમિત્તથી કથન છે ઈ.

આત્મામાં બાહ્ય વિકલ્પરૂપ પાંચ ઈન્દ્રિયોનો સંયમ, મનનો સંયમ, છ કાય જીવની દયારૂપી શુભ વિકલ્પરૂપ સંયમ. '**ऐसे ઈન્દ્રિયસંયમ તથા પ્રાણસંયમ ઈન દોનોંકે બલસે...**' એટલે શુભ વિકલ્પ. એ સાધક અને સાધ્ય માત્ર '**નિશ્ચયસે અપને શુદ્ધાત્મસ્વરૂપમેં સ્થિર હોનેસે...**' એ વિકલ્પ તો એક સાધનરૂપે વ્યવહાર કહ્યું, પણ સ્વરૂપમાં, આનંદમાં સ્થિર થવું, આત્માના અતીન્દ્રિય શાંતરસમાં સ્થિર થવું એને નિશ્ચયસંયમ કહે છે. ઓલો વ્યવહારસંયમ વિકલ્પ, નિશ્ચયસંયમ આત્માની દશા. આત્મા સંયમ કહેવો છેને અહીં. ઓલો (શુભ રાગ) આત્મસંયમ નથી. સમજાણું કાંઈ? કથન તો... ઓલી વસ્તુ આવે છેને, હોય છે ખરીને. એ ભૂમિકાના પ્રમાણમાં પાંચ ઈન્દ્રિય, છઠ્ઠું મન, છ કાય, બાર અસંયમ, બાર અસંયમ છેને. સંયમની વ્યાખ્યા છે ને. બાર અસંયમનો ત્યાગરૂપ વિકલ્પ, શુભ રાગ એની ભૂમિકામાં, એમાંથી ખસીને શુદ્ધ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ એનામાં સંયમ સમ્યક્ પ્રકારે અતીન્દ્રિયરૂપી પરિણમન દશા થવી એને આત્મસંયમ, નિશ્ચયસંયમ, એને અભ્યંતર સંયમ કહે છે. અને છકાય આદિના વિકલ્પને બાહ્ય સંયમ, વ્યવહારસંયમ કહે છે. એ નિમિત્તના બળથી એમ અહીંયા સમજાવ્યું છે. સમજાણું કાંઈ? બળ તો પોતાના શુદ્ધ ઉપાદાનના પરિણમનથી પરિણમી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ, શુદ્ધ ઉપાદાન, અંતરના ઉપાદાનના અવલંબે શુદ્ધપણે સંયમ, સમ્યક્ પ્રકારે ઈન્દ્રિયદમન, અતીન્દ્રિય આદિનું પરિણમન અંતરમાં અંતર અવલંબે થયું એ જ સંયમ અને એ જ આત્મા. એ આત્મા તેને આ સંયમ કહેવામાં આવે છે. પણ એને પાંચ ઈન્દ્રિય આદિનો વિકલ્પ જે સંયમનો હતો, છોડવાનો, એ વિકલ્પને સાધક, વ્યવહાર સાધક, નિમિત્ત સાધન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પાછો આ વ્યવહારસંયમ છઠ્ઠે અને ઓલો નિશ્ચયસંયમ આગળ એમ નહિ. એ તો એક સમયે નિશ્ચય અને વ્યવહાર બે સાથે હોય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ એ પોતામાં સમ્યક્ પ્રકારે પરિણમન યમપણે પરિણમતો, નિશ્ચય યમ—સમ્યક્ પ્રકારે શુદ્ધાત્મ સ્વરૂપમાં પરિણમતો એ આત્મા જ નિશ્ચયસંયમ છે. એમાં ઓલો વિકલ્પ પણ જોડે વ્યવહાર હતો એને સાધક ગણીને એને નિમિત્ત

કહેવામાં આવ્યું છે. વ્યવહાર સાધક કરીને નિમિત્ત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? 'પ્રભુનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ' એ કાયરના ત્યાં કામ નથી. આહા..હા..! ભગવાન ચૈતન્યબિંબ મહા અનંત ગુણનો મેરુ, જેના એક સ્વભાવના એક એક શક્તિ આગળ મોટા દરિયા ખાલી થાય એવી એની તાકાત છે. બધું જણાઈ જાય, બધું જણાય ત્રણ કાળ, ત્રણ લોક જણાય. એવો ભગવાન પૂર્ણાનંદનો નાથ એની અંતર્મુખનું સમ્યક્ પ્રકારે પરિણમન થઈ જવું એને આત્મસંયમ અથવા એ આત્માનો સંયમ કહેવાય છે. અને ઓલો વિકલ્પ છે એ આત્મસંયમ નથી. ભારે વાત ભાઈ! એ અણાત્મરૂપ રાગ છે શુભરાગ, પણ એને અનુકૂળ નિમિત્ત વ્યવહારે ગણીને, વ્યવહારે અનુકૂળ નિમિત્ત ગણીને એને સાધકપણે કહેવામાં આવ્યો. વસ્તુ આમ છે, આઘી, પાછી કરે તો વસ્તુમાં નહિ આવે. સમજાણું કાંઈ?

સાધ્ય-સાધક કીધું છેને, સાધ્ય-સાધક ભાવકર. છેને? **'साध्यसाधकभावेन निश्चयेन स्वशुद्धात्मनि संयमनात्' 'संयमनात्'** પોતે સંયમરૂપે પરિણમતો થકો. આહા..હા..! વસ્તુ ભગવાન અનંત ગુણરૂપ પિંડ એનું પરિણમન, ગુણનું પરિણમનરૂપે પરિણમવું એવી દશાને આત્મસંયમ કહેવામાં આવે છે. એ સંયમ એ મોક્ષનો માર્ગ છે. બધી પર્યાયને ભેગી કરીને પછી મોક્ષમાર્ગ એ આત્મા છે એમ કહેશે. ભારે વાત ભાઈ! અધ્યાત્મની વાત મૂળ નિશ્ચય સત્ય વાત. કોઈ દિ' એને પરિચય નહિ, કોઈ દિ' એના માહાત્મ્ય ન મળે. કોણ છું હું? હું કોણ છું? શ્રીમદ્ કહ્યુંને પહેલું, નહિ?

હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું,<br>
કોના સંબંધે વળગણા છે રાખું કે એ પરિહરું,<br>
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,<br>
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

કહો, આ સોળ વર્ષની ઉંમરે આત્મ-વિવેકની વાત કરે છે. સમજાણું કાંઈ? કહો, જમુભાઈ! થઈ શકતું હશે ત્યારે છે કે થયા વિના કહેતા હશે? ઉંમરની એને જરૂર નથી. શરીર કેવડુ મોટું, ક્યા નાતમાં જન્મ્યો, ક્યા વેશમાં રહ્યો એની એને જરૂર નથી. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને અવલંબતી દૃષ્ટિ, એને અવલંબતું જ્ઞાન, એને અવલંબતી સ્થિરતા એ આત્મા છે. એ આત્મા સંયમ છે, બીજો કોઈ સંયમ-બંયમ બહારમાં રહેતો નથી. રાગમાં આત્મા નથી તો વળી બહારમાં આત્મા ક્યાં આવ્યો. જે અહીં વ્યવહારસંયમ કહ્યો એ આત્મા નથી. આહા..હા..! સમજાણું?

**'अप्पा संजमु'** એમ શબ્દ ઉપાડ્યો છેને આચાર્યે તો. પણ ત્યાં આવું એક નિમિત્ત, ભગવાને સર્વજ્ઞ કહેલા છ કાયના જીવો, છ કાયના જીવો બીજે હોય છે ક્યાંય? એટલે છ કાયને ન

મારવાનો વિકલ્પ દયાનો અને પાંચ ઈન્દ્રિય ને મન, પાછી એ વસ્તુ પણ આવી વીતરાગ સિવાય બીજે ન હોય. પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન જે આમ વસ્તુ છે એના તરફનો વિકલ્પ સંયમનો એ શુભ રાગરૂપી વ્યવહારસંયમ એવી ભૂમિકાનું જ્ઞાન કરાવ્યું. એનાથી રહિત સ્વભાવમાં ઠર્યો (એવી) એની અંતરની દશા તે નિશ્ચયસંયમ છે. એ નિશ્ચયસંયમ એ મોક્ષનો માર્ગ છે. વિકલ્પને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવો, પણ છે એ બંધનો માર્ગ. સમજાણું કાંઈ? હવે આમાંથી આ બધું કાઢવું ક્યાંથી આમાં? એય નેમિદાસભાઈ! આમાં તો બળ કીધું છે લ્યો. વાંચો સંસ્કૃતવાળા. કરો વ્યાકરણવાળા અર્થ. બાપા! એ તો નિમિત્તની ત્યાં એવી જ વ્યવહારે અનુકૂળતા હતી એમ બતાવ્યું છે ભાઈ! નિશ્ચયથી તો પ્રતિકૂળતા છે. કહો, આત્માને સંયમ કહ્યો છે, જોયુંને.

**'નિશ્ચયસે અપને શુદ્ધાત્મસ્વરૂપમેં સ્થિર હોનેસે આત્માકો સંયમ કહા ગયા હૈ,...'** લ્યો! એ વિકલ્પ છે એનાથી ખસીને સ્વરૂપમાં જે ઠર્યો છે એને આત્મા કહેવામાં આવ્યો છે, એ આત્મા સંયમ કહેવામાં આવ્યો છે. એમ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્માની મહેરબાની છે અંદરમાં, આત્માની મહેરબાની બધામાં પડી છે, નથી ક્યાં પડી. સમજાણું? આહા..! એક વાત કરી, શું એક કરી?

**'अप्पा संजमु'** પહેલો બોલ કહ્યોને, એની વ્યાખ્યા થઈ. હવે **'अप्पा सीलु'** **'બહિરંગ સહકારી નિશ્ચય શીલકા કારણરૂપ...'** બહિરંગ સહકારી એટલું એક કોર, એક શબ્દ. નિશ્ચય શીલના કારણરૂપ એ બહિરંગ સહકારી કારણરૂપ. એમ. નિશ્ચય શીલ એટલે આત્માના પરિણામ શુદ્ધ જે **'अप्पा सीलु'** આત્મા શીલ શુદ્ધ સ્વભાવે પરિણમન, આત્માનો શીલ સ્વભાવ. આત્મા શુદ્ધ દ્રવ્ય વસ્તુ, એનો ગુણ શુદ્ધ, એનું શુદ્ધરૂપે શુદ્ધના સ્વભાવરૂપે, વીતરાગી પરિણમનરૂપે પરિણમવું એવો આત્મા શીલ છે, એ આત્મા શીલ છે. એને બહિરંગ નિમિત્ત કારણ... બહિરંગ સહકારી છે ને એમ શબ્દ છે જુઓ! સહકારી શબ્દમાં છેને અંદરમાં? બહિરંગ સહકારી જુઓ! મારે બીજું કહેવું છે કે, સાથે છે એમ કહેવું છે. ભલે ઓલામાં ભાઈ એમ લીધું પણ અહીં સહકારી સાથે સાથે એમ કરીને બધામાં સહકારી લઈ લેવું એમ પાછું, ટીકા એવી કરી છે. સમજાણું કાંઈ?

ભલે ત્યાં **'बलेन'** શબ્દ વાપર્યો, પણ આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ એવા પણે પરિણમતો એને બહિરંગ સાધન જે ઈન્દ્રિય, મન અને છ કાયની (અહિંસા), બાર અવ્રતના સંયમનો વિકલ્પ એ પણ બહિરંગ સહકારી છે, વર્તમાન બહિરંગ સહકારી છે. પહેલો આ વ્યવહાર અને પછી નિશ્ચય એમ નથી. સહકારીમાંથી ઊડી જાય છે વાત. સમજાણું કાંઈ? પુસ્તક છે? ઘરનું

રાખ્યું છે? એમ, ઠીક. સારી વાત છે. બાપાએ રાખ્યું છે? ઠીક. કહો, સમજાણું આમાં? આહા..હા..! કહે છે કે, શીલ કોને કહેવું? કે, ભગવાન આત્મા જે નિશ્ચય શીલ, નિશ્ચય શીલ, સત્ય શીલ. નિશ્ચય શીલ એટલે સત્ય શીલ જે શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ, શુદ્ધ નિર્વિકલ્પ વીતરાગ પિંડ પ્રભુ આત્મા એ વીતરાગી પર્યાયપણે પરિણમે એવો જે વીતરાગ શીલસ્વભાવ તે નિશ્ચય શીલસ્વભાવ, એ સત્ય શીલસ્વભાવ. એને બહિરંગ સહકારી એ જ કાળે બહાર એક વિકલ્પ સાથે છે.

'**જો કામ ક્રોધાદિકે ત્યાગરૂપ વ્રતકી રક્ષા વહ વ્યવહાર શીલ હૈ,...**' એ વ્રતની રક્ષાનો વિકલ્પ. સમજાણું કાંઈ? અહિંસા આદિ જે સત્ય આદિ વ્રતો એનો વિકલ્પ, શુભ રાગ એને વ્યવહારશીલ કહેવામાં આવે છે. કામ, ક્રોધાદિ છોડવું, આદિ છોડવું. વિકલ્પ છેને, એ વિકલ્પને વ્યવહારશીલ કહેવામાં આવે છે. એ વ્યવહારશીલ આત્માના નિશ્ચય સ્વભાવના શીલની સાથે બહિરંગ સહકાર, સહકાર એટલે નિમિત્તરૂપે સાથે છે, બહિરંગ સાથે છે, અંતરંગમાં એ નથી. છે અંદર પાઠ, જુઓ! '**बहिरङ्गसहकारिकारणभूतेन कामक्रोधविवर्जनलक्षणेन** ' એ તીવ્ર કામ, ક્રોધાદિ છૂટ્યા છેને. તીવ્ર અશુદ્ધ પરિણામ છૂટ્યા, તીવ્ર વિકારસ્વભાવ. શીલ લેવું છે ને? તીવ્ર અશુભ વિકારશીલ છે એ છૂટ્યો. મંદ વિકારરૂપી કષાયનો શીલ રહ્યો એ બહિરંગ સહકારી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતે શુદ્ધ વસ્તુ પદાર્થ મહાન એના અવલંબનમાં એને આશ્રયનું જે શુદ્ધ સ્વભાવનું પરિણમનશીલ, શુદ્ધ સ્વભાવ વીતરાગ પરિણમનશીલ એ અભ્યંતર, અભ્યંતર અંગ નિશ્ચય-સત્ય શીલ. સત્ય શીલ તે આત્મશીલ. એની સાથે જે આ પાંચ કામ, ક્રોધાદિ અશુભ તીવ્રનો નહિ, આ તીવ્ર નહિ એવો જે અંદર મંદનો વિકલ્પ એ બહિરંગ સહકારી શીલ નિમિત્તરૂપે કહેવામાં આવે છે સાથે. કહો, ધર્મચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કારણનો અર્થ એક ઉપચારી કારણ અને એક યથાર્થ કારણ. .... કારણ આવ્યુંને, (એમ) કહે છે. બહિરંગ સહકાર—સાથે રહેલું કારણ. ઠીક. સમજાણું કાંઈ? એક અભ્યંતર કારણ અને એક બાહ્ય સાથે રહેલું કારણ. ઠીક. એક વ્યવહાર કારણ અને એક નિશ્ચય કારણ. આહા..હા..!

શીલ સ્વભાવ, શીલ સ્વભાવ, ભગવાન આત્માનો અકષાય સ્વભાવ, ભગવાન આત્મા દ્રવ્યનો વીતરાગ સ્વભાવ, વસ્તુ વીતરાગ સ્વભાવ, વસ્તુ અકષાય નિર્દોષ વસ્તુ સ્વભાવ એના પરિણમનમાં, એના અવલંબે નિર્દોષ વીતરાગ શીલ સ્વભાવે (પરિણમે) એ અભ્યંતર, અભ્યંતર આત્મસ્વભાવ શીલ, એ આત્મશીલ, એ આત્મશીલ, એ પરિણામ તે આત્મશીલ. એની સાથે રહેલો તીવ્ર અશુભના ત્યાગરૂપ વિકલ્પ જે ઉઠ્યો કામ, ક્રોધનો ભોગ નહિ, આ નહિ, આ નહિ એવો જે શુભ વિકલ્પ એ રાગની મંદતારૂપ વ્યવહાર શીલ, વ્યવહાર શીલ તે નિશ્ચય

શીલની સાથે બહિરંગ સહકારી નિમિત્તરૂપે કારણ ગણવામાં આવ્યું છે. અરે.. ભગવાન! જેમ છે તેમ એને ન જાણે અને આડુંઅવળું કરડે. કહો, સમજાણું કાંઈ? ક્યાં ગયો? રમેશ ક્યાં ગયો? ઠીક. કહો, સમજાણું આમાં?

શીલના બે પ્રકાર—એક નિશ્ચયશીલ, એક વ્યવહારશીલ. નિશ્ચયશીલ તે આત્મા. આત્મા એટલે ઓલો પર્યાય આત્મા હોં! વીતરાગ સ્વભાવી શુદ્ધ ત્રિકાળ એ તો દ્રવ્ય આત્મા, વસ્તુ આત્મા એના સન્મુખનો અરાગી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનો શીલ સ્વભાવ પ્રગટ્યો એ પર્યાયરૂપી શીલ આત્મા. પર્યાયરૂપી શીલ આત્મા. દ્રવ્યરૂપી શીલ આત્મા તો ત્રિકાળી. સમજાણું કાંઈ? એ ત્રિકાળી ભગવાન આત્માનો સ્વભાવ એ તો ત્રિકાળી વસ્તુ. મેરુ વજ્ર સ્તંભ એમાં એકાકાર થઈને ઝરણા ઝર્યા. અરાગી શ્રદ્ધા, જ્ઞાનનો સ્વભાવ શુદ્ધ પ્રગટ્યો એ આત્મશીલ, આત્માની પર્યાયરૂપી આત્મશીલ એની જોડે કામ, ક્રોધાદિ અશુભભાવનો ત્યાગ અને શુભ રાગનું ઉત્પન્ન થવું એને બહિરંગ સાથે રહેલો કારણ-નિમિત્તરૂપી કારણ ગણીને એને શીલ કહેવામાં આવ્યો છે. ખરેખર તો એ બંધનું કારણ છે, નિશ્ચયશીલ એ મોક્ષનું કારણ છે. કારણ કે છેલ્લે એમ કહેશે, આત્મા પોતે મોક્ષનો માર્ગ છે, એમ કહેશેને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો રસ્તામાં પૂછ્યું હતું. ... આમ પૂછે છે. કહો, સમજાણું આમાં? રસ તો આવે છેને, રસ્તામાં સાથે આવે છે. જિજ્ઞાસા છે એને, સમજવાની જિજ્ઞાસા કરે છે. કહો, આ આત્મા... સમજાણું કાંઈ? અરે..! એને આ બાળક હો કે યુવાન હો કે વૃદ્ધ હો એ કોઈ આત્માને લાગુ પડતું નથી. એ આત્મા છે નહિ એ તો પહેલેથી આવી ગયું. તરુણ નહિ, વૃદ્ધ નહિ એ તો આવી ગયું કે નહિ? એ તો આત્મા તે આત્મા જ છે, એમને એમ ભગવાન પૂર્ણાનંદનો નાથ અનાદિ-અનંત એકરૂપે ચિદાનંદ અનંત સ્વભાવનો પિંડ આત્મા છે. હવે જ્યારે આત્માને અંતરમાં અવલંબીને શુદ્ધરૂપે પરિણમે એવી દશાને પછી સંયમ કહો, શીલ કહો, મોક્ષનો માર્ગ કહો. એની જોડે વિકલ્પનો ભાગ છે એને બહિરંગ સાથે રહેલું કારણ ઉપચારી કહો. એક છે, વસ્તુ બીજી છે એટલી વાત. સમજાણું કાંઈ? આહા..! વ્યવહાર છે.

'**ઔર નિશ્ચયનયકર અંતરંગમેં અપને...**' છેને ઓલામાં? ઓલામાં કહ્યું હતું બહિરંગ, આને કહ્યું અંતરંગ. ભગવાન અંતરનું અંગ, ઓલું અંગ બહિરંગ છે રાગાદિ, આ અંતરંગ. સમજાણું કાંઈ? '**निश्चयेनाभ्यन्तरे**' એમ છેને શબ્દ, સંસ્કૃતમાં છે. બહુ સરસ ટીકા પણ કરી છેને! ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન એનો અભ્યંતર એટલે અભ્યંતર અંગ. સમજાણું કાંઈ? અંતરંગ અભ્યંતર અંગ. અંદર નિર્મળાનંદ ભગવાન એની અંતરમાં, અંતરમાં પરિણમન શુદ્ધ. '**અપને શુદ્ધાત્મદ્રવ્યકા નિર્મલ અનુભવ...**' અંતરંગમાં ભગવાન આત્મા શુદ્ધ પરમાત્માનો

(અનુભવ). પોતે જ પરમાત્મા પોતે છે વસ્તુ. એનું અભ્યંતરમાં-અંતરમાં એનું પરિણમન શુદ્ધ દ્રવ્યનું નિર્મળ અનુભવ, નિર્વિકારી અનુભવ '**વહ શીલ કહા જાતા હૈ,...**' એને આત્મશીલ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? બે બોલ થયા. '**अप्पा संजमु सीलु**' હવે આ '**तउ**' આવ્યું. તમારે આ બધા તપ-બપ કરીને બેઠા છેને. પોકળ નીકળે છે આમાં તો બધું. અપવાસ-બપવાસ કર્યા હતા. શેઠિયા બહુ કરે અને મફતમાં લાભ લેવો પાંચ રૂપિયા, પચાસ રૂપિયા ખર્ચે. જાવ તમને પૈસા આપીએ, ઢીંકણું આપ્યું. અપવાસ કરે.. આહા..હા..! અમે ઓલાને લાભ આપ્યો. થોડો લાભ આને આવતો હશે. '**अप्पा तउ**' આત્મા તપ છે કહે છે. આહા..હા..! સમજાણું?

પહેલું બાહ્યથી લીધું છે હોં! એમાં એમ લીધુંને. '**बहिरङ्गेन सहकारिकारणभूतानशनादिद्वादश–विधतपश्चरणेन**' બહિરંગમાં અપવાસ, ઉણોદરી આદિનો જે વિકલ્પ છે... બાર પ્રકારના તપ છેને? અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રાયશ્ચિત, વિનય... એનો જે વિકલ્પ છે બહિરંગ, બહિરંગ રાગની મંદતા. ઈ બહિરંગ એટલે બાહ્ય સહકારી. સમજાણું? પાઠમાં '**बहिरङ्गेन**' છે, અહીં બાહ્ય સહકારી, ઓલામાં અંગ નાખ્યું હતું. બહિરંગથી સહકારી બાહ્યનું સહકારી નિમિત્ત સાથે રહેલું હોં પણ પાછું. સાથે રહેલું છેને આમ, એમાં શું છે? સાથે રહેલું ક્યારે કહેવાય? પહેલું આ ને પછી ઓલું? ઓહો..હો..! મોક્ષમાર્ગ પ્રકાશે ખુલાસો કર્યો છે, બહુ સરસ કર્યો છે. શાસ્ત્રના પેટના મર્મ ખોલ્યા છે એણે. એને કહે, નહિ, નહિ, નહિ. આ પ્રમાણે નીકળે છે કે નહિ? ઓલા નિશ્ચય વ્યવહારાભાસ ભાઈ! નિશ્ચય વ્યવહારાભાસ. નિશ્ચય સાથે વ્યવહાર સાથે દેખી, નિમિત્ત દેખી, ઉપચાર કરીને વ્યવહાર કર્યો છે. એણે તો શાસ્ત્રમાંથી ખોલીને વાત મૂકી છે પણ... અમે બહુ ભણ્યા છીએને. આ ભણ્યાના અપચા થઈ ગયા. અરે..! ભગવાન બાપુ! ભણતર એ ન હોય. ભણતર તો આત્માના ભાન સહિતનું હોય ત્યારે એને બધી વ્યવહાર, નિમિત્ત ક્યાં શું એની ખબર પડે. સમજાણું કાંઈ?

'**બાહ્ય સહકારી કારણભૂત જો અનશનાદિ બારહ પ્રકારકા તપ હૈ,...**' બાર પ્રકાર લીધો હોં! ઓલો અભ્યંતર પણ બાહ્ય સહકારી. પ્રાયશ્ચિત, વિનય, વૈય્યાવચ, સજ્ઝાય પણ બાહ્ય સહકારી વિકલ્પ છે એ, પુણ્યબંધનું કારણ છે. સમજાણું? આહા..હા..! '**ઉસસે તથા નિશ્ચયકર અંતરંગમેં...**' લ્યો! એ તો કહેવાયને. '**करणेन**' એમ છેને? '**द्वादशविधतपश्चरणेन**' એટલે પછી એનાથી. એમ. '**નિશ્ચયકર અંતરંગમેં સબ પરદ્રવ્યકી ઈચ્છાકે રોકનેસે...**' સબ ઈચ્છા રોકાઈ ગઈ-નિરોધ. આત્માના આનંદમાં અમૃત અમૃત, આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ, એ અતીન્દ્રિય આનંદનો અનુભવ એને નિશ્ચય તપ કહેવામાં આવે છે. એનું નામ તપસ્યા. સમજાણું કાંઈ? '**પરમાત્મસ્વભાવ (નિજસ્વભાવ) મેં પ્રતાપરૂપ તિષ્ઠ રહા હૈ,...**'

**'પ્રતાપરૂપ તિષ્ઠ રહા હૈ,...'** શુદ્ધ ભગવાન એની પ્રતાપ સંપદાથી શોભિત દશા પ્રગટ સ્વતંત્ર થઈ છે. **'ઈસ કારણ ઔર સમસ્ત વિભાવપરિણામોંકે જીતનેસે આત્મા હી 'તપશ્ચરણ હૈ,...' 'તઉ'.** એ આત્મા તપશ્ચરણ છે. સમજાણું કાંઈ? બીજી કોઈ તપસ્યા નથી. ત્રણ બોલ કીધા, વિશેષ કહેશે....

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૫, રવિવાર, તા. ૨૮-૧૧-૧૯૬૫**
**ગાથા-૯૩, ૯૪, પ્રવચન-૬૨**

આત્મા સંયમ, શીલ ને તપ (છે) એ ત્રણ બોલ આવી ગયા છે. હવે આત્મા સમ્યગ્દર્શન છે અને સમ્યગ્જ્ઞાન છે એ વાત બે (બાકી) રહી છે. **'આત્મા હી નિજસ્વરૂપકી રુચિરૂપ સમ્યક્ત્વ હૈ,...'** છે? અંદર 'નિશ્ચય' શબ્દ જોઈએ. જુઓ આમાં ખુબી એ છે કે, અહીંયા પહેલાના ત્રણ બોલમાં નિશ્ચય વ્યવહાર આવી ગયો છે એટલે આમાં એણે વ્યવહાર નથી નાખ્યો. ૯૪માં નિશ્ચય-વ્યવહાર નાખશે. શું કીધું? આ ૯૩માં આત્મા સંયમ છે એનું બહિરંગ કારણ પાંચ ઈન્દ્રિય આદિ બાહ્ય અસંયમનો ત્યાગ એવો વિકલ્પ એને બહિરંગ સાધન, બહિરંગ સાધક, બહિરંગ કારણ કહ્યું હતું. એ જ શૈલીએ બધું લઈ લેવું, પણ ભાષા ફેરવશે બધી. કોઈમાં પરંપરા કહેશે, કોઈમાં કંઈ કહેશે, હેતુ તો એકનો એક છે. શું કીધું? આ આત્મા જ જ્ઞાન, દર્શન, આનંદમાં પરિણત થયેલો એ પોતે આત્મા જ સંયમ છે અને એના બાર અવ્રતના વિકલ્પનો ત્યાગ અને વ્રતાદિ વિકલ્પનું રક્ષણ વિકલ્પ એ બાહ્ય સંયમ એને સાધક કહી બહિરંગ કારણ કહી અને આ સાધ્ય અંતર નિશ્ચય કહેવામાં આવ્યું, પણ છે બેય સાથે, બે સાથે (છે). એ સાથેની વ્યાખ્યા ભિન્ન ભિન્ન અહીંયાં કરશે હવે. હવે અહીંયાં ત્રણ બોલમાં એ આવી ગયું છે **'अप्पा संजमु' 'अप्पा सीलु'** આત્મા તપ.

હવે આત્મા દર્શન—સમ્યગ્દર્શન એ આત્મા છે. આત્મા એ નિજ સ્વરૂપ રુચિરૂપ નિશ્ચય સમકિત છે. આત્મા શુદ્ધ અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ એની અંતરમાં નિર્વિકલ્પ સ્વરૂપની રુચિ, અનુભવ થવો એનું નામ નિશ્ચય સમકિત કહેવામાં આવે છે. જુઓ! આ બધા વાંધા છેને?

આમાં બધા ખુલાસા છે એક એકના. એ નિશ્ચય સમકિત છે. એની સાથે વ્યવહાર અહીં નથી કીધો, ૯૪માં કહેશે. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય અનંત ગુણનો ચૈતન્ય રત્નાકર. સર્વજ્ઞ પરમાત્મા ભગવાને જેવો જોયો એવો આત્મા અનંત ગુણનો પિંડ એની અંતર્મુખની નિર્વિકલ્પ અનુભૂતિ થઈને જે પ્રતીત થવી એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. નિશ્ચય એટલે સાચું, નિશ્ચય એટલે સત્ય, વ્યવહાર એટલે આરોપિત, વ્યવહાર એટલે ઉપચાર, વ્યવહાર એટલે બહિરંગ નિમિત્ત કારણ. સમજાણું કાંઈ? લ્યો!

'**વહ સર્વથા ઉપાદેયરૂપ હૈ,...**' છે? એ નિશ્ચય સમ્યગ્દર્શન, આત્મા શુદ્ધ ચૈતન્યનો અંતરમાં અનુભવ જ્ઞાન થઈ અને એમાં પ્રતીત નિશ્ચયની થવી એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન, એ સર્વથા ઉપાદેય છે. ધર્મચંદજી! આહા..હા..! '**ઈસસે સમ્યગ્દર્શન આત્મા હી હૈ,...**' એ કારણે સમ્યગ્દર્શન તો આત્માની નિર્વિકલ્પ અનુભવ થઈને પર્યાય થઈ એ આત્મા જ છે. વિકલ્પ છે, રાગ છે એ અણાત્મા છે, એ આત્મા નથી. એ પછી કહેશે. વ્યવહાર સમ્યગ્દર્શનનો વિકલ્પ જે છે એ આત્મા નથી, એને સાધક તરીકે, હેતુ તરીકે ત્યાં કહેશે. ૯૪માં ભાઈ! હેતુ શબ્દ છે. '**सम्यक्त्वहेतुत्वाद्**'. ભાષા ફેરવે છે. બાકી તો વસ્તુ જેમ છે એકની એક છે. સમજાણું કાંઈ? '**અન્ય કોઈ નહીં હૈ,...**' એમ પહેલો નિષેધ કર્યો. શું કહે છે? આત્મા સંયમ, આત્મા શીલ નિશ્ચય શુદ્ધ સ્વરૂપે પરિણમન ઈ અને આત્મા તપ, પ્રતંપતિ ઈતિ તપઃ. આનંદની શોભાથી આત્મા અતીન્દ્રિય આનંદની પ્રગટ દશાથી શોભે એ જ આત્મા તપ છે, અન્ય કોઈ નહિ. એમ વળી સિદ્ધ કર્યું પાછું. સમજાણું કાંઈ? હવે જ્ઞાન છેલ્લો બોલ છેને, જ્ઞાન કોને કહેવું?

'**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકે અનુભવસે આત્મા હી હૈ,...**' એ જ્ઞાન એને કહીએ કે, આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત એનું જ્ઞાન સ્વસંવેદન. આત્માના જ્ઞાનનું જ્ઞાનમાં વેદન, અનુભવમાં વેદન એવું વીતરાગી-રાગરહિત આત્માનું સ્વ પ્રત્યક્ષ વેદન-સંવેદન. '**અનુભવસે આત્મા હી હૈ, અન્ય કોઈ નહિ,...**' સમજાણું કાંઈ? એનું નિમિત્ત કારણ ઓલામાં કહેશે, ૯૪માં કહેશે. આમાં ઓલા ત્રણ કારણમાં નિમિત્ત કારણ આવી ગયા છેને એટલે આમાં બેમાં સંકેલી લીધું. ઓલામાં વળી પાછું લેશે. સમજાય છે કાંઈ? '**વીતરાગ સંવેદનજ્ઞાનકે અનુભવસે આત્મા હી નિશ્ચયજ્ઞાનરૂપ હૈ,...**' ભગવાન આત્મા વીતરાગી જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે, વસ્તુ, વસ્તુ. વીતરાગ એટલે નિર્દોષ સ્વભાવ આત્મા. રાગરહિત એટલે દ્વેષ રહિત, કષાય રહિત એવો જે આત્મસ્વભાવ શુદ્ધ ત્રિકાળ એનું અંતર રાગરહિત સ્વ પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન (થવું) એવા જ્ઞાનને જ્ઞાન કહે છે અને તે આત્મા જ્ઞાન છે, એ આત્મા જ્ઞાન છે. આત્મા છોડીને કોઈ વિકલ્પ કે શાસ્ત્રનું જ્ઞાન એ કાંઈ આત્મા નથી. કહો, શશીભાઈ! બીજા નથી આવ્યા તમારે? નહિ આવ્યા હોય. આ વરસાદને (કારણે) નહિને? વ્યવહારિક કારણ. ઠીક. કહો, સમજાણું આમાં?

**'આત્મા હી નિશ્ચયજ્ઞાનરૂપ હૈ,...'** એમ. પોતે ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અંતરની પર્યાયમાં જ્ઞાનાનંદપણે, સ્વસંવેદનપણે થાય એ આત્મા જ જ્ઞાન છે. એની પર્યાય સહિત હોં! પર્યાયને આત્મા કહે છે અહીંયા. ઓલો વિકલ્પ જે ઉઠે છે શાસ્ત્ર ભણતરનો કે નવ તત્ત્વ આદિ છ દ્રવ્યનું કહેશે, એનો જે વિકલ્પ શ્રદ્ધા એ આત્મા નથી. એ વિકલ્પ છે એ બહિરંગ નિમિત્ત કારણ જેને સાધક-સાધ્યમાં મેળવી, બેય મેળવી દીધું છે. એને સાધક પણ કહેવાય, એને બહિરંગ કારણ, સહકારી કારણ પણ કહેવાય. સમજાણું કાંઈ? વ્યવહારને.

**'ઔર મિથ્યાત્વ રાગાદિ સમસ્ત વિકલ્પજાલકો ત્યાગકર...'** ભગવાન આત્મા.. હવે મોક્ષમાર્ગ ત્રણે કરીને બધું ભેગું કરે છે. વિપરીત માન્યતા છોડી અને શુદ્ધ ચિદાનંદ ભગવાનની અંતર અનુભવમાં પ્રતીતિ એનું જ્ઞાન, એનું શીલ, એનું સંયમ, એનો તપ એ **'મિથ્યાત્વ રાગાદિ સમસ્ત વિકલ્પજાલકો ત્યાગકર પરમાત્મતત્ત્વમેં...'** પરમ સ્વરૂપ ભગવાન આત્મા આનંદનો કંદ સચ્ચિદાનંદ આત્મા એમાં **'પરમસમરસીભાવકે પરિણમનસે...'** એમાં પરમ રાગ રહિત સમતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે પરમ અરાગી સમતા પરિણમનથી પરિણમેલો **'આત્મા હી મોક્ષમાર્ગ હૈ.'** સમજાણું કાંઈ? પાંચ બોલ કહીને પછી આત્મા મોક્ષમાર્ગ છે એમ છઠ્ઠો બોલ કહ્યો. ભારે ઝીણું પણ. વાડાને વાડાવાળાએ બાંધી રાખ્યા છેને બહારથી, એટલે આ શું કહે છે એને પકડવું મુશ્કેલ પડે છે. સમજાણું? અને આમાં બધો ખુલાસો છે આ બે ગાથામાં એકેએક જાતનો. સાધક-સાધ્ય કીધું, એ સાધકને બહિરંગ કીધુંને, એ જ સાધકને અહીં હેતુ કહેશે ને પરંપરા કારણ કહેશે હવેની ગાથામાં. સમજાણું કાંઈ? ન્યાં કેમ બેઠા? દાસ! પાછળથી આવ્યા? કહો, આત્મા એ જ મોક્ષમાર્ગ છે એમ કહીને શું કહ્યું? કે, વચમાં જે વ્યવહાર રત્નત્રયનો જે વ્યવહાર મોક્ષમાર્ગનો વિકલ્પ બહિરંગ સાધકરૂપે, બહિરંગ કારણ નિમિત્તરૂપે, સાધકરૂપે છે એ આત્મા નથી. આહા..હા..! જમુભાઈ! આહા..! એ વસ્તુ તે...

**'તાત્પર્ય યહ હૈ, કિ બહિરંગ દ્રવ્યેન્દ્રિય-સંયમાદિકે પાલનેસે...'** એ પાલનેસેનો અર્થ ઈ, ન્યાં આવી ગયો હતો-ખુલાસો, બહિરંગ સહકારી કારણ. સમજાણું કાંઈ? સાધ્ય-સાધકભાવેન એ પણ આવ્યું હતુંને? અને પછી બે વાર આવ્યા હતું ઈ. તપસ્યામાં પણ બહિરંગ સહકારી કારણભૂત. પાંચ ઈન્દ્રિયના દમનનો વિકલ્પ, સંયમનો વિકલ્પ એ બહિરંગ સાધન કહી, એને બહિરંગ સહકારી-સાથે કહી અને એને પાલનેસે એમ અહીંયા કહેવામાં આવ્યું છે. સમજાણું? **'અંતરંગમેં શુદ્ધાત્માકે અનુભવરૂપ...'** સમય તો એ જ છે. અંતરંગના શુદ્ધાત્મ ચિદાનંદજ્યોત ભગવાન આત્મા એનો અનુભવ શુદ્ધ ચૈતન્ય દર્શન જ્ઞાન ચારિત્ર. **'ભાવસંયમાદિકકે પરિણમનસે...'** એવા ભાવ સંયમ, ભાવ તપ, ભાવ શીલ અને ભાવ દર્શન અને જ્ઞાન. **'ઉપાદેયસુખ જો અતીન્દ્રિયસુખ...'** આદરણીય જો અતીન્દ્રિય આનંદ, **'ઉસકે સાધકપનેસે**

**આત્મા હી ઉપાદેય હૈ.'** એનું સાધક કરનારો આત્મા માટે આત્મા જ ઉપાદેય છે. જુઓ! અહીંયાં પાછું સાધકપણાથી નાખ્યું ભાઈ! ઓલું વ્યવહાર સાધક અને આ નિશ્ચય સાધક. આહા..હા..! ઘણું નાખ્યું છે. શું કહ્યું સમજાણું આમાં?

ભગવાન આત્મા.. **'ભાવસંયમાદિકકે પરિણમનસે ઉપાદેયસુખ જો અતીન્દ્રિયસુખ ઉસકે સાધકપનેસે...'** એવા અતીન્દ્રિય સુખના સાધકપણાવાળો કોણ છે? કે, આત્મા. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આત્માનો આનંદ એના સાધકપણા વડે આત્મા જ ઉપાદેય છે. બીજો વિકલ્પ આદિ આવે છે એ જાણવા લાયક છે, પણ ઉપાદેય ખરેખર છે નહિ. એ ૯૩ થઈ. છ બોલ થયા ૯૩માં. ક્યા છ બોલ થયા? એ.. શેઠ! હિમ્મતવાળા હોય એને પૂછીએ તો એં.. એં.. થઈ જાય, તો એને એમ એમ થઈ જાય છે.

**'આગે નિજ શુદ્ધાત્મસ્વરૂપકો છોડકર નિશ્ચયનયસે દૂસરા કોઈ દર્શન જ્ઞાન ચારિત્ર નહીં હૈ,...'** જુઓ! હવે વધારે સ્પષ્ટ કરે છે આમાં. **'ઇસ અભિપ્રાયકો મનમેં રખકર ગાથા-સૂત્ર કહતે હૈં -'** ૯૪.

**९४) अण्णु जि दंसणु अत्थि ण वि अण्णु जि अत्थि ण णाणु।**
**अण्णु जि चरणु ण अत्थि जिय मेल्लिवि अप्पा जाणु।।९४।।**

આત્માને મૂકીને બીજું દર્શન, જ્ઞાન, ચારિત્ર-ફારિત્ર હોતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? હજી ૯૬માં તો બહુ સરસ આવશે, ૯૬ છેને ત્યાં તો. **'अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु'** કહી દેશે ૯૬માં તો. એવી ગાથા ભાઈ! મુકી છે ઓલા મોક્ષમાર્ગ પ્રકાશકમાં મૂકી છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં મૂકી છે. આત્મા જ દર્શન કીધું છેને? પુરુષાર્થસિદ્ધિ ઉપાયનો દાખલો આપ્યો છે. પણ પૂછ્યું ... એ અહીંથી કાઢ્યું છે કે, આત્મા જ દર્શન, જ્ઞાન, બાકી બધો વ્યવહાર કીધો, બાકી બધો વ્યવહાર. ઈ આગળ કહેશે. અને એમાં પછી પુરુષાર્થસિદ્ધિ ઉપાયનો **'आत्माविनिश्चिति'** ... કહ્યું છેને ઈ. સમજાણું કાંઈ?

આ આત્મા અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ આત્માને છોડીને બીજું કોઈ સમ્યગ્દર્શન જગતમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એનું અંતરમાં સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્દર્શન શુદ્ધ શ્રદ્ધા અંતર અનુભવમાં (થાય) એ આત્મા છે, એ આત્મા છોડીને દર્શન બાહ્યમાં હોતું નથી. સમજાણું કાંઈ? ન એવ-નથી એમ છેને. **'અન્ય કોઈ જ્ઞાન નહીં હૈ,...'** જુઓ, અંદર નિમિત્ત કહેશે. પણ આત્માને છોડીને અનેરું દર્શન નથી, આત્માને છોડીને અનેરું કોઈ જ્ઞાન નથી અને અન્ય કોઈ ચારિત્ર નથી. ત્રણે લઈ લીધા, મોક્ષમાર્ગ કર્યો. **'અન્ય કોઈ ચારિત્ર નહીં હૈ, ઐસા તૂ જાન,...'** ગુરુ શિષ્યને કહે છે કે, હે આત્મા! તારા આત્માનું અંતર સમ્યક્ નિશ્ચય અનુભવની પ્રતીતિ આત્મા, નિશ્ચય આત્માનું જ્ઞાન-આત્મજ્ઞાન સ્વસંવેદન

તે આત્મા, સ્વરૂપ શુદ્ધ ચિદાનંદમાં રમણતા તે ચારિત્ર તે આત્મા. આત્માને છોડીને અન્યમાં તારું દર્શન, જ્ઞાન, ચારિત્ર હોતું નથી. સમજાણું કાંઈ? શશીભાઈ! હવે જરી નથી એમ કહ્યું હોં! પાઠમાં પાછું, એક વ્યવહાર છે એ વાત સિદ્ધ કરે છે. આત્મા એ નથી.

**ભાવાર્થ :- 'યદ્યપિ છહ દ્રવ્ય, પાંચ અસ્તિકાય,...'** ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહ્યા. **'છહ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નૌ પદાર્થકા શ્રદ્ધાન કાર્ય-કારણભાવસે...'** દેખો! ઓલામાં સાધક-સાધ્ય હતું, અહીં કાર્ય કારણ (કહ્યું), પણ બધું એનું એ છે વાત. એની શ્રદ્ધાનો વિકલ્પ તે કારણ કહેવાય, બહિરંગ સાધન કહેવાય, એને પરંપરા કારણ પણ કહેશે. ભાષા ફેરવે છે, વસ્તુ તો એકની એક છે. એ કાર્ય-કારણભાવસે નિમિત્તકારણસે અને નિશ્ચયસમકિતના ઉપાદાન કાર્યસે. **'નિશ્ચસમ્યક્ત્વકા કારણ હોનેસે વ્યવહારસમ્યક્ત્વ કહા જાતા હૈ,...'** વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય. શું કીધું?

જુઓ! ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ભગવાન સ્વભાવ એનું નિશ્ચય સમ્યગ્દર્શન સ્વ આશ્રયે પ્રગટ્યું શુદ્ધ શ્રદ્ધા અનુભવમાં એ નિશ્ચય સમકિત તે આત્મા. જોડે છ દ્રવ્ય, પંચાસ્તિકાય, સાત, નવ તત્ત્વનો ભેદરૂપ વિકલ્પ શ્રદ્ધા એને અહીંયાં નિમિત્ત કારણ તરીકે, કારણ તરીકે, સાધક તરીકે, બહિરંગ કારણ તરીકે, અણાત્મા તરીકે, અણાત્મા તરીકે એને સાધન નિમિત્ત કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં છે કે નહિ? આ તો માણસને ન પકડાય. ભિન્ન ભિન્ન શબ્દો આવ્યા એટલે જાણે એ વળી કારણ આવ્યું. એ તો કારણ ન્યાં કહ્યું હતું. સાધક-સાધ્ય ને બહિરંગ... ટીકામાં કહ્યું હતું પહેલા. ભગવાન આત્મા પોતાનો સ્વઆશ્રય શુદ્ધ અખંડ જ્ઞાનની મૂર્તિ એનો અંતર અનુભવ નિર્વિકલ્પ દૃષ્ટિ થઈને જે શ્રદ્ધા નિશ્ચય થાય એ આત્મા, એ આત્મા. એ સિવાય અનેરો, અનેરો નહિ એમ પહેલું કહ્યું હતું. હવે અનેરું જે છે એ છ દ્રવ્ય, પંચાસ્તિકાય, સાત તત્ત્વના ભેદ એ વિકલ્પને બહિરંગ નિમિત્ત, સહકારી કારણ, કારણ અને આ નિશ્ચય કાર્ય એવી રીતે એને કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? છેને?

**'સમ્યક્ત્વ કહા જાતા હૈ, અર્થાત્ વ્યવહાર સાધક હૈ, નિશ્ચય સાધ્ય હૈ,...'** પાઠમાં તો '**निश्चयसम्यक्त्वहेतुत्वाद्**' શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. વ્યવહાર સમકિત હેતુ છે. હેતુ કહો, કારણ કહો, બહિરંગ સાધન કહો, અણાત્મ વિકલ્પ ભાવ કહો. નીકળે છે એમાંથી કે નહિ? ભાઈ! અમારે પંડિતજીને પૂછવું. ક્યાં ગયા વજુભાઈ નથી? પાછળ બેઠા. ઠીક. સમજાણું? એમાં છે કે નહિ? બરાબર છે. શું કહ્યું? આ આપણે ૯૩ ને ૯૪ની સંધિ સહિતની વાત ચાલે છે. ભગવાન આત્મા એક સ્વરૂપે અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા છે. સર્વજ્ઞ પરમાત્માનો જેવો આત્મા, પર્યાય એક કોર રાખો, એવો જ આ આત્મા વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે એવો જ આત્મા છે. આવ્યું? એ આત્માનું અંતર્મુખની નિર્વિકલ્પ રાગના અવલંબન વિના સ્વભાવના અવલંબે

જે નિશ્ચય સમ્યક્ સ્વઆશ્રય થાય તેને આત્મા કહેવામાં આવે છે અને જોડે જે છ દ્રવ્ય અને સાત તત્ત્વનો વિકલ્પ થાય એને વ્યવહાર સમકિત નિશ્ચયનો હેતુ કહેવામાં (આવે છે). હેતુ કહો, કારણ કહો, સાધક કહો, બહિરંગ સહકારી નિમિત્ત કહો. આહા..હા..! સમજાણું કાંઈ? એ.. ભીખાભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ભાષા ફેરવીને એને સિદ્ધ યથાર્થપણે કર્યું છે. ઢીલું નહિ, ઢીલું નહિ જેમ છે એમ જ છે. સમજાણું કાંઈ? શબ્દ તો ચોખ્ખા મૂક્યા છે કે, આ આત્મા જ આ છે. કહ્યું નહિ? એમાં કહ્યું હતું કે, '**आत्मा संयमः शीलं तपः आत्मा दर्शनं ज्ञानम्। आत्मा शाश्वतमोक्षपदं**' '**जाणंतउ अप्पाणु**'. થયું? અહીં (કહ્યું), '**अण्णु वि दंसणु अत्थि ण वि.. जिय मेल्लिवि अप्पा जाणु।**' ૯૪. આત્માને મૂકીને કોઈ દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી એમ વાત સિદ્ધ કરી. સમજાણું કાંઈ? પાઠ તો આટલો છે એમાંથી આ ટીકાકારે વ્યવહાર કાઢ્યો. જેવો ત્યાં ૧૭૨માં કાઢ્યો છે પંચાસ્તિકાયમાં. કાઢે, કાઢેને, એમાં શું છે? સમજાવેને, એવા પ્રકારનો વિકલ્પ હોય છે.

ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પરમાત્મ સ્વરૂપ જ આત્માનું છે નિશ્ચય. એના સ્વરૂપનું અંતર્મુખ, અંતર્મુખ સ્વભાવનો આશ્રય થઈને નિર્વિકલ્પ આત્માના અમૃતના વેદન સાથે પ્રતીતિ થવી એને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! એ નિશ્ચય સમ્યગ્દર્શનનો હેતુ એટલે કે કારણ એટલે કે સાથે રહેલો વિકલ્પ એટલે કે સહકારી રૂપે સાથે રહેલો. સહકારી શબ્દ છેને? ઓલામાં ... શબ્દ વાપર્યો છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. પણ નિશ્ચયના સાથ સહિત નિમિત્ત એમ કહ્યું. એ તો ... સહકારી છે. શબ્દો ફેરવીને વસ્તુને ભિન્ન ભિન્ન રીતે સિદ્ધ કરે છે. ભગવાન આત્મા, આત્મા એને કહીએ કે, પોતાના સ્વરૂપની જેવો એ નિર્વિકલ્પ શુદ્ધ આનંદ ને જ્ઞાયક આત્મા છે એવી જ એની દૃષ્ટિમાં, અનુભવમાં નિર્વિકલ્પ પર્યાયપણે આત્માનો નિશ્ચય થવો એ આત્માની પર્યાય તે નિશ્ચય સમકિત છે તે આત્મા. એને મૂકીને અનેરું સમકિત નથી એક વાત પહેલી કીધી. છતાં, અનેરું નથી છતાં વ્યવહાર કહે છે કે, છે. ભાઈ! નિશ્ચય કહે છે કે, નથી ત્યારે વ્યવહાર કહે છે કે, છે. આ વાત સાથે લીધી છે. સમજાણું કાંઈ આમાં?

શું વ્યવહાર છે? કે, છ દ્રવ્ય, પાંચ અસ્તિ, સાત તત્ત્વ, નવ પદાર્થ એ કારણ, એ સાધક, એ હેતુ અને નિશ્ચય સમકિત કાર્ય. સમજાણું? એવા નિશ્ચય સમકિતનું કારણ હોવાથી વ્યવહાર સમકિત, ઓલો હેતુ કીધો હતોને ટીકામાં. '**અર્થાત્ વ્યવહાર સાધક હૈ, નિશ્ચય સાધ્ય હૈ,...**' પણ અહીં સાધ્ય-સાધન જે કહ્યું એ ૯૩માં ખુલાસો કરી ગયા છે. '**साध्यसाधकभावेन बहिरङ्गसहकारिकारणभूतेन**' એમ કહ્યું હતું ત્યાં. એટલે સાધ્ય-સાધક એમ સાધક પહેલો છે

અને સાધ્ય પછી છે એમ નથી. સાધ્ય પણ સાથે અને સાધક નિમિત્તરૂપે પણ સાથે. સમજાણું કાંઈ? આહા..! હજી શાસ્ત્રના અર્થ કરવાના વાંધા મોટા. આહા..હા..!

ભગવાન આત્મા... કહે છે કે, ભાઈ! તારું સમ્યગ્દર્શન તો તું છો. તું એટલે? તારી જાત અખંડાનંદની એમાં-સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં લીધી એ પ્રતીત નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે, વીતરાગી પર્યાય છે એથી એને અમે આત્મા કહીએ છીએ. એ આત્માને છોડીને સમ્યગ્દર્શન અન્યમાં નથી એમ પહેલું કહી દીધું. અન્ય બીજે ન હોય, છેને પાઠ એમાં? સમજાણું કાંઈ? **'जिय मेल्लिवि अप्पा जाणु.. ण अत्थि'** છેને? **'ण अत्थि जिय मेल्लिवि अप्पा जाणु'** આત્માને મૂકીને દર્શન બીજું નથી એમ પાઠમાં જે લીધું છે, એને ટીકામાં એમ કહ્યું કે, ભગવાન આત્મા શુદ્ધ સમ્યગ્દર્શન નિશ્ચય એની વીતરાગી પર્યાય એ આત્મા છે અને રાગ, છ દ્રવ્ય આદિનો વિકલ્પ એ વ્યવહાર સમકિત એ નિશ્ચયનું કારણ છે, નિશ્ચયનો હેતુ છે, એ સાધક છે, આ સાધ્ય છે, સાથે રહેલું બહિરંગ હેતુ નિમિત્ત છે. કહો, છોટાભાઈ! એમાં નીકળે છે કે નહિ? વ્યવહાર સમકિત ઈ આત્મા નહિ એમ પણ અહીંથી નીકળે છે. વિકલ્પ છે માટે આત્મા નહિ પણ ત્યાં નિમિત્તનું જ્ઞાન સાધકપણું, નિમિત્તપણું, બહિરંગ કારણનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય એની વ્યાખ્યા કરી. એટલે શું? કે, જે વ્યવહાર છ દ્રવ્યના વિકલ્પની શ્રદ્ધા એને સાધક કહ્યું, એને બહિરંગ કારણ કહ્યું, એને હેતુ કહ્યો, એને સાધ્યનું કારણ, સાધ્ય જે નિશ્ચય દશા તે વખતે છે તે, નિશ્ચય સાધ્ય જે છે એનું આ બહિરંગ કારણ, હેતુ, સાધક તરીકે કહેવામાં આવ્યું. એ વખતેને એ વખતે. આહા..હા..! એ.. છોટાભાઈ! છે? પરમાત્મપ્રકાશ છે કે નહિ? ઠીક. એ વ્યાકરણના ભણેલા હોશિયાર માણસ કહેવાય. એમાં છે કે નહિ એમાં જુઓ! આહા..હા..! અરે..! ભગવાન! તારી તને પરાધીનતા હોય તો ઠીક પડે એવું માને છે. સમજાણું? એક વાત થઈ.

કહે છેને? પાછી વાત લીધી જુઓ! કે, વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય. શું કીધું? ઓલા છ દ્રવ્ય, નવ તત્ત્વનો વિકલ્પ જે છે એ સાધક, બહિરંગ કારણ, હેતુ. સમજાય છે? આ સાધ્યનો. તોપણ-આમ હોવા છતાં પણ **'નિશ્ચયનયકર એક વીતરાગ પરમાનંદસ્વભાવવાલા શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...'** નિશ્ચયથી એક વીતરાગ પરમાનંદ શુદ્ધાત્મા એ દ્રવ્ય લીધું. **'એ ઉપાદેય હૈ, ઐસા રુચિરૂપ પરિણામસે પરિણત હુઆ શુદ્ધાત્મા હી નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...'** કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? ફરીને કહીએ છીએ હોં! એ કાંઈ વંચાઈ ગયું ઝટ એટલે... વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય એમ કહ્યું. તોપણ નિશ્ચયથી ભગવાન આત્મા વીતરાગ નિર્દોષસ્વરૂપ પરમાત્મા પોતાનો એવો જે પરમ આનંદ એવા સ્વભાવવાળો ભગવાન

આત્મા એ જ ઉપાદેય આદરણીય છે. '**ऐसा रुचिरूप परिणामसे परिणत...**' દેખો! પર્યાય છે નિશ્ચયસમકિત. એવા '**रुचिरूप परिणासमे परिणत हुआ शुद्धात्मा ही निश्चयसम्यक्त्व है,...**' આહા..હા..! સમજાણું કાંઈ? હવે ઓલો કહે કે, સમકિત પરિણામ ન હોય, એ તો ગુણ છે. એટલા વાંધા કાઢે છે. જૂની (વાત) થઈ ગઈ? હવે નવી ચાલી છે. સાધક છે ને સાધ્ય છે ને આ છે ને ધૂળ છે. હવે સાંભળને. સાધક કહો, બહિરંગ કારણ કહો, વર્તમાન બહિરંગ સાધન કહો, હેતુ કહો, જે કહો એ બધું સાથે છે. નિશ્ચય વિના વ્યવહાર કોને કહેવો? પરમાર્થ સ્વભાવના ભાન વિના સમ્યગ્દર્શનનો વ્યવહાર આરોપ નાખવો કોનામાં? આહા..! કહો, દાસ! છે પુસ્તક છે કે નહિ?

હવે કહે છે, '**यद्यपि निश्चयस्वसंवेदनज्ञानका साधक होनेसे व्यवहारनयकर शास्त्रका ज्ञान भी ज्ञान है,...**' ધ્યાન રાખજો! એ શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન કહ્યું વ્યવહારે. સાધક નિમિત્ત તરીકે, બહિરંગ સાધન તરીકે, બહિરંગ હેતુ તરીકે, સાથે રહેલું એ માટે એ જાતનું શાસ્ત્રના ઉઘાડનું જ્ઞાન વિકલ્પાત્મક એને સાધક તરીકે, બહિરંગ કારણ તરીકે, નિમિત્ત કારણ તરીકે કહ્યું. ક્યારે? '**तो भी निश्चयनयकर वीतरागस्वसंवेदनज्ञानरूप परिणत हुआ शुद्धात्मा ही निश्चयज्ञान है.**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનની તેજમૂર્તિ, એ જ્ઞાનનો સૂર્ય ભગવાન એ જ્ઞાનસૂર્ય જ્ઞાનપણે સમ્યક્‌પણે અંદર વીતરાગ સ્વસંવેદનપણે પરિણમે એ જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! એ આત્મા છે, શાસ્ત્રજ્ઞાન અણાત્મા છે. એઈ..! વજુભાઈ! અમારા પંડિતજીને પૂછીએ કે, ભાઈ! કેમ આ? આહા..હા..! ભાઈ! એ જે જાત નિશ્ચયની છે એનાથી વિરુદ્ધ જાત માટે તેને અણાત્મા કહ્યો લ્યો! શું કીધું?

ભગવાન આત્મા જ્ઞાનનું વેદન જ્ઞાનથી જ્ઞાનને વેદે, વેદે, જ્ઞાનથી જાણે. આત્માની નિર્વિકલ્પ પર્યાય જ્ઞાનની જ્ઞાન વીતરાગી સ્વસંવેદનજ્ઞાન એ આત્મા છે, એ સાધ્ય છે. સમજાય છે? એમાં શાસ્ત્રનું જ્ઞાન તે કાળે હેતુ છે, નિમિત્ત છે, સહકારી કારણ છે, એ વિકલ્પાત્મક છે, એ આત્માની જાત નથી, અણાત્મા છે તેને નિમિત્ત તરીકે, સાધક તરીકે, કારણ તરીકે કહેવામાં આવે છે. શશીભાઈ!

મુમુક્ષુ :- દાખલો આપીને સમજાવો.

ઉત્તર :- દાખલો શું? આમાં સમજાતું નથી? પણ આમાં દાખલાની શું જરૂર છે? સોનું છેને સોનું, એ સોનાનો તોલ થયો ભેગો લાખનો તોલ થાય. સોનું છેને આ ચાર શેર સોનું એમાં લાખ હોય લાખ, એ લાખનો તોલ થાય પણ એ સોનું નથી. લાખ, સોનું નથી. તોલ કહેવાય (પણ) એનો પાણીમાં નાખે તો એકલો તોલ સોનાનો આવે, લાખનો તોલ ન આવે. પાણીમાં લાખનો તોલ ન આવે, સોનાનો તોલ એકલો આવે. પણ તોળાય ત્યારે બહારથી

તોળાય ત્યારે એમ કહેવાય કે, લ્યો! આ સોનું આટલું, એમ નથી. એમ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદનું સમ્યક્ પરિણમન એ સોનું છે, આત્મા છે. સાથે વિકલ્પ જે છ દ્રવ્યનો વિકલ્પ છે તે લાખ છે. પ્રમાણજ્ઞાનમાં એને નિમિત્ત તરીકે કહ્યું, નિશ્ચયમાં એ વસ્તુ છે નહિ. એ આત્મા જ નથી. સમજાણું કાંઈ? ભારે વાત. આ તો બહુ ગડબડ ચાલે છેને તે આટલું સ્પષ્ટીકરણ કર્યા વિના... સમજાય છે કે નહિ?

કહે છે, નિશ્ચય નામ સત્ય દૃષ્ટિથી, સત્યપણે જોઈએ તો '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણત હુઆ શુદ્ધાત્મા હી નિશ્ચયજ્ઞાન હૈ.**' સત્ય જ્ઞાન તો એને કહીએ. સત્ સ્વરૂપ જે ત્રિકાળ જ્ઞાનની મૂર્તિ એનું અંતર જ્ઞાન નિજાનંદનું જ્ઞાન અંતર થવું એ સત્ જ્ઞાન, નિશ્ચય જ્ઞાન, આત્મજ્ઞાન આત્મા. એને આત્મા કહીએ, એને સત્ જ્ઞાન કહીએ, એને નિશ્ચય જ્ઞાન કહીએ. જોડે શાસ્ત્રનું જ્ઞાન (હોય) એને નિમિત્ત કરીને બહિરંગ સાધન દેખીને, હેતુ દેખીને એ શાસ્ત્રજ્ઞાનને સાધક તરીકે કહેવામાં આવ્યું, પણ એ આત્મા નહિ. આહા..!

નિશ્ચય કહે કે આ આત્મા, વ્યવહાર કહે કે આ આત્મા. નિશ્ચય કહે કે, એ આત્મા નહિ. સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાનનો ત્યાં ખુલાસો નહોતો કર્યો. સમજાણું? શેમાં? ૯૩માં સમ્મુચ્ચય વાત કરી હતી. નિશ્ચયની બે. એટલે આ ગાથામાં નિશ્ચય વ્યવહાર નાખ્યો. ઓલામાં નાખ્યા હતા, શીલ, સંયમ, તપમાં વ્યવહાર, અહીં નાખ્યો દર્શન, જ્ઞાનનો વ્યવહાર. વસ્તુ તો એકની એક કહેવી છે. સમજાણું કાંઈ? હજી એના ખ્યાલમાં વાત ન આવે કે, આ આત્મા શું ચીજ છે. અને ભગવાન નિર્વિકલ્પ નિજાનંદમૂર્તિ આત્મા છે, એમાં પુણ્ય-પાપના વિકલ્પો તો આસ્રવતત્ત્વ છે. એ આત્મા છે? શરીર, કર્મ જડતત્ત્વ છે. વિકલ્પ ઉઠે છે જે કાંઈ (આત્મા નથી). છ દ્રવ્ય વિકલ્પ આદિ વિકલ્પ છે એ તો આસ્રવતત્ત્વ છે. વ્યવહાર સમકિત ઈ આસ્રવતત્ત્વ છે, રાગ આસ્રવતત્ત્વ છે એ આત્મા નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભિન્ન ભિન્ન રીતે કથનશૈલીથી વસ્તુ સમજાવવી હોય તો એમ સમજાવેને.

ભગવાન આત્મા જ્ઞાનાનંદના તેજનો સૂર્ય પ્રભુ આત્મા પૂર્ણ સ્વભાવ. એવો ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી પિંડ અનંત ગુણનો. અરૂપી પણ પદાર્થ છે કે નહિ? વસ્તુ છેને? આ જડ આ તો માટી છે, ધૂળ છે. ઓલો તો એક પદાર્થ એવડો મોટો, આ તો અનંતા રજકણનો દળ સહિત. ભગવાન શરીર પ્રમાણે અસંખ્યપ્રદેશી અનંત ગુણનો પિંડ પ્રભુ, અનંત ચૈતન્ય રત્નાકર, અનંત અંતર જ્ઞાનના, આનંદના રત્નોથી ભરેલો ભગવાન આત્મા. આહા..હા..! એવા આત્માની અંતર્મુખ થઈને વીતરાગી શ્રદ્ધાની પરિણતિ થવી એ નિશ્ચય સમકિત કહેવામાં આવે છે, એ આત્મા છે. અને વ્યવહાર સમકિત જે કહ્યું, જેને બહિરંગ નિમિત્ત કહ્યું, જેને સાધક કહ્યું, જેને કારણ કહ્યું, એ આસ્રવ છે એને અણાત્મા તરીકે ગણી, એને અનુકૂળ વ્યવહાર

ગણી નિમિત્ત સાધક કહ્યું છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. ઓલામાં વ્યવહાર નિશ્ચયની નહોતી એટલે આમાં વ્યવહાર નિશ્ચય નાખ્યો. ઓલામાં ત્રણ હતું સંયમ, શીલ ને તપ. સમજાણું?

એમાં એમ લેવું કે ભગવાન આત્મા પોતાના સંયમ, સમ્યક્ પ્રકારે શુદ્ધ આનંદના પરિણમનમાં પરિણમ્યો એ સંયમ છે, એ નિશ્ચય સંયમ એ આત્મા છે, વ્યવહાર સંયમ જેને બહિરંગ કારણ પાંચ ઇન્દ્રિયના દમન ને બાર અવ્રતના વિકલ્પનો ત્યાગ અને વ્રત આદિનો વિકલ્પ એને બહિરંગ સાધન કહ્યું, નિમિત્ત કહ્યું, સમજાય છે? સહકારી કહ્યું, પણ એ અણાત્મા છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા શીલ. ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરું એવો જે વિકલ્પ, વિકલ્પ એ વ્યવહારશીલ છે. અકષાય સ્વરૂપે પરિણમન અંદર સ્વભાવનું થવું એ નિશ્ચયશીલ છે, એ નિશ્ચયશીલ એ આત્મા છે. ત્યારે ઓલો વિકલ્પ જે ઉઠ્યો છે એને બહિરંગ નિમિત્ત, બહિરંગ સાધન, સાધક કહીને આને સાધ્ય કીધું, પણ છે એ અણાત્મા. સમજાણું કાંઈ?

એક જાત હોય તો બે નામ કેમ પડે ભાઈ? આને નિશ્ચય અને આને વ્યવહાર એમ બે નામ કેમ પડ્યા? એક જાત હોય તો બે નામ કેમ પડ્યા? એક પ્રકારનો ભાવ હોય તો બે કેમ પડ્યા? સમજાણું કાંઈ? આહા..! એમ બાર પ્રકારના તપનો વિકલ્પ એ બહિરંગ સાધન નિમિત્ત. ભગવાન આત્મા અંતરંગ આનંદના પ્રતપનથી અતીન્દ્રિય આનંદથી (શોભે), જેમ સોનું ગેરુથી શોભે, એમ ભગવાન આત્મા ઇચ્છા નિરોધના આનંદથી, અતીન્દ્રિય આનંદના અનુભવથી શોભે એને અભ્યંતર તપ કહીએ અને એ તપ તે આત્મા છે. બહિરંગ તપનો વિકલ્પ, બહિરંગ કારણ, બહિરંગ સાધન, સાધક તે આત્મા નથી. તેને નિમિત્ત કહેવું એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બહુ ચાલે છેને હવે, એવી ગડબડ ચાલે, એવી ચાલે છે. ધણી થઈ પડ્યો, વ્યવહાર તો ચોથે, પાંચમે, છઠ્ઠે ધણી થઈ ગયો. એકલો પણ એમ. અરે.. ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ હોય શેનું? પણ નિશ્ચય વિના વ્યવહાર હોય શેનો? વ્યવહાર આંધળો વિકલ્પ ભેદ, રાગ... સમજાય છે? એ આત્મા નહિ, વ્યવહાર એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ શાસ્ત્રજ્ઞાન એ આત્મા નહિ. આહા..હા..! ઉઘાડ થાય શાસ્ત્રનો આટલો આટલો, અગિયાર અંગ નવ પૂર્વનો. એ આત્મા નહિ. આહા..હા..! પરાલંબી જે જ્ઞાન તે પરસત્તાલંબી જ્ઞાનને ધર્મી મોક્ષમાર્ગ કહેતો નથી. પરમાર્થ જ્ઞાન... આવે છેને? ચિઠ્ઠીમાં આવે છે. એને પરમાર્થ જ્ઞાન કહેતો નથી. ધર્મી પરાલંબી જ્ઞાનને પરમાર્થ જ્ઞાન કહેતો નથી, એને મોક્ષમાર્ગ કહેતો નથી. આહા..હા..! એ તો એણે એ જ બધું ઉતાર્યું છે. પણ (કહે છે કે) એ ગૃહસ્થનું છે. અરે..!

સાંભળને. ભગવાનનું કહેલું, ભગવાન આત્માનું કહેલું છે. લે! હવે આત્મા ક્યાં ગૃહસ્થ હતો? ગૃહસ્થ અને મુનિની તો પર્યાયની દશાની વાત છે. ભગવાન આત્મા... કહે છે.. સમજાણું કાંઈ?

વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એનું અંતર તપ, અભ્યંતર આનંદનું એ નિશ્ચય તપ. બાર પ્રકારનો વિકલ્પ તે વ્યવહાર તપ. એને બહિરંગ કારણ સાધક-સાધ્ય કીધું, પણ છે એ અણાત્મા. નહિતર તો એક જાતનો હોય તો તો એને ભેગો ભેળવી દેત, તો નિશ્ચયમાં આવી જાત. સમજાણું કાંઈ? નિશ્ચયથી વ્યવહાર વિરુદ્ધ અને વ્યવહારથી નિશ્ચય વિરુદ્ધ. બે નય વિરુદ્ધ છે. છે કે નહિ? આહા..! ગજબ વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સાધક-સાધ્ય એ વ્યવહારે સાધન, વ્યવહારે નિમિત્ત, વ્યવહારે હેતુ, વ્યવહાર કારણ, નિમિત્ત કારણ, બહિરંગ હેતુ. બધું ઈ જેમ છે એમ છે. સમજાણું કાંઈ? એમ ઉપાદાનમાં કાંઈક આવે, એક નિમિત્ત છે ખરી ચીજ પણ એ આની નહિ, આની નહિ. એમ નિશ્ચયને કાળે પૂર્ણ (વીતરાગતા) ન હોય ત્યાં વિકલ્પ હોય છે એ આની નહિ, આત્માની નહિ. સમજાણું કાંઈ? એ સાધક વ્યવહાર નિમિત્ત તરીકે કહે. કારણ કે એવો ત્યાં વિકલ્પ હોય કે જે એનાથી વિરુદ્ધ જાતનો વિકલ્પ નિમિત્ત તરીકે પણ ગણવામાં ન આવે. એવું બહિરંગ સાધન વ્યવહાર તરીકેની છ કાયની દયાનો વિકલ્પ... સમજાય છે? બાર પ્રકારના ભગવાને કહેલો વ્યવહારના વિકલ્પનો તપ અને ઇન્દ્રિયદમન આદિનો વિકલ્પ અને છ દ્રવ્ય આદિ એની શ્રદ્ધાનો વિકલ્પ, છ દ્રવ્ય, સાત તત્ત્વ આદિ વસ્તુ, એક આત્મામાં ને એનો વિકલ્પ એ અહીં નહિ. એમ. છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થનો જે 'આ છે' ભેદરૂપ એવો જે વિકલ્પ કે બીજાથી જુદું પડીને એ જ નિમિત્ત થવાની લાયકાતવાળું છે માટે તેને સાધક વ્યવહારે કહેવામાં આવ્યું છે. આહા..હા..! અરે..! ભગવાન! એના ઘરની વાતું મુકીને બહારની વાતુમાં બધું નાખી દેવું. કહો, શશીભાઈ! બરાબર છે આ? છે અંદર જુઓ!

એ પણ એક પરમાત્મા છેને. ઊંધો પડ્યો એ જોર કરે પરમાત્મા. એટલું બધું જોર જાય ઊંધામાં તોપણ જોર કરે. આહા..! એ તો કીધુંને, તારી અશુદ્ધતાની પણ બલિહારી છે. તારી શુદ્ધતાની તો બડાઈ પણ અશુદ્ધતાની પણ બડાઈ છે. આહા..હા..! ભગવાન! પણ એ વસ્તુ શું છે એનું જેને હજી ખબર, માહાત્મ્ય ન મળે એને અનુભવ તો એક બાજુ રહ્યો. સમજાય છે? પણ આ એક મહાન પદાર્થ જે વિકલ્પ ને દેહ, વાણીથી અતીત જુદો. એવા જુદાનું જ્ઞાન પહેલું લક્ષમાં ન આવે તો જુદો પાડવા પ્રયત્ન કરે કેમ ઈ? સમજાણું કાંઈ? એ આઠ આઠ વર્ષના બાળકને સમકિત થાય ત્યારે આ પ્રમાણે થાય છે. લ્યો! સમજાણું કાંઈ? આહા..! બાળક તો શરીરની અવસ્થા છે, આત્મા બાળક છે? આહા..! ભારે પણ પરમાત્મપ્રકાશ! પ્રકાશ્યો

છેને! એના રૂપે પ્રકાશ્યો છે. કહે છે, શું કહ્યું?

નિશ્ચયકર એટલે સત્ય, સત્‌રૂપે રહેલું જે સ્વરૂપ એને સત્‌રૂપે પરિણમન નિશ્ચય સમ્યક્ કરી વીતરાગસ્વસંવેદન પરિણત હુઆ. શાસ્ત્રનું જ્ઞાન (નહિ). '**તો ભી નિશ્ચયનયકર વીતરાગસ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણત હુઆ શુદ્ધાત્મા હી નિશ્ચયજ્ઞાન હૈ.**' ઓહો..! એ પર્યાયને જ્ઞાન કહેવું છે હોં! ત્રિકાળની વાત જુદી, ત્રિકાળ તો દ્રવ્ય છે અખંડાનંદ પ્રભુ. એનો સમ્યગ્જ્ઞાનનો પર્યાય પરિણમ્યો નિશ્ચય સ્વભાવને અવલંબે એ જ્ઞાન, એ સાચું, એ સત્, એ આત્મા, એ પરમાર્થ. જોડે શાસ્ત્રજ્ઞાન સત્‌ની અપેક્ષાએ અસત્, વીતરાગની અપેક્ષાએ વિકલ્પ. સમજાય છે? આ સ્વાશ્રયની અપેક્ષાએ પરાશ્રય, પરમાર્થની અપેક્ષાએ અપરમાર્થ. ભાઈ! એવો ભગવાન આત્મા એનું જ્ઞાન તે જ્ઞાન છે. એ સાધ્ય તરીકે કહીને શાસ્ત્રજ્ઞાનને નિમિત્ત તરીકે તે જ કાળે બહિરંગ કારણ તરીકે, હેતુ તરીકે, સાધક તરીકે કહીને સાધન કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! કહો, ભીખાભાઈ! હવે રહ્યો ચારિત્રનો બોલ. દર્શન, જ્ઞાનનો બેનો આવ્યોને. આ તો મુદ્દાની રકમની વાત છે હોં! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ અરે..! ભગવાન!

કહે છે, '**યદ્યપિ નિશ્ચયચારિત્રકે સાધક હોનેસે અટ્ઠાઈસ મૂલગુણ,...**' મુનિના. મુનિના અઠ્યાવીસ મૂળગુણ. એને કેમ કહ્યું છે એનો વ્યવહાર સાધક? કે એવા અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એ છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય એવા જ હોય. અજ્ઞાનીને છ કાયની દયા ને અઠ્યાવીસ મૂળગુણ ને પંચ મહાવ્રત ને એવા વિકલ્પ મિથ્યાદૃષ્ટિને હોય નહિ, એક આત્મા માનનારને એવા હોય નહિ. આ તો એક આત્મા પરિપૂર્ણ શુદ્ધ અખંડાનંદ સર્વજ્ઞે કહેલા એવા અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, એવા અનંતગુણા બીજા... સમજાય છે? આકાશના પ્રદેશો આદિ બધાને કબુલ કરીને વિકલ્પથી જે શ્રદ્ધ્યું છે એના અંદરમાં નિર્વિકલ્પ પ્રતીત થઈ ત્યારે ઓલાને વ્યવહાર કહ્યો. અને એવા જ અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ અસ્થિરતાના ઉત્પન્ન થાય છે છઠ્ઠે ગુણસ્થાને. એને છ આવશ્યક, સામાયિક, વંદના... અરિહંતને વંદન, ગુરુને વંદન એવો વિકલ્પ. અરિહંત જે પરિપૂર્ણ વસ્તુને પામેલા અને સાધક એવા. એવા જીવને વંદનનો જે વિકલ્પ છે છ આવશ્યક આદિનો, અચેલપણાનો, નગ્નપણાનો, નિર્વસ્ત્ર રહેવાનો એવા જે વિકલ્પની હદ જે છે એને સાધક તરીકે, બહિરંગ નિમિત્ત તરીકે, કારણ તરીકે કહેવામાં (આવ્યો છે). કોને? જેને અંદરમાં નિશ્ચયચારિત્ર પરિણમ્યું છે એને. સમજાણું કાંઈ? આમ વસ્તુ (છે). જુઓને, કાલે કેટલું સ્પષ્ટ કર્યું હતું, લ્યો.

કહે છે, '**નિશ્ચયચારિત્રકે સાધક હોનેસે અટ્ઠાઈસ મૂલગુણ, ચૌરાસી લાખ ઉત્તરગુણ,...**' બધા ભેદરૂપ છે હોં! '**વ્યવહારનયકર ચારિત્ર કહે જાતે હૈં,...**' વ્યવહારથી,

વ્યવહારથી અણાત્મદશાને પણ વ્યવહારથી ચારિત્ર (કહેવામાં આવે છે). કારણ કે, અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ છે, આસ્રવતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભેદરૂપ વિકલ્પ ઉઠે છે. એને સાધક તરીકે કહેવો. કોને? ઈ કહેશે કે, '**અઠ્યાવીસ મૂળગુણ, ચૌરાસી લાખ ઉત્તરગુણ વ્યવહારનયકર ચારિત્ર કહે જાતે હૈં...**' ભેદરૂપ છેને, ભેદની અપેક્ષાએ. વિકલ્પરૂપ ભાવ, ભેદરૂપ ભાવ એને સાધક, બહિરંગ કારણ, હેતુ તે કાળે કહેવામાં આવ્યો. કોને? '**શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ-ચારિત્રકો પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા હી નિશ્ચયનયકર ચારિત્ર હૈ.**' એને. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આમ પોતાના પૂર્ણાનંદ સ્વભાવમાં મારી ... દૃષ્ટિની અને એકાકાર થઈને જે પરિણમ્યો છે, શુદ્ધ વીતરાગી પરિણમનને નિશ્ચયચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધાત્માનુભૂતિરૂપ એમ કીધુંને? શુદ્ધ ભગવાન પૂર્ણ નાથ એની અનુભૂતિની સ્થિરતાનું ચારિત્ર. એવા '**વીતરાગ ચારિત્રકો પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા હી...**' નિજ શુદ્ધાત્મા હી એમ કહ્યુંને. ત્યાં કહ્યું હતું ને કે, આત્મા જ ચારિત્ર છે. '**अण्णु जि चरणु ण अत्थि**' પાઠ તો એમ છે. પહેલામાં એમ હતું '**अण्णु जि दंसणु अत्थि ण**' એમ છેને? '**अण्णु जि अत्थि ण णाणु**' એમ છેને? '**अण्णु जि चरणु ण अत्थि जिय मेल्लिवि अप्पा जाणु**'. હજી ૯૬માં બહુ સરસ આવશે. ઓલાએ ત્યાં પૂછ્યું હતું કે બધાને વ્યવહાર કહ્યો છેને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છેને ભાઈ? એ આવે છેને એક ઠેકાણે? નવમામાં. બધાને મૂકીને એકને... વ્યવહાર છેને એ વાત છે આ. અહીં આવ્યું લ્યો! ૩૨૪ પાને છે.

વળી કોઈ ઠેકાણે એક આત્માના નિશ્ચયને સમકિત કહે છેને. કહે છે શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં દર્શનનો .. એ નાખ્યું, દાખલો એ આપ્યો. પરમાત્મપ્રકાશમાં આમાં એ જ કહ્યું છે. એક આત્માના નિશ્ચયને સમકિત કહ્યું છે ને. સમજાય છે? બધાને વ્યવહાર કહ્યો. સમજાય છે? એને સમકિત કહ્યું છે. ઈ આવશે, હમણાં આવશે. આમાં તો કીધું ૯૬માં ચોખ્ખું આવશે. '**अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु**' બધો વ્યવહાર. ભગવાન આત્માની દર્શન અનુભવ દૃષ્ટિ જ્ઞાન, ચારિત્ર છોડીને બધા પ્રકાર વ્યવહાર કહેવાના. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, નવ તત્ત્વના ભેદનો વિકલ્પ. સમજાય છે? એ બધો વ્યવહાર. નિશ્ચય તો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની અંતર્મુખની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ આત્મા, એ જ નિશ્ચય. બાકી બધો અનેરો બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ?

કહે છે, '**શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ-ચારિત્રકો પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા...**' એ સાધ્ય, એ સાધ્ય કહી દીધું, નિશ્ચય કીધું, એને આત્મા કીધો, એને અંતરંગ સાધન કીધું, અંતરંગ સાધક કહ્યું. સમજાણું કાંઈ? અને વિકલ્પને, અઠ્યાવીસ મૂળગુણને બહિરંગ સાધક કહ્યું.

આવ્યું હતું ને ભાઈ! ઓલા સાધક ... છેલ્લું આવ્યું '**અતીન્દ્રિયસુખ ઉસકે સાધકપનેસે આત્મા હી ઉપાદેય હૈ.**' છેલ્લું. સંસ્કૃત છેને? એટલે સાધકપણા આ પાછો નિશ્ચય સાધક આ. બહુ ખુલાસો કર્યો છે. સમજાણું?

અરે..! પણ પોતે પરમાત્મ મૂકીને એની દશા તે કાંઈ બહાર હોય? રાગમાં ને શરીરમાં ને નિમિત્તમાં એની દશા હોય? એની દશા એનામાં હોય. એની દશા બહારમાં હોય? (ન હોય.) રાગાદિ, વિકલ્પાદિમાં એની દશા એ તો આસ્રવતત્ત્વ છે, એ આત્મતત્ત્વ છે? શરીર, જડ ક્રિયા એ તો અજીવતત્ત્વ છે, એની ક્રિયામાં આત્મતત્ત્વની પર્યાય આમાંથી આવે? અહીં થાય, અહીં? એ કહેનારા નિકળે છે. જડથી પણ ધર્મની પર્યાય થાય, ક્ષાયિક પર્યાય થાય. ભગવાન! ગજબ વાત છે! આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ! તારું દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ નિશ્ચય તો અંતર આત્માની શુદ્ધ નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ તે. એની સાથે આવો જે વિકલ્પ વ્યવહાર દર્શન, વ્યવહાર જ્ઞાન શાસ્ત્રનું અને વ્યવહારુ ચારિત્ર... સમજાય છે? અઠ્યાવીસ મૂળગુણ આદિનો વિકલ્પ એને નિમિત્ત તરીકે, સાથે બહિરંગ સાધન તરીકે, બહિરંગ સહકારી તરીકે તે સાધન અને આને સાધ્ય એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? નિશ્ચય સાધક તો ભગવાન આત્મા અનંત સુખનો નાથ એ પોતે જ પરિણમતો પોતે સાધક થાય છે. કારણ કે એનામાં સાધક નામનો ગુણ અંદરમાં પડ્યો છે. આહા..! સમજાણું કાંઈ? અંતરમાં પડેલો સાધકગુણ થઈને આત્મા જ પોતાના સ્વરૂપનો સાધક થાય છે. વ્યવહાર સાધકને નિમિત્ત તરીકે, અણાત્માને બહિરંગ તરીકે ગણીને ... સાધન કહ્યું. જ્ઞાન કરાવવા બીજી ચીજનું એ સમયમાં ... આવું જ હોય, બીજું ન હોય. મુનિ છે, જેને ત્રણ કષાયનો નાશ થયો, વીતરાગ પરિણતિએ પરિણમેલો આત્મા એને અઠ્યાવીસ મૂળગુણના જ વિકલ્પ હોય. એને વસ્ત્ર લેવાનો, નગ્નપણા સિવાયનો વિકલ્પ હોય નહિ. એને મુનિ કહીએ. મુનિ દશા ત્રણ કષાયનો નાશ, ભાવલિંગ પરિણતિ એને અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ હોય. એથી એવા જ વિકલ્પ હોય, બીજા હોય નહિ. વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો (વિકલ્પ હોય નહિ). સમજાણું? તુંબડી ને તુંબડા આવે છે ને... બીજામાં અન્યમતમાં... એવા નહિ. ફક્ત એને યોગ્ય વિકલ્પ આ દયા, દાન, વ્રત આદિ જે છે, છ કાયની દયાનો વિકલ્પ (હોય છે). છ કાયની દયા જુઓ છ કાય બીજે ક્યાં અન્યમતિમાં છે? વીતરાગ માર્ગમાં છે એનો એને વિકલ્પ ન મારવાનો આવે એટલો. એવા વિકલ્પને, એ જાતનો વિકલ્પ તે ભૂમિકા એવી જાતનો હોય એને વ્યવહારથી બહિરંગ સાધન કરીને એને કારણ કહ્યું છે. સમજાણું કાંઈ?

'**તાત્પર્ય યહ હૈ કિ અભેદરૂપ પરિણત હુઆ પરમાત્મા હી ધ્યાન કરને યોગ્ય**

હૈ.' લ્યો! આ એનો સરવાળો. ભગવાન આત્મા,... ભેદ નહિ, ભેદનું જ્ઞાન કરાવ્યું. ભગવાન આત્મા અંતર્મુખમાં અંતરદૃષ્ટિ, જ્ઞાન ને રમણતામાં એકાકાર થઈને ધ્યાનરૂપે પરિણમે એ જ આત્મા ઉપાદેય છે, એ જ ધ્યાન કરવા યોગ્ય છે, બાકી વ્યવહાર આદિના વિકલ્પનું ધ્યાન કરવા લાયક નથી, વચ્ચે આવે એ જાણવા લાયક છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૬, સોમવાર, તા. ૨૯-૧૧-૧૯૬૫**
**ગાથા-૯૫, પ્રવચન-૬૩**

પરમાત્મપ્રકાશ-૯૫ ગાથા પહેલા ભાગની. 'આગે **નિશ્ચયનયકર વીતરાગભાવરૂપ પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા હી...**' આ આત્મા વીતરાગભાવે પરિણમેલી પર્યાય એવો આત્મા તે '**નિશ્ચયતીર્થ,...**' છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયગુરુ, નિશ્ચયદેવ,...**' આત્મા છે. '**ઐસા કહતે હૈં—**'

९५) अण्णु जि तित्थु म जाहि जिय अण्णु जि गुरुउ म सेवि।
अण्णु जि देउ म चिंति तुहुँ अप्पा विमलु मुएवि।।९५।।

જુઓ! અહીંયાં અસ્તિ-નાસ્તિથી કથન છે.

'**અન્વયાર્થ :- હે જીવ તૂ દૂસરે તીર્થકો મત જાવે,...**' એનો અર્થ કીધો કે, વ્યવહાર તીર્થમાં ન જા. પણ બરાબર અર્થ કરવો પડેને. જેમ હોય એમ પણ એને બરાબર નક્કી તો કરવું પડે કે નહિ? દૂસરે એટલે વ્યવહાર તીર્થકો મત જા. બીજી રીતે '**દૂસરે ગુરુકો,...**' વ્યવહાર ગુરુકો '**મત સેવે,...**' સમજાણું કાંઈ? ગુરુ જે છે એ પરદ્રવ્ય ગુરુ એ વ્યવહાર ગુરુ છે એને મત સેવ, એની સેવના ન કર. પણ અહીં આવે એટલે...

મુમુક્ષુ :-

ઉત્તર :- એ આવશે, અર્થમાં આવશે. એ નિમિત્તરૂપે કહેશે, પણ એ સેવવા લાયક નિશ્ચયથી

નથી એમ કહે છે. આ તો પરમાત્મદ્રવ્ય પોતે જ છે, પોતે જ પરમાત્મા પોતાના શુદ્ધ પરિણમનથી પોતે જ ગુરુ ને તીર્થ ને દેવ છે, એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

આત્મા પરમાત્મસ્વરૂપ વીતરાગ ચિદાનંદસ્વરૂપ છે આત્મા. એ પોતે જ આત્મા વીતરાગભાવે નિર્વિકલ્પ શાંતિ—સમાધિભાવે પરિણમેલો આત્મા એ જ પોતે તીર્થ છે, એ પોતે ગુરુ છે અને એ પોતે દેવ છે. અન્ય-'**दूसरे गुरुको मत सेवे...**' અહીં તો ઓલો નકાર આવ્યો છેને એટલે જરી એમાંથી કાઢવું છે ભાઈ આ તો. વ્યવહાર ન સેવ એમ કાઢવું છે અહીં તો. આમ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર હોય ભલે એને, પણ નિશ્ચયથી એને ન સેવ એવો અહીંયા નિષેધ છે. સમજાણું કાંઈ?

અને '**अन्य देवको मत ध्यावे,...**' સર્વજ્ઞદેવ કહે છે કે, મને તું ન ધ્યાવ એમ કહે છે. એ.. ગોકુળદાસભાઈ! આહા..હા..! '**अन्य देवको मत ध्यावे,...**' સર્વજ્ઞ પરમાત્માદેવાધિદેવ કહે છે કે હે જીવ! તું મને ન સેવ. સમજાણું કાંઈ? કારણ કે ભગવાન તારો પરમાત્મ સ્વભાવ જ છેને પ્રભુ! એની સેવનામાં જ બધું સત્ય રહેલું છે. બહારની સેવનામાં શુભ વિકલ્પ ઉઠે છે, રાગ હોય છે, પણ નિશ્ચયથી તે ખરેખર સેવવા લાયક નથી. એમ અહીંથી સિદ્ધ કરીને પછી વ્યવહાર સિદ્ધ કરશે. પાઠ તો આટલો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વીતરાગનું સ્વરૂપ જ એમ છે માટે કહે છે. અહીં તો વીતરાગ એમ કહી શકે એનો અર્થ કે વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે, વીતરાગ પોતે કહે છે કે, મારી સામું જોવાથી તારી સેવા નહિ થાય. ઈ કહેશે નિમિત્ત જોડે. સાંભળો તો ખરા. પણ પહેલા-પછી નહિ એમ અહીં જરી સિદ્ધ કરવું છે, સાંભળો તો ખરા. આહા..હા..! ભાઈ! ભગવાન આત્મા... આહા..હા..!

બીજા ગુરુને મત ધ્યાવ. ત્યારે? '**रागादि मल रहित आत्माको छोडकर...**' ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ રહિત પ્રભુ એવા આત્માને છોડીને, '**अर्थात् अपना आत्मा ही तीर्थ है,...**' એને છોડીને બીજે ન જા એનો અર્થ કરે છે હવે કે, '**अपना आत्मा ही तीर्थ है, वहां रमण कर,...**' સમજાણું કાંઈ? પોતાનો આત્મા છોડીને બાહ્ય તીર્થ નથી, આત્માને છોડીને બાહ્ય ગુરુ નથી, આત્માને છોડીને બાહ્ય દેવ નથી એમ સિદ્ધ કરીને (કહે છે) કે, ભાઈ! ભગવાન આત્મા જ્ઞાનઘન વસ્તુ એ પોતે જ વીતરાગે પરિણમન થયેલો એમાં રમણ કર. બહાર તીર્થ ને ગુરુ ને દેવમાં ન જા એમ પહેલી પરમાર્થ વાત નક્કી કરી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પોતે પોતાનો ગુરુ છે?

ઉત્તર :- પોતે. અહીં કહેશે, ગુરુ અને દેવ પોતે જ બધો છે. બીજો પરદ્રવ્ય ગુરુ ક્યાંથી

થાતો હતો? પરદ્રવ્ય દેવ ક્યાંથી થાય? અને પરદ્રવ્ય તીર્થ ક્યાંથી થાય? સ્વઆશ્રય તીર્થ, દેવ ને ગુરુપણું છે. પરાશ્રય તો વિકલ્પ છે, વ્યવહાર છે. અહીં તો વિશેષ શું કહેવું છે? કે, ગાથામાં એવું આવ્યું છે કે, વ્યવહારને ન સેવ એમ આવ્યું. મારે એટલું અહીં તો સિદ્ધ કરવું છે. છે ખરો. સેવવા યોગ્ય નથી.

બીજી રીતે કહીએ તો એ વ્યવહારને સાધક કહેશે, પણ એ સાધક બંધનું કારણ છે. એને સાધક કહેશે. સાધ્ય આ કહેશે અને સાધક ઈ કહેશે, પણ એ ખરું સાધક નથી. સાધક શુદ્ધ આત્મા પરિણમન થયેલો ભગવાન આત્મા એ જ સાધક, શુદ્ધનો સાધક છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણ શુદ્ધ સાધક, પૂર્ણ શુદ્ધ સાધ્ય, પૂર્ણ શુદ્ધ સાધ્ય અતીન્દ્રિય આનંદનું પરિણમન સાધ્ય એનો સાધક વીતરાગ પરિણતિએ પરિણમેલો આત્મા સાધક છે. વિકલ્પ છે એ વ્યવહાર સાધક છે એનું જ્ઞાન કરાવ્યું છે. એ તો જ્ઞાન આનો સાધક થતાં સ્વ-પરનું જ્ઞાન થતાં તેમાં આ છે એવું જ્ઞાન આવી જાય છે. પણ નિશ્ચયથી એની સેવાનો નિષેધ કર્યો છે. આહા..હા..! એનું જ્ઞાન આવી જાય છે એમાં. એ તો પોતાનું સાધકપણું પરિણમતા, પૂર્ણ અતીન્દ્રિય આનંદના સાધ્યના સાધકપણે થતાં, નિશ્ચયનું જ્ઞાન થતાં પરનો વ્યવહાર આ વિકલ્પ છે એનું જ્ઞાન આવી જાય, જ્ઞાન ફક્ત, જ્ઞાન તો અહીં કરતાં જ્ઞાન આવી જાય છે. સમજાય છે? એથી જાણવા લાયક એક રહી ગયો, સેવવા લાયક નહિ. નિશ્ચયથી સેવવા લાયક વિકલ્પ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વિકલ્પ વ્યવહારનયથી સાધક વ્યવહારથી આવશ્યક કહ્યું. નિશ્ચયથી સ્વરૂપનું શુદ્ધ પરિણમન તે નિશ્ચય આવશ્યક છે. વાત તો એ છે ઈ છે. એ કાંઈ વાત બીજી થઈ જાય એવી નથી. આહા..હા..! છ કર્તવ્ય કીધા એ તો વિકલ્પના, વ્યવહારના, નિમિત્તના, વ્યવહાર સાધકપણાના કથનના ઉપચાર સાધન છે. એ આવશ્યક એટલે વ્યવહાર આવશ્યક, વ્યવહારે આવશ્યક, વ્યવહારે તે વખતે એ પ્રકારના વિકલ્પની યોગ્યતા હોય, આવે છે, જરૂર આવે છે માટે આવશ્યક. એમ. પણ એનો અર્થ એ નહિ કે, એનાથી આત્માનું સાધ્ય સિદ્ધ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો પરમાત્માના ખેલ અંદરના પોતાના છે. એ પરના અવલંબે પોતાના ખેલ પૂરા પડે નહિ. આહા..હા..! રાડ નાખે છે લોકો. પોતાની મહત્તા ભાસતી નથી. નિર્વિકલ્પ સમાધિનો પિંડ પ્રભુ આત્મા. સમાધિ એટલે શાંતિ, એની જ નિર્વિકલ્પ શાંતિની સમાધિનું પરિણમન એ જ પોતે તીર્થ, દેવ અને ગુરુ છે. સમજાણું કાંઈ? કહેશે જુઓ હવે.

**'અપના આત્મા હી તીર્થ હૈ, વહાં રમણ કર,...'** ભગવાન આત્મા મહાન અતીન્દ્રિય આનંદનું ધામ વર્તમાન એને પ્રગટ અતીન્દ્રિય આનંદની વ્યક્ત સાધ્યને માટે એવા પરમાનંદ

આત્મામાં રમણ કર. સમજાણું કાંઈ? '**આત્મા હી ગુરુ હૈ, ઉસકી સેવા કર...**' છે? એમાં લખ્યું છે જુઓ! લખ્યું છે કે નહિ? '**ઔર આત્મા હી દેવ હૈ ઉસીકી આરાધના કર.**' ત્રણના શબ્દ ફેરવ્યા. એકમાં રમણ કર, એકમાં સેવા કર અને એકમાં આરાધન કર. અપેક્ષાથી વાત છે. સમજાય છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. '**मा गच्छ, मा चिन्तय**' છેને? '**मा सेवस्व**' શબ્દ પડ્યા છે જુઓ! છેને? '**अण्णु जि देउ म चिंति**' અન્ય દેવ, તીર્થ '**मा गच्छ**'. તીર્થ '**मा गच्छ**' અને અન્ય દેવ, ગુરુ '**मा सेवस्व**' એમ સંસ્કૃતમાં ત્રણ શબ્દ પડ્યા છે. એઈ..! ત્રણ જુદા જુદા પડ્યા છે, જુદા છેને તેથી જુદા કર્યા છેને. '**अण्णु जि देउ म चिंति**' એટલે રમણ કર તારામાં એમ કાઢ્યું એમાંથી. અન્ય દેવ '**मा गच्छ**' ત્યાં ન જા, અહીં કર, તારામાં સેવા કર. સમજાય છે? બીજાની સેવા ન કર, ગુરુની સેવા કર-તારા આત્માની એમ કહે છે.

**ભાવાર્થ :-** જો કે, 'યદ્યપિ...' એટલે જો કે, 'વ્યવહારનયસે...' એ વ્યવહારનયનું સાધન છે નિશ્ચયના સાધન કાળે વિકલ્પ એને સાધન કહ્યું છે. તેથી પહેલા લઈ ગયા હતા કે, સહકારી કારણ, બહિરંગ સહકારી કારણ એને સાધકપણે કહ્યું છે. જે બાધકપણે છે, મોક્ષનો માર્ગ નથી, બંધનો માર્ગ છે, અણાત્મા છે એને નિમિત્ત તરીકે સાધકને સાધ્યનું સાધક કહ્યું છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ન થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના, એમાં જ, એમાં જ યથાર્થનું ભાન થઈ અને એમાં યથાર્થ વિનયનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ એમ વાત છે. એકલા ભાન વિનાનો વિકલ્પ આવે એ વ્યવહારે વ્યવહાર યથાર્થ નથી એમ કહે છે અહીંયાં. આહા..હા..! સમજાણું?

મોક્ષના વ્યવહારનય એટલે નિમિત્તપણે શું? મોક્ષનું સ્થાનક સમ્મેદશિખર, ગિરનાર આદિ જિનપ્રતિમા અને જિન મંદિર દેખો! જુઓ! ઓલા કહે છે, જિનબિંબને દેખીને નિદ્ધત, નિકાચિત કર્મનો (નાશ થાય). અહીં કહેશે કે, એ વ્યવહારનય છે ભાઈ! ઓલા કહે, જિનપ્રતિમાના (દર્શનથી નિદ્ધત, નિકાચિત કર્મનો નાશ થાય). શું પણ એનો અર્થ? એ તો વ્યવહારની વાત કરી છે. નિશ્ચય તો જિનબિંબ પોતે તેના દર્શનથી નિદ્ધત, નિકાચિતનો નાશ થાય છે. આ શું અર્થ છે? આનાથી વિરુદ્ધ છે ત્યાં? ધવલમાં અર્થ કર્યા એ અમને સમજાણા સરખા અને આમાં નથી સમજાણા.

અહીં તો કહે છે, સમ્મેદશિખર, ગિરનાર અને જિનપ્રતિમા. ચૈત્ય છેને? ચૈત્ય અને ચૈત્યાલય

બે શબ્દ પડ્યા છે. ચૈત્ય એટલે જિનપ્રતિમા અને ચૈત્યાલય એટલે '**જિનમંદિર આદિ તીર્થ हैं, क्योंकि वहांसे गये महान...**' કારણ છે. હવે તીર્થનો પાછો ન્યાય આપે છે. વ્યવહાર તો ખરો પણ બીજો હેતુ સિદ્ધ કરે છે. '**वहांसे गये महान पुरुषोंके गुणोंकी याद होती है,...**' આ હેતુ છે, પાઠમાં છેને જુઓ! '**स्मरणार्थं**' '**तीर्थभूतपुरुषगुणस्मरणार्थं तीर्थ भवति**' '**गुणस्मरणार्थं तीर्थ भवति**' એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ સ્થાનમાં મહાપુરુષોના ગુણના સ્મરણનો હેતુ છે માટે તેને વ્યવહારતીર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! સિદ્ધાંત પણ સાથે મૂક્યો ભેગો સરસ. સમજાણું? '**तीर्थभूतपुरुषगुणस्मरणार्थं तीर्थ भवति**' એમ તીર્થની વ્યાખ્યા વ્યવહારની, વ્યવહારની પણ આ છે. કોઈ એમ કહે છેને કે, ન્યાં જઈને શું? ગુણ સ્મરણ છેને. ન્યાં ક્યાં પણ? એ ગુણ સ્મરણ છે એ વિકલ્પ છે. ભાઈ! ગુણ સ્મરણ એટલે (નિજાત્માનું) સ્મરણ એમ ન લેવો. ન્યાં પણ ગુણ સ્મરણ થાય છે, ન્યાં પણ વીતરાગતા છે. એમ નહિ. એ પુરુષોના-પરપુરુષોના ગુણનું સ્મરણ તે વિકલ્પાત્મક ભેદ છે. આહા..હા..! ત્યારે તો એને વ્યવહાર કહ્યો. ગુણ સ્મરણ,... એમ કે ત્યાં લ્યો! ભગવાનના દર્શન કરતા, પ્રતિમાના દર્શન કરતા ન્યાં તો ગુણનું સ્મરણ થાય છે અનંત ગુણનું, તો અનંત ગુણનો જેવો આત્મા વીતરાગ છે એવું એને ભાન થાય છે. એમ નહિ. આહા..હા..! ત્યાં ગુણના સ્મરણરૂપે તીર્થ છે, સ્મરણ થવામાં એ નિમિત્ત છે. એ સ્મરણ છે એ વિકલ્પાત્મક ભાવ છે. સમજાણું કાંઈ? છોટાભાઈ! એ તો નિમિત્ત છે. વિકલ્પ ઉઠ્યો છે. એ નિમિત્ત પણ વિકલ્પ અહીં તો ઉઠ્યો છે. એ ગુણ સ્મરણમાં એમ નથી કે વીતરાગતા છે. એમ નહિ. સિદ્ધ ઈ કરવું છે અહીં તો. સમજાણું કાંઈ?

પરગુણના સ્મરણમાં તો વિકલ્પાત્મક ભાવ છે. સ્વદ્રવ્યનો આશ્રયના અંતરમાં એકાકાર તે વીતરાગતા ભાવ છે. ભારે જીવને એવું પડે છેને. પાંગળો એટલે જાણે કો'ક આધાર હોયને તો ઠીક પડે. એમ જ્યાં બતાવેને ત્યાં ચોંટી જાય છે અંદર. તમારી ક્યાં વાત કરી છે આમાં પણ અત્યારે? બીજા જીવ સામાન્યની વાત ચાલે છે આ. આ તો એક બીજી વાત છે અંદર. આવે છેને? ઓલામાં આવ્યું હતું, ગુણ સ્મરણ. ન્યાં ભગવાનના દર્શનમાં શું છે બીજું? ગુણ સ્મરણ છે. અરે..! ભગવાન! સાંભળને પ્રભુ! એ ગુણ સ્મરણને તો અહીં વ્યવહાર સિદ્ધ કરવો છે, ગુણ સ્મરણને નિશ્ચય સિદ્ધ નથી કરવો, વ્યવહાર સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓને! વ્યવહારનયથી તે જિનપ્રતિમા, મંદિર, તીર્થ. '**वहांसे गये महान् पुरुषोंके गुणोंकी याद होती है,...**' એ વિકલ્પાત્મક નિમિત્ત છે, વિકલ્પાત્મક નિમિત્ત છે, વ્યવહાર સાધક કહેવાય છે, બંધનું કારણ છે, અનાત્મભાવ છે એને સાધક વ્યવહારે કહેવામાં આવે છે. બહિરંગ નિમિત્ત

કારણ છે. ભારે વાત માણસને. સમજાણું કાંઈ?

એ ગુણ સ્મરણ કરીને શું સિદ્ધ કર્યું? વ્યવહાર સિદ્ધ કર્યો કે ત્યાં વીતરાગતા સિદ્ધ કરી? અહીં તો વ્યવહારનયથી સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! તોપણ આવો વિકલ્પાત્મક તીર્થનું નિમિત્તપણું ત્યાં હોય અને વિકલ્પ હોવા છતાં, '**વીતરાગ નિર્વિકલ્પસમાધિરૂપ છેદ રહિત જહાજકર...**' દેખો! વીતરાગ નિર્વિકલ્પસમાધિરૂપ છેદ રહિત વહાણ જે '**સંસારરૂપી સમુદ્રકે તરનેકો સમર્થ જો નિજ આત્મતત્ત્વ હૈ, વહી નિશ્ચયકર તીર્થ હૈ,...**' દેખો! સમજાણું કાંઈ? વિકલ્પમાં એ નિમિત્ત છે માટે વ્યવહાર તીર્થ કહ્યો અને એ વિકલ્પ છે બહિરંગ સાધન વ્યવહાર કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? પાછું એમ નહિ કે, એ નિમિત્ત છે તેના ઉપાદાનમાં વીતરાગ પર્યાય છે અને એ નિમિત્ત એમ નહિ. ભાઈ! એમ કે નિમિત્ત છે તીર્થ, એ નિમિત્ત છે અને અહીં વીતરાગ પર્યાય છે એમ નહિ. અહીં વિકલ્પાત્મક સ્મરણ છે એમાં એ નિમિત્ત છે. એટલે વિકલ્પાત્મકને નિમિત્ત છે માટે એને વ્યવહાર તીર્થ કહેવામાં આવે છે અને એનું વિકલ્પાત્મક થયું એને વ્યવહાર સાધન કહેવામાં આવે છે. ભારે વાત. સમજાણું? એમ હોવા છતાં નિમિત્તપણે બહિરંગ સાધનપણે એ વિકલ્પાત્મક અને સામે નિમિત્ત હોવા છતાં આત્મા ભગવાન પોતાના વીતરાગ નિર્વિકલ્પસમાધિરૂપ... આહા..હા..! શાંત પ્રભુ પોતાના અવલંબને નિર્વિકલ્પ શાંતિનું ધ્યાન એવી જે પરિણતિ એ છેદ રહિત જહાજ છે, એમાં છિદ્ર નથી. સમજાય છે કાંઈ? ઓલો વિકલ્પ હતો એમાં તો આસ્રવ આવે છે એમ કહે છે. ભાઈ! એઈ..! આ કથન પદ્ધતિ પણ કેવી લીધી છેને! આ તો નિર્વિકલ્પ સમાધિ છેદ રહિત વહાણ છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાના સ્વરૂપના આશ્રયે અવલંબીને વીતરાગ નિર્મળ સમાધિ શાંતિ એ ચોથે ગુણસ્થાનથી માંડીને હોં! એ બધી વાત છે.

'**જહાજકર સંસારરૂપી સમુદ્રકે તરનેકો...**' છેદ રહિત છે સમાધિ, જેટલી એકાગ્રતા છે ઈ. વીતરાગ પરિણતિ છિદ્ર રહિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! છેને એમાં જુઓને સંસ્કૃત ટીકામાં બધું છે હોં! '**જહાજકર સંસારરૂપી સમુદ્રકે તરનેકો સમર્થ જો નિજ આત્મતત્ત્વ હૈ,...**' ભગવાન આત્મા પણ કેવો આત્મા? કે, નિર્વિકલ્પસમાધિરૂપ પરિણત આત્મા એ આત્મતત્ત્વને તીર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓલી પરિણતિ, નિર્વિકલ્પ પરિણતિવાળો આત્મા તીર્થ એમ કહેવું છે. એકલું દ્રવ્ય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ આમાં? ત્યારે ઓલો વિકલ્પ ભાવ સ્મરણનો એમાં નિમિત્ત તીર્થ એને વ્યવહાર તરીકે કહેવામાં આવે છે. કહો, એક તીર્થની વ્યાખ્યા થઈ.

હવે ગુરુ. '**ઉસકે ઉપદેશ-પરમ્પરાસે પરમાત્મતત્ત્વકા લાભ હોતા હૈ.**' ગુરુની વ્યાખ્યા છે આ બધી હવે. સમજાણું કાંઈ? જેના ઉપદેશથી પરંપરાથી પરમાત્મતત્ત્વનો લાભ થાય છે.

નિમિત્ત છે વિકલ્પ એ સમજાવે એટલું, ઉપદેશ, પણ એને છોડી અને અંદરમાં સિદ્ધ પરિણતિ કરે ત્યારે મોક્ષનું કારણ થાય છે. તેમના ઉપદેશની પરંપરાથી... વિકલ્પ થયો, અહીં જ્ઞાન થયું, જ્ઞાન, પછી અહીં જ્યારે સ્વભાવનું જ્ઞાન થયું ત્યારે ઓલા ઉપદેશને પરંપરા નિમિત્ત કારણ કહેવાય છે. '**परमात्मतत्त्वका लाभ होता है.**' બીજી રીતે કહીએ તો ગુરુ પરમાત્મતત્ત્વનો ઉપદેશ આપે છે ભાઈ! એમ કહ્યું. જુઓને શું કીધું?

જેના '**ઉપદેશની परम्परासे परमात्मतत्त्वका लाभ...**' અહીં પરમાત્મતત્ત્વનો લાભ એના પરંપરાએ, પણ એણે કહ્યું પરમાત્મતત્ત્વ. એણે કહ્યું પરમાત્મતત્ત્વ કે, અરે..! તું પરમાનંદ સ્વરૂપ પરમાત્મા છો. એની સેવના કર. એવો જે ઉપદેશ મળ્યો એને વ્યવહાર વિકલ્પ કહેવામાં (આવે છે). વ્યવહાર વિકલ્પમાં એ ગુરુ નિમિત્ત છે (તેથી) વ્યવહાર ગુરુ કહેવામાં આવે છે. સમજાણું? '**इसलिये यद्यपि व्यवहारनयकर दीक्षा शिक्षाका देनेवाला...**' ઈસલિયે નાખવું જોઈએ અંદર. સમજાય છેને? '**यदुपदेशात्पारंपर्येण परमात्मतत्त्वलाभो भवतीति। व्यवहारेण शिक्षादीक्षादायको यद्यपि गुरुर्भवति**' એમ છેને? '**यद्यपि**'. છેને અંદર '**यद्यपि**'. એટલે '**यद्यपि व्यवहारनयकर दीक्षा शिक्षाका देनेवाला दिगंबर गुरु होता है,...**' સમજાણું કાંઈ? '**दायको यद्यपि गुरुर्भवति**'. સમુચ્ચય વાત છેને. ખુલાસો પછી નાખીને દિગંબર ગુરુ એમ નાખ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

જેના ઉપદેશથી પરંપરાએ પરમાત્મતત્ત્વનો લાભ થાય એનો અર્થ કે એ પરમાત્મતત્ત્વનો ઉપદેશ કર્યો. એ પરમાત્મ (તત્ત્વનો) ઉપદેશ કર્યો એમાં વિકલ્પમાં, જ્ઞાન થવામાં એ નિમિત્ત હતા અને એમાંથી અહીં જઈને પોતાનું પરમાત્માનું જ્ઞાન કરીને પરમાત્મલાભ થાય એમાં એ પરંપરા નિમિત્ત કારણ કહેવામાં આવ્યું. એથી તેને વ્યવહારનયથી દીક્ષા-શિક્ષાના દેવાવાળા ગુરુ કહેવામાં આવે છે. દિગંબર ગુરુ છે. સમજાણું કાંઈ? ઈ વ્યવહાર કહ્યો. તોપણ નિશ્ચયનયકર... આમ હોવા છતાં યથાર્થ દૃષ્ટિથી જોઈએ, સત્, સત્‌ના સત્‌ના સ્વભાવથી જોઈએ તો '**विषय कषाय आदि समस्त विभावपरिणामोंके त्यागनेके समय...**' એ પર તરફના વિષય શુભાશુભભાવ આદિ. સમજાય છે? કષાય અને પર તરફનું લક્ષ. '**समस्त विभावपरिणामोंके त्यागनेके समय...**' ત્યાગને કાળે '**निज शुद्धात्मा ही गुरु है,...**' સમજાણું કાંઈ?

પરમાત્મપ્રકાશમાં પણ પરમાત્મા જ ખડો કર્યો છે એકલો. નિશ્ચયનયથી એટલે સાચા જ્ઞાનથી સત્‌ને જોઈએ તો એ આત્મા પોતે પરનું લક્ષ છોડી અને કષાય શુભાશુભ વિકલ્પને છોડી. પરનું લક્ષ છોડી અને શુભાશુભ વિકલ્પનું લક્ષ, આશ્રય છોડી. '**समस्त विभावपरिणामोंके त्यागनेके समय...**' આમ લક્ષ અને વિકલ્પ શુભાશુભ છોડી આત્માના અંતરમાં, નિજ શુદ્ધાત્મા જ્ઞાયક શુદ્ધ ધ્રુવસ્વરૂપ આત્મા જ ઉપાદેય એવું જે પરિણમન થયું, ઉપાદેય આ એવું જે પરિણમન

થયું એ જ આત્મા એને ગુરુ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વિકલ્પાત્મકમાં કહ્યું પરંપરા. નિર્વિકલ્પ સમાધિ શાંતિ શુદ્ધ ભગવાન આત્મા મહાન પ્રભુ એની જ્યાં અંતરમાં પ્રતીત રુચિના પરિણમનમાં આવ્યો, એ પરિણમનવાળો આત્મા તેને ગુરુ કહેવામાં આવે છે. એ ગુરુ છે, ગુરુ. આત્માને એણે સમજાવ્યો, ઈ પરિણતિએ આત્માને સમજાવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા પકડ્યો અને એણે જાણ્યો, એ જ ગુરુ પરિણતિ બીજું કોણ? ઓલો વિકલ્પ ક્યાં પકડે છે આત્માને? શિષ્ય પોતે. શિષ્ય અહીં ક્યાં, એ પોતે ને પોતે શિષ્ય ને પોતે ને પોતે ગુરુ. એ પોતે ગુરુ અને પોતે શિષ્ય. નિશ્ચયમાં ભેદ છે ક્યાં? ગુરુ-શિષ્યના ભેદ નિશ્ચયમાં ક્યાંથી આવ્યા? આહા..હા..! ભારે વાત ભાઈ! વસ્તુ જ આમ છે, છે. વસ્તુને વસ્તુપણે રાખો, વસ્તુને વસ્તુથી ફેરવો નહિ, ફેરવો નહિ, ફેરવો નહિ. સમજાણું કાંઈ? શું વકીલ? કાયદાને કાયદા પ્રમાણે રાખો. આહા..હા..! ઓલામાં ન કહ્યું? તીર્થ મંદિરે દેવ નહિ. ત્યાં નથી દેવ, દેવ તો અહીં છે. કીધું નહિ? ન્યાંય ન કીધું? યોગસારમાં કહ્યુંને. ન્યાં તો ... વ્યવહાર છે. બહુ ન્યાં અડ્યો રહીશ નહિ. ન્યાંથી કાંઈ મળે એવું નથી ભગવાન પાસે, ભગવાન તો અહીં બેઠો છે અંદર. સમજાણું કાંઈ? એ શુભ રાગ આવે. સમજાણું કે નહિ? દેવમાં આવશે હોં! એ દેવમાં આવશેને એ તો? એ દેવમાં આવશે. હવે આવે છે જુઓ! સમજાણું?

'**ઉસીસે સંસારકી નિવૃત્તિ હોતી હૈ.**' કોનાથી? એ '**વિભાવપરિણામોંકે ત્યાગનેકે સમય નિજ શુદ્ધાત્મા...**' ભગવાન આત્મા, વીતરાગ પરિણતિએ પરિણમતો આત્મા એ સંસારના પારનું નિવૃત્તિનું કારણ એ ભાવ છે, એ ભાવ છે, ઉદયભાવની નિવૃત્તિનું એ પરિણામ કારણ છે. ઉદયભાવ સંસાર છેને, એને શુદ્ધાત્મ પરિણતિની નિર્વિકલ્પ સ્થિરતા એ ઉદયભાવની નિવૃત્તિનો આ સંસારનો ટાળવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? '**સંસારકી નિવૃત્તિ હોતી હૈ.**' ઓલામાં તો વિકલ્પ છે. આહા..હા..! ઉદય છે, બંધ છે, પુણ્ય-પાપ છે, અનાત્મા છે, સાધક કહેવાય છે છતાં. આહા..હા..! વીતરાગની શૈલી કોઈ અલૌકિક માર્ગ છે! વીતરાગ જેવો ક્યાંય (દેવ નથી). પદાર્થ નથી આત્મા જેવો, વીતરાગ જેવા કોઈ કથન અને દેવ નથી. સમજાણું કાંઈ?

ઓહો..હો..! ત્રણ કાળ, ત્રણ લોકમાં તારવેલો એકલો ભગવાન આત્મા તે જ મહાન પદાર્થ છે. એને કહેનારા પૂર્ણ થઈ ગયેલા એ ભગવાન વીતરાગ જ છે. બીજા કોઈ આ વાતને આ રીતે કહી શકે નહિ. કહો, એક કોર ઉપદેશ કરે અને કહે કે અમારી સામું જોઈશ નહિ, અમારી સેવા કરીશ નહિ. અરે..! ગજબ પ્રભુ! તારી વાત તે આ તે! આહા..હા..! અને એમ કહે કે, સાંભળ, વસ્તુ સાંભળ! સાંભળ પણ અમારી સામું જોઈશ નહિ. પણ શું કહેવું છે તમારે?

ગજબની વાત છે કાંઈ! આહા..હા..! એઈ..!

અરે..! વીતરાગ પૂર્ણાનંદનો નાથ પરમાત્માની ધ્વનિ આવી છેને. કહે (છે), અરે..! આત્મા સાંભળ! પણ અમારી સામું જોઈશ નહિ પણ સાંભળવામાં તમારી સામું જોયા વગર શી રીતે અમારે સાંભળવું? પણ એ સાંભળવામાં એવો વિકલ્પ તને આવ્યો એમાં એમ લે કે, તારા અંતરમાં જાવાનું છે, તારે આની કોર રહેવાનું નથી. આહા..હા..! જમુભાઈ! આહા..હા..! એ વસ્તુની સ્થિતિ છે એમ બતાવે છે. વાણી પણ એવી જ આવે. આહા..હા..! ઓલા કહે, દિવ્યધ્વનિથી લાભ ન થાય. અરે..! ભગવાન સાંભળ તો ખરો. દિવ્યધ્વનિ એમ કહે છે કે, અમારી સામું જોયે તને લાભ નહિ થાય એમ દિવ્યધ્વનિ કહે છે. આહા..હા..! સમજાણું? દિવ્યધ્વનિ એમ કહે છે, અમને સાંભળવાના લક્ષે તને આત્માનો લાભ નહિ થાય. આહા..! આ તે કાંઈ વાત છે! સમજમેં આયા?

કહે છે કે, આમ સાંભળ! '**सुणह**' આવે છેને? વ્યાખ્યા કરી છે. બે ગાથા મૂકી છેને? શું કહેવાય? જયધવલ. જયધવલમાં એક ગાથા આવે છે. સુણો! એક શબ્દનો પછી બહુ વિસ્તાર કર્યો. મૂળ ગાથા છેને મૂળ ગાથા. '**सुणह**'! મૂળ ઠેઠની પરંપરા મોટી ગાથા ઊંચી. '**सुणह**'! એની પછી વ્યાખ્યા કે, આ વાત સાંભળ કે, જે સંભળાવે છે કે, વીતરાગ આત્મામાં તું જા એમ સાંભળ. આહા..! સમજાણું કાંઈ? ... છેને ભાઈ! નહિ ગાથા? એમાં આવે છે. મોટી એક ગાથા છેને. '**सुणह**'નો પછી વિસ્તાર કર્યો છે. મૂળ શબ્દ એક એકનો અર્થ કર્યો છે. જયધવલ. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભાઈ! કરવાનું તો તે છે, એ અમારે કહેવાનું છે કહે છે. આહા..હા..! કહેવાનું છે એ, કરવાનું છે તે કહેવાનું છે. સમજાણું કાંઈ? કહો, તીર્થનું આવી ગયું, ગુરુનું આવી ગયું. હવે રહ્યા દેવ.

'**यद्यपि प्रथम अवस्थामें चित्तकी स्थिरताके लिये...**' શુભ વિકલ્પ અશુભમાંથી ખસવા (આવે છે). જરી શબ્દ સુધારેલો હતો તે દિ'. '**तीर्थंकरपुण्यहेतुभूतं साध्यसाधकभावेन**' એટલો શબ્દ નાખવો. એ શબ્દનો અર્થ જ પડ્યો રહ્યો છે. સમજાણું કાંઈ? પાછી વાત મૂકી છે કેવી રીતે? ખુબી તો જુઓ એક! કે, સવિકલ્પ અવસ્થા પ્રાથમિક અવસ્થામાં જ્યારે હજી વિકલ્પમાં વર્તે છે, આમ નિર્વિકલ્પ અંદર છે દૃષ્ટિ અને જ્ઞાન આદિ, છતાં વિકલ્પ ઉઠ્યો છે ત્યારે એ એની અવસ્થા. પ્રાથમિક અવસ્થામાં એટલે સવિકલ્પ અપેક્ષાએ '**चित्तस्थितिकरणार्थ**'. ચિત્તને સ્થિર કરવા માટે. પણ તે પણ શું? કે, '**तीर्थंकरपुण्यहेतुभूतं**' ભાઈ! શું કીધું? પણ પાછું ઓલું વિકલ્પ પણ એ છે, તીર્થંકરપુણ્યનો હેતુ. આ ભાવ અહીં અને.. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે, ઓલો વિકલ્પ જે ઉઠ્યો છે એ તીર્થંકરપુણ્યનો હેતુ છે. સમજાણું કાંઈ? એ '**साध्यसाधकभावेन**'. એ વિકલ્પ છે એ સાધક છે, સાધક છે. વ્યવહાર સાધક હોં! '**परंपरया**

**निर्वाणकारणं**' છેને એ તો આમાં છે. જુઓ! એ '**વ્યવહારનયકર જિનપ્રતિમાદિક દેવ કહે જાતે હૈં,...**' એ '**तीर्थंकरपुण्यहेतुभूतं साध्यसाधकभावेन**' એમ. '**ઔર વે પરંપરાસે નિર્વાણકે કારણ હૈં,...**' એ પરંપરાએ નિર્વાણનું કારણ કહેવામાં આવે છે. એ તીર્થંકર પ્રકૃતિનો હેતુભૂત સાધકભાવ. તીર્થંકર પ્રકૃતિ નથી લીધી હોં! અહીંયાં સાધકમાં. સમજાય છે ભાઈ આમાં? તીર્થંકરપુણ્યના ભાવને સાધકમાં લીધો છે. તીર્થંકર પ્રકૃતિ બંધાય છે એનો જે વિકલ્પ એને વ્યવહાર સાધક તરીકે ગણ્યો છે. આહા..હા..! વાત તે પણ આવો કહે છે વિકલ્પ. એનું જોર કેટલું છે! તીર્થંકરપુણ્યહેતુભૂત કીધું છેને? નિમિત્ત સાધકભાવેન.

'**परंपरया निर्वाणकारणं**' પરંપરા નિર્વાણનું કારણ છે. ઓલો વિકલ્પ હોં! અને પછી ભલે પ્રકૃતિ કહો. સમજાય છે? બધા પરંપરા નિમિત્ત કારણ (કહેવાય છે). જિનપ્રતિમા આદિ પણ પરંપરા નિમિત્ત કારણ, વિકલ્પ પરંપરા નિમિત્ત કારણ, પ્રકૃતિ બંધ પણ પરંપરા નિર્વાણ. '**व्यवहारेण देवो भण्यते**' એ અપેક્ષાએ જિનપ્રતિમા આદિ... સમજાણું કાંઈ? વ્યવહારે દેવ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વ્યવહાર અને નિશ્ચયની સંધિ છે આ. અલૌકિક વાત છે અલૌકિક વાત! બાપુ! આહા..હા..!

પહેલી અવસ્થા, પાછું એમ ન લેવું પહેલી અવસ્થા એટલે ચોથા, પાંચમાવાળાનું, પછી અવસ્થા એટલે આઠમાવાળો. પણ આમાં હેતુ છે હેતુ. તીર્થંકરગોત્ર પહેલા ચોથેથી બંધાય છે એમ મારું કહેવું છે. આઠમે તો પછી બંધ થઈ જાય છે. ભાઈ! એટલે તીર્થંકર પ્રકૃતિના હેતુભૂત લીધું છે એટલે કોઈ એમ કહે કે, હેઠે તો આ અને ઉપર બીજું કાંઈક, નિશ્ચય ઉપર એમ નહિ. જ્યાં તીર્થંકર પ્રકૃતિનો બંધ શરૂ થાય છે ચોથેથી. આઠમાના અમુક ભાગ સુધી, બસ. પછી બંધ થઈ જાય. સમજાણું કાંઈ? બહુ ખૂબીથી વાત નાખી છે દેવમાં. આહા..હા..!

કહે છે, પહેલા વિકલ્પમાં શુભભાવમાં જે તીર્થંકર પુણ્યનો હેતુ એ સાધકભાવે એવી પ્રકૃતિની રાગાદિ અને જિનપ્રતિમા આદિને દેવ કહેવાય. કારણ કે એ તીર્થંકર પ્રકૃતિનો હેતુ છે એ પ્રતિમા આદિ. નિમિત્ત છેને? વિકલ્પ પણ તીર્થંકર પ્રકૃતિનો હેતુ છે અને એ પણ નિમિત્ત છે. એથી એને વ્યવહારે પ્રતિમાને, જિનને, મંદિરને... સમજાણું? દેવ કહેવાય. સમજાણું કાંઈ? ઓલામાં નાખ્યું હતુંને? બે નાખ્યું હતુંને? ચૈત્ય ચૈત્યાલય તીર્થમાં નાખ્યું હતું. ચૈત્ય ચૈત્યાલય તીર્થમાં નાખ્યું હતું. અહીં એક દેવ તરીકે પણ કહેવાય છે એને હોં! દેવ આવે છેને? નવ દેવ બાહ્ય. નવ દેવ નથી આવતા? નવ દેવ આવે છે ભાઈ! એમ આ ચૈત્યાલયથી (લઈને) બધા દેવ છે. દેવ કહેવાય છેને? પાંચ પરમેષ્ઠી, વાણી ... દેવ કહેવાય છે. એ દેવ વ્યવહારે દેવ છે. તીર્થંકર પ્રકૃતિના પુણ્યના હેતુ તરીકે, નિમિત્ત તરીકે છે માટે. બહિરંગ નામ નિમિત્ત સાધન કહેવામાં આવે છે. પણ કીધું તો પુણ્યનો હેતુ. બંધનું કારણ કહ્યુંને? બસ! સિદ્ધ કરી દીધું ત્યાં. ઓલો

સાધક ભાવ છે એ બંધનું કારણ સિદ્ધ કરવું છે અહીં પાછું. ન્યાં આત્મા કહ્યો હતો, આ અણાત્મા કહ્યો હતો, અહીં બંધ સિદ્ધ કર્યો. ત્યાં બહિરંગ સાધન કહ્યું હતું, એનાથી આમ થાય એમ કીધું હતું, સાધ્ય-સાધક કહ્યું હતું. અહીં એને બહિરંગનો આ બંધભાવ છે એમ સિદ્ધ કર્યો છે. વ્યવહાર ભાવ બંધભાવ છે. સમજાણું કાંઈ?

અને તે પણ વાત તીર્થંકર પ્રકૃતિના હેતુભૂતની આખી વાત લીધી છે. ઊંચામાં ઊંચું પુણ્ય એમ. એટલા પુણ્યની તો શું વાત કરવી એમ કહે છે. સમજાણું કાંઈ? એ વિકલ્પ... નિમિત્ત પડે છે માટે એને પણ દેવ કહેવામાં આવે છે અને તીર્થંકર પ્રકૃતિનું નિમિત્ત છે પણ એ બંધનું નિમિત્ત છે, બંધનું નિમિત્ત છે. એને વ્યવહારે સાધક કહેવામાં આવે છે. આહા..હા..!

તોપણ... એમ. આવું હોવા છતાં પણ, આવું હોય તોપણ નિશ્ચયનયકર વસ્તુસ્થિતિથી સ્વના તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો **'પરમ આરાધન યોગ્ય,...'** પરમ સેવવા યોગ્ય, પરમ આરાધવા (યોગ્ય). દેવમાં આરાધવા (યોગ્ય) કહ્યું હતુંને? દેવમાં આરાધન કહ્યું હતું, ગુરુમાં સેવ કહ્યું હતું, તીર્થમાં રમણ કહ્યું હતું. ઓહો..હો..! ભારે પણ ટીકા કરી છે! પાઠમાં જે જોઈ છેને એ વાત કરી છે. ઓલામાં તો નકાર કર્યો છે. **'अप्पा विमलु मुणेवि'**. આત્મા નિર્મળાનંદ ભગવાનને છોડીને બીજે ન જા. ઓલા તો નિષેધ કરે છે. પણ છે એનો નિષેધ કરે છે. સમજાણું? એમાં રહી શકતો નથી એથી એવો ભાવ હોય, પણ તે જાવા લાયક નથી. આહા..હા..! ગજબ વાત છે! ઓલા કહે, વ્યવહારનો નિષેધ થઈ જાય છે, વ્યવહારનો નિષેધ (થઈ જાય છે). અહીં તો વ્યવહારનો નિષેધ કરે છે, સાંભળને હવે. ના જ પાડી, ન જાઈશ. સાંભળને હવે. **'तित्थु म जाहि अण्णु जि गुरुउ म सेवि अण्णु वि देउ म चिंति'**. ત્રણ શબ્દ પડ્યા છેને પાઠમાં, જુદા જુદા શબ્દ પડ્યા છે. અન્ય તીર્થમાં ન જા, ભગવાન આત્માના તીર્થને સેવ. અન્ય ગુરુને ન સેવ. સમજ્યાને? રમણ કર આમાં. અન્ય ચિંતવ નહિ એટલે બીજાનું આરાધન ન કર, આત્માનું આરાધન કર. લે. આ તો કોને (કહે છે)? આ પંચમ આરાના મુનિ છે, પંચમ આરાના જીવને માટે કહે છે કે આ ચોથા આરાને માટે કહે છે? પંચમ આરા છેને, આ તો મુનિ પંચમ આરાના છે. યોગીન્દ્રદેવ. પંચમકાળ, આ પંચમ આરો છેને, કાળ છે. એને તો કહે છે. ન જા. આ શું કહો છો તમે? હાય હાય! અમારો વ્યવહાર નાશ થઈ જાય. સાંભળને હવે, વ્યવહાર નાશ થાશે તો અંદર (નિશ્ચયમાં) જઈશ. વાંધો શું છે તારે? રાડ શું કરવા નાખે છે? જે કરવાનું છે એ થાશે, વ્યવહાર નાશ થશે તો કરવાનું એ થાશે. રાડ નાખે છે. ઈ જ બધું માની લીધું છેને. આહા..હા..! એવી ચીજ તે ચીજ આખી પણ આખો નાથ અનંત ગુણનો પિંડલો પૂર્ણ. અનંત પરમાત્મા જેના પેટમાં પડ્યો એવો ભગવાન આખો આત્મા, અનંત પરમાત્માનું રૂપ એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે, ખરેખર તો '**પરમ આરાધને યોગ્ય વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિકે સમય...**' દેખો! ઓલો વિકલ્પ છૂટી જાય છેને એટલે એ સમય લીધો છે. '**નિજ શુદ્ધાત્મભાવ હી દેવ હૈ,...**' સમજાય છે? ભગવાન આત્મા નિર્વિકલ્પ સમાધિને કાળે નિજ શુદ્ધાત્મા દેવ. એમ. એ વિના નહિ. પરિણમન થઈને આમ નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ આનંદના પરિણમન કાળે આ આત્મા દેવ છે. દિવ્યનો દેવ તો તું છો. ઓહો..હો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરાવે કોણ? હોય છે. વિકલ્પ હોય છે પણ એ ખરેખર કર્તવ્ય નથી. એની મર્યાદા એટલી છે. એ તો સ્વરૂપમાં ઠરી શકતો નથી એટલે એવો ભાવ આવે છે. હવે એને કરવું છે ખરુંને એટલે ખટકતું હશે.

મુમુક્ષુ :- ઈ ક્યાં એના કરવાથી થાય છે?

ઉત્તર :- કર્યા હતા કે દિ' કે થાતા હતા તમારા ન્યાં? સો વર્ષથી પડ્યું છે. કેટલા વર્ષ થયા? સો થયા કે નહિ? ૧૬માં. ... એના રજકણનું દળ ઊભું થાવું હશે એને કરે કોણ અને રોકે કોણ? બધી વાતું છે સમજવા જેવી. ભાવ વિકલ્પ હો, પણ એથી ત્યાં થાય છે? આહા..હા..! એ વિકલ્પ પુણ્યબંધનું કારણ છે. આવે છે પાપથી બચવા, પણ એ નિશ્ચયથી સેવવા લાયક નથી. અહીં તો નિશ્ચયથી વાત છે કે નહિ? વ્યવહારથી છે, વ્યવહાર છે, વ્યવહાર છે. અહીં તો કહે છે કે, વ્યવહાર તે નિષેધ કરવા લાયક છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? માર્ગ ભાઈ! આ તો વીતરાગી તત્ત્વ છે આત્મા. એનો માર્ગ જ વીતરાગ પરિણતિ હોય છે, રાગ પરિણતિ એ માર્ગ છે જ નહિ. આહા..હા..! એ શુભ રાગથી ક્ષાયિક સમકિત. ભગવાન! પણ તેં કેવી રીતે મેળવ્યું? કઈ રીતે મેળવ્યું? કેમ બેઠી એને એ વાત?

'**અન્ય નહીં.**' ઠીક! પાઠમાં છે ખરુંને. એ બીજો દેવ નહિ. સમજાણું? જિનપ્રતિમાથી લીધું છેને. ભગવાન સાક્ષાત્ તો છે નહિ અત્યારે. સાક્ષાત્ દેવ ભગવાન છે નહિ એટલે જિનપ્રતિમાથી વાત લીધી છે. તે પણ વ્યવહાર લીધો જિન, જિન તીર્થંકર થાય એવો. આરે.. ગજબ વાત કરી છેને! એ વિકલ્પમાં એ નિમિત્ત કેવા? તીર્થંકર થાય એવો ભાવ. આ ભગવાન પોતે વીતરાગસ્વરૂપ છે આત્મા, એમાં રહી શકતો નથી એટલે એવો ભાવ હોય છે, પણ છતાં કહે છે કે એ સેવવા લાયક નથી. આહા..હા..! ગજબ વાત છે કે નહિ? ઓલો કહે કે, તીર્થંકરગોત્રના ભાવ સેવવા લાયક છે, ભાવના કરવા લાયક છે. સોલહ તીર્થંકર ભાવના એ તો આસ્રવ છે, બંધનું કારણ છે. સમજાણું?

'**ઈસપ્રકાર નિશ્ચય વ્યવહારનયકર...**' આ પ્રકારે આવ્યાને છ બોલ. તીર્થ, દેવ અને ગુરુ, વ્યવહાર ને નિશ્ચય. બીજી ભાષાએ કહીએ સાધક અને સાધ્ય. બહિરંગ કારણ અને અંતરંગ

કારણ. શુદ્ધ પરિણતિ અંતરંગ કારણ, વિકલ્પ બહિરંગ કારણ. એ '**નિશ્ચય વ્યવહારનયકર સાધ્ય-સાધક-ભાવસે...**' સાધ્ય-સાધક-ભાવ. સાધક ઓલો વિકલ્પ છે નિમિત્ત અથવા બહારની ચીજ. સમજાણું? '**તીર્થ ગુરુ દેવકા સ્વરૂપ જાનના ચાહિયે.**' તીર્થ, ગુરુ અને દેવનું આ રીતે સ્વરૂપ જાણવું જોઈએ. કહો, પરમાર્થ ધર્મ નથી, વ્યવહાર ધર્મ પુણ્ય તરીકે છે. મંદિર-બંદિર થઈ ગયા છેને હવે. ભગવાન! એ તો વસ્તુ તો એની એ છે. જ્યારે ...તો એક જ છે. થઈ ગયા, ન થઈ ગયા એ કોણ કરે છે એને?

અહીં તો કહે છે, આ રીતે '**નિશ્ચય અને વ્યવહારનયકર સાધ્ય-સાધક ભાવસે તીર્થ ગુરુ દેવકા સ્વરૂપ જાનના ચાહિયે.**' એ સાધકને બહિરંગ સાધક કહ્યું. સમજ્યા? અણાત્મા કહ્યો, વ્યવહાર કહ્યો, એને બંધનું કારણ કહ્યું, એને જ મોક્ષનું સાધક વ્યવહારનયથી કહેવામાં આવે છે. વાત તે વાત, વીતરાગના તત્ત્વની લોકોને કઠણ પડે. વાદવિવાદ કરે સો અંધા. વાદવિવાદ શું? આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે ત્યાં. '**નિશ્ચયદેવ, નિશ્ચયગુરુ, નિશ્ચયતીર્થ નિજ આત્મા હી હૈ,...**' લ્યો! સાચો દેવ, સાચા ગુરુ, સાચું તીર્થ એ આત્મા છે. નિશ્ચય એટલે સાચું એમ. ઓલો ઉપચારિક વ્યવહાર.

'**વહી સાધને યોગ્ય હૈ,...**' ભગવાન આત્મા એ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી સેવવા લાયક છે. '**સાધને યોગ્ય હૈ, ઔર વ્યવહારદેવ જિનેન્દ્ર...**' લ્યો! '**તથા ઉનકી પ્રતિમા,...**' હવે આમાં લીધું. ઓલામાં પ્રતિમા હતું. '**વ્યવહારગુરુ મહામુનિરાજ, વ્યવહારતીર્થ સિદ્ધક્ષેત્રાદિક યે સબ નિશ્ચયકે સાધક હૈં,...**' નિશ્ચયના નિમિત્તરૂપે સાધક, વ્યવહાર સાધક, વ્યવહાર સાધક કહેવામાં આવે છે. એને ઠેકાણે એ સાધક અને ઓલું સાધ્ય થઈ ગયું, જાવ. '**ઈસલિયે પ્રથમ અવસ્થામેં આરાધને યોગ્ય હૈં.**' એટલે વીતરાગતા ન થાય ત્યારે એ વિકલ્પ હોય એનું નામ પ્રથમ અવસ્થા. વીતરાગતા થાય ત્યારે એ સેવવા લાયક નથી. '**તથા નિશ્ચયનયકર યે સબ પદાર્થ...**' એ બધા પદાર્થ કીધાને પર. '**ઉનસે સાક્ષાત્ સિદ્ધિ નહીં હૈ,...**' સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરંપરાએ. '**ज्ञातव्य**' એટલું છે અહીંયા તો. પરંપરા પછી માથે આવી ગયું. અહીંયા '**निश्चयव्यवहाराभ्यां साध्यसाधकभावेन तीर्थगुरुदेवतास्वरूपं ज्ञातव्यमिति**' બસ એટલું છે. એની વ્યાખ્યા કરી છે એટલું. '**તથા નિશ્ચયનયકર યે સબ પદાર્થ હૈં, ઉનસે સાક્ષાત્ સિદ્ધિ નહીં હૈ, પરમ્પરાસે હૈ.**' એમ. ખુલાસો કર્યો બધાનો. સાક્ષાત્ નહિ. પરંપરાનો અર્થ નિમિત્ત છે એને વ્યવહારથી પરંપરા કહેવામાં આવે છે. કારણ કે એનો અભાવ થઈને પછી વીતરાગતા વિશેષ થશે.

'યહાં **શ્રીપરમાત્મપ્રકાશ અધ્યાત્મગ્રંથમેં નિશ્ચયદેવ ગુરુ તીર્થ અપના આત્મા હી હૈ,...**' ભગવાન પોતાનો આત્મા આ... પણ પહેલેથી ... એ તો વિકલ્પ હોય છે ત્યારે. એમ પ્રથમ એટલે વિકલ્પ હોય ત્યારે ... એમ કહે છે. '**ઉસે આરાધનાકર અનંત સિદ્ધ હુએ...**' આનું આરાધન કરીને અનંતા સિદ્ધ થયા. સમજાણું? '**ઔર હોવેંગે,...**' ભવિષ્યમાં પણ આ જ પ્રકારે અનંતા સિદ્ધ થશે. '**ઐસા સારાંશ હુઆ.**' એ તાત્પર્ય કાઢ્યું એમાંથી. સમજ્યાને? કાઢેને. ... એમાંથી તાત્પર્ય કાઢ્યું. ભાવાર્થ કાઢવો જોઈએને. આ તાત્પર્ય છે. લ્યો! એક ગાથા થઈ, બીજી ગાથા આવશે....

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૭, મંગળવાર, તા. ૩૦-૧૧-૧૯૬૫**
**ગાથા-૯૬, ૯૭, પ્રવચન-૬૪**

પરમાત્મપ્રકાશ-૯૬ ગાથા. '**આગે નિશ્ચયનયકર આત્મસ્વરૂપ હી સમ્યગ્દર્શન હૈ–**' જુઓ આ ગાથા. આત્માનો સ્વભાવ જ, સ્વરૂપ જ સમ્યગ્દર્શન છે. એક સમ્યક્ એ સિવાય બધો વ્યવહાર છે.

९६) अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु।
एक्कु जि जोइय झाइयइ जो तइलोयहँ सारु।।९६।।

'**અન્વયાર્થ :- કેવલ (એક) આત્મા હી સમ્યગ્દર્શન હૈ,...**' જુઓ! ભગવાન આત્મા શુદ્ધ અખંડ આનંદ સ્વરૂપ એનો અંતર અનુભવમાં પ્રતીતિ, એ સમ્યગ્દર્શન આત્માનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુએ અનંત ગુણ શુદ્ધ સ્વરૂપ એના સન્મુખનો સ્વઆશ્રય... સમ્યગ્દર્શન આત્મા કીધું છેને અહીંયાં? આત્મા જે સ્વ વસ્તુ અખંડ પૂર્ણાનંદ એને આશ્રયે પ્રગટેલું સમ્યગ્દર્શન એ આત્મા જ સ્વરૂપે સમ્યગ્દર્શન છે. એને જ નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે અને એ જ સમ્યગ્દર્શન છે એમ. બીજું સમ્યગ્દર્શન નથી. '**દૂસરા સબ વ્યવહાર હૈ,...**' સમજાણું કાંઈ? બીજી રીતે બધાને વ્યવહાર કહેવામાં આવે છે. નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા,

આ સ્વ-પર ભેદ કરવાની શ્રદ્ધા, એમ. ભેદ છેને વિકલ્પ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ બધાને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ તત્ત્વાર્થશ્રદ્ધાન જે કહ્યું એ આ આત્માના સમ્યગ્દર્શનમાં આવી જાય છે. સમજાણું કાંઈ? નિશ્ચય આત્માનું દર્શન એમાં તત્ત્વાર્થશ્રદ્ધાન આવી જાય છે, નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન હોં! સમજાણું કાંઈ? **'ઇસલિયે હે યોગી એક આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...'** શુદ્ધ અનંત આનંદકંદ પ્રભુ એનું જ અંતર્મુખ ધ્યાન કરવા લાયક છે. કરવા લાયક હોય તો આ કરવા લાયક છે. સમજાણું? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ અહીં વિકલ્પાત્મક ગણીને વ્યવહાર કહ્યો. નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા વિકલ્પાત્મક કરીને વ્યવહાર કહ્યો. સમજાણું?

પરની અપેક્ષાથી જુદું પડેલું તત્ત્વ એવી બે અપેક્ષા આવી એટલે એને પણ અહીંયાં અપેક્ષાએ-ભેદની અપેક્ષા ગણીને એને પણ વ્યવહાર કહ્યો. એક આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ એની અંતરમાં, અનુભવમાં, ભાનમાં એના આત્માના અંતર જ્ઞાનમાં જે પ્રતીત (થાય) તે આત્મદર્શન, આત્મ સમ્યગ્દર્શન એક જ છે. સમજાણું કાંઈ? **'યઃ ત્રૈલોક્યસ્ય સારઃ' જો કિ તીન લોકમેં સાર હૈ.'** ત્રણ લોકમાં સાર આત્મા છે. સમજાણું કાંઈ? અન્ય પદાર્થ કે વિકલ્પાત્મક એ કાંઈ સાર નથી. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ વસ્તુ શુદ્ધ ચૈતન્ય એ ત્રિલોકસાર—ત્રણ લોકનો સાર, એના અંતરમાં એના તરફનો આશ્રય કરીને નિર્વિકલ્પ શાંતિ, શ્રદ્ધા આદિ પ્રગટ કરવી એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. સમજાણું કાંઈ? ભાવાર્થ.

આ પ્રશ્ન ચર્ચાણો છે 'મોક્ષમાર્ગપ્રકાશક'માં ૩૨૪ પાને છે બધું. એમ કે કોઈ ઠેકાણે સ્વ-પરના (ભેદ શ્રદ્ધાનને) સમકિત કહ્યું, ક્યાંક આત્માને કહ્યું, ક્યાંક તમે તત્ત્વાર્થ શ્રદ્ધાને કહો છો, ક્યાંક દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને કહ્યું. ભાઈ! ત્યાં તો એમ કહીને એકલું આ હોય તો એ ચારે યથાર્થપણે હોય. યથાર્થ એક હોય તો ચારે એમાં હોય. નહિતર આત્માના અપેક્ષાએ એને નિશ્ચય ગણીને એને સમ્યગ્દર્શન કહ્યું છે, બાકી બીજાને વ્યવહાર કહેવામાં આવ્યો છે.

**ભાવાર્થ :- 'વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ, આત્મતત્ત્વકા...'** એક શબ્દ. આ આત્મતત્ત્વ કેવું છે એની વ્યાખ્યા. આ ભગવાન આત્મા, આ વસ્તુ આત્મા એ વીતરાગ છે આત્મા. એમાં બિલકુલ પુણ્ય-પાપનો રાગ વસ્તુમાં આત્મતત્ત્વમાં નથી. જેને આત્મ પદાર્થ કહીએ, વસ્તુ કહીએ એ વીતરાગ છે, એમાં કોઈ રાગાદિ દોષ વસ્તુ પદાર્થમાં નથી. અને ચિદાનંદ છે. એ જ્ઞાનાનંદ સ્વરૂપ છે આત્મા. જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે. સમજાય છે કાંઈ? એવો અખંડ સ્વભાવ, એક સ્વભાવ એમ કહેવું છે વસ્તુ. પદાર્થ વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ એમ કરી આત્મતત્ત્વ આવું છે એમ વર્ણન કર્યું. સમજાણું કાંઈ?

એક અખંડ એટલે એક વસ્તુ. ખંડ નથી એમાં. નિર્દોષ ભગવાન ચિદાનંદ ગુણસંપન્ન એક

સ્વભાવ એવું આત્મતત્ત્વ, એવો આત્મ પદાર્થ એનું '**સમ્યક્ શ્રદ્ધાન...**' એવો ભગવાન આત્મા એનું સમ્યક્ શ્રદ્ધાન એ નિશ્ચય સમ્યગ્દર્શન-સત્ય દર્શન. સમ્યગ્જ્ઞાન એવો ભગવાન વીતરાગ આત્મા હોં! પોતાનો વીતરાગ સ્વભાવ ચિદાનંદ એક સ્વભાવી પ્રભુ અખંડ છેને, એમાં ખંડ ક્યાં વસ્તુમાં છે, એનું સમ્યગ્જ્ઞાન એને સાચું જ્ઞાન કહેવામાં આવે છે.

એનું '**અનુભવરૂપ...**' એ ચારિત્ર. સમ્યક્ અનુભવ—એ શુદ્ધ વીતરાગ ચિદાનંદ જ્ઞાનાનંદ અખંડ એક સ્વભાવ એનો અનુભવ—અંદરમાં સ્થિરતા, એ સ્વરૂપને અનુસરીને સ્થિરતા, રમણતા કે, '**જો અભેદરત્નત્રય...**' જે અભેદરત્નત્રય છે. આત્મા સાથે જે પર્યાય અભેદ છે, એક છે એવું અભેદરત્નત્રય. એ રત્નત્રય એ પર્યાય છે. પહેલો કીધો એ તત્ત્વ એ આત્મા છે. '**વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ, આત્મતત્ત્વકા...**' એ દ્રવ્ય કીધું. દ્રવ્ય વસ્તુ એની '**આ સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન અનુભવરૂપ જો અભેદરત્નત્રય વહી જિસકા લક્ષણ હૈ,...**' એ પર્યાય છે. સમજાણું કાંઈ?

પરમાત્મપ્રકાશ છેને એટલે આત્મતત્ત્વ એટલે પરમાત્મપ્રકાશ, પરમાત્મા, પરમાત્મા પોતે દ્રવ્ય. એવા પરમાત્માની અંતર્મુખ નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય સ્વરૂપ રમણતા એ અભેદ રત્નત્રય તે પર્યાય જેનું લક્ષણ છે, જેનું એ લક્ષણ છે એવી '**મનોગુપ્તિ આદિ તીન ગુપ્તિરૂપ સમાધિમેં લીન...**' અર્થાત્ તે ક્ષણે વિકલ્પ, મનના સંબંધને છોડીને, વાણી, દેહનું લક્ષ તો છૂટી ગયું પણ મનનો સંબંધ છૂટીને એટલે ત્રિગુપ્તિ થઈ ગઈ. સ્વરૂપ તરફમાં વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવમાં એકરૂપ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રરૂપ પરિણતિ અંદર થવી એ ત્રિગુપ્તિ સહિત છે. એમ મન, વચન ને કાયા ત્રણ ગોપવાઈ ગયા છે. સમજાણું કાંઈ? એવી શાંતિ, એવી જે આત્માની પર્યાયરૂપ શાંતિ, અભેદ રત્નત્રયરૂપ નિર્વિકલ્પ અનાકુળ શાંતિ એમાં જે લીન એ '**નિશ્ચયનયસે...**' એ નિશ્ચયનય એટલે યથાર્થ-સત્ય દૃષ્ટિથી. '**નિજ આત્મા હી નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...**' એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? જુઓ! આ અભેદરત્નત્રય મુનિને છઠ્ઠે ગુણસ્થાને પણ હોય છે. છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે. સમજ્યાને? એ મુનિપણાની મુખ્યતાથી વાત કરી છેને. અને એ સમ્યગ્દર્શનને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન ચોથે નિશ્ચય છે પણ ચારિત્રવાળું નથી એથી એને અભેદ નિશ્ચય સમ્યગ્દર્શન ચોથાનું, છે તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપઆચરણ મોક્ષનો માર્ગ, પણ ઉપચારે મોક્ષમાર્ગ કહ્યો ત્યાં. કેમકે હજી ચારિત્રની સ્થિરતા ભળી નથી એટલી વાત છે. બાકી છે તો એ પણ નિશ્ચય. અહીંયાં ત્રણની વિશેષતા ચારિત્ર સહિતની લઈ (કહે છે કે)... સમજાણું કાંઈ?

'**નિશ્ચયનયસે નિજ આત્મા હી નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...**' ભગવાન આત્મા ચિદાનંદ નિર્દોષ સ્વભાવનો પિંડ પ્રભુ પરમાત્મા વસ્તુ એની અંતરમાં અનુભૂતિ સહિતની પ્રતીત, સમ્યગ્જ્ઞાન

અને સ્થિરતા, અહીં એટલું અસ્તિથી કહ્યું, ઓલી ત્રિગુપ્તિ કીધું. મન, વચન ને કાયાનું વિકલ્પનું ગુપ્તપણું એટલે છૂટી ગયા છે. સમજાણું કાંઈ? અને શાંતિમાં લીન છે. એવી અભેદરત્નત્રયરૂપી પરિણતિ એ શાંતિ છે. સમ્યગ્દર્શન નિશ્ચય શાંતિ છે, સમ્યગ્જ્ઞાન આત્માનું એ શાંતિ છે, ચારિત્રની અનુભવ લીનતા પણ શાંતિ છે. એ શાંતિમાં લીન છે એ '**નિશ્ચયનયસે નિજ આત્મા હી...**' એ રીતે આત્મા જ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- પ્રયોગ થાય ત્યારે...

ઉત્તર :- થાય ત્યારે વળી ક્યારે? ત્યારે ક્યારે? એ પરિણતિપણે પરિણમે ત્યારે સમ્યગ્દર્શન છે, વસ્તુ તો વસ્તુ છે અનાદિથી. સમજાણું કાંઈ? વસ્તુ તો અનાદિની છે, આમ પુણ્ય ને પાપ ને આમ આ વિકલ્પ ને આ મારા એમાં માન્યું એ બધું મિથ્યાદૃષ્ટિપણું છે. સમ્યગ્દર્શનપણું પૂર્ણાનંદ પ્રભુ અંતરમાં સમ્યક્ શ્રદ્ધા, નિશ્ચય સમ્યક્ સ્વના આશ્રયે થયેલી અભેદ શ્રદ્ધા આત્માની, અભેદ જ્ઞાન, અભેદ ચારિત્ર એવું શાંતિરૂપ પરિણમન એવો આત્મા જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં કાંઈ ... જરૂર નથી?

ઉત્તર :- કોઈની કાંઈ જરૂર છે જ નહિ, કોઈની કાંઈ જરૂર જ નથી. અમારે કોઈ કામ નથી, આમાં આવે છેને, પ્રવચનસારમાં આવે છે. અન્ય કંઈ કાર્ય નથી. નથી? કંઈ કાર્ય છે જ નહિ, અમારે આ જ (કામ છે). અન્ય કંઈ કાર્ય નથી એમ ક્યાંક આવે છે. ૨૦૦માં આવે છે. '**હું આ મોક્ષ અધિકારી જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક** (અને) **મમત્વના ત્યાગરૂપ નિમમત્વના ગ્રહણરૂપ વિધિ વડે સર્વ ઉદ્યમથી શુદ્ધાત્મામાં પ્રવર્તું છું, શુદ્ધાત્મામાં પ્રવર્તું છું. કારણ કે, અન્ય કૃત્યનો અભાવ છે અર્થાત્ બીજું કાંઈ કરવા યોગ્ય નથી.**' સમજાણું કાંઈ? લ્યો! ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદમૂર્તિ પરમાનંદનો નાથ પરમાત્મા, પોતે પરમાત્મા હોં! વસ્તુ પરમાત્મા. એનો એકાકાર અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક જ કરવા લાયક છે. કારણ કે, અન્ય કૃત્યનો અભાવ છે એમ કહે છે. જુઓ! સંસ્કૃત છે એ. બીજું કાર્ય કરવા જેવું છે નહિ. આ પરનું કે દિ' કરવું એમાં? પરનું તો કરી શકતો નથી, ત્રણ કાળમાં એક રજકણનું ફેરવી શકતો નથી. જડની પર્યાય આત્મા ત્રણ કાળમાં કરી શકે નહિ. અહીં તો પુણ્ય-પાપના વિકલ્પનું કર્તૃત્વ નહિ અને વ્યવહાર સમ્યગ્દર્શન આદિનું પણ કર્તૃત્વ નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

આત્મા એને સમ્યગ્દર્શન કહીએ, લોકો માને છે એ બધું નહિ. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે કહ્યો જે આ આત્મા, આ આત્મા એટલે કે નિર્દોષસ્વરૂપ ભગવાન ચિદાનંદની મૂર્તિ આત્મા છે. એકલો જ્ઞાન અને આનંદ જ જેમાં પરિપૂર્ણ ભર્યું છે અને તે

એકરૂપ વસ્તુ ભગવાન આત્મા છે. એવો ભગવાન તીર્થંકરે આ આત્માને જોયો છે. બધા આત્માને એવા જોયા છે. એ ભગવાન એમ કહે છે કે એવો જે આત્મા તારો પૂર્ણ વીતરાગસ્વરૂપ છે વસ્તુ, વસ્તુ વર્તમાન વસ્તુ વીતરાગસ્વરૂપ છે. પર્યાયમાં પછી. વસ્તુમાં કે દિ' દોષ અંદર હતા? એ અખંડાનંદ પ્રભુ આત્મા પૂર્ણ નિર્દોષ આનંદકંદ પ્રભુ એની અંતર્મુખમાં અનુભવમાં એનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ અભેદરત્નત્રય એમાં પરિણમેલો આત્મા નિશ્ચય સમ્યગ્દર્શન છે એમ કહેવું છે. આહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેવળજ્ઞાન થયા પહેલા આ?

ઉત્તર :- આ કેવળજ્ઞાનની ક્યાં વાત છે? અહીં તો છઠ્ઠા ગુણસ્થાન, ચોથાની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું સમાઈ ગયું. આ તો સમ્યક્ ચોથા ગુણસ્થાન શ્રાવક થવા પહેલા. આ વાડાના શ્રાવકની વાત નથી. એ શ્રાવક કે દિ' હતા?

આ આત્મા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે વીતરાગ ચિદાનંદ અખંડ એક સ્વભાવ આ વસ્તુ જોઈ છે. એ અહીં પરમાત્મા પોતે જ પરમાત્મા છે, વસ્તુએ, શક્તિએ, સત્ત્વે, તત્ત્વે, દ્રવ્યે. એવો જે આત્મા પરિપૂર્ણ ભગવાન એના સન્મુખ દેહ, વાણી, મન, ક્રિયા નહિ, દયા, દાન, વિકલ્પ નહિ, વ્યવહાર નવ તત્ત્વની વ્યવહારના શ્રદ્ધાના વિકલ્પ નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ નહિ, એ બધો પુણ્ય છે, એના રહિત અંદર સ્વરૂપ તરફમાં, અંતર સ્વરૂપ અનુભવીને સ્થિરતામાં, જ્ઞાનમાં જે નિશ્ચય આ આત્મા અનુભવ તે આત્મા છે એમ શ્રદ્ધા થવી, એને નિશ્ચય સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન, સાચો મોક્ષનો માર્ગ એને કહે છે. આહા..હા..! સાંભળ્યું ન હોય કોઈ દિ' કેટલાકે તો. શું હશે આ? ભગવાનભાઈ! વાડામાં કેટલા વર્ષ ગાળ્યા હોય. મનસુખભાઈ! અનંતા ભવ ... આ ભવમાં તો હવે બધા ઘણાય... હાલ્યું છેને બધું. આહા..! કહે છે, આત્મા... સમજાણું કાંઈ?

આ આત્મા, જુઓ! સર્વજ્ઞ પરમાત્મા ભગવાન કહે છે એ પ્રમાણે આ સંતો કહે છે. આ વસ્તુ આત્મા એટલે વસ્તુ એટલે કે જ્ઞાનાનંદ એટલે કે નિર્દોષ જ્ઞાનાનંદ એવી એકરૂપ આત્માની વસ્તુ છે એનો અંતર્મુખમાં અનુભવ થઈને એ આનંદકંદ છે એવો અનુભવ થવો, એમાં એનું જ્ઞાન થવું, એમાં લીનતા થવી એવી અભેદ રત્નત્રયરૂપ પરિણતિએ પરિણમેલો આત્મા એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પ્રેમકરણજી! સુના હૈ કભી? ધંધા આદિમાં ક્યાં નવરાશ મળે છે? આ વીતરાગ એમ કહતે હૈં. બહારસે એકલા ક્રિયાકાંડ કરના ને જાત્રા ને પૂજા ને વ્રત ને નિયમ ને એ બધા વિકલ્પ રાગ, એ સમ્યગ્દર્શન નહિ, એ ધર્મ નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ઈ બરાબર છે, પણ ઈ કરતા કરતા થાયને?

ઉત્તર :- ધૂળમાં કરતાં કરતાં થાય? રાગ કરતાં કરતાં થાતા હશે? સમજાણું કાંઈ? અહીં તો પુણ્ય-પાપના વિકલ્પથી પાર જઈ, સમજાય છે? ઊંડે... ઊંડે... ઊંડે... કાલ એક વિચાર નહોતો કીધો ઓલો? ચિરોડી ઊંડે ઊંડે પાકે છેને સારી? એમાં એ વિચાર આવ્યો હતો. આ કુંડલામાં નહિ ચિરોડી? બહુ ઊંચી. બહુ ઊંડે જાય અને ઊંચી પાકે છે. ચિરોડી સમજો છો? ચિરોડી પત્થર હોય છે, ધોળો પત્થર ચિરોડીનો. ... અહીં કુંડલામાં નીકળે છે. બહુ ઊંડુ. આનો દીકરો કાઢે છેને, ઊંડુ ઊંડું કરીને. જેમ ઊંડા ઊંડા જાય એમ ઊંચી ઊંચી નીકળે. અમે જોઈ છે, અમે ગયા હતાને ત્યાં. ઊંચી નીકળે. ધોળા. પછી એનો લોટ કરીને લશ્કરના પોલિસોને ખવડાવે. બહુ ઊંચા કસવાળી ચિરોડી. ધોળા ગોરા પત્થર. માખણ જેવા કટકા અમને બતાવ્યા હતા ત્યાં અમે ગયા ત્યારે. હવે કહે છે, ઊંડે ગયા છે તો વધારે નીકળે છે. એમ અહીં ઊંડે જાય...

ઉત્તર :- ...

ઉત્તર :- રૂપિયા તો ધૂળ હવે એ તો નસીબમાં હોય એમ આવે. કહો, સમજાણું કાંઈ? આવે એમાં આત્માને શું? ધૂળ આવે પાંચ, પચ્ચીસ લાખ એમાં આત્માને શું? શાહુકાર કહેવાય જગતમાં સોજાનો. મરી જવા માટે છે. અમે પૈસાવાળા ને અમે આ ધૂળવાળા. તું પૈસાવાળો છો? અહીં તો કહે છે કે, તું આનંદ, જ્ઞાનવાળો છો. લ્યો! અહીં શું કીધું? કીધું કે નહિ? વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવવાળો છો, એમ કીધું અહીં તો. એક ભગવાન આત્મા આહા..! એને કોઈ દિ' ખબર (નથી) વસ્તુની (કે વસ્તુ) શું છે. એને શરીરવાળો ને પૈસાવાળો (માની લીધો છે). મનસુખભાઈ! શું હશે આ?

મુમુક્ષુ :- ઊંડે જાવાની વાત કરે છે, ઊંડે કેમ જાવું?

ઉત્તર :- આ ઊંડું આ. આ શરીર, વાણીનું લક્ષ છોડી દે, પુણ્ય-પાપનું લક્ષ છોડી દે. અને એક સમયની અવસ્થાનું લક્ષ છોડી દે એનું નામ ઊંડે જાવું એમ કહેવું છે અહીં. ઓલો દાખલો રાતે આપ્યો હતોને? એ ઉપરથી વિચાર આવ્યો હતો. ઊંડું ઊંડું નીકળે એમ ઊંચા પથરા સારા નીકળે છે. અહીં ઊંડો જાય તો રત્ન નીકળે આખું. ભગવાન આત્મા જેના તળમાં... તળમાં... તળમાં... અંદર તળમાં ભગવાનના સ્વભાવ પરમાત્માના તળમાં અંદરમાં આ આત્મામાં અતીન્દ્રિય આનંદના ચોસલા પડ્યા છે. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય જ્ઞાન છે, અતીન્દ્રિય આનંદ છે, અતીન્દ્રિય શાંતિ છે, અતીન્દ્રિય પ્રભુતાથી ભરેલો આ ભગવાન આત્મા છે. ક્યાં એને ખબર છે આત્મા કોને કહેવો. અહીં કીધું નહિ?

વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ તે આત્મા. એવો ભગવાન આત્મા એના ઊંડાણમાં એટલે

કે શરીર, વાણી, મન નહિ, ઉપર તરે ઈ નહિ, વિકલ્પ ઉઠે પાપના એ નહિ, પુણ્યના વિકલ્પ ઉઠે એ નહિ, એક સમયની અવસ્થા વર્તમાન દેખાય એ પણ નહિ. એક સમયનો અખંડ વીતરાગ ચિદાનંદસ્વરૂપ દ્રવ્ય એની અંદરમાં દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ભગવાન કહે છે, એનું જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાન કહે છે અને એમાં રમણતા થવી તેને સમ્યક્ ચારિત્ર કહે છે. બાકી બધા થોથા છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એની ખબર ન હોય તો ઊંડે ક્યાં જાય?

ઉત્તર :- જેને હિત કરવું હોય એણે કરવું. રખડવું હોય એણે શું કરવું, એ તો કરી રહ્યો છે. એને શું શીખવવું? સમજાણું કાંઈ?

'**અન્ય સબ વ્યવહાર હૈ.**' દેખો! સમજાણું? '**निश्चयनयेन स्वात्मैव सम्यक्त्वं**' છેને? '**अभेदरत्नत्रयलक्षणनिर्विकल्पत्रिगुप्तिसमाधिपरिणतो निश्चयनयेन स्वात्मैव सम्यक्त्वं अन्य सर्वोऽपि व्यवहारस्तेन कारणेन स एव ध्यातव्य**' આત્મા જ ધ્યાન કરવા લાયક છે. સમજાય છે કાંઈ? ધ્યાન એટલે ધ્યેય. ધ્યેયમાં લઈને એકાગ્ર થવું એનું નામ ધ્યાન. જે વસ્તુ છે, નિર્દોષ જ્ઞાનાનંદથી ભરેલો ભગવાન આત્મા એને લક્ષમાં લેવો એટલે ધ્યેયમાં લઈને સ્થિર થવું એનું નામ ધ્યાન. સમજાણું કાંઈ? જેમ આમ કોઈ લક્ષમાં લઈને ન્યાં ઠરે છે કે નહિ? સ્થિર થાય એમ. આ અંતર વસ્તુ ભગવાન, શુદ્ધ જ્ઞાનાનંદ ભગવાન આત્મા પૂર્ણ વસ્તુ આનંદથી ભરેલો આત્મા છે આમ. સમજાય છે? એનો અંતરમાં અંતર્મુખમાં, બહિર્મુખથી ખસી અંતર્મુખમાં અંતર-આત્મરૂપે પરિણમી અને જે અભેદ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એવો એ આત્મા નિશ્ચય સમ્યગ્દર્શન છે. આ ત્રણ ભેગા લીધા છેને એટલે જરી... એમ કે ત્રણમાં પરિણમે તો નિશ્ચય સમ્યક્ થાય. એમ કહેને લોકો. એમ લોકો લ્યે એમાંથી. અહીં તો ત્રણને અભેદ ગણીને સ્વઆશ્રયવાળું સમ્યગ્દર્શન નિશ્ચય તેને કહેવામાં આવે છે. '**અન્ય સબ વ્યવહાર હૈ.**' એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ તે પણ વ્યવહાર પુણ્યબંધનું કારણ, એ સમ્યગ્દર્શન નહિ. નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા પણ સમ્યગ્દર્શન નહિ. નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા પણ મિથ્યાત્વ છે. એકલો ભેદનો અનુભવ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**ઈસ કારણ આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ.**' લ્યો! આ કારણે આત્મા જ ભગવાન ત્રણ લોકનો સાર (ધ્યાન કરવા યોગ્ય છે). પરમાત્મા વીતરાગ થયા એ તો એના પરમાત્મા છે. એનું ધ્યાન કરવા જાય તો વિકલ્પ થાય છે. સમજાણું કાંઈ? રાગ થાય છે. આ આત્મા જ્ઞાયકમૂર્તિ એનું ધ્યાન કરવા લાયક છે. '**જૈસે દાખ,...**' દાખલો આપે છે. ત્રણ ભેગું નાખવું છેને. '**દાખ, કપૂર, ચન્દન ઈત્યાદિ બહુ દ્રવ્યોંસે બનાયા ગયા જો પીનેકા રસ...**' પીવાનો રસ, પીણું પીણું નથી કરતા ઉનાળામાં? શું કહેવાય? દૂધીયું. પીનેકા કરતે હૈં ન?

દૂધીયું. બદામ, પિસ્તા ને કપૂર ને દ્રાક્ષ અને ચન્દન. '**બહુત દ્રવ્યોંસે બનાયા ગયા...**' ઘણા દ્રવ્ય, ઘણી વસ્તુ (નાખીને બનાવેલું) પીવાનું પીણું. '**યદ્યપિ અનેક રસરૂપ હૈ,...**' એ અનેક રસ છે. દૂધીયુ ઉનાળામાં કરે છેને ઊંચું. '**તો ભી અભેદનયકર એક પાનવસ્તુ કહી જાતી હૈ,...**' પીણું કહેવામાં આવે. દૂધીયું કહેવાય છેને, દૂધીયું. તમારે ક્યા કહતે હૈં? ઠંડાઈ, ઠંડાઈ કહતે હૈં. લ્યો! અહીં દૂધીયું (કહે છે). ઈ શું કીધું? (દૂધ કોલ્ડ ડ્રિંક). ઘણી મીઠી ચીજો અંદર ઠંડી ચીજ નાખી એક પીણું બનાવે. છે એમાં અનેક ચીજ, છતાં પીણું એને એક તરીકે કહેવાય છે. સમજાણું?

'**ઉસી તરહ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાદિ...**' ભગવાન આત્મા શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન. દેખો! શુદ્ધ આત્મા પવિત્ર ભગવાન પોતાનો એનો અનુભવ, એ રૂપ નિશ્ચય સમ્યગદર્શન. સમજાણું કાંઈ? છેને? '**शुद्धात्मानुभूतिलक्षणैर्निश्चयसम्यग्दर्शन**' એનું જ્ઞાન, એનું ચારિત્ર. '**અનેક ભાવોંસે પરિણત હુઆ...**' અનેક ભાવ થયાને? દર્શન, જ્ઞાન, ચારિત્ર અનેક પર્યાયરૂપે પરિણમ્યો. જેમ દૂધીયામાં અનેક ચીજો હતી છતાં પીણું એક કહેવામાં આવે છે. સમજાણું? '**આત્મા અનેકરૂપ હૈ,...**' એ રીતે આત્મા વસ્તુએ અખંડ એક સ્વરૂપે હોવા છતાં એના પરિણમનમાં, પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અનેક પર્યાયરૂપ તેનું પરિણમન છે. પરિણમન નામ પર્યાયમાં ત્રણ ભેદો છે. સમજાય છે? '**તો ભી અભેદનયકી વિવક્ષાસે આત્મા એક હી વસ્તુ હૈ.**' એ ત્રણના પરિણમનરૂપી આત્મા તો એક જ છે, એના ત્રણ પ્રકાર નથી. જેમ ઓલું પીણું એક છે, ભલે એમાં અનેક વસ્તુ હોય. સમજાણું કાંઈ? શું કહે છે આ? વાત સાંભળી નહિ કોઈ દિ' હોય કેટલાકે તો. અગમનિગમની મૂળની વાત છે. બધા થોથા કર્યા છે અત્યાર સુધી. મજૂરી કરી કરીને મરી ગયા છે મફતના એમ કહે છે. જેચંદભાઈ! આ મજૂરી કરી અત્યાર સુધી. મોટા મજૂર છો બધા. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, વિકલ્પ ને વિકલ્પ આખો દિ' કર્યું શું? મજૂરી કરી. રતિભાઈ! શું હશે દુકાને? મજૂરી કરી છે. એ કાગળ-બાગળની નહિ હોં! એ જડની નથી. ભગવાન ના પાડે છે. પરનું તો આત્મા કરી શકતો નથી. આ રાગ કર્યો ને આ લીધું ને આ લીધું ને આ મૂક્યું એ રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ મજૂરી વિકારની છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ પોતે પોતે મજૂરી કરે છેને કો'ક માટે મફતનો. આ બાયડી માટે કરું ને છોકરા માટે કરું ને આબરૂ માટે કરું લ્યોને. અહીં તો બીજી વાત છે કહે છે, વ્યવહાર દેવ, ગુરુની શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ પણ આત્મા નહિ અને એને ધર્મ નહિ ને એને સમ્યગ્દર્શન કહેતા નથી. એમ અહીં તો કહેવું છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? વજુભાઈ! બરાબર

છે કહે છે. આહા..હા..!

'अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु' જોર તો દર્શન ઉપર આવ્યું છે પણ દર્શનની સાથે પછી વ્યાખ્યા... સમજ્યાને? જ્ઞાન, ચારિત્ર લીધું છે. આહા..હા..! એ તો વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ પરમાત્મામાં અંદર દૃષ્ટિ મૂકતા જે નિર્વિકલ્પ શ્રદ્ધા થાય એનું નામ સમ્યક્ નિશ્ચયસમ્યગ્દર્શન અથવા સાચું સમ્યગ્દર્શન છે. એની સાથે જ્ઞાન પણ છે અને એની સાથે સ્વરૂપ આચરણ થોડું (છે). અહીં ભલે વધારે લીધું. સમજાય છે? એ દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિરૂપ ત્રણ પ્રકાર પર્યાયમાં હોવા છતાં એને આત્માના પરિણામ તરીકે આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, મનસુખભાઈ! સમજાય છે આમાં?

ઓલા ગયા તમારે જાત્રા માટે. સવારે મળ્યા હતા. મોટર ઊભી હતી. મનસુખભાઈ આવ્યા કે શું એમ થઈ ગયું. ત્યારે ઓલા કહે, અમે જઈએ છીએ જાત્રાએ. સમજાણું આમાં કાંઈ? આ જાત્રા, આ આત્માની જાત્રા છે એમ કહે છે. બાકી પરની ભગવાન આદિની જાત્રા શુભભાવ, શુભભાવ હોય, પુણ્યબંધ પાપથી બચવા માટે. આ જાત્રા ભગવાન અખંડાનંદનો નાથ, અનંત ગુણનો નાથ એના ઉપર ક્રમે ક્રમે ચડવું, અંદર રમવું... જમુભાઈ! એને ભગવાન આત્મા કહે છે. આહા..હા..! પણ અરૂપી અને અરૂપીમાં પણ અપાર રત્ન ભરેલા, અપાર અપાર અપાર. કહે છેને, હમણાં રત્નના થર નીકળ્યા છે રત્નના થર. એમ થર. એ તો ઘસવા પડે અને ટૂકડા હોય. આ તો એકસાથે ભગવાન અનંત ગુણનો (પિંડ છે). ચિદાનંદ-જ્ઞાન અને આનંદને મુખ્ય ગણ્યા છે, બાકી અનંતા ગુણો ભેગા છે. કારણ કે, જ્ઞાન ને આનંદ, જ્ઞાન અસાધારણ સ્વભાવ, આનંદ સુખરૂપ દશા, સુખરૂપ સ્વરૂપ. એટલે જ્ઞાનાનંદથી ભરેલો ભગવાન આત્મા. છલોછલ આત્મદ્રવ્યમાં પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ અતીન્દ્રિય આનંદ ભર્યા છે. કોઈ દિ' ખબર ન મળે. ગોતવા જાય છે ક્યાંક ધૂળમાં.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ભાન ક્યાં કરે છે પણ. ન્યાં ઓલો પ્રકાશ રળે તો ઠીક પડે હજી એમ પડ્યું છે ત્યાં અંદર, શલ્ય અંદર પડ્યું છે. સમજાણું? એ તમારો છોકરો જ કહેતો હતો હોં! મારા બાપને આ એક શલ્ય પડ્યું છે હજી. નાનો કહેતો હતો. પ્રકાશ ક્યાંક સરખે ચડી જાય તો પછી ઠીક પડે. હવે અહીં પડ્યા છો તમારે રોટલા છે અહીં. તમારે શું વાંધો છે? એમ કહેતો હતા અમને હોં! એને પણ કહેતો હોય. કોણ ચડે? કોના દીકરા, કોની વહુ, કોની બાયડી? જગતના પદાર્થ અનેરા. અહીં તો કહે છે કે, એ વ્યવહાર પણ કરવા જેવો (નથી), અન્ય કાર્ય મારે કરવા જેવું છે નહિ એમ કીધું, ન આવ્યું પ્રવચનસારમાં? ૨૦૦ ગાથા. આહા..!

ભગવાન આત્મા અરે..! ભૂલેલો ભગવાન પોતે પોતાને ભૂલ્યો અનાદિથી. એવા અંતર

સ્વરૂપમાં, અંતરમાં ઓળખાણ કરીને પછી અંતર ધ્યેય કરીને દૃષ્ટિ કરવી, એને ધ્યેય બનાવીને એનું જ્ઞાન કરવું, એને ધ્યેય બનાવીને ઠરવું, બસ! એ જ નિશ્ચય મોક્ષમાર્ગ એ જ કરવા જેવું છે અને એ જ સાચું છે, બાકી બધું સાચું નથી. સમજાણું કાંઈ? કેમ ડોસા નથી આવ્યા? શું થયું? કંઈ છે? દુઃખાવો છે? ઠીક. રૂપિયામાં તમારા ડોસા યાદ આવ્યા. તમારા છોકરાના ઓલા ભત્રીજાને રૂપિયા બે કરોડ. એનો બાપ યાદ આવ્યો. ધૂળમાં પણ નથી ન્યાં બે કરોડમાં, દસ કરોડમાં. હોળી છે ન્યાં ધૂળના ઢગલા છે. ચૈતન્યરત્ન તો અહીં છે આત્મા. કોઈ દિ' કિંમત કરી નહિ. ત્યાગી નામ ધરાવ્યા, વ્રતધારી થયા, મુંડાવ્યા પણ કહે છે ભગવાન આત્મા કોણ છે એને વીતરાગ પરમેશ્વર કહે છે કે, તેં કોઈ દિ' ઓળખ્યો નથી. ઓળખ્યા વિના તારા બધા ધૂળ ને ધાણી છે. ચાર ગતિમાં રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ?

'**તો ભી અભેદનયકી વિવક્ષાસે આત્મા એક હી વસ્તુ હૈ. યહી અભેદરત્નત્રયકા સ્વરૂપ જૈન સિદ્ધાન્તોંમેં હરેક જગહ કહા હૈ...**' લ્યો! એનું સ્વરૂપ હવે આ .. ગાથા અહીં છેને આ? '**अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु**' એટલે પુરુષાર્થસિદ્ધિનો દાખલો આપ્યો. ૨૧૬ ગાથા છે. પુરુષાર્થસિદ્ધિની ૨૧૬ ગાથા. જુઓ! દર્શન છેને? '**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः। स्थितिरात्मन चारित्रं कुत एतेभ्यो भवति बन्धः।।**' અંદર શ્લોક છે. '**આત્માકા નિશ્ચય વહ સમ્યગ્દર્શન હૈ,...**' લ્યો જુઓ આ નિશ્ચય. આત્મા જ અખંડ આનંદરૂપી એનું અનુભવવું જ્ઞાન થઈને અંદર પ્રતીત થવી એ જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. જુઓ, આ ગાથાના આધારે આ પુરુષાર્થસિદ્ધિનું આપ્યું. સમજાણું કાંઈ?

આત્મા જ સમ્યગ્દર્શન છે. એટલે આત્માનો નિશ્ચય એ સમ્યગ્દર્શન છે. આત્માનો નિર્ણય જ. નિર્ણય એટલે? આ અખંડ જ્ઞાયકમૂર્તિ આનંદકંદ વીતરાગ સ્વરૂપે પરમાત્મા હું છું. એવી અંતરમાં નિર્વિકલ્પ પ્રતીત થવી એ આત્મા જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ આત્માનો નિર્ણય, નિર્ણય. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ સાચું સમ્યગ્દર્શન એ, એ મોક્ષનો માર્ગ, એ સમ્યગ્દર્શનને રત્ન કહેવામાં આવે છે. એ નિશ્ચય સમ્યગ્દર્શન રત્ન. એ રત્ન પાક્યું. એ રત્નથી એને મોક્ષ મળશે. સમજાણું કાંઈ? બાકી બધા ધૂળધાણી છે.

'**આત્માકા જાનના વહ સમ્યગ્જ્ઞાન હૈ,...**' દેખો! ભગવાન આત્મા એનું અંતરમાં સ્વસંવેદન થવું, જ્ઞાનાનંદનું વેદન થવું જ્ઞાનમાં, એ જ્ઞાન જ આત્માનું જ્ઞાન તે જ જ્ઞાન છે, બાકી બીજાને જ્ઞાન કહેતા નથી. કહો, ભીખાભાઈ! શું હશે? આ બધી હોશિયારી, હોશિયારીનું જ્ઞાન ક્યાં ગયું હશે? આ સંસારના ડાહ્યા ને દુનિયાના કહે છેને? બહુ હોશિયાર. મીંડા મોટા છે કહે છે. અહીં તો શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન કહેતા નથી. એ તો પર તરફનું જ્ઞાન છે. એ ક્યાં જ્ઞાન હતું?

સમજાણું કાંઈ? આહા..! ભગવાન જ્ઞાનનો પિંડલો પ્રભુ જ્ઞાયકસૂર્ય એમાંથી કિરણ ફાટ્યું જ્ઞાનનું સમ્યક્ એ આત્માનું જ્ઞાન, એનું જ્ઞાન, એને ધ્યેય કરીને પ્રગટ્યું જ્ઞાન તે આત્મજ્ઞાન તેને જ્ઞાન કહીએ. એને ભગવાન જ્ઞાન કહે છે, બાકી બીજાને જ્ઞાન કહેતા નથી. એ આત્માનું જ્ઞાન એ રત્ન છે. એ સમ્યગ્જ્ઞાન રત્ન, સમ્યગ્જ્ઞાન રત્ન. આહા..હા..!

સમ્યગ્દર્શન રત્ન અને આત્માનું જ્ઞાન અંતરનો અનુભવ એ આત્મજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન રત્ન, એ રત્નના મોલમાં મળે મુક્તિ. સમજાય છે કાંઈ? એનાથી મોલ ભરે એને મળે મુક્તિના સિદ્ધપદ, સિદ્ધપદ મળે એનાથી. આહા..હા..! આત્માનું જાણવું, જુઓ આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય. જે શ્રાવકાચાર, ચરણાનુયોગનો ગ્રંથ કહેવાય. વસ્તુ તો પણ વસ્તુ હોય કે બીજી વસ્તુ ક્યાંથી આવે? ઓલા કહે, શ્રાવકાચાર વાંચતા નથી, ચરણાનુયોગ વાંચતા નથી. છોટાભાઈ! આ પુરુષાર્થસિદ્ધિ ઉપાયનો દાખલો આપ્યો. આ સહિત હોય તો પછી વ્રતાદિના વિકલ્પ પાંચમે ગુણસ્થાન આદિએ હોય તો વ્યવહાર વ્રત કહેવામાં આવે. પણ આ વિના વ્રત કેવા ને તપ કેવા? બાળ વ્રત અને બાળ તપ છે મૂર્ખાઈ ભરેલા. સમજાણું કાંઈ?

'**और आत्मामें निश्चल होना वह सम्यक्चारित्र है,...**' કહો, સમજાણું કાંઈ? આત્મા જે પહેલો વર્ણવ્યો તદ્દન નિર્દોષ, આનંદ, જ્ઞાનાનંદનો પિંડ આત્મ ભગવાન એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન ને એમાં રમવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. કહો, સમજાણું કાંઈ? લુગડા-લત્તા ફેરવ્યા, નગ્ન થયા એ ચારિત્ર નહિ. આ પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે અહિંસા, સત્યનો એ ચારિત્ર નહિ. આહા..હા..! હવે એને ચારિત્ર ઠરાવવું છે, ગજબ કરે છેને! સમજાણું કાંઈ? એ પરાશ્રય ભાવ છે, આ સ્વાશ્રય ભાવ છે. સ્વાશ્રય નિશ્ચય, પરાશ્રય વ્યવહાર. મુનિને ભાવસંતને પંચ મહાવ્રતના વિકલ્પ હો, પણ એ ચારિત્ર નહિ, પરાશ્રય વિકલ્પ છે, એ અચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મામાં નિશ્ચલ થવું. એ જ્ઞાનાનંદ ભગવાન આત્મા એમાં સ્થિર (થવું). સ્વરૂપનું દર્શન, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપમાં લીનતા. સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપની લીનતા એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રત્ન, ત્રણ રત્ન કહેવામાં આવે છે. આહા..હા..! એ રત્નની શું કિંમત? અમૂલ્ય, અમૂલ્ય. કહો, અમૂલખભાઈ! અમૂલ્ય! આહા..હા..! '**यह निश्चयरत्नत्रय साक्षात् मोक्षका कारण है,...**' સમજાણું? એ પોતે નાખ્યું છે. '**स्थितिरात्मन चारित्रं**'. અહીં તો '**कुत एतेभ्यो भवति बन्धः।।**' એમ. આનાથી બંધ કેમ થાય? બંધ જેટલો થાય એ તો બીજો વિકલ્પ આદિ પંચ મહાવ્રતના પરિણામ આદિ હોય વ્યવહાર શ્રદ્ધા એનાથી બંધ થાય. આ નિશ્ચય સ્વઆશ્રય ભગવાન આત્મા એનું અંતર દર્શન, જ્ઞાન ને ચારિત્ર એનાથી બંધ કેમ (થાય)? એનાથી તો મુક્તિ થાય એમ કહે છે. એનાથી બંધ ન થાય, પણ આનાથી મુક્તિ

થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

પુરુષાર્થસિદ્ધિ ઉપાય—પુરુષાર્થ પોતાના વીર્યનો ઉપાય આ ભગવાનઆત્મામાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી એ પુરુષાર્થસિદ્ધિ છે. સમજાણું કાંઈ? અહીંયાં ચારિત્ર સહિતની અપેક્ષાએ વાત લીધી છે, પણ સમ્યક્ નિશ્ચયદર્શન ને સમ્યક્જ્ઞાન તો ચોથેથી નિશ્ચય હોય છે. અને સ્વરૂપ આચરણ પણ નિશ્ચય અંશે ચોથેથી હોય છે. પણ વિશેષ ચારિત્ર મોક્ષનું કારણ છેને સાક્ષાત્, વીતરાગ પર્યાય ચારિત્ર એટલે ચારિત્ર સહિત જે દર્શન જ્ઞાન છે એને અહીંયા અભેદ રત્નત્રય કહીને તે મુક્તિનું કારણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**ઈનસે બંધ કૈસે હો સકતા હૈ? કભી નહીં હો સકતા.**' લ્યો! એક શ્લોક થયો.

'**આગે ઐસા કહતે હૈં, કિ નિર્મલ આત્માકો હી ધ્યાવો, જિસકે ધ્યાન કરનેસે અંતર્મુહૂર્તમેં (તાત્કાલ) મોક્ષપદકી પ્રાપ્તિ હો—**' લ્યો! પંચમ આરામાં આવી વાત? સાંભળને હવે. એ કહેશે. જેઓ સાક્ષાત્ શુક્લધ્યાનનો ભાવ છે એવો અત્યારે નથી પણ ધર્મધ્યાન મોક્ષનું કારણ એવો મોક્ષમાર્ગ અત્યારે છે. સમજાણું?

૯૭) अप्पा झायहि णिम्मलउ किं बहुएँ अण्णेण।
जो झायंतहँ परम-पउ लब्भइ एक्क-खणेण।।९७।।

'**અન્વયાર્થ :- હે યોગી! તૂ નિર્મલ આત્માકા હી ધ્યાન કર,...**' લ્યો! હે યોગી! સ્વરૂપમાં જોડાણ કરનાર યોગી! એ સમ્યગ્દૃષ્ટિથી યોગી છે. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર ફરમાવે છે એમ સંતો ફરમાવે છે. હે યોગી! નિર્મળ ભગવાન... કહ્યું હતુંને માથે? વીતરાગ ચિદાનંદ એકસ્વભાવી નિર્મળ ભગવાન આત્મા. નિર્મળાનંદનો નાથ પ્રભુ પૂર્ણ આનંદકંદ એવો આત્મા (ઉસકા) '**હી ધ્યાન કર,...**' એને લક્ષમાં લે, એને લક્ષમાં લે, એને લક્ષમાં લઈને ઠરવું એનું નામ ધ્યાન કહેવાય છે. સમજાણું કાંઈ? આ બીજી ચીજને લક્ષમાં લઈને ઠરે છે એ ધ્યાન છે આર્ત અને રૌદ્રધ્યાન. આ રળવામાં, વિષયમાં, ભોગમાં, કીર્તિમાં એ છે કે નહિ? ધ્યાન નથી? એ આર્ત, રૌદ્રધ્યાન છે, એ પાપધ્યાન છે. આમ લક્ષ કરીને એકાકાર (થઈ જાય). રળવામાં રોકાઈ જાય, ખાવામાં, વિષયમાં, ભોગમાં એકાકાર થાય એ બધું પાપધ્યાન છે. એક લક્ષ કરીને ઠરી જવું એનું નામ ધ્યાન. એમ ભગવાન આત્માને લક્ષમાં કરીને ઠરવું એનું નામ ધ્યાન, ધર્મધ્યાન. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મધ્યાન જેટલું છે એમાં વિકલ્પ છે જ નહિ, એને ધર્મધ્યાન કહીએ. વિકલ્પ ઉઠે એને વ્યવહાર ધર્મધ્યાન (કહેવાય), એ બંધનું કારણ. ધર્મ એવો આત્માનો સ્વભાવ પૂર્ણ, એનું ધ્યાન એટલે એકાગ્રતા એ નિર્મળ પર્યાય એને ધર્મધ્યાન કહીએ. કીધુંને પહેલું? ધર્મ એવો

વીતરાગ સ્વભાવ આત્માનો સ્વભાવ. વીતરાગ નિર્દોષ આનંદકંદ અનંત ગુણનો પિંડ સ્વભાવ એનું ધ્યાન એટલે એને લક્ષમાં લઈને એકાગ્ર થવું એનું નામ નિર્વિકલ્પ શાંતિરૂપી શ્રદ્ધા, જ્ઞાનની પરિણતિરૂપ ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહા..હા..!

ધર્મધ્યાનના કાઉસગ્ગમાં નહોતું આવતું? આવતું હતું કે નહિ? એક વીતરાગની આજ્ઞા વિના આવું બધું કર્યું. નહિ? ધર્મધ્યાનના કાઉસગ્ગમાં આવતું હતું. ક્યાં એને ખબર છે પણ. ગડિયા હાંક્યે જાય. એક સમ્યગ્દર્શન વિના એમ બધું આવે છે ધર્મધ્યાનમાં. અનંત વાર આમ કર્યું, પંચ મહાવ્રત પાળ્યા, વ્રતો પાળ્યા, ફલાણું કર્યું, ક્રિયા કરણી કરી, પણ કાંઈ આત્માને લેખે લાગી નહિ. ધર્મધ્યાનના કાઉસગ્ગમાં આવે છે. આવતું હતું કે નહિ? એમ અહીં ધર્મધ્યાન એટલે શું? ધર્મ એટલે ભગવાન આત્માનો પૂર્ણ સ્વભાવ, એનું ધ્યાન એટલે એકાગ્રતા એવી શુદ્ધ પરિણતિ તેને ધર્મધ્યાન કહે છે. નિર્વિકલ્પ વીતરાગી પર્યાય આત્માના સ્વભાવને અવલંબે પ્રગટે એને લક્ષમાં લેતા શાંતિ પ્રગટે. એને લક્ષમાં લેતા સમ્યક્શ્રદ્ધા પ્રગટે, એને લક્ષમાં લેતા સમ્યગ્જ્ઞાન પ્રગટે. એવી દશાને ધર્મધ્યાન કહે છે. ઉગ્ર એકાકાર થઈ જાય તેને શુકલધ્યાન કહે છે. ભારે વ્યાખ્યા ભઈ. એકે એક કઠણ એટલે માણસને જાણે...

**'ઔર બહુત પદાર્થોંસે ક્યા? દેશ કાલ પદાર્થ આત્માસે ભિન્ન હૈં,...'** શું કીધું? એ બધા ખેતર, બધા દ્રવ્ય, બધા ભાવ, વિકલ્પ આદિ બધું તારા સ્વરૂપથી ભિન્ન છે. ઉપરથી નાખ્યું છે. સમજાણું કાંઈ? '**किं बहुएं अण्णेण**' છેને? '**शुद्धात्मबहिर्भूतेन रागादिविकल्पजालमालापप्रपञ्चेन**'. એ વિકલ્પ પુણ્ય-પાપના દયા, દાનના વિકલ્પ આદિ પ્રપંચ છે રાગનો. આહા..હા..! રાગમાળા. કલ્પ છેને? '**रागादिविकल्पजालमाला**'. વિકલ્પજાળ માળા. પહેલું શું કરવું? માણસ એમ કહે છે હોં! પહેલું શું કરવું? ન્યાં અગાસમાં એમ કહેતા હતા. તમે આ આત્મા આત્મા કરો છો પણ પહેલું એનું કરવું શું? પણ પહેલું જ આ કરવાનું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હાલતા-ચાલતાની ક્રિયા થતી હોય ને અંદર એકાગ્રતા વર્તતી હોય સ્વભાવ તરફ અને અંદર ધ્યાન. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણ આનંદ સચ્ચિદાનંદસ્વરૂપ સિદ્ધસ્વરૂપ છે આત્મા. વસ્તુએ સિદ્ધ ન હોય તો પર્યાયમાં સિદ્ધ ક્યાંથી થશે? સિદ્ધ ભગવાન થયા એ તો પર્યાયે-અવસ્થાએ સિદ્ધ થયા, દશાએ. એ વસ્તુમાં સિદ્ધપણું ન હોય તો પર્યાયમાં સિદ્ધપણું આવ્યું ક્યાંથી? એ વસ્તુ પોતે સિદ્ધસ્વરૂપે જ વસ્તુ છે આ આત્મા. બધા અનંત આત્માઓ એવા સિદ્ધ સ્વરૂપી ભગવાન આત્માનું અંતરમાં પર્યાય વડે ધ્યાન કરવું. એ બીજા પદાર્થનું તારે શું કામ છે? દુનિયા દુનિયાને ઘરે રહી. એ દુનિયાના ખેતર, કહે છે, દેશકાળ આદિ બીજા હોં! પ્રતિકૂળ દેશ કાળ કે અનુકૂળ

મેરુ પર્વત ને સમ્મેદશિખર ને શેત્રુંજય વગેરે. બીજા દેશ, બીજા કાળ ને બીજા ભાવ એમ લઈ લેવું એમાં. બીજો ભાવ એટલે સંકલ્પ, વિકલ્પ. એ તારો દેશ અસંખ્યપ્રદેશી, એ તારો કાળ આખું ત્રિકાળ સ્વકાળ આખું દ્રવ્ય અને તારો ભાવ અનંત ગુણનો પિંડ તે તારો ભાવ. સમજાણું કાંઈ?

**'बहुए अण्णेण किं'** અનેક પ્રકારના ઘણા પદાર્થથી તારે શું કામ છે? ઓહો..હો..! એ દેવ-ગુરુ-શાસ્ત્રથી તારે શું કામ? અને બાયડી-છોકરાથી તો શું કામ? એ તો ક્યાંય ગયું. સમજાણું? **'ઉનસે કુછ પ્રયોજન નહીં હૈ,...'** એ પરપદાર્થથી, ભગવાન! તારા હિત માટે કાંઈ પ્રયોજન નથી. તારો ભગવાન તારી પાસે પૂર્ણાનંદ બિરાજે છે. એની ઉપર નજર કર, લક્ષ કર, નજર કર, ધ્યેય બનાવ. બસ! એ જ કરવા જેવું છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? **'રાગાદિ-વિકલ્પજાલકે સમૂહોંકે પ્રપંચસે ક્યા ફાયદા,...'** મૂળ તો વ્યવહારના વિકલ્પના પ્રંપચથી શું કામ છે તારે હવે? એમ કહે છે. વ્યવહારના વિકલ્પો શુભભાવના એવા વિકલ્પથી શું કામ છે તારે? ભગવાન આખો પડ્યો છેને પ્રભુ. જેની નજરુંએ ન્યાલ થાય એવી ચીજ છે, જેની નજર કર્યે ન્યાલ થાય એવો ભગવાન છેને તું. આવા વિકલ્પની જાળથી તારે શું કામ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બબ્બે કલાક તો આવે છે, પછી કેટલા કલાક લે? ચોવીસ કલાક તો પડ્યો છે ભગવાન એની પાસે. આહા..હા..!

ભાઈ! તારે શુભ વિકલ્પનું શું કામ છે બાપા? જે બંધના કારણ પ્રભુ! તારે હિતને માટે શું કામ એમાં? એમાં ક્યાં તારું હિત હતું? આહા..હા..! સંયોગી ચીજનું તો શું કામ છે પણ સંયોગી વિકલ્પના ભાવથી સંયોગીભાવથી તારા સ્વભાવમાં હિત શું છે તને? નિર્વિકલ્પનો નાથ અનંત અનંત હદ નહિ એવા ગુણની શક્તિ એવી અનંત શક્તિઓનું તત્ત્વ, અનંત શક્તિનું તત્ત્વ, સત્ત્વ, સત્ત્વ આખું તત્ત્વ. અહો..! જેના લક્ષે મોક્ષની પર્યાય પ્રગટવાના કારણ પ્રગટે, હવે બીજું તારે શું કામ છે? આહા..હા..! મોટા રાજાની ઓથે જાય તો એક વારે આખી જિંદગીનું આપી દે એને લ્યો! છોકરો-બોકરો જન્મે તો.. શું કહેવાય ઈ? વધામણી. અમારે પંડિતજી એમ તૈયાર છે બધી રીતે. વધામણી આપે એને. એવું શાસ્ત્રમાં આવે. બાઈ કહેવા આવેને, મહારાજા! આપને દીકરો (થયો છે). માથે.. જાવજીવ તારે કરવાનું નહિ દાસીપણું. એટલી લક્ષ્મી આપી દ્યે. એવું શાસ્ત્રમાં આવે છે. બહુ પાઠ આવે છે. સમજાણું? જાવજીવ. એક તો પોતાનો હાર હોય કરોડનો એ પહેલો આપી દ્યે. અને કપડા ઊંચામાં ઊંચા આપી (કહે), આખી જિંદગી હવે એને દાસીપણું નહિ. મારે ઘરે દીકરો આવ્યો એની વધામણી કહેવા આવી, દાસીપણું નહિ જિંદગીમાં. જે જોઈએ એ લઈ જા. આપી દીધું. એમ ભગવાન આત્માની

ઓથે ગયો એ હવે સંસારનો સેવક, દાસ ન રહે એમ કહે છે. આહા..હા..! સમજાણું? '**જિસ પરમાત્માકે ધ્યાન કરનેવાલોંકો ક્ષણમાત્રમેં મોક્ષપદ મિલતા હૈ.**' દેખો! જુઓ! એ મહા ભગવાનની ઓથે (જાય તો) ક્ષણમાત્રમાં કેવળ (પ્રાપ્ત થાય). એવો ભગવાન એનું ધ્યાન ને એની દૃષ્ટિ કરને, બીજું તારે શું કામ છે?

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૯, ગુરુવાર, તા. ૨-૧૨-૧૯૬૫**
**ગાથા-૯૭ થી ૯૯, પ્રવચન-૬૫**

પરમાત્મપ્રકાશ, પહેલા ભાગની ૯૭મી ગાથા એનો ભાવાર્થ. આ પરમાત્મપ્રકાશ છે. એટલે આ આત્મા વસ્તુ એનો સ્વભાવ જ પરમાત્મા છે પોતાનું સ્વરૂપ. વસ્તુ, વસ્તુ છેને વસ્તુ? એ તો જ્ઞાન, આનંદ, શાંતિ આદિ પૂર્ણ સ્વરૂપ વસ્તુ છે એ પરમાત્મસ્વરૂપ જ છે શક્તિએ, દ્રવ્યે, સ્વભાવે. એનું ધ્યાન કરો એમ કહે છે.

**ભાવાર્થ :-** '**સબ શુભાશુભ સંકલ્પ-વિકલ્પ રહિત...**' શુભ અને અશુભ જે સંકલ્પ-વિકલ્પ જે છે ભાવ વિકાર એનાથી રહિત. '**નિજશુદ્ધ આત્મસ્વરૂપકે ધ્યાન કરનેસે...**' પોતાનો આત્મા શુદ્ધ આનંદ જ્ઞાનઘન એનું નિજ સ્વરૂપનું ધ્યાન કરનેસે, એમ ભાષા છે. ભગવાન અરિહંત થયા, પરમાત્મા થયા એનું ધ્યાન નહિ. કારણ કે, એના ધ્યાનમાં તો પરનું લક્ષ જાય તો વિકલ્પ થાય છે. સમજાણું કાંઈ?

આ આત્મા જ વર્તમાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, પૂર્ણ આનંદ ધ્રુવ પરમાત્મ સ્વભાવ એ દ્રવ્ય, એનું ધ્યાન શુભાશુભ સંકલ્પ-વિકલ્પ રહિત. '**નિજશુદ્ધ આત્મસ્વરૂપકે ધ્યાન...**' એ પર્યાય છે. શુભાશુભ સંકલ્પ એ આસ્રવ ને બંધભાવ છે. શુભ-અશુભ પરિણામ એ આસ્રવ અને ભાવબંધ ભાવ છે. એનાથી રહિત શુદ્ધ જ્ઞાયક સ્વભાવ ધ્રુવ તત્ત્વ એનું ધ્યાન એ વર્તમાન નિર્મળ પર્યાય છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :-

ઉત્તર :- શબ્દ કીધો. વસ્તુ છેને વસ્તુ? આત્મા પદાર્થ છેને ધ્રુવ? એ ધ્રુવ છે એમાં પરિણમન નથી. એમાં સંકલ્પ-વિકલ્પ પણ નથી અને એમાં શુદ્ધ પરિણમન થવું મોક્ષનો માર્ગ એ કાંઈ વસ્તુમાં ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ?

નિજ શુદ્ધાત્મા કહ્યોને? નિજ શુદ્ધાત્મસ્વરૂપ, નિજ શુદ્ધાત્મસ્વરૂપ. પોતાનું ત્રિકાળ જ્ઞાનાનંદ ધ્રુવ સત્ ચિદાનંદ ધ્રુવ સ્વરૂપ એનું ધ્યાન કરનેસે. એટલે કે પુણ્ય-પાપના ભાવબંધનો ભાવ તેને છોડી દઈ અને શુદ્ધ સ્વભાવ(નું ધ્યાન કરવાથી). પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પ એ પરલક્ષી વિકાર છે એને છોડી દઈ અંતર સ્વભાવના લક્ષે જે ધ્યાન એટલે નિર્મળ પર્યાય (થાય), જેને સંવર-નિર્જરા કહીએ, શુદ્ધતા કહીએ એ શુદ્ધતાનું ધ્યાન દ્રવ્ય ઉપર લગાડ. ભારે વાત. સમજાણું કાંઈ? '**કરનેસે શીઘ્ર હી મોક્ષ મિલતા હૈ,...**' અલ્પ કાળમાં એની મુક્તિ થાય છે.

'**ઈસલિયે વહી હમેશા ધ્યાન કરને યોગ્ય હૈ.**' એ દરરોજ કરવા યોગ્ય હોય તો આ છે કહે છે. સંસારના સંકલ્પ-વિકલ્પ તો પાપબંધના કારણ. સમજાણું કાંઈ? બીજા શુભ પરિણામ દયા, દાન આદિ એ પુણ્યબંધના કારણ. જેનાથી અંતરમાં શુદ્ધ પરિણામ દ્વારા, શુદ્ધ આત્માનું ધ્યાન કરવું. એ વસ્તુ અને ધ્યાન છે તે મોક્ષનો માર્ગ. પૂર્ણાનંદની પ્રાપ્તિનો એ શુદ્ધ પર્યાય ઉપાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી શું કરવું છે? પૂર્ણાનંદની પ્રાપ્તિ, પૂર્ણાનંદનો અનુભવ. અહીં શું કરે છે હંમેશા? ઈ જ કીધું. અહીં હંમેશા શું કરે છે અનાદિથી? વિકારનો અનુભવ. નિરંતર... નિરંતર... નિરંતર... વિકારનો અનુભવ, એક વાત. એ સંસાર. હવે જ્યારે આત્મસ્વભાવનું અંતર ધ્યાન કરતા, નિર્મળ પર્યાય વડે આત્માને ધ્યાતા પૂર્ણ નિર્મળ પર્યાય થાય ક્ષણમાં કે અલ્પ કાળમાં એને પૂર્ણાનંદનો અનુભવ. ધ્યાન કરતા અપૂર્ણ, અપૂર્ણ થોડા આનંદનો અનુભવ અને એમ કરતા પૂર્ણાનંદનો અનુભવ (થાય). એ પૂર્ણાનંદ સદાય રહે એનું નામ મોક્ષ. આહા..હા..! કહો, સમજાય છે આમાં?

અત્યારે શું કરે છે અનાદિથી નિગોદથી માંડીને અત્યાર સુધી જીવ અજ્ઞાનીઓ? સમજાણું કાંઈ? શેને અનુભવે છે? સુખ-દુઃખની કલ્પનારૂપી દુઃખને અનુભવે છે. કલ્પના હોં! ઓલી કલ્પના. શરીરરોગની વાત નહિ. બરાબર એમ નહિ. સુખ-દુઃખની કલ્પનારૂપ દુઃખભાવ, એમ. રાગ-દ્વેષના વિકારરૂપ ભાવ, શુભાશુભ વિકારરૂપ ભાવ એને વિકારને અનાદિથી અનુભવે છે. હવે જ્યારે તારે આનંદ લેવો હોય, સુખી થવું હોય તો નિજ શુદ્ધાત્મા પૂર્ણાનંદ ભગવાન પોતે છે ત્યાં દૃષ્ટિ લગાવ, એનું ધ્યાન કર. એનું ધ્યાન એ નિર્મળ પર્યાય ઓછો આનંદ છે. અનાકુળતાની અવસ્થા વડે ધ્યાન થાય. કેમકે એ વસ્તુ અનાકુળ વસ્તુ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ ખોળીયામાંથી..

ઉત્તર :- ખોળીયામાંથી નહિ, આત્મામાંથી. ખોળીયામાં ક્યાં હતો? ખોળીયું ક્યાં, આ તો માટી જડ છે. ત્યાં ક્યાં એને જાગૃત કરવું હતું. એ પરમાં પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન, મિથ્યા ભ્રાન્તિ એનું જે કરવું અને વેદવું કરી રહ્યો છે, કહે છે કે એ પરનું ધ્યાન છે. એમાં સંસાર ફળે, રખડવાનું મળે. હવે જો તારે સ્વતંત્ર સુખી થવું હોય, સ્વાધીનપણે સુખી થવાની દશા પ્રગટ કરવી હોય તો ભગવાન આત્મા પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનો સરોવર સાગર આત્મા છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે. એ નિજ સ્વરૂપ. એનું ધ્યાન—એમાં એકાગ્રતા. જેવી આમ એકાગ્રતા છે, એમ આમ વસ્તુમાં એકાગ્રતા કર. એ એકાગ્રતા કરવી એ શુભાશુભ સંકલ્પ-વિકલ્પ રહિત દશા, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું નામ સંવર અને નિર્જરા, એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ?

**'શીઘ્ર હી મોક્ષ મિલતા હૈ,...'** અલ્પ કાળમાં એને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ. આત્મામાં પૂર્ણ આનંદ જે પડ્યો છે પૂર્ણ સત્ત્વ સત્ત્વ તારું આખું, એના સત્ત્વને અંદરમાં સત્ત્વ નામ શુદ્ધ પર્યાયથી ધ્યાતા શુદ્ધ પૂર્ણ આનંદની વર્તમાન દશામાં પ્રગટ થઈ દશા એને મોક્ષ કહે છે. એ મોક્ષ પછી એમને એમ અનુભવે. આ સંસાર જેમ અનાદિથી અત્યાર સુધી અનુભવે છે, એમ પછી મોક્ષની પર્યાય તે પૂર્ણાનંદની દશા અનંત કાળ અનુભવે એનું નામ મોક્ષ. કહો, સમજાણું? દ્રવ્ય તો એમને એમ છે. ધ્રુવ ચિદાનંદ વસ્તુ જ્ઞાનાનંદ સત્ત્વ તત્ત્વ એમને એમ છે. એને આમ બહિર્મુખ દૃષ્ટિએ મિથ્યાશ્રદ્ધા રાગ ને દ્વેષ પરિણામ એનું વેદન એ સંસાર છે. આમ આત્મા શુદ્ધ આનંદકંદ મારો આનંદ મારામાં છે એમ અંતરમાં દૃષ્ટિ કરી અને એમાં એકાગ્ર થવું એનું નામ આત્માનું ધ્યાન અથવા આત્માનો મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્માના ધ્યાનની જ પર્યાય છે. આત્મા તરફની એકાગ્રતાની એ દશા છે. સમજાણું કાંઈ? આવું મોટું શું કરવું આમાં? આ બધા વિહાર કરવા, પૂજાઓ, ભક્તિ, પંચ કલ્યાણક કરવા... મહાવીર તારો રંગ લાગ્યો, લ્યો. મલૂકચંદભાઈ આવશે ત્યારે.. મોટા માણસ છે તો કાંઈક મોટું કરશે કે નહિ? કહો, સમજાણું? શરીરે મોટા છે અને પૈસે મોટા છે, બધી રીતે મોટા છે. ... મોટો છે. છોકરાનો વખત મોટો કહેવાય. વખત તો ઓલો કીધું નહિ શાસ્ત્રમાં? વિટ સો વખત માને. આહા..હા..! ધર્મી જીવ તો સમય અનુકૂળ બહારના પૈસા ને આબરૂ વિષ્ટા જેવો એને વખત માને, વિષ્ટા જેવો. આહા..હા..! અમૃતનો વખત તો ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ?

એવો આત્મા એનું ધ્યાન કરવાથી. છેને પાઠ એવો છે કે નહિ? એટલે આ વધારે લીધું. સમજાણું? **'एक्क-खणेण'** એમ છેને પાઠ. એક ક્ષણમાં મોક્ષ મળશે, લે, ક્ષણમાં મળશે. એ

તો ક્ષણ અને અંતર્મુહૂર્ત બધું એકનું એક છે. **'ઇસલિયે વહી હંમેશા ધ્યાન કરને યોગ્ય હૈ. ઐસા હી બૃહદારાધના-શાસ્ત્રમેં કહા હૈ.'** મહા આરાધન આત્માનું કર્યું એ આરાધનાનું શાસ્ત્ર છે. આત્માના આરાધનનું—સેવવાનું શાસ્ત્ર, આત્માના સેવનનું શાસ્ત્ર એની અંદર (એમ કહ્યું છે).

**'સોલહ તીર્થંકરોંકે...'** સમજાણું? **'એક હી સમય તીર્થંકરોંકે ઉત્પત્તિકે દિન...'** ભગવાનને જ્યારે કેવળજ્ઞાન થયું... ઋષભાદિ સોલહ તીર્થંકરોંકે શિષ્યગણ કેવળજ્ઞાન ઉત્પન્ન હોનેકે દિન પહલે હી નિઃશ્રેયસ સંપદાકો પ્રાપ્ત હુએ. સમજાય છે? ઋષભદેવ ભગવાનથી માંડી શાંતિનાથ ભગવાન સોળ તીર્થંકર. એમને કેવળ થયું ભગવાનને એ જ સમયે બીજા સાધુને તરત કેવળજ્ઞાન (થયું), સાધુપદ લીધું ને તરત કેવળ થયું. કેવળ થઈને અંતર્મુહૂર્તે મોક્ષ ગયા. સમજાણું કાંઈ? તીર્થંકરો નહિ, સાધુ. પહેલા તીર્થંકરથી માંડીને સોળમા શાંતિનાથ ભગવાન. ચોવીસ તીર્થંકરમાં સોળ તીર્થંકર એ ભગવાનને જ્યારે આમ ધ્યાનમાં કેવળજ્ઞાન થયું, કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ એ ક્ષણે ધ્વનિ નીકળી. એ સમયે ત્યાં સાધુ થયા કેટલાક, સાધુ થઈને કેટલાક તો ત્યાંને ત્યાં કેવળ પામીને અંતર્મુહૂર્તે મોક્ષ ગયા. આહા..! ભગવાનનો મોક્ષ હજી પછી થશે. મોક્ષ જ થઈ ગયો કેવળ થયું એટલે. આ તો એક ભાવબંધ... સમજાણું કાંઈ?

વૃષભદેવ, અજીતનાથ, સંભવનાથથી માંડીને શાંતિનાથ ભગવાન. સોળ ભગવાનને જ્યારે અંતર ધ્યાન કરતા કેવળ થયું એ જ સમયે ધ્વનિ છૂટી, ૐ ધ્વનિનો ઉપદેશ (સાંભળીને) સાધુ, સંતો અંદર થયા કેટલાક. એ સાધુ થઈને એ જ ક્ષણે ત્યાં કેવળ પામ્યા, એ જ ક્ષણે મુક્તિ પામ્યા. ઓહો..હો..! કહો, સમજાણું આમાં? એ સાધુ છદ્મસ્થ હતા એ અંતર્મુહૂર્તે કેવળ ને અંતર્મુહૂર્તે મોક્ષ (પામ્યા). એટલી આત્મામાં તાકાત છે. રોદણા રોવે કે મને આમ થાય છે ને ઢીંકણું, એ બધું નથી એનામાં એમ કહે છે. પછી ચાર તીર્થંકરોના શિષ્યગણ... સમજ્યાને? .... ચાર થયાને ચાર બીજા. ચારને ૧, ૨, ૩ને છ માસ... કોઈ એક મહિના પછી, કોઈ બે મહિના પછી, કોઈને ત્રીજા (મહિના પછી) અને ચાર અને છ મહિના પછી. સાધુ મોક્ષ ગયા. નેમિનાથ આદિ ચારને એક વર્ષે, બે વર્ષે, ત્રણ વર્ષે અને છ વર્ષે નિઃશ્રેયસ પદને પ્રાપ્ત થયા. મોક્ષ, નિઃશ્રેયસ એટલે મોક્ષ. સમજાણું કાંઈ? તિલ્લોયપણ્ણત્તિમાં બહુ વિસ્તાર છે આ બધો. સોળ તીર્થંકરના સાધુ તો કેટલાક તરત જ અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન અને મોક્ષ ગયા. બીજા ચારને વળી કોઈને એક મહિનો, બે મહિના, ત્રણ મહિના અને છ મહિના અને આગળવાળાને એક વર્ષ, બે વર્ષ... સમજાણું? ... મોક્ષ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો સમુચ્ચય વાત છે. સાધુ ગયા છે. સાધુ પાધરા કેવળ પામી અંતર્મુહૂર્તમાં

મોક્ષ ગયા ઉગ્રતાથી એટલું બતાવવું છે. સમજાણું?

'**પહલે ચારિત્ર જ્ઞાનકી સિદ્ધિ હુઈ,...**' ઓહો..હો..! શું કીધું? ભગવાનને કેવળજ્ઞાન થયું અને તરત સાધુને સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થઈ. '**ફિર અંતર્મુહૂર્તમેં મોક્ષ હો ગયા.**' અંતર્મુહૂર્તે મોક્ષ થઈ ગયો. આહા..હા..! આ કહે કે આવો મોક્ષ થાતો હશે? અમને કેમ થાતો નથી? ઈ પૂછશે હમણાં? હોં! સમજાણું કાંઈ?

'**યહાં પર શિષ્ય પ્રશ્ન કરતા હૈ કિ યદિ પરમાત્માકે ધ્યાનસે અંતર્મુહૂર્તમેં મોક્ષ હોતા હૈ, તો ઈસ સમય ધ્યાન કરનેવાલે હમ લોગોંકો ક્યોં નહીં હોતા?**' એમ કરીને બે વાત કરવી છે. ધ્યાન તો અમે કરીએ છીએ એમ તો કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ એની એકાગ્રતા તો અમે પણ કરીએ છીએ. સાધુ કહે છે, ધ્યાન તો અમે કરીએ છીએ અંદરનું હોં! વાત. '**તો ઈસ સમય ધ્યાન કરનેવાલે હમ લોગોંકો ક્યોં નહીં હોતા? ઉસકા સમાધાન...**' સમજાણું કાંઈ? અમે ધ્યાન તો અમે કરીએ છીએ. શુભાશુભ વિકલ્પ રહિત હોં! શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનું અંતરમાં એકાગ્રતા ધ્યાન (તો કરીએ છીએ). પણ અમારું ધ્યાન ઓછું હશે? અમને કેમ મોક્ષ થતો નથી? ધ્યાન તો અમે પણ કરીએ છીએ.

સમાધાન '**કિ જૈસા નિર્વિકલ્પ શુક્લધ્યાન વજ્રવૃષભનારાચસંહનનવાલોંકો ચૌથે કાલમેં હોતા હૈ,...**' ચોથા આરામાં આ શરીર સંહનન બહુ મજબૂત હોય. એવા જીવને ધ્યાન હોય છે, સ્થિરતા અંદર જામી જાય છે. '**વૈસા અબ નહીં હો સકતા.**' એવું અત્યારે પંચમ કાળમાં નથી. સમજાણું? '**ઐસા હી દૂસરે ગ્રંથોંમેં કહા હૈ...**' તત્ત્વાનુશાસન. '**ઈસકા અર્થ યહ હૈ, કિ શ્રીસર્વજ્ઞવીતરાગદેવ ઈસ ભરતક્ષેત્રમેં ઈસ પંચમકાલમેં શુકલધ્યાનકા નિષેધ કરતે હૈં,...**' ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ અત્યારે શુકલધ્યાનનો નિષેધ છે, શુકલધ્યાન જે વડે કેવળ પામે એનો નિષેધ છે. સમજાણું? '**ઈસ સમય ધર્મધ્યાન હો સકતા હૈ, શુકલધ્યાન નહીં હો સકતા.**' ધર્મધ્યાન થાય છે. આ ધર્મધ્યાન એટલે આ ધ્યાન હોં! અંદર શુદ્ધ સ્વરૂપની એકાગ્રતા એનું નામ ધર્મધ્યાન છે. આ લોકો શુભ રાગ, શુભ રાગને ધર્મધ્યાન કહે એમ નહિ. શુભજોગ ધર્મધ્યાન છે, શુભજોગ ધર્મધ્યાન છે એવું ખુબ આવે છે આ લખાણમાં. ભીખાભાઈ! એમાં પણ લખાણ બહુ આવ્યું છે. આહા..હા..!

અહીં તો ધ્યાનની જાતમાં એકાગ્રતામાં ફેર છે એ બતાવવું છે. ધ્યાન તો આત્મા શુદ્ધ સ્વરૂપની અંતર એકાગ્રતા અમે પણ એવું તો ધ્યાન કરીએ છીએ સાધુ કહે છે. અમને કેમ મોક્ષ થાતો નથી? ભાઈ! ચોથા કાળમાં પહેલા સંહનનવાળા એ તો એક નિમિત્ત કીધું હોં! સમજાણું? નિર્વિકલ્પ શુકલધ્યાન એ ઉપાદાન કહ્યું અંદર. નિર્વિકલ્પ શુકલધ્યાન ઉજળું, ઘણું જ અભેદ ધ્યાન ઉજળું જેવું તે હોય એવું અત્યારે હોતું નથી. કેમકે ભગવાને પંચમકાળમાં

શુક્લધ્યાનનો નિષેધ કર્યો છે કે શુક્લધ્યાન હોઈ શકતું નથી. પણ ધર્મધ્યાન હોઈ શકે છે. સમજાણું? ધર્મધ્યાન થાય છે.

'**ઉપશમશ્રેણી ઔર ક્ષપકશ્રેણી દોનોં હી ઈસ સમય નહીં હૈં, સાતવાં ગુણસ્થાન તક ગુણસ્થાન હૈ,...**' અત્યારે મુનિ થાય, સાચા હોય અને કોઈને સાતમા ગુણસ્થાન સુધી દશા થઈ શકે છે. સાતમું. આઠમેથી શ્રેણી માંડે એ અત્યારે છે નહિ. '**ઉપરકે ગુણસ્થાન નહીં હૈ. ઈસ જગહ તાત્પર્ય યહ હૈ કિ જિસ કારણ પરમાત્માકે ધ્યાનસે અંતર્મુહૂર્તમેં મોક્ષ હોતા હૈ,...**' પરમાત્મા એટલે પોતાનો નિજ સ્વભાવ પૂર્ણ એના ધ્યાનથી અંતર્મુહૂર્તમાં મોક્ષ થાય છે. '**ઈસલિયે સંસારકી સ્થિતિ ઘટાનેકે વાસ્તે અબ ભી ધર્મધ્યાનકા આરાધન કરના ચાહિયે,...**' સમજાણું... પાઠમાં તો એટલું જ છે ત્યાં. '**येन कारणेन परमात्मध्यानेनान्तर्मुहूर्तेन मोक्षो लक्ष्यते... तदेव ध्यातव्य**' એમ શબ્દ પડ્યો છે. '**तदेव**' '**... तदेव**' એમ. '**तदेव**' એટલે ધ્યાન ધર્મધ્યાનરૂપી '**तदेव**' તો અત્યારે પણ કરવું જોઈએ એથી સંસારની સ્થિતિ ઘણી ઘટી, થોડીક રહેશે ઈ ભવિષ્યમાં શુક્લધ્યાન થશે ત્યારે નાશ થશે. સમજાણું કાંઈ?

'**तदेव ध्यातव्य, तदेव ध्यातव्य**' '**तदेव**' એટલે ધર્મધ્યાન, એમ. સમજાણું કાંઈ? શુભજોગ એ ધર્મધ્યાન નથી, શુભજોગને ઉપચારે, વ્યવહારે ધર્મધ્યાન કહે. કોને? અંતરમાં શુદ્ધ આત્માની એકાગ્રતા દૃષ્ટિ પ્રગટી છે એવા ધ્યાનીને શુભ વિકલ્પને વ્યવહાર ધર્મધ્યાન કહે, જે પુણ્યબંધનું કારણ છે. નિશ્ચય ધર્મધ્યાન તો આત્મા શુદ્ધ નિર્વિકલ્પ વસ્તુ એની જે એકાગ્રતાની અલ્પતા એને ધર્મધ્યાન કહે છે, એકાગ્રતાની ઉગ્રતા એને શુક્લધ્યાન કહે છે. સમજાણું કાંઈ? બહુ ઉજળું એટલે આ પછી મેલું એમ નહિ. શુભજોગ છે એ ધર્મધ્યાન એમ નહિ. નિર્વિકલ્પ શુક્લ. નિર્વિકલ્પ તો આ પણ છે, પણ એટલું બધું નિર્મળ નહિ. એનું નામ ધ્યાન કહેવાય છે. મોટા ગોટા આમાં પડ્યા અત્યારે. અરે..! આહા..હા..! ધર્મધ્યાન સવિકલ્પ જ હોય, શુભજોગ તે ધર્મધ્યાન, શુદ્ધ ઉપયોગ તે શુક્લધ્યાન. આવી વાતું કરે છે. અરે..! ભગવાન! હજી તને રીતની ખબર ન મળે અને ઊંધી રીતે પકડે, એને ક્યાં માર્ગ હાથ આવે? સમજાણું કાંઈ?

'**સ્થિતિ ઘટાનેકે વાસ્તે...**' સંસારની ઘણી સ્થિતિ ઘટાડવા માટે એટલે અલ્પ સ્થિતિ રહે એકાદ બે ભવ. સમજાણું? એને અત્યારે પણ ધર્મધ્યાનનું આરાધન કરવું જોઈએ. '**જિસસે પરમ્પરયા મોક્ષ ભી મિલ સકતા હૈ.**' દેખો! ઈ હોં! ઓલાનો અર્થ ઈ કરે છે, આ પરંપરા એટલે શુભજોગ કરો પછી પરંપરાએ શુક્લધ્યાન થશે, મોક્ષ થશે. એમ કહે છે. ઘણું પણ ફેરવી નાખ્યું, મૂળ વાતને જ ફેરવી નાખી. શાસ્ત્રના જાણપણા શેઠિયાઓને અગ્રેસરોને રહ્યા નહિ અને એમને એમ ધંધાપાણીમાં ગુંચવાણા. માંડ કલાક, બે કલાક જાય, માથે જે કહે ઈ સાંભળીને વયા જાય. એને રુચેને એ તો અનુકૂળ પડે. ત્યાં પાપ કરતા હોય, અહીંયા આવીને કહે, તમે

આ શુભભાવ કરો તો ધર્મ થાશે. સહેલુંસટ. ... પણ ઈ થઈ શકે એમ. ઈ નથી, ભાઈ! શુભભાવ છે એ તો પુણ્યબંધનું કારણ છે. એને વ્યવહારધર્મ કહેવાય, વ્યવહારધર્મ એટલે પુણ્ય. નિશ્ચયથી પુણ્ય, વ્યવહારથી ધર્મ. પણ કોને? નિશ્ચય ધર્મધ્યાન હોય એને. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી જ આવે. ધર્મધ્યાન વિના શુક્લધ્યાન ક્યાંથી આવે? થોડી એકાગ્રતા હોય ત્યારે સંસાર છેદાઈ ગયો, અલ્પ ભાવ રહી ગયો. પૂર્ણ એકાગ્રતા થાય તો કેવળજ્ઞાન પામે. ધ્યાનની જાત તો એની એ છે સ્વરૂપ તરફના લક્ષવાળી. ધ્યાન તો એ જ જાતનું. અહીં '**तदेव**' શબ્દમાં ઈ મૂળ છે, ભાઈ! '**तदेव**' શબ્દ પડ્યો છેને. છેને શબ્દ ઈ? '**तदेव**' એટલે ધ્યાન તો ઈ પણ આ ધ્યાન આ. એ જાતનું ધર્મધ્યાન, ઓલું એ જાતનું શુક્લધ્યાન. સ્વભાવ શુદ્ધમાં એકાગ્રતામાં તારતમ્યતા. સમજાણું કાંઈ? તારતમ્યતા સમજ્યા? હીનાધિકતા. વસ્તુ... ગૃહસ્થાશ્રમમાં એ હોય શકે છે. બાયડી-છોકરા હોય, રાજપાટ હોય. સમજાણું? ચોથા ગુણસ્થાનવાળા હોય, પાંચમાવાળા હોય, ગૃહસ્થાશ્રમમાં હોય તો ભલે પાપના પરિણામ હોય છે પણ જેટલી દૃષ્ટિ ઉઘડી છે, સ્થિરતા છે એટલી તો અંદર એકાગ્રતા સદાય છે અને ઉપયોગરૂપ પણ કોઈ વખતે થઈ જાય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**परम्परया मोक्ष भी मिल सकता है.**' પરંપરા એને હોં! સમજાણું? એણે નાખ્યું છે, આમાં કાંઈ લખ્યું નથી. '**तदेव ध्यातव्य**' બસ અહીં એટલી જ વાત. ભગવાન આત્મા એકલો આનંદકંદનો સાગર પડ્યો છે પૂર્ણ એના ઉપર મીટ માંડ બસ! એની એકાગ્રતા એનું નામ ધર્મધ્યાન. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. અપૂર્ણ ચારિત્ર, એકદમ સ્થિરતા થઈ જાય એ પૂર્ણ ચારિત્ર. યથાખ્યાત, કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? એની જાતને આશ્રયે પ્રગટે કે કાંઈ વળી પર વિકલ્પથી પ્રગટે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણે આવી ગયા. માત્રામાં વધારો થઈ ગયો આગળ વધીને ચારિત્રમાં, સ્થિરતામાં વધારો થઈ ગયો. શુક્લધ્યાનમાં સ્થિરતામાં વધારો થઈ ગયો. ધ્યાન તો ભલે હોય, છે એટલું જ છે. શ્રદ્ધા પણ છે ઈ છે. ક્ષાયિક .. સ્થિરતા વધી ગઈ. ધ્યાન છેને. દૃષ્ટિ થઈ, જ્ઞાન છે એ તો ભલે એમ રહ્યું. સ્થિરતા વધી ગઈ. થોડી સ્થિરતા સ્વરૂપમાં એને ધર્મધ્યાન, વિશેષ સ્થિરતા એનું નામ શુક્લધ્યાન. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાળ એટલે શું? શુક્લધ્યાનનો બહુ થોડો કાળ હોય, આને વધારે છે. નિર્મળતા થોડી છે પણ કાળ વધારે લાગે છે. શું કહ્યું સમજાણું?

પરંપરા મોક્ષ એનો અર્થ ઈ કે, જ્યારે એક ક્ષણમાં મોક્ષ થાય છે એવી ગાથા છે, એક ક્ષણમાં મોક્ષ થવો અંદર, નિર્વિકલ્પ શુક્લધ્યાન દ્વારા થઈ શકે અને ત્યારે એને વજ્રનારાચસંહનનનું નિમિત્ત પણ હોય. સમજાણું? એવું અહીંયાં નિમિત્ત નથી અને અહીંયા એટલી ધર્મધ્યાન જેટલી દશા છે, શુક્લધ્યાન જેટલી નથી. બે વાત. તો એણે ધર્મધ્યાન દ્વારા ભવકટી કરી. એકાદ-બે ભવ રહે બાકી, (પછી) પરંપરા મોક્ષ થશે. ન્યાંથી પછી શુક્લધ્યાન થઈને મોક્ષ થશે. કહો, સમજાણું કાંઈ? ૯૭ થઈ. ૯૮.

૯૮) अप्पा णिय-मणि णिम्मलउ णियमेँ वसइ ण जासु।
सत्थ-पुराणइँ तव-चरणु मुक्खु वि करहिँ कि तासु।।९८।।

**'આગે ઐસા કહતે હૈં કિ, જિસકે રાગ રહિત મનમેં શુદ્ધાત્માકી ભાવના નહીં હૈ,...'** જેને ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ આત્મા. સમજાણું? શુદ્ધ ચિદાનંદ આત્મા અખંડ આનંદકંદ આત્મદ્રવ્ય એની જેને ભાવના નથી, ભાવના એટલે એકાગ્રતા, કેવી? કે રાગ રહિત. એટલે કે ભાવના વીતરાગી પર્યાય છે. સમજાણું? શુદ્ધાત્મા અખંડાનંદ પ્રભુ એની ભાવના એટલે કે રાગરહિત શુદ્ધ પરિણતિ, એ પરિણતિ જેને નથી. **'ઉનકે શાસ્ત્ર, પુરાણ, તપશ્ચરણ ક્યા કર સકતે હૈં?'** એને શાસ્ત્રનું જ્ઞાન શું કરે? એને પુરાણ શું કરે? અને એના ઉપવાસ, ક્રિયા પણ વ્રતાદિ શું કરે? **'અર્થાત્ કુછ ભી નહીં કર સકતે-'** સમજાણું?

**'અન્વયાર્થ :- જિસકે નિજ મનમેં નિર્મલ આત્મા નિશ્ચયસે નહીં રહતા,...'** જેની અંતર દૃષ્ટિમાં ભગવાન શુદ્ધ ચિદાનંદ વસ્યો નથી, જેને નિર્મળ અખંડાનંદ આનંદ પ્રભુ નિર્વિકલ્પ આત્મા એ દૃષ્ટિમાં જેને આવ્યો નથી. સમજાણું કાંઈ? નિર્મળ આત્મા ખરેખર જેના જ્ઞાનમાં રહેતો નથી એટલે જ્ઞાનની નિર્મળ દશામાં આ આત્મા એમ વસ્યો નથી. શુભ રાગમાં નહિ. શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ એ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં આ આત્મા એમ વસ્યો નથી, એવું ભાન જેને થયું નથી. **'ઉસ જીવકે શાસ્ત્રકે પુરાણ તપસ્યા ભી ક્યા મોક્ષકો કર સકતે હૈં?'** એના બધા ભણતર શાસ્ત્રના, એ પુરાણ આદિની કથાઓનું જ્ઞાન અને તપસ્યા, તપસ્યા એટલે મુનિપણાની વ્રત ક્રિયા. સમજાણું? **'ક્યા મોક્ષકો કર સકતે હૈં? કભી નહીં કર સકતે.'** સમજાણું? કભી નહિ કર સકતે. એનો અર્થ કે શુદ્ધ ચિદાનંદ પ્રભુ દૃષ્ટિમાં નિર્વિકલ્પ દૃષ્ટિમાં લીધો છે તેને મુક્તિ થાય છે, એ વિના આવા શાસ્ત્ર ને ભણતર ને તપસ્યા-બપસ્યા એ બધું કાંઈ આત્માના કલ્યાણ માટે નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જગતમાં હોય બધું, અનાદિથી ચાલ્યું આવે છે. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શુદ્ધભાવના...'** દેખો! વ્યાખ્યા કરી.

નિર્વિકલ્પ વીતરાગ સમાધિરૂપ શુદ્ધભાવના. આત્મા જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્યસૂર્ય, અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા છે. અતીન્દ્રિય આનંદનો મેરુ ભગવાન છે આત્મા. એનું જેને રાગ રહિત પુણ્યના વિકલ્પ રહિત નિર્વિકલ્પ શાંતિરૂપ, શાંતિરૂપ સ્થિરતારૂપ શુદ્ધભાવના. બસ એ શુદ્ધ ભાવનાની વ્યાખ્યા કરી, શુદ્ધ ભાવનાની વ્યાખ્યા. એટલે કે આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન ને સ્થિરતા એને અહીં શુદ્ધ ભાવના કહે છે. વીતરાગ નિર્વિકલ્પ શાંતિ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ વીતરાગ નિર્વિકલ્પ શાંતિનો પિંડ આત્મા એની આ તો પર્યાયની વાત છે હવે. સમજાણું કાંઈ?

આ આત્મ પદાર્થ ભગવાન આત્મા પરમાત્મા પોતે, પોતે છે અંદર સ્વરૂપ. નિર્દોષ અભેદ શાંતિરૂપ, એકલો અભેદ શાંતિનો પિંડ. એને રાગ રહિત અભેદ શાંતિની પર્યાય દ્વારા જેણે આત્માને એમાં પર્યાયમાં વસાવ્યો નથી, એની ભાવના કરી નથી, એને શાસ્ત્ર, તપસ્યા બધું વ્યર્થ છે. એના શાસ્ત્રના ભણતર બધા ફોગટ છે, ફોગટ ભણતર. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ભગવાન જેણે દૃષ્ટિમાં વસાવ્યો નથી એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન જેને આત્માનું પ્રગટ થયું નથી. એવા સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એકલા શાસ્ત્રના ભણતરો, પુરાણની... પુરાણ લીધું છે, સમજ્યાને? પુરાણની કથામાં મોટી વાતો હોયને. આવા તીર્થંકરો થઈ ગયા, આમ ચક્રવર્તી થઈ ગયા અને બળદેવો આમ થઈ ગયા. એ બધી વાર્તાના કહેનારાના જ્ઞાન બધું મફત છે, કહે છે. સમજાણું કાંઈ? અને તપશ્ચરણ એટલે સાધુપણું. તપસ્યાનો અર્થ સાધુપણું. સમજાણું કાંઈ? સાધુપણું લીધું હોયને? અહિંસા, સત્ય, દત્તના કાંઈક પરિણામ એવું આચરણરૂપ એ બધા વ્યર્થ છે, એ આત્માના અંતર સમ્યગ્દર્શનના અનુભવ વિના એ બધા વ્યર્થ છે કહે છે. સમજાણું કાંઈ?

**'યહાં શિષ્ય પ્રશ્ન કરતા હૈ, કિ ક્યા બિલકુલ હી નિરર્થક હૈં?'** સમજાણું કાંઈ? બિલકુલ ખોટું છે બધું? **'સર્વથા નિષ્ફલાનિ'. 'ઉસકા સમાધાન ઐસા હૈ, કિ બિલકુલ તો નહીં હૈ, લેકિન વીતરાગ સમ્યક્ત્વરૂપ નિજ શુદ્ધાત્માકી ભાવના સહિત હો,...'** દેખો! **'તબ તો મોક્ષકે હી બાહ્ય સહકારીકારણ હૈ,...'** દેખો! શું કહે છે? પહેલા એ હોય અને પછી ઓલું હોય એમ નહિ. એમ આવ્યુંને આમાં? વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન એટલે વીતરાગી સમકિત એનું નામ. સમજાણું? અને સમ્યક્ત્વરૂપ નિજ શુદ્ધાત્માની ભાવના સહિત. એવુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ એના અનુભવનું સમ્યગ્દર્શન એ ભાવના સહિત હોય અને પછી એની એકાગ્રતા અંદર. **'તબ તો મોક્ષકે હી બાહ્ય સહકારીકારણ હૈ,...'** તો તો શાસ્ત્રનું ભણતર, પુરાણ ને વ્રતના પરિણામ એને બાહ્ય સહકારી નિમિત્ત કહેવામાં આવે, સાથે રહેલા બાહ્ય નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા શાસ્ત્રના ભણતર ને તપસ્યા ને અપવાસ એ પહેલું ધર્મધ્યાન અને પછી શુક્લધ્યાન એમ નહિ. અને

પહેલું આ અને એના ફળરૂપે વીતરાગી સમ્યગ્દર્શન અને જ્ઞાન એમ નહિ. સમજાણું કાંઈ? વસ્તુ પરમાનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ આત્મા એની સમ્યગ્દર્શન અનુભવ, શુદ્ધ ચૈતન્યનો અનુભવ એની ભાવના પછી આત્માની. એવી દશા જો નિશ્ચય હોય તો તેને બાહ્યરૂપે, બાહ્યરૂપે એ દશાથી... બાહ્યરૂપ એ દશા છે, વસ્તુ છે તે અંતર અખંડરૂપ, એની વીતરાગ સમ્યગ્દર્શન જ્ઞાન તે અંતર પરિણામરૂપ નિર્મળ, એને બાહ્યરૂપ નિમિત્ત શાસ્ત્રનું જ્ઞાન, પુરાણ અને વ્રતાદિના ભાવ એ બહિરંગ સહકારી બાહ્ય નિમિત્તરૂપે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બાહ્ય સહકારી. કેટલું સ્પષ્ટ કર્યું છે! છતાં કોણ જાણે શું કરે છે. અરે..! આખા આત્માને મૂકીને તું વાત કરે, શુભભાવથી આ થાય અને શુભભાવથી આ થાય. શાસ્ત્રના ભણતરથી જ્ઞાન થાય અને એ જ્ઞાનથી પછી નિશ્ચય સમકિત થાય. ...ભાઈ! એમ છે નહિ. ભગવાન આત્માને અંતર અનુભવની દૃષ્ટિ પ્રગટ્યા વિના ઓલા શાસ્ત્રાદિને નિમિત્ત પણ કહેવામાં આવતા નથી. નિશ્ચયપૂર્વક વ્યવહાર (હોય) તો વ્યવહાર એમ કહેવું છે અહીં. સાથે વ્યવહાર. સમજાણું કાંઈ? પૂર્ણ સ્વરૂપ ભગવાન એનું સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભવ સમ્યક્દર્શન, જ્ઞાન અને એમાં સ્થિરતાનો અંશ-એકાગ્રતા એવી ભાવના એ પર્યાય. એવી નિર્વિકલ્પ વીતરાગી પર્યાય સાથે રહેલો શાસ્ત્રના ભણતરનો વિકલ્પ, એ જાતનો ઉઘાડ કે પંચ મહાવ્રતના વિકલ્પ. સમજાણું? કે વ્યવહાર શ્રદ્ધા દેવ-ગુરુ-શાસ્ત્રની એવું બહિરંગ સહકારી-સાથે રહેલાને નિમિત્તકારણ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? છેને? બાહ્ય સહાકારી કારણ એટલે બાહ્ય સાથે રહેલું કારણ એટલે બાહ્ય નિમિત્ત કારણ. ઓલું અંદર શુદ્ધ ઉપાદાન કારણ એ અંતરંગ કારણ. ઓલું અંતરંગ કારણ, આ બહિરંગ કારણ. વસ્તુ ભગવાન આત્મા એની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિનું રમણતા અને જ્ઞાન આદિ એ અંતરંગ પરિણામ ઉપાદાન કારણ મોક્ષના અને એની સાથે આ વિકલ્પ જે હોય, આ સાથે હોય તો એને બાહ્ય સહકારી-સાથે રહેલું કારણ નિમિત્ત કહેવામાં આવે છે. સાથે રહેલું બાહ્ય, બાહ્ય, સાથે બાહ્ય રહેલું આમ. પરિણામમાં ભળતું નથી, અંતરંગ પરિણામમાં એ ભળતું નથી. સમજાણું કાંઈ?

શુદ્ધ સ્વભાવ નિર્વિકલ્પ આનંદનું ભાન, એની શ્રદ્ધા ને રમણતાનો અંશ એ અભ્યંતર કારણરૂપ પરિણામ મોક્ષના છે અને સાથે જોડે વિકલ્પ જો આવો હોય ત્યારે તેને બાહ્ય સાથે રહેલું નિમિત્ત કારણ કહેવામાં આવે છે. પણ આ આત્માનો અનુભવ ને દૃષ્ટિ, જ્ઞાન સમ્યક્ નથી એને તો આ બધા વ્યર્થ છે, એને નિમિત્ત પણ કહેવાતા નથી. કોને કહે પણ નિમિત્ત? સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! વીતરાગ માર્ગ અલૌકિક માર્ગ અનંત કાળથી એણે લક્ષમાં લીધો નથી. વાતું કરે 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' કેટલી વાર બોલતા હશે નહિ? સામાયિક કરે, પડિકમણા કરે એમાં. કહેવો કોને કેવળી પણ્ણત્તો ધમ્મો? સમજાણું કાંઈ?

કહે છે, પહેલા તો નકાર જ કર્યો. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની દૃષ્ટિ વિના શાસ્ત્ર, પુરાણ આદિના ભણતર અને પંચ મહાવ્રતના પરિણામ આદિ વ્રતાદિ વ્યર્થ છે, એનો કંઈ પણ આત્માને લાભ નથી. ત્યારે કહે કે પણ કાંઈ નહિ? કાંઈક તો એનો દોકડો આપો થોડોક. ત્યારે કહે ભાઈ સાંભળ! જો આવું નિશ્ચય સમ્યક્ આત્માનું ભાન નિર્વિકલ્પ શાંતિ, દૃષ્ટિ સહિત હો તો એને બાહ્ય સહકારી કારણ કહેવામાં આવે. આટલી વાત છે. દોકડો એક નિમિત્ત છે એટલો. સમજાણું કાંઈ? કોને પણ નિમિત્ત કહેવું? માલ નાખ્યા વિના કોથળો કહેવો કોને? માલ નાખે તો કોથળો કહેવાય કે ભાઈ આ ચોખાનો કોથળો, આ દાળનો કોથળો. માલ વિના કોથળો કોને કહેવો? કોનો કોથળો કહેવો? બોરી બોરી. કહે છે કે, ભાઈ! માલ હોય તો એમ કહેવાય કે આ ચોખાનો કોથળો, આ ...એમ આત્માનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપની અંતર દૃષ્ટિ જ્ઞાન હોય તો ઓલા શુભ રાગને નિમિત્ત કોથળા, બારદાન તરીકે કહેવાય. શું કીધું?

મુમુક્ષુ :- માલ ભરવા કામ આવેને.

ઉત્તર :- ના ના, ભરવા-ફરવાની વાત નથી ત્યાં. ભરે ભર ત્યારે માલ માલમાં છે, કોથળો કોથળોમાં છે. ક્યાં ભરે અને શેમાં ભરે? સમજાણું કાંઈ? બાપુ! માર્ગ એ મોક્ષના માર્ગ તો એવા છે, એ કાંઈ લાલાપેઠા ભણ્યે કંઈ થાય એવા નથી. એવો ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરે (કહેલો છે).

પરમ પરમાત્મ સ્વરૂપ જ પ્રભુ તારું છેને, કહે છે અને એ પરમાત્મ સ્વરૂપ વસ્તુએ ન હોય તો પર્યાયમાં ક્યાંથી આવશે? અવસ્થામાં પ્રગટશે ક્યાંથી? તો એ અવસ્થામાં પ્રગટવા માટે એવો આખો પરમાત્મા એનું નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, ધ્યાન એ જ ખરેખર મોક્ષનું કારણ છે. એ કાળે આ બાહ્યમાં વ્રતાદિના વિકલ્પ હોય, શાસ્ત્રજ્ઞાન હોય, વ્યવહારરત્નત્રય એને નિમિત્ત સહકારી-સાથે નિમિત્ત કહેવાય છે. પંચાસ્તિકાયનો અર્થ પણ આ રીતે કરે તો બેસે, નહિતર બેસે નહિ. સાધન, સાધ્ય ને બધું લાખ વાર કહે, ગમે ઈ કહે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'યદિ વે વીતરાગસમ્યક્ત્વકે અભાવરૂપ હોં,...'** જુઓ! ... કહે છે. આત્મા અખંડ શુદ્ધ ચિદાનંદમૂર્તિ ભગવાન એનું સમ્યક્ નિશ્ચયદર્શન-સમ્યક્ વીતરાગ દર્શન ન હોય, સમ્યક્ વીતરાગી સમ્યગ્દર્શન એનો અભાવ હોય અને શાસ્ત્ર ભણતર હોય, પુરાણ આદિનું જ્ઞાન હોય અને વ્રતાદિના પરિણામ હોય (તો એ) પુણ્યબંધનું કારણ થાય. પુણ્ય બંધાય, ધર્મ ન થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંથી કહેવાય? અહીં ધર્મ પ્રગટ્યા વિના પુણ્ય બંધાય. એટલું રાખ્યું હોં! કષાય મંદ. મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય એમ કહે છે. મિથ્યાત્વ સહિત પુણ્ય. પરિણામ ઓલા શુભ છેને. નિશ્ચય નથી, શુભ પરિણામ છે (તો) પુણ્ય બંધાય. સમજાણું કાંઈ? આહા..હા..! બે

બોલ કહ્યા, હજી ત્રીજો બોલ લેશે.

જો મિથ્યાત્વ અને રાગાદિ સહિત હોય. ઓલામાં મિથ્યાત્વ તો હતું પણ શુભ પરિણામ હતા. પહેલામાં આત્માની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનની રમણતા એવી વીતરાગી પર્યાય સાથે હતું તો બહિરંગ કારણ કહ્યું. એક વાત. બસ એટલું. એવું આત્મભાન ન હોય તો એ મિથ્યાત્વ સહિત છે એટલે રાગની મંદતા છે તેને પુણ્યબંધ કારણ કહ્યું. અને ત્રીજી વાત કે મિથ્યાત્વ અને રાગ પણ તીવ્ર હોય એને અને એવું સાધુપણાની ક્રિયા અને બહારમાં જાણપણું હોય. સમજાણું કાંઈ?

**'ઔર જો મિથ્યાત્વ, રાગાદિ સહિત હોં, તો પાપબંધકે કારણ હૈ, જૈસે કિ રુદ્ર વગૈરહ વિદ્યાનુવાદનામા દશવેં પૂર્વ તક શાસ્ત્ર પઢકર ભ્રષ્ટ હો જાતે હૈં.'** લ્યો! ઈ પાપ છેને, પરિણામમાં પાપ છે. સમજાણું કાંઈ? કેટલા બોલ ઘણા લીધા આમાં. ચાર લીધા. સમજાણું કાંઈ? એક તો આત્મા શુદ્ધ ચિદાનંદ નિર્વિકલ્પ આનંદ એની અંતર દૃષ્ટિ ને જ્ઞાન વિના એ બધા પુરાણ આદિ વ્યર્થ કીધું. એક બોલ. બીજી રીતે કહ્યું કે, એવું જો શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની દૃષ્ટિ હોય તો એવા બહારને બાહ્ય સહકારી કારણ કહ્યું. બે બોલ. ત્રીજું, અંતર નિશ્ચય સમ્યગ્દર્શનનું ભાન ન હોય અને આ શુભભાવ શાસ્ત્ર પુરાણ ને વ્રતાદિના ભાવ હોય તો પુણ્ય બંધાય. ચોથું કહ્યું કે, મિથ્યાદૃષ્ટિ સહિત અશુભ પરિણામ છે, નિદાન આદિ પાપ અને આવી બાહ્ય ક્રિયાકાંડ આદિ હોય તો એકલું મિથ્યાત્વ સહિત પાપ જ બાંધે. સમજાણું કાંઈ? ઓહો..હો..! એ પરમાત્માને સ્પર્શ્યા વિના બધું ખોટું છે, એમ કહે છે. એ પરમાત્મસ્વરૂપને સ્પર્શે, વેદે, અનુભવે સમ્યગ્દર્શનથી તો પછી શુભભાવ સાથે હોય છે એને બાહ્ય નિમિત્ત કારણ કહેવાય છે. સમજાણું કાંઈ? એ વિના તો એને નિમિત્ત પણ કહેવાતું નથી. અને એકલા આચરણ, આચરણ કરે પણ પાછું અંદર અભિપ્રાયમાં નિદાન હોય, ભોગની વાંછા હોય... સમજાય છે? તો તો મિથ્યાત્વ સહિત એકલું પાપ જ બાંધે, એને પુણ્ય બાંધવાના પણ ઠેકાણા નથી.

**'આગે જિન ભવ્યજીવોંને આત્માકો જાન લિયા, ઉન્હોંને સબ જાના...'** આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ... સમજાણું? લોકોને બહારની સ્થિતિમાં એટલું બધું... ઓલા સાધુ-બાધુ થયા હોયને, શાંત હોય, પ્રકૃતિ મંદ હોય એ સાધુ કહેવાય. પુણ્યની પ્રકૃતિ મંદ હોય એને, સમજ્યાને? એ તો પુણ્ય બાંધે, પણ મિથ્યાત્વ તો છે. પુણ્ય તે સાધારણ પુણ્ય, ન્યાં વસ્તુની કાંઈ ખબર નથી. પ્રકૃતિનો બંધ હોય. .... પણ એ તો સરળ પ્રકૃતિ હોય, કષાય મંદ હોય, થાય, પુણ્ય બાંધે, પણ એમાં કાંઈ આત્માને એમાં જરીએ લાભ ન મળે. વસ્તુ અખંડાનંદ પ્રભુ કોણ છે એની તો દૃષ્ટિની ખબર ન મળે. કાં તો કોઈ

કર્તા છે ને કાં તો કોઈ છે ને, કાં તો કંઈક છે એમ માન્યતા તો અંદર મહા મિથ્યાત્વની પડી હોય એમાં વળી જરી કરે (એનું કોઈ મૂલ્ય નથી).

અહીં તો કહે છે કે, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રણ કાળ, ત્રણ લોકનું જેને જ્ઞાન (છે) એવા ભગવાને જે આત્મા જોયો એવો આત્મા જેણે જાણી લીધો, એવો આ આત્મા જાણી લીધો અંદરથી. જ્ઞાનની મૂર્તિ આત્મા જ્ઞાન સ્વરૂપ જ છે. **'ઉન્હોંને સબ જાના ઐસા દિખલાતે હૈં –'** આ એણે બધું જાણ્યું. કહો, સમજાણું કાંઈ?

**૯૯) जोइय अप्पेँ जाणिएण जगु जाणियउ हवेइ।**
**अप्पहँ केरइ भावडइ बिंबउ जेण वसेइ।।९९।।**

**'અન્વયાર્થ :- હે યોગી...'** અહીં તો યોગીને ઉદ્દેશીને કહે છેને. સ્વરૂપ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની એકાગ્રતા દૃષ્ટિવાળા. **'એક અપને આત્માકે જાનનેસે...'** એક આત્મા જેણે જાણ્યો. **'યહ તીન લોક જાના જાતા હૈ,...'** એના ચાર બોલ ઉતારશે. સમજાણું? ત્રણ લોક એણે જાણ્યા. કારણ કે એને જ્યાં જાણ્યો એના જ્ઞાનમાં બધું આવી ગયું. સમજાણું? 'સબ આગમ ભેદ સુ ઉર બસે'. શાસ્ત્રને શું કહેવું છે એ બધું એના જ્ઞાનમાં આવી ગઈ વાત. આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. **'ક્યોંકિ આત્માકે ભાવરૂપ કેવલજ્ઞાનમેં 'आत्मनः संबन्धिनि भावे' યહ લોક પ્રતિબિમ્બિત હુઆ બસ રહા હૈ.'** ભગવાન આત્માનું જ્ઞાન થતાં અંતરથી કેવળજ્ઞાન થાય તો પ્રતિબિંબ હુઆ—લોકાલોક કેવળજ્ઞાનમાં પ્રતિબિંબ થઈ વસે છે. સમજાય છે? એ આત્માના જાણનારને કેવળજ્ઞાન થાશે અને લોકાલોક જણાઈ જશે અને આત્માના જાણ્યા વિનાના નવ પૂર્વ ભણે તો કાંઈ નહિ જણાઈ અને ધબો નમઃ થઈ જશે. નિગોદમાં જાશે, નિગોદમાં. પછી આ ઉઘાડ પણ વયો જશે, અહીંયા એટલો છે ઈ. વસ્તુનો ક્યાં ઉઘાડ છે. ઈ તો ઈન્દ્રિયજન્ય જ્ઞાન છે. સમજાણું? ભગવાન આત્માનું અંતર જ્ઞાન પ્રગટ્યું ભલે તેને થોડું હોય બાહ્ય પણ એને કેવળજ્ઞાન થઈ જવાનું એટલે ત્રણ કાળ, ત્રણ લોક જેમાં પ્રતિબિંબત થઈ જવાના. એના ચાર બોલ ઉતારશે હોં ટીકામાં **'आत्मनः संबन्धिनि भावे'** શબ્દ છેને. એમાં અહીં અર્થ એટલો કર્યો અને બીજા ઘણા ઉતારશે.

**'ભાવાર્થ :- વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનસે...'** હોં! પાછું આ રીતે જાણ્યું એમ. એ વીતરાગ (એટલે) રાગ-વિકલ્પ છોડી દઈને ભગવાન આત્મા જ્ઞાનમાં જેણે જાણ્યો, સ્વસંવેદનજ્ઞાન એ આત્માનું જ્ઞાન, જ્ઞાન એનાથી જાણ્યો. **'સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાના જાતા હૈ.'** લ્યો! આ એને બધું બાર અંગનું જ્ઞાન થઈ ગયું અથવા જાણશે. એને બાર અંગ જાણીને ધ્યાન કરવું છે એમ કહેશે આગળ. બાર અંગને કહેવું છે કે શુદ્ધાત્માનું ધ્યાન, જ્ઞાન, સમ્યગ્દર્શન કર, વીતરાગ દૃષ્ટિ કર એ કહેવું હતું. એ જેને પ્રગટ્યું, બારેય અંગનું જ્ઞાન થઈ

ગયું. જાઓ! સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ અપેક્ષાએ નહિ પણ એને નિશ્ચય શ્રુતકેવળી કહેવાય, નિશ્ચય શ્રુતકેવળી. વ્યવહાર ... બાર અંગ જાણે ત્યારે... આ તો એને થાશે, એનો થયેલો જે કહેલો ભાવ પ્રગટ્યો છે. સમજાય છે? ઈ કહે છે જુઓ.

**'ક્યોંકિ જૈસે રામચન્દ્ર, પાંડવ, ભરત, સગર આદિ મહાન્ પુરુષ...'** રામચન્દ્રજી, પાંડવો, ભરત, સગર (આદિ) મહાન પુરુષ **'જિનરાજકી દીક્ષા લેકર...'** મુનિ થઈ ગયા હતા ધ્યાનમાં. **'ફિર દ્વાદશાંગકો પઢકર...'** દીક્ષા પછી બાર અંગ હોય છેને, એટલું. મુનિને બાર અંગનું જ્ઞાન હોય છે. ... **'દ્વાદશાંગકો પઢકર...'** બાર અંગનું જ્ઞાન કર્યું. રામચન્દ્રજી, પાંડવો, સમજાણું? ભરત, સગર. **'દ્વાદશાંગ પઢનેકા ફલ...'** બાર અંગને ભણવાનું (ફળ) **'નિશ્ચયરત્નત્રયસ્વરૂપ જો શુદ્ધ પરમાત્મા ઉસકે ધ્યાનમેં લીન હુએ તિષ્ઠે થે.'** લ્યો! સમજાણું? બાર અંગનું ભણવાનું ફળ નિશ્ચય રત્નત્રયસ્વરૂપ. આ તો છદ્મસ્થની વાત કરે છે, મુનિપણાની વાત કરે છે. એઈ..! મુખ્યમાં નિશ્ચય રત્નત્રય આવ્યા. ... આવ્યા? એ.. વજુભાઈ! ઓલા કેટલાક કહે છે, ન્યાં એવા બધા છે કે હા હા જ પાડનારા છે, સમજ્યા વિનાના. અરે..! ભગવાન! બાપુ! પણ કઈ રીતે? સમજ્યા વિનાના બિચારા.. ૯૫ ટકા તો અજાણ્યા છે, એને ખબર નથી કે એ શું ભૂલ કરે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપણું વળી કેવું, એ તો મુનિ હતા. આટલું એને જ્ઞાન હતું, મોટા યોદ્ધા હતા પણ મુનિ થયા પછી આવું જ્ઞાન થયું હતું એને. રામચંદ્રજી પણ આત્મજ્ઞાની હતા અને પછી મુનિ થયેલા, પછી બાર અંગનું જ્ઞાન કરેલું. આટલું કીધુંને? ઈ મેં કીધું. તમે આપણું ભૂલો છો એટલે મેં આપણું કહ્યું. આપણું ક્યાંથી લાવ્યા વળી આ? આને કાંઈ ખબર નથી. આ આત્માનું જે જ્ઞાન એ આપણું કે કોનું છે? કોના ઘરનું છે ઈ? એ મુનિ હતા, ધર્માત્મા હતા આત્માનું ભાન કરીને જે આત્મા હોય એને આવું જ્ઞાન હોય. આપણું વળી એટલે શું? જૈન વાડાનું આ છે? આત્મા હતા, આત્મા હતા પછી પ્રશ્ન (ક્યાં)?. જૈન એટલે આત્મા, 'જિન સોહી આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ'. એ પોતાના ધ્યાનમાં તિષ્ઠતા હતા. બાર અંગ ભણીને પણ કર્યું તો આ એમ કહે છે. એટલે આત્મધ્યાન કરનારને દૃષ્ટિ પ્રગટી એને બાર અંગનું જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. અને બાર અંગ થાશે માટે એને બાર અંગનો સાર આવી ગયો છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૧૦, શુક્રવાર, તા. ૩-૧૨-૧૯૬૫**
**ગાથા-૯૯, ૧૦૦, પ્રવચન-૬૬**

૯૯ ગાથા પહેલા અધ્યાયની, પરમાત્મપ્રકાશ. એનો ભાવાર્થ ફરીને જુઓ! પાઠ તો એ છે કે, આત્માને જાણતા જગને જાણી જાય છે. પાઠ આટલો છે. આ આત્મા જે છે આત્મા, ઈ આત્માનો સ્વભાવ તો એકલો જ્ઞાન, ચૈતન્ય અને આનંદસ્વરૂપ છે આ આત્માનો સ્વભાવ. એ જેણે જાણ્યો એ લોક જાણશે, લોકાલોક જાણશે એવા ચાર બોલ લેશે આમાં. આત્મા જાણ્યો એણે બધું જાણ્યું.

કહે છે કે, '**વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનસે...**' આ ભાષા છે. જરી ઝીણી વાત છે. આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનો એકલો સૂર્ય ચૈતન્ય છે એ તો. એને અંતરમાં શુભાશુભ વિકલ્પ રાગથી ભિન્ન પડી અને અરાગી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ દ્વારા, નિર્વિકલ્પ ભાવ દ્વારા એટલે રાગના અભાવભાવ દ્વારા આત્માને સ્વ નામ પ્રત્યક્ષ પોતાથી વેદન કરે એ રીતે આત્માને જાણે એ '**સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાના જાતા હૈ.**' આવું '**નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્મતત્ત્વકે જાનને પર...**' ઝીણી વ્યાખ્યા. દુનિયાને આ અભ્યાસ ન મળે.

ભગવાન આત્મા તો અંદર જ્ઞાનનો એકલો પિંડ છે, જ્ઞાનનું પુંજ. જ્ઞાન એટલે સમજનું સમજનું આખું તત્ત્વ અને આનંદમૂર્તિ આત્મસ્વભાવ છે. એવા આત્માને નીચે, કેવળજ્ઞાનની અહીં વાત નથી, નિચલી દશામાં અંદરમાં આત્મસ્વભાવ સન્મુખની દૃષ્ટિ, સ્વભાવ સન્મુખનું જ્ઞાન, સ્વભાવ સન્મુખની શાંતિ એવી રીતે જે આત્મપદાર્થને સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિમાં, શાંતિ સમાધિ દ્વારા આત્મદ્રવ્યને વસ્તુને (જાણે છે). જુઓ! શુદ્ધાત્મતત્ત્વ એટલે વસ્તુ અને વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાન એટલે પર્યાય. પર્યાય એટલે અવસ્થા, રાગ રહિત અવસ્થા સ્વસંવેદનની કહી અને શુદ્ધાત્મ તત્ત્વ આખો પદાર્થ ભગવાન છે એને જાણવાથી, '**જાનને પર સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાના જાતા હૈ.**' એને બારે અંગનું જ્ઞાન આવી જાય છે, બારે અંગનું (જ્ઞાન) થઈ જાય છે અથવા એક જાણ્યું એમાં બારે અંગના જ્ઞાનનું તાત્પર્ય અંદર અનુભવમાં આવી જાય છે. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? રતિભાઈ!

કોણ આત્મા જે છે વસ્તુ આત્મા? આ (શરીર) તો માટી જડ, કર્મ અંદર માટી, ધૂળ, અંદર પુણ્ય ને પાપ, દયા, દાન, કામ, ક્રોધના ભાવ થાય એ વિકાર. એના રહિત અંદર ચૈતન્યઘન છે, આનંદકંદ આત્મા છે. કોણ જાણે ક્યાં હશે એવો? કોઈ દિ' ક્યાં સાંભળ્યું (છે)? દરકાર

કે દિ' કરી છે? કાલ પ્રશ્ન કર્યો કે, આપણું જ્ઞાન એને? આપણું એટલે શું પણ? જેચંદભાઈ! રામચન્દ્રજી આદિ ધર્માત્મા મુનિ થયા હતા. આપણું એટલે શું? વસ્તુનું સ્વરૂપ એવું છે. આત્મા વીતરાગી નિર્દોષ આનંદકંદ આત્મા છે. ભાન ક્યાં પણ? આ આખો દિ' આ શરીરની હોળી એક જ કરે છે. કાં રળવું ને પૈસા ને આબરૂ ને કીર્તિ ને આ ને ધૂળધમાહા. ધૂમાડાના બાચકા હાથ આવે નહિ અને ધૂમાડો રહે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખી જિંદગી નહિ, અનંત કાળથી. વળી આખી જિંદગી તમે એટલાનું માન્યું, આટલા જ વર્ષ. અનાદિ કાળથી એકેન્દ્રિયના ભવ, બે ઇન્દ્રિયના ભવ, ત્રણ ઇન્દ્રિયના ભવ, નારકીના ભવ બધા એ એણે આત્માએ કર્યા છે કે કોણે કર્યા છે? એ ભવમાં કૂચે જ મર્યો છે અનાદિથી. સમજાણું કાંઈ?

કહે છે, જેણે એક ક્ષણ પણ આ આત્મ વસ્તુ.. શુદ્ધાત્મતત્ત્વ એ વસ્તુ કીધી, શુદ્ધાત્મ વસ્તુ. એક સમયનો જે વિકાર અને કર્મનો સંબંધ એ દૃષ્ટિ છોડી દઈને વસ્તુ જે શુદ્ધ ચિદાનંદ આત્મા ભગવાન સ્વરૂપ પોતાનું છે એને અંદરમાં રાગ રહિત, રાગને એક કોર મૂકી અંતર દૃષ્ટિમાં સ્વભાવના સ્વસંવેદન દ્વારા 'આ આત્મા' એમ જેણે જાણ્યો એણે બાર અંગ જાણ્યા. આમ લક્ષ છોડી દેવું. મૂકે ક્યાં? આ રાગ વિકલ્પ થાય તેનું લક્ષ છોડી અંતર ચિદાનંદમાં લક્ષ કરવું. કોણ જાણે કોઈ દિ' થયું નહિ.

મુમુક્ષુ :- જડતો નથી.

ઉત્તર :- ગોત્યો છે કે દિ' કે જડતો નથી? ગોતે ત્યારે જડતો નથી એમ કહેવાયને. કહો, ગોત્યા વિના જડતો નથી એમ કહેવું છે? જેચંદભાઈ! અહીં તો ભાઈ બધો તોલ થાય એવો છે. કેમ મોહનભાઈ! ગોત્યો નથી અને જડતો નથી. આમ આંખો મીંચીને (કહે), આ મારું મોતી ખોવાણું, પણ જડતું નથી. આંખો ઉઘાડીને શોધતો, ગોતતો તો નથી. એમ આ આત્મા વસ્તુ શું છે એવી એણે સાંભળી નથી બરાબર. બહારની માટે કેટલી માથાકૂટ મરી મરી જાય. સંચા માટે, આના માટે, દુકાન માટે ... શું કહેવાય એ? પાઘડી દઈને. કેટલા રૂપિયા... બે જણા હેરાન થઈ ગયા હતા. પછી જુદા પડ્યા લ્યો! ધૂળમાં કાંઈ છે નહિ, મફતના હેરાન-હેરાન (થાય છે). કેમ હશે? મલૂકચંદભાઈ! આહા..હા..! એને શું છે, હજી ભાગ છે એને દુકાનમાં. છોકરા કહેતા હતા. નાના છોકરા કહે બાપાનો ભાગ છે એમાં. જયંતિ કહેતો હતો. રાખે, ઓશિયાળો ન પડી જાય. ધૂળમાં પણ નથી, એ તો મળવાનું હોય એ મળશે ને આવવાનું હોય આવશે. આત્માને જાણ્યા વિના બધા થોથા મીંડા છે. સમજાણું કાંઈ? જગતના બધા જાણપણા કર્યા. એલ.એલ.બી. પૂછડા ને એમ.એ.ના ડૉકટરના ને વકીલાતના ને. મીંડા મોટા

હતા રામજીભાઈની વકીલાતમાં, શું ન્યાં હતું અંદરમાં? મલૂકચંદભાઈ! શું હતું? પૈસા તો બહુ પેદા કરતા હતા. રામજીભાઈની છાપ બહુ હતી. ધૂળમાં કાંઈ ન મળે. કહો, સમજાણું? આહા..હા..!

એક ચિદાનંદથી ભરેલો ભગવાન અંદર જ્ઞાનાનંદ ભરેલો પ્રભુ. આહા..હા..! જેમ કોઠીમાં ઘી ભર્યું હોયને આમ હલોહલ, ઈ કોઠી નહિ, અહીં તો ઘી ભરેલી ચીજ આખી. આ આત્માનો જ્ઞાન ને આનંદથી સ્વરૂપ જ એ પોતે. ભરેલો વળી એક ચીજ અને એમાં (બીજી ચીજ) એમ બે નથી. એકલો જ્ઞાનનો પુંજ, સૂર્યનો એકલો તારો, ધ્રૂવ તારો ચૈતન્યસૂર્ય જેમાં અતીન્દ્રિય આનંદથી ભરચક ભર્યો ભગવાન આત્મા છે. એને અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા એટલે કે રાગને છોડીને અરાગી દૃષ્ટિ દ્વારા, અરાગી જ્ઞાન દ્વારા, અરાગી અંશની સ્થિરતા દ્વારા આ આત્મા એમ જે જાણે એણે બધું જાણ્યું, એણે બાર અંગ જાણ્યા. સમજાણું કાંઈ? બાર અંગ ભણીને પણ ધ્યાન પાછું કરવું હતું અને કહેવું છે પણ એ. બેય વાત કરી. એ કહેશે અહીંયા. કહો, સમજાણું આમાં?

કેમકે રામચન્દ્રજી સમ્યગ્દૃષ્ટિ હતા. ધર્માત્મા પુરુષોત્તમ પુરુષ હતા પછી દિગંબર મુનિ થયા હતા. સમજાય છે? નગ્ન મુનિ થયા હતા, પાંડવો, પાંચ પાંડવો પણ મુનિ થયા હતા નગ્ન દિગંબર. એ પાંચે પાંડવો(માં) ત્રણ મોક્ષ પધાર્યા અહીં શત્રુંજયથી. બે સ્વર્ગમાં ગયા છે, પાંચ પાંડવો અહીં... સમજાણું? રામચન્દ્રજી ક્યાં? માંગી-તુંગી, માંગી-તુંગી છેને મોટો પર્વત, ત્યાં રામચન્દ્રજી મોક્ષ પધાર્યા છે. પહેલા હતા સમ્યગ્દર્શન, જ્ઞાન હતું, બળદેવ હતા, વાસુદેવ લક્ષ્મણ હતા પોતે, પછી લક્ષ્મણજી ગુજરી ગયા. બે ભાઈઓને પ્રેમ (હતો એટલે) છ છ મહિના સુધી ઉપાડ્યા. જ્ઞાની તો હતા. અંતે વૈરાગ્ય થઈ ગયો અને મુનિ થઈ ગયા, નગ્ન દિગંબર મુનિ. કહે છે, એવા રામચંદ્ર, પાંડવ, ભરત, ભરત ચક્રવર્તી ઋષભદેવ ભગવાનના પહેલા પુત્ર જેને નામે આ ભરતક્ષેત્ર, છ ખંડનું રાજ, છન્નું હજાર જેને ઘરે સ્ત્રી પદમણી જેવી. એ બધા છોડીને આત્માનું ધ્યાન કરવા મથ્યા.

‘**સગર આદિ મહાન્ પુરુષ ભી જિનરાજકી દીક્ષા લેકર...**’ એ બધાએ વીતરાગી સંત કેવળજ્ઞાની પરમાત્માના પંથમાં દીક્ષા લીધી હતી. સમજાણું કાંઈ? ‘**ફિર દ્વાદશાંગકો પઢકર...**’ અહીં તો બીજું કહેવું છે. એમ કે એવું કરીને બાર અંગનું જ્ઞાન કર્યું મુનિપણામાં. ‘**દ્વાદશાંગ પઢનેકા ફલ...**’ પણ શું? એમાં કહેવું છે શું અને કરવું છે શું? ‘**નિશ્ચયરત્નત્રયસ્વરૂપ જો શુદ્ધપરમાત્મા ઉસકે ધ્યાનમેં લીન હુએ...**’ આનંદ ભગવાન એમાં લીન થયા, બાર અંગ ભણીને લીન તો એમાં થયા. સમજાણું કાંઈ? એ માટે હવે સાર કહે છે. ‘**ઈસલિયે વીતરાગસ્વસંવેદનજ્ઞાનકર અપને આત્માકા જાનના હી સાર હૈ,...**’ પ્રથમ જ આત્મા આનંદકંદ અંદર ભાવશ્રુતજ્ઞાનના ઉપયોગ દ્વારા, ભાવશ્રુતજ્ઞાન. શબ્દ શાસ્ત્ર નહિ. અંદર નિર્મળ

ઉપયોગ ભાવશ્રુત દ્વારા 'આ આત્મા છે' એમ જાણવા યોગ્ય ને સારમાં એ જગતની ચીજ સાર છે. સમજાણું કાંઈ?

**'આત્માકે જાનનેસે સબકા જાનપના સફલ હોતા હૈ,...'** જેણે આત્મા એ રીતે જાણ્યો એનું બધું સફળ છે. એ જાણ્યા વિના બધું સફળ હોતું નથી. **'ઈસ કારણ જિન્હોંને અપની આત્મા જાની ઉન્હોંને સબકો જાના.'** એક બોલ, એક બોલ. જેણે આત્માને જાણ્યો એણે બધું જાણ્યું. એક બોલ. સમજાય છે કાંઈ? ચાર બોલ લેશે ચાર. બીજો, **'અથવા નિર્વિકલ્પસમાધિસે ઉત્પન્ન હુઆ...'** અંતરમાં દૃષ્ટિ અનુભવ કરીને નિર્વિકલ્પ દૃષ્ટિથી ઉત્પન્ન થયેલો અંતર અતીન્દ્રિય આનંદ, એ આત્માનો અતીન્દ્રિય આનંદ એવો **'જો પરમાનંદ સુખરસ ઉસકે આસ્વાદ હોને પર...'** એ નિર્વિકલ્પ વસ્તુસ્વરૂપની અનુભવ દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પ આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એ આનંદનો સ્વાદ આવે. સમજાણું કાંઈ? એ **'આસ્વાદ હોને પર...'** આનંદસ્વરૂપ આત્મા છે એવો અંતરમાં અતીન્દ્રિય આનંદનો સ્વભાવ ભરેલો ભગવાન. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતા, **'ઐસા જાનતા હૈ, કિ મેરા સ્વરૂપ જુદા હૈ,...'** જુઓ ધ્યાન રાખો. શું કહે છે? આ બીજો બોલ ચાલે છે. પહેલો બોલ એમ કીધો કે, આ આત્મા જાણે એ બધું જાણે. એક વાત. બીજું એમ કે, આ આત્મા આનંદમય છે એવો જ્યાં સમ્યગ્દૃષ્ટિમાં અનુભવ થયો, આનંદમય છે તે હું અને આ રાગાદિ હું નહિ. સમજાણું કાંઈ?

**'મેરા સ્વરૂપ જુદા હૈ, ઔર દેહ રાગાદિક મેરેસે દૂસરે હૈં,...'** એટલે? પહેલા બોલમાં એમ કહ્યું કે, આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ જે જાણવામાં આવે સમ્યગ્દર્શન જ્ઞાનમાં એણે બધું જાણ્યું, એક બોલ. બીજામાં (એમ કહ્યું કે) આ આત્મા આનંદમય છે એવો આનંદનો અંતર દૃષ્ટિ જ્ઞાનમાં સ્વાદ આવ્યો, આનંદનો સ્વાદ આવ્યો સમ્યગ્દર્શન થતાં, સમ્યગ્જ્ઞાન થતાં. એ દ્વારા જાણ્યું કે આનંદ તે આત્મા, આ દેહ અને રાગાદિ તે આત્મા નહિ (એમ) બેને ભિન્ન જાણ્યા એણે આ આત્મા જાણ્યો, એણે બીજા ભિન્નને પણ જાણી લીધા. સમજાણું કાંઈ? **'મેરા સ્વરૂપ જુદા હૈ,...'** આનંદસ્વરૂપ અનાકુળ આનંદ અતીન્દ્રિય આત્મા છે એનો સ્વાદ અંતર અનુભવ થઈને આ આનંદ અતીન્દ્રિય આનંદમય આત્મા એ હું. **'ઔર દેહ રાગાદિક મેરેસે દૂસરે હૈં,...'** મારાથી આ રાગ વિકલ્પ ઉઠે છેને દયા, દાન, કામ, ક્રોધની વૃત્તિ ઉઠે છે એ આકુળતા છે અને આનંદમય આત્માથી જુદી ચીજ છે. એમ જેણે આનંદમય આત્માને જાણ્યો એનાથી જુદી ચીજને પણ બરાબર જાણવામાં આવી ગઈ. સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનથી માંડીને વાત છે હોં! સમ્યગ્દૃષ્ટિથી માંડીને વાત છે. ... **'जो पस्सदि अप्पाणं'** અને ઓલું શું છે? સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? બે બોલ થયા.

**'ઈસલિયે આત્માકે (અપને) જાનનેસે સબ ભેદ જાને જાતે હૈં,...'** એમ. એ બીજો

બોલ. આત્મા પ્રથમ આનંદ સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદ હોં! આ દુનિયાના આનંદ નથી એ તો દુઃખ છે. આ પૈસા ને બાયડી ને છોકરા ને મકાન ને હજીરા, હજીરા એટલે મકાન ને આબરૂ એ મને ઠીક છે એવો ભાવ છે એ તો રાગ છે, દુઃખ છે. સમજાણું કાંઈ? એ દુઃખના ભાવ રહિત આત્માના અંતરના અતીન્દ્રિય આનંદનો અનુભવ થતાં, આત્મા અતીન્દ્રિય આનંદમય છે એવા આનંદનું ભાન થતાં આત્મા અતીન્દ્રિય આનંદમય એ હું અને એનાથી ભિન્ન જે વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રતાદિનો રાગ, શરીર જડ એ બધા મારાથી જુદા. સમજાણું કાંઈ?

**'જિસને અપનેકો જાન લિયા, ઉસને અપનેસે ભિન્ન સબ પદાર્થ જાને...'** કારણ કે આ આનંદ તે હું, અતિન્દ્રિય આનંદનો સ્વાદ આવે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તે હું. એ સિવાય વિકલ્પ આદિ તે બધું પર, બધું જુદું. આ જાણતા બધા ભેદો જણાઈ ગયા, આ જાણતા બધા ભેદો જણાઈ ગયા. **'अप्पे जाणिएण'** જુદું જાણ્યું આ એના ચાર અર્થ કર્યા, ચાર અર્થ કર્યા. એક આત્માને જાણતા બધું જાણવું સફળ થશે, બધું જાણશે. એક (વાત). આનંદને જાણતા બધા ભેદો આ જુદા છે તેમ જાણશે. માટે આત્માને જાણતા બધું જણાઈ જાય છે. કહો, સમજાણું આમાં? **'સબ ભેદ જાને જાતે હૈં,...'** ભગવાન આત્મા આ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં પણ જાણી શકાય છે એમ કહે છે. ઈ દાખલો સાધુનો ઉત્કૃષ્ટ આપે છે. સમજાણું કાંઈ? દાખલો આપશેને, ... માં આપશે. એ વળી ... એની વાત છે.

મુમુક્ષુ :- એમાં વીતરાગ ચારિત્રની વાત છે.

ઉત્તર :- એ તો વાત. વીતરાગ ચારિત્ર એટલે સ્વરૂપની દૃષ્ટિ થઈ ત્યાં વીતરાગ ચારિત્રનો અંશ આવ્યો. આગળ વધતા વધારે સ્થિરતા (થાય) એનો દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ? બે વાત થઈ.

ત્રીજી. **'અથવા આત્મા શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનસે...'** આત્મા ભાવશ્રુતજ્ઞાનથી જ્યાં આત્મા જણાણો એ જ્ઞાનના કારણે **'સબ લોકાલોકકો જાનતા હૈ,...'** ભાવશ્રુતજ્ઞાનમાં બધા લોકાલોકનું જ્ઞાન એમાં આવી જાય છે, પરોક્ષ. સમજાણું? આત્મા પોતાના અંતર શુદ્ધ, ભાવશ્રુતજ્ઞાનથી આત્મા જાણ્યો તો ભાવશ્રુતની વ્યાપ્તિ દ્વારા એટલે એ જ્ઞાનનો જ એવો સ્વભાવ છે કે લોકાલોક એમાં પરોક્ષ રીતે જણાઈ જાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનનો એવો સ્વભાવ છે કે લોકાલોકને જાણે. આત્માને જાણતા, ભાવશ્રુતજ્ઞાને (આત્મા) જાણ્યો, એ ભાવશ્રુતજ્ઞાનમાં લોકાલોક જાણવાની શક્તિ છે. સમજાય છે? માટે આત્માને જાણતા... સમજાણું? **'લોકાલોકકો જાનતા હૈ, ઈસલિયે આત્માકે જાननેસે સબ જાના ગયા.'** આત્માને જાણવાથી બધું જણાઈ ગયું એ ત્રીજો બોલ થયો.

ચોથો. **'અથવા વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકે બલસે...'** ભગવાન આત્મા શુદ્ધ નિર્વિકાર આનંદકંદ એની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ ને સ્થિરતાની શાંતિ દ્વારા કેવળજ્ઞાનરૂપી જુઓ! **'વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકે બલસે કેવલજ્ઞાનકો ઉત્પન્ન (પ્રગટ) કરકે...'** પાછું કેવળજ્ઞાન કેમ પ્રગટ થાય એ પણ બતાવી દીધું ભેગું. કોઈ પંચમહાવ્રતના પરિણામ અને ક્રિયાકાંડથી કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી. એ તો શુદ્ધ ચૈતન્યદળ અખંડ આનંદનો કંદ ભગવાન છે. આ આત્મા અત્યારે હોં! સદાય. એમાં નિર્વિકલ્પ ધ્યાનની સ્થિરતા દ્વારા... સમજાણું? સબ લોકાલોક કેવળજ્ઞાનથી જાણવામાં (આવી જાય છે), કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ દ્વારા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય,

**'જૈસે દર્પણમેં ઘટ પટાદિ પદાર્થ ઝલકતે હૈં,...'** દર્પણમાં જેમ ઘટ પટાદિ પદાર્થ ઝલકે છે, **'ઉસી પ્રકાર જ્ઞાનરૂપી દર્પણમેં સબ લોક-અલોક ભાસતે હૈં.'** આત્માના અંતર અનુભવની દૃષ્ટિ દ્વારા અને શાંતિ દ્વારા કેવળજ્ઞાન જે પ્રગટ થાય એમાં લોકાલોક ઝળકે છે, લોકાલોક જણાઈ જાય છે. દર્પણમાં જેમ જણાય ઘટ-પટાદિ એમ આમાં બધું જણાઈ જાય છે. **'ઈસસે યહ બાત નિશ્ચય હુઈ, કિ આત્માકે જાનનેસે સબ જાના જાતા હૈ.'** એ આત્માને જાણવાથી બધું જાણવામાં... આ ચાર બોલ કીધા ચાર. ચાર થયાને? **'ઈસસે યહ બાત નિશ્ચય હુઈ, કિ આત્માકે જાનનેસે સબ જાના જાતા હૈ. યહાં પર સારાંશ યહ હુઆ, કિ ઈન ચારોં વ્યાખ્યાનોંકા રહસ્ય જાનકર...'** ઉત્કૃષ્ટ વાત કરે છેને. **'બાહ્ય અભ્યંતર સબ પરિગ્રહ છોડકર સબ તરહસે અપને શુદ્ધાત્માકી ભાવના કરની ચાહિયે. એસા હી કથન સમયસારમેં શ્રીકુંદકુંદાચાર્યને કિયા હૈ.'** ન્યાં લગાવી દ્યો હોં પાછું. ... એ તો ઉત્કૃષ્ટ અપેક્ષાથી વાત કરી છે. ભાવશ્રુતજ્ઞાનથી એ બારમાની વાત છે? ચોથાની છે અહીંયાં તો. સમજાણું કાંઈ? ચાર વ્યાખ્યાન થયા. સમજાણા?

એક તો આ આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપને અંતર દૃષ્ટિથી, અંતર જ્ઞાનથી જાણતા બધું જણાઈ જાય. માટે એક જાણતા બધું જાણ્યું. એક બોલ. બીજું, આત્માને નિર્વિકલ્પ આનંદના સ્વાદ દ્વારા જાણતા, 'આ આનંદમય તે આત્મા, રાગ ને આકુળતા ને શરીર તે આત્મા નહીં; એમ આત્મા જાણવાથી બધા ભેદ જણાઈ જાય. ત્રીજું, આત્માને ભાવશ્રુતજ્ઞાન દ્વારા જાણતા, એ બીજી રીતે વાત કરી. પહેલી એકને જાણતા બધું જાણે, બીજી, આનંદને જાણતા (બધા ભેદ જાણે), અહીં ભાવશ્રુત (દ્વારા) જાણતા ભાવશ્રુતમાં બધું જણાય એમ વાત કરી. ભાવશ્રુતજ્ઞાન દ્વારા વિકલ્પ વિનાની જ્ઞાન, દૃષ્ટિ દ્વારા આત્માને જાણતા એ ભાવશ્રુતજ્ઞાનમાં લોકાલોકને જાણવાની તાકાત છે. માટે આત્માને જાણતા ભાવશ્રુતજ્ઞાન દ્વારા વ્યાપ્તિથી એટલે આ બધું આમ હોવું જોઈએ એમ લોકાલોક એમાં જણાઈ જાય. ચોથું, નિર્વિકલ્પ આનંદની દૃષ્ટિના સ્વભાવની સ્થિરતા

દ્વારા કેવળજ્ઞાન થાય ત્યારે લોકાલોક ઝળકશે. માટે આત્માને જાણતા બધું જાણવામાં આવે છે. ચાર બોલ કહ્યા. સમજાણું કાંઈ? '**ऐसा ही कथन समयसारमें श्रीकुंदकुंदाचार्यने किया है.**'

जो पस्सइ अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससुत्तमज्झं पस्सइ जिणसासणं सव्वं।।१५।।

૧૫મી ગાથા છે સમયસારની. '**ईसका अर्थ यह है, कि जो निकट-संसारी जीव...**' અલ્પકાળમાં જેને કેવળજ્ઞાન પ્રાપ્તિની યોગ્યતા થઈ છે એવો '**निकट-संसारी जीव स्वसंवेदनज्ञानकर...**' પોતાના આત્માને જ્ઞાનમાં જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું વેદન સ્વસંવેદન પ્રત્યક્ષ... '**अपने आत्माको अनुभवता,...**' હૈ. આત્માને અનુભવે છે. '**सम्यग्दृष्टिपनेसे अपनेको देखता है,...**' '**पस्सइ**'નો અર્થ કર્યો ઈ. સમ્યગ્દર્શનથી પોતાના આત્માને શ્રદ્ધામાં, પ્રતીતમાં લે છે અને દેખે છે. '**वह सब जैनशासनको देखता है,...**' એણે સારું (-પૂરું) જૈનશાસન દેખ્યું. સમજાણું? જિનશાસન એટલે ભાવશ્રુતજ્ઞાન ઉપયોગ. રાગ રહિત ભાવશ્રુતજ્ઞાન ઉપયોગ એ દ્વારા આત્માને જાણ્યો એણે જૈનશાસન જાણ્યું. અને જૈનશાસન ભાવશ્રુતજ્ઞાન રાગ રહિત અવસ્થા તે જૈનશાસન છે. સમજાણું કાંઈ? ... ઘરમાં હાલે નહિ, બહારમાં જાય તો સાંભળવા મળે નહિ, આવી કો'ક દિ' મળે એમાં શું હશે કાંઈ પત્તો લાગે નહિ. આહા..હા..! અરે..! એણે થોથા જ કર્યા અનાદિથી, ઝેરને વલોવ્યા. આત્માના આનંદને કોઈ દિ' એણે અનુભવ્યો નહિ. ઈ કહે છે કે એકવાર પણ જો આત્માને જાણ્યો એને આ ચાર બોલ કીધા અને એણે જૈનશાસન જાણ્યું એમ પાંચમો કીધો, આની સાથે મેળવવા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાન ક્યાં છે એને ઝેર છે કે નહિ. હોંશે હોંશે કરીને ઝેર ખાય છે. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, વિકારભાવ ઝેર છે. હોંશ કરીને ઝેરને પીવે છે, અનુભવે છે અનાદિથી. આનંદ કોણ છે એની ખબર નથી. સમજાણું? હરખ.. હરખ.. હરખ.. હરખ.. દાંત કાઢે. અરે.. પણ શું છે એમાં? ધૂળના બાચકા જડ માટી-ધૂળ શરીર, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન. આ શરીર માંસના લોચા, હાડકા ધૂળ રાખ.

મુમુક્ષુ :- ધર્મનું સાધન છે.

ઉત્તર :- ધર્મના સાધન કે દિ' હતા ઈ? ધર્મનું સાધન તો આત્મામાં સ્વભાવ સાધન છે એ ધર્મ સાધન છે.

મુમુક્ષુ :- સહકારી કારણ છે.

ઉત્તર :- સહકારી કારણ છે એ તો નિમિત્ત થયું. શરીરને ક્યાં... શરીરને નિમિત્ત કહેવાય. એ તો નિમિત્ત કારણ તરીકે જ્ઞાન કરવા માટે. સમજાણું કાંઈ? એ બધી વાતું ઉપચારથી કથન છે. વસ્તુ, વસ્તુ અખંડાનંદ પ્રભુ એના ઉપર દૃષ્ટિ મૂકતા એના સ્વભાવ સાધનનું પરિણમન થાય. એ પરિણમનમાં બધું જાણવામાં આવી જાય. 'સબ આગમ ભેદ સુ ઉર બસે'. આવે છેને? કોને માટે? મુનિને માટે વાત છે? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની શું કિંમત છે (ખબર નથી). દેવ-ગુરુ-શાસ્ત્રને માને એ ધર્મધ્યાન શ્રાવકને. અને એ ધર્મધ્યાનથી ક્ષાયિક સમકિત થાય અને એ ધર્મધ્યાનથી નિર્જરા થાય, લ્યો. એવું લખ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ જ એનું ધર્મધ્યાન, પરદ્રવ્યની ભક્તિ એનું ધર્મધ્યાન. આહા..હા..! વિષય પર. સ્વ વિષય આત્મા કોણ છે ખબર નથી. ભારે ચાલી છેને ગપ. રાડ્યું પાડે છે. ભાઈ! ધીરો થા. આવો પ્રભુ ચિદાનંદ ભાઈ! ભગવાન! તું એક વાર ધીરજથી, ધીરજથી સાંભળ તો ખરો. મહાપ્રભુ અનંત ગુણની રાશિનો પિંડ પ્રભુ આત્મા છે. જેટલા ગુણની દશા સિદ્ધ ભગવાનને પ્રગટી એ બધા ગુણો તારા સ્વભાવમાં ભર્યા છે. આહા..હા..! કેવળજ્ઞાનીએ એ કહ્યું છે. 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં'. એ કેવળજ્ઞાની પરમાત્માએ... નથી કહ્યું?

જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ,
પ્રગટ અનુભવ આપનો નિર્મળ કરો સપ્રેમ
એ ચેતનપ્રભુ ચેતન સંપદા રે તારા ધામમાં.

તારા અસંખ્ય પ્રદેશ એ ધામમાં તારી સંપદા પૂરી પડી છે. ખબર ન મળે, ખબર ન મળે 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' સવાર-સાંજ બોલે જાય ગડીયો, હાંકે જાય. ભાન ન મળે એક પણ અક્ષરનો. ભગવાનજીભાઈ! આહા..હા..!

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર પરમાત્મા ઈન્દ્રો અને ગણધરોના સમક્ષમાં દિવ્યધ્વનિમાં એમ કહેતા, ભાઈ! જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણો છે. જ્યાં ચેતન્યતા છે, જ્યાં ચૈતન્યતા છે—જાણવા-દેખવાનો જ્યાં ભાવ છે એ ભાવમાં અનંતા ગુણો છે. જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ. ભગવાનના (જ્ઞાન)માં એમ ભાસ્યું હતું એવું આવ્યું વાણીમાં. આહા..હા..! ભાઈ! આ જ્યાં જાણવા-દેખવાનો ભાવ જે સત્તારૂપે હોવાપણે જણાય છે, જાણવા-દેખવાનો ભાવ જે હોવાપણે જણાય છે ત્યાં અનંતા ગુણો ભગવાને ભાળ્યા છે. આહા..! સમજાય છે? અપરંપાર અનંતા એમ, અપરંપાર અનંતા. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ કર અને અનુભવ કર, તો કહે છે, એણે આખા જૈનશાસનને જાણ્યું. વીતરાગને કહેવું હતું, જૈનશાસનનો ભાવ હતો એ બધું એને આવી ગયું. આહા..હા..! પણ લોકને એ આત્મા શું એની કિંમત ન મળે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કિંમત આવે ક્યાંથી સાંભળ્યા વિના?

ઉત્તર :- વાત સાચી. પોણો સો વર્ષ સુધી સાંભળ્યું નહોતું કહે છે. આ બધું આમને આમ ગયું અમારે. ...માં નહોતું, ભાવનગરમાં નહોતું. આહા..હા..! કહે છે, પ્રભુ! પણ મોટો... એલા! દુનિયાના હીરા અને માણેકની કિંમત કર અને આ હીરો મોટો ભગવાન અંદર પડ્યો છે પોતે, જેમાં કેવળીએ અનંતા ગુણ જોયા છે. કેટલા ગુણો? કે આકાશના પ્રદેશ અમાપ એથી અનંતગુણા ગુણ ભગવાને જોયા. આહા..હા..! આ તે કાંઈ વસ્તુ! સમજાણું કાંઈ? આકાશ એમને એમ ચાલ્યું જાય છે, ક્યાંય અંત છે આકાશનો? આકાશ ક્યાં પૂરો થતો હશે જગ્યો? આકાશ એમને એમ ચાલ્યો જાય છેને ખાલી ભાગ? તો એ ખાલી ભાગનો ક્યાં અંત આવતો હશે? આમ ચારે દિશાએ ચાલ્યો જ જાય છે, ચાલ્યો જ જાય છે. ખાલી... ખાલી... ખાલી... ખાલી... આકાશ. ભગવાન કહે છે એ આકાશનો ક્યાંય અંત છે નહિ. અંત હોય તો પછી શું? અમાપ. એના અંશો પ્રદેશ ગણાય પ્રદેશ હોં! આટલો એક એવા એવા અનંતા. એથી એક જીવમાં અનંતગુણા ગુણ છે. આહા..હા..! એવો ગુણનો ધરનાર ગુણી આત્મા, એવા ગુણનો ધરનાર ગુણી આત્મા એને જેણે અંતરથી જાણ્યો, સ્વસંવેદનજ્ઞાનકર જાણ્યો. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિપનેસે અપનેકો દેખતા હૈ,...**' ભાષા એવી કરી જુઓ '**जो पस्सइ अप्पाणं**'. '**વહ સબ જૈનશાસનકો દેખતા હૈ, ઐસા જિનસૂત્રમેં કહા હૈ.**' એવું ભગવાન વીતરાગની વાણીમાં કહેવામાં આવ્યું છે. છે કે નહિ એમાં? કોઈ દિ' સાંભળ્યું છે? શાંતિભાઈ! એ છે એમાં લખાણમાં? લીધું પુસ્તક છે? કો'ક દિ' તો લ્યો. ન્યાં ઓલા સંચા... સંચા... આ જિનસૂત્રમાં કહ્યું છે. છે એમાં? ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ તીર્થંકર એમના કહેલા શાસ્ત્રમાં આવો આત્મા કહ્યો છે. કહો, જેચંદભાઈ! આટલા વર્ષે ઊંચો લાગે છે હજી? આહા..હા..! 'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હે હેમ કપૂર, પણ એક ન પરખ્યો આત્મા ત્યાં રહ્યો દિગમૂઢ'. દોઢ ડાહ્યો દુનિયાનો બધાના સંચા, ફંચા ને આ ને આ, હો હા, હો હા. તું કોણ? કે, અમને ખબર નથી અમારી. દીવા હેઠે અંધારું. અહીં કહે છે કે, એને જેણે જાણ્યો સારું જૈનશાસન જાણ્યું, લ્યો. એણે બાર અંગને જાણ્યા, એને કેવળજ્ઞાન થવાનું, લોકાલોક જાણશે. સમજાણું? અને એ આનંદમયને જાણ્યાથી આનંદથી બીજા ભિન્ન બધા પદાર્થ જ્ઞાનમાં આવ્યા કે આ મારી ચીજ નહિ. આહા..હા..! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણ્યા પછી કરે જ નહિ. જાણે છે કે દિ'? જાણ્યું નથી. જાણ્યું હોય તો ... શું રહે? વિકલ્પ આદિ હોય, શરીરાદિ હોય તે ભિન્ન રહે છે. સમજાણું કાંઈ? ભિન્ન તરીકે

જાણે છે. સમ્યગ્દૃષ્ટિ હોય, લડાઈ પણ હોય, છન્નુ હજાર સ્ત્રી સાથે લગ્ન પણ હોય. શું છે? ભિન્ન તરીકે જાણતો રહે છે ઈ. મારા તરીકે માનીને ત્યાં ઊભો નથી. જ્યાં હોય ત્યાં એ પોતે આનંદમાં જ ઊભો છે, જ્ઞાનમાં ઊભો છે. હો રાગ, ક્રિયા હો દેહની, પર હો. ભિન્ન છે, એમાં હું નથી, મારામાં એ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

વાત જ ઈ છે કે, આખું પડખું ફેરવ્યું નથી એણે. સમજાય છે? જ્યાં પડખે ઊભો છે ત્યાં તો રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને આ બધું શરીર એ છે. એ પડખું ફેરવીને આ પડખે જાય તો ખબર પડે કે, આ આત્મા આ છે. આ આત્મા આનંદમય છે જ્ઞાનમય આમ જાણતા બધું ભિન્ન છે એમ જણાય. પછી જ્યાં સુધી રહે ત્યાં સુધી આમ ભિન્ન રહે, સ્થિરતા પૂરી થાય (એટલે) છૂટી જાય અને કેવળજ્ઞાનમાં ભિન્ન તરીકે જાણે. હું આત્મા આ છું અને આ બધું ભિન્ન છે. સમજાણું કાંઈ?

**'કૈસા વહ આત્મા હૈ? રાગાદિક જ્ઞાનાવરણાદિકસે રહિત હૈ,...'** અત્યારે હોં! કેવો છે આત્મા? એ વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપના એનાથી જુદું તત્ત્વ છે આત્મા અંદર. પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે, જ્ઞાનાવરણાદિ અજીવતત્ત્વ છે. એનાથી રહિત ભગવાન અત્યારે આત્મા છે અંદર. એવા આત્માને અંદર જાણતા સારા જૈનશાસનના મર્મને જાણી લીધો, જૈનશાસન જાણ્યું એણે. સમજાણું કાંઈ? **'અન્યભાવ જો નર નારકાદિ પર્યાય ઉનસે રહિત હૈ,...'** આ મનુષ્ય આદિનો અંદર ઉદયભાવ. એ દેહથી પર્યાયથી એનાથી પણ આત્મા રહિત છે અત્યારે હોં! એમ દૃષ્ટિમાં ભાન થતાં આનાથી રહિત છે આત્મા. **'વિશેષ અર્થાત્ ગુણસ્થાન માર્ગણા જીવસમાસ ઈત્યાદિ સબ ભેદોંસે રહિત હૈ.'** લ્યો! ગુણસ્થાન, માર્ગણા. પહેલું ગુણસ્થાન (આદિ) બધા ચૌદ ગુણસ્થાન છેને? ભેદ ભેદ. માર્ગણા. પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એવા બધા ભેદો અને જીવસમાસ એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિ પર્યાપ્ત. **'સબ ભેદોંસે રહિત હૈ.'** આહા..હા..! કળશ ટીકામાં આવે છેને, આ ૧૫મી. હોય એમાં એ તો જે અપેક્ષા લાગુ પાડીને કરે એ અપેક્ષા, એમાં શું? એમાં કંઈ વિશેષ સ્પષ્ટીકરણ...

ભગવાન આત્મા અભેદ છે. એક સમયમાં ભગવાન ચિદાનંદ પ્રભુ એની અંતર દૃષ્ટિ અનુભવ થતાં એનાથી આ બધી ભેદવાળી ચીજ ભેદ-જુદી છે. અખંડ અભેદમાં એ આવતી નથી. એવો જેણે ભાવ જાણ્યો એણે ભેદને જાણ્યા, અભેદને જાણતા ભેદને જાણ્યો, આત્માને જાણતા અન્યને જાણ્યો, આત્માને જાણતા જગને જાણ્યું, આત્માને જાણતા લોકાલોકને જાણ્યું. આહા..હા..! સમજાણું?

**'ઐસે આત્માકે સ્વરૂપકો જો દેખતા હૈ, જાનતા હૈ, અનુભવતા હૈ, વહ સબ જિનશાસનકા મર્મ જાનનેવાલા હૈ.'** દેખો! જિનશાસનનો મર્મ જાણવાવાળો છે. આવો મર્મ

જાણ્યા વિના શાસ્ત્રના અર્થો કરે સમજ્યા વિના. જૈનશાસન તો આત્માની વીતરાગી પર્યાય છેને. જૈનશાસન ક્યાંય બહાર હોતું નથી. આત્મા વીતરાગસ્વરૂપ છે, અનંત ગુણરૂપ વીતરાગસ્વરૂપ આત્મા એની વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની પર્યાય તે વીતરાગભાવ છે, એ વીતરાગભાવ તે જૈનશાસન છે. આહા..હા..! એ જાણ્યું એને બધું જણાઈ ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંય નથી. ઈ વાત સાચી. જૂના અનુભવી છેને. બધું જાણ્યું અત્યાર સુધી (એ) થોથા છે. એમાં કંઈ છે નહિ. પ્રાણભાઈ! આ અમારે પ્રાણભાઈ ન્યાંના હતા અગ્રેસર. જેતપુરમાં. આ એના બાપ પણ ત્યાં હતાને. નાગ્રેશ. હતા એટલે અગ્રેસર, હવે અગ્રેસર ક્યાં રહ્યા? જીવતા છે પણ ન્યાં. કહો, સમજાણું?

આહા..હા..! અરે..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર... શ્રીમદ્ એકવાર એમ કહે છે કેટલાકને કે, તમે નિવૃત્તિમાં, સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ એની માળા ગણજો, માળા ગણજો. એક ફેરી કહે છે. સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ. એનો અર્થ પણ એ છેને. સર્વજ્ઞદેવ પરમગુરુ—સર્વનો જાણનાર આત્મા એ પોતે પોતાનો ગુરુ છે. એ સર્વજ્ઞદેવ વ્યવહાર ગુરુ. મોટામાં મોટો સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એ આત્મા છે કે નહિ? એ પરમગુરુ સર્વજ્ઞદેવ. એવો જ આ આત્મા એ સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે, પોતાના સ્વભાવમાં સર્વજ્ઞપણું પડ્યું છે અંદર. એવા સર્વજ્ઞ સ્વભાવને જાણતા એ આત્મા જ સર્વજ્ઞદેવ પરમગુરુ થઈ ગયો. એમાં તો સર્વજ્ઞની શક્તિની પ્રતીતિ અનુભવ એનું જોર છે એમાં. સમજાણું કાંઈ? બહુ પણ પરમાત્મપ્રકાશમાં અલૌકિક વાતું કહી બધી! લ્યો! એ ગાથા ૯૯ થઈ. હવે ૧૦૦, ૧૦૦.

१००) अप्प-सहावि परिट्ठियह एहउ होइ विसेसु।
दीसइ अप्प-सहावि लहु लोयालोउ असेसु।।१००।।

એનાને એના વિશેષ સ્પષ્ટીકરણ વધારે (કરે) છે.

**'અન્વયાર્થ :- આત્માકે સ્વભાવમેં લીન હુએ પુરુષોંકે...'** **'आत्मस्वभावे प्रतिष्ठितानां'** છેને? ભગવાન આત્મા એનો જે સ્વભાવ. છેને? આત્મસ્વભાવ—આત્મા વસ્તુ એનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ સ્વભાવ. એ સ્વભાવમાં સ્થિર થતો, પ્રતિષ્ઠા પામતો, એમાં એકાકાર થયો થકો એની **'एष विशेषः भवति'** એની એક વિશેષતા થાય છે કે **'પ્રત્યક્ષમેં જો યહ વિશેષતા હોતી હૈ, કિ આત્મસ્વભાવમેં ઉનકો સમસ્ત લોકાલોક શીઘ્ર હી દિખ જાતા હૈ.'** સમજાણું? ભગવાન આત્મા એનો સ્વભાવ, સ્વભાવ એટલે ત્રિકાળી શક્તિનું સ્વરૂપ. વસ્તુ આત્મા એનો ત્રિકાળી સ્વભાવ જ્ઞાન, સર્વજ્ઞ, સર્વદર્શી, આનંદ, શાંતિ, પ્રભુતા,

સ્વચ્છતા એવા અનંત ગુણરૂપ જે સ્વભાવ એમાં જે ઠરે છે, દૃષ્ટિ મૂકીને ઠરે છે એ આત્મ-સ્વભાવમાં લીન થાય છે. એને સમસ્ત લોકાલોક અલ્પકાળમાં દિખ જાતા હૈ. એને અલ્પકાળમાં લોકાલોકનું જ્ઞાન થઈ જશે, લોકાલોક જણાઈ જશે. સમજાણું?

**'ભાવાર્થ :- અથવા ઈસ જગહ એસા ભી પાઠાંતર હૈ, 'अप्पसहाव लहु'...'** પોતાનું લીધું. **'ઈસકા અર્થ યહ હૈં, કિ અપના સ્વભાવ શીઘ્ર દિખ જાતા હૈ,...'** જે આત્માના સ્વભાવમાં દૃષ્ટિ કરીને ઠર્યો એને બધો સ્વભાવ જાણવામાં આવી ગયો. પોતાનો સ્વભાવ બધો જાણવામાં આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? પૂર્ણ સ્વભાવ વર્તમાનમાં જણાય અને એમાં લીન થતાં પૂર્ણ સ્વભાવ, પૂર્ણ કેવળજ્ઞાનમાં જણાઈ જશે પોતાનો સ્વભાવ.

જેણે આ આત્મદ્રવ્ય વસ્તુ એનો સ્વભાવ અનંત જ્ઞાન-સર્વજ્ઞ જ્ઞાન, સર્વજ્ઞ દર્શન, સર્વજ્ઞ-પૂર્ણ, પૂર્ણ સ્વચ્છતા એ પૂર્ણ સ્વચ્છતા. એ પૂર્ણ સ્વચ્છતા એનો અર્થ પૂર્ણ. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ શાંતિ એ બધું પૂર્ણ શબ્દે લાગુ પડે, અહીં સર્વ શબ્દ છે પણ એ બધું એકનું છે. એવો જે આત્મસ્વભાવ એમાં જે સ્થિરતા કરીને લીન થાય છે એને બધો સ્વભાવ જાણવામાં આવી જાય છે. પૂર્ણ રીતે, પ્રત્યક્ષરૂપે બધું જાણવામાં આવી જશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અબઘડી થાય એવું છે એમાં. પણ એના પ્રમાણમાં એનો પ્રયત્ન જોઈએ કે નહિ? વસ્તુ અનંત ગુણની ખાણ એનું પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાનથી સ્થિર થતાં, કહે છે કે, આત્માના બધા સ્વભાવો પ્રત્યક્ષ જણાઈ જાશે એમ કહે છે, બધું જણાઈ જશે. સમજાણું કાંઈ? **'અપના સ્વભાવ શીઘ્ર દિખ જાતા હૈ,...'** આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શેની વાત ચાલે છે? એની સામું એકાકાર થવું ઈ. ઈ કેમ થાવું? જાપ કરવો છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લૌકિક છે અહીં? લૌકિક તો બધું કર્યું છે તમે. ભગવાન આત્મા તો લોકોત્તર ચીજ છે. શરીરને બાદ કરો, પુણ્ય-પાપને બાદ કરો, અલ્પજ્ઞ અવસ્થા એટલો એ નહિ (માટે) એને પણ બાદ કરો. તો આખો આત્મા પૂર્ણાનંદ અનંત ગુણનું ધામ તે બાદ કરતાં બાકી રહી જાય છે. સમજાણું કાંઈ? બાદબાકી કરતા કાંઈ રહે છે કે નહિ પાછું? બાદ કરતા નથી રહેતું આ સરવાળા કરે એમાં? ઈ નામાના લખનારને, હુશિયાર માણસ. શ્રીમદ્ કહ્યુંને અનુભવ, શું કહ્યું? 'અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ' આમ કહે, શરીર નથી, આ બાદ

કરો, વાણી નથી, ઈન્દ્રિયો નથી, કર્મ નથી, પુણ્ય-પાપના વિકલ્પ નથી. અબાધ્ય. બાદ કરતાં કરતાં જે બાકી રહે તે આત્મા. પણ કોઈ દિ' બાદબાકી કરતા આવડી છે કે દિ' એને? ધૂળની બાદબાકી કરી, આ રૂપિયા મળ્યા, ઓણ પચ્ચીસ હજાર પેદા કર્યા અને પાંચ લાખમાં પચ્ચીસ હજાર ભળ્યા ને ઢીકણું, ફીકણું. સરવાળા માંડ્યા ઝેરના. ઓહો..હો..!

પરમાત્મપ્રકાશ છેને આ. પરમાત્મ સ્વરૂપ જ તું છો કહે છે. પરમ આત્મ એટલે સ્વરૂપ. પરમ સ્વભાવ, પરમ સ્વભાવ, અનંત ગુણરૂપ પરમ સ્વભાવ. એને જેણે જાણ્યો એને શીઘ્ર પરમ સ્વભાવ પૂર્ણ જણાઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઔર સ્વભાવકે દેખનેસે સમસ્ત લોક ભી દિખતા હૈ.'** લે! બે વાત. પોતાનો શક્તિરૂપ સ્વભાવ પૂર્ણ અનંત પહેલો દેખ્યો, શ્રદ્ધ્યો, અનુભવ્યો એને પૂર્ણ સ્વભાવ જ્ઞાનમાં દેખાઈ જશે પ્રત્યક્ષ અને એને લોકાલોક પણ જણાઈ જશે. સમજાય છે? **'યહાં પર ભી વિશેષ કરકે પૂર્વ સૂત્રકથિત ચારોં તરહકા વ્યાખ્યાન જાનના ચાહિયે,...'** પૂર્વે ચાર કહ્યા હતાને? એ અહીં પણ લઈ લેવા. **'ક્યોંકિ યહી વ્યાખ્યાન બડે-બડે આચાર્યોને માના હૈ.'** જુઓ! **'यस्मात्तस्यैव वृद्धमतसंवादरूपत्वादिति'**. **'वृद्धमत'**. મહા આચાર્યો વૃદ્ધો એને-આચાર્યને. જે કોઈ ભગવાન આત્માને જાણે એ બધું જાણે. એક બોલ.

ભગવાન આત્માને અતીન્દ્રિય આનંદથી અનુભવીને જાણે એનાથી બધા ભેદ ભિન્ન છે એમ જાણે. ભગવાન આત્માને ભાવશ્રુતજ્ઞાનથી જાણે તે શ્રુતજ્ઞાનની તાકાત વ્યાપ્તિની છે લોકાલોક જણાય એવી, પછી લોકાલોકને જાણે. ભગવાન આત્માને જાણે એને અતીન્દ્રિય કેવળજ્ઞાન પ્રગટ થઈને લોકાલોકને જાણે. એવા દરેકમાં ચાર બોલ આ ઠેકાણે પણ લઈ લેવા. આહા..હા..! આ ચોપડાનું જાણે તો કેટલું થાય એવું આમાં કાંઈ ન આવ્યું. લોકો તો એમ કહે છે કે, પાનું ફરે અને સોનું ઝરે. વાતું નથી કરતા? તમારા વાણિયામાં વાતો તો કરે છે નહિ? ચોપડા ફેરવે. પાનું ફરે અને સોનું ઝરે કહે છે. એટલે શું? ક્યાંક કો'કની ઉઘરાણી હોય, લેણું-બેણું રહી ગયું હોય તો યાદ આવી જાય એમ. અહીં તો કહે છે કે, જ્ઞાનનું પાનું ફેરવ ભેગું અંદર જ્ઞાન ઝરે. સોના ઝરે એક કોર એના ઘરે રહ્યા. આહા..હા..! ભગવાન જ્ઞાનનું પાનું મોટું મહા પડ્યું છે અંદર. જેમાં કેવળજ્ઞાન એક પર્યાય, એક શક્તિ, એક શક્તિ હોં! એક જ શક્તિમાં આટલું કેવળજ્ઞાન સત્તા, સત્ત્વ, સત્ત્વ. એક કેવળદર્શન, એક દર્શનમાં કેવળ અનંત સત્ત્વ. એક આનંદનો પાસડો આખો આમ પડ્યો હોય એમાં અનંત આનંદ, એક સ્થિરતાનો ચારિત્રનો એક પાસડો આખો પ્રત્યક્ષ પડ્યો છે પ્રત્યક્ષ. આ છે એકસાથે હોં! ઓલામાં તો કાગળ હોય એક બીજો.

એવો ભગવાન પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ એટલે પરમ સ્વભાવ, પરમ

સ્વભાવ એટલે એક એક ગુણની અનંતી શક્તિવાળા એવા અનંત સ્વભાવ. એવા એક ભગવાનને જેણે અંતર જ્ઞાનથી જાણ્યો એને આ ચારે બોલ જાણવામાં આવી ગયા. ચારે વ્યાખ્યાન ભગવાન વૃદ્ધ સંતોએ કહ્યા છે માટે આમાં એ ચાર લઈ લેવા. સમજાણું કાંઈ ? આહા..હા..!

આત્મા જાણ્યો એણે સર્વ જાણ્યું. 'એગં જાણઇ સવ્વં જાણઇ.' આવે છેને? શ્રીમદ્‌માં આવે છે એ તો આચારાંગ સૂત્રનું, પણ આપણે આવે છેને પ્રવચનસારમાં, ૪૮-૪૯ ગાથા. આત્મા જાણ્યો એણે સર્વ જાણ્યું, સર્વ જાણ્યું એણે આત્મા જાણ્યો. આમ ભેગું. આ જાણ્યું એણે આ જાણ્યું. એક આત્મા, ઓહો..હો..! ત્રણ કાળની પર્યાયવાળો, અનંતા ગુણવાળો. એક સમયમાં અનંતા ગુણવાળો અને એક ગુણોના અંશો ત્રિકાળ રહે. એવા ત્રિકાળ પર્યાયો અને ગુણરૂપ એક સ્વરૂપ એવો આત્મા જેણે જાણ્યો એણે બધું જાણ્યું. સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં બધું સમાઈ જાય. બાર અંગ થઈ જશે એને, કેવળજ્ઞાન થઈ જશે એને, બધા સ્વભાવ પ્રત્યક્ષ જ્ઞાનમાં થઈ જશે. પહેલા આટલા થયા પ્રતીતમાં, અનુભવમાં આવ્યા, એને બધા જ્ઞાન પ્રત્યક્ષ થઈ જશે. એક જાણ્યું એણે બધું જાણ્યું એમ અત્યારે પણ કહેવામાં આવે છે, લ્યો! આમ કીધું. આહા..હા..!

પરમાત્મપ્રકાશ. એ તો સમયસાર કહો કે પરમાત્મપ્રકાશ. સમયસાર એ આત્મા છે. એ પણ પરમાત્મપ્રકાશ છે. ભાષા બીજી છે. સમજાણું કાંઈ ? અરે..! જૈન પરમેશ્વરે વીતરાગદેવે કહેલો આત્મા હોં! અજ્ઞાનીઓ કહે એમ નહિ. અજ્ઞાનીને ખબર નથી કે આત્મા કેવો ને કેટલા છે ને કેમ છે. આ તો વીતરાગ પરમેશ્વર અરિહંત દેવ ત્રિલોકનાથ એમણે કેવળજ્ઞાનમાં જોયેલા આત્માઓ એનો એક આત્મા આવડો છે. સમજાય છે કાંઈ? એવો એકને જે અંતર જાણે એ બધાને જાણે. એ પ્રમાણે જાણે કે મારો આત્મા આવો છે એવા બધા અનંત આત્મા (છે) એમ પણ ખ્યાલમાં આવી ગયા. ખરું કે નહિ? મારો આવો આત્મા એવા બધા આત્મા અનંત આનંદમય છે. બધા આત્મા અનંત આનંદમય છે. વિકાર છે તે ક્ષણિક આસ્રવતત્ત્વમાં છે, વસ્તુમાં એની વસ્તુમાં તો નથી. બધા આત્મા જણાઈ ગયા અને આત્મા બધા જણાતા એનાથી ભિન્ન પરમાણુ આદિ પણ જણાઈ ગયા. પર દ્રવ્યો એનાથી તદ્દન ભિન્ન જેમાં આનંદ ને જ્ઞાન નથી એ પણ જણાઈ ગયા. જેમાં જ્ઞાન ને આનંદ છે એ જણાઈ ગયા અને જ્ઞાન, આનંદ વિનાના પણ જણાઈ ગયા. આહા..હા..! કોઈ દિ' ક્યાં વિચાર કર્યો છે? આ તો આપણું. એને એમ હશે કે આપણું. આપણું એટલે? એ તો જૈન સાધુ હતા. ...ભાઈ!

મુમુક્ષુ :- આપણા હતા કે બીજાના હતા?

ઉત્તર :- બીજા આપણાની કેવા? આ તો આત્માનો સ્વભાવ જ જૈનદર્શન છે. જૈન વીતરાગ કાંઈ વાડો નથી. આત્મા, જેવા અનંત આત્માઓ છે એવું સ્વરૂપ ભગવાને જાણ્યું.

ભગવાને જાણ્યું એવું કહ્યું એ તો વસ્તુનું સ્વરૂપ છે. જૈન આપણે અને પર એવી કાંઈ બે ચીજ નથી. અજ્ઞાનીને ખબર નથી એટલે વાતું કરી છે. આ તો સર્વજ્ઞ પરમાત્માએ જેવો જીવ સ્વભાવ છે (એનાથી) જીત્યો રાગ અને અજ્ઞાનને એને જિન કહેવામાં આવે છે. પૂર્ણ દશા પ્રગટી એને જિનવર કહેવામાં આવે છે. આ તો વસ્તુની સ્થિતિ છે. આમાં ફલાણા ને ફલાણાનો પ્રશ્ન ક્યાં છે. કેમકે આત્મા જ વીતરાગસ્વરૂપ છે અને વીતરાગ એ નિર્દોષ ગુણસ્વરૂપ છે. નિર્દોષ ગુણસ્વરૂપને નિર્દોષ ગુણની પર્યાય દ્વારા જાણવો એ જૈનશાસન છે. બસ! એને જે પામે એ બધા જૈનશાસન છે. આવા એક આત્માને જાણે એ બધું જાણે એમ આમાં ચાર બોલે કહેવામાં આવ્યું.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૧, શનિવાર, તા. ૪-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૦૧ થી ૧૦૩, પ્રવચન-૬૭**

'**આગે ઈસી અર્થકો દૃષ્ટાંત-દાષ્ટાંતસે દૃઢ કરતે હૈં—**' એ ચાર કહ્યાને ચાર બોલ, એને વિશેષ અહીંયાં સમજાવે છે દૃષ્ટાંત આપીને.

१०१) अप्पु पयासइ अप्पु परु जिम अंबरि रवि-राउ।
जोइय एत्थु म भंति करि एहउ वत्थु-सहाउ।।१०१।।

ચાર બોલ કહ્યા હતા ત્યાં કે જે આત્માને જાણે એ બધાને જાણે. કહ્યું હતુંને? આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ સ્વસંવેદનજ્ઞાનથી જાણે એ બધાને જાણે. બીજો બોલ એમ કહ્યો હતો કે આત્મા પોતામાં નિર્વિકલ્પ શાંતિથી અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો, એ અનુભવ તે આત્મા, એ સિવાયનું બધું રાગાદિ તે પર. એમ એક આત્માને જાણતા પર બધા ભેદોને જાણે છે. એમ આવ્યું હતું. સમજાણું? ત્રીજો બોલ એમ આવ્યો હતો કે, આત્મા ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણતા, ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણતા, ભાવશ્રુતમાં અનુમાનથી લોકાલોક આદિ પરોક્ષ જ્ઞાન એમાં જણાઈ જાય છે, લોકાલોક જણાઈ જાય છે. ચોથામાં એમ કહ્યું કે, આત્મા જ્ઞાનાનંદ

સ્વરૂપનું ધ્યાન કરતા પ્રત્યક્ષ જ્ઞાન થઈ જાય એને પૂર્ણ લોકાલોક જણાઈ જાય છે. એમ ચાર બોલ કહ્યા હતા.

**'આગે ઈસી અર્થકો દષ્ટાંત-દાષ્ટાન્તસે દઢ કરતે હૈં—'**

**'અન્વયાર્થ :- જૈસે આકાશ મેં...'** દષ્ટાંત આપ્યો આ. **'રવિરાગઃ'** રવિ એટલે સૂર્યનો પ્રકાશ, રાગ એટલે પ્રકાશ. **'અપનેકો ઔર પરકો પ્રકાશિત કરતા હૈ,...'** સૂર્યનો પ્રકાશ એટલે રવિનો રાગ—પ્રકાશ એને પ્રકાશે છે અને બીજાને પણ પ્રકાશે છે. **'ઉસી તરહ આત્મા અપનેકો, પર પદાર્થોંકો પ્રકાશતા હૈ,...'** આત્મા પોતાને જાણતા એ ચાર બોલ આવ્યા હતાને એનું જ આ દષ્ટાંત આપે છે. આત્મા પોતાના સ્વરૂપમાં સ્વસંવેદનજ્ઞાનથી જાણતા... સમજાણું? પોતાને અને પરપદાર્થને પ્રકાશે છે. **'સો હે યોગી ઈસમેં ભ્રમ મત કર.'** એમ કહે છે. એવો જ એનો સ્વભાવ છે ચિદાનંદ સ્વરૂપ, જ્ઞાનાનંદ ભગવાન આત્મા પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવથી ભરેલો આત્મા, એનું જ્યાં ચોથે ગુણસ્થાનથી સ્વસંવેદનજ્ઞાન થયું ત્યારથી એ પોતાને જાણતા બધાને જાણે. આનંદથી જાણતા ભિન્ન રાગાદિને પણ જાણે. વિશેષ શ્રુતજ્ઞાન દ્વારા વ્યાપ્તિ અનુમાન કરીને બધું પરોક્ષ લોકાલોકને પણ જાણે અને પૂર્ણ થયા પછી તો લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે. **'ઈસમેં ભ્રમ મત કર.'** ભ્રમણા ન કર, સંદેહ ન લાવ (કે) આવો આત્મા હશે? એમ. એક સમયમાં એનું ભાન થતાં બધાને જાણે? ચાર પ્રકાર છે એમાં છેલ્લો લોકાલોક આદિ એ બધાને જાણે એવો આત્માનો એક સમયનો પર્યાય ધર્મ છે. સમજાણું કાંઈ? આવડો એક આત્મા લોકાલોકને જાણે? તે એક સમયની દશામાં? આવડો મોટો આત્મા ક્યાં સંતાઈ ગયો? સંતાણો ક્યાં, છે એમને એમ પડ્યો છે આખો. સમજાણું કાંઈ? એ કહે છે કે, એનું ભાન થતાં એની દશા પ્રમાણે અને પૂર્ણમાં લોકાલોકને જાણે, એમાં સંદેહ કર નહિ. કેમ? **'ઐસા હી વસ્તુકા સ્વભાવ હૈ.'** જુઓ! એ વસ્તુ ભગવાન આત્માનો જ એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- દષ્ટાંત આપે છે, **'જૈસે મેઘ રહિત આકાશમેં સૂર્યકા પ્રકાશ...'** વાદળા રહિત **'સૂર્યકા પ્રકાશ અપનેકો ઔર પરકો પ્રકાશતા હૈ,...'** સૂર્ય પોતાને પ્રકાશે છે અને પરપદાર્થને પણ પ્રકાશે છે. **'ઉસી પ્રકાર વીતરાગનિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમયસારમેં લીન હોકર...'** શું કહે છે? ભગવાન આત્મા પોતાનું પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપ વસ્તુ છે એમાં રાગ રહિત અભેદ શાંતિરૂપ કારણસમયસાર મોક્ષમાર્ગ નિશ્ચય. સમજાણું કાંઈ? શુદ્ધ ભગવાન દ્રવ્યસ્વભાવ વસ્તુ એની અંતરમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શનરૂપ શ્રદ્ધા, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ સ્થિરતા એવો વીતરાગ નિર્વિકલ્પસમાધિરૂપ કારણસમયસાર એ પર્યાય છે. સમજાણું કાંઈ?

'**લીન હોકર...**' વસ્તુ સ્વરૂપ તો કારણસમયસાર ત્રિકાળ છે, પણ આ લીનતાને પણ અહીં કારણસમયસાર કહ્યો છે. અહીં તો ત્રણ પ્રકાર જ એના ને એના. સમજાણું? વસ્તુ એ દ્રવ્ય, દ્રવ્ય એટલે પદાર્થ એ કારણસમયસાર. વસ્તુ, વસ્તુ ત્રિકાળ વસ્તુ જ્ઞાનાનંદનો કંદ એકલો પૂર્ણાનંદનો રસ એ વસ્તુ એ કારણસમયસાર દ્રવ્ય. એમાં રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા એ પર્યાયરૂપ મોક્ષના કારણરૂપ સમયસાર (-મોક્ષમાર્ગ પર્યાય તેથી) કારણસમયસાર. સમજાણું કાંઈ?

'**મોહરૂપ મેઘસમૂહકા નાશ કરકે...**' જેમ ઓલાને વાદળાનો નાશ, એમ પરમાં સાવધાની રૂપી મેઘનો નાશ કર. '**યહ આત્મા મુનિ અવસ્થામેં...**' મુનિ એટલે મૂળ પાઠમાં છદ્મસ્થ અવસ્થા છે. સમજાણું કાંઈ? છદ્મસ્થ અવસ્થામાં અહીં ઉત્કૃષ્ટ વાત લીધી જરી મુનિની ભલે, પણ 'છદ્મસ્થ અવસ્થામાં' એમ છે મૂળ તો પાઠમાં. '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર અપનેકો...**' એ મુનિ છદ્મસ્થ શબ્દ વાપર્યો છે ટીકામાં છે. મૂળ ટીકામાં છદ્મસ્થ છે. છદ્મસ્થનો મુનિ શબ્દ વાપર્યો છે. સંસ્કૃતમાં છદ્મસ્થ છે. છદ્મસ્થ ચોથેથી બાર (સુધી) લેવું છે. અહીંથી જરી... સમજાય છે? ન્યાં આપણે ૨૧ પાને આવી ગયું હતું, ૨૧ પાને આવી ગયું હતું. ચોથા ગુણસ્થાનથી આત્માને ચંદ્રનો દ્વિતીયાનો ભાગ એવું સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થાય છે. ૨૧ પાને છે. સમજાણું કાંઈ?

આ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ વસ્તુ આત્મા એનું સમ્યગ્દર્શનમાં સ્વસંવેદન આત્મા જ્ઞાનનું જ્ઞાન કરે એ રાગની અપેક્ષા વિના... ૨૧ પાને છેને? અહીં છે મારે આ પાનામાં આવ્યું. ૨૧ પાને. ૧૨ ગાથા એમને? અહીં તો પાનું લખ્યું છે એટલે આવી ગયું એમાં બસ. ૨૧ છે જુઓને. '**ચતુર્થ ગુણસ્થાનમેં સમ્યગ્દષ્ટિકે મિથ્યાત્વ તથા અનંતાનુબંધીકે અભાવ હોનેસે સમ્યગ્જ્ઞાન તો હો ગયા,...**' સ્વસંવેદનજ્ઞાન હોં! શાસ્ત્રજ્ઞાન હોય એ વ્યવહાર. સમજાય છે? પર આદિનો વિકલ્પ હોય એ વ્યવહાર. પંચમહાવ્રત આદિ, અહીં તો નીચે ભક્તિ આદિ એ વ્યવહાર, પરદ્રવ્યનો વિકલ્પ આદિ વિચાર એ બધો વ્યવહાર. '**પરંતુ કષાયકી તીન ચૌકડી બાકી રહનેસે દ્વિતીયાકે ચંદ્રમાકે સમાન વિશેષ પ્રકાશ નહીં હોતા,...**' શ્રાવક તો (પાંચમા) ગુણસ્થાનમાં, '**વીતરાગભાવ બઢ ગયા, ઈસ કારણ સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...**' પાંચમે ગુણસ્થાને બીજો કષાય ગયો એટલે સ્વસંવેદનજ્ઞાન સ્થિરતા વિશેષ થઈ જ્ઞાન અને વેદન. સમજાણું કાંઈ? ઓલા કહે, એક જ વાત કરે છે. દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ એ ધર્મધ્યાન. એ તો પરદ્રવ્યનો વિકલ્પ છે. એ તો પહેલો વિકલ્પ હોય છે ધ્યેય ચિત્ત સ્થિર કરવા માટે, પણ એ તો પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? આ જ્ઞાન અંતરમાં થવું એનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભલે બધી વાત આવી હોય. ધવલમાં આવે છેને

ઘણી. કાલે કાઢી હતી. ક્યાં બોલાવવા તમને. પરદ્રવ્ય છેને પરદ્રવ્ય ધ્યેય. એ તો આવે છે, દ્રવ્યસંગ્રહમાં નથી આવતું? આવે છેને? ઓલા ધ્યાનના વિષયમાં ઘણા બોલ આવે છે ઘણા. ઓમ ને, શું કીધું છે? પાંચ પરમેષ્ઠી ને બધું ભર્યું છેને. ઘણા નાખ્યા છે. ચિત્ત સ્થિરીકરણ કરવા માટે પરદ્રવ્યનું ધ્યેય હોય છે પહેલું. એ તો જ્ઞાનાર્ણવમાં નથી નાખ્યું? ઓલી ... શું કહેવાય? જળ ધારણા ને પૃથ્વી ધારણા ને એ બધું શું? વિકલ્પ છે. એવું હોય પણ એ કાંઈ વસ્તુનું મૂળ સ્વરૂપ નથી. એ તો અશુભથી ખસવા એ આવે. એ મૂળ જ્ઞાન નથી, મૂળ શ્રદ્ધા નથી, મૂળ શાંતિ નથી. સમજાણું કાંઈ? સમજાણું? ભીખાભાઈ!

ભગવાન આત્મા સ્વ ચૈતન્યમૂર્તિ અખંડાનંદ પ્રભુ એનું અંદર ધ્યેય બનાવીને... સમજાણું? જે જ્ઞાનનું જ્ઞાનમાં વેદન થવું, જ્ઞાનમાં પ્રત્યક્ષપણું અંદર થવું, જ્ઞાન પ્રત્યક્ષ પોતાને વેદે એવો અંશ તો ચોથે ગુણસ્થાનથી પ્રગટ થાય છે. બાકી જેટલી વાતું કરી હોય એ બધી પરદ્રવ્યનો પહેલો વિકલ્પ હોય છે સ્થિરતા માટે, એમાં શું થઈ ગયું? એટલે વસ્તુ એ થઈ ગઈ? કહો, ધર્મચંદજી! એ તો વસ્તુ એ થઈ અત્યારે તો. આવાને આવા ગપ્પા મારે. વસ્તુ તે આખી પદાર્થ કીધુંને, ભ્રમ ન કર. તારો સ્વભાવ એવો છે. એ જ્ઞાન સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં પણ વેદાય છે. સમ્યક્ ચૈતન્ય સ્વતઃ સ્વતઃ રાગ વિના, પર વિના, પરદ્રવ્યના ધ્યેય વિના, સ્વદ્રવ્યનું ધ્યેય. એ તો પરદ્રવ્યનો વિચાર આવે, પહેલો આવે જરી અશુભ ટાળવા, ણમો અરિહંતાણં વિચાર કરે. ઓમ ને ૩૫ અક્ષર નથી આવતા? સિદ્ધ ને આચાર્ય ને ઉપાધ્યાય બધું એનું આવે. એમાં શું છે? સમજાણું? અહીં છદ્મસ્થ અવસ્થાની વાત લીધી છે. એ છદ્મસ્થમાં બધું આવી ગયું.

આત્મા છદ્મસ્થ '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર અપનેકો ઔર પરકો કુછ પ્રકાશિત કરતા હૈ,...**' સમજાણું? એ પહેલેથી આત્મા છદ્મસ્થ અવસ્થામાં ઓલી કેવળજ્ઞાન અવસ્થા પછી લેવી છેને એટલે આ લીધી, ચોથે ગુણસ્થાનથી પોતાનું જ્ઞાન જ્ઞાનને જાણતું પરને જાણે એવો ભાવ ચોથેથી પ્રગટ થાય છે. મુનિને વિશેષ છે. તેથી અહીં જરી મુનિ નાખ્યા. '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર અપનેકો ને પરકો કુછ પ્રકાશિત...**' કુછ પ્રકાશિત એ શબ્દ રહ્યો, થોડો પ્રકાશ છે. '**પીછે...**' હવે, પહેલા અને પછી. ચોથાથી તે બારમા સુધી સ્વસંવેદનજ્ઞાનના પ્રકાર શુદ્ધતાના અંશ વધે. સમજાય છે? પણ એમાં કુછ પરને જાણે. સ્વને અને પરને કુછ જાણે. સમજાય છે? પૂરું બધું ન જાણે. ભલે પૂરું અપેક્ષાથી કીધું વ્યાપ્તિજ્ઞાનથી. ... સમજાણું?

'**પીછે અરહંત અવસ્થારૂપ...**' ભગવાન આત્મા પોતાના આનંદમાં, જ્ઞાનાનંદમાં લીન થઈ જે કારણસમયસાર જે પ્રગટ કર્યું એમાંથી વિશેષ લીન થઈ '**કાર્યસમયસાર સ્વરૂપ પરિણમન કરકે...**' લ્યો! હવે એનું ફળ એ આવ્યું. '**કાર્યસમયસાર સ્વરૂપ પરિણમન...**' કાર્ય એટલે

કેવળજ્ઞાન એ કાર્યસમયસાર. કારણસમયસાર સ્વરૂપનો મોક્ષમાર્ગ એ કારણસમયસાર. ઓલું દ્રવ્ય કારણ એ અહીં લેવું નથી. સમજાણું? વસ્તુ તો ભગવાન કારણ પરમાત્મા ત્રિકાળી.

પરમાત્મપ્રકાશ છેને. દ્રવ્ય જે છે એ તો કારણપરમાત્મા ત્રિકાળી. ભગવાન આત્મા એક સમયમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ, અનંત સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા એવી અનંત શક્તિનો પિંડ આખું તત્ત્વ દ્રવ્ય એ તો કારણપ્રભુ, કારણપરમાત્મા. એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સ્થિરતા એ કાર્યસમયસાર કેવળજ્ઞાન એનું કારણરૂપ સમયસાર પર્યાય, એ પર્યાય. એ પર્યાયનું ફળ કાર્યસમયસાર પરિણમન કરકે. પૂર્ણ સ્વરૂપ જોયું? કાર્યસમયસાર(રૂપ) પરિણમન કરકે. સમજાણું? '**कार्यसमयसाररूपेण परिणम्य**' એમ છે પાઠ.

ભગવાન આત્મા આમ જ્ઞાન કેવળજ્ઞાનમય તો છે પણ એનું ધ્યાન કરતાં, સ્થિરતા કરતાં પ્રથમ થોડું પરને જાણે, સ્વને જાણે પછી એકદમ પૂર્ણ દશા સ્થિર થતાં આ આત્મા જ પોતે ત્રણ કાળ, ત્રણ લોકને કાર્યસમયસારનું પરિણમન કરીને કેવળજ્ઞાનમાં જાણે. ભ્રાંતિ ન કર એમ કહે છે. એ વસ્તુનો એવો સ્વભાવ છે. અહીં જુઓને ચોથું પદ તો એ લીધું. ભાઈ! તું ભ્રાંતિ ન કર, વસ્તુ એવી જ છે ઈ. એકલો નિઃસહાય, પરની સહાય વિના. ભગવાન આત્મા પૂર્ણાનંદ એના સ્વસંવેદનજ્ઞાનની સ્થિરતા દ્વારા પૂર્ણ કાર્યસમયસાર પરિણમે. બધું ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો એનો સર્વજ્ઞ જે સ્વભાવ શક્તિમાં હતો એ ધ્યાનથી વ્યક્ત પર્યાયમાં પ્રગટ થયો. એમાં સંદેહ ન કર કે આવી ચીજ હશે? આમ હશે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**वस्तुस्वभावः एष वस्तुस्वभावः**'. આહા..હા..! '**કેવળજ્ઞાનસે નિજ ઔર પરકો...**' આચાર્યે પોતે નાખ્યું. '**સબ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવસે પ્રકાશતા હૈ.**' એ સ્પષ્ટીકરણ કર્યું છે પાઠમાં નથી. સમજાય છે? સ્વ પરમ પ્રકાશિત છેને એટલે બધું ચોખ્ખું કરી નાખ્યું. આત્મા આ આત્મા એટલે લોકોએ શ્રુતમ્ શ્રુતમ્—સાંભળ્યો નથી. એમ કીધુંને કુંદકુંદાચાર્યે? સમજાણું? જેચંદભાઈ! સાંભળ્યો નથી કહે છે. 'શ્રુત પરિચિત અનુભૂતા' બધું સાંભળ્યું છે એ બધું પર. પણ ભગવાન આત્મા કેવો એણે સાંભળ્યો નથી. આહા..હા..! સ્વથી એકત્વ ને પરથી ભિન્ન એવો ભગવાન આત્મા અંદર કોણ છે, એણે સાંભળી નથી વાત. સાંભળી નથી તો પરિચય કર્યો નથી, ટેવ પડી નથી ને ટેવ પડી તો અનુભવ કર્યો નથી. આ જગતના ઊંધા કર્યા બધા. કામ ભોગ-રાગ કરવો ને રાગને ભોગવવો, રાગ કરવો ને રાગને ભોગવવો એવું સાંભળ્યું, વેદ્યું, પરિચય કર્યું અને વેદ્યું. એ નહિ, નકામું એ તો ... લઈને. પછી સારું હોય તો તો ત્યાં ન થાત. કહો, સમજાણું આમાં? એ.. ..ભાઈ! આ તો શરીર કામ ન કરે એટલે ખેદ થાય, એ કરતા ઓલું... એમ નહિ. આ તો ઈન્દ્રના અવતાર-ભવ હોય, સગવડતાના પાર ન હોય તોપણ તે દુઃખદશા છે. કરોડો અપ્સરાઓ, બે સાગરની સ્થિતિ શક્રેન્દ્રની. સમજાય

છે? બત્રીસ હજાર વિમાનનો લાડો, એક એક વિમાનમાં અસંખ્યાતા દેવ કેટલાક વિમાનમાં. સમજાય છે? એ પણ દુઃખી છે. કેમકે પર તરફના લક્ષની આકુળતામાં દુઃખી છે. એમ દુઃખ દેખીને જે પાછો ફરે એને સાચું કહેવામાં આવે. આમ શરીરની અનુકૂળતા ન હોય ત્યાં... સમજાણું કાંઈ? એ સાતમી નરકનો નારકી ઉત્કૃષ્ટ પ્રતિકૂળતા અને વચલી પ્રતિકૂળ આ તો સાધારણ. અને ઉત્કૃષ્ટ અનુકૂળતા સ્વર્ગમાં. આપણે આ લ્યોને સ્ત્રીવાળો દેવ. શક્રેન્દ્ર જેને બત્રીસ લાખ તો વિમાન છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ, એનો સાહેબો અર્ધ લોકનો નાથ, કરોડો અપ્સરાઓ, કોઈ દિ' રોગ નહિ, કોઈ દિ' ક્ષુધા નહિ, તૃષા નહિ બહારની કાંઈ એને રોટલા પાણી જોતા હોય. અમુક આમ તૃષા લાગે ત્યાં અમૃત ઝરે. એ જીવ પણ દુઃખી છે. ચીમનભાઈ! કેમ? કે પરદ્રવ્યના ઓશિયાળાની લાગણી છે. એને સ્વદ્રવ્ય શુદ્ધ ચિદાનંદ મૂર્તિ કોણ છે એની ખબર નથી. ભલે ખબર હોય તોપણ જેટલી અસ્થિરતા એટલી (આકુળતા) છે. એ તો જ્ઞાની છે, શક્રેન્દ્ર તો સમકિતી છે, ભાન છે. એને આનંદ આગળ બધી રાગાદિ, ઈન્દ્રિય, અપ્સરાઓ બધી પર લાગે છે. આ નહિ... આ નહિ... આ નહિ... આ નહિ. એના પ્રત્યેનો રાગનો, ભોગનો વિકલ્પ ઉઠે એ બધું દુઃખદાયક ભાસે છે. ઈન્દ્રને એ દુઃખદાયક ભાસે છે. આહા..હા..! બે સાગર. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ એટલું આયુષ્ય. પણ એને રાગાદિ આ બધું દુઃખદાયક ભાસે છે. શાસ્ત્રમાં આવે છેને એ અંગારાથી સળગે છે. પુણ્ય પરિણામના ફળ તરીકે આવ્યા અંગારા છે, સળગે છે અંદર. આ પ્રતિકૂળતા એ નહિ. સમજાણું?

ભગવાન આત્મા અનાકુળ આનંદમૂર્તિ પ્રભુ એના આશ્રય વિના જેટલો પરનો આશ્રય લે છે, વિકલ્પ ઉઠે છે, એ અંગારામાં શેકાય છે. એટલા પુણ્યના ફળમાં પણ, પુણ્યના ફળમાં આખું વિમાન તે મોટું દેવલોક જેટલું લાગે. એને તો મોટું હોયને. બત્રીસ લાખ વિમાન, એક એક વિમાનમાં અસંખ્ય દેવ એનો સાહેબો. બે સાગરની સ્થિતિ, કરોડો અપ્સરાઓ. એની તરફની વૃત્તિની લાગણી અંગારા શેકાય છે, દુઃખ.. દુઃખ.. દુઃખ.. એ દુઃખ ભાસીને અંદરમાં ગયો છે એને આનંદ આવે છે. આમ એકલા નરકના દુઃખ ભાસ્યા, પ્રતિકૂળ શરીર થયું માટે દુઃખ (લાગે) એ તો દ્વેષ કર્યો એના ઉપર. સમજાણું કાંઈ? આહા..હા..! એક જણો કહેતો હતો, પુણ્યના ફળ એને ભોગવવા તો દ્યો. નાગલપુર. ... ભોગવવા તો દ્યો સુખ એને પહેલું, પછી વળી મોક્ષ જશે. ધૂળમાં પણ નહિ જાય, સાંભળને. જે દેવલોકમાં સુખ માને એ તો મૂઢ જીવ છે. એવી સગવડતાને સુખ માને એ મહા પાખંડી મિથ્યાદૃષ્ટિ જીવ છે. ચિદાનંદ ભગવાન આનંદનો કંદ એમાં આનંદ મૂકીને બહારમાં (આનંદ માને) એ પદાર્થનું સ્વરૂપ છે? એ પદાર્થનું સ્વરૂપ છે? એ રાગમાં, ઈન્દ્રાણીમાં સુખ માનવું એ પદાર્થનું સ્વરૂપ છે? એ તો વિરુદ્ધ છે.

પદાર્થ તો ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે એવો પદાર્થ એની પ્રતીત ને એમાં આનંદ છે એમ માનવું. એમ જેવો છે તેમ પદાર્થ એમ માન્યો કહેવાય. સમજાણું કાંઈ?

એ રાગ ઉઠે તો આસ્રવ છે, દુઃખદાયક છે. એ પદાર્થનું સ્વરૂપ (નથી). એમાં આનંદ છે? બહાર સંયોગ મળે એ અજીવતત્ત્વ છે, એમાં આનંદ છે? એ પદાર્થનું સ્વરૂપ છે? સમજાણું કાંઈ? અજીવના ગંજ અનુકૂળ એ દુઃખના બધા નિમિત્તો, એના (તરફની) લાગણી (ઉઠે એ) ઉપાદાન અશુદ્ધ એકલું દુઃખ. એકલો પદાર્થ આનંદમય વસ્તુ છે. એવા આનંદનો આશ્રય છોડી અને જેટલો આશ્રય પરમાં લે, દુઃખ છે. એમ દેખીને પાછો હટીને આત્માનું જ્ઞાન કરે એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય. આમ કંટાળીને કરે એ ક્યાં હતું? એ તો દ્વેષ થઈ ગયો. સમજાણું કાંઈ? એથી કહે છે, જુઓને! સ્વસંવેદનજ્ઞાન. આહા..હા..!

પરકો જાનતે હૈ ... અને આ કાર્યસમયસારમાં તો સર્વ દ્રવ્ય... ભગવાન જ્યાં આત્મા પોતાના સ્વરૂપમાં ઠરે અને જ્યાં કાર્યસમયસાર કેવળજ્ઞાનપણે થાય (એટલે) બધા દ્રવ્ય, બધા ક્ષેત્ર, બધો કાળ લીધો આમાં (એ જણાઈ જાય). ઓલો કહે સર્વજ્ઞ હોય પણ ત્રિકાળને ન જાણે. ભગવાન શું કરે છે આ જીવ? અરે..! કઈ રીતે ચાલ્યો કાળ પણ આ? ઓહો..હો..! આવો મહાન પદાર્થ જેની શક્તિના સત્ત્વનું અપારપણું, એની પ્રગટની પર્યાય અપાર એક સમયમાં પ્રગટી છતાં આખો પિંડ તો પડ્યો છે એવોને એવો. આહા..હા..! જેની ખાણમાંથી કેવળજ્ઞાન વહ્યા જ કરે, કેવળજ્ઞાન ખાણમાંથી એક એક સમયે નીકળ્યા જ કરે. કહો, ...ભાઈ! ભગવાન આત્મા એવડો પદાર્થ ખાણ છે. ઓલો કહે, સો વર્ષ સુધી નીકળે તો અમારે ખુટે એવું નથી. અહીં તો અનંત કાળ કેવળજ્ઞાન નીકળે તો ખુટે એવું નથી એવું આ દ્રવ્ય છે. ચીમનભાઈ! શાંતિલાલ છેને, એ કહે છેને અમારે. ગોવા ગોવા. ક્યાં ગયા પ્રેમચંદભાઈ? એના મામાના દીકરા છેને. ચાલીસ કરોડ રૂપિયા. ખુટે નહિ અમારે, લાખ લાખ દરરોજના. એક દિવસના લાખ. એક દિવસના લાખ. કેટલા પેઢી? કે, સો વર્ષ સુધી નહિ ખુટે. કારણ કે બાવીસ કેટલા માઈલમાં જમીન લીધેલી (એમાંથી) મેંગેનીઝ નીકળ્યું. શું કહેવાય ઈ? એવું કાંઈક નીકળ્યું, ધૂળ નીકળી. એમ વાતું કરે. પણ તારે કેટલું જીવવું અહીં? એમ કે ... પેઢી મારે ખાય તોપણ નીકળે. કારણ કે એટલી જમીન છે. .. વધારે કહેતો હતો. એનો બનેવી છેને. પોપટભાઈ લીમડીવાળા, નહિ? ... પેઢીની પેઢી (ખાય). એના મનમાં... કોણ જાણે શું થાશે? છે તોપણ અત્યારે ક્યાં સુખ છે? એ લાખ, લાખ પેદા કરે એક દિ'ના લાખ, પચાસ હજાર જાય મજૂરીમાં અને પચાસ હજાર નગદ રહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નાખે, પૈસા વધી ગયા તો નાખે. ...

અહીં તો કહે છે કે, એ ખુટે નહિ જમીનની ખાણ. કહે છે, પણ આ એવી ખાણ છે આત્માની કે જેમાંથી કેવળજ્ઞાન એક સમયનું રત્ન આમ પ્રગટ થાય (એ) સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણે. એવું કેવળજ્ઞાન બીજે સમયે પાછું આવે, ત્રીજે સમયે આવે. સાદિ-અનંત કાળ એનું દ્રવ્ય રહે ત્યાં સુધી નીકળ્યા જ કરશે. એવી આત્માની ખાણ છે. આહા..હા..! એને બેસતું નથી. આવો આત્મા હશે? તેથી આચાર્યે કહ્યું, ભાઈ! એ વસ્તુસ્વભાવ છે, શંકા ન કર. આહા..હા..! સમજાણું કાંઈ? ધૂળમાં પણ નથી બહારમાં. બધા દુઃખના, દુઃખના દાળિયા શેકાય છે દુઃખથી. ઈન્દ્રો શેકાય છે તો હવે આ બધા ધૂળ, અહીંયા ચાલીસ કરોડ, પચાસ કરોડ, અબજ શું છે? ધૂળ. ચીમનભાઈ! શું હશે? પ્રતિકૂળતાની વાત નહિ હોં! આ પ્રતિકૂળતા આવે અને ઓલું પકડાય ઈ નહિ. આ તો અનુકૂળતાની લહેર ચાલી જતી હોય. મોહનભાઈ! એ મોહનભાઈ! અનુકૂળ, અનુકૂળ. કરાચીમાં ભાગવું પડે એવું નહિ. આમ અનુકૂળથી, અનુકૂળ, અનુકૂળથી અનુકૂળ ચોસલા હાલ્યા જ કરતા હોય, નીકળ્યા કરતા હોય. પણ એના તરફનો આશ્રય ભાવ તે એકલો શેકાય છે. દુઃખથી શેકાય છે, આનંદની લૂંટ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા... એ પરદ્રવ્યનો વિચાર ને વિકલ્પ એ પણ રાગ ને વિકાર છે. લે! એ તો અપેક્ષાથી વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! તારો સ્વભાવ, કહે છે કે, એ વસ્તુ સ્વભાવ આમ વર્ણવે જુઓને આચાર્ય! **'एष वस्तुस्वभावः' 'म भंति करि'**. ભ્રાંતિ ન કર, ભ્રમ ન કર ભગવાન! તારું સ્વરૂપ તો આહા..હા..! અનંત અનંત આનંદ, અનંત અનંત જ્ઞાનથી ભરેલો આખો પદાર્થ અરૂપી સ્વભાવ ભરેલો, એની ખાણમાંથી કેવળજ્ઞાન નીકળ્યા જ કરે, નીકળ્યા જ કરે છે. એ કેવળજ્ઞાન કેટલું? સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ ને સર્વ ભાવને જાણે એવો તારો સ્વભાવ, એની તું ખાણ આત્મા, એનો અનુભવ કર ને એનો આશ્રય કર, એ સિવાય બધા થોથે થોથા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સબ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવસે પ્રકાશતા હૈ.'** સર્વ જાણે એમાં વળી કાળ બાકી ક્યો રહી ગયો હશે? એક સમય સ્વભાવ, સ્વભાવની પ્રગટતાની એક સમયની હદ, અપ્રગટતા ત્રિકાળી, અપ્રગટ સ્વભાવની ત્રિકાળ, પ્રગટની એક સમયની હદ. હદના માપ શા? એના બેહદ સ્વભાવનું માપ તો અપાર પણ આમ એક સમયનો પર્યાય પ્રગટ અમાપ... અમાપ... અમાપ... અમાપ... એવો જેનો સ્વભાવ છે, એ વસ્તુનું સ્વરૂપ છે, સંદેહ ન કર, નિભ્રાંત થા, નિઃસંદેહ થા અને આત્માને આ રીતે અનુભવ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ આશ્રય વસ્તુ જ એવી છે, એમાં શું? વસ્તુ જ એવી છે, એના માપ

શા? સ્વભાવને હદ શી? આહા..હા..! અરે..! એને ખબર ન મળે. આ તો અમુક ચીજ મળી, પાંચ-પચાસ લાખ કે રાજ મળ્યું કે ધૂળ મળી, આ મળ્યું (તો)... ઓહો..હો..! શું મળ્યું પણ તને? ધૂળ મળી છે. સમજાણું કાંઈ? શેકાય છે અગ્નિમાં. આમ દેખે... આહા..! આહા..! એ શું છે? એ વિકારનો ભાવ ઉઠ્યો એમાં સળગે છે ઈ.

'**યહ આત્મ-વસ્તુકા સ્વભાવ હૈ,...**' લ્યો! '**ઈસમેં સંદેહ નહીં સમઝના. ઈસ જગહ ઐસા સારાંશ હૈ, કિ જો કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંતસુખ, અનંતવીર્યરૂપ કાર્યસમયસાર હૈ,...**' છેને? પર્યાય કીધી. '**વહી આરાધને યોગ્ય હૈ.**' પ્રગટ કરવાલાયક છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, એકલું દર્શન, એકલું જ્ઞાન, એકલો આનંદ, એકલું વીર્ય એ પ્રગટ કરવા લાયક છે. પ્રગટ કરવા લાયક છે એટલે દ્રવ્યમાં એકાગ્ર કરવા લાયક છે. આહા..! સમજાણું કાંઈ? લ્યો! મોક્ષમાર્ગ પ્રગટ કરવા લાયક નહિ, ઓલું પ્રગટ કરવા લાયક. પ્રગટ કર્યું એમાં એટલામાં અટકીશ નહિ. પ્રગટ કરવાલાયક ઠેઠ સુધી. ૧૦૧ (થઈ). લ્યો!

'**આગે ઈસી અર્થકો ફિર ભી ખુલાસા કરનેકે લિયે દૃષ્ટાંત દેકર કહતે હૈં—**' લ્યો! આ ઓલું કીધું હતુંને સૂર્યનો પ્રકાશ, હવે વળી તારા (કહે છે).

**૧૦૨) तारायणु जलि बिंबियउ णिम्मलि दीसइ जेम।**
**अप्पए णिम्मलि बिंबियउ लोयालोउ वि तेम।।१०२।।**

'**અન્વયાર્થ :- જૈસે તારાઓંકા સમૂહ...**' તારાના સમૂહ. એક ચંદ્ર, એક સૂર્ય એની સાથે અઠ્યાસી ગ્રહ, અઠ્યાવીસ નક્ષત્ર, છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા. એક ચંદ્ર અને એક સૂર્યની સાથે છાસઠ હજાર... શું કીધું? નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા. એ તો ખામણામાં આવે છે. કર્યું હશે કે નહિ? ગડિયો કર્યો હતોને. કર્યું હતું તમે પડિકમણુ કર્યું હતું મોઢે કે નહિ કર્યું હોય? છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા. એક ચંદ્ર અને એક સૂર્યનો એટલો પરિવાર. એટલા એવા એવા અસંખ્ય ચંદ્ર અને અસંખ્ય સૂર્ય. અઢી દ્વિપ બહાર છેને ઘણા. એક એક ચંદ્રની સાથે એક સૂર્ય, અઠ્યાવીસ નક્ષત્ર, અઠ્યાસી ગ્રહ, છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડ, એકલા કરોડ નહિ, ક્રોડાક્રોડ. ઘરમાં એક હાંડી બે ચાર દેખી હોય, દીવા દેખે તો ઓહો..હો..! બે-ચાર દીવા કર્યા હોય, મોટો બંગલો હોય તો એક આમ રાખે.. અહીં ફૂટી ગયું લાગે છે. એક આમ રાખે, એક આમ રાખે. આ તો લોકમાં, કહે છે કે, અસંખ્ય અસંખ્ય ચંદ્ર અને અસંખ્ય સૂર્ય. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેવળજ્ઞાનમાં જણાય નહિ? કેવળજ્ઞાનમાં બાકી છે? આ શું કીધું? સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જાણે એમાં બાકી શું રહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ તારા જ્ઞાનમાં જેટલી સંખ્યા હોય એ જણાયા વિના રહે? ગણવું હતું ક્યાં? અનંત અનંત દ્રવ્ય, અનંત અનંત ક્ષેત્ર, અનંત અનંત કાળ, અનંત અનંત ભાવ એક સમયમાં જણાય. જ્ઞાન સ્વભાવ એ તો તેથી કહ્યું છે. ભાઈ! વસ્તુનો સ્વભાવ (છે એમાં) સંદેહ ન કર. સંખ્યા એને... બધું આમ એક સમયમાં હસ્તામલની પેઠે જણાય પ્રત્યક્ષ, પ્રત્યક્ષ જણાય છે, પ્રત્યક્ષ જણાય છે. આહા..હા..! એક દ્રવ્યના એક જ્ઞાનની એક પર્યાયનો આવડો સ્વભાવ! સમજાણું કાંઈ?

એક દ્રવ્યના એક જ્ઞાન-ગુણની એક સમયની પૂરી પર્યાયનો આવડો સ્વભાવ. બધું દ્રવ્ય, બધા ક્ષેત્ર, પૂરો કાળ, પૂરું ક્ષેત્ર, બધા દ્રવ્ય, બધી શક્તિઓ, એક એક દ્રવ્યની પાછી એવી અનંતી શક્તિઓ બધાને એક સમયમાં જાણે. અરે..! જ્ઞાન તે કોને કહે! અને જેનો સ્વભાવ જ્યાં પ્રગટ થઈ ગયો આહા..! એવી એવી પર્યાય અનંત, એવી એવી અનંત, અનંતા-અનંત, અનંતને ગુણે અનંત વર્ગ કરે એ બધો પિંડ પડ્યો છે એવો ગુણવાન. એનું વેદન કર, એમાં એકાગ્ર થા, કેવળજ્ઞાન થશે. સમજાણું કાંઈ? અહીં તો પરમાત્મપ્રકાશ છેને ગ્રંથ આ. વળી શું કહે છે?

**'જૈસે તારાઓંકા સમૂહ નિર્મલ જલમેં પ્રતિબિમ્બિત હુઆ પ્રત્યક્ષ દિખતા હૈ,...'** શું કહે છે? આમ જળને દેખતા એ તારાઓ જેટલા છે આમ દેખાય અંદર હોં! તારા સામું જોવું ન પડે. આમ જળને દેખતા બધા તારા જણાય એમાં. આ જ્ઞાનનો પર્યાય પ્રગટ નિર્મળ એને જાણતા લોકાલોક જણાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગ-દ્વેષનો તારો સ્વભાવ નહિ, શરીર-ફરીર તારા નહિ. તારો તો આવો સ્વભાવ છે.

મુમુક્ષુ :- આ જ ભવમાં થાય એવું છે?

ઉત્તર :- આ ભવમાં થાય છે, થયેલું છે અને થશે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનને પ્રગટ કરવાનું સ્વસંવેદનજ્ઞાન તો થાયને. એ કેવળજ્ઞાન પણ થયું શ્રદ્ધામાં, જ્ઞાનમાં કેવળજ્ઞાન થયું, શ્રદ્ધામાં જ્ઞાન થયું, ઈચ્છાએ કેવળજ્ઞાન થયું, મુખ્ય નિશ્ચયનયની અપેક્ષાએ કેવળજ્ઞાન વર્તે છે એમ પણ કહેવાય. સાંભળને. આહા..હા..! પણ રાંકો થઈને બેઠો છેને. એને આવો મોટો આત્મા (બેસતો નથી). તેથી આચાર્યને કહેવું પડ્યું, સંદેહ ન કર. એ વસ્તુની સ્વભાવની જાત જ એવી છે. **'एष वस्तुस्वभावः'** દેખો! આવો વસ્તુનો સ્વભાવ (છે) એમ કહે છે. ઐસા હી વસ્તુકા સ્વભાવ હૈ. આહા..હા..! સમજાણું કાંઈ? એને જ્યાં પાંચ પચાસ લાખ થઈ જાય ને એમાં બધા લુગડા-લત્તા ને દાગીના ને મકાનો જ્યાં થાય ત્યાં ઓહો..હો..! હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય લ્યો. કેટલા મકાન... શું થાતું હશે તમારે પુનમચંદને? કેટલું

કર્યું! ઓહો..હો..! બે, અઢી કરોડ રૂપિયા. હજી ચાલીસ વર્ષની ઉંમર અને હજી બાપ ને બાપના ડોસા બેઠા છે. સૌથી વધી ગયા આ તો. શેમાં? ધૂળમાં. આહા..હા..! બાપુ! એ વધું, એ વધવું એ વધવું નથી. શ્રીમદ્ ન કહ્યું? 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો'. આટલું મળ્યું તોય નરદેહને હારી જવો? કુટુંબ વધ્યું, લક્ષ્મી વધી, અધિકાર વધ્યો, મોટા લક્ષ્મીવાળાને આપે મોટું બિરુદ. આપે કે નહિ? ચંદુભાઈ! શું કહેવાય તમારે ન્યાં? મુંબઈમાં મોટો મેયર કહે, ફલાણું ઢીંકણું ને મેયર મોટો મણકો. આ બધા પાપના કરનારમાં મોટો. લક્ષ્મી, અધિકાર વધતા શું (વધ્યું)? કુટુંબ કે પરિવાર વધ્યો. એક ડોસા અને પાંચસો માણસ ઘરમાં. છોકરા દશ ને એના છોકરા ને એના છોકરા ને એના છોકરા પાંચ પેઢીએ. ઓહો..હો..! તે શું છે પણ? અને બધા સારા ને સરખા. રૂપાળા ને લાંબા ને મોટા યોદ્ધા જેવા. 'નરદેહને હારી જવો' એ નર દેહને હારી જવાના લખણ છે બધા. 'એનો વિચાર નહિ અહોહો, એક પળ તમને હવો'. ચીમનભાઈ! આહા..હા..! પણ આ ભગવાન આવા સ્વભાવવાળો વૈભવ તને બેઠો નથી. આ વૈભવ તને બેસે છે કહે છે.

ભગવાન વૈભવનો ભંડાર છે જુઓ! કુંદકુંદાચાર્ય લખે છેને, હું મારા વૈભવથી કહીશ. એ તો પર્યાયનો વૈભવ, એ તો પર્યાયનો વૈભવ હોં! દ્રવ્યના વૈભવનું શું કહેવું! ઓહો..હો..! ઓલા કરીયાવર પાથરેને જ્યારે કાંઈક એમાં છોકરીને પચાસ હજારનો લાખનો કરીયાવર આપતા હોય તો ઓહો..! આવા વીંઝણા ને શું કહેવાય એ? મોતીના ભરેલા હોય અને એ લાકડી ઉપર મોતી ભરેલી હોય. લાકડી હોયને જાલવાની? એમાં મોતી હોય. આમ લટકતા હોયને. દશ-દશ આ છે, પચ્ચીસ આ, પાંચસો સાડીઓ છે ને ઢીંકણું આ છે ને આટલું આ છે અને આ એક લાખ... તોલા સોનું આપવાના છીએ, ફલાણું, ઢીકણું. બધાને બોલાવે આખા કુટુંબને. વિમલચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને ત્યારે લાગે મોટો. પાંચ પાંચ કરોડના આસામીને લાખોનું આપવું એમાં શું છે? એટલું ન આપે છોકરીને? આહા..! એલા જુઓ તો. શું છે? હોળી છે ન્યાં બધી. આ તારો વૈભવ (છે). જુઓ! આ કરીયાવર ભગવાન બતાવે તારો આ ભગવાન. તારા દ્રવ્યના વૈભવની શું વાતું કરવી કહે છે. સમજાય છે? એ તો એક પુણ્યના, એક ક્ષણના શુભભાવ એના સાધારણ શુભ એના આ બધા ઢગલા દેખાય કહે છે. તો તારા શુદ્ધ ભાવના પરિણામમાં જે આખો આત્મા જણાય એના ફળ તરીકે કેવળ એના વૈભવની શું વાતું કરવી! આહા..હા..! ઓલો તો એક શુભભાવ જરી કર્યો હોય પુણ્યનો, નિગોદમાંથી થયા હોય શુભ હોં! એનું આ

બધું મળે કરોડનું, અબજોપતિનું તો રાજા થાય. નિગોદમાંથી નીકળ્યો લ્યો! ન્યાં ક્યાં દાન દેવાનું છે. કાંઈ પૈસા-બૈસા નથી, શુભભાવ થયેલો. એલા! શુભભાવની આટલી સંપદા તને બહુ લાગે તો જે શુદ્ધ ભાવ એની સંપદા અને શુદ્ધ જેમાંથી નીકળે એની સંપદાનું શું તને વૈભવનું માહાત્મ્ય નથી આવતું? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, નિર્મળ જળમાં પ્રતિબિંબિત થયા. એ જળમાં તારા જે પ્રતિબિંબિત થયા છેને, એ જળ દેખતા ઈ દેખાઈ જાય છે એમ કહે છે. '**ઉસી તરહ મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંસે રહિત સ્વચ્છ આત્મામેં સમસ્ત લોક-અલોક ભાસતે હૈં.**' લ્યો! એ જ્ઞાનનો પર્યાય નિર્મળ થયો એમાં બધું ભાસે છે. આહા..હા..! ચાર બોલ કહ્યા હતાને, એનું ને એનું આ બધું વધારે દૃષ્ટાંત છે. ઓલો દૃષ્ટાંત આપ્યો હતો અને આ દૃષ્ટાંત...

ભગવાન આત્મા એકને જાણતા '**जगु जाणियउ**'. આ એ ગાથાનો બધો વિસ્તાર છે. એક જીવને જાણતા, આત્માને જાણતા જગતને જાણ્યું. જગતના પ્રકાર પાડ્યા ચાર. ભગવાન આત્માનું જ્ઞાન થતાં પર બધી વસ્તુ શું છે એ પણ બધી જાણવામાં આવશે. એક જાણ્યું એણે બધું જાણ્યું. આનંદમય જાણતા એનાથી વિરુદ્ધ, આનંદથી વિરુદ્ધ બધા ભાવો, ભેદો તારા ખ્યાલમાં આવી જશે કે, આનંદથી આ બધી જાત જુદી છે. જ્ઞાનમાં અનુભવ શુદ્ધ થતાં એના વ્યાપ્તિજ્ઞાનથી આ બધું લોકાલોક આવું હોવું જોઈએ એમ અનુમાન જ્ઞાનમાં જણાઈ જશે, કેવળજ્ઞાનમાં પૂર્ણ જાણશે. એક જાણ્યું એણે બધું જાણ્યું એમાં આ ચાર બોલ લીધા. પણ અહીં કહે છે કે તારો જ્ઞાન પર્યાય જણાણો એમાં એ જણાઈ જાય. સમજાણું કાંઈ? જુઓ! અહીંથી લીધું છેને? મિથ્યાત્વ રાગાદિ વિકલ્પજાલ રહિત. સમજાણું? ભ્રમણા રહિત. અસ્થિરતા રહિત, વિકલ્પ રહિત. જોયું સ્વચ્છ આત્મા. '**आत्मनि निर्मले, आत्मनि निर्मले**'. ... એમાં લોકાલોક '**સમસ્ત લોક-અલોક ભાસતે હૈં.**'

**ભાવાર્થ :-** '**ઈસકા વિશેષ વ્યાખ્યાન જો પહલે કહા થા, વહી યહાં પર જાનના...**' એ તો બધું કીધું હતુંને? એનો દાખલો સમજી લેવો બધામાં. '**જો સબકા જ્ઞાતા દૃષ્ટા આત્મા હૈ, વહી ઉપાદેય હૈ.**' એ જ અંગીકાર કરવા લાયક છે. '**યહ સૂત્ર ભી પહલે કથનકો દૃઢ કરનેવાલા હૈ.**' પહેલું કથન ચાર કર્યું હતુંને. એને જ આ કથન દૃઢ કરે છે. ભારે ભાઈ પરમાત્મપ્રકાશ! બે ગાથા થઈ.

**'આગે જિસ આત્માકે જાનનેસે નિજ ઔર પર સબ પદાર્થ જાને જાતે હૈં, ઉસી આત્માકો તૂ સ્વસંવેદન જ્ઞાનકે બલસે જાન,...' 'स्वसंवेदनज्ञानबलेन जानीहीति'.**

**१०३) अप्पु वि परु वि वियाणइ जेँ अप्पेँ मुणिएण।**
**सो णिय-अप्पा जाणि तुहुँ जोइय णाण-बलेण।।१०३।।**

'**અન્વયાર્થ :- જિસ આત્માકો જાનનેસે...**' જાનનેસે એટલે સ્વસંવેદનજ્ઞાન. એ જાણવું છે, બીજું જાણવું ક્યું હતું? જાતની ભાત પડે સ્વસંવેદનજ્ઞાન. '**જિસ આત્માકો જાનનેસે આપ ઔર પર સબ પદાર્થ જાને જાતે હૈં,...**' લ્યો! એકને જાણવાથી બધું જણાઈ જશે, બાપુ! ... ઓલા બે દાખલા આપ્યાને. આ તું તારું જાણ, બધું જણાઈ જશે. બધું જાણવા જાઈશ તો નહિ જણાય અને બધું જાણવું નહિ રહે આ જાણ્યા વિના. સમજાણું કાંઈ? જે આત્માને, આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને જાણવાથી '**આપ ઔર પર સબ પદાર્થ જાને જાતે હૈં,...**' પોતે પણ જણાય અને પર શાસ્ત્ર આદિ, દ્રવ્ય આદિ, બીજા ગુણ પર્યાય આદિ બધું જાણવામાં આવી જાય. એક જાણ્યું એણે બધું જાણ્યું એમાં બધું આવી ગયું. સમજાણું કાંઈ?

'**तं निजात्मनं**' પાછું જુઓ! '**ઉસ અપને આત્માકો...**' અપને આત્માકો. ભાષા પણ કેટલી કરી પાછી. ભગવાનનો આત્મા, અરિહંતનો આત્મા એ તો એની પાસે રહ્યો. '**निजात्मनं**' તારો આત્મા ભાઈ! આહા..હા..! મારું જ્ઞાન, મારું જ્ઞાન, નહોતું આવતું? આ શેઠિયાએ ઓલો છોકરો મરી ગયો ત્યારે ન ગવડાવ્યું? મારું જ્ઞાન, મારું જ્ઞાન. એટલે જ્ઞાન તે આત્મા. એકલો સમજણનો પિંડ ચૈતન્યસૂર્ય તે મારો આત્મા, એ મારું જ્ઞાન. તે મારું, બાકી બધું મારું નહિ. છોકરા ક્યાંથી આવ્યા, બાયડી ક્યાંથી આવી ને પૈસા, મકાન ક્યાંથી આવ્યા? આહા..હા..! આ બધા ઢીંચણ ને આ કોણીઓ ને હાડકા બધા કેવા ગોઠવાઈ ગયા છે. સળગીને રાખ થશે બધું. આ તો માટી છે તો એમાં બીજું શું હશે? પણ આમાં શું થાય? આહા..! ઈ જ કહું છું, ગોઠવાઈ ગયા ઈ એને સારા લાગે છે એમ મારું કહેવું છે. આમ ચાલે ને આમ થાય ને આમ થાય. બાપુ! આ તો જડના સંચા ચાલે છે. આહા..હા..! રજકણે રજકણ પોતાથી ત્યાં કામ કરી રહ્યું છે હોં! તારાથી જરીએ નહિ. તારા જ્ઞાનથી તો નહિ, પણ તને ઈચ્છા થાય એનાથી પણ નહિ. એવો દેહથી ભગવાન ભિન્ન છે એને દેહ સાથે કાંઈ સંબંધ નથી, કાંઈ સંબંધ નથી. ક્યાંકના હાડકા પરમાણુ થઈને હાડકારૂપે અહીં આવ્યા, એ હાલ્યા જશે. ... આંખ્યું, મારી આંખ્યું, એમ કહે છેને? કેવી આંખ તારી? ક્યાં આવી? આ તો માટીનો પિંડલો રજકણનો ધૂળનો. ... શું કહેવાય? પાણીયારા ઉપર નથી કરતા ઓલા, શું કહેવાય? કાકા-બળીયા. કપાસીયાની આંખો નથી મૂકતા? છાણ છાણનું મુકે અને પછી કપાસીયા મુકે આમ જરી. અમારે બધું મૂકતા ત્યાં, બધું જોયું છે. પાણીયારું હતુંને આ બાજુ ખુણે. તે દિ'ની ખબર છે હોં બધી. આ ખૂણે પાણિયારું રહેતું. મેડીએ જ્યાં ચડીએ ત્યાં પાણીયારું હતું. ન્યાં કાકા-બળીયા કરે. આંખ્યું. એમ આ કાકા-બળીયા માટીનું પૂતળું એવી આ આંખ્યું. એની જાતની આંખો માંસની.

ભગવાન! તારી આંખો તો ચૈતન્યમૂર્તિની અંદર જ્ઞાન ચક્ષુ એ તારી આંખ છે. આને અહીં અભિમાન પાછા હોં! મારી આંખો આવી. ભાઈ! તારો તો આત્મા છેને ભાઈ! તારી તો જ્ઞાનચક્ષુ ખુલેલી એ તારો આત્મા છે, એ તારી આંખ છે. આહા..હા..!

જેણે આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. આહા..હા..! '**ઉસ અપને આત્માકો હે યોગી...**' શેનાથી જાણ? '**આત્મજ્ઞાનકે બલસે જાન.**' એમ કીધું જોયું. એ કાંઈ વિકલ્પથી ને શરીરથી ને ગુરુથી ને દેવથી ને શાસ્ત્રથી જણાય એવો નથી. આહા..હા..! એ કષાયની મંદતા કર્યે જણાય એવો નથી, વિકલ્પથી જણાય એવો નથી. આવી વાત કોણ જાણે કેમ લેતા હશે? ઉપલાની લેતા હશે. અરે..! હવે ઉપલો, આ ચોથેથી જ ઉપલું છે, સાંભળને. '**આત્મજ્ઞાનકે બલસે જાન.**' યોગી તો, શિષ્ય છે તેને ઉદ્દેશીને વાત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચિદાનંદમૂર્તિ એને તું તારા જ્ઞાનબળથી જાણ. જુઓ! જ્ઞાનબળ ભાષા વાપરી છે. '**ज्ञानबलेन**'. શુભરાગ બલેન, વિકલ્પ બલેન, નિમિત્ત બલેન, દેવ-ગુરુ-શાસ્ત્ર બળથી જાણ એમ નહિ, એમ નહિ જણાય. તારા અંતરના જ્ઞાનના સમ્યગ્જ્ઞાનના બળ દ્વારા જાણ. સમ્યગ્જ્ઞાનના બળ દ્વારા આત્માને જાણ.

'**ભાવાર્થ :- યહાં પર યહ હૈ, કિ રાગાદિ વિકલ્પ-જાલસે રહિત...**' લ્યો! શુભાશુભ વિકલ્પ જે રાગ છે એનાથી (રહિત). જાળ છે એ તો બધી. '**સદા આનંદ સ્વભાવ...**' દેખો! સદા આનંદ સ્વભાવ. સમજાણું? વીતરાગ સદા આનંદ એક સ્વભાવ એમ છેને. સદા આનંદ એક સ્વભાવ. '**સદા આનંદ સ્વભાવ જો નિજ આત્મા...**' એમાં એક શબ્દ પડ્યો રહ્યો. '**ઉસકે જાનનેસે...**' એક સ્વભાવ નિજ ઔર પરને જાણવાનો એક સ્વભાવ. સદા અનંત સ્વભાવ જો નિજ એક સ્વભાવ એનો. એમ છેને? વીતરાગ સદા આનંદ એક સ્વભાવ એનો. '**નિજ ઔર પર સબ જાને જાતે હૈં,....**'

ભગવાન આત્મા '**આનંદ સ્વભાવ જો નિજ આત્મા ઉસકે જાનનેસે નિજ ઔર પર સબ જાને જાતે હૈં, ઈસલિયે હે યોગી, હે ધ્યાની, તૂ ઉસ આત્માકો...**' વિશેષ લીધું પાછું. '**વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનકી ભાવનાસે...**' જુઓ! ભગવાન આત્માને વીતરાગ નામ વિકલ્પનો કષાય એનાથી રહિત નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનકી ભાવનાસે-રાગ રહિત નિર્વિકલ્પ જ્ઞાનની એકાગ્રતા દ્વારા. ભાવના એટલે એકાગ્રતા. નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાન પોતાનું જ્ઞાન એની એકાગ્રતાથી '**ઉત્પન્ન પરમાનંદ સુખરસકે આસ્વાદસે જાન,...**' જુઓ! ભાષા એ લીધી પાછી. સમજાણું?

'**ज्ञानबलेन**' કીધું હતુંને? ઓલામાં તો કીધું હતું, પોતાને જાણવાથી પરને જાણ. આનંદસ્વભાવની જાતથી ... એમ લીધું. હવે '**ज्ञानबलेन**' લીધું. જ્ઞાનબળની વ્યાખ્યા કરી.

નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાન એ જ્ઞાનબળ. એનાથી ઉત્પન્ન થયો, **'પરમાનંદ સુખરસકે આસ્વાદસે જાન,...'** એ જ્ઞાનના બળમાં અતીન્દ્રિય આનંદનો પર્યાય ભેગો છે એમ કહે છે. જ્ઞાન સમ્યક્ થઈને જ્યાં એકાગ્ર થયું તે ભેગો આનંદ પણ ભેગો આવ્યો. અતીન્દ્રિય આનંદ જ્ઞાન, અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન, જ્ઞાન ને આનંદ. એવું **'ज्ञानबलेन'** એટલે ઓલું રાગનું સાથે હતું એ આકુળતા હતી. એકલું **'ज्ञानबलेन'** નથી, ભેગો અનાકુળતાનો આનંદ (પણ છે). એવા અતીન્દ્રિય આનંદના જ્ઞાનબળે આત્માને જાણ. આહા..હા..! કષાય રહિત બતાવવું છે. વિકલ્પ ઉઠે છે એ આકુળતા છેને, એ દુઃખ છે. ત્યારે જ્ઞાનમાં સાથે આનંદ છે ભેગો. સમજાણું કાંઈ? એવું જ્ઞાન. રાગ રહિત અભેદ પોતે પોતાને સ્વ પ્રત્યક્ષ વેદન જ્ઞાનની એકાગ્રતાથી ઉત્પન્ન પરમાનંદ સુખરસકે આસ્વાદસે જાન. લ્યો! **'परमानन्दसुखरसास्वादेन जानीहि'** લ્યો! ભારે અર્થ.

**'અર્થાત્ તન્મયી હોકર અનુભવ કર.'** એ અંદર આનંદમાં તન્મય હોકર અનુભવ કર. એ આત્માના આનંદનો સ્વાદ લઈને આત્માને જાણ એમ કહે છે. આકુળતાથી તો તેં અનંત કાળ ગાળ્યો કહે છે. શુભાશુભ વિકલ્પ ને આકુળતાથી તો (અનંત કાળ ગાળ્યો). એ કાંઈ એનાથી આત્મા જણાય નહિ. એનાથી કદાચ એ પરનો ઉઘાડ હોય અને એમાંથી જાણે એ કાંઈ વસ્તુ જ્ઞાન નથી. એ આકુળતા અને પરનું જ્ઞાન એ કાંઈ વસ્તુ નથી એમ કહે છે મૂળ તો. શુભાશુભ વિકલ્પથી જાણપણાનો ઉઘાડ દેખાય પરનું જ્ઞાન, એ કાંઈ જ્ઞાન પણ સાચું નથી અને એ આકુળતા રહિત ભાવ પણ નથી, એ તો રાગ આકુળતા છે. એટલે આત્માના તરફ રાગ રહિત, અનાકુળ થઈ અને જે જ્ઞાન સ્વના જાણવા તરફ ઢળ્યું એવા આનંદથી આત્મામાં તન્મય થઈને આત્માને જાણ. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનબળમાં આ આવ્યું. ઓલું જે જ્ઞાન હતું પરનું એ જ્ઞાનમાં હતી આકુળતા. એ જ્ઞાન પણ નહિ અને એ આકુળતા પણ નહિ. ભગવાન આત્મા... ગાથા દીઠ કાંઈક કાંઈક વાત કરે છે નવી. એમને એમ નહિ. લાગે કે એવુંને એવું છે, પણ કાંઈક ફેર છે જરી. સમજાણું? ભગવાન આત્મા એનું જ્ઞાન, એનું જ્ઞાન એટલે કે એના જ્ઞાનની સાથે, જેમ પરનું જ્ઞાન હતું ત્યાં રાગ સાથે હતો... સમજાણું? આ આનું જ્ઞાન એની સાથે અનાકુળતા છે. સમજાણું કાંઈ?

એવા **'તન્મયી હોકર અનુભવ કર. સ્વસંવેદનજ્ઞાન (આપકર અપનેકો અનુભવ કરના) હી સાર હૈ.'** દેખો! સ્વસંવેદનજ્ઞાન.. **'तन्मयो भूत्वा सम्यगनुभवेति भावार्थः'** એમ છે. સ્વસંવેદનજ્ઞાન—ભગવાન આત્માનું જ્ઞાન પોતાથી પોતામાં થવું એ જ આખો સાર છે. એ જ્ઞાનનો સાર, એ ધર્મનો સાર. **'ઐસા ઉપદેશ શ્રી યોગીન્દ્રદેવને પ્રભાકરભટ્ટકો દિયા.'** લ્યો! આવો ઉપદેશ પ્રભાકરભટ્ટ દ્વારા બધાને આપ્યો અને બધાને આ જ કરવાનું છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૨, રવિવાર, તા. ૫-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૦૪ થી ૧૦૬, પ્રવચન-૬૮**

પરમાત્મપ્રકાશ, પહેલા ભાગની ૧૦૪ ગાથા. '**અબ પ્રભાકરભટ્ટ...**' જુઓ! શિષ્ય પૂછે છે કે, મારે એક આત્મા જાણવો છે. જુઓ! ધર્માર્થી અથવા મોક્ષાર્થી પ્રશ્નમાં એ મૂકે છે કે, અમને તો આત્મા કેમ જણાય એક ક્ષણમાં નિયત કાળમાં? એ શું,એનું સ્વરૂપ કેમ પમાય એ અમારે કામ છે, અમારે બીજું કોઈ કામ નથી. '**મહાન વિનયસે...**' એમાંથી કાઢ્યું ગાથામાંથી. ... કાઢ્યું. '**જ્ઞાનકા સ્વરૂપ પૂછતા હૈ—**'

**૧૦૪) णाणु पयासहि परमु महु किं अण्णेँ बहुएण।**
**जेण णियप्पा जाणियइ सामिय एक्क-खणेण।।१०४।।**

'**અન્વયાર્થ :- હે ભગવાન્ જિસ જ્ઞાનસે...**' જે જ્ઞાન વડે એક ક્ષણભરમાં, નિયત ક્ષણકાળમાં '**અપની આત્મા જાની જાતી હૈ, વહ પરમ જ્ઞાન મેરે પ્રકાશિત કરો,...**' જુઓ પ્રશ્ન. જે જ્ઞાન વડે, 'જ્ઞાન વડે' પ્રશ્ન છે હોં! અહીંયા. પ્રશ્નકારનો પ્રશ્ન જ એ છે. કોઈ વિકલ્પ વડે કે નિમિત્ત વડે કે સંયોગ વડે એમ પ્રશ્નકારનો પ્રશ્ન જ નથી. સમજાણું કાંઈ? જે જ્ઞાન વડે એમ પ્રશ્ન છે. જે જ્ઞાન અંતર જ્ઞાન દ્વારા એક નિયત ક્ષણમાં... સંસ્કૃતમાં નિયત કાળ પડ્યો છે. '**नियकालेनैकक्षणेनेति**'. છે, એક ક્ષણની વ્યાખ્યા કરી નિયત કાળ. અલ્પ કાળ. નિયત એટલે અલ્પ કાળમાં અમારે તો આત્મજ્ઞાન થાય એ વાત કરો, બીજી વાત મૂકી દ્યો. ઠીક! સમજાણું કાંઈ? આહા..હા..! બીજી વાતું ભલે આ છકાયની દયા ને ફલાણું ને વ્રત ને પછી, આ વાત કરો પહેલી. કહો, વલ્લભભાઈ! જે જ્ઞાન વડે એમ શબ્દ છેને? '**ज्ञानेन**' એમ. જે જ્ઞાન વડે. પ્રશ્ન જ એ શિષ્યનો આ છે. આ ક્ષણભર, નિયત ક્ષણભરમાં પોતાનો આત્મા, તે પણ પોતાનો આત્મા જે જ્ઞાન વડે જાણવામાં આવે એવું પરમ જ્ઞાન મને પ્રકાશ કરો. મને એ જ્ઞાન બતાવો. નિર્વિકલ્પ જ્ઞાન જેનાથી આત્મા પમાય એ શું ચીજ છે? સમજાણું કાંઈ?

'**अन्येन बहुना किं**'—બીજા બધા વિકલ્પોથી શું અમારે કામ છે? સમજાણું કાંઈ? બીજા પ્રકારના અનેક શુભાશુભ વિકલ્પ રાગ એનાથી શું ફાયદો છે? એટલે ભેગું બધું કહી દીધું. એવું જ્ઞાન બતાવો કે, જે જ્ઞાન વડે આત્મા પમાય. બીજા શુભાશુભ વિકલ્પોથી અમારે શું કામ છે? એટલે બેય નિષેધ કરી દીધો. સમજાણું કાંઈ? જુઓ! આ શિષ્યની પ્રશ્નકારમાં પૂછવાની

લાયકાત કેટલી છે. સમજાણું કાંઈ? તેથી વિનય એમ (અર્થ) કાઢ્યો પોતે અર્થકારે. '**ક્યા ફાયદા? કુછ ભી નહીં.**' ભગવાન આત્મા જે જ્ઞાન વડે પમાય એ જ્ઞાન જ બતાવો, અમારે બીજું કાંઈ કામ નથી. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પ્રભાકર ભટ્ટ શ્રીયોગીન્દ્રદેવસે પૂછતા હૈ,...**' મુનિ દિગંબર સંત છે ભાવલિંગી, યોગીન્દ્રદેવ. છઠ્ઠા, સાતમા ગુણસ્થાન ભૂમિકામાં પરમેષ્ઠીપદમાં, આચાર્યપદમાં બિરાજમાન છે. ભાવલિંગી સર્વજ્ઞ પરમેશ્વરે સ્વીકારેલ એવું જે છઠ્ઠું, સાતમું ગુણસ્થાનની દશા એમાં બિરાજમાન યોગીન્દ્રદેવ મુનિ આચાર્ય છે. એને પૂછે છે કે, '**હે સ્વામી...**' પ્રભાકર ભટ્ટ' પૂછે છે. '**જિસ વીતરાગસ્વસંવેદન જ્ઞાનકર...**' દેખો! એ '**ज्ञानेन**' શબ્દમાંથી આ કાઢ્યું. અમારે તો આત્મા જે વીતરાગી જ્ઞાન વડે જણાય એ જ્ઞાન બતાવો. સમજાણું કાંઈ? કારણ કે રાગવાળા જ્ઞાનથી ને રાગથી કાંઈ આત્મા જણાય નહિ. એટલો તો એણે નિર્ણય કર્યો છે. આહા..હા..! આ આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા પોતે જ્ઞાનની મૂર્તિ જે જ્ઞાન વડે એમ પૂછ્યું. એની વ્યાખ્યા કરી કે, વીતરાગસ્વસંવેદન જ્ઞાનકર. એમ પાછું. એ જ્ઞાન કેવું? રાગ વિનાનું, વિકલ્પ વિનાનું જ્ઞાન. જે જ્ઞાનની પર્યાય છે, પણ એ પર્યાય કેવી? કે, રાગ વિનાની વીતરાગી જ્ઞાન પર્યાય. એવું સ્વસંવેદન કે જે જ્ઞાન-વીતરાગી જ્ઞાન વિકલ્પ વિનાનું એનાથી સ્વસંવેદન આત્મા પ્રત્યક્ષ થાય એવું. સમજાય છે કાંઈ?

'**ક્ષણમાત્રમેં...**' દેખો! વીતરાગસ્વસંવેદનજ્ઞાનકર. રાગ વિનાનું. પાધરો પ્રશ્ન જ એવી જાતનો છે એમનો. રાગવાળું જ્ઞાન, પરના લક્ષવાળું જ્ઞાન એ બધું જ્ઞાન નહિ, એ મારે કામ નથી, અહીં તો કહે છે. સમજાણું કાંઈ? શશીભાઈ! આહા..હા..! કહે છે, વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની વ્યાખ્યા જ એ વ્યાખ્યા કરી. '**येन ज्ञानेन**' એની વ્યાખ્યા કરી. ભગવાન... કારણ કે વસ્તુ પોતે વીતરાગસ્વરૂપ, વીતરાગી જ્ઞાનનો કંદ છે. આત્મા વીતરાગ એટલે નિર્દોષ જ્ઞાનની મૂર્તિ છે. તો એ નિર્દોષ પર્યાયના જ્ઞાન દ્વારા જ જણાય. એવું શું નિર્દોષ જ્ઞાન છે એ અમને કહો. પ્રશ્નમાં જ એનો ... છે. આહા..હા..! જે નિર્દોષ એટલે રાગ વિનાનું સ્વસંવેદન જેનાથી આત્મા પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાય એવા જ્ઞાન વડે ક્ષણમાત્રમેં, નિયત ક્ષણમાત્ર, એક ક્ષણમાં આત્મા જણાય તે જ્ઞાન મને બતાવો. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જાણેલો એટલું તો જાણ્યું છે, એટલું જાણ્યા વિના પ્રશ્ન ક્યાંથી હોય? એ શું છે? કેવો આત્મા હવે? આ તો આવું વીતરાગી સ્વસંવેદનજ્ઞાન કીધું. હવે કેવો આત્મા જણાય એ દ્વારા? એ દ્વારા કેવો આત્મા જણાય? એ આત્માની વ્યાખ્યા હવે કરે છે. સમજાય છે? નિજાત્મા એમ શબ્દ પડ્યો છેને. નિજાત્મા '**ज्ञानेन**' જણાય. '**ज्ञानेन**' એ પર્યાય છે, નિજાત્મા

એ દ્રવ્ય થયું, વસ્તુ થઈ, વસ્તુ. સમજાણું?

એ કેવો આત્મા? કે, '**શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ...**' 'એક' શબ્દ પડ્યો રહ્યો છે અંદર. '**શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ અપની આત્મા...**' બસ! અહીં આત્માની વ્યાખ્યા આટલી છે. સમજાણું કાંઈ? એ બધા અર્થ ક્યાંથી પછી સરખા હોય? હિંમતભાઈ જેવું બધા ક્યાંથી લાવે? કહો, સમજાણું આમાં? જુઓ! શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ. એ કોની વ્યાખ્યા છે? આત્માની. નિજાત્મા એ શબ્દ પડ્યો છે એની વ્યાખ્યા. આ આત્મા કેવો છે નિજ આત્મા-પોતાનો આત્મા? કે, શુદ્ધ, બુદ્ધ. શુદ્ધ છે અને બુદ્ધ છે—એકલો જ્ઞાનનો પિંડ છે અને એક સ્વભાવ છે એટલે એક સ્વરૂપી છે, એક સ્વભાવ છે. અભેદ છેને વસ્તુ. સમજાણું કાંઈ? શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ. શુદ્ધ, નિર્દોષ, વીતરાગ, પવિત્ર અને બુદ્ધ એકલો જ્ઞાન પિંડ. જ્ઞાનની સાથે અનંત ગુણો આવી ગયા. શુદ્ધ, બુદ્ધ અને તે એક સ્વભાવ વસ્તુ છેને. એક સ્વભાવ, અભેદ એક સ્વભાવ એને આત્મા કહીએ, એને આત્મા કહીએ. આહા..હા..! એવી અપની આત્મા એ વીતરાગસ્વસંવેદન જ્ઞાનકર જાની જાતી હે. આહા..હા..! સમજાય છે કાંઈ? જાની જાતી હૈ એ તો હિન્દીની ભાષા છેને. જાણ્યો જાય છે. સમજાય છે? એવું વીતરાગ સંવેદન સ્વસંવેદનજ્ઞાન એનાથી શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ ભગવાન જેનાથી જાણ્યો જાય એ જ્ઞાન શું, મને બતાવો. આમ છે. સમજાણું કાંઈ? બીજા શાસ્ત્રના ભણતર ને આ છ દ્રવ્યનું બીજું થાય ને મારે લોકાલોક જણાય ને દુનિયાને સમજાવતા આવડે એવું બતાવો કાંઈ એ વાત પૂછી નથી. અને બીજાને સમજાવી શકું એવું મને શીખવો. આ મને મારો આત્મા આ દ્વારા જણાય એ મને કહો, બસ એક જ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વહ જ્ઞાન મુજકો પ્રકાશિત કરો,...**' કહ્યુંને એ છેને? 'मह', 'मह' એટલે મને. મને એ પ્રકાશિત (કરો). મને પાછું એમ. મને એ કહો, બસ એક જ વાત. નિજ આત્મા શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ વીતરાગી જ્ઞાન દ્વારા જણાય તેવું જ્ઞાન ભગવાન મને કહો. બસ લ્યો! સમજાણું કાંઈ? મને કહો આ, મારે આ ધર્મ પામવો (છે), મારે બીજું કાંઈ કામ નથી. આહા..હા..! કહો, વલ્લભદાસભાઈ!

'**દૂસરે વિકલ્પ-જાલોંસે કુછ ફાયદા નહીં હૈ,...**' સાથે ને સાથે પ્રશ્નમાં જ છે હોં આ બધું. વિકલ્પ શુભાશુભ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, પૂજા એવા વિકલ્પો, એ વિકલ્પથી શું કામ? એનાથી કાંઈ અમારો આત્મા જણાય નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? શુભ-અશુભ જે વિકલ્પો છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો રાગ એ શુભ વિકલ્પ રાગ છે. એવા વિકલ્પથી શું પ્રયોજન છે? એ વિકલ્પથી કાંઈ આત્મા જણાય એવો નથી. એનાથી આત્માનું જ્ઞાન અને ધર્મ થઈ શકતો નથી. આહા..હા..! પ્રશ્નકારની ભૂમિકામાં જ આવો

ભૂમિકા સુધારીને પ્રશ્ન કર્યો. સમજાણું કાંઈ?

**'દૂસરે વિકલ્પ-જાલોંસે કુછ ફાયદા નહીં હૈ, ક્યોંકિ યે રાગાદિક વિભાવોંકે બઢાનેવાલે હૈં.'** શુભ-અશુભ જે વિકલ્પ વૃત્તિઓ થાય એ તો રાગની વધારનારી છે. ભગવાન આત્માનું જ્ઞાન કરીને શાંતિ વધારનાર નથી. સમજાણું કાંઈ? આટલું બધું ચાલ્યા પછી અહીં પ્રશ્ન પાછો થયો. ૧૦૩ સુધી તો કીધું. શિષ્યો આવા હોય સમજનાર અને એને સમજવાની આ જ ધગશ હોય એવી એની પાત્રતાનું વર્ણન કરે છે. બીજો મનમાં રોગ ન હોય એમ આવે છેને શ્રીમદ્‌માં. 'બીજો નહિ મન રોગ'. કાંઈ શીખીએ ને બીજાનું કરતા આવડે, બીજાને જવાબ દેતા આવડે ને બીજા સાથે વાદ-વિવાદ કરીને આપણે અધિક છીએ. એ બધું અમારું કામ નથી, અમારે કામ નથી કાંઈ. લે! ભીખાભાઈ! અમે તો અમારો આત્મા જે રીતે શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ છે. જે જ્ઞાને પામીએ એ જ્ઞાનની વાત કરો, બસ બીજી વાતનું અમારે કામ નથી. આહા..હા..! કહો, શશીભાઈ! એ ધ્રુવ ભગવાન શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ જે જ્ઞાનની પર્યાય દ્વારા, નિર્વિકલ્પ પર્યાય દ્વારા, સ્વસંવેદન પર્યાય (દ્વારા) જણાય એ સ્વસંવેદનજ્ઞાન કઈ જાતનું હોય એ અમને જણાવો. એક જ વાત છે. સમજાણું કાંઈ? બીજા વિકલ્પો શુભ-અશુભ રાગ વિભાવના-વિકારના વધારનારા છે.

**'સારાંશ યહ હૈ કિ મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંસે રહિત...'** ભગવાન આત્મા ભ્રમણા અને રાગની અસ્થિરતાનો ભાવ એનાથી રહિત **'નિજ શુદ્ધ આત્માનુભવરૂપ...'** નિજ શુદ્ધ આત્મ અનુભવરૂપ. **'જિસ જ્ઞાનસે...'** નિજ શુદ્ધ આત્માના અનુભવરૂપ, અનુભવરૂપ નિજ જ્ઞાન એમ, અનુભવરૂપ નિજ જ્ઞાન. સમજાણું? મિથ્યાભ્રાન્તિ અને રાગથી રહિત, વિકલ્પથી રિહત નિજ શુદ્ધ આત્માનુભવરૂપ શું? નિજ જ્ઞાન. શુદ્ધ ભગવાન આત્મા એનો અનુભવ એવું જે નિજ જ્ઞાન એનાથી **'અંતર્મુહૂર્તમેં હી પરમાત્માકા સ્વરૂપ જાના જાતા હૈ,...'** પરમાત્મા એટલે શુદ્ધ સ્વભાવ પોતાનો હોં! એ અંતર્મુહૂર્તમાં તે જ્ઞાને આત્મા જાણવામાં આવે છે. આહા..હા..! એકલું માખણ માગ્યું છે. સમજાણું કાંઈ? લ્યો! વલ્લભદાસભાઈ! બધા રવિવારે આવે તો તમારે આવું આવે છે.

એકલો વીતરાગઘન આત્મા. શુદ્ધ, બુદ્ધ એક સ્વરૂપે પ્રભુ આત્મા બિરાજમાન (છે). એ પરમાત્મા તો આ વીતરાગી જ્ઞાન દ્વારા જણાય. એ જ્ઞાન, અંતર્મુહૂર્તમાં એ જ્ઞાન દ્વારા પરમાત્મા જણાય આત્મા એ જ્ઞાન કહો. **'વહી જ્ઞાન ઉપાદેય હૈ.'** જુઓ! એ પ્રગટ કરવા અપેક્ષાએ ઉપાદેય (કહ્યું). દ્રવ્ય તો ઠીક પણ આ સ્વસંવેદનજ્ઞાન એ જ આદરણીય છે, બાકી બીજું કોઈ આદરણીય છે નહિ. **'ઐસી પ્રાર્થના શિષ્યને શ્રીગુરુસે કી.'** એવી પ્રાર્થના શિષ્યે ગુરુને કરી. એ તો પ્રશ્ન થયો ૧૦૪. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ધર્મ ભાઈ! ધર્મ, ધર્મ લોકો

પોકાર કરે છેને. ધર્મ થઈ ગયો, ધર્મ થઈ ગયો. અરે..! ભગવાન! સાંભળ બાપુ! ભાઈ! તું તો જ્ઞાનની મૂર્તિ છો તે જ્ઞાન જ્ઞાનથી પમાય કે જ્ઞાન કોઈ વિકલ્પ ને, નિમિત્ત ને સંયોગથી પમાય? એમ અહીંયાં પ્રશ્નમાં જ પ્રશ્ન એવો ઉઠાવ્યો છે. સમજાણું કાંઈ?

**'આગે શ્રીગુરુ ચાર દોહા-સૂત્રોંસે જ્ઞાનકા સ્વરૂપ પ્રકાશતે હૈં-શ્રીગુરુ કહતે હૈં, કિ-' 'હે પ્રભાકર ભટ્ટ,...'** 'उर्ध्वं' શબ્દ છે જુઓ! એમાં છેને. 'उर्ध्वं' એટલે હવે પછી. ઓલામાં આવ્યું હતુંને તમારે પંચાસ્તિકાયમાં.

**૧૦૫) अप्पा णाणु मुणेहि तुहुँ जो जाणइ अप्पाणु।**
**जीव-पएसहिँ तित्तिडउ णाणेँ गयण-पवाणु।।१०५।।**

વાત તો આવી ગઈ છે, પણ વચ્ચે વાસ્તવિક અસંખ્યપ્રદેશી ભગવાનનું જ્ઞાન અંદર એટલું સ્પષ્ટ કરવા માટે આ પ્રશ્ન ઉઠાવીને આવો જવાબ દેવો છે. લોક પ્રમાણ અસંખ્યપ્રદેશી છે એવું સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. આત્મા અસંખ્યપ્રદેશી વસ્તુ છે. એમાં જ્ઞાન અનંત શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ આખો આત્મા વ્યાપેલો છે. શરીર પ્રમાણે વ્યવહારે. સમજાય છે? નિશ્ચયથી લોક પ્રમાણે એના અસંખ્યપ્રદેશ છે. એ અસંખ્યપ્રદેશ અહીં વ્યાપ્યા છે. એટલું જણાવવા એનું શિષ્યનું પ્રશ્નમાં આ કહે છે કે, આ ઠેકાણે રહેલો આવો આત્મા, એમ. સમજાણું? એનું સ્થળ બતાવીને વાત કરે છે. ઓલા કેટલાક કહે કે, જ્ઞાન અમને બતાવો તો એનું સ્થળ કેવડું હશે લાંબુ? વ્યાપક આખો આત્મા, આખા લોકાલોક એવું એનું સ્થળ હશે? શશીભાઈ! દ્રવ્ય શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ કીધો. એનું સ્થળ અસંખ્યપ્રદેશ કહે છે અહીંયાં. એનો ભાવ શુદ્ધ, બુદ્ધ, જ્ઞાયક વીતરાગ સ્વભાવભાવ અને સ્વસંવેદનજ્ઞાન એની પર્યાય છે તે કાળ છે. સમજાય છે કાંઈ? નિયત કાળ એમ કહ્યું હતુંને? વસ્તુ, વસ્તુ દ્રવ્ય, ગુણ, પર્યાયનો પિંડ વસ્તુ. જો આ સર્વજ્ઞમાં જ આવું હોય, બીજે હોઈ શકે નહિ એમ સિદ્ધ કરવા ચતુષ્ટય સિદ્ધ કરે છે. વસ્તુ, ગુણ-શક્તિઓ અને અવસ્થાનો પિંડ એક વસ્તુ, એનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશ. છેને? જીવ પ્રદેશે જુઓ!

**'આત્માકો હી જ્ઞાન જાન, જો જ્ઞાનરૂપ આત્મા અપનેકો અપને પ્રદેશોંસે લોક-પ્રમાણ...'** દેખો! પોતે અસંખ્ય પ્રદેશ લોકના જેટલા પ્રદેશ એટલા પ્રદેશ છે આ. એ અસંખ્ય પ્રદેશમાં પોતે વ્યાપેલો છે. એનું સ્થળ ને ક્ષેત્ર સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? ગાથા દીઠ કાંઈક બીજી વાત કહેવા માટે ગાથા ઉપાડી છે. ઓલો તો પહેલો પ્રશ્ન આવી ગયો છે ફલાણું એ બધું ટીકા. આ દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ ત્રિકાળ એનો. ભાવ કોણ? શુદ્ધ, બુદ્ધ, એક જ્ઞાયક આનંદ આદિ સ્વભાવ. એને વર્તમાન એની સ્વસંવેદન જ્ઞાનાનંદની જે પર્યાય દ્વારા એ જણાય એ સ્વસંવેદનજ્ઞાન ... એક ક્ષણમાં પમાઈ જાય આત્મા એવું સ્વસંવેદનજ્ઞાન કોણ? સમજાણું કાંઈ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર થઈ ગયા. થયા કે નહિ? શું થયા? નહિ બોલી શકે. ... બોલવાનું

શરૂ જ બંધ કરી દે એટલે ન બોલે તે ઠીકને. કહો, સમજાણું આમાં? બે વાત તો થઈ ગઈ.

શિષ્યના પ્રશ્નમાં એ પ્રશ્ન હતો કે, જે વીતરાગ શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ વસ્તુ એ ભાવ ભાવવાળી ચીજ. થયું. હવે એ ભાવવાળી ચીજ એને ગુરુ ઉત્તરમાં એમ આપે છે કે, ભાવવાળી ચીજ અસંખ્યપ્રદેશમાં છે અહીં. સમજાય છે? જુઓ! 'जीवप्रदेशेः तावन्मात्रं'. બસ! એટલામાં રહેલો છે. કોઈ બીજે કહે કે, આમ બહારમાં છે ને આમ બધે વ્યાપક છે ને આમ છે, એમ છે નહિ. સમજાણું કાંઈ? કારણ કે, મને ભાવજ્ઞાન દ્વારા આ જાણવું છે. ત્યારે કેટલા ક્ષેત્રમાં એણે એકાગ્ર થાવું? સમજાણું કાંઈ? વસ્તુ પોતે, એનો ભાવ શુદ્ધ, બુદ્ધ વીતરાગ જ્ઞાનઘન આદિ અનંત ગુણો. હવે એ ભાવ કેટલામાં છે કે જેમાં આમ એકાગ્ર થઉં? કારણ કે ઓલી કાળની પર્યાય, સ્વસંવેદનજ્ઞાનની પર્યાય એ પર્યાયને કેટલામાં આમ વાળવી? કેટલા ક્ષેત્રમાં આમ વાળવી? ભાવમાં વાળવી પણ ક્ષેત્ર કેટલું એનું છે? સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'અપને પ્રદેશોંસે લોક-પ્રમાણ 'ज्ञानेन गगनप्रमाणम्' જ્ઞાનસે વ્યવહારનયકર આકાશ-પ્રમાણ જાનતા હૈ.'** એટલે જાણવા, આ લોકાલોકને જાણે. જ્ઞાન રહેલું અસંખ્યપ્રદેશમાં પણ આમ જાણે લોકાલોકને એ અપેક્ષાએ વ્યવહારે સર્વવ્યાપક કહેવામાં આવે છે. આ ક્ષેત્રથી સર્વવ્યાપક, નિશ્ચયથી સર્વવ્યાપક અહીં છે. સમજાણું કાંઈ? આ વેદાંતથી જુદું પાડવા તત્ત્વનું એક એક દ્રવ્ય કેવું એ સિદ્ધ કરવા માગે છે. આત્મા આત્મા તો બધા ઘણા કહે છે. આત્માને જ્ઞાનથી પમાય ને ફલાણાથી પમાય ને... સમજાણું? **'જ્ઞાનસે વ્યવહારનયકર આકાશ-પ્રમાણ જાનતા હૈ.'** જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાના જ્ઞાનથી, રહે છે પોતાના અહીંયાં અસંખ્યપ્રદેશમાં પણ એ જ્ઞાન દ્વારા લોકાલોક જાણે. જ્ઞાન જ્ઞેય પ્રમાણ, જ્ઞાન જણાવા યોગ્ય જ્ઞેયપ્રમાણને જાણે એટલે જ્ઞેયપ્રમાણ કહેવામાં આવ્યું એ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. વસ્તુ તો અહીંયાં જ્ઞાન છે તેટલામાં જ પોતે અસંખ્યપ્રદેશમાં વ્યાપક છે. સમજાણું કાંઈ? અથવા દેહ સમૂહ ઐસા ભી પાઠ હૈ, તબ ઐસા સમજના નિશ્ચયનયસે લોક પ્રમાણ હૈ અસંખ્ય પ્રદેશ તો ભી વ્યવહારનયસે સંકોચ વિસ્તાર સ્વભાવ હોનેસે શરીરપ્રમાણ, દેહસમૂહ (હૈ). શરીર પ્રમાણે, અહીં શરીર પ્રમાણે છે. સમજાણું કાંઈ?

શરીર પ્રમાણે જે અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. એક પ્રદેશ બહાર આગળ આત્મા ક્ષેત્રથી નથી, તો ભાવથી પણ નથી. જેટલામાં ક્ષેત્ર છે એટલામાં અનંતા ભાવ વસેલા છે. આહા..હા..! હજી એને... આત્મ વસ્તુ, એના અસંખ્ય પ્રદેશ, એમાં એક અનંતા ગુણો (વસેલા છે). અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતા ગુણોનું, એક એક ગુણમાં અનંત સામર્થ્ય એવા અનંતા ગુણો અસંખ્ય પ્રદેશમાં વ્યાપક ભાવ ભર્યો છે. વ્યાપકપણે ભાવ ભર્યો છે. એ જ્ઞાન આમ દેહ પ્રમાણે પણ કહેવાય છે, વ્યવહારે. આમ અસંખ્ય પ્રદેશની

અપેક્ષાએ લોકપ્રમાણ પણ કહેવાય છે. પણ છે અહીંયાં. લોકપ્રમાણ કહો તો લોકના પ્રદેશે એટલા પ્રમાણમાં. લોકના પ્રમાણમાં વ્યાપી જાય એમ કાંઈ છે નહિ.

સંકોચ વિકાસ સ્વભાવ હોને સે. છેને? પર્યાયમાં સંકોચ, વિકાસ છેને સંસારમાં? હાથીમાં જાય તો હાથી જેવડો આમ પહોળો થાય, કીડીમાં જાય તો કીડી જેટલો થાય. સંકોચ, વિકાસ... ક્ષેત્રના અસંખ્ય પ્રદેશમાં પ્રદેશો એટલા ને એટલા રહે. પ્રદેશ નાનો-મોટો ન થાય, પ્રદેશ સંકોચ-વિકાસ ન થાય. પ્રદેશો આમ પહોળા હોય એ આમ થાય. એવો એનો પર્યાયનો સંકોચ-વિકાસ.. સ્વભાવ છે. એથી નાના શરીરમાં સંકોચ થઈને મોટા વિકાસ થઈને રહે એવું એનું પર્યાયનું સ્વતઃ સ્વરૂપ છે, આમ અસંખ્ય પ્રદેશ છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- નિશ્ચયનયકર...**' સત્ય દૃષ્ટિથી જોઈએ તો નિશ્ચય એટલે સત્ય દૃષ્ટિ. '**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલ ઈન પાંચ જ્ઞાનોંસે અભિન્ન...**' શું કહે છે? આત્મા જ્ઞાનસ્વરૂપી ભગવાન પૂર્ણાનંદ તો એકરૂપ સ્વભાવ. હવે એની પર્યાય, પર્યાય એટલે અવસ્થા, અવસ્થાના પાંચ ભેદ લ્યો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય, કેવળ—એ પાંચ પર્યાયોથી જ્ઞાનથી અભિન્ન આત્મા છે. પર્યાયોથી, એ પાંચ પર્યાયોથી જુદો આત્મા નથી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય, કેવળથી અભિન્ન આત્મા છે, અભિન્ન આત્મા છે. અસંખ્ય પ્રદેશમાં એ બધો પર્યાયથી અભિન્ન ભાવ છે એનો. આખો ભાવ જે જ્ઞાનગુણનો ત્રિકાળ એની પાંચ પર્યાયથી એ ગુણ અભિન્ન છે. શું કહ્યું વળી આ? સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન થાય તો એમ કે વળી કાંઈ મોટું થઈ ગયું મોટું, માટે જ્ઞાનગુણથી એની કાંઈ ભિન્નતા રહેતી હશે. એ કેવળજ્ઞાન થાય તો જ્ઞાનગુણરૂપી ભગવાન ત્રિકાળ અસંખ્ય પ્રદેશમાં એ જ્ઞાનગુણની પર્યાયથી અભિન્ન છે. સમજાણું કાંઈ? મતિજ્ઞાન હો, શ્રુતજ્ઞાન હો, અવધિ હો. અવધિજ્ઞાનથી અસંખ્ય દ્વિપ, સમુદ્ર આદિ ઘણું દેખાય, અસંખ્ય લોક દેખાય, પણ છતાં એ જ્ઞાનની પર્યાયથી આત્મા અભિન્ન છે. આમ જુદો પડીને ક્યાંય ન્યાં જોવા જાય છે એમ જ્ઞાન નથી. સમજાણું કે નહિ? અવધિજ્ઞાનમાં આમ દેખાય નરક ને સ્વર્ગ આમ જ્ઞાનમાં. એટલે એ જ્ઞાનનો પર્યાય કાંઈ ન્યાં વયો જાય છે, ભિન્ન પડી જાય છે અહીંથી? એ અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનગુણ સ્વભાવ ત્રિકાળ એની જે અવધિજ્ઞાન પર્યાય સાથે ત્યાં ક્ષેત્રમાં અભિન્ન છે. સમજાણું કાંઈ? એ છોકરાઓ ધ્યાન રાખો, વાતું (કરીએ તો) આ ન સમજાય હોં! આ તો ઝીણી વાત છે, વાતું કરો તો ન સમજાય. સમજાણું આમાં? એક તો ઝીણી વાત, માંડ સમજાય. એમાં કાંઈ ડાળિયા ને ખજૂર હોય તો સમજાય ઝટ. સોંઘાની વાત હોય તો. છે તો સોંઘાની વાત આ. આહા..હા..! અરે..! ભગવાન!

કહે છે, એ તારો કણિયો મતિનો જાગે અંદરથી, તોપણ એ ગુણ આત્મા સાથે અભિન્ન

છે. એ શ્રુતજ્ઞાન થોડું કે બાર અંગનું જાગે તો એ પર્યાય ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશે આમ ગુણની સાથે અભિન્ન છે, એમ કહે છે. એક છે. અવધિજ્ઞાનનો પર્યાય થાય એટલા ક્ષેત્રમાં હોં! આટલા ક્ષેત્રમાં. અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં એકલો જ્ઞાનનો પિંડ આત્મા એ તો ગુણ શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ. એમાંથી પ્રગટેલું અવધિજ્ઞાન જેમાં અસંખ્ય લોક જેટલા જાણે, કે અલોકનું જાણે છતાં એ પર્યાય તો આત્માથી આમ અસંખ્ય પ્રદેશમાં, અસંખ્ય પ્રદેશમાં ગુણ સાથે અભિન્ન છે. સમજાણું કાંઈ? જમુભાઈ!

મુમુક્ષુ :- ઉપર ઉપર...

ઉત્તર :- ઉપર ઉપર તરે છે પર્યાય, છે તો ઉપર ઉપર તરે છે, અંદર ગરી ગઈ નથી. અમારે હિંમતભાઈ કહે કે, તર્ક કર્યો પણ આવડ્યો નહિ. ભાઈ! એ તો હજી અભ્યાસ ક્યાં કર્યો છે? એ તો ઉપરથી બધા માર્યા ... બધા. શશીભાઈ!

અહીં તો કહે છે કે, તરે છે તો પર્યાય ઉપર જ તે. પણ ઉપર છે એ એક સમયની પર્યાય પોતાનું ક્ષેત્ર છોડીને આઘી નથી ગઈ. સમજાણું કાંઈ? આમ અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા પહોળો શરીર પ્રમાણે ભિન્ન, એમાં એકરૂપ ગુણ જે ત્રિકાળી જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ સ્વભાવ બુદ્ધ એકરૂપ એની પ્રગટેલી પર્યાય છે તો એક સમયમાં ઉપર, કાંઈ ગુણમાં ગરી જતી નથી, પણ એ પર્યાયમાં ઘણો વિકાસ થયો અને ઘણાને જાણે માટે એ પર્યાય અહીંથી જુદી પડી જાય છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ગાથા દીઠ કાંઈક નવી વાત કહેવા માટે નવી ગાથા ઉપાડે છે, એમને એમ કાંઈ વાત નથી. સમજાણું આમાં? એમ મનઃપર્યય. મનઃપર્યયજ્ઞાન સામાના મનની વાત જાણે. સમજાણું? અઢી દ્વિપના મનુષ્ય અને તિર્યંચના મનની. પણ કહે છે કે, એ પર્યાય તો અહીં છે. એ મનઃપર્યાય જ્ઞાનગુણની વર્તમાન પ્રગટ અવસ્થા અસંખ્યપ્રદેશમાં અને તે ગુણ સાથે અભિન્ન છે, આમ અભિન્ન છે. આમ જાણે માટે આઘી વઈ ગઈ છે અહીં એક ક્ષેત્રના પ્રદેશ છોડીને, એમ છે નહિ. ઓહો..હો..! એમ કેવળજ્ઞાન છેલ્લું. એ કેવળજ્ઞાન લોકાલોકને જાણે. ભગવાન આત્માનું કેવળ જે એકલું ત્રિકાળી જ્ઞાન એ નહિ. એકલું ત્રિકાળી જ્ઞાન અસંખ્યપ્રદેશે ધ્રુવપણે વ્યાપેલું એ તો એકરૂપ જ્ઞાન શુદ્ધ બુદ્ધ સ્વભાવ, એનામાં પ્રગટેલું કેવળજ્ઞાન, પર્યાય પ્રગટેલી, પ્રગટેલી પર્યાય પણ વ્યાપક તો અસંખ્યપ્રદેશમાં જ છે. સમજાણું કાંઈ? એ પર્યાય લોકાલોકને ભલે જાણે, પણ પોતાના પર્યાયનું ક્ષેત્ર જે અસંખ્યપ્રદેશ છે ત્યાંથી અભિન્ન છે ગુણ સાથે, એ આમ નથી વઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? જયંતિભાઈ! આમ તો પાંચ બોલ એ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન બોલી જાયને. ભગવાનજીભાઈ! ગુણની વ્યાખ્યા નથી કરી? ગુણ એટલે કોને કહેવો ગુણ? એઈ..!

છોકરાઓ શીખ્યા છો કે નહિ? ગુણ, દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ અવસ્થામાં રહે તેને ગુણ કહે છે. આ એની વ્યાખ્યા ચાલે છે. ગડીયો શીખી ગયા. ગુણ એને કહે છે કે તે સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં (રહે).

મુમુક્ષુ : ...

ઉત્તર : હા, એ બોલી ગયા નહિ પણ હવે એનો ભાવ સમજો, એ તો ભાષા થઈ ગઈ. હવે લાગુ પાડો. સમજાણું? ગુણ... આ આત્મા એક વસ્તુ એમાં જ્ઞાન ગુણ અસંખ્યપ્રદેશમાં વ્યાપેલો, હવે એ ગુણ સર્વ ક્ષેત્રમાં રહેલો છે અસંખ્ય પ્રદેશમાં. હવે સર્વ હાલતમાં એટલે એની મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ બધામાં ગુણની અવસ્થામાં એ ગુણ રહેલો છે. એ પર્યાય ગુણ સાથે અભેદ છે. એ ગુણથી પર્યાય પ્રગટ વિશેષ થઈ કે ઓછી, પણ છે પોતે પોતે ગુણનો પર્યાય, ગુણ સાથે અભેદ છે. એક ક્ષેત્રના પ્રદેશને છોડીને આઘો જાતો નથી. આહા..હા..!

લોકાલોક જણાય આમ પર્યાયથી, તો કહે છે કે, ગુણ સર્વ હાલતમાં એટલે કેવળજ્ઞાનની હાલતમાં રહ્યો ગુણ, પણ પર્યાયે થઈ એની હાલત. એ પર્યાયમાં લોકાલોક જણાઈ ગયું. છતાં પર્યાયનું ક્ષેત્ર તો એટલામાં જ છે. સમજાણું કાંઈ? આહા..! પર્યાયનું વળી ક્ષેત્ર શું હશે? એ પર્યાય એટલે ગુણ જેટલામાં રહ્યો છે અસંખ્ય પ્રદેશમાં... સમજાણું કે નહિ? જુઓને આ છેને? એનો ગુણ છેને અંદર ગુણ હોં! આ તો પર્યાય છે ઉપલી તો. ગુણ જે કાયમ અંદર સ્પર્શ ગુણ છે, સ્પર્શગુણ એ આખા શીશપેનમાં વ્યાપેલો છે અને અહીંયા પર્યાય છે એ પણ આખામાં વ્યાપેલી (છે). જુઓ! અહીં ભલે રહે થોડો કાળ, પણ વ્યાપેલી છે બધામાં. એમ કેવળજ્ઞાન રહે ભલે એક સમય, બીજે સમયે બીજી. મતિ, શ્રુત, અવધિ દરેક પર્યાય તો એક સમય જ રહે છે, પણ એ વ્યાપેલી છે આખા અસંખ્ય પ્રદેશમાં, અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલી છે. સમજાણું કાંઈ?

ગુણ અનાદિ-અનંત દ્રવ્યમાં વ્યાપેલો છે અને પર્યાય એક સમયની, પણ વ્યાપેલી આખા અસંખ્યપ્રદેશમાં છે. આ કહે છે શું કરવા? કે, આવું જ તત્ત્વ છે એથી બીજી રીતે કોઈ કહેતા હોય તો એવું તત્ત્વ છે નહિ. આહા..હા..! સર્વજ્ઞે જોયેલો પદાર્થ અને એ પદાર્થનું સ્વરૂપ આવું છે, છે એવું જોયું છેને. છે એવું જોયું છે, છે એવું કહ્યું છે, છે એવું જાણ. આવા સ્વસંવેદનજ્ઞાન વડે આવા આત્માને જાણ ત્યારે તને આત્મા જાણ્યો કહેવાય એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? ત્યારે એને ધર્મ થાય. બીજી રીતે ધર્મ-બર્મ થાય નહિ. આહા..હા..! ભારે ભાઈ! એટલો અત્યારે તો ધર્મ સહેલો થઈ ગયો. અત્યાર સુધી તો કરતા હતા બધા જયંતિભાઈ ને ભગવાનજીભાઈ. નહોતા કરતા? નહિ? વ્રત પાળે ને સંયમ પાળે ને સામાયિક કરે ને પોષા

કરે ને પડિકમણા કરે. એ તો બધા વિકલ્પ હતા, રાગ. ધર્મ ક્યાં હતો ઈ? ઈ જ ચાલે છે.

અહીં તો કહે છે કે નિશ્ચયથી જુઓ તો પાંચે પર્યાયો જ્ઞાનથી અભિન્ન છે. ભગવાન આત્મા દ્રવ્ય એનો જ્ઞાન ગુણ આમ અનંત વ્યાપક અસંખ્ય પ્રદેશમાં. એની દરેક પર્યાય તે ગુણથી અભિન્ન ત્યાં એક ક્ષેત્રમાં જ છે. બહાર આઘી નથી. થોડી ઉઘડેલી હોય કે પૂરી ઉઘડેલી હોય. પૂરી ઉઘડેલી એટલે કોઈ આમ ક્ષેત્ર લાંબું થઈ જાય, થોડી ઉઘડેલી હોય તો ક્ષેત્ર થોડું થઈ જાય એમ છે નહિ. એ તો ભાવના વિકાસના માપની શક્તિનું અચિંત્યપણું છે. પણ છે કેવળજ્ઞાન પણ પોતાના અસંખ્યપ્રદેશમાં જ્ઞાનગુણ સાથે અભિન્ન વ્યાપક છે. સમજાણું કાંઈ? અરે..અરે..! આવું! વીતરાગી કેવળજ્ઞાનીએ કહેલો આત્મા આવો છે. હવે એ આત્માની કોઈ દિ' ખબર પણ ન હોય લ્યો! અને અમે ધર્મ કરીએ છીએ. ધૂળમાં ધર્મ ક્યાંથી થાતો હતો? જયંતિભાઈ! વાત સાચી છે. એ વાત જ નથી, વાત જ આખી ઊંધે રવેડે ચડી ગઈ છે. એથી આ વાત સાંભળીને એમ કહે, સોનગઢ આમ કહે છે. સોનગઢ નહિ ભગવાન એમ કહે છે, સાંભળને! ભગવાન કેવળી તીર્થંકરે કહ્યું એ આ કહેવાય છે. ખબર નથી કોઈ દિ' સાંભળ્યા નહિ, કોઈ દિ' કર્યા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહારનયથી... ક્યા કહા? સુગનચંદજી!

હવે કહે છે કે, '**વ્યવહારનયસે જ્ઞાનકી અપેક્ષારૂપ દેખનેમેં...**' વ્યવહારથી હોં! આમ અભિન્ન કીધું અહીં. પાંચ જ્ઞાનની પર્યાય આત્મા સાથે અભિન્ન છે. તોપણ વ્યવહારથી '**નેત્રોંકી તરહ લોક-અલોકમેં વ્યાપક હૈ.**' આંખ જેમ આમ દેખાયને, જેમ આંખથી આમ જાણે બધે વ્યાપી ગઈ હોય એમ કહેવાયને? આંખ તો અહીં ને અહીં છે. એમ વ્યવહારનયથી '**લોક-અલોકમેં વ્યાપક હૈ. અર્થાત્ જૈસે આંખ રૂપી પદાર્થોંકો દેખતી હૈં,...**' આંખ આમ. '**પરંતુ ઉન સ્વરૂપ નહીં હોતી, વૈસે હી આત્મા યદ્યપિ લોક-અલોકકો જાનતા હૈ, દેખતા હૈ, તો ભી ઉન સ્વરૂપ નહીં હોતા, અપને સ્વરૂપ હી રહતા હૈ, જ્ઞાનકર જ્ઞેયપ્રમાણ હૈ,...**' જ્ઞાનથી જ્ઞેયપ્રમાણ કહેવાય.

'**યદ્યપિ નિશ્ચયસે પ્રદેશોંકર લોક-પ્રમાણ હૈ,...**' દેખો! નિશ્ચયથી તો આ લોક પ્રમાણ જે અસંખ્યપ્રદેશ આત્માના છે... લોક પ્રમાણ સમજાય છે? આકાશના પ્રદેશ લોક છે આખા ચૌદ બ્રહ્માંડ એના આકાશના પ્રદેશ અસંખ્ય છે. એટલા જ પ્રદેશ એક જીવના અહીં છે. આખો લોક છેને ચૌદ બ્રહ્માંડ, ચૌદ રાજૂ એમાં આકાશ છેને વ્યાપક એક એક પ્રદેશ એવા અસંખ્ય પ્રદેશ, એ આખા લોકના જેટલા પ્રદેશ છે એટલા એક જીવના છે. એક જીવના એટલા જ પ્રદેશ છે, ભલે એટલામાં રહ્યો પણ પ્રદેશ અસંખ્ય એટલા જ છે, સંખ્યાએ તો એટલા જ છે. સમજાણું? '**યદ્યપિ નિશ્ચયસે પ્રદેશોંકર લોક-પ્રમાણ હૈ,...**' લોકપ્રમાણ એટલે લોકના

પ્રદેશ જેટલા. લોકપ્રમાણ આમ વ્યાપક એમ નહિ. **'અસંખ્યાત પ્રદેશી હૈ, તો ભી વ્યવહારનયકર અપને દેહ-પ્રમાણ હૈ,...'** લોક પ્રમાણે થવાની લાયકાત છે એની પણ અત્યારે તો દેહ પ્રમાણે છે.

**'ઐસે આત્માકો જો પુરુષ...'** હવે એવી આત્માની વ્યાખ્યા કરે છે. આવો જે આત્મા, જે કોઈ આત્મા, પુરુષ એટલે આત્મા પાછો, પુરુષ એટલે પુરુષ અને સ્ત્રી એમ નહિ. **'આહાર, ભય, મૈથૂન પરિગ્રહરૂપ ચાર વાંછાઓં સ્વરૂપ...'** આહારની સંજ્ઞા, મૈથૂન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, સમજાય છે? અને ભય સંજ્ઞા. એ **'આદિ સમસ્ત વિકલ્પકી તરંગોંકો...'** હવે એ વડે જણાય એમ કહે છે. એવો અસંખ્ય પ્રદેશી ભગવાન અનંત ગુણનો પિંડ એવા સ્વસંવેદન જ્ઞાનથી જણાય. એ બધા વિકલ્પના તરંગ જે શુભાશુભ વિકલ્પો છે એને છોડકર જે કોઈ આત્મા એને જાણતા હૈ, આત્માને જાણે છે. આ બાજુની ભોગની સંજ્ઞાને છોડી દઈ અને આ બાજુ આત્માના અનુભવજ્ઞાન દ્વારા આ આત્માને જાણે છે. **'વહી પુરુષ જ્ઞાનસે અભિન્ન હોનેસે જ્ઞાન કહા જાતા હૈ.'** એ પુરુષ જ્ઞાનથી અભિન્ન. જે દશા વીતરાગ સ્વંસવેદનજ્ઞાનથી આત્મા જાણવામાં આવ્યો એ જ્ઞાન અભિન્ન છે. એ પુરુષ જ જ્ઞાનથી અભિન્ન માટે પુરુષ જ જ્ઞાનમય કહેવામાં આવે છે. **'આત્મા ઔર જ્ઞાનમેં ભેદ નહીં હૈ, આત્મા હી જ્ઞાન હૈ.'** સમજાણું?

**'યહાં સારાંશ યહ હૈ, કિ નિશ્ચયનયકરકે પાંચ પ્રકારકે જ્ઞાનોંસે અભિન્ન આપને આત્માકો જો ધ્યાની જાનતા હૈ,...'** જોયું? ધ્યાની એટલે અંતરમાં એકાગ્ર થઈને જાણે. આની વ્યાખ્યા આ લોકો ક્યાંની ક્યાં કરે, આ બધા સમજ્યાને. આઠમા ગુણસ્થાનની ને સાતમા ગુણસ્થાનની ને ફલાણાની વાત છે. અહીં તો નીચલાની વાત છે. જેનાથી આત્મા જણાય એવું સ્વસંવેદનજ્ઞાન ધ્યાન કાળે જણાય એમ અહીં કહેવા માગે છે. સમજાણું કાંઈ? **'નિશ્ચયનયકરકે પાંચ પ્રકારકે જ્ઞાનોંસે અભિન્ન...'** ભગવાન એવા આત્માને ધ્યાની અંતર એકાગ્ર થઈ વીતરાગી સંવેદન જ્ઞાન દ્વારા અંદર આત્માને જાણે છે. સમજાણું?

**'ઉસી આત્માકો તૂ ઉપાદેય જાન.'** એ આત્મા અંગીકાર કરવા લાયક માન. અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનથી વ્યાપક દ્રવ્ય, અનંત ગુણ છે, એવો જે આત્મા પાંચ જ્ઞાનની પર્યાયથી અભિન્ન એવો જે ભગવાન વસ્તુ એને અંતરમાં, બીજા વિકલ્પોને છોડી દઈ અંતરમાં અરાગી સ્વસંવેદનજ્ઞાન દ્વારા ધ્યાનમાં 'આ આત્મા' એમ જાણ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ શુભ ને અશુભ રાગનું ધ્યાન કર્યું છે, ધ્યાન એટલે એકાગ્રતા. શુભ ને અશુભ પરિણામની એકાગ્રતા આસ્રવનું ધ્યાન કહેવાય એ, એ આત્માનું નહિ. એ આસ્રવનું ધ્યાન. શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કે હિંસા-જૂઠાના ભાવ બેય આસ્રવ છે. એનું ધ્યાન એકાગ્રતા એ

એકલું આસ્રવ મલિન પરિણામની એકાગ્રતા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બંધરૂપ છે. બેસે છે હવે? તમારા કરતાં વધારે વખત ઈ બહુ લ્યે છે અહીં. પુનાતર! આત્મા વસ્તુ જે છે નિર્દોષ વીતરાગ સ્વભાવ એકરૂપ એનું જે ધ્યાન એટલે ઓલું જે આસ્રવનું ધ્યાન હતું, એને કીધુંને તેથી (કે) સમસ્ત વિકલ્પને છોડી દે. સમજાણું? આમ પુણ્ય-પાપના વિકલ્પમાં એકાગ્ર હતો એ હવે આ આત્મામાં એકાગ્ર થાય ત્યાં ઓલો પુણ્ય-પાપ વિકલ્પ ન આવે આત્મામાં એકાગ્ર થતાં. સમજાણું કાંઈ?

'**ઉસી આત્માકો તૂ ઉપાદેય જાન.**' જે આત્મા જ્ઞાનમય વસ્તુ શુદ્ધ, બુદ્ધ સ્વભાવ એ આમ જે પુણ્ય-પાપના વિકલ્પમાં એકાગ્ર થઈને રહેતો એણે તો આત્મા જાણ્યો જ નથી અને આત્મા શું છે એની ખબર નથી. હવે કેવી રીતે જાણવું? કે, એ વિકલ્પોથી રહિત થઈ એટલે કે સંવર, નિર્જરારૂપી વીતરાગ સ્વસંવેદન પર્યાય દ્વારા 'આ આત્મા છે' એમ જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે ઈ પકડવું કઠણ. એવો વિષય અત્યારે આત્માનો વયો ગયોને, જે વિદ્યા મૂળ ચીજ હતી. વીતરાગ માર્ગની, સર્વજ્ઞ પરમેશ્વર જૈન દેવની મૂળ વિદ્યા સમ્યગ્જ્ઞાન અને આત્મજ્ઞાન એ તો જાણે કાંઈ ન મળે. આ બધું થઈ ગયું બહારનું. સમજાણું કાંઈ?

આમ બધા વિકલ્પની વાંછા રહિત કીધુંને આ બાજુમાં, હવે આ બાજુ ઢળ. વસ્તુ એ વાંછા રહિત નિર્વિકારી પર્યાય દ્વારા, રાગ રહિત સ્વસંવેદનજ્ઞાન દ્વારા 'આ આત્મા છે' એમ જાણ. એટલે એનો અર્થ કે એમાં એકાગ્ર થા. અહીં જે એકાગ્ર છે એ આમ થા. ત્યારે આત્મા શું છે એ જણાશે. આહા..હા..! આસ્રવ જાણ્યા છે કે નહિ? કહે છે એ જાણ્યા એટલે એમાં એકાગ્ર થઈને રહ્યો છેને. આવે છેને સમયસારમાં. '**जीवो चरित्तदंसणणाणठिदो**' રાગને જાણતો, એવું કાંઈક આવે છેને? એકરૂપે પરિણમતો. વાત ઈ છે. જાણતો શું જાણવું હતું? ... છેને. એકપણે એક કાળમાં જાણતો અને રાગાદિરૂપે પરિણમતો. લ્યો! એને જાણતો અને એમાં રાગાદિરૂપે પરિણમતો એ પરસમય છે—મિથ્યાદૃષ્ટિ છે. આ આત્મા એક જ વખતે જાણતો, પોતાના સ્વરૂપની એકતારૂપે ... જાણતો અને પરિણમતો સ્વસમય પ્રતીત કરવામાં આવે છે. એ વાત એની સ્પષ્ટ કરી છે. સમજાણું કાંઈ? આ વસ્તુ શુદ્ધ ચિદાનંદઘન એમાં એકાગ્ર થવું અને એને જાણતા એકાગ્ર થઈને જે દશા થવી એને સ્વસમય આત્મા કહેવામાં આવે છે. શુદ્ધાત્મા જાણ્યો એ સ્વસમય થયો. પોતામાં રહ્યો, પોતામાં રહ્યો એ સ્વસમય થયો, રાગ-દ્વેષમાં રહ્યો એ પરસમય થયો. આહા..હા..! ... પણ અહીં પહેલેથી વાત છે સાંભળને. સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યેયમાં ફેર છે. ધ્યાન ક્યાં હતું ત્યાં? આત્મધ્યાન ક્યાં હતું? ઓલામાં રાગનું ધ્યાન છે અને આમાં આત્માનું ધ્યાન છે, બેય ફેર છે. એમાં આત્માનું ધ્યાન ક્યાં આવ્યું ત્યાં? ઓલામાં રાગનું ધ્યાન છે, અહીં આત્માનું ધ્યાન છે. રાગમાં એકાગ્રતા છે, અહીં આત્મામાં એકાગ્રતા છે. રાગમાં એકાકાર થઈને રહ્યો છે એ મિથ્યાદૃષ્ટિ જીવ છે અને આત્મામાં એકાગ્ર થઈને રહ્યો એ સમ્યગ્દૃષ્ટિ જીવ છે, એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ?

'**ઉસી આત્માકો તૂ ઉપાદેય જાન.**' લ્યો! આ પૂછ્યું એનો ઉત્તર આપ્યો થોડોક. '**ઐસા હી સિદ્ધાંતોંમેં હરએક જગહ કહા હૈ –**' સમયસારની ૨૦૪ ગાથા છે.

**आभिणिबोहिय सुदोधिमणकेवल च तं होदि एक्कमेव पदं।**
**सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं गादि।।२०४।।**

સમયસારની ૨૦૪ ગાથા નિર્જરા અધિકારની, એનો આધાર આપ્યો. '**ઈસકા અર્થ યહ હૈ, કિ મતિ શ્રુત અવધિ મનઃપર્યય કેવલજ્ઞાન યે પાંચ પ્રકારકે સમ્યગ્જ્ઞાન એક આત્માકે હી સ્વરૂપ હૈં,...**' રાગાદિ, પુણ્યાદિ, વિકલ્પાદિ નહિ. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન તો ત્રિકાળી, એની આ પર્યાય પાંચ થાય–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એ બધું આત્માનું જ સ્વરૂપ છે. '**એ સમ્યગ્જ્ઞાન એક આત્માકે હી સ્વરૂપ હૈં,...**' સમજાણું કાંઈ? અહીં તો પર્યાય સહિતની વાત લેવી છેને. એક સ્વરૂપ ત્રિકાળી છે એ જુદી વસ્તુ છે. ત્રિકાળી કહેતા આત્મસ્વરૂપ નિશ્ચયનયે તો એક ધ્રુવ છે એ જ આત્માનું સ્વરૂપ છે. પણ અહીં પ્રગટેલી પર્યાય સહિત લેવું છે માટે એને પણ આત્માનું સ્વરૂપ કહ્યું છે. અપેક્ષાથી જાણવું જોઈએને. કોઈ ઠેકાણે ક્યાં કહ્યું હોય. એક ઠેકાણે તો આવ્યું હતું કે, પરિણતિ તે આત્માનું સ્વરૂપ જ નહિ. શશીભાઈ! એ તો એક સમયનો પર્યાય છે એ અપેક્ષાએ. ત્રિકાળ તે એકરૂપ ધ્રુવ સ્વરૂપ તે આત્માનું તે જીવ સ્વરૂપ છે. અહીંયાં પ્રગટેલી નિર્મળ પર્યાયનો અંશ એની સાથે અભેદ થાય છે એ વિકાર રહિત છે માટે તેને આત્માનું સ્વરૂપ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગ માર્ગને સમજવા માટે લોકો બીજે રસ્તે ચડી ગયા, આ વાત પડી રહી. પછી એમ કહે... પોકાર કરો પરમાત્મા પાસે કે પરમાત્મપ્રકાશ પાસે. વિરોધ છે રે વિરોધ છે. એકાંત છે રે એકાંત છે. કાંઈક વચ્ચે વિકલ્પ આવે એનાથી પણ આત્માને લાભ થાય અને આત્માની એકાગ્રતાથી આત્માને લાભ થાય (એમ કહો) તો અનેકાંત કહેવાય. અહીં તો કહે છે કે આત્મા જે સ્વરૂપે શુદ્ધ ચિદાનંદ છે એની દૃષ્ટિ ને જ્ઞાનની સ્થિરતા થઈ એનાથી જ મોક્ષ થાય છે. એક જ પ્રકાર, બીજો પ્રકાર છે નહિ. એને સમ્યક્ અનેકાંત ને પરથી ન (થાય) એનું નામ અનેકાંત કહેવાય છે. બહુ વાંધા ઉઠાવ્યા લોકોએ હોં! અરે..! અંતરની વસ્તુ એના ઘરમાં પડી પણ એની એને ખબર ન મળે, ગોતવા ગયો બહાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા પાસે ફરીયાદ કરે નહિ. આહા..હા..!

**'આત્માકે બિના યે જ્ઞાન નહીં હો સકતે,...'** એ અપેક્ષાએ. આત્મા વિના રાગાદિ હોઈ શકે છે. આત્મા વિના છેને રાગાદિ પુણ્ય, પાપ, વિકલ્પ તો, આત્મા વિના છે એ તો, આસ્રવ તો ભિન્ન છે. અને આ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અહીં તો આત્મા વિના બહાર ન હોઈ શકે, એ તો અભિન્ન છે, એની સાથે છે. આહા..હા..! આસ્રવતત્ત્વ તો બહિર્તત્ત્વ છે. અજીવ અને પુણ્ય-પાપના ભાવ એ તો બહિર્તત્ત્વ છે, એ આત્મતત્ત્વ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વીતરાગી ઘન જ્ઞાનસ્વરૂપ એની અંદરમાં એકાગ્ર થતાં જે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય થયું એ તો આત્માનું સ્વરૂપ છે, એ આત્માનું તત્ત્વ છે, એકરૂપથી ભેગું એક થયું છે. એ ક્યાં જુદું પડી ગયું છે? સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલા પર્યાયોના અંશો વધે ઘટે તોપણ એકરૂપ છે. સમજાય છે? જ્ઞાનનો પર્યાય વધ્યો પણ અભિનંદન એકને જ ટેકો આપે છે, સામાન્યને ટેકો આપે છે કે ખંડ ખંડ થઈ જાય છે? નિર્મળતા વધે એ બધી અભેદ થઈ જાય છે એમ કહે છે. સમજાણું? ભેદ ઉપર એનું લક્ષ નથી. એ જે નિર્મળ અંશો પ્રગટ્યા એ સામાન્ય સ્વભાવ સાથે એકપણાને પામે છે. સમજાય છે?

**'આત્માકે બિના યે જ્ઞાન નહીં હો સકતે,...'** આ પાઠ. મતિ, શ્રુત, અવધિ આદિ આત્મા વિના ક્યાંય બહાર, બહાર ક્ષેત્રમાં (નથી) એક સમયના કાળમાં પોતામાં છે એ બહારમાં નથી કાંઈ. **'વહ આત્મા હી પરમ અર્થ હૈ,...'** એવો ભગવાન પરમાર્થ પદાર્થ છે. પાંચ જ્ઞાનની પર્યાય અંતરમાં પ્રગટે એ પર્યાયવાળો તે આત્મા જ પરમાર્થ પદાર્થ છે. **'જિસકો પાકર વહ જીવ નિર્વાણકો પાતા હૈ.'** લ્યો! એવા આત્માને સમ્યગ્જ્ઞાન દ્વારા એ મતિ શ્રુતજ્ઞાનના સમ્યક્ દ્વારા પામીને એ જ આત્મા મોક્ષના પદને સમ્યગ્જ્ઞાન દ્વારા પામે છે, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? મતિ શ્રુત આદિ જે જ્ઞાન સ્વસંવેદન એ જ્ઞાનનું સ્વરૂપ, આત્માનું છે. એથી એના અભેદપણાને પામી એ આત્મા મતિ શ્રુતજ્ઞાનથી વેદીને જણાતા આત્મા જ એ જ્ઞાન દ્વારા મુક્તિને પામે છે. કોઈ વિકલ્પ વચ્ચે આવે એ દ્વારા પામે છે, નિમિત્ત દ્વારા પામે છે એમ છે નહિ. કહો, સમજાણું આમાં? લ્યો! એટલો ઉત્તર આપ્યો પહેલો. અહીં બીજામાં એમ કહે છે. ૧૦૬. એનો ને એનો વિસ્તાર (કરે છે).

૧૦૬) अप्पहँ जे वि विभिण्ण वढ ते वि हवंति ण णाणु।
ते तुहुँ तिण्णि वि परिहरिवि णियमिँ अप्पु वियाणु।।१०६।।

આહા..હા..! **'અન્વયાર્થ :- હે શિષ્ય, આત્માસે જો જુદે ભાવ હૈં, વે ભી જ્ઞાન નહીં હૈં,...'** ભગવાન આત્માથી જુદો જે પુણ્યનો દયા, દાન, વ્રતનો, મુનિપણાના વિકલ્પનો,

પંચ મહાવ્રતના પરિણામનો (વિકલ્પ) એ આત્મા નહિ, એ જ્ઞાન નહિ. **'જુદે ભાવ હૈં, વે ભી જ્ઞાન નહીં હૈં, વે સબ ભાવ જ્ઞાનસે રહિત જડરૂપ હૈં,...'** શરીરાદિ અને હું **'त्रीणि अपि'** લીધા ત્રણ—ધર્મ, અર્થ અને કામ. ધર્મ નામ મુનિપણાના આચરણની ક્રિયા, પંચ મહાવ્રત આદિ એ જ્ઞાન નહિ, એ આત્મા નહિ. સમજાણું કાંઈ? આત્મા કહેવો છેને અહીં તો. જ્ઞાન કહેવું છેને જ્ઞાન, તો જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું જે સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન. આ મુનિ ધર્મનો આચરણનો વિકલ્પ અઠ્યાવીસ મૂળગુણનો, પંચ મહાવ્રતનો એ જ્ઞાન નહિ, એ આત્મા નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, વલ્લભભાઈ! પાઠમાં ત્રણ છે. એ પછીમાં ખુલાસો આવશે, ૧૦૭માં ખુલાસો (આવશે). સમજાય છે? કારણ કે ગાથા સમયસારનો આધાર આપશેને. **'अपरिग्गहो अणिच्छो भणितो णाणी य णिच्छदे धम्मं।'** એટલે અહીં એણે ઉતારી લીધું. ધર્મ એટલે પુણ્ય. એમાંથી અહીં ઉતાર્યું એમણે. ધર્મ, અર્થ ને કામ. ઓલામાં દાખલો આપશે પછી. ધર્મ એટલે પુણ્ય, પુણ્ય એટલે શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ શુભભાવ. એ આત્માનું જ્ઞાન નહિ, એ જ્ઞાન નહિ, એ જ્ઞાન નહિ, એ રાગ આસ્રવતત્ત્વ, આત્મા નહિ. આહા..હા..! સમજાય છે? **'ઉન ધર્મ, અર્થ, કામરૂપ તીનોં ભાવોંકો છોડકર...'** અર્થ નામ પૈસો, કામ નામ વિષયવાસના, પુણ્ય નામ વ્યવહાર ક્રિયા મહાવ્રત મુનિની આદિ. એને છોડીને તું આત્માને જાણ. ઈ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૩, સોમવાર, તા. ૬-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૦૬ થી ૧૦૮, પ્રવચન-૬૯**

પરમાત્મપ્રકાશ, પહેલો ભાગ છે.

**ભાવાર્થ :-** ગુરુ શિષ્યને કહે છે. **'હે પ્રભાકર ભટ્ટ,...'** જુઓ! આ શિષ્યે બહુ પૂછ્યું કે પ્રભુ! એવું મને બતાવો કે જેથી મને ઝટ આત્મજ્ઞાન થાય. બીજી બધી વાત વિકલ્પો

ને મારે ઝાઝું કાંઈ કામ નથી. મને તો આત્માની પ્રાપ્તિ થાય એ જ ધર્મ અને એ જ સુખનું કારણ છે એ મને બતાવો. તો કહે છે કે, '**હે પ્રભાકર ભટ્ટ,...**' છે? ન્યાલભાઈ! ભાવાર્થ. '**મુનિરૂપ ધર્મ,...**' એટલે શું? પુણ્યભાવ મૂળ તો કહેવું છે. પુણ્યભાવ છેને, મુનિનો વ્યવહાર કર્મ છે, વ્યવહાર આચરણ પંચ મહાવ્રત આદિ એ બધો પુણ્યભાવ છે. એ પુણ્યભાવને છોડી દે દૃષ્ટિમાંથી એમ કહેવું છે. '**મુનિરૂપ ધર્મ,...**' એટલે કે પુણ્યભાવ અને '**અર્થરૂપ સંસાર કે પ્રયોજન,...**' લક્ષ્મી, લક્ષ્મીને માટે જે વિકલ્પ થાય પાપનો. સમજાણું કાંઈ? આ રળવાનો ભાવ થાયને પાપનો, એ પાપભાવ છે. પાપભાવ હશે? ગુલાબચંદભાઈ! રળવાનો ભાવ? ભાવ છે પણ પાપ હશે? અને '**કામ (વિષયાભિલાષ)...**' ભોગની અભિલાષા વિષયની એ પાપભાવ છે. બે કીધા પાપ અને એક કીધું પુણ્ય. મુનિનું વ્યવહાર આચરણ છે કે શ્રાવકનું વ્યવહાર આચરણ બાર વ્રત આદિ એ બધા વિકલ્પ શુભ રાગ છે, પુણ્ય છે. લક્ષ્મીના અર્થે વિકલ્પ ઉઠવો એ પાપ છે અને વિષય ભોગની વૃત્તિ ઉઠવી એ પાપ.

'**યે તીનોં હી આત્માસે ભિન્ન હૈં,...**' એ વિકલ્પ જે શુભ-અશુભરાગ. એ ત્રણે એટલે અશુભના બે ને શુભનો એક એમ. ત્રણે આત્મા આનંદ સ્વરૂપ જ્ઞાનાનંદથી જુદા છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનરૂપ નહીં હૈં.**' એ ત્રણ, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જે છે... એ ત્રણ બોલ એ જ્ઞાન સ્વરૂપ નથી એટલે કે આત્મસ્વરૂપ નથી. બરાબર છે? નેમિદાસભાઈ! આ લક્ષ્મીનો વિકલ્પ આ બધું કરી આવ્યાને ભાવનું, એ ભાવ શું હશે? પાપ હશે કે નહિ? પાપ. અને વિષય વાસના ખાવા-પીવાની બધી અનુકૂળતાની વૃત્તિઓ પાપભાવ અને આ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ કે પંચ મહાવ્રતના ભાવ, બાર વ્રતના ભાવ એ બધો શુભભાવ છે, પુણ્યભાવ છે. એ પુણ્ય અને પાપ બે આત્માનું જ્ઞાન સ્વરૂપ નથી. એ અજ્ઞાનસ્વરૂપ છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો અંશ નથી. શુભ કે અશુભ રાગ વિકલ્પ એમાં જ્ઞાન (નથી). એમ કહ્યુંને? એ જ્ઞાનરૂપ નહિ. એમાં ચૈતન્યપ્રકાશ—જ્ઞાન સ્વરૂપ એનો જ્ઞાનનો પ્રકાશનો અંશ એ વિકલ્પ શુભ-અશુભમાં નથી માટે એ ધર્મનું કારણ નથી. એ ધર્મ છે નહિ અને ધર્મનું કારણ પણ નથી. કહો, સમજાણું આમાં?

'**નિશ્ચયનય કરકે...**' ખરેખર દૃષ્ટિએ જોઈએ તો '**સબ તરફસે નિર્મલ...**' એક શબ્દ રહી ગયો છે અંદર. '**સબ તરફસે નિર્મલ એક...**' 'એક' નાખતા જ નથી એ, કોણ જાણે. ઘણે ઠેકાણે જે ખાસ મુદ્દાની રકમ છે એ નાખતા નથી. ઓલામાં નાખ્યું છે અંદર સંસ્કૃતમાં. '**सकलविशदैकज्ञानस्वरूपात्**' એવો પાઠ છે સંસ્કૃત. એક ખાસ છેને. અહીં આમ અનેક નામ એક એમ સિદ્ધ કરવું છે. પણ એ તો અંદર છે. '**सकलविशदैकज्ञानस्वरूपात्**' એટલે વિશદ નિર્મળ છે ને. વિશદ, સકળ વિશદ એમ છેને? સકળ સબ તરફસે વિશદ—નિર્મળ. એ તો

વિશદમાં આવી ગયું. સ્પષ્ટમાં, વિશદમાં આવી ગયુંને એ તો. એક સબ તરફ સે. સકળ છેને (એનું) સબ તરફ સે લીધું અને વિશદ છે નિર્મળમાં લીધું. 'એક' રહી ગયો. એક જ્ઞાન સ્વરૂપ છેને એને ઠેકાણે પછી કેવળ નાખી દીધું, એમ નાખી દીધું, પણ કેવળ એટલે એક. સમજાણું? શું કીધું?

શિષ્યે પૂછ્યું એનો ઉત્તર આપ્યો. મને તો એવું બતાવો કે જેનાથી મને આત્માની પ્રાપ્તિ થાય એટલે કે મને ધર્મ થાય. તો કહ્યું કે, મુનિરૂપ ધર્મ એટલે પંચ મહાવ્રત, બાર વ્રતનો વિકલ્પરૂપી પુણ્યભાવ એ ધર્મ નથી. શુભભાવ—દયા, દાન, ભક્તિ, પૂજા કે મુનિના પાંચ મહાવ્રત કે બાર વ્રત એ બધો શુભભાવ એ ધર્મ નથી, એ પુણ્ય છે. વ્યવહાર પુણ્ય છે. અર્થરૂપ સંસારકે પ્રયોજન—લક્ષ્મીનો રળવાનો ભાવ એ વિકલ્પ પાપ છે. અને કામની અભિલાષા, ભોગની અભિલાષાનો વિકલ્પ એ પાપ. ત્રણ થયા. ત્રણથી આત્મા ભિન્ન છે, એ ત્રણ આત્માથી ભિન્ન છે. સમજાણું કાંઈ? શુભભાવ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત એ બધો શુભભાવ એ આત્માથી તદ્દન જુદી જાત છે, એ આત્માની જાત છે નહિ. ભારે વાત ભાઈ! **'આત્માસે ભિન્ન હૈં,...'** કારણ કે એ આસ્રવતત્ત્વ છે, ભગવાન જ્ઞાનતત્ત્વ છે. સમજાણું કાંઈ? ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ એ આત્મતત્ત્વ જ્ઞાનમૂર્તિ અને આ પુણ્ય-પાપના વિકલ્પો જેટલા એ બધું જ્ઞાનતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે એટલે અજ્ઞાનતત્ત્વ છે. અજ્ઞાનતત્ત્વ એટલે ચૈતન્યનો પ્રકાશ એમાં નથી એટલે એ આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ?

**'યે તીનોં હી નિશ્ચયનય કરકે સબ તરફસે નિર્મલ...'** એક જ્ઞાન સ્વરૂપ એટલે કેવળ જ્ઞાન—એક જ જ્ઞાન છે એમ કહેવું છે. કેવળ ઓલું કેવળ નહિ, કેવળજ્ઞાન પર્યાય એ નહિ. એક સ્વરૂપ, એક જ જ્ઞાન સ્વરૂપ આમ વસ્તુ એક જ છે. કેવળજ્ઞાન એટલે પર્યાયની વાત નથી, (પણ) વસ્તુ. **'નિર્મલ કેવલજ્ઞાનસ્વરૂપ...'** એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એવો **'પરમાત્મપદાર્થસે...'** એમ. અહીં તો વસ્તુ દ્રવ્ય લેવી છે. એનાથી **'ભિન્ન તીનોં હી ધર્મ, અર્થ, કામ પુરુષાર્થોંકો છોડકર...'** લ્યો! પહેલું આ કીધું પાછું, ઓલા શિષ્યે પૂછ્યું અને પહેલું આ કીધું. પહેલું આ કરજે પુણ્ય ને થોડો વ્યવહાર કરજે, દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત પાળજે ને પછી આ કરજે એમ નથી કહ્યું અહીંયાં. અમરચંદજી! આકરી વાત ભારે જગતને. વચમાં ભલે આવે પણ એ આદરવા જેવી ચીજ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'તીનોં હી ધર્મ, અર્થ, કામ, પુરુષાર્થોંકો છોડકર...'** જુઓ, પુરુષાર્થ તો છે ઈ કહે છે. સમજાણું કાંઈ? પુરુષાર્થ છે, વીર્ય છેને એટલું. શુભ અને અશુભમાં પુરુષાર્થ છે પણ એ અધર્મ પુરુષાર્થ છે. ધર્મ કીધો છે એ વ્યવહારે, નિશ્ચયથી (અધર્મ છે). વ્યવહારે ધર્મ કીધો છેને, મુનિરૂપ ધર્મ. દાખલો તેથી તો આપશે. નિર્જરા (અધિકારની) સમયસારની ગાથા. એને

આને આધારે આપશે. સમજાણું કાંઈ? એ '**તીનોં હી ધર્મ, અર્થ, કામ પુરુષાર્થોંકો છોડકર...**' જે વીર્ય પુણ્યમાં જોડાય છે, પૈસાના કમાવામાં જોડાય, ભોગમાં જોડાય એ બધા ત્રણે પુરુષાર્થને છોડી દઈને. '**વીતરાગસ્વસંવેદનસ્વરૂપ...**' તદ્દન ભગવાન આત્મા વીતરાગ શુદ્ધાત્મસ્વરૂપ, શુદ્ધાત્મરૂપ જ્ઞાનમેં. આ પર્યાય છે, આ પર્યાય છે. ઓલો હતો નિશ્ચયથી સબ તરફસે નિર્મલ કેવળજ્ઞાન એક સ્વરૂપ પરમાત્મપદાર્થ દ્રવ્ય હતું, એ દ્રવ્ય હતું, દ્રવ્ય. વસ્તુ જ્ઞાયક ચૈતન્યભાવ વસ્તુ. પુણ્ય-પાપભાવ આસ્રવતત્ત્વ હતું. અને આ '**વીતરાગસ્વસંવેદનસ્વરૂપ શુદ્ધાત્માનુરૂપજ્ઞાન...**' એ સંવર-નિર્જરાતત્ત્વ છે. સમજાણું કાંઈ? એમાં રહીને આને જાણ એમ કહે છે અહીં તો. વિકલ્પમાં રહીને આ નહિ જણાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સ્વરૂપી પ્રભુ આખો, આ પુણ્ય-પાપના વિકલ્પ જે અનેક છે એ અનેકને છોડીને એક સ્વરૂપમાં વીતરાગસ્વસંવેદનજ્ઞાનરૂપ શુદ્ધાત્માનુભૂતિરૂપ ભાવ એ પર્યાય છે. વીતરાગ ઓલી એક પર્યાયને છોડી, એક પર્યાય દ્વારા આને લક્ષમાં લઈને એ પર્યાયમાં ઠર એમ કહે છે. આહા..હા..! શશીભાઈ! ભારે આકરી વાત. પાધરું પૂછ્યું એનો જવાબ જ આ.

મુમુક્ષુ :- આ ચોથાની વાત છે કે સાતમાની?

ઉત્તર :- ચોથાની, ચોથાથી શરૂ છે બધી આ. એ મુનિની પ્રધાનથી વાત કરી છે, મુનિને પ્રધાનથી વાત કરી છે. મુનિને જ વીતરાગસ્વસંવેદનજ્ઞાન છે? વિશેષ વીતરાગસ્વસંવેદનજ્ઞાન છે. સમજાણું કાંઈ? એઈ..! વીતરાગસ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ. એ પહેલા આવી ગયું છે ૨૧મે પાને વીતરાગસ્વસંવેદનજ્ઞાન ચોથે હોય, પાંચમે હોય પહેલું આવી ગયું છે આમાં.

'**શુદ્ધાત્માનુરૂપજ્ઞાન...**' દેખ્યું! આ પર્યાય છે. શુદ્ધાત્માનુરૂપ. શુદ્ધ વસ્તુ જે કીધી પરમાત્મ પદાર્થ શુદ્ધ આત્મા એનો અનુભવ, એનો અનુભવ—એને અનુસરીને થવું એવું જે જ્ઞાન. એમાં '**રહકર આત્માકો જાન.**' એમાં રહીને આત્માને જાણ એમ. સમજાણું કાંઈ? ટૂંકામાં તો બધું ઘણું કહ્યું, અજીવની તો વાત પણ કરી નથી અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પ એ તો. અર્થનો વિકલ્પ એ પાપતત્ત્વમાં આવી ગયું. અર્થનો વિકલ્પ, પૈસાનો વિકલ્પ, ભોગનો વિકલ્પ એ અશુભભાવ અને આ શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ. ઈ બેયને છોડીને, દૃષ્ટિમાંથી બેયને છોડીને. આહા..હા..! એક પરમાત્મસ્વરૂપ, એક પરમાત્મસ્વરૂપ એમ વજન છે અહીં. એકરૂપ ત્રિકાળ દ્રવ્યસ્વરૂપ. એ ત્રણથી પુરુષાર્થ છોડી વીતરાગસ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ. એ કોની ઉપમા છે? શુદ્ધાત્માનુરૂપજ્ઞાન એમ. શુદ્ધાત્માનુરૂપજ્ઞાન કેવું છે? કે, વીતરાગસ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના શુભાશુભ ભાવના વિકલ્પ રહિત અરાગી સ્વસંવેદનજ્ઞાનરૂપ શુદ્ધાત્માના અનુભવરૂપ જ્ઞાન એમાં રહીને આ આત્મા છે એમ

જાણ. રતિભાઈ! સમજાણું કાંઈ? એકલા શાસ્ત્રજ્ઞાનથી જાણ્યું કે વિકલ્પથી જાણ્યું એમ નહિ. એ આત્મા જાણ્યો જ નથી એણે. ઝીણી વાત છે ભાઈ! વીતરાગ પરમાત્મસ્વરૂપ ત્રિકાળ એકસ્વરૂપી જ્ઞાન નિર્દોષ એકસ્વરૂપી, એને વીતરાગસ્વસંવેદન એવું શુદ્ધાત્માનુરૂપ જે સમ્યગ્જ્ઞાન એવા સમ્યગ્જ્ઞાન એટલે શુદ્ધ પર્યાય, વીતરાગી પર્યાય એ દ્વારા આત્માને જાણ. એ સિવાય કોઈ રીતે જણાય એવો આત્મા નથી એમ સિદ્ધ કરે છે. જમુભાઈ! એ ૬ થઈ ૧૦૬. ૧૦૭.

**'આગે આત્માકા સ્વરૂપ દિખલાતે હૈં—'** વિશેષ.

**૧૦૭) अप्पा णाणहँ गम्मु पर णाणु वियाणइ जेण।**
**तिण्णि वि मिल्लिवि जाणि तुहुँ अप्पा णाणेँ तेण।।१०७।।**

**'અન્વયાર્થ :- આત્મા નિયમસે જ્ઞાનકે ગોચર હૈ,...'** ભગવાન એ તો જ્ઞાનની નિર્મળ પર્યાયથી જ અનુભવગમ્ય છે. બાકી કોઈ વિકલ્પ આદિ, નિમિત્ત આદિથી ગમ્ય અનુભવ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિયમથી. 'પર' શબ્દ વાપર્યો. પર એટલે ઉત્કૃષ્ટ, નિયમથી, નિશ્ચયથી પરનો (અર્થ), એમ. **'જ્ઞાનકે ગમ્ય હૈ,...'** ગોચર એટલે ગમ્ય. એ તો જ્ઞાનની નિર્મળ પર્યાય વીતરાગી પર્યાય દ્વારા જ આત્મા ગમ્ય છે, બાકી કોઈ રીતે ગમ્ય છે નહિ. ઓહો..હો..! ક્યાંનું ક્યાં કરી નાખ્યું છે લોકોએ. કહો! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ ધર્મધ્યાન. એટલે એનો અર્થ થઈ ગયોને કે એના ધર્મધ્યાનમાં આત્મા ગમ્ય થઈ ગયો. સમજાણું?

મુમુક્ષુ :- જાણી લીધું કે આત્મા છે.

ઉત્તર :- શું આત્મા છે? આત્મા છે એવો આ આત્મા જેવો છે એવો વીતરાગી પર્યાયમાં ઠરતા 'આ આત્મા છે' એમ જાણે એ જાણ્યો કહેવાય. સમજાણું કાંઈ? એમ (ધારણાથી) જાણ્યો કહેવાય નહિ. કહો, ભીખાભાઈ! આહા..હા..! એથી તો આ શ્લોક લીધો છે. **'आत्मा ज्ञानस्य गम्यः परः'**. પરમ એટલે નિયમથી, નિશ્ચયથી, ખરેખર, નક્કી. ભગવાન એ તો જ્ઞાનની મૂર્તિ છે આત્મા તો. પ્રકાશ ચૈતન્યસૂર્ય, આનંદ સ્વભાવ આદિ બધું ચૈતન્યસૂર્ય વસ્તુ છે એ તો. વીતરાગ નિર્દોષ સ્વભાવ વસ્તુ છે એને જ્ઞાનગમ્ય, પુણ્ય-પાપ વિકલ્પ કાંઈ જ્ઞાન નથી. શુભાશુભ રાગ એ કાંઈ જ્ઞાન નથી. એ તો અજ્ઞાન, અજ્ઞાન એટલે વિકાર છે એમાં અજ્ઞાન એટલે જ્ઞાનનો પ્રકાશ નથી. સમજાણું કાંઈ? ભારે આકરું.

મુમુક્ષુ :- ... બધું નકામું?

ઉત્તર :- કે દિ' કરી હતી સાચી પણ? કહ્યુંને, ઊંધો પુરુષાર્થ કીધો હતો, ઊંધો કીધો હતો, એ તો કહ્યો હતો. શુભાશુભભાવનો પુરુષાર્થ ખરો, (પણ) ઊંધો. શું થયું પણ ઓલા ત્રીસ વર્ષના રસના ત્યાગનું? શું કહે છે આમાં? ધર્મમાં મફત ગયું? એમ પૂછે છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! એ પરમાત્મામાં એ વિકલ્પ કેવા? એ તો એક સમયની અપરાધ ધારા

છે. એક સમયની અપરાધ ધારા. નિરપરાધ પરમાત્મા સ્વરૂપ અખંડાનંદ જ્ઞાન સ્વરૂપ છે. એ તો નિરપરાધી પર્યાય દ્વારા જ ગમ્ય થાય એમ છે કહે છે. આ એમ કહે છે. સમજાણું કાંઈ? હજી તો તકરાર બહારમાં વાંધા ઉઠ્યા. ઓલો કહે મૂર્તિનું આમ છે ને ઓલો કહે ફલાણું... ઢીકણું. તકરાર તે તકરાર બહારમાં. અંદરની વાત તો મૂળ પડી રહી હેઠે.

'**ક્યોંકિ જ્ઞાન હી આત્માકો જાનતા હૈ,...**' દેખો! છે? શું વિકલ્પ જાણે? રાગ જાણે? દયા, દાન, પાંચ મહાવ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એ આત્માને જાણે? રાગમાં જાણવાની તાકાત છે? રાગ તો આંધળો છે. અમરચંદજી! અંધા હૈ શુભભાવ. જિસસે તીર્થંકર ગોત્ર બંધે વો ભાવ ભી અંધા હૈ. ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, કહે છે એ તો આત્મા કો જાનતા હૈ, '**જ્ઞાન હી આત્માકો જાનતા હૈ,...**' ભાષા એમ છેને? '**ઈસલિયે હે પ્રભાકર ભટ્ટ! તૂ ધર્મ, અર્થ, કામ ઈન તીનોં હી ભાવોંકો છોડકર...**' ત્રણના વિકલ્પ છોડી દે. '**જ્ઞાનસે નિજ આત્માકો જાન.**' ભગવાન જ્ઞાનસ્વરૂપી અંદર રાગ વિકલ્પથી રહિત જ્ઞાનનો પર્યાય એના વડે આમ જાણ. જ્ઞાન-સ્વસંવેદનજ્ઞાનથી (જાણ કે) આ આત્મા. એમાં ઠર ત્યારે આ જણાય, એ સિવાય જણાય નહિ. આહા..હા..!

'**ભાવાર્થ :- નિજ શુદ્ધાત્મા જ્ઞાનકે હી ગોચર (જાનને યોગ્ય) હૈ,...**' જાનને લાયક એનાથી છે. જ્ઞાન એટલે નિર્મળ પર્યાય. પુણ્ય-પાપના વિકલ્પ વિના, રાગ વિના જ્ઞાનની નિર્મળ પર્યાય એ દ્વારા એ ગમ્ય છે. એ સિવાય લાખ કરોડ ક્રિયા, કષ્ટ કરે, મરી જાય તોય એને આત્મા ગમ્ય થઈ શકે એવું નથી. સમજાણું કાંઈ? કેટલા મંદિર કરાવે તો આ આત્મા ગમ્ય થાય? હજી બાકી છેને તમારે બધું. કહો, સમજાણું આમાં? આહા..! એ તો શુભભાવ હોય અને બનવાનું હોય ત્યારે બને. એ કાંઈ શુભભાવથી બને છે એમ નથી. શુભભાવ હોય છે અશુભથી બચવા માટે એ કાળે પણ એ કંઈ ધર્મ છે અને એનાથી આત્મા ગમ્ય થઈ શકે છે, એનાથી સમ્યગ્દર્શન થાય એ વાતમાં માલ કાંઈ નથી. અમરચંદજી! ... આખિરમેં શામકો. સમજમેં આયા? આહા..!

કહે છે, '**મતિજ્ઞાનાદિ પાંચ ભેદોં રહિત...**' અહીં તો વળી પાછું. '**જો પરમાત્મ શબ્દકા અર્થ પરમપદ હૈ...**' જુઓ! ઓલું તો કાઢી નાખ્યું, શુભાશુભ વિકલ્પ તો કાઢી નાખ્યા પણ પાંચના ભેદ પણ નહિ એવું અભેદ તત્ત્વ. એમ છે જુઓ! શબ્દ પાઠમાં એમ છે. '**मतिज्ञानादिकपञ्चविकल्परहितं**' એમ પાછું. એને પણ કાઢી નાખ્યું. '**यत्परमपदं परमात्मशब्दवाच्यं साक्षान्मोक्षकारणं तद्रूप योऽसौ परमात्मा**' શું કહે છે? એ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એવા પાંચ ભેદ નહિ, જે ભેદ રહિત એકલો અખંડાનંદ ભગવાન આત્મા. એવો પરમ આત્મ શબ્દનો અર્થ છે એને પરમપદ કહેવાય છે. '**વહી સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ,...**'

કહો, સમજાણું?

'**ઉસ સ્વરૂપ પરમાત્માકો...**' એવો જે પરમાત્મા સ્વભાવ '**વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાનકે બિના દુર્ધર તપકે કરનેવાલે ભી બહુતસે પ્રાણી નહીં પાતે.**' વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાન. વિકલ્પ રહિત નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ શાંતિ એ વિના દુર્ધર તપ કરીને મરી જાય પંચ પંચ મહાવ્રત પાળીને, બાર પ્રકારના અનેક પ્રકારના અનશન, ઉણોદરી, વ્રત, તપ, તપસ્યા કરીને... સમજાય છે? પણ '**વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાનકે બિના દુર્ધર તપકે કરનેવાલે બહુતસે પ્રાણી નહીં પાતે.**' એનાથી આત્માને એટલે આત્માને ધર્મ થતો નથી. ઓહો..હો..! '**ઈસલિયે જ્ઞાનસે હી અપના સ્વરૂપ અનુભવ કર.**' ભગવાન આત્મા એને જ્ઞાનની નિર્મળ પર્યાય દ્વારા અનુભવ કર. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ભગવાન એકરૂપ એને સમ્યગ્જ્ઞાન દ્વારા અનુભવ. એ દ્વારા જ અનુભવ થઈ શકે, બાકી અનુભવ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? એમ લાગે આ બધું એકાંત એકાંત થઈ જાય છે. '**ઈસલિયે જ્ઞાનસે હી અપના સ્વરૂપ અનુભવ કર. એસા હી કથન શ્રીકુંદકુંદાચાર્યને સમયસારજીમેં કિયા હૈ...**' લ્યો!

**णाणगुणेण विहीणा एवं तु पदं बहू वि ण लहंते।**
**तं गिण्ह णियहमेदं जदि इच्छसि दुक्खपरिमोक्खं।।२०५।।**

સમયસારની ૨૦૫. ૨૦૪ આવી ગઈ છે, આ ૨૦૫. '**ઈસકા અર્થ યહ હૈ, કિ સમ્યગ્જ્ઞાનનામા નિજ ગુણસે રહિત...**' જોયું? જો સમ્યગ્જ્ઞાન નિજ ગુણ એટલે પર્યાય નિર્મળ એ ગુણ કીધો છે એને. સમ્યગ્જ્ઞાન આત્માનો શુદ્ધ ત્રિકાળ સ્વભાવ એનું જે સમ્યગ્જ્ઞાન-નિર્મળ જ્ઞાન, પુણ્ય-પાપના વિકલ્પ વિનાનું જ્ઞાન એવા '**નિજ ગુણસે રહિત પુરુષ ઈસ બ્રહ્મપદકો બહુત કષ્ટ કરકે ભી નહીં પાતે,...**' '**णाणगुणेण विहीणा**' છેને? સમ્યગ્જ્ઞાન વિના એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ અંતર નિર્મળ સમ્યગ્જ્ઞાન વિના તપસ્યા કરીને સુકાઈ જાય, મરી જાય અપવાસ કરીને તોપણ બ્રહ્મપદ કો બહુત કષ્ટ (કરકે ભી નહીં પાતે). બ્રહ્માનંદ ભગવાન આત્મા એના પદને પ્રાપ્ત કરી શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિર્મળ જ્ઞાનપદ...?

ઉત્તર :- પોતે. ક્યાં આવ્યું? ક્યાં આવ્યું નિર્મળ? કોની સાથે મેળ? નિર્મળ પહેલા આવ્યું ક્યાં? અહીં તો કીધું પરમાત્મા કીધુંને? એટલે પરમાત્મા કીધું પોતે વસ્તુ. એના જ્ઞાન વિના નહિ પામે. નિર્મળ એટલે સમ્યગ્જ્ઞાન એમ. આ જે કીધુંને, સમ્યગ્જ્ઞાનનામા નિજ ગુણી નિર્મળ એમ. આ કહેવાય છેને? '**સમ્યગ્જ્ઞાનનામા નિજ ગુણસે રહિત...**' એટલે એને નિર્મળ કીધું. શું કરવા કીધું? કે, ઓલો રાગ છે એ મળ છે, વિકલ્પ છે એ મળ છે, એના રહિત સમ્યગ્જ્ઞાન

અંદર શુદ્ધ ચૈતન્યને પકડવાની દૃષ્ટિ ને જ્ઞાન, એવું જે જ્ઞાન રહિત પુરુષ એ બ્રહ્મપદકો કષ્ટ કરકે નહિ પાતે. '**અર્થાત્ જો મહાન દુર્ધર તપ કરો તો ભી નહીં મિલતા.**' સમજાણું? દુર્ધર તપ કરે, તપ કરે તો... તપ તો ધર્મ છે. આ તપ એટલે શુભ રાગની ક્રિયા ઈચ્છા મંદ રાગ આદિ એવી તપસ્યા, એમ. ઓલો તપ નહિ, સ્વરૂપમાં ઠરવાની તપસ્યા એ તપની વાત નથી અહીંયા. અપવાસ ને ઉણોદરી ને વૃત્તિસંક્ષેપ ને રસપરિત્યાગ ને દેવ-ગુરુ-શાસ્ત્રનો ખુબ વિનય ને ભક્તિ ને જાત્રા ને... સમજાય છે? રસ પરિત્યાગ ને દૂધ, દહીં, ખાંડ બિલકુલ ખાવું નહિ, છાશ લેવી એવો વિકલ્પ. એવા એવા દુર્ધર તપ કરે તોપણ ભગવાન આત્માનું જ્ઞાન એ દ્વારા થતું નથી. સમજાણું કાંઈ?

'**ઈસલિયે જો તૂ દુઃખસે છૂટના ચાહતા હૈ,...**' જો તું દુઃખ નામ આકુળતાના પુણ્ય-પાપ વિકારના દુઃખથી છૂટવા ચાહતો હો, '**સિદ્ધપદકી ઈચ્છા રખતા હૈ,** (પૂર્ણાનંદકી ઈચ્છા હો) **તો આત્મજ્ઞાનકર નિજપદકો પ્રાપ્ત કર.**' લ્યો! '**આત્મજ્ઞાનકર નિજપદકો પ્રાપ્ત કર.**' આત્માના જ્ઞાનથી જ નિજપદની પ્રાપ્તિ થાય છે, પુણ્ય-પાપના વિકલ્પથી થતી નથી. આત્મજ્ઞાન સાથે મુક્તિની શરૂઆત થાય છે અને એના દ્વારા એ જ જ્ઞાનની સ્થિરતા દ્વારા મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? આત્મજ્ઞાનકર એક આવી ગયુંને, બસ! એક જ વાત. એ આત્મા શુદ્ધ આનંદકંદ એનું જ્ઞાન. એ જ્ઞાનમાં શ્રદ્ધા, સ્થિરતા ત્રણે આવી ગયા. આત્મજ્ઞાનથી જ સિદ્ધિ આત્માની થાય છે. સમજાણું?

'**યહાં સારાંશ યહ હૈ કિ, જો ધર્મ-અર્થ-કામાદિ...**' ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે એને પૈસાની ઈચ્છા, કામાદિ ઈચ્છા (એટલે) વાસના ભોગની. '**સબ પરદ્રવ્યકી ઈચ્છાકો...**' જુઓ! એ પરદ્રવ્યની ઈચ્છા છે, એ ત્રણે પરદ્રવ્યની ઈચ્છા છે. પુણ્ય પણ ઈચ્છા છે, અર્થની ઈચ્છા ને કામની ઈચ્છા. '**પરદ્રવ્યકી ઈચ્છાકો છોડતા હૈ,...**' દેખો! '**વહી નિજ શુદ્ધાત્મસુખરૂપ અમૃતમેં તૃપ્ત હુઆ...**' સમજાણું? એ શુભ-અશુભભાવની પક્કડ છે એ જ પરિગ્રહ છે. એનાથી રહિત, પરદ્રવ્યની ઈચ્છા રહિત ભગવાન નિજ શુદ્ધાત્મા એનું સુખરૂપ અમૃત, અતીન્દ્રિય આનંદનું સુખરૂપ અમૃતમેં તૃપ્ત હુઆ. ઓહો..હો..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તૃપ્ત થયો. પુણ્ય-પાપની ઈચ્છાનો સ્વાદ એ આકુળતાનો દુઃખ સ્વાદ. એનાથી (રહિત) આત્માનો સ્વાદ પુણ્ય-પાપની આકુળતાનો સ્વાદ, સ્વાદ તો એ છે, દુઃખરૂપ સ્વાદ. એનાથી રહિત ભગવાન આત્માનો સ્વાદ અતીન્દ્રિય શાંત આનંદના સ્વાદમાં તૃપ્ત થયો થકો એમાં તૃપ્ત થયો થકો. '**સિદ્ધાંતમેં પરિગ્રહ રહિત કહા જાતા હૈ,...**' એને પરની મમતા રહિત કહેવામાં આવે છે. એને પરની મમતા રહિત કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- આ તો જંગલવાસીની વાત છે.

ઉત્તર :- અરે..! જંગલમાં જ છે આત્મા, જંગલ જ છે. જંગલવાસી આત્મા જંગલમાં પરથી રહિત જ છે. ક્યાં જંગલમાં કોઈ બીજા ક્ષેત્રમાં છે? રાગમાં પણ નથી, શરીરમાં નથી, પરમાં નથી. આત્મા ક્યાં છે? આત્મા તો અનંત ગુણમાં છે. બસ! એ જંગલમાં જ છે જ્યાં હોય ત્યાં. 'ચાહે વસો ઘરમેં ને ચાહે વસો વનમેં', આવે છેને ઈ? બનારસીદાસમાં આવે છે, બનારસીદાસમાં આવે છે. દેખા હૈ? 'ચાહે વસો વનમેં...' એવું આવે છે હોં! ક્યાં હશે? કેવી રીતે ખબર પડે? ક્યાંથી નીકળશે? આપણને કાંઈ યાદ છે બધું. એવું લખ્યું છે ક્યાંક. મંદિર એટલે ઘર, વન એટલે જંગલ. એ તો પરક્ષેત્રની વાત થઈ. પોતે તો અસંખ્ય પ્રદેશમાં, ક્ષેત્રમાં અનંત ગુણનો પિંડ પોતાના ક્ષેત્રમાં (છે), એ પરક્ષેત્રમાં કોઈ દિ' ગયો નથી, અડ્યો પણ નથી પરક્ષેત્રને. સમજાણું? એને પરિગ્રહ રહિત કહા ગયા હૈ, પરિગ્રહ નામ મમતા રહિત એમ. છેને? '**अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि**'. પરિગ્રહ રહિત એટલે પુણ્ય-પાપના વિકલ્પની પક્કડ છોડી અને જેણે આત્માના જ્ઞાનની પક્કડ કરી ઠર્યો એને મમતા રહિત અને પરિગ્રહ રહિત કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'**ઔર નિર્ગ્રંથ કહા જાતા હૈ,...**' નિર્ગ્રંથ પણ એને કહેવામાં આવે છે. '**ઔર વહી અપને આત્માકો જાનતા હૈ.**' પછી છઠ્ઠા ગુણસ્થાનવાળો જાણે એમ અહીં નથી. આત્મા નિર્ગ્રંથ જ સ્વરૂપ છે. નિયમસારમાં આવે છે. '**णिग्गंथो**' આવે છેને? છેને, એમાં શું? નિર્ગ્રંથસ્વરૂપ જ આત્મા છે. નિર્ગ્રંથ એટલે પુણ્ય-પાપની ગાંઠ, રાગ વિનાનું સ્વરૂપ છે. એની દૃષ્ટિ અને સ્થિરતા એ નિર્ગ્રંથ ભાવ જ છે, એ નિર્ગ્રંથ ભાવ છે. સમજાણું કાંઈ? ગ્રંથ એટલે પુણ્ય-પાપના ભાવ રહિત ભાવ તે નિર્ગ્રંથ ભાવ છે. વસ્તુ પણ નિર્ગ્રંથ છે અને સમ્યગ્દર્શન અને જ્ઞાન ભાવ પણ નિર્ગ્રંથ ભાવ છે. ગ્રંથ ભાવ એ નથી, ગ્રંથ એટલે પુણ્ય-પાપની ગાંઠ એ એમાં નથી. શુદ્ધ ચૈતન્યના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવ એ નિર્ગ્રંથ ભાવ છે.

'**વહી અપને આત્માકો જાનતા હૈ. ઐસા હી સમયસારમેં કહા હૈ...**' જુઓ! એ ગાથાનો આધાર આપે છે. '**કિ નિજ સિદ્ધાંતમેં પરિગ્રહ રહિત ઔર ઈચ્છા રહિત જ્ઞાની કહા ગયા હૈ,...**' પરિગ્રહ રહિત એટલે પુણ્ય-પાપના પક્કડ વિનાનો અને એની ઈચ્છા વિનાનો. '**જો ધર્મકો ભી નહીં ચાહતા હૈ,...**' આહા..! ધર્મ નામ પુણ્ય, ધર્મ નામ મહાવ્રતના ભાવ, વ્રતના ભાવ એવા પુણ્યભાવને પણ જે ચાહતો નથી. '**જિસકે વ્યવહારધર્મકી ભી કામના નહીં હૈ,...**' દેખો! ખુલાસો કર્યો. જે ધર્મીને વ્યવહાર ધર્મ વિકલ્પ આવે પણ એની કામના નથી, એની ભાવના ન હોય. રાગની ભાવના હોય? ભારે કામ ભાઈ! સમજાણું? ઓલા કહે, વ્યવહારધર્મથી નિશ્ચયધર્મ પમાય ઉપર જઈને. અહીં કહે, વ્યવહાર... સમજ્યાને? એમાંથી કાઢ્યું છે એટલું. '**ण णिच्छदे धम्मं**' કીધુંને, '**अपरिग्गहो दु धम्मस्स जाणगो**' '**अपरिग्गहो**

**दु धम्मस्स**' એમાંથી કાઢ્યું. ધર્મ નામ પુણ્યનો પણ પરિગ્રહ નથી એટલે વ્યવહાર ધર્મનો પણ પક્કડ નથી, પક્કડ નથી. પક્કડ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ ને સ્થિરતા એમાં આત્માની પક્કડ છે. સમજાણું કાંઈ? અપરિગ્રહનો દાખલો નિર્જરાનો આપ્યો છે. નિર્જરાનો અધિકાર ચોથે, પાંચમે નથી લીધા? ઈ પરિગ્રહ રહિત છે, સ્થિરતાવાળો વધારે પરિગ્રહ રહિત છે. '**ઉસકે અર્થ તથા કામકી ઈચ્છા કહાંસે હોવે?**' જેને વ્યવહારધર્મની ઈચ્છા નથી એને અર્થ અને કામની ક્યાંથી હોય? એમ કહે છે. જેને શુભભાવની ભાવના નથી એને વળી અશુભની ભાવના ક્યાંથી હોય? આહા..હા..! આત્મામાં આનંદ છે એવી દૃષ્ટિ ને તૃપ્તિ થઈ એને વળી અશુભભાવની ભાવના હોય? ભોગની વાસનાની ભાવના છે? આવી જાય એ જુદી વાત છે, ભાવના નથી. સમજાય છે કાંઈ? શુભભાવ આવે પણ એની ભાવના નથી. એકાગ્ર કરીને વધારવું એમ ભાવના નથી. આહા..હા..!

'**વહ આત્મજ્ઞાની સબ અભિલાષાઓંસે રહિત હૈ,...**' આ જાણે છઠ્ઠા, સાતમાની બધી વાતું. અહીં તો ચોથાથી જ માંડીને વાત છે. અભિલાષા કેવી? આમ વસ્તુની દૃષ્ટિ થઈ, વસ્તુ આનંદકંદ ભગવાન એના જ્ઞાનમાં આવ્યો. ભાવના એટલે એના તરફ (એકાગ્રતા છે). ત્યાં ભાવ જ નથી બીજો, ભાવ કેવો? હોય એનો ભાવ નથી. ઓહો..હો..! '**સબ અભિલાષાઓંસે રહિત હૈ,...**' નિઃશંક, નિઃકાંક્ષ આવે છેને બીજો ગુણ? ભાઈએ બહુ લીધું છે પંચાધ્યાયીમાં. અભિલાષની વ્યાખ્યામાં બહુ લીધું છે. નિઃકાંક્ષમાં બહુ લીધું છે, ઘણો વિસ્તાર કર્યો છે. અભિલાષા કોઈ પ્રકારની નથી જ્ઞાનીને. નિઃકાંક્ષમાં જ... એ ઉપરથી યાદ આવ્યું હતું. ઓલા કહે, (ઉપરના ગુણસ્થાનની વાત છે). અહીં ચોથા ગુણસ્થાનથી માંડીને બધી વાત. અભિલાષા. આચાર્યનું હૃદય છે. આર્ષ ગ્રંથ નહિ, એમ કહે છેને. આ ટોડરમલ્લ ને આ રાજમલજીના. આર્ષ ગ્રંથકા હૃદય હૈ. તને શી ખબર પડે? વસ્તુ આત્મા આર્ષ એટલે વસ્તુનું સ્વરૂપ જે બતાવે દૃષ્ટિ, જ્ઞાનથી એ બધા આર્ષના જ વાક્યો છે. સમજાણું કાંઈ? '**વહ આત્મજ્ઞાની સબ અભિલાષાઓંસે રહિત હૈ,...**' પૂર્ણાનંદ ભગવાન જ્યાં સમ્યગ્જ્ઞાનમાં અનુભવમાં આવ્યો, હવે એને શું ખામી રહી કે બીજાની અભિલાષા કરે? સમજાય છે?

'**જિસકે ધર્મકા ભી પરિગ્રહ નહીં હૈ,...**' ધર્મ શબ્દે પુણ્ય. જેને પુણ્યનો ભાવ આવે વ્યવહાર એનો પણ પક્કડ નહિ, તો અન્ય પરિગ્રહ કહાંસે હો? એમ કહે છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? ધર્મી જીવને તો એક શુદ્ધ આત્માના આનંદની જ ભાવના છે. એને પુણ્ય-પાપ, વ્યવહાર ધર્મની ભાવના નથી. જુઓ, કહ્યું છે. '**આત્મજ્ઞાની સબ અભિલાષાઓંસે રહિત હૈ,...**' સમ્યગ્દૃષ્ટિ એક આત્મા શુદ્ધ આનંદ જ્ઞાનાનંદ એના વેદનના ભાવમાં એની જ ભાવના એકાગ્ર થવાની છે. વચ્ચે શુભ-અશુભભાવ વ્યવહારરત્નત્રય કે વ્યવહારધર્મ એની ભાવના

જ્ઞાનીને છે નહિ. કેમકે પુણ્ય અને પાપ બેય વિકલ્પ છે. વ્યવહાર ધર્મકી ભી કામના જ્યાં નથી સમ્યગ્દષ્ટિને, ત્યાં અર્થ ને કામકી ઇચ્છા કહાંસે હોવે? એને લક્ષ્મી અને ભોગની વાસના (નથી). આત્માના આનંદની જ્યાં પિપાસા (છે), સમ્યગ્દષ્ટિ તો આનંદ આત્માના આનંદના પિપાસુ છે. એવા સમ્યગ્જ્ઞાન દ્વારા આત્માને જોયો, જાણ્યો, અનુભવ્યો એવા સમકિતીને પુણ્ય-પાપની ભાવના હોતી નથી. વ્યવહારધર્મની ભાવના નથી તો વળી અર્થ અને કામની ક્યાંથી આવી?

**'આત્મજ્ઞાની સબ અભિલાષાઓંસે રહિત હૈ,...'** ઓહો..હો..! ઇચ્છા જ જ્યાં સ્વરૂપમાં નથી એને ઇચ્છાની ભાવના કેમ હોય? **'જિસકે ધર્મકા ભી પરિગ્રહ નહીં હૈ,...'** શુભભાવ કા હી પરિગ્રહ નહિ. પક્કડ નહિ કે આવે તો ઠીક, રાખું. ઓલા તો હોંશ કરે કે શુભભાવ રહે. પક્કડ નહિ, આવે એને જ્ઞાતામાં જ્ઞાન તરફ જાણીને જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જગતને ભારે કઠણ પડે. **'તો અન્ય પરિગ્રહ કહાંસે હો? ઈસલિયે વહ જ્ઞાની પરિગ્રહી નહીં હૈ,...'** સમકિતીને પરિગ્રહી કહેવાતા નથી. પુણ્યના વિકલ્પનો પક્કડ નથી તો પછી બીજો પક્કડ ક્યાં છે? સમજાણું કાંઈ?

વીતરાગબિંબ ભગવાન એને વીતરાગ પરિણતિએ સ્વસંવેદનજ્ઞાનથી જાણ્યો, એને બીજી ભાવના શું હોય? પુણ્યાદિ વિકલ્પ વચ્ચે આવો, હો, એને જાણનાર, દેખનાર (રહે છે). એની ભાવના કરીને વધારવાનો ભાવ છે નહિ. વધારું તો સ્વરૂપની એકાગ્રતા તે વધારવાની છે. સમજાણું કાંઈ? **'ઈસલિયે વહ જ્ઞાની પરિગ્રહી નહીં હૈ, કેવલ નિજસ્વરૂપકા જાનનેવાલા હી હોતા હૈ.'** એ ચોથાથી માંડીને વાત છે હોં આ. કોઈ કહે, નિર્ગ્રંથ મુનિ ને છઠ્ઠે ગુણસ્થાને એ તો ક્યાંય આઘી વાત રહી ગઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયનો વ્યવહાર છે એટલે એ તો ભેદ જાણવો એ વ્યવહાર છે. વસ્તુની દૃષ્ટિમાં અભેદ છે એ તો ત્રિકાળ અભેદ એકરૂપ વસ્તુ છે.

**'કેવલ નિજસ્વરૂપકા જાનનેવાલા હી હોતા હૈ.'** લ્યો! આ શિષ્યે પૂછ્યું, પ્રભુ! મને એવું એક બતાવો. મારે બીજા બધા વિકલ્પનું કામ નથી હોં નાથ! એમ પૂછ્યું પ્રભાકરે. મને તો આત્મા જેમ પ્રાપ્ત થાય એ ઝટ બતાવો, મારે તો એક જ કામ છે. એના ઉત્તરમાં ગુરુ કહે છે, ભાઈ! એ શુભ-અશુભ વિકલ્પ જે પુણ્ય-પાપના ભાવ છોડીને ભગવાન વીતરાગ પરમાનંદ એકસ્વરૂપી પ્રભુ એને વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી જાણ. બસ! આ જ તારે કરવાનું છે. કહો, સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! શું કરવું આમાં? હવે આમાં અહીં નાખે છે કે કર્તા શું ને કર્મ શું એ બધું ૧૦૮ ગાથામાં નાખે છે. કર્તા કરવું કોને અને શું કરવું?

'આગે જ્ઞાનસે હી પરબ્રહ્મકી પ્રાપ્તિ હોતી હૈ, ઐસા કહતે હૈં—' ૧૦૮.

१०८) णाणिय णाणिउ णाणिएण णाणिउँ जा ण मुणेहि।
ता अण्णाणिं णाणमउँ किं पर बंभु लहेहि।।१०८।।

હે 'ज्ञानिन्' છેને શબ્દ. '**અન્વયાર્થ :- હે જ્ઞાની** (હે ધર્મી) **જ્ઞાનવાન અપના આત્મા...**' આ કર્તા, આ કરનારો. '**જ્ઞાનવાન અપના આત્મા...**' છેને બોલ? એ કર્તા કરનારો. કરનારો જ્ઞાનવાન આત્મા. પોતાનો આત્મા, પાછો બીજાનો આત્મા નહિ. હે 'ज्ञानिन्' સંબોધન કરીને કહે છે. '**જ્ઞાનવાન અપના આત્મા...**' ઓલા છ તો ટીકામાં છે ભાઈ! પણ આ પાઠમાં ત્રણ છે. હમણાં ભાઈને કીધું, આ ત્રણ છે એ શી રીતે? પાઠમાં શું છે? છેને? '**णाणि**' એ પહેલો શબ્દ સંબોધન. પછી જ્ઞાની. '**णाणिउ**'નું હેઠે સંસ્કૃત (છે) જ્ઞાની. એ જ્ઞાની એટલે કર્તા. '**જ્ઞાનવાન અપના આત્મા...**' એ કર્તા, કર્તા—કરનારો. પછી '**ज्ञानिना**' એ કરણ. ત્રીજો બોલ છેને? '**णाणिएण**'. સંસ્કૃત મૂળ પાઠ '**णाणिएण**' છે. એમાં '**ज्ञानिना**' એ કરણ છે.

'**સમ્યગ્જ્ઞાન કરકે...**' સમ્યગ્જ્ઞાનથી એમ, બીજા વિકલ્પ આદિથી નહિ. કર્તા જ્ઞાની આત્મા. સમજાય છે? અને સમ્યગ્જ્ઞાન દ્વારા, સમ્યગ્જ્ઞાન દ્વારા એ કરણ છે. વ્યવહાર દ્વારા, વિકલ્પ દ્વારા એમ નહિ. સમજાણું કાંઈ? હે જ્ઞાની! એમ સંબોધન કર્યું. પછી જ્ઞાની એટલે જ્ઞાનવાન પોતાનો આત્મા એ કર્તા. જ્ઞાનવાન આત્મા એ કાંઈ રાગવાન, પુણ્યવાન આત્મા નથી, આસ્રવવાન એ નથી આત્મા. જ્ઞાન જેનું રૂપ જ્ઞાનવાન છેને. જ્ઞાનરૂપ એવો ભગવાન આત્મા એ કર્તા, જ્ઞાનવાન ભગવાન કર્તા. રાગ કર્તા નહિ, પુણ્ય કર્તા નહિ, જ્ઞાની નામ જ્ઞાન કરકે. સમ્યગ્જ્ઞાન દ્વારા, પુણ્ય વિકલ્પ દ્વારા નહિ, નિમિત્ત દ્વારા નહિ. સમ્યગ્જ્ઞાન કરકે એ કરણ થયું.

'ज्ञानिनं' કર્મ '**જ્ઞાન લક્ષણવાલે આત્માકો...**' જ્ઞાન લક્ષણ આત્માને એ કાર્ય થયું. સમજાણું કાંઈ? કાર્ય ઈ, કર્તા ઈ, સાધન ઈ. આ બધા ક્યાં ગયા બહારના સાધનો? બધા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવામાં રહી ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? '**ज्ञानिनं**' છેને? મૂળ પાઠમાં '**णाणिउँ**' છે. '**णाणमउँ**', '**णाणमउँ**'. આ '**णाणिउँ**'. એટલે '**ज्ञानिनं**' સંસ્કૃત. ઈને? સંસ્કૃત '**ज्ञानिनं**'. જ્ઞાન લક્ષણવાળો આત્મા એ કાર્ય થયું, કર્મ, કર્મ. એ કર્મ, આત્માનું એ કર્મ. આ આઠ કર્મ એ આત્માનું કર્મ ખરું કે નહિ? રાગ, રાગ, પુણ્ય, વ્યવહાર વિકલ્પ એ આત્માનું કર્મ ખરું કે નહિ? સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપી વીતરાગબિંબ એ પોતે જ્ઞાનવાન કર્તા, સમ્યગ્જ્ઞાન દ્વારા એ સાધન અને જ્ઞાનને આત્મા જ્ઞાન લક્ષણવાળાને જાણવું એ કર્મ.

એ રીતે '**જબ તક નહીં જાનતા,...**' આ રીતે જ્યાં સુધી નથી જાણતો. '**તબ તક અજ્ઞાની હોનેસે...**' અહીં તો ભાઈ અજ્ઞાની લીધું છે, જુઓ! આમાં ઓલું નથી, આવું ન જાણે ત્યાં સુધી ચોથા, પાંચમાવાળો છે. એઈ..! ઈ જ છે એમાં. એમ કે આવું ન જાણે

તો ચોથા, પાંચમાવાળો, આવું જાણે એ સાતમાવાળો છે આઠમાવાળો. પાઠ છેને અહીં જુઓને ચોખ્ખો. **'ता अण्णाणिं णाणमउँ किं पर बंभु लहेहि'**. ૧૦૮માં ચોખ્ખો શબ્દ છે આ તો. સમજાણું કાંઈ? ... પ્રવચનસારમાં કહ્યુંને? ત્રણ અભેદ ન થાય ત્યાં સુધી... ત્યાં તો અજ્ઞાની મિથ્યાદષ્ટિ લીધો છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કીધું? જ્યાં સુધી કર્તા જ્ઞાન સ્વરૂપી ભગવાન જ્ઞાન કરણ દ્વારા, જ્ઞાન સ્વરૂપી લક્ષણવાળા આત્માને ન જાણે તબ તક અજ્ઞાની હૈ. સમજાણું કાંઈ? ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. સમજાણું? ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા કર્તા થઈને પોતાના જ્ઞાનના સાધન-કરણ દ્વારા, પોતાના જ્ઞાન લક્ષણવાળો જે આત્મા એને કર્મ કરીને ન જાણે ત્યાં સુધી તે અજ્ઞાની ગમે તેવા શુભાશુભભાવ કરે એ ધર્મ નથી. સમજાણું કાંઈ?

**'અજ્ઞાની હોનેસે...'** હવે ન્યાય આપે છે. **'જ્ઞાનમય અપને સ્વરૂપકો ક્યા પા સકતા હૈ?'** એમ કહે છે. જોયું? જ્ઞાનમય ભગવાન આત્મા કર્તા, જ્ઞાનમય કરણ અને જ્ઞાન કાર્ય. એ રીતે ન જાણે તો એવો, જ્ઞાનમય ભગવાન આ રીતે ન જાણે તો અજ્ઞાની જ્ઞાનમયને શી રીતે જાણે? કારણ કે જ્ઞાનમય છે આત્મા તો. જ્ઞાનમય નિર્વિકલ્પ બિંબ છે. વીતરાગી બિંબ આત્મા છે, જ્ઞાનમય સ્વરૂપ છે, એ તો જ્ઞાનનું સ્વરૂપ છે એકલું. એને પોતાના સમ્યગ્જ્ઞાન કરણ દ્વારા કર્તા સમ્યગ્જ્ઞાની પોતે અને સમ્યગ્જ્ઞાનવાળો આત્મા એને ન જાણે ત્યાં સુધી અજ્ઞાની જ્ઞાનમય એવો ભગવાન શી રીતે જાણે? શી રીતે પામશે? એમ અહીં લીધું. **'किं लभसे'** એમ છેને? સમજાય છે?

**'કભી નહીં પા સકતા. જો કોઈ આત્માકો પાતા હૈ, તો જ્ઞાનસે હી પા સકતા હૈ.'** લ્યો! જે કોઈ અનંત કાળમાં સમ્યગ્જ્ઞાન દ્વારા પામ્યા તો સમ્યગ્જ્ઞાન દ્વારા જ આત્માને પામ્યા. કોઈ બીજા ત્રણ કાળ, ત્રણ લોકમાં બીજી રીતે પામતા નથી. આહા..હા..! કોની વાત છે આ? સાતમાની? તેથી તો આચાર્યે અજ્ઞાની નાખ્યું. સ્પષ્ટ કર્યો. વસ્તુ વીતરાગ જ્ઞાનમય બિંબ પ્રભુ આત્મા એમાં પુણ્ય-પાપના વિકલ્પનો સ્પર્શ પણ નથી જેને. એવો જ્ઞાનમય ભગવાન, જ્ઞાનમય કરણ ને કર્તા ને કર્મ દ્વારા એ જણાય એવો છે. તો એ જાણવાનું કાર્ય થાય. એ સિવાય કોઈ અજ્ઞાનભાવથી વિકલ્પ દ્વારા જણાય નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાણું કાંઈ?

**'જબ તક યહ જીવ...'** એ કર્તા આવ્યો. જ્યાં સુધી આ જીવ એ કર્તા. કરનારો, **'અપનેકો...'** એ કર્મ આવ્યું, કાર્ય આવ્યું. અપનેકો, કર્તા અપનેકો. કર્તા જીવ. રાગ કર્તા નહિ. ઓલો વ્યવહાર વિકલ્પ કર્તા ને પછી આ કામ થાય એમ નહિ એમ કહે છે. કષાયની મંદતારૂપી કામ એ કર્તા અને પછી થાય કામ એમ નહિ. કર્તા આત્મા અને કામ પણ પોતાનું જ્ઞાનરૂપી કામ. **'અપનેકો આપકર...'** એ કરણ આવ્યું, કરણ કરણ. વ્યવહારકર નહિ પણ આપકર,

જ્ઞાનમયકર, જ્ઞાનમયના કરણ—સાધન દ્વારા. આત્મામાં કરણ નામનો ગુણ છે તો એ પોતે જ પોતાના કરણ દ્વારા.

**'અપની પ્રાપ્તિકે લિયે...'** એ સંપ્રદાન આવ્યું. સમજાય છે? એટલે પોતે પોતાના જ્ઞાનનો કર્તા થઈ, કરણ દ્વારા કામ થયું અને પોતે લીધું. પોતે દીધું ને પોતે લીધું. ભગવાન જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા એ કર્તા થઈ, કરણ દ્વારા કાર્ય કરીને પોતે રાખ્યું. પોતે દીધું ને પોતે લીધું એક સમયમાં. લ્યો! આ દાન. ભારે વાત ભાઈ! ઈ દાન જ દાન છે કહે છે, ઓલું દાન દાન જ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! ભગવાને અંદરથી કાઢ્યું કહે છે માલ. પુંજી માલ કાઢ્યો અંદરથી અને પોતે પાછો રાખ્યો. કર્તા થઈ, કરણ નામ સાધન દ્વારા કાર્ય કર્યું એ કાર્ય રાખ્યું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતે પોતાનો દાની અને પોતે દેનાર, બેય એકનો એક છે. લેનાર પણ પોતે અને દેનાર પણ પોતે. આહા..હા..! વ્યવહાર વયો જાય છે એમાં માણસ રાડ નાખી જાય છે. પણ વ્યવહાર વ્યવહારના સ્થાનમાં હો, જાણ. એ તો જાણવા લાયક રહી ગઈ ચીજ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અપની પ્રાપ્તિકે લિયે...'** શું કીધું? પોતાની પ્રાપ્તિ. ઓલો રાગ પ્રાપ્તિ, પુણ્યની પ્રાપ્તિ, તીર્થંકર ગોત્રની પ્રાપ્તિ (નથી કહી). સોલહ ભાવના એને તીર્થંકર ગોત્રની પ્રાપ્તિ મળે. લ્યો. તીર્થંકર ગોત્રની પ્રાપ્તિ. ઈ કહે છે કે એ નહિ. અહીં તો અપની પ્રાપ્તિ કે લિયે. એ તો વિકલ્પ હતો, વિકલ્પની પ્રાપ્તિ અહીં ક્યાં છે આત્મામાં? આહા..હા..! સમજાણું કાંઈ? **'અપની પ્રાપ્તિકે લિયે...'** જુઓ પોતાની પ્રાપ્તિ, પોતાની પ્રાપ્તિ માટે તે પુરુષાર્થ કરે છે, બીજા માટે કાંઈ છે નહિ. રાગ માટે નથી તો વળી બીજા માટે પ્રશ્ન ક્યાં આવ્યો? આપ સે. 'થી' પાંચમી (વિભક્તિ) આવી થકી—પોતાથી. જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા, જ્ઞાનમૂર્તિ, જ્ઞાનસ્વરૂપી ભગવાન આપથી પોતે. જ્ઞાન દ્વારા, જ્ઞાનથી, થકી એનાથી પ્રગટે છે. એથી—એનાથી પ્રગટે છે. રાગ અને વિકલ્પથી (જ્ઞાનમાં) આવતો નથી. સમજાણું કાંઈ?

**'અપનેમેં...'** અધિકરણ આવ્યું. પોતામાં રહીને. જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા... ષટ્કારક આવી ગયા ષટ્. પાઠમાં ત્રણ મુક્યા હતા. સમજ્યાને? ગાથામાં ત્રણ—કર્તા, કરણ અને કર્મ (હતા). પાઠમાં ત્રણ મૂક્યા એટલે (બાકીના) આવી ગયા. ટીકાકારે છ કાઢ્યા. આમાં સંક્ષેપ સૂત્ર છે એટલે વિસ્તારથી ટીકામાં કહ્યું. **'અપનેમેં તિષ્ઠતા નહીં જાન લે,...'** આવા છ કારક દ્વારા પોતે પોતાને ન જાણે, **'તબ તક નિર્દોષ શુદ્ધ પરમાત્મા સિદ્ધપરમેષ્ઠીકો ક્યા પા સકતા હૈ?'** પોતે સિદ્ધ પરમેષ્ઠી હોં! આહા..હા..! **'તબ તક નિર્દોષ...'** નિર્દોષ એટલે

એમાં વિકાર ક્યાં છે વસ્તુમાં. વસ્તુ છે તે વીતરાગ છે. વીતરાગ એટલે રાગ રહિત, રાગ રહિત એટલે દોષ રહિત. વસ્તુ છે એ તો દોષ રહિત ત્રિકાળ અખંડાનંદ આનંદકંદ વીતરાગ પરમાત્મસ્વરૂપ છે. નિર્દોષ અનંત ગુણનો પિંડ એક દ્રવ્ય તે નિર્દોષ છે, એમાં દોષ કેવો? વીતરાગ ભાવ કહો, નિર્દોષ કહો, જ્ઞાનાનંદ કહો. એવો નિર્દોષ શુદ્ધ પરમાત્મા એમ. નિર્દોષ શુદ્ધ. નિર્દોષ–દોષ રહિત. નકાર કર્યો, હકારમાં શુદ્ધ પરમાત્મા. શુદ્ધ પરમાત્મા એવો આત્મા, એવો પોતે સિદ્ધ પરમેષ્ઠી આવા કર્તા, કર્મ, કરણ ન કરે ત્યાં સુધી કઈ રીતે (સિદ્ધપદને) પામી શકે? સમજાણું કાંઈ? **'કભી નહીં પા સકતા.'**

**'જો આત્માકો જાનતા હૈ, વહી પરમાત્માકો જાનતા હૈ.'** આવો આત્મા જાણ્યો એણે પોતાના પરમ સ્વરૂપને જાણ્યું અને પરમાત્માને જાણ્યા. બાકી આ રીતે ન જાણે ત્યાં સુધી અજ્ઞાની ગમે તેટલી ક્રિયાકાંડ રાગાદિ વ્યવહાર કરે એનાથી આત્માની પ્રાપ્તિ નથી. પામ્યા તે આ રીતે પામ્યા. પામ્યા તે આ રીતે પામ્યા, પામશે તે આ રીતે પામશે. બીજો કોઈ એનો રસ્તો છે નહિ. આ પરમાત્મ શબ્દ છેને માથે. પરમાત્મપ્રકાશ એટલે પરમાત્મપ્રકાશ દ્રવ્ય વસ્તુ, એને આવા કર્તા થઈ કર્મ વડે કરણ દ્વારા પોતાને પોતામાં રાખીને પોતાથી પોતાના આધારે પોતે પ્રાપ્ત કરે છે તો આ રીતે પ્રાપ્ત કરે છે. પરમાત્મા જ્ઞાન સિવાય રાગાદિ પરમાત્મા નથી કાંઈ, એ તો પર સ્વરૂપ છે. એ દ્વારા પ્રાપ્ત થતું નથી. એ કર્તા થઈને પ્રાપ્ત થાય કે સાધન થઈને પ્રાપ્ત થાય કે કર્મ થઈને પ્રાપ્ત થાય કે રાગની મંદતાનો વ્યવહારનો આધાર હતો તે પ્રાપ્ત થાય એવું વસ્તુમાં છે નહિ. પામે તે આ રીતે પામે, બીજી રીતે પામતા નથી.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૪, મંગળવાર, તા. ૭-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૦૯, ૧૧૦. પ્રવચન-૭૦**

૧૦૯ (ગાથા), પરમાત્મપ્રકાશ-પહેલો ભાગ. **'પરલોક શબ્દકી વ્યુત્પત્તિકર પરલોક શબ્દસે પરમાત્માકો હી કહતે હૈં—'** ચાર ગાથા જ્ઞાનની ગઈ, હવે પરલોકની વ્યાખ્યા કરે છે.

૧૦૯) जोइज्जइ तिं बंभु परु जाणिज्जइ तिं सोइ।
बंभु मुणेविणु जेण लहु गम्मिज्जइ परलोइ।।१०९।।

'**અન્વયાર્થ :- ઉસ કારણસે ઉસી પુરુષસે (આત્માને) શુદ્ધાત્મા નિયમસે દેખા જાતા હૈ,...**' શું કહે છે? જેને આ શક્તિરૂપ પરમેશ્વર આત્મા નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા લોકન અંદર અવલોકાય છે. વસ્તુ પોતે પરમબ્રહ્મ, પરમબ્રહ્મ. પરમબ્રહ્મ શુદ્ધ શક્તિ પરમેશ્વર, પોતે પરમેશ્વર એને '**દેખા જાતા હૈ,...**' જે સમ્યગ્જ્ઞાન નિર્વિકલ્પ શાંતિ ને નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા, સ્વસંવેદનજ્ઞાન દ્વારા '**દેખા જાતા હૈ, ઉસી પુરુષસે નિશ્ચયસે વહી શુદ્ધાત્મા જાના જાતા હૈ,...**' સમજાય છે કાંઈ? આ પરલોકની વ્યાખ્યા (છે). પર એટલે પર ઉત્કૃષ્ટ પરમાત્મા પોતાનો સ્વભાવ. એક સમયનો શુદ્ધ ધ્રુવ જે નિશ્ચય સ્વરૂપ એનું પરમેશ્વરપદ છે. એક સમયનો પર્યાય એ તો વ્યવહાર છે. નિશ્ચય વસ્તુ જે પરમેશ્વરપદ જે અનંત ગુણનું રૂપ એક એને અંતરમાં નિર્વિકલ્પ શાંતિ, જ્ઞાન દ્વારા લોકે, અવલોકે પર નામ ઉત્કૃષ્ટ આત્માને, એ જીવ પરલોકને પ્રાપ્ત થયો ને એણે આત્માને જાણ્યો કહેવાય. સમજાણું કાંઈ? ક્યા કહેતે હૈં? દેખો!

'**ઉસી પુરુષસે નિશ્ચયસે વહી શુદ્ધાત્મા જાના જાતા હૈ, જો પુરુષ જિસ કારણ અપના સ્વરૂપ જાનકર પરમાત્મતત્ત્વમેં શીઘ્ર હી પ્રાપ્ત હોતા હૈ.**' ભગવાન આ એનું કર્તવ્ય અને આ એની ક્રિયા. ભગવાન પરમેશ્વર પોતે સ્વરૂપે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિઅનંત શુદ્ધ અનંત ગુણનું એકરૂપ એવો ધ્રુવ પરમેશ્વર એને જે અંતર નિર્વિકલ્પ જ્ઞાનના સ્વસંવેદનજ્ઞાન દ્વારા એને જે અવલોકે એને પરલોક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પર એટલે પ્રધાન. ઉત્કૃષ્ટ લોક જ એ પોતાનો આત્મા છે.

પરમાત્મપ્રકાશ છેને. એટલે પરમાત્મા વસ્તુ પોતે જ પરમાત્મા દ્રવ્ય સ્વરૂપે છે. એને જે કોઈ દેખે છે એમ કીધુંને? '**दृश्यते**', '**जोइज्जइ**'. '**जोइज्जइ**' એટલે દેખે છે. '**परु जाणिज्जइ**'– એ જ પરમાત્માને જાણે છે, બીજો જાણી શકતો નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? એમાં વિકલ્પ ને વાણી કે શરીરનું કાંઈ કામ જ નથી કહે છે. એ તારી ચીજ જ નથી. વાણી કે વિકલ્પ એ આત્મા નથી. એ પછી કહેશે, ચાર શ્લોક પછી. નિજાત્મ દ્રવ્યથી પર વસ્તુ છે, એનાથી કામ લેવું એ કાંઈ તારું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? શુભાશુભ વિકલ્પથી કામ લેવું એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. આહા..હા..! વાણી એ જડની પર્યાય છે, શુભાશુભ વિકલ્પ એ આસ્રવતત્ત્વ છે, એ કાંઈ જીવ સ્વરૂપ નથી કે એનાથી તું કામ લઈ શકે અને આત્માને લાભ થાય. કેમ જુગરાજજી! વિકલ્પથી લાભ ન થાય, વાણીથી આ બીજાને પ્રરૂપણા કરવી એનાથી કાંઈ લાભ થાય કે નહિ જીવને? એ તો વિકલ્પથી પુણ્ય બંધાય, પ્રરૂપણાથી? એ તો ભાષાવર્ગણા છે.

અહીં તો કહે છે, જે દેખા જાતા હૈ શુદ્ધાત્મા નિયમસે. જે સ્વસંવેદનજ્ઞાન દ્વારા સ્વ

જ્ઞાનાનંદ મૂર્તિ પુણ્ય-પાપના આસ્રવ રહિત, વિકલ્પ રહિત, શરીર અજીવ રહિત એકલું અનંત પૂર્ણ સ્વરૂપ સહિત એવો જે પરમાત્મા પોતે એને અંતર સ્વસંવેદનજ્ઞાનથી દેખે તે પુરુષ પરલોકને પ્રાપ્ત થાય છે. એ પરલોક એટલે પ્રધાન આત્મા તેને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! મેળવવું છેને કાંઈક એને, પ્રાપ્ત કરવું છેને, કહે છે. શું પુણ્ય-પાપ પ્રાપ્ત કરવા છે? એ તો વિકાર છે, વિકારથી તો બંધની પ્રાપ્તિ થાય. અજીવ છે આ વાણી, શરીર એ તો પરપદાર્થ છે, એનાથી તો કાંઈ બંધની પ્રાપ્તિ પણ નથી, એ તો સ્વતંત્ર પદાર્થ છે.

ભગવાન આત્મા પરમબ્રહ્મ, પરમબ્રહ્મ એમ કહ્યુંને? પરમબ્રહ્મ આનંદમૂર્તિ નિર્વિકલ્પ આનંદકંદ વસ્તુ. '**દેખા જાતા હૈ,...**' જે નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન દ્વારા જે વસ્તુને અંદર દેખે છે એ પુરુષ આત્માને જાણે છે અને એ પુરુષ પરમાત્મતત્ત્વમેં શીઘ્ર હી એટલે અંતર પરલોક, પર એટલે પ્રધાન લોક એને અવલોકે છે એટલે એમાં પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું આમાં? રતિભાઈ! બધું માંડી વાળ્યું બહારનું આમાં તો કાંઈક. જુગરાજજી! ક્યા કરના હવે? મંદિર-મંદિર કરના કિ ક્યા કરના? કહે છે. હા પાડવી કે ના પાડવી શું કરવું આમાં? કરી શકે છે ક્યાં? એ તો એને કારણે થાય છે. વાણી બોલી શકે છે કોણ? એ તો જડને કારણે વાણી (નીકળે છે). વિકલ્પ લાવી શકે છે કોણ? એ તો કર્મના નિમિત્તના સંબંધમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

આ લાવી શકે છે એમ કહે છે અહીં ભાઈ! પરલોક પ્રાપ્ત કરે છેને કહે છે, પ્રાપ્ત આ પ્રાપ્ત કરી શકે છે. આ (પર) પ્રાપ્ત શું કરી શકે? ભગવાન પરમેશ્વર પરમબ્રહ્મસ્વરૂપ પોતે છે. એને ક્યાં પ્રાપ્ત કરવો હતો, વિકલ્પને શું પ્રાપ્ત કરવો હતો, વાણીને શું પ્રાપ્ત કરવી હતી, ફલાણાને પ્રાપ્ત (શું કરવો હતો?) સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, એ પુરુષ બ્રહ્મા '**ब्रह्म मत्वा**' છેને? '**परः ब्रह्म दृश्यते**'—એ પરમબ્રહ્મા જાના જાતા હૈ. એ પુરુષથી પરમબ્રહ્મ ભગવાન અંતર જાણવામાં આવે છે. '**જિસ કારણ અપના સ્વરૂપ જાનકર 'परलोके लघु गम्यते'**. '**लघु**'—ઉગ્ર. પરમાત્મતત્ત્વ જે પરમ સ્વરૂપ આનંદતત્ત્વ પૂર્ણ ધ્રુવ એને '**શીઘ્ર હી પ્રાપ્ત હોતા હૈ.**' એ પરલોક એટલે આત્માને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો કોઈ શુદ્ધાત્મા...**' એટલો તો શબ્દાર્થ કર્યો. '**અપના સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયકર...**' પોતાનું સ્વરૂપ વાસ્તવિક પિંડ ભગવાન પરમાત્મા પિંડ પોતે છે. એક સમયનો ઉત્પાદ-વ્યય છે એ તો પરિણતિ-પર્યાય છે, એ કાંઈ નિશ્ચય આત્મા નથી. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યયનો એક સમયનો પર્યાય છે એ નિશ્ચય આત્મા નથી. ભલે રાગ હો કે શુદ્ધ પરિણતિ હો પણ એ કાંઈ નિશ્ચય તત્ત્વ નથી, એ તો વ્યવહાર તત્ત્વ છે. સમજાણું કાંઈ? નિશ્ચય તત્ત્વ '**શુદ્ધાત્મા અપના સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયકર શક્તિરૂપસે...**' જે સત્ત્વ, સત્ત્વરૂપ. '**કેવલજ્ઞાન**

**કેવલદર્શન સ્વભાવ હૈ,...'** લ્યો! આવ્યું જુઓ! આ રાડો પાડે છેને સર્વજ્ઞ ભગવાન, સર્વજ્ઞ ભગવાન. અરે..! ભાઈ! સર્વજ્ઞ ભગવાને દીઠું એમ નક્કી કરવા જા તો સર્વજ્ઞ પર્યાય જેમાંથી નીકળે એવા શક્તિરૂપ કેવળજ્ઞાન, કેવળદર્શનનો નિશ્ચય થઈ જાય છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? કેવલજ્ઞાન, કેવલદર્શન. એ કેવલ એટલે એક જ્ઞાન, એક દર્શન શક્તિ ત્રિકાળની વાત છે હોં! આ. સમજાણું કાંઈ? **'शक्तिरूपेण केवलज्ञानदर्शनस्वभावः'**. શક્તિરૂપ એકલું જ્ઞાન. એકલું જ્ઞાન એટલે ધ્રુવરૂપ. એકલું દર્શન ધ્રુવરૂપ. જ્ઞ એવો સ્વભાવ, એવો સ્વભાવ એકરૂપ પૂર્ણ પૂર્ણ સ્વભાવ. એવો સ્વભાવ **'વહી વાસ્તવમેં (અસલમેં) પરમેશ્વર હૈ.'** એ પોતે પરમેશ્વર છે. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા જ્ઞાન કેવળ એકલું જ્ઞાન એમ. કેવળ એટલે ઓલી પર્યાયની વાત નથી અત્યારે. કેવળજ્ઞાન પર્યાય પણ એ તો વ્યવહાર આત્મા છે. કેવળજ્ઞાન પર્યાય પણ વ્યવહાર આત્મા, નિશ્ચય આત્મા એ નહિ. આ કેવળ, કેવળદર્શન સ્વરૂપ જે છે તે નિશ્ચય આત્મા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં એકલો પિંડ જેમાંથી એવા અનંતા પરમાત્મા આવે. કેવળજ્ઞાનનો પર્યાય એ પરમાત્મદશા. એવી પરમાત્મ સાદિ-અનંત દશા એવા અનંત પરમાત્મા, અનંત પરમાત્મા થયાને? જુગરાજજી! અનંત પર્યાય છે એ અનંત પરમાત્મા, એ અનંત પરમાત્મા. એ અનંત પરમાત્મા જેના પેટમાં શક્તિરૂપ રહ્યો તે નિશ્ચય આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયનો પરમાત્મા તો વ્યવહાર પરમાત્મા છે. ઈ કહેશે ઓલામાં, સ્વર્ગ મોક્ષ વ્યવહારનયે છે. વ્યવહારનયે સ્વર્ગ મોક્ષકો પરલોક કહતે હૈ. આમ વ્યક્તિરૂપે સિદ્ધ કહેશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એકલું જ્ઞાનસ્વરૂપનું તત્ત્વ, દર્શન રૂપનું તત્ત્વ એટલે શક્તિ એ પોતે જ પરમેશ્વર છે. પૂરો પરમેશ્વર ઈ. સમજાણું કાંઈ? વળી પૂરો પરમેશ્વર ઈ શું હશે? કેવળજ્ઞાની પ્રગટ પર્યાય એ તો એક સમયનો પરમાત્મા છે. સમજાણું કાંઈ? આ ભગવાન શુદ્ધ સ્વરૂપ ધ્રુવ એક સમયની પર્યાય ઉત્પાદ-વ્યયને બાદ કરી દ્યો. એકલો ભગવાન પૂરો પરમેશ્વર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ પરમેશ્વર, **'પરમેશ્વરમેં ઔર જીવમેં જાતિ-ભેદ નહીં હૈ,...'** ઈ પરમેશ્વર અને જીવ બેમાં કોઈ જાતિ ભેદ નથી. **'જબ તક કર્મોંસે બંધા હુઆ હૈ,...'** પર્યાયમાં એક સમયની પર્યાયમાં આમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કર્મ સાથે. એક સમયની પર્યાયમાં કર્મનો પર્યાય એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વસ્તુમાં એ કાંઈ છે જ નહિ. એક સમયની પર્યાયમાં કર્મનો, ઉદયનો એક સમયનો પર્યાય, કર્મના ઉદયનો પર્યાય બેને નિમિત્ત સંબંધ છે. એ તો વ્યવહાર થઈ ગયો એકલો. વસ્તુ સ્વરૂપમાં એ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..!

'**જબ તક કર્મોંસે બંધા હુઆ હૈ, તબ તક સંસારમેં ભ્રમણ કરતા હૈ.**' એટલે એક સમયનો પર્યાય કર્મના પર્યાય સાથે સંબંધ રાખે છે ત્યાં સુધી એનું નામ પરિભ્રમણ. એક સમયનો (જીવનો) પર્યાય, એક સમયના કર્મના ઉદયની પર્યાય સાથે... કારણ કે, એ પણ એક સમયની પર્યાય છે ઉદયની, બેને જોડે છે ત્યાં સુધી સંસાર (છે). એક સમયનો પર્યાય એનું લક્ષ છોડી દઈને નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનની પર્યાય દ્વારા.. એ પર્યાય. સમજાણું કાંઈ? એક સમયનો પર્યાય, અવસ્થા આખું ધ્રુવ તત્ત્વ ભિન્ન અખંડ એકરૂપ એનો એક સમયનો પર્યાય એટલે અવસ્થા કર્મના એક સમયની અવસ્થા સાથે જોડાય, બસ! આનું નામ સંસાર, એનું નામ વ્યવહાર. એ પર્યાયનું લક્ષ છોડી દઈ અને નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનની પર્યાય દ્વારા પરમેશ્વરને અવલોકવો એનું નામ પરલોક અને પરમેશ્વર કહેવાય છે. સમજાણું કાંઈ? ઓલો સંબંધ આમ (પર બાજુ) હતો, આ સંબંધ આમ (અંતરમાં) કર્યો. ઝીણું બહુ પણ આમાં. કાંઈક કરવું હોયને તો તો સમજાય પણ ખરું. ભક્તિ-બક્તિમાં બોલવું હોય તો લોકો સમજે ખરા કે કાંઈક કરે છે. એઈ.. રાજમલજી! આમાં શું કરવું ને શું કરવું એ કાંઈ દેખાય નહિ બહારમાં. કહે છે કે, ભાઈ! એ કરવાની ક્રિયા તો જડની એ તો એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. વિકલ્પ ઉઠે એ પણ સંબંધ કર્મની સાથે સંબંધ કરે છે પર્યાય ત્યારે વિકલ્પ ઉઠે છે. આમ સંબંધ કરે તો વિકલ્પ ઉઠતો નથી. વસ્તુ એવી છે જરી આકરી છે. લોકોને જૈનદર્શન શું છે એને સમજવું કઠણ પડે છે. કેમકે એને સાંભળવા મળ્યું નથી.

જૈનદર્શન એટલે શું? વસ્તુનું સત્ત્વ આખું છે એ પરમેશ્વર જ છે. એ જૈનદર્શન એટલે વસ્તુ સ્વરૂપ વીતરાગ છે. વસ્તુ પોતે નિર્દોષ વસ્તુ વીતરાગસ્વરૂપ જ આત્મા છે, પરમેશ્વર છે. એને અંતરમાં જે વર્તમાન અવસ્થા આમ જોડાય છે એને નિર્વિકલ્પ સંવેદનજ્ઞાન દ્વારા આ આત્માને અવલોકવો. બસ! એ પરમેશ્વરને અવલોક્યો એણે. એને પરમેશ્વરના ભેટા થયા, એ પરમેશ્વરને પ્રાપ્ત થયો, એ પરલોકને પ્રાપ્ત થયો. પર નામ પ્રધાન લોક, પ્રધાન લોક, પ્રધાન લોક. એક સમયની પર્યાય, રાગ ને નિમિત્ત પણ નહિ, પ્રધાન લોક આ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આલોક-પરલોક ક્યાં હતું? કહે છે. આ પરલોક તો પ્રધાન લોક—આ ઉત્કૃષ્ટ (લોક છે), પર એટલે ઉત્કૃષ્ટ. બે અર્થ કર્યા છે જરી એમાં. ઉત્કૃષ્ટ ભાઈ! છેને જુઓ! અંદર એઈ. પર નામ બ્રહ્મ શબ્દ શુદ્ધાત્મા અને '**परः उत्कृष्टः। अथवा पर इति पाठे नियमेन।**' એમ બે શબ્દ કર્યા. નિયમથી તે પરલોક છે એમ. સંસ્કૃતમાં બે શબ્દ છે. '**पर इति पाठे नियमेन।**' પર એટલે નિયમથી. પર એટલે ઉત્કૃષ્ટ અને પર એટલે નિયમથી. બે અર્થ કર્યા ભાઈ! સંસ્કૃતમાં છે. શું કર્યું? પર એટલે ઉત્કૃષ્ટ અને પર એટલે નિયમથી એમ બે અર્થ કર્યા

સંસ્કૃતમાં. સમજાણું?

**'परु ब्रह्मशब्दवाच्यः शुद्धात्मा। कथंभूतः। परः उत्कृष्टः। अथवा पर इति पाठे नियमेन।'** પર એટલે નિયમથી. પર પ્રધાન નિયમથી, નિશ્ચયથી. ભગવાન શુદ્ધ સ્વરૂપ ધ્રુવ એ જ પરમેશ્વર અને એ જ તારો પરલોક છે. પણ પરલોક ક્યારે તને થાય? કે, પર એવો ઉત્કૃષ્ટ લોક લોક્યન્તે—નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા લોક કર તો એ પરલોક કહેવાય તારે માટે એમ કહે છે અહીં તો. નહિતર તો છે ઈ છે. સમજાણું કાંઈ? શું કીધું? વસ્તુ તો છે ઈ છે પરલોક. ઉત્કૃષ્ટ લોક કહો કે પર નામ નિશ્ચયથી લોક છે તે છે. પણ એને પરલોક તરીકે ક્યારે કહેવાય? કે, તું નિર્વિકલ્પ લોક્યન્તે—એવા લોકને નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા લોક—દેખ તો એ પરલોક કહેવાય એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ!

કહે છે, એ પરમેશ્વર વાસ્તવમાં છે પણ એ નિયમથી પરમેશ્વરનું પરલોકપણું તારું, પરલોક પરને લોક્યન્તે, અવલોકયન્તે ઈતિ પરલોકઃ. વસ્તુ સર્વોત્કૃષ્ટ નિજપદ પરમેશ્વર એ નિયમથી લોક છે ઉત્કૃષ્ટ. એને લોક, પરલોક લોક્યન્તે—અવલોકન. વર્તમાન સ્વસંવેદનજ્ઞાન પર્યાય દ્વારા એને અવલોકવો, એમાં જોવો ત્યારે એને પરલોક કહેવામાં આવે છે. જુઓ! આ વાત આગળ લેશે હોં! આ ચોથા ગુણસ્થાનમાં છે આ વાત. પાછી કોઈ એમ કહે (ઉપરના ગુણસ્થાનની છે એમ નથી). તેથી ૧૧૦મી ગાથામાં લેશે ભાઈ! **'मुनिवरवृन्दानां हरिहराणां'**. પાછું કોઈ એમ કહે કે, આ વળી ઊંચી વાત હશે. એટલે દસમીમાં લેશે. મુનિવરોના સમૂહ ને ઈન્દ્ર વાસુદેવ, રુદ્રના મનમાં વસે છે આવો પરમાત્મા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ કે આવો પરમાત્મા કોને અવલોકવામાં આવે? એ ચોથા ગુણસ્થાનમાં ઈન્દ્રોને, મુનિવરોને એના ગુણસ્થાન પ્રમાણમાં, વાસુદેવને. સમજાય છે? વાસુદેવ કહ્યાને હરિ. આદિ ... એના મનમાં એટલે આમ અંતરમાં અવલોકનમાં આ આત્મા વસે છે માટે તેને પરલોક અને પરમાત્મા કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાણું આમાં?

**'સૂક્ષ્મ બાદર એકેન્દ્રિયાદિ જીવોંકે શરીરમેં જુદા જુદા તિષ્ઠતા હૈ,...'** ભગવાન આત્મા તો દરેક એકેન્દ્રિય આદિ શરીરમાં જુદો જુદો ભગવાન પરમેશ્વર પૂરો બિરાજે છે. એ અનંત પરમેશ્વર છે. ઓહો..હો..! **'ઔર જબ કર્મોંસે રહિત હો જાતા હૈ, તબ સિદ્ધ કહલાતા હૈ.'** સિદ્ધ કહલાતાનો અર્થ એમ નહિ (કે) જુદા છે એ પાછા એક થઈ જાય. એવો અર્થ નથી એનો. સમજાણું? ઓલામાં હતાને કે, ભાઈ! જ્યારે કર્મ સહિત હતા તો જુદા જુદા છે અને કર્મ રહિત થાય તો હો જાતા હૈ તબ સિદ્ધ કહલાતા હૈ. એનો અર્થ કે સંસારી જે કહેવાતો એ સિદ્ધ કહેવાય છે, બાકી છે તો જુદે જુદા. સમજાણું કાંઈ?

ઓહો..હો..! પરમાત્મપ્રકાશ છે. એકલો પરમાત્મા પૂર્ણાનંદ ભગવાન પોતે પરમાત્મા, એક સમયમાં પૂરો પ્રભુ એનું અવલોકન કરવું ત્યારે એને પરલોક અને તેને આત્મા જાણ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં તો એમ પણ કહ્યું કે, શાસ્ત્રનું જ્ઞાન ને ફલાણાનું જ્ઞાન એ કાંઈ કામ કરે નહિ આમાં. એઈ..! આહા..હા..! શાસ્ત્રજ્ઞાન તો પરલક્ષી છે, એ કાંઈ આત્મામાં કામ કરે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા એ પરલક્ષીનું લક્ષ છોડી સ્વલક્ષીના લક્ષે સ્વસંવેદનજ્ઞાન દ્વારા લક્ષ કરે, જોવે તો એ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી તે પરલોકની પ્રાપ્તિ થાય છે. પરલોક એટલે ઉત્કૃષ્ટ આત્માની પ્રાપ્તિ થાય છે. એ સિવાય કોઈ ઉપાયે એની પ્રાપ્તિ બીજી છે નહિ. લોકો રાડ પાડે છે, એકાંત થઈ જાય છે. કોઈ વ્યવહારથી પ્રાપ્ત થાય કે નહિ? ભક્તિ, પૂજા, વ્રત, દાન એ બધા ભાવ છે એ શું છે? એ ભાવથી કાંઈક કાંઈક થોડું પ્રાપ્ત થવાનું સહેલું પડતું હશે કે નહિ? અમરચંદજી! નહિ? તો પછી કરવું શું કરવા? લાવવા શું કરવા? ઈ ભૂમિકામાં એવો વિકલ્પ હોય છે, કરતો પણ નથી ખરેખર તો. કરવું એ બુદ્ધિ પણ મિથ્યાત્વ છે. પણ છતાં એ વિકલ્પો છે એ આત્માને સમજવા કે અનુભવ માટે જરીએ સહેલાઈ કરે છે કે હળવો થયો એટલે હવે એને (પ્રાપ્ત થશે એમ નથી). પણ વાત આવે છે ઓલામાં કે, શુભ ઉપયોગવાળાને શુદ્ધ ઉપયોગમાં જાવું (સહેલું છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એનો અભાવ કરે છે, એનાથી શું થાતું હતું? ધૂળ થાતા હશે? સમજાણું કાંઈ? અહીં તો એક જ વાત સીધી પરમાત્મા પરલોક પોતે એને લોક્યન્તે—લોકવાનો ઉપાય નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન, બસ એક જ વાત. સમજાણું? આ તો બહારના કડાકૂટા આડે નવરો થાતો નથી.

ભગવાન આત્મા આહા..હા..! લૌકિક ક્રિયા તો બાહ્ય રહી ગઈ, રાગ એનો શુભ રહી ગયો, શુભ ક્રિયા પણ ક્યાંય રહી ગઈ, શાસ્ત્રના ભણતર ક્યાંક રહી ગયા. કહે છે કે, પરલોક પ્રભુ આત્મા પરમેશ્વર પોતે હોં! એ પરલોકની પ્રાપ્તિ, એની પ્રાપ્તિ લોક્યન્તે જ્યારે નિર્વિકલ્પ સમાધિ શાંતિ દ્વારા (થાય) ત્યારે એ પરલોકની પ્રાપ્તિ થઈ, એવી મતિ એવી ગતિ થઈ ગઈ એની. સમજાણું? પછી શ્લોક લેશે ભાઈ! આગળ. મતિ એવી ગતિ. એમ કે મતિ છે અંતરમાં તો ગતિ થઈ પરમેશ્વરની. સમજાણું કાંઈ? સ્વસંવેદનજ્ઞાન જ્ઞાન દ્વારા આત્માની પ્રાપ્તિ અને પૂર્ણ થયો એને સિદ્ધ કહેવાય છે.

**'संसार-अवस्थामें शक्तिरूप परमात्मा है,...'** જુઓ! સત્ત્વરૂપ છે, સત્ત્વરૂપ છે, શક્તિરૂપ આખું સત્ત્વરૂપ છે. **'और सिद्ध-अवस्थामें व्यक्तिरूप है.'** પ્રગટરૂપ પર્યાયપણે હોં! પર્યાપણે વ્યક્તિ. પર્યાય સિદ્ધ અવસ્થા કીધીને ઈ. **'संसार-अवस्थामें...'** અવસ્થા એટલે એક સમયની

દશા સંસાર એટલે. એમ આ શક્તિરૂપ ભગવાન છે. સિદ્ધ અવસ્થામાં એ ભગવાન પર્યાયમાં વ્યક્તરૂપ થયો. સમજાણું કાંઈ? આ તો વ્યવહારથી કાંઈ લાભ ન થાય એમ અહીં કહે છે. વ્યવહારથી પુણ્ય બંધાય, એમાં અબંધ પરિણામ ન આવ્યા એમ કહે છે. નિર્વિકલ્પ જે અબંધ પરિણામ દ્વારા પ્રાપ્તિ થાય વર્તમાન અને એનું પૂર્ણ પદ પ્રાપ્ત પણ નિર્વિકલ્પ પર્યાય દ્વારા જ પ્રાપ્ત થાય. વિકલ્પ આદિ જે છે કે પરનું જ્ઞાન છે એનાથી વર્તમાન પણ પ્રાપ્ત ન થાય અને એનાથી પૂર્ણ પર્યાયને પણ એ મદદ કરીને પ્રાપ્ત ન થાય. વચલો એક ભાવ રહી ગયો, બંધ ભાવનો બસ. સમજાય છે કાંઈ? નિશ્ચયનું વેદન છે ત્યાં આવો એક વિકલ્પ આવે વચ્ચે વ્યવહાર એક આવો ઊભો થયો, બંધ ભાવ ઊભો થયો એટલી વાત છે. સમજાણું આમાં? આહા..! પરલોક કહીને એમ કહેવા માગે છે ઈ.

'**યહ આત્મા પરબ્રહ્મ,...**' કહેવામાં આવે છે. આ આત્મા જ હોં! પોતે વસ્તુ. પર્યાય પ્રગટરૂપ એ નહિ. પરમબ્રહ્મ પોતે ભગવાન આત્મા છે, '**પરમવિષ્ણુ...**' પણ પોતે જ આત્મા છે. પરમ શિવ નિરૂપદ્રવ કલ્યાણની મૂર્તિ આખો અખંડ ધ્રુવ પોતે જ પરમ શિવ છે. પર્યાયમાં ઈ. સમજાય છે? '**શક્તિરૂપ (પોતે ભગવાન) હૈ, ઔર પ્રગટરૂપસે ભગવાન્ અર્હંત અથવા મુક્તિકો પ્રાપ્ત હુએ સિદ્ધાત્મા...**' લ્યો! ઓહો..હો..! ઓલા વચલા રાગાદિ વ્યવહારની તો વાત પણ ન કરી ક્યાંય. થોડા દોકડા તો આપો વ્યવહારને થોડા. કાઢી નાખવાના આપ્યા. આહા..હા..! આકરી વાત છે જગતને. બે માર્ગ કહ્યા છેને? નિશ્ચયમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ. અહીં તો વ્યવહાર મોક્ષમાર્ગ, વ્યવહાર એ માર્ગ જ નથી એમ કહે છે. બંધમાર્ગને મોક્ષમાર્ગ શી રીતે કહેવો? કહે છે. વાત જ સંભારી નહિ એમ કહે છે અહીં તો. શક્તિરૂપની સંભાળ કરી દૃષ્ટિએ, જ્ઞાને, બસ! પરલોક થઈ ગયો, પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ એને વર્તમાન વ્યક્તિરૂપે પરમેશ્વર કહો. સમજાણું? '**યહ નિશ્ચયસે જાનો.**' છેને એમાં? '**बंभु मुणेविणु जेण लहु गम्मिज्जइ परलोई**'. '**ઐસા કહનેસે અન્ય કોઈ ભી કલ્પના કિયા હુઆ જગત્‌મેં વ્યાપક પરમબ્રહ્મ, પરમવિષ્ણુ, પરમશિવ નહીં.**' તું જ પોતે પરમબ્રહ્મ, પરમવિષ્ણુ, પરમશિવ પોતે છો અંદર. કહો, જમુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર એટલે આંધળો. આંધળો ક્યાંથી દેખે એને? શું કીધું? આ નિર્વિકલ્પ જ્ઞાન એ દેખતું, એ દેખતું જ્ઞાન પોતાના લોકને અવલોકે. ઓહો..! શું છે કહો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આંધળાને આંખો ન મળે શું દેખે ઈ? વિકલ્પાત્મક જેટલો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રના જ્ઞાનના વિકલ્પ, બાર અંગના વિકલ્પ એ

બધું આંધળું છે. એ આંધળું આને શી રીતે દેખે? સમજાણું કાંઈ?

જે જ્ઞાનસ્વરૂપ ભગવાન પરમેશ્વર પોતે એની એના કિરણની નિર્મળ કિરણ જે જાણનાર કિરણ-નિર્વિકલ્પ સ્વસંવેદન એ દ્વારા એ જાણે. કારણ કે, આંખ નિર્મળ છે, ઓલી તો આંધળી છે. સમજાણું કાંઈ? આકરું લાગે છે લોકોને આકરું. વ્યવહારનો લોપ (થાય છે). વ્યવહાર હોય તો આમ રાજી રાજી થઈ જાય. હવે અનેકાંત આવ્યું. એ અનેકાંત એમ નહિ, એ નિશ્ચયથી પમાય અને વ્યવહારથી ન પમાય એનું નામ અનેકાંત છે. નિશ્ચયથી પણ પમાય અને વ્યવહારથી પણ પમાય એ તો એકાંત છે. આહા..હા..! અનેકાંત અને એકાંતની વાતને ફેરવી નાખી બધી. એ.. ન્યાલભાઈ! આહા..હા..!

પોતે જ ભગવાન પરમબ્રહ્મ, વિષ્ણુ, શિવ છે. **'સારાંશ યહ હૈ કિ જિસ લોકકે શિખર પર અનંત સિદ્ધ વિરાજ રહે હૈં,...'** દેખો! હવે પરમધામ એને કહેશે. નિશ્ચયથી પરમધામ અસંખ્યપ્રદેશી પોતે જ છે. પણ પર્યાય પ્રગટ થઈ, **'લોકકે શિખર પર અનંત સિદ્ધ વિરાજ રહે હૈં, વહી લોકકા શિખર પરમધામ...'** લ્યો! ભાઈ! એને પરમધામ કીધું. હવે ન્યાંથી એને ખસેડવા છે સિદ્ધને. એટલે એમ કે ધર્માસ્તિ નથી એટલે આગળ જાતા નથી. એમ. ધર્માસ્તિ નથી એટલે આગળ જાતા નથી. એને ખસેડવા છે. ધર્માસ્તિ નથી માટે આગળ ખસતા નથી. એમ નથી ભાઈ! તું સાંભળ ભાઈ. ઈ પોતે ત્યાં ધામ બિરાજે છે, પોતાના ધામમાં છે. લોક શિખર કહેવું એ તો વ્યવહાર. સમજાય છે? પોતે ત્યાં પોતાના અનંત ગુણના, અનંત પરિણતિના ધામમાં બિરાજે છે એને અહીંયાં પરમધામ કહેવામાં આવે છે, એને શિવલોક કહેવામાં આવે છે, વિષ્ણુલોક કહેવામાં આવે છે લ્યો! એને વૈકુંઠ કહેવામાં આવે છે. આહા..હા..! બધા એના ઘણા કહેશે હજી. સમજાણું?

**'વહી લોકકા શિખર પરમધામ બ્રહ્મલોક વહી વિષ્ણુલોક ઔર વહી શિવલોક હૈ,...'** કહો, આહા..હા..! **'અન્ય કોઈ ભી બ્રહ્મલોક, વિષ્ણુલોક, શિવલોક નહીં હૈ, યે સબ નિર્વાણક્ષેત્રકે નામ હૈં,...'** લ્યો! એ નિર્વાણક્ષેત્રનું નામ છે. નિર્વાણ પૂજા આવે છેને, નિર્વાણ પૂજા આવે છે. મોટી બૃહદ નિર્વાણ પૂજા. **'ઔર બ્રહ્મા, વિષ્ણુ, શિવ યે સબ સિદ્ધપરમેષ્ઠીકે નામ હૈં.'** લ્યો! એ ધામનું નામ, નિર્વાણ ક્ષેત્રના નામ, બ્રહ્મા, વિષ્ણુ પરમેશ્વર આત્મા બિરાજે એ પરમેષ્ઠી સિદ્ધનું નામ. **'ભગવાન્ તો વ્યક્તિરૂપ પરમાત્મા હૈં,...'** સિદ્ધ ભગવાન પ્રગટ પર્યાયરૂપે પરમાત્મા થયા. બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ છે. **'તથા વહ જીવ શક્તિરૂપ પરમાત્મા હૈ...'** ભગવાન પોતે આ આત્મા શક્તિરૂપે પૂર્ણ પરમાત્મા છે. **'ઈસમેં સંદેહ નહીં હૈ.'** એ પહેલું આવી ગયું, અહીં વિશેષ વાત (કરે છે). ભ્રાન્તિ ન કર, ભ્રાન્તિ ન કર. તારા સ્વરૂપમાં પરમેશ્વરપદ જ તું બિરાજે છો, ભ્રાન્તિ ન કર. સમજાય કાંઈ? ઈ

પહેલું આવી ગયું છે પાઠમાં. '**જિતને ભગવાનકે નામ હૈં, ઉતને સબ શક્તિરૂપ ઈસ જીવકે નામ હૈં.**' દેખો! શક્તિરૂપ આત્માને તું કહે કે, શિવ કહ્યો, બ્રહ્મા કહે, વિષ્ણુ કહે જે કાંઈ આત્મા... આત્મા... આત્મા... આત્મા... '**યહ જીવ હી શુદ્ધનયકર ભગવાન્ હૈ.**' લ્યો! ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન પોતે જ ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એ ભગવાનને ભજ. એ ભગવાનને ભજ, નિર્વિકલ્પ સમાધિ દ્વારા ભજ. સમજાણું કાંઈ? એ ભગવાનનું ભજન નિર્વિકલ્પ સમાધિ દ્વારા થાય, નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા થાય.

હવે કહે છે જુઓ! આ સ્થિતિ ક્યાં હોય એમ જરીક કહેવા માટે નામ આપ્યા છે. કોઈ કહે કે વળી આવી સ્થિતિ તો કોઈ આઠમે ગુણસ્થાને થાય ને આગળ થાય ને ફલાણું થાય ને એને આવું જણાય.

'**આગે ઐસા કહતે હૈં કિ ભગવાનકા હી નામ પરલોક હૈ—**'

**११०) मुणि-वर-विंदहँ हरि-हरहं जो मणि णिवसइ देउ।**
**परहँ जि परतरु णाणमउ सो वुच्चइ पर-लोउ।।११०।।**

'**वुच्चइ**' જોઈએ ભેગું. જુદું પાડી નાખ્યું. નહિ? જુદો પાડ્યો છે એમાં? એમ નહિ, '**वुच्चइ**' જોઈએ. '**सो वुच्चइ पर-लोउ**' છાપનારને ખબર ન મળે કે આ શબ્દ આનો છે કે આનો છે. એ તો જુદો જુદો પછી નવામાં પણ જુદો છાપ્યો હશે, શું કરવા સુધારે? '**मुनिश्वरोंके वृन्दोमें.**' દેખો! સંતોના જ્ઞાનમાં પરમેશ્વર બિરાજે છે. સંતોના જ્ઞાનમાં રાગ ને વ્યવહાર ને નિમિત્ત બિરાજતું નથી, એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભગવાન પૂર્ણાનંદ સંતોના જ્ઞાનમાં બિરાજે છે. પંચ મહાવ્રત આદિ વિકલ્પો સંતોના જ્ઞાનમાં નથી બિરાજતા, સંતોના જ્ઞાનમાં પરમેશ્વર બિરાજે છે. કહો, સમજાણું?

જેના સમ્યગ્જ્ઞાન પર્યાયમાં પરમાત્મા બિરાજે છે. ઈન્દ્રના જ્ઞાનમાં પણ પરમાત્મા બિરાજે છે લ્યો! એમ લીધું. કહો, ઈન્દ્ર તો ચોથે ગુણસ્થાને છેને. પણ એની જ્ઞાન પર્યાયમાં ભગવાન પરમાત્મા બિરાજે છે. ઈન્દ્રનું પદ અને રાગ એના જ્ઞાનપદમાં નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એ બીજા વિકલ્પો છે એ તો જાણવાના ઓલામાં રહી ગયા, એના જ્ઞાનપદમાં તો ભગવાન બિરાજે છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાનની પર્યાયના પદમાં તો પરમેશ્વર બિરાજે છે. વિકલ્પ આદિ, વ્યવહાર આદિ પદ આ બધું બહાર રહી ગયું. એ તો જ્ઞાન જાણે છે એટલું. જ્ઞાનપદમાં એ તો જાણે છે, એના પદમાં એ નથી. એના પદમાં એનું સંબંધીનું જ્ઞાન ને આત્મા એનામાં બિરાજે છે જ્ઞાનપદમાં. સમજાણું કાંઈ? ઈન્દ્રના જ્ઞાનપદમાં પરમાત્મા બિરાજે છે. આહા..હા..! કહે છેને કે, મોટી આટલી ઈન્દ્રાણીઓ ને બત્રીસ લાખ વિમાન ને... સમજાણું કાંઈ? ના, એના જ્ઞાનમાં એ સ્થપાયેલા નથી. એ જ્ઞાન એને જાણે ભલે પણ સ્થપાયેલા નથી. જ્ઞાનમાં

સ્થપાયેલો ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે સમ્યગ્જ્ઞાનીને જ્ઞાનમાં પરમાત્મા બિરાજે છે, એમ કહે છે લ્યો! આહા..હા..!

પરમાત્મપ્રકાશ છેને. એવી ઢબે વાત લીધી છેને. સમ્યગ્જ્ઞાન, મતિ-શ્રુત સમ્યગ્જ્ઞાનમાં પરમેશ્વર આ છે એમ બિરાજે છે. એનું લક્ષ ત્યાં છે, એ એમાં બિરાજે છે. મતિ શ્રુતજ્ઞાનમાં રાગ વ્યવહાર, નિમિત્તો એના જ્ઞાનમાં છે જ નહિ. આહા..! બીજી ઢબે વાત કરી આ. એનો અર્થ કે, વ્યવહાર વિકલ્પ આદિ એનું જ્ઞાન વર્તે, એ સંબંધીનું જ્ઞાન પણ જ્ઞાન તો પોતાનું છે એ સંબંધીનું. સમજાણું? એ સંબંધીનું જ્ઞાન તો પણ પોતાનું છે. એ જ્ઞાનપદમાં પરમેશ્વર બિરાજે છે. જ્ઞાનપદમાં રાગાદિ બિરાજતા નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? લ્યો, ઓલા કહે, મુનિ પંચ મહાવ્રત પાળે. એઈ..! ક્યાં ગયું આમાં? પાંચ મહાવ્રત પાળે, શ્રાવક બાર વ્રત પાળે, એની આવી પડિમાઓ પાળે. એઈ..! અમરચંદજી! એને આવો વિકલ્પ હોય અને આવું પાળે. અહીં કહે છે કે, પાળે પરમાત્માને. જ્ઞાનમાં-સમ્યગ્જ્ઞાનમાં પરમેશ્વર વસ્યો છે. સમજાય છે? એક મ્યાનમાં બે વસતા નથી. ભલે હો જોડે, પણ વસ્યો છે જ્ઞાનમાં એ સંબંધીનું જ્ઞાન અને આ આત્મા એમાં. સમજાણું કાંઈ ? આહા..હા..! સમજ મેં આતા હૈ? જુગરાજજી!

મુમુક્ષુ :- રાગ કા સ્વામી નહિ હોતા હૈ...

ઉત્તર :- સ્વામી નહિ. સ્વામી તો નહિ, રાગકા ધણી નહિ, રાગ જ્ઞાન મેં બિરાજતા હી નહિ. જ્ઞાનમાં પરમેશ્વર બિરાજે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી આખી ચીજ, પણ આ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં (પરમેશ્વર) બિરાજે છે એમ કહેવું છે અહીં. અહીં તો સ્વસંવેદનજ્ઞાનમાં એમ કહેવું છેને, એના **મન**માં કહેવું છેને, મન શબ્દે અહીં નિર્વિકલ્પ જ્ઞાન લેવું છે. પોતે આખું સ્વરૂપ છે એ જુદું, અહીં તો એની પર્યાયમાં, મનમાં શબ્દ પડ્યો છેને જુઓ ! '**ચિત્તમેં બસ રહા હૈ,...**' એટલે મતિજ્ઞાન સ્વસંવેદનજ્ઞાનમાં ભગવાન વસે છે એમ. પૂર્ણ સ્વરૂપ જ્ઞાનમાં વસે છે. સમજાણું કાંઈ?

એ પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ તો ધ્રુવ સ્વરૂપ છે, પણ કહે છે, અહીં લોક્યન્તિથી લેવું છેને. પરલોક શબ્દ પડ્યો છેને. ... લોક્યન્તે—લોકે છે-જે પર્યાય જોવે છે એમાં એ પર વસે છે, પરમેશ્વર વસ્યો છે. સમજાણું કાંઈ ? સમ્યગ્જ્ઞાનનો પર્યાય છે વર્તમાન એને અવલોકન કરનાર, અવલોકન કરનાર. પરલોક છેને. લેશે અંદર, ક્યાં આવ્યું? આવ્યુંને ઈ, એમાં જ આવશે જુઓ ઈ, એમાં જ આવશે. '**લોક, અવલોકન નિર્વિકલ્પસમાધિમેં અનુભવના...**' એ પરલોક એમાં ટીકામાં આવશે. સમજાણું? આ તો વાત ભાઈ એવી છે, મૂળ મુદ્દાની રકમની વાત છે. ભગવાન આત્મા આમ પરમેશ્વર પૂરો અંતરના મતિજ્ઞાનનો પર્યાય, શ્રુતજ્ઞાનનો પર્યાય એ

દ્વારા અવલોકન કર્યું તો એ પર્યાયમાં પરમેશ્વર જ વસે છે. વિકલ્પ આદિ એ પર્યાયમાં વસતો જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમારો પરમેશ્વર ક્યાં ખોવાઈ ગયો છે?

ઉત્તર :- ક્યાંય ખોવાઈ ગયો નથી. એમને એમ છે પણ નજર કરતો નથીને એમ કહે છે. શું? નળીયા તો આમ થયા સોનાના, પણ આંખો મીંચીને (કહે) ક્યાં ગયા નળીયા સોનાના? દેખાતા નથી. પણ આંખ ઉઘાડ ત્યારે દેખાયને એમ કહે છે. અહીં લોક, પરલોકની વાત ચાલે છે. ઉત્કૃષ્ટ ભગવાન પણ લોક્યન્તે અવલોકન કર તો દેખાયને. અવલોકન કર્યા વિના શી રીતે દેખાય? એમ કહે છે.

મુમુક્ષુ :- ... ઉઘાડતો નથી.

ઉત્તર :- ઉઘાડતો નથી, ઉઘડતી નથી શું? ઉઘાડે તો છે પણ પરને જોવા ઉઘાડી છે. પરમેશ્વરને જોવા ક્યાં ઉઘાડી છે એણે. સમજાણું કાંઈ? જ્ઞાનનો ક્ષયોપશમ રાગને અને પરને એને જોવા અટકી ગયેલો છે. એ પોતાના પરમેશ્વરને જોતો જ નથી એ તો. પામરતાને, વિકારને, નિમિત્તને ભાળે એ જ્ઞાન, જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? જે જ્ઞાનનો પર્યાય પામરતાને, અલ્પજ્ઞતાને, રાગને, નિમિત્તને ભાળે છે એ પર્યાય આત્માનો પર્યાય નથી, એ તો પામર પર્યાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! જે પર્યાય લોક્યન્તે—વસ્તુને અવલોકે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પરમેશ્વરપદ પોતે આખું. જ્ઞાનનો પિંડ કહો, અનંત ગુણનો એકરૂપ કહો. એને જે જ્ઞાન પર્યાય અવલોકે તે પર્યાય લોકને, એ લોક એને અવલોક્યો આણે. એ નેત્ર દ્વારા ભગવાન નેત્રમાં વસ્યા છે. એ જ્ઞાનની પર્યાયમાં ભગવાન વસ્યો છે. છે પર્યાય, વસ્યો ભગવાન. આહા..હા..! જે પર્યાય જ્ઞાનની એમાં રાગ, પુણ્ય, દયા, દાન વિકલ્પ વસ્યા છે એ પર્યાય આત્માની નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં ભગવાન વસે તે પર્યાયને પર્યાય-અવલોકન પર્યાય કહે છે. આહા..હા..! આ પદ્ધતિ જ જુદી જાતની છે આખી. સમજાણું કાંઈ?

પરમેશ્વર પૂરો ભગવાન આત્મા છે, એક એક, એક અંશે (પણ) ખંડ નથી. એવો ભગવાન અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ અનંત કેવળજ્ઞાનની રાશિઓ પ્રગટે, અનંત રાશિ ઢગલા પ્રગટે એનો પિંડ એકલું તત્ત્વ છે. એ સમ્યગ્જ્ઞાનના, શુદ્ધજ્ઞાનના, મતિજ્ઞાનના અવલોકન દ્વારા અવલોકન થઈ શકે. એ નિર્વિકલ્પ શાંતિ ને જ્ઞાન દ્વારા અવલોકન (થઈ શકે). ચોથા ગુણસ્થાનથી વાત છે હોં આ. તેથી તો અહીં મુનિવર ને ઈન્દ્ર બે લીધા છે. વળી કો'કને એમ થઈ જાય કે, આવું ક્યાં હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજું કોનું હતું? આબરૂ દુનિયામાં ક્યાં હતી અહીંયાં, આની આબરૂ દુનિયામાં ક્યાં હતી? આહા..હા..! સમજાણું? જેને પોતાનો જ આત્મા મતિ શ્રુતજ્ઞાનના પર્યાય દ્વારા અવલોકે, પરમેશ્વર જ્યાં બિરાજે એને બીજાને કહેવાનું ક્યાં રહ્યું કે, હું કાંઈક છું? હું કાંઈક છું એ તો તારા જ્ઞાનમાં તને જણાણું, હવે પરને ક્યાં જણાવવાનું રહ્યું એને? સમજાય છે? મને કો'ક માને ઠીક તો ઠીક એમ ક્યાં રહ્યું એમાં? પોતે જ્યાં મતિ શ્રુતજ્ઞાન દ્વારા આત્માને વસાવ્યો છે, હવે એને પરમેશ્વર ભેટ્યા એને બીજા પાસે ક્યું લેવું છે એને? દુનિયા મને જાણે, દુનિયા મને ઠીક કહે તો મને ઠીક (પડે). તો એ તો મૂઢ થઈ ગયો. ન્યાલભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? જેને મતિ ને શ્રુતજ્ઞાનમાં પરમેશ્વર વસ્યા એવી ચીજ તો બહાર છે નહિ. હવે કઈ એને વસાવવી છે? કોની પાસેથી એને અધિકપણું લેવું છે કે, ભાઈ હું મોટો થયો, આ તમને સમજાવું માટે મોટો, મેં તમને આવ કીધું માટે ગુરુ તરીકે સ્વીકારો તો હું મોટો. મૂઢ છો. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો પરલોક શબ્દની વ્યાખ્યામાં લોક્યન્તે દશામાં પ્રભુ આવ્યા. ... તારી મતિ થઈ ગઈ ત્યાં, ગતિ થઈ ગઈ ત્યાં, થઈ જઈશ પરમાત્મા, વ્યક્તરૂપે પરમાત્મા થઈ જઈશ એમ કહે છે. રાગમાં ને વિકલ્પમાં તારું વસવું જ નથી, જ્યાં વસ્યો છો ત્યાં પરમેશ્વર વસાવ્યા છે. જા પૂરું થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું છે હોં! ઝવેરભાઈ! બહુ ઝીણું ભાઈ! માંડ માંડ સાંભળવા કો'ક દિ' આવે, એમાં આવું આવે પાછું. બાલુભાઈના ભાઈ છે, મોટાભાઈ. બાલુભાઈ ગુજરી ગયાને. કેમ પ્રફુલ્લભાઈ? આહા..હા..! આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રણલોકના નાથ એની દિવ્યધ્વનિમાં આ સ્વરૂપ આવ્યું છે. ઈન્દ્રોની સમક્ષમાં સમવસરણના મધ્યમાં ભગવાનની વાણી આમ ફરમાવતી હતી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, જેણે ઈન્દ્ર,.. જુઓ! અહીં તો એ રીતે ભાઈ! ઓલા દાખલા આપ્યાને ઈન્દ્ર, વાસુદેવ એની પદવી-પદવીથી એની મોટપ નથી એમ કહે છે. ઈન્દ્રના પદ મોટા, બત્રીસ લાખ વિમાન, કરોડો અપ્સરાઓ. ધૂળ ગઈ એ તો બહાર ગઈ. મોટા અસંખ્ય દેવ માને ગાદીએ બેઠો હોય તો. અસંખ્ય દેવ હોય છેને. બત્રીસ લાખ વિમાન, એક એક વિમાન અસંખ્ય દેવનું છે. ... અસંખ્ય. ખમ્મા અન્નદાતા! ઓલો કહે કે, મારા જ્ઞાનમાં પરમેશ્વર સિવાય બીજો કોઈ વસી શકે નહિ હવે. બીજાથી મોટપ-બોટપ મને ભાસતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! અહીં તો જરીક જ્યાં બે-ચાર શબ્દો આવડ્યા, ફલાણું આવડ્યું કે આ આવડ્યું કે આ આવડ્યું તો લોકો કહે માનવા લાગવા લાગ્યા. આપણે કાંઈક હવે બહાર આવ્યા હોં! પ્રસિદ્ધ તો થયા થોડા. તું પ્રસિદ્ધ શેનો થયો? કઈ રીતે? ઈ તો રાગ ને પુણ્ય ને બહારની પ્રસિદ્ધિ (છે), એમાં આત્માની ક્યાં આવી? સમજાણું કાંઈ ?

કહે છે, અહો..! એ ભગવાન આત્મા '**મુનિશ્વરોંકે સમૂહકે તથા ઈન્દ્ર વા વાસુદેવ રુદ્રોંકે ચિત્તમેં બસ રહા હૈ, વહ ઉત્કૃષ્ટસે ભી ઉત્કૃષ્ટ જ્ઞાનમયી પરલોક કહા જાતા હૈ.**' લ્યો! આહા..! સમજાણું?

ભાવાર્થ :- '**પરલોક શબ્દકા અર્થ ઐસા હૈ કિ પર અર્થાત્ ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ આત્મા...**' હવે લોકની વ્યાખ્યા કરશે જરીક. પરલોક શબ્દ છેને ભાઈ બે. પર ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ ભગવાન પોતે નિર્દોષ. આ વીતરાગ શબ્દ લીધો છે એટલે પર્યાય વાચક શબ્દ નથી આ. ઈ વીતરાગ એટલે રાગ ને વિકાર વિનાનું એકલું તત્ત્વ જે નિર્દોષ તત્ત્વ અખંડાનંદ એ વીતરાગ સ્વરૂપે જ વસ્તુ છે. વસ્તુ પોતે વીતરાગ ત્રિકાળ વસ્તુ વીતરાગ સ્વરૂપ જ ત્રિકાળ છે. વીતરાગ ચિદાનંદ એકલો જ્ઞાન અને આનંદનું પૂર છે, એવો શુદ્ધ સ્વભાવ એવો આત્મા.

'**ઉસકા લોક...**' પર ઉસકા લોક, પર ઉસકા લોક, પર વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ આત્મા એ પર. '**લોક અર્થાત્ અવલોકન નિર્વિકલ્પસમાધિમેં...**' અવલોકન. આ તો એકલો પરલોક આમ નથી લેવો ભાઈ! એની પર્યાયકાળે અવલોકે તો એને પરલોક થયો છે એમ કહે છે અહીં તો. નહિ તો પરલોક તો છે ઈ છે. હર વખતે આવે છેને કે, એ કાળે આત્મા જાણ્યો જાય, કાળે આત્મા (જાણ્યો જાય) એમ કરીને અહીં લે છે વાત. ભગવાન આત્મા પર—વીતરાગ ચિદાનંદ ઉત્કૃષ્ટ સ્વભાવ સ્વરૂપ પ્રભુ પોતે. એ તો પરની વ્યાખ્યા છે. લોક એટલે અવલોકન... અવલોકન... અવલોકન... નિશ્ચય અવલોકન, નિશ્ચય અવલકોન કેવું? કઈ રીતે?

'**નિર્વિકલ્પ સમાધિમેં અનુભવના...**' રાગ વિનાની સ્વસંવેદનજ્ઞાનની પર્યાય દ્વારા આત્માને અનુભવવો એનું નામ પરલોક કહેવાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ક્યાંય, ક્યાંથી મળે એવું નથી અને ક્યાંય આત્માનું સ્વરૂપ છે એ ક્યાંય વયું ગયું નથી. ફક્ત એની મતિ ને શ્રુત જ્ઞાનની નિર્મળતા દ્વારા તે અવલોકન થાય છે. વિકલ્પ નહિ, પરથી નહિ, પોતાના જ્ઞાનથી (અવલોકન થાય છે). સમજાણું આમાં? અવલોકન સમજાણું? '**लोकोऽवलोकनं**' છે ને શબ્દ સંસ્કૃતમાં છે. '**निर्विकल्पसमाधौ वानुभवनमिति परलोकशब्दस्यार्थः**' આહા..હા..! કહો, સમજાણું? જમુભાઈ! એ પર ભગવાન આત્મા. લોક એને કેમ કહેવો? આને પરલોકે લોક્યન્તે-અવલોકન કરે નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા. એ ચોથા ગુણસ્થાનથી વાત છે હોં! આ બધી તેથી ઈન્દ્રો ને વાસુદેવ લીધા છે. મુનિશ્વરોંને પહેલા લીધા, મુનિશ્વરોંને પહેલા લીધા. મહા મુનિને વિશેષ સ્થિરતા છે. ચોથે ગુણસ્થાને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ તે એનું ધર્મધ્યાન. ગપ્પેગપ. કાળા કેર કરી નાખ્યા છેને. આવા વીતરાગ માર્ગને ઉખાડીને આમ ફેરવી નાખ્યો, આમ ફેરવી નાખ્યો આખો. જુદું પાડે છે ભાઈ! એની પર્યાયની એટલી લાયકાત છે ત્યાં એ થાય છે.

એને તો એના આત્માને તો કાંઈ માને એ ગમે એ રીતે પણ દુઃખરૂપ છેને, વસ્તુ તો દુઃખરૂપ છેને. એ દુઃખરૂપ છે. એને ક્યાં ... જે અવસ્થા વિરુદ્ધ કરે છે એ તો આત્માને દુઃખરૂપ છે, દુઃખરૂપની તો કેવી રીતે એનો તિરસ્કાર થાય? દયા થાય. આહા..હા..!

અરે..! ભગવાન! આવો ભગવાન બિરાજે છે પ્રભુ એને અંદર અવલોકનની પર્યાય દ્વારા નિર્વિકલ્પ પર્યાય દ્વારા અવલોકાય. એને તું શુભ એકલા શુભ રાગથી ધર્મધ્યાન થાય, શુભ રાગથી આત્મા જણાય અને ધ્યાન થાય? બહુ ઉલ્ટું ભાઈ! એ આત્માનો બહુ અનાદર થઈ જાય છે. આવો આત્મા મહાન પ્રભુ એ એની નિર્મળ પર્યાય દ્વારા જણાય, એને શુભભાવથી જ એની પ્રાપ્તિ થાય સમ્યગ્દર્શનની આવી તો વાત બહુ ઉલટી છે. એમ પોતાના દૃષ્ટિને અંદર નુકસાન છે, એ નુકસાનરૂપ નુકસાન ... એને એમ આપણે તિરસ્કાર થાય નહિ. કોઈ વ્યક્તિની માટેની વાત નથી, આ તો વસ્તુની સ્થિતિ જણાવવી હોય. સમજાણું કાંઈ? કે, ભાઈ! મુનિપણું આવું હોય કે આવું (હોય). એમ જણાવતા કોઈ મુનિ નથી એને દુઃખ થાય એ માટે આ વાત નથી ભાઈ! સમજાણું કાંઈ ?એ માટે વાત નથી. કારણ કે જેને પોતાની દૃષ્ટિની ઉલટીથી અંદર આકુળતા વેદાય રહી છે એની એને ખબર નથી. સમજાણું? હવે એ આકુળતાવાળાને એમ કહે કે અરે તું આવો ખોટો. ભાઈ! સમજવાની રીત કાંઈ બીજી છે, સમજ. બીજું શું થાય? સમજાણું કાંઈ? શ્રીમદ્ કહે છે ને જુઓને, 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ'. જુગરાજજી! અરે..રે..! આ શું કરે છે? અરે..! ભાઈ! તું દુઃખને પંથે પડ્યો અને તું સુખને પંથે છું (એમ માન), ભાઈ! એ રસ્તા એમ નહિ જડે બાપા! સમજાણું કાંઈ? કોઈ વ્યક્તિનો અનાદર કરવાનો ભાઈ ભાવ હોય નહિ બાપા! આ કહે નિંદા કરે છે. બાપા! નિંદા કોની કરે? સમજાણું કાંઈ? ભગવાન આવો સ્વભાવ પરમેશ્વરે બિરાજમાન છે એનો આદર કરવાની દૃષ્ટિ ને જ્ઞાન છે એને તું ઓળખતો નથી. સમજાય છે? અને બીજી રીતે માને એ નુકસાન પોતે પોતાને કરે છે. કોણ કોને નુકસાન કરે? કોણ કોનાથી વિલાય? કોણ કોનાથી નિંદાય? કોણ કોની નિંદા કરે નથી આવતું? યોગસારમાં નથી આવતું? કોણ કરે? ભાઈ! કોણ પૂજે કોને? બાપા!

અહીં તો કહે છે પ્રભુ! આહા..હા..! વિષ્ણુ અથવા હરિહર અથવા બ્રહ્મા ઇન્દ્ર જેના જ્ઞાનમાં પ્રભુ બિરાજે છે તેને પરલોક કહે છે, એને સમ્યગ્જ્ઞાન કહે છે, બાકી તો વસ્તુ ન જાણે એના મિથ્યાજ્ઞાન દ્વારા આત્મા જાણ્યો અને આત્મા પ્રાપ્ત થશે એને તો નુકસાન થશે, વિશેષ નિગોદની દશાની પ્રાપ્તિ છે. આને સિદ્ધની પ્રાપ્તિ છે. એ તો એના પરિણામ પ્રમાણે ફળ છે. એટલે કોઈના ઉપર એને તિરસ્કાર કરવાનું હોઈ શકે નહિ. વસ્તુ સ્થિતિ આમ છે એને જાણો એમ અહીં આચાર્યદેવ પરમાત્મપ્રકાશમાં કહે છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧, ગુરુવાર, તા. ૯-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૧૦ થી ૧૧૨, પ્રવચન-૭૧**

પરમાત્મપ્રકાશ, ૧૧૦ ગાથા પહેલા ભાગની છે. એનો ભાવાર્થ. પરલોક કોને કહેવો પરલોક? પરલોક એટલે પ્રધાન લોક, ઉત્કૃષ્ટ લોક. '**પરલોક શબ્દકા અર્થ ઐસા હૈ કિ પર અર્થાત્ ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ આત્મા...**' જુઓ! આત્માની વ્યાખ્યા. પર, પર. પર એટલે ઉત્કૃષ્ટ, રાગ રહિત જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ ત્રિકાળ શુદ્ધ સ્વભાવ એવો આત્મા, એ આત્માને અહીંયાં પર કહેવામાં આવ્યો છે. સમજાણું? '**લોક અર્થાત્ અવલોકન નિર્વિકલ્પસમાધિમેં અનુભવના વહ પરલોક હૈ.**' લ્યો. ભગવાન આત્મા વીતરાગ ચિદાનંદ સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ સ્વભાવ એ તો વસ્તુ ત્રિકાળ, એને વર્તમાનમાં પુણ્ય-પાપના મનના સંગ વિકલ્પ વિના અંતર્મુખની દૃષ્ટિ અને રાગ રહિત નિર્વિકલ્પ દૃષ્ટિ અને શાંતિ, અનંતાનુબંધી આદિ રહિત એવી શાંતિ અને દૃષ્ટિ સહિત એ લોક-અવલોકન એ દ્વારા પરને (ઉત્કૃષ્ટને) અવલોકવું એને પરલોક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ એની આખી કાતળી વજ્રની મૂર્તિ પ્રભુ એને અંતરમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ—ચારિત્ર એને અહીંયાં નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવી છે. શાંતિ, વસ્તુ શાંતસ્વરૂપ આનંદ વીતરાગ ચિદાનંદ સમાધિસ્વરૂપ જ આત્મા છે. વસ્તુ તરીકે સમાધિ વીતરાગ સમાધિસ્વરૂપ છે એમ કીધું હતુંને. વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ એ સમાધિસ્વરૂપ જ છે. શાંત આનંદ, શાંત અકષાય સ્વભાવ ભગવાન આત્મા એને અકષાય દૃષ્ટિ, જ્ઞાનની પરિણતિ દ્વારા અવલોકવો, પર આ આત્મા એને લોકવો-અવલોકવો એને પરલોક કહેવામાં આવે છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પર એટલે ઉત્કૃષ્ટ અહીંયાં, પરની વ્યાખ્યા બીજી છે અહીં. પર એટલે ઉત્કૃષ્ટ, ઊંચો એવો ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ એ પર. એને અવલોકવું નિર્વિકલ્પ દૃષ્ટિ જ્ઞાનની શાંતિ દ્વારા એનું નામ લોક, પરલોક. પરને અવલોકવો તે પરલોક કહેવાય છે. કહો, સમજાણું આમાં? એ નિર્વિકલ્પ શાંતિ એનું નામ ધર્મ એ લોક. ઓલાને પર, એને અવલોકવું લોક એટલે અવલોકવનું. પર્યાય દ્વારા પરને અવલોકવું એમ બે થઈ ને પરલોક. સમજાણું કાંઈ? આ તો બીજી રીતે આખી વ્યાખ્યા છેને.

પરમાત્મપ્રકાશ છે. પરમાત્મા પોતે વસ્તુ... વસ્તુ... વસ્તુ શક્તિરૂપ પરમાત્મા એકલો શાંત અનાકુળ સમાધિનો, વીતરાગી નિર્દોષ સમાધિનો પિંડ આત્મા છે. વસ્તુ પર-ઉત્કૃષ્ટ એને નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ દ્વારા, દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ દ્વારા અંતરનો અનુભવ કરવો, અવલોકવો એ જીવને પરલોક કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાકી બધો હેઠો લોક, એમ. રાગ-દ્વેષને અવલોકવું ને પરને અવલોકવું એ બધું હેઠું. આને અવલોકવું એ ઉત્કૃષ્ટ લોક કહેવાય છે. આહા..હા..! રચના જુઓને! સમજાણું? રાગ-દ્વેષ આદિ બાહ્ય જ્ઞાનમાં જણાય એ કાંઈ પરલોક નથી. એ જ્ઞાનમાં સાધારણ અવસ્થા આદિ જણાય. પરલોક તો આ આત્માનો ઉત્કૃષ્ટ લોક. ભગવાન એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ વસ્તુ આત્મા એને અવલોકવો. અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન અને અનંતાનુબંધી આદિ કષાય વિના, શાંતિ દ્વારા એને અનુભવવો, અવલોકવો એનું નામ પરલોક કહેવાય છે. ઓહો..હો..! વ્યાખ્યા પણ જુદી જાતની આ. કહો, સમજાણું આમાં?

'**અથવા જિસકે પરમાત્મસ્વરૂપમેં યા કેવલજ્ઞાનમેં જીવાદિ પદાર્થ દેખે જાવેં,...**' જેમાં જીવાદિ પદાર્થ કેવળજ્ઞાનમાં દેખાય છે. '**ઈસલિયે ઉસ પરમાત્માકા નામ પરલોક હૈ.**' એ કેવળજ્ઞાનમાં લોકાય છે-જોવાય છે લોકાલોક બીજા. કેવળજ્ઞાનમાં લોકાલોક અવલોકાય છે, અવલોકાય છે માટે પરમાત્મા કેવળજ્ઞાનીને પણ પરલોક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**અથવા વ્યવહારનયકર સ્વર્ગ-મોક્ષકો પરલોક કહતે હૈં.**' એ વાત સાધારણ નાખી છે અંદર. પણ '**સ્વર્ગ ઔર મોક્ષકા કારણ ભગવાનકા ધર્મ હૈ,...**' ભગવાનનો ધર્મ. એણે કહ્યો છે ભગવાને પૂર્ણાનંદ સ્વરૂપ એનો અનુભવ એ મોક્ષનું કારણ, વચ્ચે જરી રાગ વ્યવહાર બાકી રહે એ સ્વર્ગનું કારણ. '**ઈસલિયે કેવલી ભગવાનકો પરલોક કહતે હૈં.**' કેવળી ભગવાનને જ પરલોક કહેવામાં આવે છે. સમજાણું? એમાં બીજા પદાર્થ જણાય માટે પરલોક અથવા એ ભગવાનનો ધર્મ સ્વર્ગ ને મોક્ષનું કારણ એ માટે કેવળી ભગવાનને પરલોક કહેવામાં આવે છે.

'**પરમાત્માકે સમાન અપના નિજ આત્મા હૈ, વહી પરલોક હૈ,...**' ન્યાં છેલ્લું ઉતાર્યું. અંદરમાં પરમાત્મા વહી ઉપાદેય. એ પછી આવ્યુંને પરલોક શબ્દ વાચ્ય. પરલોક શબ્દ વાચ્ય પોતાનો આત્મા આવ્યો, કેવળજ્ઞાન આવ્યું બધું આવ્યું. છેલ્લે '**પરમાત્માકે સમાન અપના નિજ આત્મા હૈ,...**' એ જ ધ્યાન કરવા લાયક, એ જ પરલોક અને ઉપાદેય છે, બાકી કાંઈ આદરવા લાયક નથી. ઓહો..હો..! આ રાજપાટ ને ધંધા કે દિ' કરવા? એ તો કહે છે કે વિકલ્પ આદિ ભાવ છે, એ તો પાપ છે, બધું બંધનનું કારણ છે. આર્ત, રૌદ્રધ્યાન છે. કહેશે આગળ. સમજાય છે? એ તો દીર્ઘ સંસારનું કારણ છે. અહીં તો મુક્તિનું કારણ થાય એવો આત્મા એને અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન, શાંતિથી અવલોકવો એ જ પરલોક ને એથી

એ આત્મા જ પોતે ઉપાદેય છે. વ્યવહાર વિકલ્પ આદિ તે કાંઈ આદરણીય કરવા લાયક નથી. સમજાણું? ૧૧૦ થઈ. ૧૧૧.

११११) सो पर वुच्चइ लोउ परु जसु मइ तित्थु वसेइ।
जहिँ मइ तहिँ गइ जीवहँ जि णियमेँ जेण हवेइ।।१११।।

'**વહી જ્ઞાની જીવ પરલોક હૈ**—' એમ કહેશે હવે. જ્ઞાની જીવ જ પરલોક છે.

**અન્વયાર્થ** :- '**જિસ ભવ્ય જીવકી બુદ્ધિ...**' જે ભવ્ય નામ લાયક પાત્ર જીવની બુદ્ધિ. મતિ છેને મતિ. લોકો નથી કહેતા? જેવી મતિ એવી ગતિ કહે છે કે નહિ? એ અહીં આચાર્યે આત્મામાં ઉતાર્યું છે. સમજાણું કાંઈ? '**જિસ ભવ્ય જીવકી બુદ્ધિ ઉસ નિજ આત્મસ્વરૂપમેં બસ રહી હૈ,...**' જેની મતિ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદમાં વસે છે. '**અર્થાત્ વિષય-કષાય-વિકલ્પ-જાલકે ત્યાગસે...**' શુભાશુભ વિકલ્પની જાળ, વિષય-કષાય એના ત્યાગથી, '**સ્વસંવેદન-જ્ઞાનસ્વરૂપકર સ્થિર હો રહી હૈ.**' વિકલ્પનો અભાવ અને સ્વસંવેદનનો સદ્‌ભાવ એમ બે વાત કરે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપે બિરાજમાન પરમાનંદની મૂર્તિ એમાં જેની બુદ્ધિ '**સ્વસંવેદન-જ્ઞાનસ્વરૂપકર સ્થિર હો રહી હૈ.**' સ્વસંવેદન આત્માનું જ્ઞાન થઈને એમાં સ્થિર થઈ છે એને વિષય-કષાયનો ત્યાગ થઈ ગયો છે પર્યાયમાં. શુભાશુભ વિકલ્પની રુચિ, પરિણતિનું લક્ષ છોડી ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ ભગવાન પરમાનંદ સ્વરૂપ એની અંતરમાં દૃષ્ટિમાં, મતિમાં સ્થિર કરી અને સ્વસંવેદનથી સ્થિર થયો છે. '**વહ પુરુષ નિશ્ચયનયકર ઉત્કૃષ્ટ જન કહા જાતા હૈ.**' એ જ પરલોક છે અને એ જ જ્ઞાની જીવ ઉત્કૃષ્ટ જન કહેવાય છે. ઊંચો આત્મા એને કહેવાય, આ મોટો આત્મા કહેને મોટો માણસ, આ એ જ કહે છે. મોટો જન એ જ છે. મોટો જન એ છે કે, જેણે ભગવાન આત્મામાં—પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદની પૂર્ણ આનંદમૂર્તિ એમાં—જેણે નિર્વિકલ્પ મતિને સ્થાપી છે એ જ્ઞાની જીવ જ પરલોક છે એમ કહે છે અહીં. એટલે કે પ્રધાન લોક છે એટલે કે જગતમાં પ્રધાન જીવ છે, એ પ્રધાન મુખ્ય જન છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેચંદભાઈ! આ બધા પૈસાવાળા મોટા કહેવાય ને ફલાણા મોટા કહેવાય એમ ના પાડે છે અહીં. લોકને ના પડાવવા માટે તો વાત છે આ. લોકને ના પાડે નહિ, ના પાડ, એમાં કાંઈ છે નહિ.

ભગવાન આત્મા પરમેશ્વરરૂપ જ પોતાનું છે સાક્ષાત્ શક્તિરૂપે. એમાં વર્તમાન વિકલ્પો શુભાશુભનો ભાવ છોડી અને શુદ્ધ પરિણતિરૂપ નિર્વિકલ્પ શાંતિ પ્રગટ કરી અને એમાં જે વસે છે એ જ્ઞાનીજનને જન, ઉત્કૃષ્ટ જન, પરલોક, ઉત્કૃષ્ટ માણસ કહેવામાં આવે છે. આહા..હા..! આ બધા મોટા શેઠિયા ને આ મોટા કહેવાય છેને આ પ્રમુખ ને, શું કહેવાય તમારે મોટા

મોટા? પ્રધાનો ને નેતાઓ ને... એની કિંમત મીંડાની. મીંડાનું મીંડું જુદું હોય અને એકડાનું મીંડું જુદું હોય. સમજાણું કાંઈ? મીંડાનું મીંડું ગોળ એકલો ગોળ ચક્ર હોય ને એકડાનું જરીક આમ કરીને આમ હોય.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ પૂર્ણ સ્વરૂપે શાંતરસથી ભરેલું આખું તત્ત્વ છલોછલ વીતરાગભાવથી ભરેલો આત્મા છે. એને જેણે મતિમાં સ્થાપ્યો, મતિ એમાં સ્થાપી છે, એમાં જેણે મતિને સ્થાપી છે, મતિ એટલે નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન દ્વારા એમાં સ્થાપી છે એ જીવ જ્ઞાનીજન, પરલોક ને ઉત્કૃષ્ટ જન કહેવામાં આવે છે. એ મોટો માણસ કહેવાય, એ માહાત્મા કહેવાય, એ મોટો પરલોક કહેવાય. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? કહે છે કે, મોટો ચક્રવર્તી હોય તોપણ એ મહાજન નહિ. મહાજન ઓહો..! મહાજન આવે છેને? મહાજન નથી આવતું? ઓલામાં આવે છે મહાજન. ૧૭૨માં આવે છેને? ૧૭૨માં આવે છે. વીતરાગભાવમાં મહાજન આમ કરે એમ આવે છે. ઈ વાત તો (સંવત) ૧૯૮૫માં કહી હતી, વિરજીભાઈને. ચૌદ બોલમાં. મહાજન. એ વળી યાદ આવ્યું. ૮૫માં ચર્ચા થઈ હતી, લાઠી. વિરજીભાઈ કહે, હે મહાજન! આમને સંબોધતા. આ મહાજન છેને. મહાજન કહેવાય છેને મહાજન.

અહીં કહે છે, એ મહાજન તો એને કહીએ... સમજાણું? મહાજન... મહાજન... મહાજન એને કહીએ કે જે વસ્તુ સ્વરૂપ અખંડ આનંદ એમાં જેણે મતિને સ્થાપી સ્થિર થઈને એને મહાજન કહેવામાં આવે છે. જ્ઞાનીને મહાજન કહેવાય, બાકી બધા મહાજન કહેવાતા નથી. કહો, સમજાણું આમાં? પર્યુષણમાં બધા ભેગા થાયને ભેગા મોટાઓ, પછી તકરારો કરે કે ઓલાએ આમ કર્યું, આમ કરવું, આમ કરવું. મોઢા આગળ પડવા માટે જરી બે, ચાર પછી... ઈ મોઢાઆગળ પડે. એઈ..! પર્યુષણમાં તમારે થયું હશેને કલકત્તામાં પણ. બધા હોયને બધે ઠેકાણે. મોઢા આગળ પડે. માંડ આઠ દિ' બાર મહિનામાં મોઢા આગળ પડવાનો વખત હોય ઝાઝા માણસ વચ્ચે. એનું આમ હોય, એનું આમ હોય, ફલાણું હોય. આ પણ મોટા હતાને, એના ગામ પ્રમાણે. એના પ્રમાણમાં એ મોટા હતાને ન્યાં. સૌને મોઢા આગળ પડી અને અમારું કાંઈક છે સત્તાપ્રિય એમ બતાવીને બાર મહિનાના સરવાળામાં પર્યુષણમાં અધિક છે એટલું બતાવવું છે. કાંઈક કાંઈક કાઢે. પૈસા કેટલા ભર્યા? ફલાણું શું કર્યું? સાચી વાત છે. મલૂકચંદભાઈ! સાચી વાત છે? આગળ પડવા માટે. કહે છે, એ મહાજન નહિ. એમ કહે છે અહીં તો. આગળ પડ્યો આત્માના સ્વભાવમાં તેને મહાજન કહેવામાં આવે છે એમ કહે છે અહીં તો. આહા..હા..! કેટલા પૈસા ભર્યા તેં? ઓલો કહે, બસ્સો ભર્યા. અમે બે હજાર ભર્યા. જુઓ! પહેલી ખુરશી અમારી હોય. ઠીક.

અહીં કહે છે કે, પહેલી ખુરશી એની છે કે, જે આત્માના ચિદાનંદ સ્વરૂપમાં નિર્વિકલ્પ

દૃષ્ટિથી ઠરે છે, મતિને સ્થાપે છે એને પહેલી ખુરશી મળે છે. એને મહાજન અને પરલોક કહેવામાં આવે છે. આહા..હા..! અગિયાર અંગનો ભણતર ને નવનો પૂર્વનો ભણનાર પણ, કહે છે કે, મહાજન કહેવાતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નવ પૂર્વ ભણ્યો હોય, અગિયાર અંગ ભણ્યો હોય, ધારણા નવ પૂર્વની કરી હોય, અગિયાર અંગની, એ મહાજન નહિ. જમુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રખડવાની કહેશે હમણાં. જીવ શબ્દ પડ્યો છેને? 'जीवहँ' એમાં બહુવચન કાઢશે. મતિ એવી ગતિ એટલે બે પ્રકારની ગતિ. એકને આમ જાય એને આ ગતિ ને આમ જાય એને સંસારની ગતિ રખડવાની. એ કાઢશે એમાંથી. મતિ એવી ગતિ શબ્દ પડ્યો છે ખરોને અને **'जीवहँ'** શબ્દ છેને એમાંથી બહુવચન કાઢશે. સમજાણું કાંઈ?

**'ઉત્કૃષ્ટ જન કહા જાતા હૈ. અર્થાત્ જિસકી બુદ્ધિ નિજસ્વરૂપમેં ઠહર રહી હૈ, વહ ઉત્તમ જન હૈ,...'** એ જ્ઞાની જ ઉત્તમ જન (છે). જ્ઞાની પણ આવો. અગિયાર અંગ ને (નવ) પૂર્વ ભણેલો એ નહિ. દુનિયામાં પ્રસિદ્ધ પામેલો હોય, દુનિયા માનતી હોય, લાખો, કરોડોમાં પ્રસિદ્ધ હોય.. ઓહો..હો..! મહા મહાત્મા કહેવાય. લ્યો! સમજાણું? કહે છે એ મહાત્મા નહિ, એ મહા આત્મા મહાજન નહિ એમ કહે છે. ઓહો..હો..! ભાઈ! એ તો મોટું માણસ છે. નથી કહેતા? મોટા માણસ છે ભાઈ! એ તો મોટા માણસ, મોટા રાજા માણસ કહેવાય. એમ કહીને વળી મૂર્ખ કહેવાય પાછા. બેવકૂફ કહેવો હોય તો રાજા માણસ કહે. પણ ઈ તો મોટો માણસ હોય તો એમ કહે, ઈ તો મોટા માણસ છે. એની બધી વાતો પણ મોટી હોય. ગાંડાના મોટા છે કહે છે એ.

મોટા તો એને કહીએ કે, **'ક્યોંકિ...'** કારણ આપે છે. એને મોટા કેમ કહેવા? **'જૈસી બુદ્ધિ હોતી હૈ, વૈસી હી જીવકી ગતિ નિશ્ચયકર હોતી હૈ,...'** એમ. જેવી જેની મતિ તેવી તેની ગતિ. એટલે જેની મતિ જ્ઞાનાનંદ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ વસ્તુમાં મતિ ઠરી છે એની એવી ગતિ પરમાત્મપદ પ્રાપ્ત થશે માટે તેને મહાજન અને મહા ઉત્તમ પુરુષ કહેવામાં આવે છે. આહા..હા..! કથન પદ્ધતિ પરમાત્મપ્રકાશની.. સમજાણું કાંઈ? **'વૈસી હી જીવકી ગતિ નિશ્ચયકર હોતી હૈ, ઐસા જિનવરદેવને કહા હૈ.'** સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવે એમ કહ્યું છે. ઓહો..હો..! કરોડોનો માનનાર, કરોડોનો ધણી, માળવાનો ધણી નથી કહેતા કાંઈ આ? ભાઈ! કરોડો માળવાનો શું? ... સમજ્યાને? ગરીબનો માળવો એમ કહે છે. ગરીબનો માળવો એમ કહે છે. બહુ પૈસા-બૈસા આપતો હોય ને બહુ ઓલું કરતો હોય, દવા-બવા કરાવતો હોય તો (એમ કહે), એ તો ગરીબનો માળવો છે બાપા! એ કહે છે, ગરીબનો

માળવો રખડનારા છે, એની મતિ છે રાગ ને દ્વેષમાં. સમજાય છે કાંઈ? કહેશે અર્થમાં. પુણ્ય ને પાપના વિકલ્પમાં જેની મતિ ચોંટી છે એ બધા દીર્ઘ સંસારી જીવો જ્યાં મતિ ત્યાં ગતિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ શુભ અને અશુભ રાગમાં જેની મતિ ચોંટી છે, આ શુભ રાગમાં મતિ જેની ચોંટી છે એ મતિ એવી ગતિ, એની વિકારીના ફળરૂપે એને ચાર ગતિમાં દીર્ઘ સંસાર રખડવાની ગતિ મળશે. સમજાણું કાંઈ? આહા..હા..! કઈ ઢબે વાત કરે છેને!

'**અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપમેં જિસ જીવકી બુદ્ધિ હોવે, ઉસકો વૈસી હી ગતિ હોતી હૈ,...**' લ્યો! '**જિન જીવોંકા મન નિજ-વસ્તુમેં હૈ, ઉનકો નિજ-પદકી પ્રાપ્તિ હોતી હૈ,...**' જુઓ! ભગવાન જ્ઞાનાનંદ નિર્વિકલ્પ સ્વભાવ આત્માનો એમાં જેનું મન લાગ્યું છે, ચિત્ત લાગ્યું છે, મતિ લાગી છે, દૃષ્ટિ લાગી છે એને પરમાત્મપદની પ્રાપ્તિ થાય જ. મતિ એવી ગતિ. કહો, સમજાણું આમાં? '**ઇસમેં સંદેહ નહીં હૈ.**' આહા..હા..! ઓલા બે શબ્દ કાઢ્યા છેને. '**जीव–जीवस्यैव अथवा बहुवचनपक्षे जीवानामेव निश्चयेन भवतीति।**' એમ. સંસ્કૃતમાં. મતિ એવી ગતિના બે અર્થ કાઢ્યા. એક મતિ એવી ગતિ આમ અને એક મતિ એવી ગતિ આમ ઉલટી. સંસ્કૃતમાં છે એટલે કાઢે છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- '**જો આર્તધ્યાન રૌદ્રધ્યાનકી આધીનતાસે અપને શુદ્ધાત્માકી ભાવનાસે રહિત...**' અર્થાત્ જેની મતિ પુણ્ય-પાપના વિકલ્પના રાગમાં મતિ સ્થાપેલી છે, પર્યાય વિકૃત ભાવ, પુણ્ય-પાપનો ભાવ એમાં મતિ જેણે સ્થાપી છે એ આર્ત-રૌદ્ર ધ્યાનવાળો જીવ એને '**આધીનતાસે અપને શુદ્ધાત્માકી ભાવનાસે રહિત...**' એ તો એની ભાવના કરનાર છે. પુણ્ય વધે, પાપ વધે, પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... વિકારની વૃત્તિ ઉપર એની દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? જેની મતિ પુણ્ય-પાપરૂપી રાગ વિકલ્પ ઉપર મતિ સ્થાપેલી છે એ શુદ્ધાત્મ ભાવનાથી રહિત છે. સમજાણું કાંઈ? એ નવમી ગ્રૈવેયક ગયો દિગંબર દ્રવ્યલિંગી સાધુ, તોપણ એણે મતિ વિકલ્પ ને પુણ્ય-પાપમાં જ સ્થાપી છે. સમજાણું કાંઈ? આહા..હા..! બે મતિ એવી ગતિ કરી બસ. એક કોર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની મતિ આમ કરી છે એની ગતિ પરમાત્મા. મતિ એવી ગતિ અને જેની મતિ પુણ્ય-પાપના વિકલ્પમાં સ્થાપી છે, અહીંયાં અનાદર કર્યો, આના સ્વભાવની ભાવનાથી અનાદર થઈ ગયો છે. શુભ વિકલ્પનો જેને આદર છે એની મતિ વિકારમાં ચોંટી છે, વિકારમાં ચોંટેલો જીવ ખોટા ધ્યાનને આધીન થયેલો શુદ્ધાત્માની ભાવનાથી રહિત.

'**રાગાદિક પરભાવોંસ્વરૂપ પરિણમન કરતા હૈ,...**' લ્યો! એ તો રાગાદિ વિકારપણે પરિણમન કરે છે. ઓલો વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એના તરફની વીતરાગી દૃષ્ટિ જ્ઞાનનું પરિણમન કરે છે. એટલે મતિ એવી ગતિ. એની મતિ ત્યાં સ્થપાણી એ ગતિ થઈને પરમાત્મા

થઈ જશે. સમજાણું કાંઈ? જેની મતિ પુણ્ય-પાપના વિકલ્પ અને વિકારની વિકૃત ઉપર જેની રુચિ ને મતિ સ્થપાણી છે એ રાગાદિ પરભાવોંસ્વરૂપ પરિણમન કરકે, વિકારરૂપ પરિણમન કરકે. ઓલો સ્વભાવ પર મતિ છે એ નિર્વિકાર પરિણમન કરકે અને વિકાર ઉપર રુચિનો પ્રેમ છે જેને એ વિકારરૂપ પરિણમન કરતા 'દીર્ઘસંસારી હોતા હૈ,...' સમજાણું કાંઈ? દીર્ઘ સંસારી.

બે દિશા. આ મતિ એવી ગતિ. લોકમાં કહે છે કે, જેવી મતિ એવી ગતિ. અહીં તો કહે મતિ એવી ગતિ. આમ વસ્તુમાં મતિ એવી ગતિ. આ વિકલ્પમાં મતિ એવી ગતિ. આહા..હા..! મલૂકચંદભાઈ! સમજાય છે આમાં? એઈ.. જેચંદભાઈ! આહા..હા..! કથન પદ્ધતિના બે પડખા જ પાડી નાખ્યા છે. મતિ એવી ગતિ એમ કીધી હતીને. હવે એ મતિના બે બોલ પાડો, બે પડખા. સમજાણું કાંઈ? જેની મતિ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એમાં મતિ સ્થાપવી છોડી દઈને એટલે શુદ્ધાત્માથી રહિત થઈને એમ કીધું. ભાવનાથી રહિત. ભાવના કહો કે મતિની સ્થાપના અંદરમાં (કરવી), એને છોડી દઈને પુણ્ય-પાપના વિકલ્પની રુચિના પ્રેમમાં જ પડ્યો છે, એની જ જેને ભાવના છે, એમાં જ મતિને સ્થાપી છે, એટલો જ આત્મા હું એમ તેમાં રંગાય ગયો છે એ વિકારરૂપ પરિણમન કરીને દીર્ઘ સંસારી થશે. એ અનંત સંસારી થઈ નિગોદ આદિમાં જશે. ઓલો પરમાત્મા થાશે, ઓલો નિગોદ જશે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને રુચિ, એટલો પ્રેમ એને આવતો નથી. જે પ્રેમ ગરી ગયો છેને એવો આને પ્રેમ આવતો નથી. કેવો હશે? એ તે કોણ હશે? સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મીઠી લાગે શી રીતે? આમ આત્મા આવો છે એવો અવ્યક્તપણે પણ જ્યાં સુધી પ્રેમ ન આવે ત્યાં સુધી અંદરમાં રુચિ જામે નહિ. સમજાણું? આમ હહળીને બહાર નીકળેને વિકલ્પમાં એને પ્રેમ લાગે જ્યાં ત્યાં. બહાર ઊભો થાય વિકલ્પ ને રાગાદિ તો હા.. હા.. કાંઈક કરીએ છીએ, કાંઈક ઠીક કરીએ છીએ. એમ જે આમને આમ હોંશ લાગી છેને એના પ્રેમમાં આ ભગવાન અંદર વિકલ્પથી રહિત છે એની એને રુચિ અને મતિ સ્થાપવાનો અવસર લેતો નથી. વાત આમ છે, વાત આમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મતિ એવી ગતિ. લોકો એમ કહે કે, ભાઈ! મતિ એવી ગતિ. આવી મતિ હોય તો નરકમાં જાય, આવી મતિ હોય તો સ્વર્ગમાં જાય. એમ નહિ. અહીં તો કહે મતિ એટલે અહીં આત્મામાં મતિ સ્થાપી તે પરમાત્મગતિને પામે. અહીં વિકલ્પમાં મતિને સ્થિર કરી છે એ દીર્ઘ સંસારી થઈને નિગોદ જાશે અને અનંત સંસાર કરશે. આને અનંત સંસારનો અભાવ

થઈને અનંત આનંદ આવશે. આને અનંત આનંદનો અભાવ થઈને અનંત દુઃખ થાશે. આહા..હા..! કહો, રતિભાઈ! આ સમજાય એવી વાત છે કે નહિ? આમાં તો સાદી એમાં કાંઈ...

ભગવાન આત્મા આ દ્રવ્યદૃષ્ટિએ મતિ જેણે ત્યાં સ્થાપી એની ગતિ પરમાત્માની છે એમ કહે છે અને જેણે પુણ્ય ને પાપ ને બાહ્ય પરના જ્ઞાન ને પરમાં રાગની મંદતા—એમાં મતિને જેણે સ્થાપી એ વિકારનું પરિણમન કરીને દીર્ઘ સંસારમાં રખડશે. કહો, સમજાણું આમાં? આહા..હા..! અહીં તો કહે છે કે, આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ એ રાગમાં મતિ સ્થાપે એને વિકારનું પરિણમન થઈને દીર્ઘ સંસાર રખડશે એમ કહે છે લ્યો! એ.. ન્યાલભાઈ! આ તો એક ઘા, બે કટકા.

ભગવાન આત્મા બિરાજમાન વીતરાગ પિંડ પ્રભુ છે. આત્મા એટલે વીતરાગીનો પિંડ. એની મતિ જ્યાં અંદર સ્થાપી એ વીતરાગ પરિણતિ દ્વારા સ્થાપી, દૃષ્ટિ દ્વારા, એ વીતરાગ દશા જ શક્તિમાંથી વ્યક્ત થઈ જશે. અને એવો ભગવાન આત્માને છોડીને સૂક્ષ્મ પણ વિકલ્પ શુભભાવનો એમાં જેણે રુચિને આત્મસ્વભાવથી વિપરીત ભાવ એમાં મતિને, શ્રદ્ધાને સ્થાપી, જ્ઞાનને સ્થાપ્યું, રોક્યું ત્યાં આ ઠીક, કહે છે કે, એનું વિકારરૂપ પરિણમન થઈને વિકારના ફળરૂપે દીર્ઘ સંસારમાં રખડશે. આહા..હા..! આવી વાત. સમજાણું? ઓલાનો પ્રવાહ જાય છે અંદર અને ઓલાનો પ્રવાહ જાય છે વિકારમાં એમ કહે છે બે. નદીના વહેણ વાય છે કે નહિ? આ કાંઠે ને ઓલા કાંઠે. વહેણ સમજતે હૈ? પાણી શું કહે તમારે? પ્રવાહ. નદીની આની કોરનો પ્રવાહ હોય તો બાયુંને ઠીક પડે કારણ કે આઘે ભરવા જવું મટે. બહુ નદી મોટી હોય મોટી તો આ બાજુ હોયને નદીના આ કાંઠે પાણી (હોય તો કહે), આ કાંઠે પાણીનું વહેણ ઊંચું આવ્યું છે. આઘું જવું મટે. કાળુભાર જેવી નદી હોય. મોટી નદી જબરી, હવે આઘે ક્યાં ભરવા જાય. એટલે આની કોરનું વહેણ હોય તો બહુ સારું છે, ઓલી કોરનું વહેણ હોય તો સારું નહિ. કારણ કે પાણીનું બહુ વહેણ હોય એમાં કોઈ દિ' મેળ ન રહે. કોઈ દિ' વચમાં વહેણ થઈ જાય, કો'ક દિ' એક કોર થઈ જાય, આની કોર થઈ જાય. પાણીના મોટા લોઢ. બબ્બે વાંસા પાણી આવતા હોય. એમ કહે છે કે જેના વહેણ આત્માના સ્વભાવ ઉપર ગયા એના વહેણ પરમાત્માને પહોંચાડશે ઈ અને જેના વહેણ વિકારની પરિણતિ ઉપર ગયા એ એને આત્માથી દૂર કરીને વિકારમાં રખડાવશે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘરબાર, કુટુંબ છોડીને...

ઉત્તર :- ઘરબાર છોડ્યું નથી. કોને ઘર-બહાર હતા એના. એનો હતો ભગવાન ને કાં એનો હતો વિકાર. બે છે ચીજ, કહો. શું કહે છે? કાં એનો હતો ત્રિકાળી પ્રભુ અને કાં એણે માન્યો કે, રાગ છું હું. બસ! એ સિવાયની કોઈ ત્રીજી ચીજ છે જ નહિ. જુગરાજજી! બરાબર

હૈ? દુકાન-બુકાન નહિ? દુકાન-બુકાન નહિ, એ તો જડ છે. કાં એ રાગનો થાય ને કાં એ વીતરાગ સ્વભાવનો થાય, બેનો થાય, ત્રીજાનો થવાનો નથી એમાં. બરાબર હૈ? એમ કહે છે. ટૂંકામાં પણ... સમજાણું?

ઓહો..! જ્ઞાનસ્વરૂપ પ્રભુ, જ્ઞાનસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. જ્ઞાન સ્વરૂપમાં વળી દોષ ક્યાંથી હોય. નિર્દોષ ભગવાન એકલો નિર્દોષ રસનો કંદ, એકલો રસ. એની મતિ જ્યાં ગઈ એમાં, મતિ જ્યાં સ્થાપી (ત્યાં) વિકલ્પની મતિ ઉઠી ગઈ. વિકારનો આદર દૃષ્ટિમાંથી ચાલ્યો ગયો. એક ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ, મતિ ત્યાં સ્થપાઈ ગઈ. બસ થઈ ગયું. એ પ્રવાહ પરિણતિ કરતો કરતો વીતરાગ પરિણતિ થઈને કેવળજ્ઞાન પામશે. એ મતિ એવી ગતિ. અને અજ્ઞાનીની ગતિ... એટલે બે બોલ આ કાઢ્યા પછી. જે જીવો આમ થાય તે આમ પામે, જે જીવો આમ મતિ કરે તો આમ ગતિ પામે. ભગવાન આત્માને છોડી જેના પ્રેમ રાગે લૂંટ્યા છે, એક વિકલ્પ માત્ર આવીને પ્રેમમાં ફસ્યો છે, કહે છે કે મતિ ત્યાં સ્થાપી છે એનું વિકારનું દીર્ઘ પરિણમન થઈ અને જ્યાં વિકારમાં ફળ છે ચાર ગતિ એમાં રખડશે. સમજાણું કાંઈ? હવે (જ્યાં) તને રુચે ત્યાં જા. એમ પણ કહેશે ક્યાંક. સમજાણું કાંઈ? ક્યાંક આવે છે ખરું. ક્યાં છે? બીજે તો આવે છે પણ ક્યાંક હશે આમાં. હશે ક્યાંક. આ બધી શૈલી એવી છે. એવું હશે ક્યાંક. કહો, સમજાણું કાંઈ?

**'ઔર જો નિશ્ચયરત્નત્રયસ્વરૂપ પરમાત્મતત્ત્વમેં ભાવના કરતા હૈ,...'** મતિ એવી ગતિના બે પ્રકાર પાડ્યા. જેની મતિ રાગમાં, વિકલ્પમાં, શુભ રાગ તરીકે, મંદ રાગ તરીકે એની રુચિ છે તે મહા મિથ્યાત્વની ગતિનું પરિણમન છે. એથી એને દીર્ઘ સંસારની ગતિ છે. કારણ કે ભગવાન આત્માથી વિરુદ્ધ ભાવનો પ્રેમ છે. વિરુદ્ધ ભાવનો પ્રેમ છે એને સંસાર જ ફળે છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ નાથ એવો સ્વભાવ એની મતિ ત્યાં રુચિ, એ મતિ ત્યાં ગઈને રુચિ... મતિ ત્યાં સ્થપાણી એની ગતિ પરમાત્માની છે. એ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ... એ મતિ સ્થાપી. મતિમાં ત્રણ બોલ આવ્યા એ. શુદ્ધ દ્રવ્ય સ્વરૂપ તેની પ્રતીત, તેનું જ્ઞાન ને તેની સ્થિરતા એ ત્રણેને મતિ એવી ગતિ. એમ આમાં થઈ ગયું. એ મતિમાં હા પાડી દીધી. સમજાણું કાંઈ? આહા..!

**'નિશ્ચયરત્નત્રયસ્વરૂપ પરમાત્મતત્ત્વમેં ભાવના કરતા હૈ,...'** એવો ભગવાન આત્મા... જેણે ભગવાન આત્મા સાથે પ્રેમ કર્યો છે અને જેણે રાગ અને વિકલ્પનો પ્રેમ છોડી દીધો છે **'તો વહ મોક્ષ પાતા હૈ.'** બસ! એને મતિ એવી ગતિ થઈ જશે. બહુ શબ્દ મતિમાં નાખ્યા ત્રણે પાછા. મતિનો અર્થ જ એ છેને. મતિ એટલે આમ વાળી મતિ જેણે શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા (બાજુ) એની ગતિ મોક્ષની. સમજાણું કાંઈ? આહા..હા..! જેને આમ રાગ

ને પુણ્ય-પાપનો ઉછળી ઉછળીને પ્રેમ આવે છે, ઉત્સાહ આવે છે, પ્રેમ આવે છે, અધિકતા ભાસે છે, મીઠાશ લાગે છે, કહે છે કે, મતિ ત્યાં ચોંટી છે ભાઈ! વીતરાગ સ્વભાવ આખો અનાદરમાં જાય છે, અનાદરમાં જાય છે. અહીં આદર થઈ જાય છે. સમજાણું?

એટલે એ વિકલ્પના આદરમાં એને મિથ્યાત્વનું મિથ્યાજ્ઞાનનું... ત્રણ લેવું ત્યાં પણ. વિકારનું પરિણમન કીધું હતુંને? રાગાદિ પરિણમન એટલે કે મિથ્યાત્વનું પરિણમન. એ રાગની રુચિ તે મિથ્યાત્વનું પરિણમન, રાગનું જ્ઞાન એ મિથ્યાજ્ઞાન, રાગમાં સ્થિરતા એ મિથ્યાચારિત્ર. જેની મતિ રાગના વિકલ્પમાં સ્થપાણી છે તે મિથ્યા દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થાપેલી મતિ તેના ફળ તરીકે દીર્ઘ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઐસા જાનકર સબ રાગાદિ વિકલ્પોંકો ત્યાગકર ઉસ પરમાત્મતત્ત્વમેં હી ભાવના કરની ચાહિયે.'** લ્યો! બે પ્રકારનું સ્વરૂપ આ રીતે છે એમ જાણી ભગવાન પરમાત્મસ્વરૂપ પોતે નિજ સ્વરૂપ એની ભાવના નામ શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા કરવી જોઈએ. એ ભગવાન આત્મા ઉપર સન્મુખ થઈ દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરવી જોઈએ. એ જ આત્માને હિતકર અને મોક્ષનો માર્ગ છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૃષ્ટિનું પરિવર્તન કરવું. આમ દૃષ્ટિ રાગના પ્રેમમાં ચોંટી છે, આમ અનુકૂળતામાં હોંશું વર્તે છે એ દૃષ્ટિને ફેરવ, ભગવાન ઉપર દૃષ્ટિ મૂક. પોતે ભગવાન હોં! મહિમાવંત પદાર્થ. જેની મહિમા વીતરાગ વાણીએ પૂરું કહી શક્યા નથી. જેની નિર્મળ પર્યાયની વાત પણ પૂરી કહી શક્યા નથી એના આખા દ્રવ્યસ્વભાવની વાત ભગવાનના જ્ઞાનમાં પૂરી આવી ગઈ, (પણ) વાણીએ પૂરી પડી શકી નથી. સમજાણું?

એવો ભગવાન વીતરાગ ચિદાનંદ સ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાનમાં મતિમાં સ્થાપ ત્યાં, એ સિવાય કાંઈ કરવા જેવું નથી. સમજાણું કાંઈ? ૧૧૧-ત્રણે એકડા. ભગવાનની કિંમત જેણે કરી મતિએ એને ફળ શું આવે? ભગવાન જ થાય એ તો. જે મતિએ ભગવાન આત્માની કિંમત કરી એને સંસાર કેમ હોય? એને મુક્તિ હોય. જે મતિએ રાગની કિંમત કરી એને આત્માનો લાભ કેમ હોય? એને સંસારનો લાભ હોય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ચીમનભાઈ! આ શું થયું આ બધું ઈજનેર-ફિજનેર ક્યાં ગયા હશે આમાં? આહા..હા..! ડાકલું કેની કોર વગાડવું એ તારા હાથમાં છે કહે છે. ડાકલા હોતા હૈ ન વો.

ભગવાન આત્મા એક સમયનો પૂર્ણ નાથ. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... કેવળઘન, એકલું ઘન જ્ઞાન આનંદનું. એવો વીતરાગી ભાવની મતિ કરી, બસ! ખલાસ થઈ ગયું. એણે આત્માની કિંમત કરી. એના મતિમાંથી પુણ્ય અને પાપની કિંમત ઉડી ગઈ. આહા..હા..! ભોગમાં મીઠાશ તો ક્યાં રહી? વિષયમાં સુખની મીઠાશ તો ક્યાંય ગઈ પણ એમાં રાગ થાય એની મીઠાશ

વઈ ગઈ. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જ્યાં દૃષ્ટિની વલણ દશા અંદર થઈ, મતિ ગઈ અંદર, એણે રોક્યો રાગના સ્થંભને રાગ ને વિકલ્પ એ મારું સ્વરૂપ નથી, પ્રીતિ છૂટી ગઈ. સમજાણું? જ્ઞાનીને રાગાદિ હોય છે છતાં પ્રીતિ નથી. ગતિ ત્યાં નથી, ગતિ આમ છે હવે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ કષાય, બે કષાય, એક કષાય આદિ હોય છે, છતાં જ્ઞાનીએ મતિ તો પ્રભુમાં સ્થાપી છે. એ રાગમાં મીઠાશમાં મતિ ઊડી ગઈ છે. સમજાણું કાંઈ? અને અજ્ઞાનીએ ભગવાનમાંથી મતિને ઉડાડી દીધી છે અનાદિથી. એ રાગમાં આકુળતા દુઃખ છે, એ આકુળતાનું દુઃખ છે. ભગવાન અનાકુળથી વિરોધી વિકલ્પ છે. એ આનંદથી ઉલટો ભાવ છે એમાં જેણે મતિને પ્રેમથી સ્થાપી છે એને શું હોય બીજું? એને એ દશા નિગોદની જઈને અનંત કાળ વસશે. ઓલો એક અનંતા ભેગા રહેશે, ઓલો એક શરીરમાં અનંતા રહેશે, ઓલા જુદા જઈને ક્ષેત્રમાં ... એ અનંતા અનંતા આનંદમાં અનંતા ભેગા, ઓલા અનંતા દુઃખમાં એક શરીરમાં ભેગા. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૧૧ થઈ.

**'આગે ફિર ઈસી બાતકો દૃઢ કરતે હૈં –'** પરમાત્મપ્રકાશ પણ પરમાત્મ પ્રકાશ કર્યો છે.

**૧૧૨) जहिँ मइ तहिँ गइ जीव तहुँ मरणु वि जेण लहेहि।**
**तेँ परबंभु मुएवि मइँ मा पर-दव्वि करेहि।।११२।।**

**'અન્વયાર્થ :- હે જીવ જહાં તેરી બુદ્ધિ હૈ, વહીં પર ગતિ હૈ, ઉસકો...'** જહાં તારી મતિ ત્યાં તારી ગતિ. હવે મરણ પછી પણ તારી મતિ છે ત્યાં જઈશ, એમ કહે છે. જહાં તેરી મતિ, ભગવાન આત્મામાં જો તારી મતિ છે. **'વહીં પર ગતિ હૈ, ઉસકો જિસ કારણસે તૂ મરકર પાવેગા,...'** દેહ છૂટીને પણ તું પરમબ્રહ્મ તરફના જ વલણમાં રહીશ. સમજાણું કાંઈ? આહા..હા..! અને આ દેહ છૂટીને પણ પરમાત્મા થઈ જઈશ. **'ઈસલિયે તૂ પરબ્રહ્મકો છોડકર પરદ્રવ્યમેં બુદ્ધિકો મત કર.'** સમજાણું? **'પરદ્રવ્યમેં બુદ્ધિકો મત કર.'** હવે એની વ્યાખ્યાની મીઠાશ વર્ણવે છે જરીક, ખૂબ શબ્દથી.

**'ભાવાર્થ :- શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર...'** ભગવાન આત્મા આ ચિદાનંદ પ્રભુ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી જોઈએ, શુદ્ધ વસ્તુની દૃષ્ટિથી જોઈએ તો **'ટાંકીકા-સા ગઢા હુઆ અઘટિતઘાટ,...'** અણઘડેલો ઘાટ એવો ભગવાન અનાદિનો એવોને એવો છે. સમજાણું? વસ્તુ, વસ્તુ અણઘટિત ઘાટ. **'અમૂર્તિક પદાર્થ,...'** રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો પ્રભુ પદાર્થ છે આત્મા. **'જ્ઞાયકમાત્ર સ્વભાવ,...'** એકલો જાણનાર સ્વભાવ. એવો ભગવાન આત્મા **'વીતરાગ, સદા આનંદરૂપ, અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ, અમૃતકે રસકર તૃપ્ત...'** સમજાણું કાંઈ? વીતરાગ સદાનંદ-વીતરાગ સદા આનંદરૂપ અદ્વિતીય અતીન્દ્રિય સુખસ્વરૂપ, અજોડ અતીન્દ્રિય આનંદનું સુખરૂપ, અમૃતના રસથી તૃપ્ત થયેલો, પર્યાયની વાત છે આ હોં! સમજાણું કાંઈ? પાઠમાં પરિણત શબ્દ

છે એનો અર્થ જરી અર્થકારે 'તૃપ્ત' કર્યો છે, તૃપ્તિ થઈ ગઈ છે કહે છે. જેમ તૃષા લાગી હોય અને પાણી પીધા હોયને મીઠા, એક તો મોસંબી અને એમાં નાખેલા હોય બરફ અને એમાં નાખી હોય સાકર. શેઠિયા હોય તો બહુ પીવે. ન્યાં ક્યાં પૈસાનો તૂટો હોય? તો નાખે, નાખને આ, મફતમાં કોઈ લઈ જાય એ કરતા ખાય પીવે તો ખરા કે નહિ. ભગવાન આત્મા, આહા..હા..! કેવો? અણઘડેલો ઘાટ ભગવાન અમૂર્તિક ચિદાનંદ એવોને એવો કહે છે. જ્ઞાયકમાત્ર સ્વભાવ એને વીતરાગ સદા આનંદરૂપ, સદા આનંદરૂપ પોતે. એને અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ, અમૃતકે રસકર પરિણત. એવા ભગવાનને અજોડ અતીન્દ્રિય સુખથી, અમૃતના રસથી પરિણત પર્યાય પ્રગટ કરીને. સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા પણ કેટલી કરી છે!

'**टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावं**' એક આવ્યું આમાં? એક નથી આવ્યું. અદ્વિતીય આવ્યું છે. એક સ્વભાવ, એક સ્વભાવ વીતરાગ સદાનંદ સુખામૃત. પાછું બે ઠેકાણે આવ્યું. બે ઠેકાણે એક આવે છેને. ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવ એ વસ્તુ. '**वीतरागसदान्दैकसुखामृतरसपरिणतं निजशुद्धात्मतत्त्वं मुक्त्वा**' બે ઠેકાણે એક એક છે હોં! ઈ 'એક'ને નાખતા નથી. અદ્વિતીય અતીન્દ્રિય સ્વરૂપ. એક ... એમાં એક આવ્યું, ઓલામાં બાકી રહી ગયું. એકરૂપ ભગવાન આત્મા વસ્તુ એને એકરૂપ અતીન્દ્રિય સુખરૂપ પરિણત થયેલો, અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ અમૃત, અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ અમૃતકે રસકર પરિણત થયેલો, તૃપ્ત થયેલો જીવ. ભગવાન અતીન્દ્રિય આનંદમાંથી અતીન્દ્રિય પર્યાય પ્રગટ કરીને તૃપ્ત થયેલો જીવ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા પણ આમ ઓછી પડે છે જાણે આચાર્યને.

ભગવાન આત્મા, જેમ હીરાની એક મૂર્તિ હોયને હીરાની મૂર્તિ. આવે છેને? એક શેઠિયાનું આવે છે. એક હીરાનો બળદ હતો. આવે છેને? એવું આવે છે. જગડુ શેઠ, જગડુ શેઠ. હીરાનો એક બળદ મોટો. એક બીજો બળદ કરતો હતો. ... એકલા હીરા મોટા. કહે છે, આ આખો આત્મા એકલા ચૈતન્યરત્નના હીરાથી ભરેલો મોટો છે. ઓલો બળદ હતો, આ ભગવાન છે. સમજાણું? એવો ભગવાન સદા આનંદરૂપ ત્રિકાળ આનંદરૂપ લ્યો! હવે એને અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ વર્તમાન પરિણતિ. અજોડ અતીન્દ્રિય સુખરૂપ અમૃતના રસકર તૃપ્ત થઈ ગયેલો પરિણતિમાં. પર્યાય લીધી. બસ! એને કાંઈ જોતું નથી.

'**ऐसे निज शुद्धात्मतत्त्वको छोडकर...**' એવા નિજ શુદ્ધાત્મતત્ત્વને છોડીને. આહા..હા..! '**द्रव्यकर्म-भावकर्म-नोकर्ममें या देहादि परिग्रहमें मनको मत लगा.**' અરે..! આનંદમાં જ્યાં ચિત્ત ચોંટ્યા એને હવે તારે બહાર ક્યાં કામ છે, એમ કહે છે. આહા..હા..! શું કામ છે તારે વિકલ્પનું? એના પ્રેમનું શું કામ છે? દુનિયાની પ્રસિદ્ધિનું તારે શું કામ છે? દુનિયા અધિક ગણે એનો અધિક તું આત્મામાં રસે તૃપ્ત થઈ ગયો છોને. એ તૃપ્તિમાં હવે બીજાને કારણે તૃપ્તિ

ક્યાં તને રહી છે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનઘનનો પ્રભુ સ્વરૂપ એની તૃપ્તિમાં પડેલો એને બીજું શું કામ છે હવે? સમજાણું? એને આઠ કર્મનું શું કામ છે? ભાવકર્મનું શું કામ છે? વિકલ્પનું શું કામ છે? નોકર્મ શરીર-દેહાદિ પરિગ્રહમેં મનકો મત લગા, એમાં મનને ન લગાવ. આમ લગાવ્યું એને હવે અહીં ન લગાવ. સમજાણું કાંઈ? જુઓને, દુનિયામાં મોટો ઠરાવવા કેટલા જલસા નથી કરતા? પાંચ, પચાસ હજાર ખર્ચી નાખે, મોટો કોઈ આપતો હોય અભિનંદન તો. હેરાન, હેરાન થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ એને ગોઠે ત્યારેને. ઓલી ગોઠે છે. બહારમાં ઓલો કહે હા. તું મોટો, તો કહે, હા. તું સારો તો કહે હા, ... વધી ગયો છો હોં બીજા કરતા. કેમ વધ્યો છે કે શું વધ્યો છે એ તો... આહા..હા..! કોની પદવી કહેવી આને મોટી? આહા..હા..! કોને તિલક કરવા આમાં? કહે છે. ઈ યાદ આવી ગયું.

ભગવાન કહે છે કે, તારા તિલક તેં કર્યા હવે તારે જગતનું શું કામ છે? આહા..હા..! ભગવાન અખંડાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ અનંત ગુણનો ચૈતન્ય રત્નાકર જ્યાં દૃષ્ટિમાં આવ્યો, મતિને ત્યાં સ્થાપી, શ્રદ્ધા, જ્ઞાનને ત્યાં વાળ્યા, તારે હવે શું કામ છે બીજું? તારે હવે આવા કર્મ બંધાય તો આમ થાશે, સારા કર્મ બંધાયને તો આમ સ્વર્ગમાં જશે. ધૂળમાં પણ કર્મ અહીં બંધાય નહિ, એમ કહે છે. કર્મ જ નથીને, અહીં વિકલ્પ નથી, વિકલ્પ છે એ પણ સ્વરૂપમાં નથી. જાય જડમાં પરમાં જાય. આહા..હા..! અરે..! આવું વીતરાગી તત્ત્વ, ભગવાન વીતરાગી આત્મ સ્વભાવ અરે..! એના એને ગાણા પણ ગાતા આવડે નહિ અને ઓલા રાગ ને ફળ ને એના ગાણા (ગાય). આહા..હા..! સમજાય છે? જેના ગાણાએ રંગાયો એ રંગાઈ જશે એમાં. આહા..હા..!

મુમુક્ષુ :- સાંભળવા બેસે.

ઉત્તર :- હા, શું કહે છે આ? વખાણ કરતો હોયને તો એને એક ઊંઘ ન આવે જરી. રાતના દસ વાગ્યા સુધી સંભળાવે. ... મોટા મોટા વખાણનો એક ચોપડો કરી રાખ્યો હોય, મજૂર કરી રાખ્યો હોય બે રૂપિયાનો પગાર (આપીને), ઈ સંભળાવ્યા કરે. સવારથી સંભળાવ્યા કરે કે તમે બહુ આવા, તમે બહુ આવા, તમે બહુ આવા. બહુ કરતા કરતા દસ વાગે (એટલે કહે), હવે ભાઈસાહેબ નહિ. શું કરવા નહિ હવે? વખાણ સાંભળતો હતોને પ્રેમથી. હવે કંટાળો આવે છે, હવે સુવા દે. સમજ્યાને? આ ભગવાન આત્માના આનંદના અંતરમાં એકાગ્ર થવું, 'હવે નહિ' એમાં થાશે નહિ કહે છે. એકાગ્ર.. એકાગ્ર.. એકાગ્ર.. એકાગ્ર.. ક્યાં સુધી? પરમાત્મા થાય ત્યાં સુધી. આહા..હા..! સમજાણું?

'**शुद्धात्मतत्त्वको छोडकर द्रव्यकर्म...**' રજકણો. આઠ કર્મમાં તીર્થંકર ગોત્ર બાંધ્યું એ દ્રવ્યકર્મમાં આવતું હશે કે નહિ? ભાવકર્મ. એના વડે વિકલ્પથી બંધાય એ વિકલ્પ, નોકર્મ શરીર, વાણી સરખી હોય તો ઠીક, કંઠ સરખા હોય તો ઠીક, '**देहादि परिग्रहमें मनको मत लगा.**' એ બધું ઠીક હોય તો પછી કોઈ તારે કામ નથી. આહા..હા..! ભગવાન મળ્યા, હવે રાંકાનું શું કામ છે તારે? સમજાણું? એમાં મનને ન લગાવ. એવું કહ્યુંને કે, પરદ્રવ્યમાં મનને ન લગાવ. હવે પરદ્રવ્ય કોને કહેવા? સ્વદ્રવ્ય ભગવાન આત્મા... એક કોર રામ ને એક કોર ગામ, એક કોર રામ ભગવાન આત્મરામ અનંત ગુણનો પિંડ પ્રભુ એમાં મતિ સ્થાપી એને પરદ્રવ્યનું કાંઈ કામ નથી. સમજાય છે કાંઈ? ત્યારે એ પરદ્રવ્ય કહેવા કોને? એ ૧૧૩માં પૂછશે. એનું આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૨, શુક્રવાર, તા. ૧૦-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૧૩, ૧૧૪, પ્રવચન-૭૨**

પરમાત્મપ્રકાશ, ૧૧૩ ગાથા. ૧૧૨ થઈ. પહેલી વ્યાખ્યા પરલોકની કરી. પરલોકથી ભિન્ન એની મમતા છોડવાનું કહ્યું. હવે શિષ્યે પ્રશ્ન કર્યો. કોની મમતા છોડવી? '**પરદ્રવ્ય ક્યા હૈ?**' પરદ્રવ્ય કોને કહીએ? '**ઉસકા સમાધાન શ્રીગુરુ કરતે હૈં—**'

**११३) जं णियदव्वहँ भिण्णु जडु तं परदव्वु वियाणि।**
**पुग्गलु धम्माधम्मु णहु कालु वि पंचमु जाणि।।११३।।**

'**અન્વયાર્થ :- જો...**' '**निजद्रव्यान्**' એટલે આત્મા પોતાના દ્રવ્યથી જુદું. પાઠમાં તો એમ શબ્દ છેને '**निजद्रव्यान्**'. પોતાનું આત્મદ્રવ્ય વસ્તુ શુદ્ધ અખંડ જ્ઞાયકભાવ, '**પદાર્થસે જુદા જડ પદાર્થ હૈ, ઉસે પરદ્રવ્ય જાનો,...**' એ પરદ્રવ્ય છે, તારું દ્રવ્ય એ નથી. '**ઔર વહ પરદ્રવ્ય પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, ઔર પાંચવાં કાલદ્રવ્ય યે સબ પરદ્રવ્ય જાનો.**' એટલું અત્યારે પાઠમાં તો આત્મા સિવાય પાંચ જડ છે એને જુદા કહ્યા છે. ટીકામાં એનું વધારે સ્પષ્ટ કરશે.

'**ભાવાર્થ :- દ્રવ્ય છહ હૈં,...**' આ જગતની અંદર ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પ્રભુએ છ દ્રવ્યો જોયા છે એમાંથી પાંચ જડ છે. '**ઔર જીવકો ચૈતન્ય જાનો.**' પાંચ તો અચેતન જડ અને એક ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ જીવ છે. '**પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાલ, આકાશ યે સબ જડ હૈં, ઈનકો અપનેસે જુદા જાનો ઔર જીવ ભી અનંત હૈં,...**' ખુલાસો વધારે કરે છે પોતે. '**ઉન સબકો અપનેસે ભિન્ન જાનો.**' બધા આત્મા જુદા, સિદ્ધ ભગવાનથી માંડીને બધા. આ આત્માથી બધા આત્મા જુદા છે. '**અનંતચતુષ્ટયસ્વરૂપ અપના આત્મા હૈ,...**' હવે આત્માની વ્યાખ્યા. આત્મા એટલે શું? નિજ તત્ત્વ, નિજ દ્રવ્ય શું? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવું અનંત ચતુષ્ટયસ્વરૂપ જે જીવદ્રવ્ય, પોતાનું જીવદ્રવ્ય. સમજાણું કાંઈ?

જીવદ્રવ્ય કોને કહેવું એમ કહે છે. ભગવાન કેવળીએ તીર્થંકરે તો છ દ્રવ્ય જોયા. જગતમાં છ પદાર્થ છે એમાં આ આત્માથી બીજા બધા પાંચ જડ દ્રવ્ય જુદા છે અને આ આત્માથી અનંત આત્માઓ જુદા (છે). એટલે આ આત્મા કેવો છે (કે જે) ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે જોયો? અનંત જ્ઞાનમય આત્મા છે. જુઓ! એ રાગરૂપ, પુણ્યરૂપ, શરીરરૂપ, કર્મરૂપ એ આત્મા નથી, તેમ અલ્પજ્ઞ પર્યાયરૂપ એ આત્મા નથી એમ તો અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? નિજ ભગવાન આત્મા એને કહીએ અને એને કહ્યો ભગવાન તીર્થંકરે કે બેહદ અંતર ચતુષ્ટય જ્ઞાન પડ્યું છે. બેહદ જ્ઞાન, બેહદ દર્શન, અનંત અનંત આનંદ અને અનંત અનંત વીર્ય એવું અનંત ચતુષ્ટયસ્વરૂપ એને અહીંયાં નિજ પદાર્થ આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું? એમાં અનંત ગુણ ભેગા છે પણ અનંત ચતુષ્ટય મુખ્ય વસ્તુ છે એમ ગણીને (કહ્યું). '**અનંતચતુષ્ટયસ્વરૂપ અપના આત્મા હૈ,...**' આ આત્મા જે અંદર છે એને ભગવાન કેવળીએ એવો જોયો છે ને એવો કહ્યો છે કે અંદર આત્મા અનંત, અનંત અમાપ જ્ઞાનથી ભરેલો સદા પદાર્થ છે. અનંત-અનંત દશિશક્તિથી ભરેલું તત્ત્વ છે, અનંત-અનંત અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા છે અને અનંત-અનંત આત્મવીર્યથી ભરેલું તત્ત્વ છે. આહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ આત્મા વર્તમાનમાં આવો છે?

ઉત્તર :- આવો છે. કોની માટે વાત ચાલે છે આ? એના માટે તો સમજાવે છે. એવો આત્મા અત્યારે અહીં અંદર છે. એને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા જાણવો એનું નામ ધર્મ કહેવાય છે. આહા..! સમજાણું કાંઈ?

શું કહેવાય છે આ? અંતર... આ તો જુદા કીધા. એક ધર્માસ્તિકાય તત્ત્વ ભગવાને જોયું, અધર્માસ્તિ, કાળ અને પુદ્ગલ અને આકાશ એ તો પર જડ છે, અચેતન છે. આ એક આત્મા ચૈતન્ય (છે). પણ એ ચૈતન્ય પણ કેવો? એને ચૈતન્યમાત્ર કહ્યો પણ એ કેટલું સામર્થ્યવાળું

તત્ત્વ? અનંત જ્ઞાન, અનંત જ્ઞાન અંતર હોં! વર્તમાન સમયમાં, એક સમયમાં. આહા..હા..! એ શરીર-કર્મવાળું નથી, અલ્પજ્ઞ પર્યાય એ કાંઈ મૂળ દ્રવ્ય નથી એટલું. સમજાણું કાંઈ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્મા અનંત અનંત બેહદ જ્ઞાનનું તત્ત્વ છે આત્મા. અત્યારે શક્તિ સત્ત્વરૂપે હોં! અનંત અનંત દર્શનરૂપી શક્તિથી ભરેલો આત્મા છે. અનંત અતીન્દ્રિય આનંદરસ એ આત્મા અંદરમાં અનંત આનંદથી ભરેલું તત્ત્વ છે. એ સ્વરૂપ જ છે, વળી ભરેલું એટલે? અને અનંત એનું વીર્ય, બેહદ અનંત બળ—વીર્યથી ભરેલો આત્મા છે. એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વર્તમાન એવો છે?

ઉત્તર :- વર્તમાન એવો છે ત્રિકાળ. વર્તમાન શું, ત્રિકાળ એવો છે. વસ્તુ ત્રિકાળ એવી છે. ભાન કે દિ' કર્યું છે? એમને એમ આ રખડપટ્ટી (કરી). કાં પુણ્ય-પાપના ભાવ મારા, કાં કર્મ, શરીર મારા અને કાં એક સમયની અવસ્થા એ મારી, એટલો હું એ બધું મિથ્યાત્વપણું છે. મિથ્યાદૃષ્ટિ એને ભગવાન તીર્થંકરદેવ કહે છે. આહા..હા..! કહો, મલૂકચંદભાઈ! તો આત્મા દીકરાવાળો ખરો કે નહિ? નહિ? દીકરા નહિ, પાંચ જડ પદાર્થ એ આત્માના નહિ, એક રજકણ પણ આત્માનો નહિ. આ અંદરમાં પુણ્ય-પાપનો વિકલ્પ ઊઠે છે, દયા, દાન, કામ, ક્રોધનો ભાવ એ આસ્રવતત્ત્વ, એ આત્મતત્ત્વ નહિ. અને એક સમયની પ્રગટરૂપ અવસ્થા છે એ તો વ્યવહાર આત્મા છે. નિશ્ચય આત્મા તો અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો આત્મા એને આત્મા કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અનંતચતુષ્ટયસ્વરૂપ અપના આત્મા હૈ,...'** ભગવાન આત્મા.. આત્મા,... સર્વજ્ઞ પરમાત્માને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય પ્રગટ થાય છે એ ક્યાંથી પ્રગટ થાય છે? ક્યાંય બહારથી આવે છે? એ અંદરમાં ભરેલો છે આત્મા. અરે..! એને ખબર ન મળે હજી. જૈનમાં વાડામાં જન્મ્યા તોપણ આત્મા કોને કહેવો એની ખબરું ન મળે અને એને ધર્મ કરવો હવે. કહો, ધર્મચંદજી! સમજાણું? જેમ પીપરના દાણામાં લીલો રંગ ને ચોસઠ પહોરી તીખાશ ભરેલી છે દાણામાં. છે કે નહિ? ક્યારે? ક્યારે? એ ન આવ્યો જવાબ. આ લીંડીપીપર છે કે નહિ? એ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ અંદર ભરેલી છે કે નહિ? ક્યારે? કાઢ્યા વિના ભરેલી છે અંદર. જો ન ભરેલી હોય તો આવે ક્યાંથી બહારમાં? ચોસઠ પહોરી તીખાશ જે બહાર આવે એ આવી ક્યાંથી? બહારથી આવે છે પથરામાંથી? ક્યારે આ તો પૂછ્યું નહિ. ક્યારે? અત્યારે. એ પીપરના દાણામાં એક આટલી પીપર લીંડીપીપર એમાં અંદર ચોસઠ પહોરી નીકળે છેને ઘૂંટે ત્યારે, એ આવી ક્યાંથી? પથરામાંથી આવી? કાંકરા ઘૂંટે નહિ કોલસા? એમાં ચોસઠ પહોરી પડી છે શક્તિ. એટલા દાણામાં ચોસઠ પહોરી એટલે સમજાણું?

રૂપિયે રૂપિયો, પૂરેપૂરો સોળ આના-ચોસઠ પૈસા એમ પૂરેપૂરી અંદર તીખાશ પૂરી પડી છે. એ ભરેલી છે લીંડીપીપર એનાથી. એને ખરેખર લીંડીપીપર કહીએ. આહા..હા..! ઉપર જે કાળો ભાગ હોય એ લીંડીપીપરનું સ્વરૂપ નથી ખરું કે અલ્પ તીખાશનો પર્યાય તો એક સમયનો છે એ ખરું લીંડીપીપરનું સ્વરૂપ નથી. લીંડીપીપર કહતે હૈ ન? છોટી પીપર. સમજમેં આયા? કે લીંડીપીપર જે ડાબલામાં પડી હોય એ ડાબલો કંઈ લીંડીપીપર છે?

એમ ભગવાન આત્મા. શરીર તો ડાબલો માટી ધૂળ છે, એ આત્મા છે? અંદર કર્મ, જડ છે એ આત્મા છે? પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે શુભ, અશુભ, દયા, દાન, કામ, ક્રોધના ભાવ એ આસ્રવતત્ત્વ છે, એ આત્મા છે? અને એક સમયની પ્રગટ, જેમ ઓલામાં એક જરીક તીખાશ બહાર દેખાય છે, પીપરમાં જરીક તીખાશ હોય ને થોડી, જરી બહાર, એમ આત્મામાં થોડું જ્ઞાન, દર્શન, વીર્ય પ્રગટ અલ્પ, અલ્પ દેખાય છે, એ અલ્પ દેખાય એટલો આત્મા છે? એટલી લીંડીપીપર છે? એ લીંડીપીપર જેમ અત્યારે ચોસઠ એટલે પૂરેપૂરી તીખાશ ને પૂરે પૂરો લીલો રંગ ભરેલો છે. એમ આ ભગવાન આત્મા અત્યારે એક સમયની અલ્પજ્ઞતાનું લક્ષ છોડી દઈ, રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ, કર્મ નહિ અને એક સમયની પ્રગટ અવસ્થાનો અંશ છે એટલો નહિ. બેહદ અનંત જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્યથી ભરેલો આત્મા એને ભગવાન આત્મા કહે છે. આહા..હા..! ઓલી વાત બેસે લીંડીપીપરની કે, હા ઈ ખરી. પણ તું આવડો? કે, એ આપણને ખબર ન પડે. વાહ..! સમજાણું કાંઈ? ક્યારે એ લીંડીપીપર ચોસઠ પહોરી છે? અત્યારે. શક્તિરૂપે, ભાવરૂપે, સત્ત્વરૂપે અત્યારે છે. એમ આ આત્મા અત્યારે વર્તમાનમાં અંદરમાં બેહદ જ્ઞાન, બેહદ દર્શન, બેહદ આનંદ ને વીર્ય એનાથી ભરેલો ભગવાન આત્મા છે. એમ ભગવાને જોયું ને ભગવાને કહ્યું છે. એની એને ખબર ન મળે. સમજાણું કાંઈ?

'**ઉસીકો નિજ (અપના) જાનો,...**' જુઓ! અપના જાનો. કહે છે કે, એવો આત્મા પરિપૂર્ણ વસ્તુથી ભરેલો એક તારો આત્મા એમ જાણ. એમ તું જાણ, જ્ઞાન એમાં મૂક, જ્ઞાનને એના તરફ દોર (કે) આ આત્મા છે. કહો, ભીખાભાઈ! આહા..હા..! વસ્તુ એક સમયમાં અનંત જ્ઞાનથી ભરેલી, અનંત દર્શન, આનંદથી (ભરેલી) એ અપના એટલે પોતાનું નિજ સ્વરૂપ છે એમ અહીંયાં આચાર્ય કહે છે કે, તું જાણ, એને જાણ. એને જાણતા તને આનંદ આવશે. એ સિવાય આનંદ ને શાંતિ ક્યાંયથી મળશે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ઔર જીવકે ભાવકર્મરૂપ રાગાદિક...**' જુઓ! ભાવકર્મ પુણ્ય-પાપ. એ પોતે સ્પષ્ટ કર્યું. ગાથામાં નથી, પણ એ સ્પષ્ટ કર્યું ટીકામાં. પુણ્ય-પાપ જડ છેને, સામાન્ય વાત કરી પણ વિશેષ આવી જાય. અંદર દયા, દાન, વ્રત, ભક્તિનો જે વિકલ્પ ઉઠે છે, રાગ છે, શુભરાગ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસનાની વૃત્તિ થાય એ પાપ છે. એ બેય પુણ્ય અને

પાપ એ રાગ વિકાર છે. એનાથી ભગવાન આત્મા જુદો છે અંદર. સમજાણું કાંઈ? એ લીંડીપીપરની ઉપલી જરી કાળપ છેને કાળપ એનાથી લીંડીપીપર જુદી છે અંદર લીલી ભરેલી એકલો, લીલો લીલો રંગથી ભરેલો. સમજાણું કાંઈ? લીલા કહે છેને? હરા, હરા કહે છે તમારે.

'**ભાવકર્મરૂપ રાગાદિક,...**' રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ ભાવ એનાથી ભગવાન આત્મા જુદો (છે). કારણ કે, એ તો મેલ છે. આત્માનું સ્વરૂપ અલ્પજ્ઞ પર્યાય જેટલું નથી તો રાગ જેટલું તો નથી જ. રાગ તો એમાં છે નહિ. એના અસ્તિત્વમાં અલ્પજ્ઞતા છે પર્યાયમાં, પણ આ રાગ-દ્વેષ તો એના અલ્પ અસ્તિત્વમાં વસ્તુ જ નથી એની એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એનાથી જુદો અને દ્રવ્યકર્મ આઠ કર્મ છે જડ માટી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આવે છેને આઠકર્મ? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, આયુષ્ય ને અંતરાય. ભગવાને આઠ કર્મ કહ્યા છેને? એ આઠ કર્મ જડ છે, માટી છે, અજીવ છે, એનાથી આત્મા અંદર જુદી ચીજ છે. સમજાણું આમાં?

'**જ્ઞાનાવરણાદિ આઠ કર્મ, ઔર શરીરાદિક નોકર્મ,...**' આ શરીર અને વાણી એ જડ નોકર્મ વાણી જડ છે એનાથી આત્મા જુદો છે. '**ઔર ઇનકા સંબંધ અનાદિસે હૈ,...**' એનો સંબંધ રાગનો, પુણ્ય-વિકલ્પનો, કર્મનો ને શરીરનો આમ સંબંધ એક સમયનો હોં! એક સમયનો આમ સંબંધ. વિકલ્પ, વિકાર, જડ કર્મ અને શરીર એક સમયનો સંબંધ છે, અનાદિનો આમ સંબંધ છે. '**પરંતુ જીવસે ભિન્ન હૈ,...**' છતાં એ વસ્તુ તો જીવથી ભિન્ન છે, જુદી છે તદ્દન. ઓહો..હો..! રાગ પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓ એ ભાવકર્મ છે. મેલ, મેલ, મળ, મળ જેને કહ્યોને. મળ આવે છે ક્યાંય? શેમાં? આ લોગસ્સમાં નથી આવતું વિહુયરયમળા? ક્યાં અર્થ આવડે, ભગવાન જાણે. વિહા રોઈ મળ્યા એમ કહે. દશા, વિશાને તકરાર થઈને, તો વિહા રોઈ મળ્યા. પણ આ લોગસ્સમાં વિહા રોઈ મળ્યા ક્યાંથી આવ્યા? અર્થની ખબર ન મળે, ભાવની ખબર ન મળે, એમને એમ આંધળે આંધળા ચાલ્યે જાય. વિહુયરયમલા આવે છે કે નહિ?

લિંબડીમાં એવું થયું હતું. દશા, વિશાને વાંધા ઉઠ્યા. એટલે દશાશ્રીમાળી બોલ્યા. ડોશીઓ બિચારાને ખબર ન મળે અર્થની એટલે વિહુયરયમલાને ઠેકાણે વિહા રોઈ મળ્યા (બોલ્યા). પણ આ લોગસ્સમાં ક્યાંથી આવ્યું? અર્થની ખબરું ન મળે એને ધર્મ શું થાય, કેમ થાય એની ખબરું ક્યાં. વિહુય એટલે ટાળ્યા છે, એમ છે. હે ભગવાન! પરમાત્મા! આપે વિ—વિશેષે હુય-હુય ટાળ્યા છે. શું? રયમલા. રજ એટલે આઠ કર્મ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય જડ છે જડ આઠ કર્મ એને આપણે ટાળ્યા છે. વિહુ—ટાળ્યા છે. અને મળ એટલે પુણ્ય-પાપના ભાવકર્મ મેલ. પુણ્ય-પાપનો વિકાર તે મેલ છે, મળ છે અને આઠ કર્મ તે જડ, રજકણ છે એને ભગવાને

ટાળ્યા. ત્યારે ભગવાન આત્મામાં નહોતા, આત્મામાં નહોતા અને આત્માનું ધ્યાન કરીને ઠરી ગયા. સમજાણું કાંઈ? આવે છે કે નહિ? એઈ કાંતિભાઈ! કર્યું હતું કે નહિ લોગસ્સ-બોગસ્સ? કર્યું હતું.

**'પરંતુ જીવસે ભિન્ન હૈ, ઈસલિયે અપને મત માન.'** હે આત્મા! એ પુણ્ય-પાપના ભાવ, કર્મ અને શરીર તારું ન માન, તારું ન માન ભાઈ! એ તારા નથી. તારા હોય તે તારાથી જુદા પડે નહિ અને જુદા પડે એ તારા હોય નહિ. આહા..હા..! ખબર ન મળે કે શું છે. **'પુદ્‌ગલાદિ પાંચ ભેદ જડ પદાર્થ સબ હેય જાન,...'** બધાને હેય જાણ. ઈ તો સંબંધ મત જાન એમ કીધુંને. અપને મત જાણ એને હેય જાણ (કહ્યું). જડ આદિ રજકણો એ તારા નથી ભાઈ! તું તો આત્મા છો. આહા..હા..! આત્મા નિજ દ્રવ્ય એને કહેવાય કે આમ બેહદ જ્ઞાન, દર્શન, આનંદવાળું (તત્ત્વ) એની ઉપર દૃષ્ટિ દે, એને જાણ, તને સમ્યગ્દર્શન ને જ્ઞાન થશે. એનાથી તને ધર્મ થશે, બાકી ધર્મ થશે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, દેખાડ્યું છેને. જ્ઞાનનો પ્રકાશનો અંશ છે એ આખી ચીજ જ્ઞાનમય છે એમ કહે છે. જ્ઞાનનો અંશ છે કે નહિ? બહાર દેખાય છે કે નહિ? એક અંશ છે કે નહિ? પણ એ અંશ જેટલો નથી, આખી ચીજ છે અંદર, એમ કહે છે. સમજાણું કાંઈ?

વસ્તુ છેને આત્મા અનાદિ-અનંત પદાર્થ, મહાન પદાર્થ ચૈતન્ય વસ્તુ. દેહના પરમાણુ માટીથી ભિન્ન. જેમ શીતળ બરફની શીલા. એમ ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલી શીલા છે અંદર. અરૂપી પદાર્થ ભગવાન મહાન પદાર્થ. એને અંશપણું જે દેખાય છે એટલો ન માન, એટલો ન માન. રાગવાળો તો નહિ, પુણ્યવાળો તો નહિ, કર્મ, શરીરવાળો નહિ. એ અંશ જે વર્તમાન પ્રગટ દેખાય એટલો અંશ જેટલો ન માન. એ આખા અંશીનો એક અંશ, આખો અંશી એનાથી ભિન્ન છે. આહા..! સમજાણું કાંઈ?

**'અપના સ્વરૂપ હી ઉપાદેય હૈ,...'** અપના સ્વરૂપ ઓલા અનંત ચતુષ્ટ્ય હોં! ઓલો એક સમયનો ... એ નહિ. નિજ સ્વરૂપ જે ત્રિકાળી ધ્રુવ એક સ્વરૂપ. ઉત્પાદ-વ્યયનો જે પર્યાય ક્ષણિક છે એ પણ ઉપાદેય નથી. ઉપાદેય કરનાર પર્યાય છે, પણ ઉપાદેય પર્યાય નથી. આદરણીય ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકસ્વરૂપ છે. કહો, સમજાણું આમાં? એવો ભગવાન પોતાનો આત્મા એની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન કરીને ઠરવું એનું નામ મોક્ષનો માર્ગ છે. આ પરમાત્મા થવાનો માર્ગ છે. કહો, સમજાણું આમાં? ૧૧૩ થઈ. ૧૧૪.

**'આગે એક અન્તમુહૂર્તમેં કર્મ-જાલકો વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ અગ્નિ ભસ્મ કર ડાલતી હૈ ઐસી સમાધિકી સામર્થ્ય હૈ,...'** સમાધિ કોણ? અંદર આનંદમાં સ્થિરતા હોં!

સમાધિ. લોગસ્સમાં આવે છે સમાહિવરમુત્તંદિંત્તુ. નથી આવતું? કઈ હશે સમાધિ? ઓલા બાવા સમાધિ ચડાવે એવી હશે? કાંઈ ખબર ન મળે. એવંમએ અભિત્થુઆ. એનો અર્થ કાંઈક બીજો કરતા. સમજાણું? અંદર વસ્તુ... નિજ સમાધિ મને આપો એમ કહે છે. સમાધિ એટલે જે આત્મા વસ્તુએ અનંત ગુણ આદિથી ભરેલું તત્ત્વ છે એને પુણ્ય-પાપના વિકલ્પ જાળના ત્યાગરૂપ, કહેશે અર્થમાં, વિકલ્પ જાળના ત્યાગરૂપ પવન અને એવો મહા સ્વરૂપ એની એકાગ્રતારૂપી અગ્નિ (એવી સમાધિ). સમજાણું કાંઈ? બધી વાત ... હોય જાણે એવું એને (લાગે), કોઈ દિ' સાંભળી ન હોય એણે. નિજ ઘરની વાત વીતરાગે કહેલી પણ કોઈ દિ' સાંભળવા કાને પડી ન હોય. આહા..હા..!

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન થયું એ ભગવાનની વાણીમાં એમ આવ્યું. ભાઈ! તારો આત્મા આવો અનંત, અનંત જ્ઞાન, દર્શનથી ભરેલું તત્ત્વ છેને, એને **'કર્મ-જાલકો વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ અગ્નિ ભસ્મ કર ડાલતી હૈ...'** ભગવાન આત્મા એવી સ્વરૂપ શુદ્ધાત્મામાં એકાગ્રતારૂપી અગ્નિ, એની એકાગ્રતારૂપી અગ્નિરૂપી સમાધિ અને એમાં વિકલ્પના જાળના ત્યાગરૂપી મહા પવન એ દ્વારા... લા હોય ત્યાં વા, નથી કહેતા? કહે છેને? ઈ કહેશે હોં! અંદર. સમજાણું કાંઈ? આ તો સમાધિ કોને કહેવી (એ કહે છે). સમાધિ ઓલા બાવા ચડાવે એમ નહિ. આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ પ્રભુ આત્મા એમાં અંતર એકાગ્ર થવું. એ એકાગ્રતારૂપી અગ્નિ એ રૂપી સમાધિરૂપી અગ્નિ અને એકાગ્ર થતાં પુણ્ય-પાપના વિકલ્પ જાળનો ત્યાગ થયો, અભાવ થયો. અસ્તિમાં એકાગ્રતા અને વિકલ્પનો અભાવ—એ બે થઈને એને સમાધિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? એને જ્ઞાન-વૈરાગ્ય શક્તિ કીધી છેને. લ્યો! **'વહી દિખાતે હૈં—'**

**૧૧૪) जइ णिविसद्धु वि कु वि करइ परमप्पइ अणुराउ।**
**अग्गि-कणी जिम कट्ठ-गिरि डहइ असेसु वि पाउ।।११४।।**

**'અન્વયાર્થ :- જો આધે નિમેષમાત્ર...'** અરે..! ભગવાન આત્મા.. એમ કહે છે. એક આંખ મીંચીને ઉઘાડે એટલો એમાં અડધા નિમેષ. એટલા માત્ર પણ જો આત્મા-ભગવાન આત્મા અનંત ગુણનો ધણી એમાં, **'કોઈ પરમાત્મામેં પ્રીતિકો કરે...'** પરમાત્મા એટલે પોતાનો આત્મા પરમ સ્વરૂપ. પરમ આત્મા, પરમ સ્વરૂપ એને કહી ગયા—નિજ ચતુષ્ટય. સમજાણું? એવો નિજ ચતુષ્ટય પરમ આત્મા પોતાનો અનંત જ્ઞાન, દર્શન, આનંદ એ નિજ સ્વરૂપ પરમાત્મા, પરમ આત્મા, પરમ સ્વરૂપ. એક સમયનો પર્યાય પરમ સ્વરૂપ નહિ, રાગાદિ તો એનું નહિ. ભગવાન આત્માનું પરમ સ્વરૂપ અનંત જ્ઞાન, દર્શન એમાં આધા નિમેષ (એટલે) આંખ મીંચીને ઉઘાડે એમાંથી અડધું, એટલી પણ જો પ્રીતિ નામ વસ્તુમાં એકાગ્રતા કરે. આહા..હા..!

'**તો જૈસે અગ્નિકી કણી...**' જેમ અગ્નિની એટલી કણી, '**કાઠકે પહાડકો ભસ્મ કરતી હૈ,...**' લાકડાના ડુંગરા મોટા હોય પણ એક દિવાસળી લગાડી હોય તો, આટલી કણી રાખ કરી દે. ગંજીયુંની ગંજીયું ઘાસની હોય, એક દિવાસળીની કણી સળગાવી દે એને. એમ ભગવાન આત્મા... પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે, હે આત્મા! તારું પરમ સ્વરૂપ જે જ્ઞાન અનંત દર્શન, આનંદ એવો આત્મા એમાં એક ક્ષણ પણ જો એકાગ્ર થા તો, જેમ કણી અગ્નિની મોટા ડુંગરા, લાકડાના ડુંગરાના ડુંગરા-પહાડને બાળી મૂકે એમ કર્મના ઈંધનને બાળી મૂકે છે. એ કર્મને નાશ કરવાનો આ એક ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી એમ કહે છે. પરમાત્મામાં પ્રીતિ કરે, જોયું? પ્રીતિ અંતર રુચિ કરે એમ, એકાગ્રતા કરે. આ પુણ્ય-પાપના, શરીરના પ્રેમ જે અનાદિના લાગ્યા છે ભ્રમણામાં, મિથ્યાત્વમાં, મિથ્યાત્વમાં પરના પ્રેમમાં છે એકાકાર એને એક ક્ષણ પણ જો ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો આત્મા એક ક્ષણ પ્રીતિ, પ્રીતિ શબ્દે એકાગ્રતા એનું નામ પ્રીતિ.

'**અગ્નિકી કણી કાઠકે પહાડકો ભસ્મ કરતી હૈ, ઉસી તરહ સબ હી પાપોંકો ભસ્મ કર ડાલે.**' પાપ શબ્દે જોયું? પુણ્ય ને પાપ બધું હોં! બધું પાપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન દ્વારા પણ ત્યાં બળીને ભસ્મ કરી દે. આઠ કર્મ ને રાગાદિ. હું એ કાંઈ છું જ નહિ, એવી દૃષ્ટિથી પહેલું એને પોતાની સત્તામાં નથી એમ દૃષ્ટિમાં અનુભવ કરતા એનો અભાવ કરી નાખે. સ્થિરતા વિશેષ થઈ જાય સર્વથા અભાવ થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઈ કરતા કરતા..

ઉત્તર :- ઈ કરતા કરતા... આ જુવાનીયાઓ તૈયાર થયા છે હવે. શુભને તો અહીં બાળવું છે, શુભ તો રાગ છે, શુભ તો એક વિકલ્પ પુણ્યભાવ વિકાર છે. એનાથી તો રહિત છે. એટલું તો ક્યાં અહીં કહેવું છે? એક સમયનો પર્યાયનો અંશ છે એટલું પણ નહિ તારું સ્વરૂપ. તારું સ્વરૂપ પરમસ્વરૂપ છે, પરમસ્વરૂપ છે. ઓલું તો અપરમસ્વરૂપ થયું, ઓલું તો પર થયું. શું કીધું? પુણ્ય-પાપના પરિણામ, કર્મ, શરીર તો પર સ્વરૂપ થયું. અલ્પજ્ઞ પર્યાય આદિ અપરમસ્વરૂપ થયું. વસ્તુ છે તે પરમસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ઋદ્ધિકા ગર્વ,...**' છોડીને. આ ઋદ્ધિ, ઋદ્ધિ. બહુ પૈસા ને બાયડી, છોકરા ને મહારાજાપણું ધૂળમાં પણ નથી, એ તો માટી છે. તારી ઋદ્ધિ ધૂળમાં પણ નથી એમાં. તારી છે? એની છે? આમ પૈસા પાંચ પાંચ કરોડ, દસ દસ કરોડ, બાયડી અપ્સરા જેવી, છોકરાઓ રૂપાળા મોટા સાહેબ જેવા, પાંચ હાથના લાંબા મોટા, આઠ આઠ છોકરા મોટા. શું છે પણ? બધા ધૂળના ઢગલા છે, માટીના ઢગલા. તારે અને એને કાંઈ સંબંધ નથી. આહા..હા..!

એના ગર્વ, અભિમાન એમ કહે છે. આ અમારા, એ અભિમાન છોડ્યા વિના આત્માની દૃષ્ટિ થશે નહિ. સમજાણું કાંઈ?

'**ઋદ્ધિકા ગર્વ,...**' લ્યો! અમારે આટલા હામ, દામ ને ઠામ બાપા! એમ માણસ વાતું નથી કરતા? બાપા! એને તો હામ, દામ ને ઠામ. ધૂળ પણ નથી સાંભળને હવે. ઠામ એટલે અસંખ્યપ્રદેશી આત્મા એનું ઠામ છે, હામ એટલે અનંતું વીર્ય છે. સમજાણું? દામ એટલે અનંતગુણી લક્ષ્મી પડી પોતામાં એ એનું દામ છે. બહારમાં, ધૂળમાં લક્ષ્મી-ફક્ષ્મી એની કે દિ' હતી? એ તો માટીની, ધૂળની છે. એનું અભિમાન-અમે પૈસાવાળા, અમે છોકરાવાળા, અમે આબરૂવાળા. ધૂળવાળો છો તું. છોડી દે ગર્વ એવો કહે છે. જો તારે આત્મજ્ઞાન જોતું હોય ને દર્શન કરવું હોય આત્માનું તો એનો ગર્વ છોડી દે કહે છે. એમ કહે છે. જુગરાજજી! આહા..! ભારે ભાઈ! એઈ.. જેચંદભાઈ! મારો ભાઈ આમ વધી ગયો ને હું ઘટી ગયો એમ નહિ આવે એમાં. એ બરાબરમાં પાછું આ આવે છે. કો'ક ધૂળમાં વધી ગયો અને કોઈ ધૂળમાં ઘટી ગયો એ આત્મામાં નહિ આવે. એ.. મોહનભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- આત્મામાં ન આવે પણ યાદ તો આવેને.

ઉત્તર :- યાદ એટલે જ્ઞાન આવે. યાદ આવે એમાં જ્ઞાન આવે એમાં આ મારું, એને લઈને મોટો ને એને લઈને નાનો એ આવ્યું ક્યાંથી? જડના ઢગલાથી આત્મા મોટો? કે અનંત ગુણ સંપન્ન છે માટે મોટો? આહા..હા..! સમજાય છે? અનંત ગુણ, અનંત આનંદમય છે માટે મોટો. એને ઠેકાણે આનાથી મોટો એને આત્માની દૃષ્ટિ થશે નહિ. આહા..! આ બાહ્ય એટલે આ આત્માને માનવો હોય એ માને.

અહીં તો વીતરાગ પરમેશ્વર કહે છે કે, જેને આત્મા માનવો હોય તો આ મનાય. માનો, નહિતર રખડે છે અનાદિથી, રખડ. એમાં ક્યાં અમારે એ કહેવું છે રખડવાનું? રખડી જ રહ્યો છો તું. રખડવાનું તો આવડે છે રખડતા. જુગરાજજી! જુગરાજજી કહે, ભાઈ! અમારે તો ચાર ગતિના દુઃખ રહિતની વાત કરવી હોય તો કરવી, બીજી નથી કરવી. સાધુ પાસે ગયા હતા. અમારે ચાર ગતિના દુઃખ રહિતની વાત છે? એક વાત જોઈએ, અમારે બીજી જોતી નથી હવે. ચાર ગતિમાં દેવ થાય ને રાજા થાય કે ધૂળ થાય એમાં આત્માને શું? દુઃખી છે બધા, દુઃખના ડાળીયા બધા ભિખારી છે. રાજા ભિખારી, પૈસાવાળા ભિખારી, ભોગીના ભોગના અર્થીઓ ભિખારી. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન અહીં તો તીર્થંકરદેવ કહે છે કે, તારે આત્મા, આત્મા તું કોણ છો એને તારે જોવો છો કે નહિ? આ તું કોણ છો એને તારે જાણવો છે કે નહિ? આ બધાને જાણી જાણીને આખા કાળ કાઢ્યા. એ આવશે સમજ્યાને? બીજામાં આવશે. એ ૧૧૫માં આવશે.

'દૃષ્ટશ્રુત'. સમજાણું? આહા..હા..! ભાઈ! એ ઋદ્ધિનો ગર્વ છોડ, મદ અભિમાન છોડી દે. એ તારી ચીજ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે જેને આત્મા જોતો હોય, જે અનંત કાળમાં એણે આત્માને જોયો અને માન્યો નથી. તો એ આત્મા કેવો છે? કે, અંતરમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળનું ભરેલું આખું તત્ત્વ ભગવાન આત્મા છે. તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્માએ એમ કહ્યું છે. જેને એ અનંત જ્ઞાન, અનંત દર્શનથી ભરેલો ભગવાન એવા આત્માની જેને શ્રદ્ધા કરવી એટલે ધર્મ કરવો હોય એણે ઋદ્ધિનો ગર્વ છોડી દેવો. એટલે કે અમે આ પાંચ, પચાસ લાખના આસામી છીએ ને શરીર અમારા રૂપાળા છે ને બાયડી, છોકરા મારા સારા છે ને છોકરા મારે મોટા...

મુમુક્ષુ :- સારા હોય તો સારા ન કહે?

ઉત્તર :- ધૂળમાં પણ નથી, છોકરા પણ કે દિ' એના હતા? એ તો ધૂળની પરની ચીજ છે.

અહીં ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કહે છે કે, જેને આત્માની ઋદ્ધિનો ભાવ જોતો હોય, આત્મા અનંત જ્ઞાનનો ધણી પરમાત્મા એની શ્રદ્ધા, જ્ઞાન કરવું હોય એટલે જેને સમ્યગ્દર્શન કરવું હોય, પ્રથમમાં પ્રથમ ધર્મ કરવો હોય એણે શું કરવું? કે, એણે આ બાયડી, છોકરા, પૈસા, ધૂળ-ધાણી ધમાહા એનું અભિમાન પહેલું છોડી દેવું, એ મારા છે એમ છોડી દેવું. બહુ વાત આવી આ તો પહેલી પાધરી. એઈ..! ઋદ્ધિનો ગર્વ છોડી દે. એ તારી ચીજ નથી. તારી ચીજ તો રાગ-દ્વેષ પણ થાય એ નથી અને અલ્પજ્ઞ પર્યાય પ્રગટ અલ્પ અંશે વિકાસ દેખાય એટલો પણ તું નથી. તું તો અનંત જ્ઞાનનો ધણી અંદર આનંદકંદથી ભરેલો છો. સમજાણું કાંઈ?

હમણા દાખલો આપી ગયાને પીપરનો. પીપરના દાણામાં જેમ ચોસઠ પહોરી તીખાશ ભરેલી પડી છે અંદર પૂરી અને લીલો રંગ ભરેલો પડ્યો છે પૂરો એક એક પીપરમાં, એ પીપરનું ખરું રૂપ છે, સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એમ આત્માનું સ્વરૂપ શરીર, વાણી તો નહિ, પુણ્ય-પાપ નહિ, વર્તમાન અલ્પજ્ઞ પર્યાય દેખાય વિકાસનો ક્ષયોપશમ ભાવ જ્ઞાન, દર્શનનો એટલું પણ નહિ. અંદરમાં ભગવાન સર્વજ્ઞે જોયેલું અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત બળ અને અનંત આનંદ એવો પરમ સ્વરૂપ એવો પરમાત્મા તું છો. આહા..હા..! મનસુખભાઈ! એ છે પરમાત્મા તું છો. એની તારે દૃષ્ટિ કરવી હોય ને શ્રદ્ધા—સમકિત કરવું હોય તો આ ઋદ્ધિનો ગર્વ છોડી દે પહેલો. આ મારા, મારા. ધૂળમાં પણ તારા નથી એકેય. તારા હોય એ જુદા ન હોય, જુદા હોય એ તારા ન હોય. આહા..હા..!

**'ઋદ્ધિકા ગર્વ, રસાયનકા ગર્વ અર્થાત્ પારા વગૈરહ આદિ ધાતુઓંકે ભસ્મ કરનેકા**

**મદ,...**' હોય છેને. અમને આ ભસ્મ કરતા આવડે. મોતીની ભસ્મ, સોનાની ભસ્મ, ધૂળની ભસ્મ લોઢાની. ભસ્મ એ તો ધૂળની છે. એના અભિમાન, એના અભિમાન છોડી દે. '**અથવા નૌ રસકે જાનનેકા ગર્વ,...**' અમને શ્રૃંગાર રસ આવડે, અમને અદ્‌ભુત રસ આવડે, અમને બીજાને ફલાણું આવડે, એ છોડી દે મદ. ભગવાન આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ છે એની તારે ધર્મદૃષ્ટિ કરવી હોય, સમ્યગ્દર્શન કરવું હોય તો આનો મદ છોડ. એ મદ છોડ્યા વિના નિર્માની ભગવાન અનંત આનંદનો કંદ એની શ્રદ્ધા તને થશે નહિ. ...ભાઈ! શું કરવું આમાં બહારની હુશિયારી? આહા..હા..! આ કવિનો મદ લ્યો! કનુભાઈ આવ્યા છે. રતિભાઈ આવ્યા નથી? આવ્યા છે? ક્યાં છે? ઠીક. સમજાણું આમાં? શું કહે છે? આ તો કવિ એટલે યાદ આવ્યા.

કહે છે '**કવિ-કલાકા મદ,...**' છોડી દે, આત્મામાં એ ચીજ છે જ નહિ. આહા..હા..! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાનીએ પરમ આત્મસ્વરૂપ દીઠું છે અંદર. તારી ચીજ અનંત જ્ઞાન, અનંત દર્શન એવા બેહદ આનંદવાળો આત્મા દીઠો છે. એમાં આ પરના અભિમાન કરવાથી એ આત્માની શ્રદ્ધા ને જ્ઞાન ધર્મ થશે નહિ. આહા..હા..! '**વાદમેં જીતનેકા મદ,...**' આ તો હવે શાસ્ત્રની આવી, ઓલી ઋદ્ધિનું કાઢી નાખ્યું. બાયડી, છોકરા, પૈસા, ધૂળ-ધમાહા એના અભિમાન કાઢી નાખ્યા, નવ રસને જાણવાનું અભિમાન કાઢી નાખ્યું. આ ધાતુને ભસ્મ કરવાની શક્તિ ને કળા અમને આવડે છે. આ કારખાનાની કળા હોય છે કે નહિ બધી? અભિમાન એને હોય કે અમને કારખાના આવડે, કેમ ચલાવવા, કેમ નહિ. મરી ગયો તારા અભિમાનમાં, સાંભળને હવે.

ભગવાન આત્મા અનંત જ્ઞાનનો ધણી અતીન્દ્રિય આનંદથી ભરેલું તત્ત્વ આત્મા છે. જેમ પીપરમાં તીખાશ અને લીલાશ ભરેલી છે અંદરમાં તો ચોસઠ પહોરી તીખાશ પ્રગટ થાય છે. એ પ્રગટ થાય ક્યાંથી? અંદરમાં પડેલી છે. એમ ભગવાન આત્મામાં અનંત જ્ઞાન, આનંદ પડેલો છે એમાંથી કેવળજ્ઞાન ને કેવળદર્શન ને આનંદ પ્રગટ થાય છે. એવો આ આત્મા જેને અનંત અતીન્દ્રિય આનંદ પડ્યો છે આત્મામાં અંદર હોં! ભગવાન વર્તમાનમાં. એવી જેને શ્રદ્ધા, જ્ઞાન આત્માનું કરવું હોય એણે આ કવિનો મદ, વાદમાં મદ (છોડી દેવો). વાતું કરતાં કરતાં પોતાની અધિકાઈ રાખવાનો મદ હોય છે. બોલચાલમાં પણ જરી બીજાનું હીણું થાય ને મને કાંઈક આવડે છે એવી અધિકાય હોય છેને. એ મદમાં મરી ગયો કહે છે, મૂક દે મદ હવે ઈ. અહીં તો શાસ્ત્રની વાત લીધી પણ લોકમાં પણ એવી હોય છેને, વાતચીત કરતાં કરતાં જાણે બીજાથી અધિક છું, અધિક છું, મને કાંઈક વિશેષ આવડે છે એવો જેને ... હોય છે એ બધા અજ્ઞાનના અભિમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે, એ **'વાદમેં જીતનેકા મદ,...'** છોડી દે. નહિતર ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ શ્રદ્ધામાં, જ્ઞાનમાં નહિ આવે. આહા..હા..! **'શાસ્ત્રકી ટીકા બનાનેકા મદ,...'** આ શાસ્ત્રની ટીકા મને કરતા આવડે છે. એ તો વિકલ્પ છે અને ઉઘાડ હોય તોપણ પર તરફનો, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ સંસારની કળાના અભિમાન કાઢીને શાસ્ત્રની કાળાનું અભિમાન છોડી દે નહિતર આત્મા હાથ નહિ આવે. આહા..હા..! મલૂકચંદભાઈ! કહે છે, અરે..! એ શાસ્ત્રની ટીકા, કોણ ટીકા કરે? એ તો જડની પર્યાય છે ભાષા. શાસ્ત્ર થાય એ માટીની પર્યાય છે, પરમાણુ પુદ્ગલની પર્યાય છે. કરી શકાય નહિ ત્રણ કાળમાં. શબ્દોની આ ભાષા ઉઠે એ આત્મા કરી શકતો નથી. આ તો જડ માટી છે, અવાજ ઉઠે એ રજકણનો ઉઠે છે. શું આત્મામાં છે રજકણ આ ધ્વનિ? ધ્વનિ તો જડ છે, અથડાય છે. આત્મા અરૂપી છે એમાં વાણી ક્યાંથી આવી? વાણી તો અંદર જડથી ઉઠે. બિલકુલ કરી શકતો નથી, ત્રણ કાળમાં. મનસુખભાઈ! શું હશે? ... દુકાનનું ધ્યાન રાખતા હતા બરાબર. બાબુભાઈ! ખૂબ કહ્યું હતું એક ફેરી તો એવું ઝાપટ્યું હતું સરખાઈનું. કર્યા, ધૂળ પણ કરી શકે નહિ પણ મૂકે નહિ અભિમાન એનું. કેમ નટુ! હવે નટુ માથે આવ્યું છે આજે બધું.

કહે છે કે, જગતના રજકણનો એક પરમાણુનો ફેરફાર કરવા આત્મા ત્રણકાળમાં સમર્થ છે નહિ. કેમકે જેમ ઈશ્વર જગતનો કોઈ કર્તા નથી એમ આત્મા જડ રજકણનો ફેરફાર કરવાની તાકાતવાળો છે નહિ. સમજાય છે કાંઈ? આ બધા સારા કામ કરવા, દુકાનની વ્યવસ્થા કરવી પ્રભુભાઈ! આ બહુ કરતા હતા ન્યાં. ન્યાંથી પછી અહીં આવ્યા વડોદરા. શું હશે આ? એ.. નટુભાઈ! આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા ઓહો..હો..! બેહદ આનંદથી ભરેલો તું છોને ભાઈ અંદરમાં. જેમ સાકરમાં મીઠાશ ભરી છે, જેમ બરફમાં શીતળતા ભરી છે એમ ભગવાન આત્મામાં અંતરમાં અતીન્દ્રિય આનંદનો રસ ભર્યો છે. એની જો તને શ્રદ્ધા, જ્ઞાન ને ધર્મ કરવો હોય સમ્યગ્દર્શન તો આ બધા અભિમાનને છોડ્યા વિના ધર્મ થશે નહિ. આહા..હા..! ભારે વાતું. કેમ હશે આમાં? કાળીદાસભાઈ! સાંભળે છે કે નહિ? હવે કાન નહિ ને આઘા બેઠા છે. એને કાન નહિ. કહો, સમજાણું?

**'શાસ્ત્રકી ટીકા બનાનેકા મદ, શાસ્ત્રકે વ્યાખ્યાન કરનેકા મદ,....'** પાંચ પાંચ લાખમાં અમે એવું ભાષણ દઈએ, લોકો રંજન (થાય). ધૂળમાં પણ નથી સાંભળને, ભાષા જડ છે. શું તારાથી ભાષા થાય છે? આહા..હા..! આ તો રજકણની ધ્વનિ ઉઠે છે એ આત્મા કરી શકે છે? આત્મા કરે તો જ્યારે બોલવા માગે મુંગો થઈને ઉં...ઉં કરે તો નથી બોલાતું. જડ છે એ તો. બોલવાની ક્રિયા એ જડની, આત્માની નહિ. આહા..હા..! જુગરાજજી! એ મદ

છોડી દે. અમને સમજાવતા આવડે લાખો માણસમાં. એક કલાક વ્યાખ્યાન કરીએ (તો) લાખો રૂપિયાના આમ ઢગલા કરાવી દઈએ. પૈસા દાન, દાન. સાચી વાત હશે? ધૂળમાં દેવરાવે નહિ. એક જણો કહેતો હતો કે, સાધુ અમારી પાસે પૈસા નથી પણ પૈસા ખરચાવીએ કરોડો રૂપિયા લોકો પાસે. ધૂળેય ખર્ચાવે નહિ. તારામાં શું તાકાત છે? એ તો એના પૈસા ન્યાંથી જવાના હોય તો જાય. શું બીજા કોઈ તારા વ્યાખ્યાન ને તારા એના દ્વારા એ પૈસા ખરચી શકે છે? સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ઊંધું પણ આ જગતથી. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે કે, ભાઈ! એ વ્યાખ્યાન એ જડની ક્રિયા છે. અમને વ્યાખ્યાન કરતા આવડે અને અમને દુનિયાને રંજન કરતા આવડે એ બધું અભિમાન મહા પાખંડ છે. આહા..હા..! એ.. જુગરાજજી! આ તો પાણી ઉતારી દે એવું છે બધાના.

'**યે ચાર તરહકા શબ્દ-ગૌરવ-સ્વરૂપ...**' એ શબ્દનો ગૌરવ—અભિમાન. શબ્દનું અભિમાન કવિનો, વાદનો, શાસ્ત્રનો અને વ્યાખ્યાન કરવાનો ઓલી ટીકાનો. '**ઈત્યાદિ અનેક વિકલ્પ-જાલોંકા ત્યાગરૂપ પ્રચંડ પવન...**' દેખો! શું કહે છે? ભગવાન આત્મા બેહદ આનંદની મૂર્તિ પ્રભુ છે એમાં આવા મદના ત્યાગરૂપી પવન, એવા વિકલ્પના ત્યાગરૂપી પવન, છે? '**ઉસસે પ્રજ્વલિત હુઈ (દહકતી હુઈ) જો નિજ શુદ્ધાત્મતત્ત્વકે ધ્યાનરૂપ અગ્નિકી કણી હૈ,...**' ભગવાન આત્મા અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા અંદર પડ્યો છે. એમાં એકાગ્ર થવું એ ધ્યાનની અગ્નિ કહેવાય છે, ધ્યાનરૂપી અગ્નિ. અને ઓલો મદનો ત્યાગ, વિકલ્પનો ત્યાગ તેને પવન કહેવાય છે. એ અગ્નિથી... કહે છે ને કે લા ત્યાં વા. એમ ભગવાન આત્મા પોતાના સ્વરૂપની અંતરમાં એકાગ્રતાના ધ્યાનની અગ્નિમાં એ બહારના વિકલ્પો જે છે અભિમાનના એનો અભાવ કરી, એનો પવન અને એકાગ્રરૂપી અગ્નિ એ રૂપી સમાધિ, એ રૂપી ધર્મધ્યાન. લ્યો!

એ ધર્મધ્યાનથી '**જૈસે વહ અગ્નિકી કણી કાઠકે પર્વતકો ભસ્મ કર દેતી હૈ,...**' અગ્નિનો કણીયો પણ મોટા લાકડાના ડુંગરાને બાળીને ભસ્મ કરી દે છે. મોટા ઘાસના ગંજીઓને એક દિવાસળીની કણી સળગાવીને રાખ કરી નાખે છે. એમ ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદના અંતરમાં એકાગ્ર થવું અને આ વિકલ્પ જાળનો ત્યાગ થઈને અંદરમાં સ્થિર થવું એવી ધ્યાનની અગ્નિનો કણ, એ અગ્નિ જેમ લાકડાના ડુંગરાને બાળે છે, એમ આ ધ્યાનાગ્નિનો કણ કર્મના મોટા ઢગલાને બાળીને રાખ કરી નાખે છે. સમજાણું કાંઈ? લ્યો! આ નિર્જરા કીધી, નિર્જરા. કેટલા અપવાસે નિર્જરા થતી હશે? ધૂળમાં પણ થાય નહિ સાંભળને. એ તો લાંઘણું છે બધી. ભગવાન આત્મા, ઉપ નામ સ્વરૂપ પોતાનું શુદ્ધ છે એની સમીપમાં એકાગ્ર થતાં... સમજાણું કાંઈ? જુગરાજજી! આ ભારે વાત ભાઈ આવી! ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનાનંદ ભગવાન આત્મા એકલો આનંદનો ડુંગરો આત્મા છે. પુણ્ય-પાપના વિકલ્પનો જરી અભાવ કરી એ પવન

અને સ્વરૂપમાં એકાગ્રતા તે અગ્નિ. એ સમાધિ, એ એકાગ્રતા સમાધિની અગ્નિથી આઠે કર્મ અથવા તે પ્રકારના કર્મનો નાશ થાય છે. એ સિવાય કોઈ કર્મને નાશ કરવાનો ઉપાય ભગવાને કહ્યો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત. કેટલાકને તો નવી વાત સાંભળતા લાગે, જાણે આ વીતરાગની વાત હશે? વીતરાગ માર્ગમાં આવું હશે? આ વીતરાગ કહે છે. સમજાણું કાંઈ? પ્રવીણભાઈ! પણ નવરાશ ક્યાં આ દુનિયાના આ પાપના ધંધા આડે. એ.. નટુ! ક્યાં ગયો હસમુખ? નવરાશ ક્યાં છે આમાં? સાંભળવા માટે સાંભળવાની નવરાશ ન મળે, હજી સમજવું તો પછી રહ્યું. આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા. એવા પરમાત્મા કહે છે કે, હે આત્મા! તારું પરમ સ્વરૂપ અંદર આનંદકંદ છેને ભગવાન! એમાં તારે એકાગ્ર થવું હોય તો એ વિકલ્પની જાળને જરીક ખસેડી દે અને સ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાન દ્વારા એકાગ્ર થા, કર્મનો નાશ થશે. સમ્યગ્દર્શન દ્વારા આઠે કર્મનો (નાશ થઈ જશે). ... આઠે કર્મ મારા નહિ, રાગ મારો નહિ, મારું પરમ સ્વરૂપ તે હું છું એમ તને દૃષ્ટિમાં આવશે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, **'અર્થાત્ જન્મ-જન્મકે ઈકટ્ઠે કિયે હુએ કર્મોંકો...'** જન્મ અનંતા, જન્મ કરતાં વિકાર કર્યા અને કર્મો કર્યા. **'આધે નિમેષમેં નષ્ટ કર દેતી હૈ,...'** આધા નિમેષ- આમ આંખમાં અડધું (પલકારો થાય) એટલામાં ભગવાન અંદર એકાગ્ર થાય સમ્યગ્દર્શનમાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એ અંતર સ્વરૂપમાં અંતર વસ્તુ છે, એમાં અંતર આત્માની પર્યાય દ્વારા અંતર એકાગ્ર થાય તો, કહે છે, આઠે કર્મનો નાશ એક ક્ષણમાં કરવાની એનામાં તાકાત છે. પહેલી દૃષ્ટિ સમ્યક્ થતાં આઠે કર્મ અને રાગ મારામાં નથી એમ ભસ્મ કર્યા દૃષ્ટિએ. પછી સ્વરૂપમાં સ્થિર થતાં એ બધા સંબંધ નિમિત્તરૂપે છે એ પણ રહેતો નથી. એને અંતર્મુહૂર્તમાં પરમાત્મા શક્તિરૂપે પોતે છે એ વ્યક્તરૂપે પર્યાયમાં પરમાત્મા અરિહંતરૂપે થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઐસી શુદ્ધઆત્મ-ધ્યાનકી સામર્થ્ય જાનકર...'** ઐસી શુદ્ધ આત્મ-ધ્યાનકી. જોયું? શુદ્ધ આત્મા ભગવાન. આ કર્મ શરીર તો જડ માટી પર છે આ તો ધૂળ છે, વાણી ધૂળ છે. અંદર પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે, વૃત્તિઓ ઉઠે છે એ વિકાર આસ્રવતત્ત્વ છે. એનાથી ભિન્ન ભગવાન પૂર્ણ જ્ઞાન આનંદથી ભરેલો એની એકાગ્રતાનું ધ્યાન એની એટલી સામર્થ્ય છે. જાનકર... એના ધ્યાનનું આટલું સામર્થ્ય છે એમ જાણીને. **'ઉસી ધ્યાનકી હી ભાવના સદા કરની ચાહિયે.'** અંતરની એકાગ્રતાની ભાવના વારંવાર કરવી જોઈએ. ઓહો..હો..! સમજાણું કાંઈ? આનું નામ ધર્મધ્યાન. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ, એનું ધ્યાન નામ એકાગ્રતા. પુણ્ય-પાપના

વિકલ્પો રાગ એ વિકાર. શરીર, વાણી, કર્મ તો ધૂળ પર બધું. એનું લક્ષ છોડી પોતાના સ્વરૂપની એકાગ્રતા કરવી એને ભગવાન ધર્મધ્યાન કહે છે. એ ધર્મધ્યાન તે કર્મના નાશનો ઉપાય છે. સમજાણું કાંઈ? કોણ કહેતું હશે આવું? જૈન પરમેશ્વર હશે? અમે તો આવું સાંભળ્યું નહોતું. અપવાસ કરવા, કંદમૂળ ન ખાવું, ચોવિહાર કરવો.. એ.. મલૂકચંદભાઈ! ભાઈ! એ બધી વાતું રાગ મંદની વિકલ્પની વાતું છે બધી. ભગવાન આત્માનું જે શ્રદ્ધા ને જ્ઞાન છે એ તો રાગનો વિકલ્પ રહિત આત્માની એકાગ્રતા કરવી એ ધર્મધ્યાન કહેવાય છે. એને ભગવાને ધર્મનું ધ્યાન કહ્યું છે. બાકી પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એમાં એકાગ્ર થવું એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. સમજાણું કાંઈ? દુકાને ક્યું ધ્યાન હશે? રૌદ્રધ્યાન પાપ. પૈસો મેળવીએ ને ધૂળ મેળવીએ, આ કરવું. બીજું શું છે? અહીં તો કહે છે કે, દયા, દાન, ભક્તિના પરિણામ છે પુણ્ય એ પણ હજી ધર્મધ્યાન નહિ, એ વિકલ્પ છે, રાગ છે.

મુમુક્ષુ :- ઈ ક્યું ધ્યાન?

ઉત્તર :- ઈ લેવું, આર્તધ્યાનમાં. એઈ..! બાપુ! માર્ગ વીતરાગના 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિન તણી ચરણસેવા...' વીતરાગનો માર્ગ કોઈ અંતર અનંત કાળે એણે જોયો નથી. એક સેકન્ડ સાંભળ્યો નથી, સાંભળ્યો નથી એણે. સાંભળે તો એને યથાર્થ રુચિ થઈ જાય, રુચિ થતા માર્ગ એને હાથ લાગી જાય, પણ સાંભળ્યો નથી. એ તો બહારની વાતો ધૂળધાણી-ધમાહા. અનંત કાળ એમને એમ ગાળ્યો પણ વસ્તુની સ્થિતિ સમજવાનો એણે પ્રયત્ન કર્યો નથી. કહો, સમજાણું આમાં? ખુશી થાય એવું છે આત્મા એમાં. આમાં જ ખુશી થાય એવું છે. ધૂળમાં શું હતું ન્યાં? શું પૂછ્યું સમજાણું? ... ખુશી થાય એવું છે? મેં કીધું, ખુશી થાય એવું આ જ છે, ધૂળમાં પણ નથી ન્યાં બધું. કહો, સમજાણું આમાં? આ તો આત્મરાજાની જાન છે. એની સ્વરૂપની એકાગ્રતા કરવી એ એના જાનૈયા છે. બાકી બધી ધૂળધાણી ને વા, પાણી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન ભલામણ કરે છે, ભગવાન પરમાત્મા ભલામણ કરે છે, હે ભગવાન આત્મા! જેવી મારી શક્તિ છે એવી જ તારામાં શક્તિ પડી છે. મેં મારી શક્તિમાંથી ઉકેલ કરીને પર્યાય કાઢી છે અવસ્થા પરમાત્માની, કાંઈ બહારથી આવી નથી. કૂવામાં હતું એ પાણી અવેડામાં આવ્યું. એમ અંદરમાં વસ્તુ પડી છે એમાંથી પર્યાયમાં કેવળજ્ઞાન ને આનંદ આવે છે. એવો આત્મા તારો અંદરમાં છે એને અંતર એકાગ્ર થા અને બહારની ક્ષણિક એકાગ્રતા છોડી દે તો તને આત્માનું ધ્યાન થતાં સમ્યગ્દર્શન થશે અને સમ્યગ્જ્ઞાન થતાં તને ધર્મકળા હાથમાં આવી જશે અને એ ધર્મકળા દ્વારા કર્મ થશે બીજી રીતે નાશ થાય એવું નથી.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૩, શનિવાર, તા. ૧૧-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૧૫, ૧૧૬, પ્રવચન-૭૩**

પરમાત્મપ્રકાશ, ૧૧૫ ગાથા. 'આગે હે જીવ, ચિંતાઓંકો છોડકર શુદ્ધાત્મસ્વરૂપકો નિરંતર દેખ, એસા કહતે હૈં—'

११५) मेल्लिवि सयल अवक्खडी जिय णिच्चिंतउ होइ।
चित्तु णिवेसहि परमपए देउ णिरंजणु जोइ।।११५।।

'**અન્વયાર્થ :- હે જીવ...**' જીવ કોને કહે છે? કે, આત્મા અનંત જ્ઞાન, આનંદ સ્વરૂપથી ભરેલું તત્ત્વ એને અહીંયાં જીવ કહે છે. આ જીવ છે જીવ, એમાં અનંત આનંદ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય શાંતિ એનાથી ભરેલો એ આત્મ પદાર્થ વસ્તુ છે એને અહીંયાં જીવ કહે છે. સમજાણું કાંઈ? '**હે જીવ! સમસ્ત ચિંતાઓંકો છોડકર...**' પ્રભુ! તારામાં આનંદ અતીન્દ્રિય પડ્યો છે, તું અતીન્દ્રિય આનંદની નિત્યાનંદ મૂર્તિ છો. તું બીજી ચિંતા-શુભાશુભ રાગના વિકલ્પો છોડી, '**નિશ્ચિત હોકર...**' એ વિકલ્પોની ચિંતાને છોડી, '**અપને મનકો...**' પોતાના જ્ઞાનની દશાને '**પરમપદમેં** ધારણ કર,...' એ પરમાનંદમૂર્તિ આત્મા છે એમાં દૃષ્ટિ લગાવ, તને અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે. સમજાય છે કાંઈ?

સુખ ક્યાંય બહાર નથી. પૈસા, બાયડી, છોકરા, ઇન્દ્રપદ ધૂળમાં ક્યાંય આત્માનું સુખ નથી. સુખ છે આત્મામાં, અંદર પડ્યું છે એની એને ખબર નથી. અતીન્દ્રિય આનંદની કાતળી છે. જેમ શેરડીમાં એકલો રસ પડ્યો હોય રસ, એ રસ જુદો અને કુચા જુદા. એમ પુણ્ય-પાપના વિકલ્પ એ કુચા જુદા છે અને આત્મા આનંદરસથી ભરેલું એ તત્ત્વ તદ્દન વિકારના વિકલ્પથી જુદું તત્ત્વ છે. સમજાણું કાંઈ? તારે સુખ જોઈતું હોય તો ત્યાં દૃષ્ટિ લગાવ એમ કહે છે. આહા..! સુખ કહો કે ધર્મ કહો, બેય એક ચીજ છે હોં! ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તને જોઈતું હોય તો એ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે, તું એવો છો એમાં ચિત્તને જોડ.

'**નિરંજનદેવકો દેખ.**' એ ભગવાન નિરંજનદેવ વિકલ્પ વિનાનો, મન, વાણી વિનાની ચીજ છે. એને અંતરમાં દૃષ્ટિ લગાવીને એને તું માન અથવા દેખ અથવા અનુભવ. આનું નામ ધર્મ છે અને એનું નામ આનંદનો અનુભવ છે. બહુ ટૂંકું. બહાર આથડે, જાણે અહીંથી ધર્મ થાશે, અહીંથી થાશે, અહીંથી થાશે. સમજાણું કાંઈ? પરમ અતીન્દ્રિય આનંદની મૂર્તિ એ

પોતે પર્વત–અતીન્દ્રિય આનંદનો પર્વત છે આત્મા. કેમ બેસે? અહીં જ્યાં ત્યાં ધૂળમાં ને પૈસામાં ને બાયડી ને છોકરા ને... આગળ કહેશે, ઈન્દ્રને કરોડો ઈન્દ્રાણીમાં સુખ નથી, એ રાગનો વિકલ્પ તે દુઃખ છે. એનાથી વિજાત—બીજી જાત ભગવાન આત્મા વસ્તુપણે અનંત આનંદની મૂર્તિ આત્મા તેને આત્મા કહીએ. શરીર, વાણી, મન એ નહિ, પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે ભાવ એ કાંઈ આત્મા નથી. એવો ભગવાન આત્મા,... અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જેવું સર્વજ્ઞ પરમેશ્વર ભગવાને કેવળજ્ઞાની પ્રભુએ જેવો આત્મા પોતાનો જોયો અને અનુભવ્યો એવો જ આત્મા તારો છે એને તું અંતર દૃષ્ટિ લગાવીને અનુભવ. આ ચાર ગતિના દુઃખને મટાડવાનો ઉપાય છે અને આનંદ આત્માને સચ્ચિદાનંદ સ્વભાવની પ્રાપ્તિનું એ કારણ છે. આવી વાત છે.

'**ભાવાર્થ :- હે હંસ,...**' અર્થકારે જરી હંસ તરીકે બોલાવ્યો છે. પાઠમાં જીવ છે. કેમકે વિવેક કરવો છેને વિવેક એટલે હંસ કીધો. હંસ છે એ દૂધ અને પાણી બે ભેગા હોય છતાં હંસની ચાંચમાં ખટાશ છે, એ દૂધમાં જ્યાં ચાંચ નાખે ત્યાં દૂધનું વળે પોપડું, પાણી પડી જાય છૂટું. એમ અહીંયાં આત્માને કહે છે કે, હે હંસલા! તારામાં જ્ઞાનની વિવેક શક્તિ પડી છે. એનાથી કહે છે... જુઓ! '**દેખે સુને ઔર ભોગે હુએ ભોગોંકી વાંછારૂપ ખોટે ધ્યાન...**' જેટલા ભોગો દેખ્યા હોય, જેટલા ભોગો સાંભળ્યા હોય અને ભોગવ્યા હોય. એ બધા ભોગે હુએ ભોગોં કો વાંછા–એની જે ઈચ્છા. અહીં અનુભવનો ભોગ બતાવવો છેને. વિષયની વાંછના કે પુણ્ય-પાપના વિકલ્પો કે સાંભળ્યા, દેખ્યા, અનુભવ્યા એવા જે ભોગોની વાંછા, એ વાંછા જાય છે પર તરફ, એ દુઃખદાયક છે.

એવા '**ખોટે ધ્યાન આદિ સબ ચિંતાઓંકો છોડકર...**' ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્... સત્... સત્... સત્... શાશ્વત ચિદાનંદ જ્ઞાન અને આનંદનું જેનું અંતર રૂપ છે. એણે કોઈ દિ' એની નજર ને પ્રતીત અનુભવ કર્યો નથી. શુભ ને અશુભ ચિંતાઓ દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધના વિકલ્પો એ બધી પુણ્ય-પાપની જાળો વિકાર. એમ પાંચ ઈન્દ્રિયના ભોગોની કલ્પના એ બધો વિકાર ભાવ એ દુઃખરૂપ, દુઃખરૂપ દશા (છે). એ વસ્તુના સ્વરૂપમાં નથી, એણે નવી ઊભી કરેલી વિકારી દશા છે. કહે છે, અરે.. આત્મા! માંડ અનંત કાળે આવો મનુષ્ય દેહ મળ્યો તને. હવે જન્મ-મરણને ટાળવાના કાળમાં આ તારા આત્માની ચિંતા તો કર, બીજી ચિંતા છોડ. સમજાય છે? ચિંતા શબ્દે આત્માની એકાગ્રતા.

કહે છે '**ચિંતાઓંકો છોડકર અત્યંત નિશ્ચિંત હોકર...**' ભગવાન પરની વિકલ્પની જાળથી નિશ્ચિંત થા. '**અપને ચિત્તકો...**' પોતાના ચિત્તને-મનને આમ વાળ. '**પરમાત્મસ્વરૂપમેં સ્થિર કર.**' પરમાત્મ એટલે પરમ આત્મ, પરમ આત્મ એટલે પરમ સ્વરૂપ. પોતાનું સ્વરૂપ જ પરમ અતીન્દ્રિય આનંદ જ્ઞાનથી ભરેલું એ પોતાનું સ્વરૂપ જ પરમ સ્વરૂપ છે. વસ્તુ પરમ સ્વરૂપથી

ભરેલી જ છે, એવો પોતે જ પરમાત્મા છે. સમજાય છે કાંઈ? એવું પરમ આત્મસ્વરૂપ, પરમ આત્મસ્વરૂપ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદથી ભરેલો ભગવાન પૂર્ણાનંદની પૂર્ણાનંદની પાટ છે. બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, દાળ વિના ચાલે નહિ, બાયડી વિના ચાલે નહિ, આબરૂ વિના ચાલે નહિ, પૈસા વિના ચાલે નહિ, મકાન વિના ચાલે નહિ. કેટલો ભિખારી પણ, રાંકો તે રાંક છેને મોટો રાંક. એને આ વિના ચાલે નહિ, આ વિના ચાલે નહિ, આ વિના (ચાલે નહિ). મારા વિના ચાલે. મારું સ્વરૂપ શુદ્ધ ચિંદાનંદ છે એના વિના એને ચાલે. જુગરાજજી! આહા..હા..! ભગવાન આત્મા અંદર અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે પોતે એના વિના ચાલે, (પણ) આના વિના ન ચાલે. ગજબ વાત છેને એની! અનાદિ રખડીને મર્યો. સમજાય છે કાંઈ? કહે છે કે, ભાઈ! એક વાર પરમ સ્વરૂપમાં દૃષ્ટિ દે, ભાઈ! એ બધા વિકલ્પની જાળ જેમાં દુઃખની જાળમાં, કરોળીયો જેમ જાળ કાઢીને ફસાય છેને, ભગવાન! તેં પુણ્ય-પાપની જાળ ઊભી કરી તું ફસાઈ ગયો છું. એ દુઃખની જાળમાં ફસાઈ ગયો, તને ખબર નથી તારી. સમજાણું કાંઈ?

આમ '**સ્થિર કર. ઉસકે બાદ...**' ઉસકે બાદ, ઉસકે બાદ તો એક શબ્દ છે હોં! પાઠમાં છે. અનંતર ને શું છે? બે શબ્દ છે. '**पश्चात् किं कुरु**' એમ પણ છે અને '**तदनन्तरं भावकर्मद्रव्यकर्मनोकर्म**' એમ બે શબ્દ પડ્યા છે સંસ્કૃતમાં. એટલે? જુઓ ભાઈ! આ તો વાત એવી છે, મૂળ ધર્મની વાત છે, મૂળ ધર્મ. 'મૂળ માર્ગ સાંભળો જૈનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ માર્ગ સાંભળો જૈનનો રે...' પરમેશ્વર સર્વજ્ઞદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક (જાણે એવા) જ્ઞાનની શક્તિનો વિકાસ પૂર્ણ થઈ ગયો. વીતરાગી પરમ આનંદની પર્યાય પૂર્ણ થઈ ગઈ, એમાં જ્ઞાન પણ પૂર્ણ થયું, એમાં જોયું કે, ભાઈ! તું આત્મા મારી જાતનો એવડો છો હોં! સમજાય છે? એ આત્મામાં અનંત અનંત બેહદ (શક્તિ છે). આટલું ક્ષેત્ર છે એમ ન જો. એના સ્વભાવના સામર્થ્યમાં અનંત જ્ઞાન ને અનંત આનંદ પડ્યો છે. સમજાય છે કાંઈ? એવા અતીન્દ્રિય આનંદ પ્રભુ એને બીજી ચિંતાઓ વિકલ્પની (છોડીને જો). શેની શેની કહેશે.

'**ભાવકર્મ,...**' ભાવકર્મ—પુણ્ય-પાપના વિકલ્પ એટલે ભાવકર્મ. શુભ-અશુભ રાગ તેને ભાવ કર્મ, મલિન વિકલ્પ કહે છે. '**દ્રવ્યકર્મ,...**' અંદર જડ કર્મ આઠ છે માટી એને લક્ષમાંથી છોડી દઈ. '**નોકર્મરૂપ...**' આ શરીર ને આ વાણી જડ માટી એનું લક્ષ છોડી '**અંજનસે રહિત...**' આ મેલથી રહિત ભગવાન છે અંદર કહે છે. '**જો નિરંજનદેવ...**' નિરંજનદેવ પ્રભુ તું છો કહે છે. ઓહો..હો..! નિરંજનદેવ છો તું. હવે એને કેમ બેસે આ વાત? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ જિનેશ્વરદેવ ફરમાવે છે. ભાઈ! તું અંજન—પુણ્ય-પાપના રાગ મેલ, કર્મ મેલ

ને શરીર, વાણી બધા પર એ બધા અંજન—મેલથી રહિત તારું તત્ત્વ અંદર છે, ભિન્ન છે. કોઈ દિ' અંતર નજર કરવા, એના માહાત્મ્યને સેવવા એ નવરો થયો નહિ. સમજાણું કાંઈ? શશીભાઈ! આહા..! ઉકરડા ઉઠાવ્યા એણે બધા. હિંમતભાઈ! વિકલ્પો કર્યા, શુભ ને અશુભની ચિંતાઓના વિકલ્પના ઢગલા જાળ, દુઃખમય જાળ એમાં કરોળિયો ફસાઈ ગયો છે અનાદિથી. ભગવાન! હવે તો કાંઈક સુખનો રસ્તો લે. એ બધા દુઃખના રસ્તે-પંથે પડેલો (છો) તું. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! પ્રભુ નિરંજન દેવ તારો, એ નિરંજનમાં અંજન કેવા? વસ્તુ ભગવાન આત્મા એ તો નિરંજન દેવસ્વરૂપ છે. જોડે પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ કાંઈ આત્મા નથી, એ તો આસ્રવ મલિન તત્ત્વ છે. ચિંતા ઉઠે એ તો આસ્રવતત્ત્વ એટલે જે વડે નવા આવરણ આવે એવું એ તત્ત્વ છે. કર્મ અજીવતત્ત્વ, શરીર, વાણી અજીવ-જડ તત્ત્વ. ભગવાન નિરંજન તત્ત્વ છે. એવી રીતે ... ચિંતા રહિત કહેવું છેને. ચિંતાને છોડ. તો ચિંતા એ અંજન મેલ છે. ભગવાનનું અંતર સ્વરૂપ, પોતાનું નિજ સ્વરૂપ તો ચિંતા રહિત નિરંજન દેવ છે. આહા..હા..! આવડો આત્મા કેમ બેસે એની શ્રદ્ધામાં? બાયડી સવારમાં ઓલા છાણા વીણવા, છાણ લેવા જાય છેને એક છાણનો પોદળો આવડો હોય ત્યાં ખુશી ખુશી થઈ જાય. આહા..હા..! અરે..! કીધું, આ તે રાંકો થઈને શું ફરે છે? એક ટોપલો ભરાય એવો એક પોદળો હોય મોટો, આહા..હા..! મોટો પોદળો... મોટો પોદળો.. શું છે? ઢોરની વિષ્ટા. વિષ્ટા છે કે શું છે ઈ? છાણ શું છે? ઢોરની વિષ્ટા. આહા..! અરે..! ભગવાન! એવી એક આમ ચીજ મળે, આઠ-દસ વર્ષની છોડી નીકળે તો આહા..હા..! એ બા, એ બા (કરે). શું છે પણ આ? એમ આ ભિખારી બહારનો જ્યાં પાંચ, પચાસ હજાર મળે, લાખ, બે લાખ મળે.. એ આ, એ આ.. શું છે પણ હવે? એ પોદળા છે બધા વિષ્ટાના. એ.. જુગરાજજી! ભારે વાત ભાઈ! એ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ તો તું અંદર બિરાજે છે ભાઈ! તને ખબર નથી, તેં સાંભળ્યો નથી. તને કેવડો તું એ સાંભળ્યો નથી તેં. આહા..હા..! તને તેં સાંભળ્યો નથી કે કેવો તું છો અંદર. રતિભાઈ!

કહે છે કે, અમે તો કહીએ છીએ, ભગવાન આત્મા વસ્તુ કંદ પડ્યો છે, ચિદાનંદ પ્રભુ એ તો નિરંજન છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પ મંદ રાગ, શરીરનો કાંઈ સંબંધ નથી. વસ્તુ વસ્તુમાં કાંઈ સંબંધ નથી. અંદર એક સમયની દશામાં રાગ-દ્વેષ વિકાર ને કર્મનો સંબંધ એમ અંદરમાં સંબંધ તેં કર્યો છે, વસ્તુમાં સંબંધ નથી. સમજાણું કાંઈ? '**પરમ આરાધને યોગ્ય અપના શુદ્ધાત્મા હૈ,...**' શું કહે છે? અરે..! પરમ આરાધવા યોગ્ય, સેવવા યોગ્ય તો ભગવાન આત્મા પોતાનો છે. બહાર દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પણ એ વ્યવહારના વિકલ્પ વખતે, ભક્તિ કરવા લાયક કહેવામાં આવે છે, શુભ રાગ કાળે અશુભથી બચવા માટે. પણ આ પરમ આરાધવા

યોગ્ય તો તારો દેવ અંદર બિરાજે એને સેવવા લાયક છે. પોતે પોતાની સેવા એ કેમ માહાત્મ્ય આવે એને? જમુભાઈ! બાપુ! પ્રભુ! તારા સ્વરૂપમાં પ્રભુતા ને પરમેશ્વરતા નહિ હોય તો એની પ્રગટ અવસ્થા કાળે પરમેશ્વરતા ક્યાંથી આવશે? સમજાણું કાંઈ?

કહે છે, અરે..! આરાધવા યોગ્ય, સેવવા યોગ્ય તો ભગવાન તારું સ્વરૂપ જ છે. પર આરાધવા યોગ્ય તે શુભ વિકલ્પના કાળે એમ કહેવામાં આવે છે અને એ શુભ વિકલ્પ પણ પોતે આરાધવા યોગ્ય નથી. આહા..હા..! સમજાણું? પરમ આરાધવા યોગ્ય કહ્યું છેને? એની પહેલી ઓળખાણ કર કે, આવું હોય કે નહિ? આવો આત્મા હોય શકે કે નહિ? એને માટે પહેલા પડખા સત્ સમાગમ વડે સાંભળીને નિર્ણય કર. આવો હોય કે નહિ? આ કહે છે એમ હોઈ શકે કે નહિ? પછી તેની ચિંતા છોડીને, વિકલ્પો છોડીને એનું ધ્યાન કર, દૃષ્ટિ લગાવ. સમ્યગ્દર્શન પણ સ્વરૂપની એકાગ્રતારૂપ ધ્યાન. સમજાણું કાંઈ?

કહે છે, આરાધવા યોગ્ય ભગવાન પોતાનો શુદ્ધ પ્રભુ '**ઉસકા ધ્યાન કર.**' એનું એકાગ્ર થઈને ધ્યાન કર ભાઈ! એમાં તને શાંતિ ને આનંદની પ્રાપ્તિ થશે. જે શાંતિ ને આનંદ ચક્રવર્તીના ને ઈન્દ્રના પદમાં નથી. એ બધા ચક્રવર્તીના પદ ને ઈન્દ્રના પદમાં દુઃખની જ્વાળા સળગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા ને એ મોટા બંગલા પચાસ-પચાસ કરોડના એ બધા કીડાઓ બધા અંદર આહા...! ધારું આ મોટી ધારુમાં જેમ ગુફામાં કીડી પડી હોય ને, ઉંદર ને નોળ કોળ, એમ આ મોટી ધારુમાં પડેલા નોળ, કોળ અંદર સળગે છે રાગ ને દ્વેષની બળતરા છે અંદરમાં એની એને ખબર નથી. શું હશે? એમ દુઃખી હશે બધા? સમજાણું કાંઈ? કહો, બાવીસ બાવીસ માળ મકાન, એમાં ઈયળું પડી હોય માણસ. બાવીસ માળમાં તો ઘણા હોય કે નહિ? કેટલા હોય? એઈ..! ... આહા..હા..! કોઈ દશ લાખના ને કોઈ પાંચ લાખ ને પચ્ચીસ લાખ ને એ કીડા રાગ-દ્વેષના કીડાઓ સળગી રહ્યા છે ન્યાં કહે છે. રાગ ને દ્વેષ... રાગ ને દ્વેષ... રાગ ને દ્વેષની કલ્પનામાં સળગી રહ્યા છે. મૂઢ કહે છે કે, અમને એમાં મજા છે. સમજાણું કાંઈ? આહા..હા..! પાગલપણું પાગલ થઈ ગયો છે કહે છે. જ્યાં દુઃખ છે ત્યાં સુખ માને છે, જ્યાં સુખ છે ત્યાં સામું જોવા પણ નવરો થાતો નથી. આહા..હા..!

ભગવાન અતીન્દ્રિય આનંદનો ડુંગર પર્વત છે આત્મા. આહા..હા..! ચાખનારની જીભ જોઈએને પાછી એને, કે બીજો ચખાડે જીભે? સાકરને સાંભળ્યે સાકરનો સ્વાદ ન આવે, સાકરનો સ્વાદ લેનારને જોયે સાકરનો સ્વાદ ન આવે. સાકરનો સ્વાદ લે એને સાકરનો સ્વાદ આવે. એમ આત્માની વ્યાખ્યા સાંભળે એને આત્મા શું છે એનો સ્વાદ ન આવે. આત્માનો સ્વાદ લેનારાને જોવે એથી જોનારને આત્માનો સ્વાદ (ન) આવે. આહા..હા..! હાથ કામ આવે નહિ ત્યાં.

સાકરને ગાંગડે હાથ અડાડો તો સ્વાદ આવે? ન્યાલભાઈ! આહા..હા..! અરે..! બાપુ! તું એકલો આનંદરસનો ગાંગડો અંદર છો હોં! પણ એને ક્યાં કોઈ દિ' શ્રદ્ધા ક્યાં છે એને? એને વિશ્વાસ જ ક્યાં છે કે હું આવડો છું?

હું તો આ પૈસાવાળો ને બાયડીવાળો ને છોકરાવાળો ને શરીર કાંઈક રૂપાળુ થયું હોય ને ધૂળ... શું છે પણ આ તારું ગાંડપણ? ... એમાં વળી મોટર હોય સરખાઈની લાખ, બે લાખની મોટર શું કહેવાય? ઓલી મોટર નથી આવતી ઊંચી? એઈ! તમારે છેને. આપણને નામ પણ આવડતું નથી. લાવ્યો હતો ને અહીં નહિ? પુનમચંદ લાવ્યો હતો અહીં મોટર એક મોટી એક લાખ રૂપિયાની અહીં લાવ્યો હતો એનો દીકરો. લાખ રૂપિયાની મોટર, ઓહો..હો..! શું છે આ તે? ત્યાં પણ લાવ્યો હતો, તમારો ગોવાવાળો. બેલગાવ ગયા હતાને? બેલગાવને? બેલગામ નહોતા ગયા? આ શાંતિલાલ ખુશાલદાસ છેને મોટા, એનો ભાઈનો દીકરો આવ્યો હતો, મણીલાલ આવ્યો હતો દર્શન કરવા બેલગામ. એ લાખ રૂપિયાની મોટર એક હતી લાલ લાંબી. જુઓ તો ઓહો..હો..! શું છે પણ હવે? હોળી સળગે છે. આ મારું ને તારું. જે નથી તેનું તેને માને મારું. જે છે પોતાનું તેને ન માને મારું. હવે આનું કરવું શું? સમજાણું કાંઈ? અને જેને માન્યું મારું એમાં કાંઈ બગાડ થાય તો... એ સરખું કરો, બાયડી બગડી, છોકરા બગડ્યા. પોતાનું માન્યું એમાં કાંઈ ફેરફાર થાય એટલે દુઃખી થાય એ. અને એમાં કાંઈક ઠીક હોય તો સુખની કલ્પનામાં દુઃખી થાય. આહા..હા..! અરે..! એને ખબર નથી, એને ખબર નથી. સમજાય છે કાંઈ? આગળ કહેશે, ઈન્દ્રાણીના ઈન્દ્રો પણ સુખી નથી ભાઈ! એ તને બહારમાં દેખાય છે આમ જાણે બે, પાંચ કરોડ રૂપિયા હોય ને ધૂળ હોય ને લાખ, બે લાખની મોટરું દશ-વીસ હોય. ભાઈ! એ તો સુખી છે. કહેનારના મોઢા ફાટી જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખી ચિંતા... પૈસા ઝાઝાને લઈને દુઃખી નથી, ચિંતાને લઈને દુઃખી છે. સમજાય છે કાંઈ? ઝાઝા હોય અને ચિંતા થોડી હોય, થોડા હોય અને ચિંતા ઝાઝી હોય એટલે એનું પ્રમાણ ચિંતા ઉપર છે, વસ્તુ ઉપર નથી. સંયોગ ઉપર નથી, ભાવ ઉપર છે. સમજાણું કાંઈ? અરે..! કહે છે કે, ભગવાનનું ધ્યાન તો કર. તને આર્તધ્યાન આવડે છે. કહેશે હોં!

'**પહેલે યહ કહા થા કિ ખોટે ધ્યાનકો છોડ, સો ખોટે ધ્યાનકા નામ શાસ્ત્રમેં અપધ્યાન કહા હૈ.**' ખોટા ધ્યાનને છોડ અને આત્માનું શ્રદ્ધા, જ્ઞાન, ધ્યાન કર. ત્યારે કહે છે, ખોટું ધ્યાન કહેવું કોને? '**નિર્મલ બુદ્ધિવાલે પુરુષ જિન-શાસનમેં...**' વીતરાગ માર્ગમાં એને ભૂંડા ધ્યાન કહે છે કે, '**જો દ્વેષસે પરકે મારનેકા બાંધનેકા અથવા છેદનેકા ચિંતવન કરે ઔર રાગભાવસે પરસ્ત્રી આદિકા ચિંતવન કરે.**' પૈસા, લક્ષ્મી, દીકરા, દીકરીઓ,

બાયડી, છોકરા એનું રાગ ભાવથી ચિંતવન કરવું એ બધું ભૂંડું—માઠું ધ્યાન છે. સમજાણું? રાગ અને દ્વેષ. દ્વેષભાવથી મારવા ને બાંધવા ને છેદવાની વ્યાખ્યા કરી. રાગભાવથી સ્ત્રી, કલત્ર, પુત્ર, દીકરા આદિની ચિંતવના કે, ઓહો..! અમારા. ત્રણ કાળમાં તારા નથી. તારી ચીજ હોય એ જુદી રહે નહિ અને જુદી હોય એ ચીજ તારી હોઈ શકે નહિ. અનાદિનો અજ્ઞાની જેમાં જે પોતે નથી એમાં અને એ ચીજ નથી આત્મામાં એની રાગથી ચિંતા કરી. દીકરા, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, મકાન એ ચિંતા તે આર્તધ્યાન, આર્તધ્યાન વિશેષ ઉગ્ર થાય તો રૌદ્રધ્યાન છે ઈ. બીજાને બાંધવું, મારવું આદિ એ રૌદ્રધ્યાન છે.

'**ઉસ અપધ્યાનકે દો ભેદ હૈં, એક આર્ત દૂસરા રૌદ્ર.**' જેમાં ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના પ્રાણ જેમાં પીડાય. ઘાણીમાં જેમ તલ પીલે, ઘાણીમાં જેમ તલ પીલાય, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય મૂર્તિ આત્મા છે એને આ વિકલ્પની જાળમાં આર્ત નામ આત્માની શાંતિ ત્યાં પીડાય છે. ઘાણીમાં પીલાય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એને આ વિકલ્પની જાળના ધ્યાનમાં-વિકલ્પ પુણ્ય-પાપ શુભાશુભના (કે) આ મારવું, છેદવું કે મારા દીકરા, મારી દીકરી એમાં ચૈતન્યની શાંતિના આનંદ પ્રાણનો ઘાત થાય છે. હિંમતભાઈ! આહા..હા..! ખબર ન મળે, ખબર ન મળે. આંખ ઓળે વઈ ગઈ આંખ. પાછળ ગઈ, ઓળે એટલે. સમજ્યા? જ્યાં જેને જોવો છે એને જોવા મૂકી દઈ આંખો ... જોવાના ચિંતામાં પડ્યો અનાદિ કાળથી. એકેન્દ્રિય ઇયળું, કીડા, મકોડાથી માંડી રાજા, રંક ને દેવો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દેહના પરમાણુથી ભિન્ન (બિરાજે છે). આગળ કહેશે, દેહદેવળમાં દેવ બિરાજે ભગવાન. હમણાં કહેશે. ગાથામાં કહેશે. સમજાણું કાંઈ? દેવનું કહેશે હોં! આગળ કહેશે ક્યાંક. છેને? ૧૨૩માં છે પાછળ.

૧૨૩) देउ ण देउले णवि सिलए णवि लिप्पइ णवि चित्ति।
अखउ णिरंजणु णाणमउ सिउ संठिउ सम-चित्ति।।१२३।।

એ દેવ નથી દેરાસરમાં, દેવ નથી મંદિરમાં, દેવ નથી ક્યાંય ... આ ચિંતાની જાળમાં સળગી ગયેલો, પાછળ ભગવાન બિરાજે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ ચિંતા... ચિંતા... ચિંતા... આ હોળી થઈ ગઈ, શરીરમાં આ થઈ ગયું ને છોકરો રળતો નથી ને મને આમ થાય ને ઢીંકણું થાય, ફલાણું આ થાય ને છોકરી ઠેકાણે પડે તો ઠીક. સળગી ગયો, બળી ગયો ચિંતામાં એમ કહે છે. એ ચિંતાની પાછળ ભગવાન બિરાજે છે આનંદકંદ મૂર્તિ આત્મા એની એને ખબર નથી. જેચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંસારી-ફંસારી કેવો? આત્મા સંસારી નથી. કીધુંને પહેલું કે આત્મા નિરંજનદેવ

તેને આત્મા કહીએ. પુણ્ય-પાપના વિકલ્પ શરીર, બાયડી-બાયડી એ આત્મામાં છે નહિ. સંસારી કેવો આત્મા? સમજાણું કાંઈ? સંસાર એટલે રખડનારો આત્મા? મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનભાવ પુણ્ય-પાપને પોતાના માની, જગતની ચીજો જે આત્માથી ભિન્ન છે એની માનીને પોતાની માન્યતાથી ચાર ગતિમાં રખડી રહ્યો છે. એ મિથ્યાભ્રમને લઈને ભ્રમણામાં પડ્યો છે. એ આત્મસ્વભાવમાં એ ભ્રમણા-ભ્રમણા છે નહિ. આહા..! ભારે વાત ભાઈ! અમારે હેઠલાવાળાએ શું કરવું? એમ. હેઠલાવાળાની વાત ચાલે છે આ. સમજાણું કાંઈ? ભગવાન અંદર દેહદેવલામાં, આ દેહરૂપી દેવાલયમાં ભગવાન દેવ બિરાજે છે. સમજાય છે?

કહે છે, એની ચિંતા છોડી દઈ ભગવાનની એટલે એકાગ્રતા, આ બીજી ચિંતામાં પડ્યો, એના ફળમાં નરક અને નિગોદમાં જાઈશ કહે છે. સમજાણું કાંઈ? નીચે નરક છે. મોટા પાપ કરનારા પ્રાણીઓ નીચે નરકે (જાય છે). સમજાય છે? સભા ભરાય છે ત્યાં નીચે. અને આ નિગોદના જીવ... એક શરીરમાં અનંતા જીવ. જેણે તત્ત્વનો બહુ વિરોધ કર્યો, તત્ત્વનો ઘણો અનાદર કર્યો, તત્ત્વની સેવા મૂકીને પરની બહુ વિકલ્પની સેવા કરી. એ મરીને નિગોદમાં જાય. બટાટા, શકરકંદમાં નિરાંતે પડ્યા છે ન્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! આ બાયડી, છોકરા, પૈસા... ઘરમાં પાંચસો-પાંચસો નોકરો હોય. આહા..હા..! ... રાગની હોળી ઉઠાવી તેં, કહે છે. એ ઉઠ્યો ન્યાં. ભગવાન બિરાજે એને તું જોતો નથી. એ બધા રાંકા ભિખારી પરની ઈચ્છા કરે એમ કહે છે અહીં. બાદશાહ આત્મા અંદર છે એની દૃષ્ટિ કરે તે બાદશાહ છે. સમજાણું કાંઈ?

**‘ઈસલિયે વિવેકિયોંકો ત્યાગને યોગ્ય હૈં.’** ઓલો હંસ કહ્યો હતોને પહેલો શબ્દ. માટે હંસ જીવોએ, વિવેકી જીવોએ આ વિચાર પુણ્ય-પાપના, પરની ચિંતાઓને છોડી આત્માના તરફની ચિંતા—એકાગ્રતા કરવી એ વિવેકીઓનું કર્તવ્ય છે. ભેદજ્ઞાનીનું એ આચરણ છે. સમજાણું કાંઈ?

**‘આગે શિવ શબ્દસે કહે ગયે નિજ શુદ્ધ આત્માકે ધ્યાન કરને પર જો સુખ હોતા હૈ, ઉસ સુખકો તીન દોહા-સૂત્રોંમેં વર્ણન કરતે હૈં—’** શિવ સ્વરૂપ છે. શિવ એટલે નિરૂપદ્રવ્ય કલ્યાણમૂર્તિ એટલે આનંદરૂપ. એ આનંદ શિવ તો તું પોતે છો. વસ્તુએ, વસ્તુએ, સ્વભાવે શિવસ્વરૂપ જ ભગવાન આત્માનું સ્વરૂપ છે. એને ત્રણ દોહામાં કહે છે.

૧૧૬) जं सिव-दंसणि परम-सुहु पावहि झाणु करंतु।
तं सुहु भुवणि वि अत्थि णवि मेल्लिवि देउ अणंतु।।११६।।

**‘અન્વયાર્થ :- જો ધ્યાન કરતા હુઆ...’** ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એના ઉપર એકાગ્ર કરતો થકો. અરે..! ગૃહસ્થાશ્રમમાં પણ સમકિતી ધર્મી જીવ પોતાના સ્વરૂપની એકાગ્રતા કરે છે ધ્યાન ત્યારે એને આનંદ આવે છે. સમજાય છે કાંઈ? એને ભલે વિકલ્પ

આદિ હો, પણ અંતરમાં એનો પ્રેમ હોતો નથી. સમજાય છે, કાંઈ? કહે છે, અરે..! **'જો ધ્યાન કરતા હુઆ નિજ શુદ્ધાત્માકે અવલોકનમેં અત્યંત સુખ હે...'** દેખો! **'શિવદર્શને'**. શિવ ભગવાન આત્મા અંતરમાં પૂર્ણ આનંદની કાતળી પડી છે પોતે એનું દર્શન. અહીં શિવ કહ્યો, ત્યારે અહીં ચિંતા કીધી વિકલ્પને. ચિંતા વિનાની ચીજ જે શિવ નિરૂપદ્રવ ભગવાન એનું ધ્યાન કરવાથી પરમ સુખ (થાય છે). અવલોકવાથી સુખ થાય. જેને અવલોકે સુખ થાય આહા..! નિર્ણય તો કરે, પહેલો નિર્ણય તો કરે. આ બધા ઊંધા નિર્ણયમાં ચાલ્યા જાય છે. જેના અવલોકનમાત્રથી જેમાં આનંદની તૃપ્તિ વહે એને અવલોકતો નથી અને આ બીજાને અવલોકીને મરી ગયો અનંત કાળથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જેના **'અવલોકનમેં અત્યંત સુખ હૈ, હે પ્રભાકર ભટ્ટ!...'** શિષ્યને ગુરુ કહે છે **'તૂ પા સકતા હૈ,...'** જેને અવલોકન કરવાથી અનંત સુખ પ્રાપ્ત થાય એવો ભગવાન આત્મા તું છો.

મુમુક્ષુ :- અવલોકન એટલે?

ઉત્તર :- જોવું. અ-નિશ્ચયથી આમ જોવું કે આ આમ છે ... એને જોવું એટલે અનુભવ થઈ ગયો ઈ. ભગવાન આત્મા 'આ આત્મા' એમ જોયું એટલે જ્ઞેય જ્ઞાનમાં એકાકાર થઈ ગયું. જ્ઞેય વસ્તુ જે છે જ્ઞાનની પર્યાયમાં એકાકાર થઈ ગઈ. આ પુણ્ય-પાપમાં એકાકાર છે કે નહિ? એને આમ પરને જોતા વિકલ્પ ઉઠાવે પુણ્ય-પાપનો એમાં એકાગ્ર છે એ દુઃખ છે, ઝેર છે. ભગવાન આત્મામાં આમ અવલોકન કરતા એકાગ્ર થાય એનું નામ અમૃત અને સુખ છે.

આ તો પરમાત્મપ્રકાશ છે. તાજા લાડવા કરીને સીધા મૂક્યા છે. સમજાણું કાંઈ? કહે છે ભગવાન! તારા અંતર સ્વરૂપને કેટલું, કેવડું છે એ કોઈ દિ' તેં સાંભળીને એની કિંમત જ કરી નથી. દુનિયાની કિંમત કાંઢવા બેઠો. સોનાની આ કિંમત છે ને ધૂળની આ કિંમત છે ને હિરાની આ કિંમત છે ને માણેકની આ કિંમત છે. એક કન્યા લેવા પરણવા જાય તો કન્યા આવી છે ને રૂપાળી છે ને નમણી છે ને કાળી છે ને ઢીકણું છે ને આ છે. ધૂળની સાથે સગાઈ કરવા ધૂળની કરે પરીક્ષા. પણ આ ભગવાન આત્મા અંદર કોણ છે એનો સંબંધ કરવા (નિર્ણય ન કર્યો કે) ઈ કોણ છે આ જીવ? સમજાણું કાંઈ?

કહે છે, એને તું જો તો, એકવાર નિર્ણય તો કર. આ ચીજ આવી ભગવાન કહે છે એવો છું કે નહિ? હોઈ શકે કે નહિ? અને ન હોઈ શકે તો કારણ લાવ. ત્યારે શું શરીરમાં તું હોઈ શક? પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે એમાં હોઈ શક? એ વિનાની ચીજ છે એમાં અનાકુળતાનું સુખ ન હોય તો હોય ક્યાં? સમજાય છે કાંઈ? શુભાશુભ વિકલ્પની ચિંતા જાળ એ આર્તધ્યાન

અને દુઃખરૂપ જાળ છે. ત્યારે એ વિનાની ચીજ છે આખી એમાં આકુળતા નથી એટલે અનાકુળ આનંદસ્વરૂપ જ છે ઈ. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, અરે..! તને સુખ થશે હોં! એ ત્રણ લોકમાં પણ જે પરમાત્મ દ્રવ્ય કહે એ સિવાય નથી ક્યાંય સુખ. ત્રણ લોકમાં ઈન્દ્રોમાં નહિ, ચક્રવર્તીઓમાં નહિ, જેને ઘરે છન્નું છન્નું હજાર ચક્રવર્તીને ઘરે રાણી હોય પદમણી જેવી, ચામડાના પુતળા જેમાં લક્ષ કર્યે રાગ ને દુઃખી થાય છે. આહા..હા..! ભગવાન પવિત્ર મૂર્તિ આનંદકંદ તું છો ને. જેને જોયે એવું સુખ તને થશે કે ત્રણ લોકમાં ક્યાંય બીજે છે નહિ. આહા..હા..! '**તીનલોકમેં ભી પરમાત્મ દ્રવ્યકે સિવાય નહીં હૈ.**'

'**ભાવાર્થ :- શિવ નામ કલ્યાણકા હૈ,...**' દેખો! શિવ એટલે કલ્યાણ. પુણ્ય-પાપના ચિંતા-વિકલ્પ તે અકલ્યાણ. એ વિનાનું આત્માનું સ્વરૂપ તે શિવ નામ કલ્યાણ. '**સો કલ્યાણરૂપ જ્ઞાનસ્વભાવ નિજ શુદ્ધાત્માકો જાનો,...**' કલ્યાણસ્વરૂપ જ્ઞાન, જ્ઞાન, પ્રજ્ઞા, પ્રજ્ઞા. જ્ઞાન એટલે જ્ઞાનસ્વરૂપ ચિદાનંદસ્વરૂપ એવો નિજ શુદ્ધાત્મા, પોતાનો શુદ્ધ આત્મા તે કલ્યાણ ને શિવસ્વરૂપ જાણો. આહા..! '**ઉસકા જો દર્શન અર્થાત્ અનુભવ...**' આ વ્યાખ્યા કરી, અવલોકનની વ્યાખ્યા કરી. '**અનુભવ ઉસમેં સુખ હોતા હૈ,...**' સમજાણું? છેને ત્રણ શબ્દ '**दर्शनमवलोकनमनुभवनं**' ત્રણ શબ્દ છે, સંસ્કૃતમાં ત્રણ છે. '**दर्शनमवलोकनमनुभवनं तस्मिन् शिवदर्शने**' આહા..હા..! આ તો ભાઈ! આત્મા એ પરમાત્મ સ્વરૂપ છે એની વાત છે. એટલે એ વાત જરી ઊંચી, મોંઘી લાગે. વસ્તુ જ એવી છે ત્યાં વળી મોંઘી, ઊંચી કોને કહેવી? સમજાણું કાંઈ? એને એ પ્રયાસની રીતની ખબર નથી. એનો પ્રયાસ કેમ કરવો અને ક્યાં પ્રયાસ મારો ચાલે છે એની એને ખબરું નથી. સમજાણું કાંઈ? બધા બી.એ. ને એલ.એલ.બી.ના પૂછડાં વળગાડે ને એમ.એ ને એમ.એ.ના. મોટા પાંચ પાંચ હજારના પગાર ને બધા ભિખારા થોથા થઈ રહ્યા છે. હિંમતભાઈ! તમે વકીલ છો કે નહિ? રામજીભાઈ વકીલ હતા. એ જુદી વાત છે. પણ વકીલ હતાને ઈ? બસ્સો રૂપિયા લેતા, કોર્ટમાં જતાં ચાર કલાક, પાંચ કલાક. એ ભિખારી હતા કે શું હતા? આહા..હા..!

અરે..! ભગવાન! તારામાં એટલો સંતોષનો આનંદનો મીણો ભર્યો છે કહે છે, કે એક ક્ષણમાત્ર, એક ક્ષણમાત્ર જેની નજરે, ભગવાન નજરે પડતા અનંત આનંદ આવે એવો ભગવાન તું છો. આ અનંત વાર આ બધા જોયા, જોયા બાયડી, છોકરા, પૈસા, ધૂળધમાહા અનંત વાર. પ્રતિકૂળ, અનુકૂળ સંયોગો જોઈ જોઈને મરી ગયો પણ ક્યાંય સુખ છે નહિ. સમજાણું? આ બધા પૈસાવાળાને સુખી કહે છેને, શું કરવું? એ.. મલૂકચંદભાઈ! અજ્ઞાનીઓ મૂર્ખા કહે છે. કહેતા હશે કે નહિ તમારા છોકરા ન્યાં ગામમાં મુંબઈમાં? બાવીસ માળ કરાવે છે લ્યો!

બે કરોડ રૂપિયા એના ઘરે, ત્રણ કરોડ. પુનમચંદ મલૂકચંદ. આ એનો બાપ, એના બાપ આ. એના દીકરાનો દીકરો ઈ પુનમચંદ છેને. બાવીસ માળના મકાન મુંબઈમાં મોટા કરાવે છે. બે કરોડ, ત્રણ કરોડ ધૂળના કાંકરા. દુઃખી... દુઃખી... દુઃખી બિચારા. એનો બાપ જાય તો મળવા નવરો ન હોય ઈ. ખરું કે નહિ? તો અહીં આત્માને મળવા નવરો ક્યાંથી થાય ઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. એનો બાપ કહેતા હતા એક ફેરી. ઈ કહેતા હતા ઈ મેં કીધું, મારા ઘરનું નથી કીધું. ઈ કામ કરે તો હું બેસી રહું એક કોર. વખત પણ ન હોય વાત કરવાનો. કારણ કે ઘણા માણસો આવે. સાહેબ સાહેબ કરતા આવે. પૈસાવાળા ધૂળ ઘણીને. ... કોઈ પગે લાગતો હોય. ધૂળમાં પગે લાગે એમાં એના આત્માને શું? આ મારો અને આ મોટો, એ મમતાનો વિકલ્પ એ દુઃખરૂપ છે. આહા..હા..! આ ભગવાન મારો અને હું એનો એવી દશા ને શ્રદ્ધા તે સુખરૂપ છે. સમજાણું કાંઈ? આહા..!

'**શિવ નામ કલ્યાણકા હૈ,...**' કીધું ને? '**વહ સુખ પરમાત્માકો છોડ તીનલોકમેં નહીં હૈ.**' અહીં તો જરી પાંચ હજારનો પગારદાર છોકરો થાય તો આમ હું પહોળો ને શેરી સાંકડી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બાપને નહિ. તમારે નથી પણ બીજાને ... ઓલા છોકરાને વાતું કરે. સુમનભાઈને આઠ હજારનો પગાર અત્યારે મહિને. અમેરીકામાં ગયો છે રામજીભાઈનો દીકરો. આઠ હજાર કે દસ હજાર કો'ક કહે છે. આપણે ક્યાં સાંભળવા ગયા છીએ? છ હજાર તો અહીં હતાને મદ્રાસ હતાને. એમાં ખબર શું છે. આઠ હજાર. આઠ હજાર મહિનાના, આઠ હજારનો પગાર એમના દીકરાને. બહારમાં આંકડો તો સારો લાગે ચાલીસ વર્ષની ઉંમર અને આઠ હજારનો પગાર આહા..! મોઢું ફાટી જાય માણસનું મૂઢ જીવોનું. આહા..હા..! શું છે પણ હવે ન્યાં? એ જેચંદભાઈ! સાચી વાત છે? પ્રકાશને ખાણમાંથી ઊંડેથી ચીરોડી સારી નીકળેને. ઊંડેથી ચીરોડી સારી નીકળે, સાંભળે ત્યાં આમ થઈ જાય કે, આહા..હા..! સારી પેદાશ થાય છે, છોકરો સારું કમાય છે. શું છે પણ આ સનેપાત? કહે છે. જેચંદભાઈ! આ સનેપાત શેનો વળગ્યો છે? કહે છે. પેટ ભરવાનું તો અહીં ક્યાં પેટ નથી ભરાતું? મમતા.. મમતા... મમતા... મમતા... ભગવાન મમત્વ વિનાની ચીજ અરે..! તું કોઈ દિ' જોવાને તને તને જોવાને નવરો નહિ. આહા..હા..! એક રાણી જેવી પચાસ વર્ષથી જો ઓલામાં હોય પડદે, શું કહેવાય? ઓઝલમાં અને આજ બહાર નીકળી છે એમ કહે તો જોવા નીકળે બધા. હોય તો સમજવા જેવું બધું. ચામડાના પૂતળા હોય બધા લટકતા ધૂળના. આ આત્મા ઓઝલમાં પડ્યો અનાદિથી, વિકલ્પની

આડમાં કોણ છે જોવાને કાંઈ કૂતુહલતા ખરી? કૂતુહલ કહ્યું છેને? ભાઈ! સમયસારમાં કૂતુહલ કહ્યું છે. કૂતુહલ તો કર એકવાર કે આ તત્ત્વ કોણ છે? આટલા આટલા વખાણ ચાલે છે આત્માના તો કૂતુહલ તો કર જોવા. આમ ... આ શું છે? આવો આવો આત્મા? જગતની ચીજ ઘણા વર્ષથી જોઈ હોય અને બહાર આવી હોય તો એકદમ જોવા નીકળે બધા. આજ રાણી સાહેબે ઓઝલ મૂક્યો છે, ફરવા નીકળ્યા છે રાજા ને રાણી બેય. ટોળા નીકળે.

કીધું હતુંને. વડિયાના દરબાર છેને, વડિયા નહિ વડિયા? વડિયા ને? વડિયા એનો દરબાર મોટો હુશિયાર અને રાજાઓના છોકરા ભણવા આવે હોં! ત્યાં અમે ગયા હતા ૯૬માં. દર્શન કરવા ... ઠીક કીધું ચાલો. મહારાજ! કાંઈક વ્હોરજો. દરબાર આવ્યા હતા, વ્યાખ્યાનમાં બધા આવ્યા હતા. ૯૬માં. આપણા ભાઈ ત્યાં રહે છેને લખુભાઈ. લખુભાઈ દિવાન હતા કામદાર. માણસો બહુ ભેગું થયું હતુંને. લોકો જાણે રાણી કેવા હશે? એટલે હું અંદર ગયો ત્યાં રાણી કોઠી જેવા હતા મોટા. આ લબડતું આ બધું. રાજા સુખી માણસને. કાંઈ ન મળે. આમ ભદ્રિક બાઈ. અંદર ગયા ત્યારે પગે લાગ્યા. લોકોને મોહ કેટલો છે રાણી કેવી હશે. ખાધે, પીધે આમ શરીર થઈ ગયા આમ લબડતા બધા લોહી, લોહી, લોહી. નહિ રૂપાળું, નહિ નમણું, નહિ રંગ, નહિ કાંઈ, પણ દુનિયાને મોહ. આ ભગવાન ઓઝલમાં પડ્યો એને જોવાને કોઈ દિ' મોહ થતો નથી એને. મોહ એટલે સાવધાની. સમજાણું કાંઈ? કહે છે, ત્રણ લોકમાં તારામાં આનંદ છે એવો ત્રણ લોકમાં ઈન્દ્રમાં પણ છે નહિ.

**'વહ સુખ ક્યા હૈ? જો નિર્વિકલ્પ વીતરાગ પરમ આનંદરૂપ શુદ્ધાત્મભાવ હૈ,...'** સુખની વ્યાખ્યા કરી છે. ભગવાન આત્મા શુદ્ધાત્મા આનંદમૂર્તિ એને અવલોકવાથી એનું શ્રદ્ધા, સમ્યગ્દર્શન કરવાથી, એનું સમ્યગ્દર્શન-પ્રતીત-શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવવાથી કેવું અંતર સુખ થાય? **'નિર્વિકલ્પ વીતરાગ પરમ આનંદરૂપ શુદ્ધાત્મભાવ હૈ,...'** રાગ વિનાનો વીતરાગી શુદ્ધાત્મભાવ તેને સુખ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શુભ-અશુભ વિકલ્પની ચિંતાના ભાવને રાગવાળું દુઃખ કહે છે. કહો, ભીખાભાઈ! આવો આત્મા હશે? ક્યાં વયો ગયો? એક જણ કહે, ધોયેલ મૂળ જેવો ક્યાં વયો ગયો? પણ તેં કોઈ દિ' જોયો નથી, સાંભળ્યો નથી, વિચાર્યો નથી કે હું તે કોણ ચીજ છું. બીજાની કિંમત ટાંકવા જાય કે ફલાણે આવી ચીજ છે. કિંમત ટાંક્નાર કરે કિંમત બીજાની, પણ એ કિંમત ટાંકનારની કિંમત કેટલી છે? ધબો નમઃ. પાંચ પાંચ લાખના હીરાની કિંમત કરે છે કે નહિ? કેટલું પાણી છે એમાં? તારામાં કેટલું પાણી છે કોઈ દિ' જોયું?

ભગવાન આત્મા ઓહો..! શું કહે છે? એ તો અતીન્દ્રિય આનંદની પૂર્ણાનંદ રસથી ભરેલો તત્ત્વ છે. એને એક ક્ષણમાત્ર અનુભવની દૃષ્ટિ કરતાં એ સુખ વીતરાગી નિર્વિકલ્પ પરમ

શુદ્ધાત્મભાવરૂપ દશા પ્રગટે છે એને સુખ કહેવામાં આવે છે. એને ધર્મ કહેવામાં આવે છે લ્યો! ધર્મ એનું નામ છે, ધર્મ કોઈ શુભાશુભભાવ ને પુણ્ય-પાપ ભાવ એ કોઈ ધર્મ છે નહિ. સમજાણું કાંઈ?

'**વહી સુખી હૈ.**' દેખો! એ સુખી છે. કોણ? '**ક્યા કરતા હુઆ યહ સુખ પાતા હૈ...**' સુખ પામે છે '**કિ તીન ગુપ્તિરૂપ પરમસમાધિમેં આરૂઢ હુઆ ધ્યાની પુરુષ હી ઉસ સુખકો પાતા હૈ.**' મન, વચન ને કાયાથી ખસી સ્વરૂપમાં એકાગ્ર થઈ, એકાગ્ર જે શાંતિનું ધ્યાન કરે છે એ ત્યાં સુખને પ્રાપ્ત કરે છે, એ ધ્યાની સુખને પ્રાપ્ત કરે છે. ધર્મી ધર્મનું ધ્યાન કરતા ધર્મના પરિણામમાં સુખ થાય છે. ઓહો..! '**અનંત ગુણરૂપ આત્મતત્ત્વ કે બિના...**' ... મૂળ તો અનંત એટલે દેવનું નામ છે. દેવ પોતે અનંત છે. અનંત એટલે જેનો અંત નથી એવું તત્ત્વ એમ. વસ્તુ પોતે અનંત છે એમ કહેવું છે. આત્માને જ અનંત દેવ કહ્યો પણ પછી એમાંથી કાઢ્યું, એ આત્મામાં અનંત ગુણ છે, સંખ્યાએ અનંત શક્તિઓ પડી છે એમાં. જાણવું, દેખવું, શ્રદ્ધવું, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેત્વ, વિભુત્વ, સ્વચ્છત્વ, કર્તા, કર્મ, કરણ આદિ શક્તિઓ એવી એક આત્મામાં અનંત શક્તિઓ પડી છે, સંખ્યાએ અનંત. સમજાણું કાંઈ? એ સંખ્યાએ એક ભગવાન આત્મામાં અનંતા શક્તિ નામ ગુણ પડ્યા છે ગુણ, ગુણ, તેથી તે દેવને અનંત દેવ કહેવામાં આવે છે. અનંત દેવ છો તું ભાઈ! આહા..હા..!

'**અનંત ગુણરૂપ આત્મ-તત્ત્વકે બિના વહ સુખ તીનોં લોકકે સ્વામી ઈન્દ્રાદિકો ભી નહીં હૈ.**' અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર છે, શક્રેન્દ્ર છે. માથે સુધર્મ દેવલોક છે એના સ્વામી છે. એને બત્રીસ લાખ તો વિમાન છે અંદરમાં. સમજાય છે? એ પણ બધા દુઃખી છે, પરદ્રવ્યને આશ્રયે પરાધીન સ્વપ્ને સુખી નહિ. પર પદાર્થના આશ્રયની કલ્પના તે કોઈ દિ' સુખી નહિ. સમજાણું કાંઈ? એ ઈન્દ્રાદિ પણ સુખી નથી. અને જો સુખ એને છે તો એકલું સમ્યગ્દર્શન અને આનંદનું સુખ છે, ઈન્દ્રાદિના પદનું સુખ નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ?

અહીં તો આંકડો ટાંકે. આની પાસે પાંચ લાખ ને આની પાસે દશ લાખ ને. દશ લાખ થાય તો ઓલા પાસે પચાસ લાખ, ચાલીસ લાખની ખાધ પાડે. એક તો ખાધીલો હોય જાણે કારણ કે, પાંચ લાખની મૂડી કહેવાતી ને હોય લાખની અંદર. એક તો ચાર લાખની ખાડ હોય અંદર અને નભાવતા હોય. એમાં પાંચ થાય તો પાછા ઓલા પાસે પચાસ લાખ એ પિસ્તાલીસ લાખની ખાધ પાડી. ... થાય તો ઠીક પડે. ખાધીલો મટતો નથી કોઈ દિ'. સમજાણું કાંઈ? ભગવાન અંદર આત્મા આનંદનો કંદ જેમાં ખાધ જ નથી કહે છે, જેમાં કોઈ દિ' ખોટ આવે નહિ. આહા..હા..! એવા ભગવાન અનંત ગુણનો નાથ ત્રણ લોકનો સ્વામી ઈન્દ્રાદિ પણ સુખી નથી એવો ભગવાન સુખસ્વરૂપ છે.

'**ઈસ કારણ સારાંશ યહ નિકલા કિ શિવ નામવાલા જો નિજ શુદ્ધાત્મા હૈ,...**' આ ભગવાન જ શુદ્ધાત્મા શિવ (છે), બીજો કોઈ શિવ છે નહિ. '**વહી રાગ-દ્વેષ મોહકે ત્યાગકર ધ્યાન કિયા ગયા આકુલતા રહિત પરમ સુખકો દેતા હૈ.**' એ ભગવાન જ પરમ સુખને આપે છે, બીજો કોઈ શિવ નામનો પરમેશ્વર સુખ આપે છે એવો છે નહિ. સમજાણું? '**સંસારી જીવોંકે જો ઈન્દ્રિયજનિત સુખ હૈ, વહ આકુલતારૂપ હૈ,...**' ઈન્દ્રિયના લક્ષે થતું ભોગનું, આબરૂનું, કીર્તિનું, વિકલ્પનું એ આકુળતારૂપ સુખ છે. '**ઔર આત્મિક અતીન્દ્રિયસુખ આકુલતા રહિત હૈ, સો સુખ ધ્યાનસે હી મિલતા હૈ,...**' '**झाणे पाउणदि जं मुणी णियमा**'. (દ્રવ્યસંગ્રહ ગાથા ૪૭)

ભગવાન આત્મા બહારની ચિંતાના વિકલ્પને સમેટી અંતરમાં એકાગ્ર થાય ત્યાં આનંદ અને ધ્યાનમાં શાંતિ છે. એ ધ્યાન અંતરમાં મળે છે, ક્યાંય બીજેથી મળતું નથી. '**દૂસરા કોઈ શિવ યા બ્રહ્મા યા વિષ્ણુ નામકા પુરુષ દેનેવાલા નહીં હૈ.**' કોઈ શિવ હશે શંકર આત્માને સુખ આપે. કોઈ બ્રહ્મા આપી દે, વિષ્ણુ આપી દે (એમ) છે નહિ. તું જ શિવ, તું બ્રહ્મા અને તું વિષ્ણું. '**આત્માકા હી નામ શિવ હૈ,...**' દેખો! એ ભગવાન જ પોતે કલ્યાણની મૂર્તિ આત્મા તે શિવ છે. પોતે જ બ્રહ્મા છે, બ્રહ્માનંદ સ્વરૂપ છે. વિષ્ણુ બધાને જાણવાની તાકાતવાળો આત્મા પોતે છે. વિષ્ણુ—વ્યાપક. પોતે જ વિષ્ણુ છે આત્મા અનંત ગુણનો ધણી. એવા આત્માનું તું અંતર્મુખ થઈ ક્ષણ તો ધ્યાન કર, એક ક્ષણ તો ધ્યાન કર. તને આનંદ આવશે એવો આનંદ ત્રણ કાળમાં બીજે નથી. માટે આ પરમાત્મા આત્મા જ આરાધવા જેવો છે, બીજું આરાધવા જેવું છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૪, રવિવાર, તા. ૧૨-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૧૭, ૧૧૮, પ્રવચન-૭૪**

પરમાત્મપ્રકાશ, પહેલો ભાગ.

૧૧૭) जं मुणि लहइ अणंत-सुहु णिय-अप्पा झायंतु।
तं सुहु इंदु वि णवि लहइ देविहिँ कोडि रमंतु।।११७।।

જે આત્માનો આનંદ અતીન્દ્રિય આનંદ, આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એનો અતીન્દ્રિય આનંદનો પર્યાય, અનુભવ શાંતિનો એ '**आत्माको ध्यावनेसे महामुनि पाते हैं,...**' મહામુનિ... પરના કાર્ય કરી શકું એવા અભિપ્રાયના શલ્ય રહિત અને રાગના ભાવથી મારું કલ્યાણ થશે એવી પર સન્મુખની અભિપ્રાય દૃષ્ટિથી રહિત અને સ્વરૂપમાં વિકલ્પોની આડમાં જે ભગવાન અંદર પડ્યો છે એને વિકલ્પોની શુભાશુભ લાગણીથી દૂર થઈ, પહેલા શલ્યથી દૂર થઈ કહ્યું. મિથ્યાત્વ શલ્ય. મુનિની વિશેષ વાત લે છેને. ભગવાન આત્મા... બીજાના કામ કરી શકું એવું જે મિથ્યાત્વ શલ્ય જ્યાં સુધી એની બહિર્બુદ્ધિ છે એને અંતર્મુખ દૃષ્ટિનો આનંદ આવવાનો એને અવકાશ છે નહિ. શુભ રાગ એનાથી મને કલ્યાણ થશે એવી પણ બહિર્બુદ્ધિ, મિથ્યાત્વબુદ્ધિ, બહિર્બુદ્ધિ એની છે. એને પણ મિથ્યાત્વના શલ્યને લઈને સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ એને હોઈ શકે નહિ. એ ઉપરાંત શુભાશુભ રાગ એના વિકલ્પના જાળમાં રોકાવાથી વિકલ્પ વિનાની ચીજ વીતરાગસ્વરૂપ ભગવાન એનો આનંદ, એના આનંદ સ્વરૂપનો આનંદ એવા શલ્યમાં અને વિકલ્પમાં રોકાવાથી આવતો નથી. સમજાણું કાંઈ?

'**वह सुख ईन्द्रादि देवोंको दुर्लभ है.**' કેમકે ઈન્દ્રના સુખમાં તો વિકલ્પની જાળ છે. રાગ-દ્વેષની જાળ, રાગમાં એ ઈન્દ્રના, ઈન્દ્રાણીના સુખ છે એમ માને છે. ભલે ઈન્દ્ર ન માને પણ એના વિકલ્પની અંદરમાં અસ્થિરતા ઘણી પડી છે. એટલે કે જે આનંદ ધર્મી જીવને આનંદ સ્વરૂપ આત્મા એના શલ્યને છેદીને નિઃશલ્ય દૃષ્ટિથી આત્માનો આનંદ આવે છે અને એ ઉપરાંત રાગ રહિત સ્થિરતા થઈને જે આનંદ સંતોને આવે છે એવો આનંદ ઈન્દ્રને ઈન્દ્રાસનમાં પણ નથી. સમજાણું કાંઈ?

**અન્વયાર્થ :-** '**अपनी आत्माको ध्यावता,...**' ભગવાન વીતરાગ આનંદનું સ્વરૂપ છે આત્મામાં. વીતરાગી આનંદસ્વરૂપ આત્મા છે. એ વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી સ્થિરતા દ્વારા આત્માને ધ્યાવે છે, આત્માને પોતાની સ્થિરતામાં પ્રકાશરૂપે આનંદરૂપે છે એમ દેખે છે. '**परम तपोधन (मुनि)...**' જેને આત્માના આનંદની દશા પ્રગટરૂપ વર્તે તે એને ધન છે. સમજાણું કાંઈ? નિજાનંદ ભગવાન આત્મા એને અંતર્મુખના.. બહિર્મુખના ભાવને હટાવી અંતર્મુખના અભિપ્રાય અને સ્થિરતામાં રમે છે એ પરમ, '**अनंतसुख पाता है,...**' એ આત્માના અનંત આનંદને (પ્રાપ્ત કરે છે). મુનિની ઉત્કૃષ્ટ દશાએ વાત કરી છે. સમ્યગ્દર્શનમાં પણ આનંદ છે. જેટલો મિથ્યા શલ્યની આડમાં પડ્યો હતો ભગવાન, એને છોડીને અને જેટલી અસ્થિરતા અનંતાનુબંધી હતી એટલી છોડીને જેટલો સ્વરૂપમાં એકાગ્ર થાય છે એટલો સમ્યગ્દૃષ્ટિને પણ આનંદ અતીન્દ્રિય હોય છે. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ. જે આ આત્મામાં... કહ્યુંને પહેલું કે, મિથ્યાશલ્ય, મારા સિવાયના બીજા પદાર્થોની દશા હું કરી શકું એવું શલ્ય અને રાગથી-

પુણ્યનો વિકલ્પ બહિર્મુખની વૃત્તિથી મારા અંતર્મુખના ચૈતન્યનો લાભ થાય એવી મિથ્યા શલ્યને છોડી, સમ્યક્ એવી નિઃશલ્ય વૃત્તિને પ્રગટ કરી, સ્વભાવ સન્મુખમાં નિઃશલ્ય સમ્યક્‌ને પ્રગટ કરી જે સમ્યગ્દષ્ટિને આનંદ આવે છે એવો આનંદ જગતના કોઈ વિષયમાં નથી. પણ અહીં તો મુનિના આનંદ સાથે ઈન્દ્રોને મેળવે છે. મુનિને આ ધર્મ કહેવાય છે હોં ધર્મ. આ ધર્મ કેવો? સમજાણું કાંઈ?

મિથ્યા અભિપ્રાય અને રાગ-દ્વેષના પરિણામ એ અધર્મ છે. ભગવાન આત્મા વીતરાગી આનંદની મૂર્તિ એને સમ્યક્ અભિપ્રાય દ્વારા દૃષ્ટિમાં લઈ અને સ્થિરતા દ્વારા એમાં આચરણ કરી અને જે અતીન્દ્રિય આનંદનો અંશ આવે છે એને ભગવાન મોક્ષનો માર્ગ અને ધર્મ કહે છે. એ કરતાં મુનિને ત્રણે ભેગા થયા એટલે મુનિની વાત કરે છે અહીંયા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ મોક્ષનું કારણ છેને? સમજાણું કાંઈ? એટલે મુનિને તો શલ્ય ગયા, અસ્થિરતા અનંતાનુબંધીની ગઈ, એટલું નિઃશલ્ય દૃષ્ટિ અને સ્થિરતાનો અંશ થયો. એ ઉપરાંત સ્વરૂપને પકડવાની સ્થિરતા વિશેષ જામી છે. આનંદમૂર્તિ ભગવાનને લીનતામાં વિશેષ પકડ્યો છે. એથી મુનિને દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિમાં ભગવાન બિરાજમાન છે એથી એને પરિણતિનું, આનંદનું સુખ એટલું છે. ઈન્દ્રો ને કરોડો અપ્સરાઓના વિકલ્પમાં છે એ તો દુઃખ અને ઝેર છે. સમજાણું કાંઈ?

એ કહે છે, જે અનંત સુખ સંતો... 'સુખીયા જગતમાં સંત દુરીજન દુઃખીયા રે.' આવે છે કે નહિ? સુખીયા જગતમાં સંત. આત્માના અતીન્દ્રિય આનંદને પકડીને લીનતાના આનંદને વેદે છે, બસ એ જીવ સુખી છે. દુરીજન દુઃખીયા—એ મિથ્યા શલ્ય અને રાગ-દ્વેષમાં રમી રહ્યા છે એવા દુર્જનો દુઃખી છે. શેઠિયાને શું? એ.. ...ભાઈ! ક્યાં નાખવા શેઠિયાને? લ્યો આ મલૂકચંદભાઈ કહે છે. ભગવાન આત્માનો અનંત ગુણ સત્ સમાજ, એને નિશ્ચિંત થઈને જ્યાં અંતર દૃષ્ટિએ આત્માને લીધો, અનુભવ્યો એ સંત છે. ચોથા ગુણસ્થાનવાળો પણ એક જઘન્ય સંત છે. અહીંયાં ચારિત્ર સહિતની વિશેષ ઉગ્રતા બતાવવી છે.

અહો..! જેમાં આત્મ વીતરાગી આનંદનો કંદ જ પડ્યો છે એમને એમ ભગવાન. એને સ્થિરતા દ્વારા, શલ્ય છોડીને સ્થિરતા દ્વારા અનુભવ્યો એણે જે, અનંત શબ્દ વાપર્યો છેને તેથી, અનંત સુખ, અનંત સુખ, ચારિત્ર સહિતનું સુખનું શું કહેવું! ઓહો..હો..! સમજાય છે કાંઈ? એ અનંત સુખ એટલે કે ધર્મ એટલે કે મોક્ષનો માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષના માર્ગમાં આનંદ છે, દુઃખ નથી. પૂર્ણ અતીન્દ્રિય આનંદનું કારણ એવો માર્ગ એ અતીન્દ્રિય આનંદની પર્યાયને કારણે પૂર્ણ આનંદ પ્રગટે છે. સમજાય છે કાંઈ? આચાર્યે જરીક સુખથી ઉપાડી છે વાત. ચારિત્રવંતને આનંદથી ઉપાડીને વાત (કરે છે).

પરમાત્મપ્રકાશ છેને. ભગવાન પરમાત્મા વીતરાગી આનંદની મૂર્તિ પ્રભુ. અનાદિ હોં! અનાદિ. એને આ વિકલ્પની જાળ આડે નહોતો અનુભવ્યો એ વિકલ્પની જાળમાંથી નીકળી અને 'આ વસ્તુ, આ વસ્તુ' એમ સમ્યગ્દૃષ્ટિ વીતરાગી પર્યાય દ્વારા એને અનુભવે, એથી વીતરાગી સ્થિરતા દ્વારા આત્માને વધારે અનુભવે ચારિત્રવંત, એના આનંદને અતિ અનંત આનંદ કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આ મોક્ષમાર્ગ વળી આનંદમાં સમાડી દીધો. સમજાણું કાંઈ? બંધમાર્ગ દુઃખમાં અને મોક્ષમાર્ગ આનંદમાં. સમજાણું કાંઈ? મિથ્યા શલ્ય અને રાગ-દ્વેષના ભાવ એ દુઃખરૂપ છે, એ બંધમાર્ગ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદનો સાગર પ્રભુ એને જેણે શલ્ય અને અસ્થિરતા છોડી નિઃશલ્ય દૃષ્ટિ અને સ્થિરતા દ્વારા જેણે અનુભવ્યો, કહે છે કે એ આનંદ અનંત છે. એ આંશિક અતીન્દ્રિય આનંદ પૂર્ણ અતીન્દ્રિય અનંત આનંદ(રૂપ) મોક્ષ એનું એ કારણ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં છઠ્ઠેથી માંડીને વાત છે. ... અહીં તો જરી ચારિત્રને ભેળવીને વાત કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગને તો એ રીતે વાત કરે છે. છઠ્ઠે, છઠ્ઠે. ચોથેથી જ અહીં તો વાત ઉપાડી છે પહેલી તો. ચોથે ચારિત્રની વિશેષતા, અધિકતા નથી. એથી આચાર્ય મહારાજ જરી ચારિત્ર સહિતનો આનંદ, દર્શન-જ્ઞાનના સ્વરૂપના આચરણનો આનંદ એ ઉપરાંત ચારિત્ર સહિતનો જે આનંદ એ ઘણો આનંદ છે એમ (કહે) છે.

કોઈ એમ કહે કે, અહો..! મુનિને તો બહુ પરિષહ બહુ સહન કરવાના હોં! એની સામે આ વાત કરે છે ભાઈ! ... મુનિપણું શું છે એની તને ખબર નથી. ઓહો..! કેટલા કષ્ટ સહન કરવા મુનિને. ઉઘાડે પગે ચાલવા, આવા ખોરાક ટાઢાના ઊના મળે, ઊનાના ટાઢા મળે. ભાઈ! મુનિપણાની વ્યાખ્યાને તું સમજતો નથી. સમજાય છે? એ મોક્ષમાર્ગે રમતા મુનિની દશા કેવી તને ખબર નથી. મુનિ તો સુખના આનંદમાં ઝુલે છે એને મુનિ કહે છે. આનંદમાં રમે તેને મોક્ષનો માર્ગ કહે છે. દુઃખ છે ને આ છે, એ તું રહેવા દે એ વાત. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એને કાંઈ હવે... એક ડોશી કહેતા હતા, હવે પછી એને કાંઈ શિયાળાના પાક મળે સાધુ થયા પછી? અહીં તો પાક થાય, મોહનથાળ, મેસુબ, ... દીક્ષા લીધા પછી એ મળશે નહિ. દુઃખી. અહીં તો સવારમાં શિયાળા હોય તો સાલમપાક કરે... શું કહેવાય? મુસળીપાક તૈયાર કરે. હંમેશા દોઢ-દોઢ પાશેર ચઢાવે સવારે. દસ જણા હોય તો ચાર શેર ચાર શેર ... સાધારણ હોય અને ન કરે તો જુદી વાત છે. સમજાણું કાંઈ? અરે..! દીક્ષા લીધા પછી કાંઈ આ મળે એવું છે? લ્યો આ ઓરતો. અરે.. ભાઈ! દીક્ષા એટલે શું? અતીન્દ્રિય આનંદની રમતમાં રમવું એનું નામ દીક્ષા છે. અરે..! ભાઈ! સમજાણું કાંઈ? કાંઈ લુગડાં છોડ્યા એ દીક્ષા

નથી, નગ્નપણું એ દીક્ષા નથી, અંદર પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે એ પણ દીક્ષા નથી. એ તો દુઃખરૂપ દશા છે, દુઃખરૂપ દશાને દીક્ષા કેમ કહેવાય? આહા..હા..!

કહે છે, '**કરોડ દેવિયોંકે સાથ...**' જુઓ પાછા એક તો ઈન્દ્રાણીઓ, એક તો ઈન્દ્ર એને તો બત્રીસ લાખ વિમાન ન્યાં .. એવી સાહ્યબી. અરે..! સાહ્યબા ધૂળના બાપુ! એના તરફનો વિકલ્પ તે દુઃખની જાળ છે. એ બંધના માર્ગમાં પડ્યો છે એકલો. સમજાય છે? મુનિ આત્માના આનંદના ઝરણાને એ પીવે છે અંદરમાં, સુધારસ નિર્વિકલ્પ આનંદરસ પીવે છે. સમજાણું કાંઈ? એને મુનિ કહીએ, એને મોક્ષમાર્ગી કહીએ બાપુ! મુનિ અને મોક્ષમાર્ગ કોઈ આકરી ચીજ છે. આકરી એટલે દુઃખની એમ નહિ. ઉત્કૃષ્ટ પુરુષાર્થે પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? કહે છે, '**દેવિયોંકે સાથ રમતા હુઆ નહીં પાતા.**'

**ભાવાર્થ :-** '**બાહ્ય ઔર અંતરંગ પરિગ્રહસે રહિત...**' ચારિત્ર સહિતની વાત લેવી છેને. ઓહો..! જેટલો પરિગ્રહ અભ્યંતરથી મિથ્યાત્વનો ગયો અને જેટલો પરિગ્રહ અંદરથી અસ્થિરતાનો ગયો એટલા પ્રમાણમાં એને બાહ્યના નિમિત્તનો સંબંધ પણ ગયો. એ બાહ્ય અભ્યંતર કહ્યું. સમજાણું કાંઈ? જેટલો અંદરમાં ભગવાન આત્મા આનંદ સ્વરૂપને પકડ્યો સમ્યગ્દર્શન દ્વારા એટલું મિથ્યાત્વ ગયું અને મિથ્યાત્વના નિમિત્ત સંબંધે કુગુરુ, કુદેવ, કુશાસ્ત્ર પણ સંબંધમાંથી ગયા અને સ્વરૂપમાં જ્યાં સ્થિરતા (થઈ), અતીન્દ્રિય આનંદની મૂર્તિ ભગવાન આત્મા એને જ્યાં ચૂસવા લાગ્યો સ્થિરપણે એટલી અસ્થિરતા ગઈ અને એના પ્રમાણમાં સંયોગોમાં એને વસ્ત્ર ને પાત્ર આદિના નિમિત્તો હતા એ પણ સંબંધમાં રહ્યા નહિ. સમજાણું કાંઈ? બાપુ! મોક્ષનો માર્ગ—ધર્મનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકો એ કલ્પીને બેઠા છે એવું એ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**બાહ્ય ઔર અંતરંગ પરિગ્રહસે રહિત નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ...**' દેખો! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ એવો શુદ્ધાત્મા એની ભાવના. જુઓ! 'નિજ શુદ્ધાત્મા' એમ શબ્દ પડ્યો છે. પોતાનો શુદ્ધાત્મા ભગવાન પૂર્ણ અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ છે એની ભાવના—એની અંતર એકાગ્રતા. જેમ રાગમાં ને શલ્યમાં એકાગ્રતા હતી એ નિઃશલ્ય દૃષ્ટિ અને સ્થિરતામાં એકાગ્રતા થઈ. એનાથી ઉત્પન્ન થયું. '**વીતરાગ પરમાનંદ સહિત મહામુનિ જો સુખ પાતા હૈ,...**' એ અંતર દશામાં જે આનંદને મહા મુનિઓ પામે છે. વીતરાગ પરમાનંદ જોયું? રાગ વિનાનો આનંદ. દુનિયાના ભોગના ને ફોગના આ બધા માને છે કલ્પનાના એ તો રાગવાળા આનંદ એટલે દુઃખ છે. સમજાણું કાંઈ? આ કરોડોપતિઓ ને અબજોપતિઓ, અમે સુખી છીએ ને મોટરમાં ... માને છેને? એ વિકલ્પ છે એ દુઃખરૂપ, દુઃખરૂપ દશા છે. આ દશા રાગ વિનાના પરમ આનંદને અનુભવે છે મુનિ. ઓલો રાગવાળું

દુઃખ અનુભવે છે ગૃહસ્થ ને ઈન્દ્ર. આ ભગવાન આત્મા તરફના ઝુકાવમાં રાગ વિનાનો પરમ આનંદ સહિત મહામુનિ સુખને પામે છે. આહા..! સમજાણું કાંઈ?

'**ઉસ સુખકો ઈન્દ્રાદિ ભી નહીં પાતે.**' ઈન્દ્રાદિ ક્યાંથી પામે? ઈન્દ્રાદિને ભલે સમ્યગ્દર્શન આદિનું સુખ છે, (પણ) આટલું સુખ એને નથી અને ઈન્દ્રાણીઓના લક્ષમાં જેટલો વિકલ્પ જાય છે એટલું તો દુઃખને વેદે છે. સમજાણું કાંઈ? '**જગતમેં સુખી સાધુ હી હૈં, અન્ય કોઈ નહીં.**' લ્યો! '**યહી કથન...**' ઓલામાં પણ આવે છેને. વીતરાગી સાહુ. એકાંત સુખી મુનિ વીતરાગી આવે છેને? પણ કોને કહેવો ઈ? આ લુગડાં છોડીને બેઠા એને? એણે અંદર મિથ્યાત્વ ને રાગ-દ્વેષની લાગણીઓના લુગડાં છોડ્યા નથી. સમજાણું કાંઈ? મિથ્યાત્વ એટલે શુભભાવમાં આનંદ માનનારો અને અભિપ્રાયમાં પરપદાર્થની ક્રિયા કરવાના મહાકામી અનંત પદાર્થમાં કરવાના અભિપ્રાયે રોકાયેલો એ સ્વપદાર્થમાં આવી શકતો નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, ... સુખી મુનિ વીતરાગી. આત્માના આનંદની પ્રતીતિનું ભાન ઉપરાંત જેને સ્થિરતાનો આનંદ આવ્યો છે એ જગતમાં સુખી, બાકી બધા શેઠિયા, બાદશાહ બધા દુઃખી. શું હશે આમાં? બહુ સુખી છે, પૈસા આટલા બધા, હુતો ને હુતી બે જણા. મોટા બબ્બે લાખના બંગલા, ખાઈને પૂરું નહિ પડે. સુખી બહુ, કહે માણસ લ્યો! આહા..! ભાઈ! સુખની વ્યાખ્યા શું? સુખની વ્યાખ્યા એટલે એનું સ્વરૂપ શું? સુખ તો ભગવાન આત્મામાં છે. એ આનંદને ન પહોંચી વળે ત્યાં સુધી એને સુખી કહેવો કેમ? સમજાણું કાંઈ? આહા..હા..! પહેલો તો દૃષ્ટિમાં આનંદસ્વરૂપ છે એમ જ્યાં હજી ભાન ન આવે એને સ્વરૂપમાં ઠરવાની દશા કઈ રીતે આવે? આનંદ જેને દૃષ્ટિમાં લલચાવે નહિ, આ આનંદ છે એમ દૃષ્ટિમાં જ્યાં લાલચ આવી એટલે આનંદમાં જમવામાં સ્થિરતા થાય એને ચારિત્ર થાય. સમજાય છે કાંઈ? ઈ આનંદનું ભાન જ્યાં નથી, કેની કોર જાવું ને શું છે આનંદ એને ક્યાં ઠરવું એની એને ખબર નથી. એ રાગ ને દ્વેષ વિકલ્પોમાં ઠરે એ તો સંસાર અજ્ઞાન વિકાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદને જે અંતરની દૃષ્ટિ દ્વારા સ્થિરતાથી સંતો ભાવલિંગી મુનિઓ (ભાવે છે) એ સુખી એક જ છે. એવા સુખી છે ભલે ગમે એટલા હો, એ સિવાય ગમે એટલા બીજા પણ દુઃખી છે. '**શાસ્ત્રોંમેં ભી કહા હૈ—**'

दह्यमाने जगत्यस्मिन्महता मोहवह्निना।
विमुक्तविषयासंगाः सुखायन्ते तपोधनाः।।

'**ઈસકા અર્થ ઐસા હૈ કિ મહામોહરૂપી અગ્નિસે જલતે હુએ...**' દેખો! ભગવાન આત્મા આનંદસ્વરૂપની દૃષ્ટિ છોડી અને આ પુણ્ય ને પાપના રાગ ને સંયોગમાં સુખ છે એવી માન્યતા એ મહામોહની અગ્નિથી સળગી રહ્યા છે જીવો. સમજાણું કાંઈ? '**મહામોહરૂપી અગ્નિસે**

**જલતે હુએ ઈસ જગતમેં...'** ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એના અનાદરથી અને વિકાર અને સંયોગના આદરથી મહામોહની અગ્નિએ ઝળ્યા, બળ્યા જીવો. **'દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી સભી દુ:ખી હૈં,...'** બધા દુ:ખી છે. એ બધા દુ:ખના વર્ગમાં પડ્યા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા મોહ ને રાગ રહિતનો ચિંદાનંદ પ્રભુ એની જેને અંતર દૃષ્ટિ અને સ્થિરતા આવી નથી એવા ભગવાન પરમાનંદ સ્વરૂપ પોતે તેનો અનાદર કરી અને પુણ્ય-પાપના વિકલ્પ ને ભોગના વિષયમાં પ્રેમમાં પડ્યા છે એ મહામોહની અગ્નિથી જળ્યા ને બળ્યા છે. સમજાણું કાંઈ? નિગોદના જીવ સ્વરૂપની અસાવધાનીના ભાવે પરમાં સાવધાનીના ભાવે પડ્યા છે તે દુ:ખી છે. એમ રાજા, શેઠ, રાંક ભગવાન આત્માના અસાવધાનીના ભાવે પરના સાવધાનીના અગ્નિમાં સળગીને બળી રહ્યા છે. સાચું હશે આ? રોતા તો નથી કોઈ, દુ:ખી હોય તો રોવેને? હેં? શાંતિભાઈ! ભાન ક્યાં છે પણ એને? દેખાતું નથી? ઝાંવા નાખે છે આમ લઉં ને આમ લઉં વિકલ્પની જાળ ઊભી કરી કરીને અગ્નિ સળગે છે દેખાતી નથી એને. મોહનભાઈ! ભારે વાત ભાઈ આ. સમજાણું કાંઈ?

કહે છે, એ જગતમાં મહામોહરૂપી અગ્નિ.. મિથ્યાત્વની લેવી છેને અહીંયાં. જેને ભગવાન ચિદાનંદનો આદર નથી જેના અભિપ્રાયમાં, એના અભિપ્રાયમાં તો અલ્પજ્ઞ, રાગ-દ્વેષ અને સંયોગનો જ આદર છે. અગ્નિ સળગે છે વિકલ્પમાં કહે છે. કષાયની અગ્નિએ બળી રહ્યો છે. આહા..હા..! એ.. ભીખાભાઈ! શું કહ્યું આને? અહીં તો જરી બે, પાંચ લાખ જ્યાં મળે ને જ્યાં બે, ચાર છોકરા સારા રૂપાળા થાય ને કાંઈક મોટરો લાખ લાખ રૂપિયાની પાંચ ભેગી કરી હોય ને... સુખી છીએ. જ્યાં સુખ છે એની ખબરું નથી અને જ્યાં દુ:ખના નિમિત્તો ત્યાં ઝાંવા નાખે છે. આહા..હા..! કહે છે, ભગવાન એ તો મહા અગ્નિથી દુ:ખી છે.

**'ઔર જિનકે તપ હી ધન હૈ,...'** લ્યો! હવે જેને તપ ધન છે એટલે આત્માના આનંદની દૃષ્ટિ કરી છે અને આત્માના આનંદમાં સ્થિરતારૂપી ભાવ પ્રગટ કર્યો એ તપોધન મુનિ કહેવાય છે. આ તપોધન હોં! જેની પાસે તપસ્યા એટલે ઈચ્છા નિરોધ અને આત્માની શાંતિ ને આનંદનું પ્રગટપણું, ઈચ્છાનો અભાવ ને અનિચ્છા એવો આત્માનો સ્વભાવ એનું પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું પ્રગટ થવું એ તપોધન છે. એની પાસે અનંત આનંદની લક્ષ્મી પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બહારથી કાળામશ શરીર હોય, બાવળ હેઠે બેઠો હોય અને... સમજાય છે? હેઠે કાંકરા હોય. મોરપીંછી કાંઈ કાંકરા કાઢવામાં કામ ન આવે. એ તો સાવરણીનું કામ કર્યું એણે. એ તો ઉપકરણ ન થયું, અધિકરણ થયું. એ તો શરીરમાં કોઈ જીવાત આદિ હોય તો ... કાંકરા વાળે અને કાંકરા કાઢીને બેસે એમ ન હોય.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કાંટા-બાટા પણ કાઢે નહિ. એ તો સાવરણીનું કામ કરે. આહા..હા..! અહીં તો બતાવવું છે કે, એવો સંયોગ બહાર હોય એવો એ બીજાને એવું લાગે કે, આ? પણ અંદરમાં અતીન્દ્રિય આનંદમાં મશગૂલ છે તે સુખી છે એમ કહેવું છે. હેઠે કાંટા નથી કાઢ્યા, કાંકરા નથી કાઢ્યા. એ કાંઈ મોરપીછી કાંટા, કાંકરા કાઢવા માટે નથી. એ તો એક જરીક કોઈ વિકલ્પ આવે, અડી શકે નહિ તો આમ કરવા માટે છે અથવા કોઈ જીવ નીચે હોય, આમ જરી આઘો (કરવા) માટે છે. એવી સ્થિતિમાં બેઠેલો પણ જત્ના કરીને અંદરમાં બેઠો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! આતમના માહાત્મ્ય જેણે દૃષ્ટિમાં લીધા ને એ ઉપરાંત સ્થિરતામાં લીધા જેણે. એ આગળ કહેશે. મુનિના મનમાં ભગવાન વસે છે કહે છે. રાગ ને પુણ્ય ને સંયોગ વસતા નથી. ધર્મીના જ્ઞાનમાં સંયોગ ને રાગ-દ્વેષ નથી વસતા. ધર્મીના જ્ઞાનમાં ભગવાન પરમાત્મા પોતે નિજ-આત્મા વસે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોશિયાર એટલે? અણ અભ્યાસે મુશ્કેલ. વસ્તુ ઘરની છે એમાં મુશ્કેલ શું? ઘરની મેળવવી મુશ્કેલ (ન હોય), કો'કની મેળવવી હોય તો મુશ્કેલ કહેવાય. પણ એને અભ્યાસ નથીને. એ અભ્યાસ કરવો જેવો આ છે એવી એને કિંમત પણ થઈ નથી. આમને આમ રોકાઈ ગયો છે બહારમાં ને બહારમાં અનાદિથી. સમજાણું કાંઈ? કાં જગતને રાજી કરવા રોકાણો, જગતને રાજી કરવા ને કાં જગતથી રાજી થવા. બસ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અર્થ... સંકેલવું શું કરવા? કે, આ વસ્તુ આનંદમય છે એમાં ઠરવા એમ ... એટલે ઓલું નક્કી કરે ત્યારે થાયને. આત્મા અતીન્દ્રિય આનંદ છે, એની લાલચ લાગી છે એ સ્થિરતા માટે વૃત્તિઓને સંકોચે છે એમ એનો અર્થ છે. ... એમ નહિ. અતીન્દ્રિય આનંદ આત્મા છે એનું સમ્યગ્દર્શનમાં પહેલું ભાન થાય, એથી દૃષ્ટિમાં આત્માને લાલચ લાગી આત્માના આનંદની. આનંદ અનુભવવાની લાલચ લાગી, એ આનંદ અનુભવ એને ખેંચે છે સ્થિરતામાં. આહા..હા..! સમજાણું? વાત લાગે મોટી, પણ વસ્તુ આવી જ છે હોં! તું એવો છો. ન માન તો એવો છો ને માન તો એવો છો. છો એવો છો. છે એવો કોઈ દિ' કાંઈ બીજો થઈ જાય એવું નથી. આહા..!

અહીં એક જરીક શુભ રાગ કર્યો હોયને તોપણ બીજાને બતાવવાનું કામી થઈ જાય. મેં આમ કર્યું છે હોં! મેં જોવો દયા પાળી, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી, અરે..! શુભ રાગ કરીને પણ બતાવવું પ્રસિદ્ધ થાવું છે એને આત્માની પ્રસિદ્ધિ ક્યાં કરવી છે? સમજાણું કાંઈ? ભગવાન આત્માની પ્રસિદ્ધિ કાંઈ રાગ દ્વારા થાય? રાગ રહિત થઈને દૃષ્ટિ કરે તો થાય. એ

પણ મારે આમ કરવું પડે ને કરવું પડે એમ નહિ, એ તો હઠ થયો. આ વસ્તુ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા સાગર ભરેલો છેને, એ જ હું છું ને એ જ હું છું. હવે એ હું છું એમાં મારે રહેવું. એ તો એની દશા સહજ શ્રદ્ધા, જ્ઞાનમાં આવી જાય. આહા..હા..!

**'તપ હી ધન હૈ,...'** આહા..હા..! એણે અંદર લક્ષ્મીના પટારા ખોલ્યા. અતીન્દ્રિય આનંદનો કંદ ભગવાન એને સમ્યગ્દર્શન દ્વારા મિથ્યાત્વના તાળા તોડી ખજાનો જોયો કે આ તો ખજાનો અનંત આનંદનો કંદ છે. હવે આમાં જેટલો એકાગ્ર થાઉં એટલો આનંદ આવે. લલચાવે છે એ આનંદ એને. બહારની લાલચ એને છૂટી જાય છે. અસ્થિરતાની જરી રહે છે, પણ એમાં એને પ્રેમ રહેતો નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા એને જેણે પ્રગટ કર્યો પર્યાયમાં ઉગ્ર સ્થિરતા દ્વારા, એ તપોધન છે, લક્ષ્મીવાળો છે. લ્યો! આ બીજાને બનાવ્યા ભિખારી. છતે પૈસે ભિખારી. છતે પૈસે હતા કે દિ' પૈસા એના બાપના? એ તો જડના હતા. છતો પૈસો તો ભગવાન છતો આનંદ અને જ્ઞાનની મૂર્તિ છતી વસ્તુ છે તારી. એ છતાંને છતો માન્યો એને લક્ષ્મી પ્રગટ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો તે ધર્મ કેવો આ? કહે છે, **'તથા સબ વિષયોંકા સંબંધ જિન્હોંને છોડ દિયા હૈ, એસે સાધુ મુનિ જગતમેં સુખી હૈં.'** લ્યો! સમજાણું? હવે જિનવરનો દાખલો જરી આપીને ઊંચો કરે છે એને.

११८) अप्पा-दंसणि जणवरहँ जं सुहु होइ अणंतु।
तं सुहु लहइ विराउ जिउ जाणंतउ सिउ संतु।।११८।।

**'આગે, વૈરાગી મુનિ...'** એટલે રાગાદિનો અભાવ કરીને સ્વરૂપના પૂર્ણ અસ્તિત્વના સ્વભાવને આશ્રયે પડે છે એ પરથી જેને વૈરાગ્ય થઈ ગયો છે, પુણ્ય-પાપના વિકલ્પથી પણ જેને વૈરાગ્ય છે. **'નિજ આત્માકો જાનતે હુએ નિર્વિકલ્પ સુખકો પાતે હૈં—'** એ નિર્વિકલ્પ એટલે આનંદને પામે, વીતરાગી આનંદને પામે છે, એ કહે છે.

**'અન્વયાર્થ :- નિજ શુદ્ધાત્માકે દર્શનમેં...'** અહો..! ભગવાન નિજ શુદ્ધ પ્રભુ એના દર્શનમાં. સમજાણું? **'જો અનંત અદ્ભુત સુખ મુનિ-અવસ્થામેં જિનેશ્વરદેવોંકે હોતા હૈ,...'** **'छद्मस्थावस्थायां'** છેને પાઠ? છદ્મસ્થ અવસ્થા. ભગવાન તીર્થંકરનો દાખલો આપ્યો હોં! આહા..! જેને ઘરે છ છ ખંડના રાજ હતા. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. છન્નું હજાર પદમણી જેવી સ્ત્રીઓ હતી. એ તો પર હતા. એના પ્રત્યેનો જરી અસ્થિરતાનો વિકલ્પ હતો એ છોડી જિનવરે જ્યારે આત્માને સ્થિરતા દ્વારા જોયો એ દીક્ષા કાળે, કહે છે, જે અનંત આનંદ આવ્યો તીર્થંકરને.. દાખલો તીર્થંકરનો જિનવરનો આપ્યો. આહા..હા..! એ તીર્થંકર પણ જ્યારે દીક્ષા કાળે આનંદને જે અનુભવ એમ કહે છે. હળવા થઈ જાય છે આમ. પર તરફની લાગણી હતીને એ છૂટી જાય છે. આત્માના આનંદની અનંત લહેર જ્યાં દીક્ષિત કાળે થાય છે એને દીક્ષા કહેવામાં

આવે છે. જુઓ! અહીં મુનિની વાત લીધી છે. શ્રેણી-ફેણીની વાત નથી ઉપલી. આ તો દીક્ષાનો કાળ લીધો જુઓને પાઠ છેને, છેને? ત્યારે દીક્ષા કાળ ક્યારે હોય? છઠ્ઠે ગુણસ્થાને દીક્ષા કાળ હોય... પછી ધ્યાનમાં સાતમે જાય. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો પરમાત્મપ્રકાશ છેને! પોતે જ પરમ આત્મા એટલે પરમ આનંદની મૂર્તિ એવો પરમાત્મા એને અંતરમાં દૃષ્ટિમાં લઈ અને અંતરમાં વૈરાગ્ય કરી રાગ-દ્વેષથી પાછા હટી ઠરે છે એવો વીતરાગ તીર્થંકર ત્રિલોકનાથ પરમેશ્વર પણ દીક્ષા કાળે જે અનંત આનંદને (વેદે છે). લોકો એમ કહે કે, અરે..રે..! સગવડતા ગઈ બધી. આ રાણીઓ ગઈ, આ રાજ ગયા, આ લુગડાં, કપડા ગયા, ઝવેરાત ગઈ, એ હાથીને હોદ્દે ભગવાન બેસતા ગૃહસ્થાશ્રમમાં એ હાલવામાં બેસવાના હાથી ગયા. કહે છે કે, તને ખબર નથી. એ દીક્ષા કાળમાં જે અનંત આનંદને અનુભવે છે. સમજાય છે?

'**વહ સુખ વીતરાગભાવનાકો પરિણત હુઆ મુનિરાજ...**' આહા..હા..! એવું જ સુખ. તીર્થંકરોને મોટા પુણ્ય છેને! બહારમાં જેને ઈન્દ્રો સેવક, મિત્ર નહિ. ચક્રવર્તીને ઈન્દ્રો આદિ મિત્ર હોય છે. તીર્થંકરને તો ઈન્દ્રો સેવક હોય છે આમ. પ્રભુ ત્રણ જ્ઞાનના ધણી ગૃહસ્થાશ્રમમાં હોય ત્યાં પણ બાળક હોય તો ઈન્દ્રો આમ... પ્રભુ. એવી જેને સંયોગની સ્થિતિ, એ જ્યારે સંયોગના લક્ષને છોડે છે એમ કહે છે. એ સંયોગના લક્ષમાં પડ્યા ત્યારે તો એટલું હજી અસ્થિરતાનું દુઃખ હતું. એમ કોઈ કહે કે ઓહો..હો..! શું પુણ્યની સામગ્રી તીર્થંકરને! સ્વર્ગમાંથી આહાર આવે, વસ્ત્ર આવે, દાગીના આવે. એ અહીંના ન લે. ઉત્કૃષ્ટ પુરુષ છેને. માટે સંયોગના સુખમાં એ સુખી હશે. ભાઈ! એ સંયોગ તરફનો જેટલો વિકલ્પ હતો એટલું દુઃખ હતું. એથી કીધું કે, એવા સંયોગના લક્ષના વિકલ્પને છોડી, સ્વરૂપના લક્ષમાં દીક્ષા કાળે સ્થિર થયા ત્યારે મોટો આનંદ આવ્યો એને. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોને એમ થાય, ઈન્દ્રો જેના સેવક! ભગવાન જન્મે (ત્યારે) ઈન્દ્રો આવે અને દેવને મૂકી જાય સેવા માટે. કોઈ પણ આ પુરુષનું નામ પ્રતિકૂળ કરશે તો છેદી નાખશું. ઈન્દ્રો આવીને કહે. સગવડતા હશેને એટલી? ... ચારિત્રનું વર્ણન કરવું છેને. સમજાણું કાંઈ? બાપુ! એ બધી સામગ્રી ભલે સ્વર્ગના ભોજન આવે, ત્યાંના દાગીના (લાવે), એ તરફનું લક્ષ છે, વૃત્તિ છે એ દુઃખરૂપ છે, એ શાંતિ નથી. તીર્થંકરોને પણ એ સગવડતાના લક્ષમાં શાંતિ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એના જેવા તો પુણ્ય બીજાના હોય નહિ. લ્યો ઈ આવ્યું, સવારમાં આવ્યું હતું. રસ્તામાં આવ્યું હતું. તીર્થંકરનું ઉત્કૃષ્ટ પુણ્ય, ચક્રવર્તીને એથી ઓછું, વાસુદેવને એથી ઓછું, બળદેવને એથી ઓછું, પ્રતિવાસુદેવને એથી ઓછું. છે બધા મોક્ષના ગામી. સવારમાં વાત ચાલતી હતીને. ...

અહીં તો આચાર્ય મહારાજ એમ કહે છે, એ જિનેશ્વરનો દીક્ષા કાળ એ તે આનંદમય

છે કે કેવો છે? એમ કહે છે. જે આવી સગવડતાનો કાળ છોડી દે છે. સમજાણું કાંઈ? ઈન્દ્રો સ્વર્ગમાંથી આહાર લાવે. અહીં એને હજી બાયડી રાંધે ત્યારે લેવાય, મળે. ... ઈ કહે છે કે, એ બધી સગવડતા ઉપરની વૃત્તિ હતીને એ દુઃખ હતું. એ છોડીને આનંદમાં આવ્યા છે. દીક્ષા કાળે અતીન્દ્રિય આનંદને અનુભવે છે એમ તું જો. એમ ન જો કે, આ બધા સાધન ગયા. શું ગયા? ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? લે ભગવાનનો દાખલો. સમજાણું? દીક્ષાને સમયે તીર્થંકરદેવ '**શાંત ભાવકો જાનતા હુઆ પાતા હૈ.**' જેવું ભગવાન દીક્ષા સમયે પામે છે એવા જ મુનિઓ (પામે છે) એમ કહે છે. ગમે તેટલા સાધારણ સગવડતા હોય વિશેષ ... એનો કાંઈ સંબંધ નથી, એમ કહે છે. એ પોતે આત્માના અંતરના આનંદમાં લીન થયા છેને દીક્ષામાં મુનિ પણ, જેવો તીર્થંકરને આનંદ છે એવો જ એને આનંદ છે. સમજાણું કાંઈ? ઘણી સગવડતા હતી એટલે છૂટ્યો માટે કાંઈક આનંદ થોડો આને, થોડી સગવડતા છૂટી એટલે આનંદ વધારે, કે ઘણી સગવડતા છોડી એટલે આનંદ ઘણો, એ સાથે કોઈ સંબંધ છે જ નહિ. આહા..હા..! ... માણસ નથી કહેતા? અહીં કહે છે બાપુ! એ જ્યાં અંતર દશામાં આવ્યો, એ દીક્ષા કાળે ભગવાનને જે આનંદ છે એવો મુનિઓને એવો એટલો જ આનંદ છે. આહા..! એ કઠિયારો હોં! કઠિયારો લેને દીક્ષા. સમજાય છે? એ પણ આત્માના આનંદને વળગીને જે લીનતાને પામ્યા છે, એ દીક્ષા કાળે ભગવાનને આનંદ છે એવો જ એ કઠિયારાના જીવને પોતાની ચારિત્રદશાનો આનંદ છે. સમજાણું કાંઈ? બહારની કિંમત ઉડી ગઈ. હતી જ કે દિ'? સમજાણું કાંઈ આમાં?

**ભાવાર્થ :-** '**દીક્ષાકે સમય તીર્થંકરદેવ...**' આહા..હા..! જેને ઈન્દ્રો ખમ્મા ખમ્મા કહે. એનું સુખ હશેને એને? કહે છે, એ ઈન્દ્રો આવે અને (કહે) ખમ્મા અન્નદાતા! મેરુ પર્વત ઉપર લઈ જાય. એ તો અવધિજ્ઞાની છે, બધું જાણે છે. એ સગવડતા એ સુખ નથી. એના તરફનું જેટલું લક્ષ જતું હતું એટલો રાગ હતો. એથી ચારિત્રમાં જે આનંદ છે એટલો આનંદ ત્યારે નહોતો. આવી સગવડતા પણ એમાં એ આનંદ નહોતો. એ આનંદ ક્યાંથી હોય? એ તો રાગ છે. આહા..હા..! એમાં શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ તીર્થંકર પોતે, ચક્રવર્તી પોતે, કામદેવ પુરુષ પણ પોતે. પણ એને દીક્ષા કાળે જે આનંદ છે એવો જ આનંદ મુનિને દીક્ષા કાળે હોય છે, એમ કહે છે. બહારની પદવી સાથે કાંઈ સંબંધ છે નહિ. કામદેવ હોં! અઢી દ્વિપમાં એના જેવા પુણ્ય ... એવું તો સુંદર રૂપ. એટલા પુણ્યે ઘડેલા અવયવો અને એક એક અવયવનો એક એક કણ. એ ભલે હો, તીર્થંકર પદની પ્રકૃતિ તો હજી ઉદય નથી આવી પણ એના પૂર્વે થવાના એવું આવ્યું એને. અને ચક્રવર્તીપદ હો. એ પદની પ્રમાણે એને દુઃખ-સુખ છે એમ નથી. એ પદવી છોડીને વિકલ્પ છોડ્યો એ તરફનો અને એક ગરીબ માણસ એના

પાસે કાંઈ નહિ અને એક શરીર આદિ હતું એના પ્રત્યેની મમતા છોડીને આત્માના આનંદમાં, સમ્યગ્દર્શન સહિત આનંદમાં રમે છે નગ્ન મુનિ જંગલમાં, બેયને સરખા આનંદ છે. સમજાણું કાંઈ? અને બેય આનંદમાં છે કહે છે. આને ઝાઝું છૂટ્યું અને આને થોડું છૂટ્યું. બેય આનંદમાં છે અને બેય સરખે આનંદે છે. સમજાણું કાંઈ? શું કહે છે આ? એ વીતરાગી દૃષ્ટિ ને વીતરાગી આનંદ એને બહારની સગવડતા-અગવડતાના સંગ સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? એક જેવું વળી ક્યાંથી આવ્યું? એ આગળ હમણા કહેશે કે એક મ્યાનમાં બે નહિ રહે. આગળ કહેશે. જેની દૃષ્ટિમાં.. આવે છેને?

१२१) जसु हरिणच्छी हियवडए तसु णवि बंभु वियारि।
एक्कहिँ केम समंति वढ वे खंडा पडियारि।।१२१।।

એક મ્યાનમાં બે તલવાર કેમ રહેશે? કહેશે. આ બધી શૈલી આમ ઉપાડીને પર્યાયની, આનંદની ... કહે છે. સમજાણું કાંઈ? જેના કાળજે સુંદર સ્ત્રીનો પ્રેમ વસે છે એ મિથ્યાદૃષ્ટિ, આત્મા કેમ એના દૃષ્ટિમાં વસશે એને? આહા..હા..! જેની દૃષ્ટિમાં પદમણી જેવી સ્ત્રી નમણી... નમણી... નમણી... ને એકલા અંગોમાં જાણે વગર દાગીને ઘડેલી મૂર્તિ હોય ઈ, એના જ્ઞાનના નેત્રમાં જેને આ વસતી હોય એના જ્ઞાન નેત્રમાં ભગવાન કેમ વસશે? આહા..હા..! અતીન્દ્રિય આનંદનો ભગવાન કેમ એ નેત્રમાં આવશે? એક મ્યાનમાં બે રહેશે નહિ.

પરમાત્મપ્રકાશ કરતા હશે ત્યારે એને કેવું જ્ઞાનમાં કેટલું તરવરે છે! ઓહો..! ભગવાન! આપ દીક્ષાકાળે જે આનંદ અનુભવો છો એ જ આનંદ અમને છે. ઋદ્ધિવાળા હતા, ઈન્દ્રો માનતા હતા, કેવા ધર્મ વખતે આવ્યા હતા, માટે દીક્ષા કાળનો આનંદ તમે મોટા માટે ઝાઝો અને અમે આવા નાના માટે થોડો એમ નથી હોં! સરખો છે. આહા..હા..! એ બહારના સંયોગ ઉપર મોટા-નાનાની કિંમત અંતરમાં છે નહિ. સમજાણું કાંઈ?

'**નિજ શુદ્ધ આત્માકો અનુભવતે હુએ જો નિર્વિકલ્પ સુખ પાતે હૈં, વહી સુખ રાગાદિ રહિત નિર્વિકલ્પસમાધિમેં લીન વિરક્ત મુનિ પાતે હૈં.**' બસ, બેયની સાથે મેળવ્યું. આવા ભગવાન કે જેને શરીરમાં ૧૦૦૮ લક્ષણ હોં! શરીરમાં ૧૦૦૮ (લક્ષણ). અને શરીરથી સુંદર તે સુંદર. ઈન્દ્રાણીઓ પણ દેખીને, ઈન્દ્રો પણ જોવા માટે એક હજાર ને આઠ, શું કહેવાય? એક હજાર (નેત્ર). એવા શરીરની મમતા છોડે તો એને વધારે આનંદ હશેને મુનિને? અને કાળું કુબડુ શરીર હોય, સાધારણ હોય ઈ આમ ચારિત્રમાં એને આમ થોડો હશેને કહે છે. ભગવાન! એ આનંદની બેયની જાત એક જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વહી સુખ રાગાદિ રહિત...**' ભગવાન તીર્થંકરદેવ. યાદ કર્યા ભગવાનને, પણ ઓલા ભગવાનના આનંદના કાળને યાદ કર્યો છે. તમારે પણ જેટલા વિકલ્પો પર તરફના હતા એ

છોડ્યા છે ત્યારે તમને દીક્ષાનો આનંદ આવ્યો છે. અમને પણ પર તરફના જેટલા વિકલ્પ હતા એ છોડ્યા ત્યારે આનંદ આવ્યો છે. એ માટે અમે તો એક નાતના, એક જાતના તારી સાથે બેઠા છીએ. બહારમાં તો તમને ઈન્દ્રો માનતા, આમ માનતા માટે મોટો આનંદ તમને થઈ ગયો દીક્ષા કાળે? ના ના હોં! ભગવાન! એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એને ત્રણ જ્ઞાન હતા કે નહિ? અને દીક્ષા લીધી એટલે વધારે આનંદ આવે કે નહિ એને એ વખતે? એમ બીજાને ત્રણ જ્ઞાન ન હોય લ્યો! સાધારણ મતિ-શ્રુત હોય, એ દીક્ષા લે ત્યારે એને ઓછો આનંદ હોય કે નહિ? જ્ઞાન એને વધારે ને આને ઓછું લ્યો! એ ના પાડે છે અહીં તો. આહા..હા..! ભારે વાત ભાઈ! ભગવાન! ભલે આપણને ત્રણ જ્ઞાન હતા હોં! અવધિ(જ્ઞાનમાં) લોક જાણતા. પણ જ્યારે દીક્ષા થઈને, આપને ચારિત્ર કાળનો આનંદ આવ્યોને, અમને કંઈ અવધિ-બવધિ ન મળે અને મતિ-શ્રુત સાધારણ, તમને દીક્ષા લીધી ને મનઃપર્યય થયું, અમને નથી, માટે પણ આનંદમાં ઓછા છીએ એમ માનશો નહિ. આહા..હા..! રાજમલજી! એલ.એલ.બી. ભણેલા હોય મોટા પછી ... તો એને વધારે થાય કે નહિ? આહા..હા..! સરખામણી કરે છેને. વે રાગાદિ રહિત નિર્વિકલ્પ શાંતિ વસ્તુની દૃષ્ટિ કરીને ઠર્યા, બેયના સરખા આનંદ છે. એ બેય મોક્ષને માર્ગે સરખા પડ્યા છે. એવા આનંદને મુનિઓ અનુભવે, એવો અનુભવ સમ્યગ્દૃષ્ટિને એટલો ઉગ્ર હોય નહિ અને એવો અનુભવ મિથ્યાદૃષ્ટિને જરીએ હોય નહિ. માટે આત્માની દૃષ્ટિ કરીને અનુભવવું એ માટે આ વાત કરવા માગે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૫, સોમવાર, તા. ૧૩-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૧૯ થી ૧૨૧, પ્રવચન-૭૫**

પરમાત્મપ્રકાશ, ૧૧૯ ગાથા. 'આગે કામ ક્રોધાદિકે ત્યાગનેસે...' અથવા રાગ અને દ્વેષને ત્યાગવાથી, **'શિવ શબ્દસે કહા ગયા પરમાત્મા દિખ જાતા હૈ, ઐસા અભિપ્રાય મનમેં રખકર યહ ગાથા-સૂત્ર કહતે હૈં—'**

૧૧૯) जोइय णिय-मणि णिम्मलए पर दीसइ सिउ संतु।
अंबरि णिम्मलि घण-रहिए भाणु जि जेम फुरंतु।।११९।।

'**અન્વયાર્થ :- હે યોગી, નિર્મલ અપને મનમેં...**' એટલે શું કહે છે? કે, આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ પુણ્ય-પાપના વિકલ્પથી બુદ્ધિપૂર્વક રાગાદિથી ખસીને નિર્મળ પરિણામ સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાનના પ્રગટ કરે એમાં એ પરમાત્મા શુદ્ધ છે તે ભાસે છે. શું કહ્યું? આ સમ્યગ્દર્શનથી માંડીને વાત છે હોં! મુનિની મુખ્યપણે વાત કરે છે. નિર્મળ અપના મન. મન એટલે અંદર જ્ઞાન જે શુદ્ધ સ્વરૂપ છે, આત્મા જ્ઞાન શુદ્ધ સ્વરૂપ જ્ઞાન છે એને પુણ્ય-પાપના વિકલ્પના કામ-ક્રોધ, કામ એટલે રાગ ઈચ્છા ને ક્રોધ એટલે દ્વેષ એવી ખંડ ખંડ બુદ્ધિ જે રાગ-દ્વેષની છે એનાથી સમભાવના પરિણામ પ્રગટ કરીને, શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન આદિ પ્રગટ કરીને એમાં એ પરમાત્મા એકલો જ્ઞાન અને આનંદમય છે, એકલો જ્ઞાન ચૈતન્યસૂર્ય અને આનંદ છે એમ એ નિર્મળ પરિણામમાં ભાસે છે. કહો, સમજાણું કાંઈ?

કેવો છે? '**शिवः शांतः**' '**નિજ પરમાત્મા (શિવ) રાગાદિ રહિત...**' શાંત છે. વસ્તુ પોતે પદાર્થ પુણ્ય-પાપના રાગ રહિત શાંત નામ વીતરાગ શાંતસ્વરૂપ છે. આત્મા વીતરાગ એટલે નિર્દોષ શાંત, જ્ઞાન એ જ્ઞાનસ્વરૂપ છે એટલે કે અંતર શાંતસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એવો પરમાત્મા પરમ નામ '**નિયમસે દિખતા હૈ,...**' ઈ કહે છે. જુઓ! '**જૈસે બાદલ રહિત નિર્મલ આકાશમેં...**' વાદળા રહિત નિર્મળ આકાશમાં. '**ભાનુ-સૂર્યકે સમાન ભાસમાન (પ્રકાશમાન) હૈ.**' વાદળ રહિત સૂર્ય જેમ પ્રકાશે છે એમ ભગવાન ચૈતન્યસૂર્ય સમ્યગ્જ્ઞાન, શ્રદ્ધા, શાંતિના પરિણામમાં એ પરમાત્મા આ શુદ્ધ એકલો જ્ઞાનનો બિંબ સૂર્ય છે એમ ભાસે છે. કહો, સમજાણું આમાં?

**ભાવાર્થ :-** '**જૈસે મેઘમાલાકે આડંબરસે સૂર્ય નહીં ભાસતા...**' મેઘમાળા—વાદળની શ્રેણીની ધારામાં સૂર્ય દેખાતો નથી. '**ઔર મેઘકે આડંબરકે દૂર હોને પર...**' એ મેઘ નામ વાદળના આડંબરના માળા—શ્રેણીથી દૂર થયે આકાશમાં નિર્મળ સૂર્ય દેખાય છે. '**નિર્મલ આકાશમેં સૂર્ય સ્પષ્ટ દિખતા હૈ, ઉસી તરહ શુદ્ધ આત્માકી અનુભૂતિકે શત્રુ...**' ચૈતન્યસૂર્ય અંતરમાં પુણ્ય-પાપના વર્તમાન વિકલ્પની ધારા મેઘમાળાથી રહિત એવો આત્માના સ્વભાવનો અનુભવ, એના શત્રુ એ પુણ્ય-પાપ ને '**કામ-ક્રોધાદિ...**' ભાવ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય જ્ઞાનસૂર્ય એની અનુભૂતિ—એવા ચૈતન્ય સ્વરૂપનો અનુભવ—એવા સ્વભાવને અનુસરીને શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું થવું એવી જે અનુભૂતિ જે ધર્મ એના શત્રુ પુણ્ય-પાપ આદિ વિકાર છે. સમજાય છે આમાં? આ તો એકદમ બહુ ટૂંકી વાત છે અને ઊંચી વાત છે. ઊંચી એટલે સત્ય પાછી એમ. ઊંચી એટલે મોટી આઘાની એમ નહિ.

સત્ય સૂર્ય ભગવાન જ્ઞાનનો પિંડ પ્રભુ, એ આત્મા એટલે જ્ઞાનનો પિંડ જ્ઞાનપુંજ વસ્તુ સમજણનું સત્ત્વ આખું આત્મા એને અનુભવનારી દશા, સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને વેદન, સ્વરૂપ

તરફની શ્રદ્ધા, જ્ઞાન ને વેદન એવી અનુભૂતિ એના વેરી વિકાર. નિર્મળ અવિકારી અનુભૂતિ એના વેરી મલિન વિકાર ભાવ. કહો, સમજાણું કાંઈ? એના વેરી કર્મ છે એમ નથી કહ્યું અહીંયા. બીજે કહ્યું એ નિમિત્તથી છે. ભગવાન આમ ચૈતન્યસૂર્ય છેને એવો. એકલો જ્ઞાનનો જ્ઞાન, જ્ઞાનનું અસ્તિત્વ, જ્ઞાનનું અસ્તિત્વ, જ્ઞાન વસ્તુ એનો અનુભવ, જ્ઞાનનો અનુભવ. જ્ઞાનને અનુસરીને સમ્યગ્જ્ઞાન શ્રદ્ધાનું થવું, અનુભવનું થવું એ નિર્મળ વીતરાગી પર્યાય એને અનુભૂતિને કહે છે. એ વીતરાગી પર્યાયથી આત્મા વીતરાગ પ્રભુ આત્મા અનુભવવામાં આવે. ભારે વાતું ભાઈ! આત્મા એકલો જ્ઞાન ખરુંને, એ જ્ઞાન એટલે કે વિકાર ને રાગ ને દ્વેષ વિનાની ચીજ. એવો આત્મજ્ઞાન સૂર્ય પ્રભુ એ નિર્દોષ અરાગી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એવી અનુભૂતિ-અરાગી અનુભૂતિ એ દ્વારા જ વીતરાગ સ્વભાવ આખો અનુભવમાં આવે. સમજાણું કાંઈ? એના વેરી રાગ અને દ્વેષ. કામ શબ્દે ઈચ્છા, ભોગાદિની ઈચ્છા અને ક્રોધ દ્વેષ.

એવા '**વિકલ્પરૂપ મેઘ હૈં,...**' એવા રાગ-દ્વેષના વિકલ્પરૂપી વાદળા, વાદળા. એ આત્મા નિર્વિકારી ભગવાનના વેદનની દશાથી વિરુદ્ધ ભાવ. સમજાણું કાંઈ? નવ તત્ત્વની અંદર લઈએ તો ભગવાન આત્મા એ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, જાણક સ્વભાવ, એકલો સ્વભાવ એવું જે સત્ત્વ એને અનુભવ એટલે કે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને નિર્મળતાની પર્યાય એ દ્વારા અનુભવાય એ અનુભૂતિ તે સંવર અને નિર્જરા. સમજાણું કાંઈ? એ સંવર નિર્જરાને રોકનાર રાગ અને દ્વેષના પરિણામ કે જે આસ્રવ અને બંધભાવ છે તે. પોતાનો ભાવબંધ હોં! જડ નહિ. સમજાણું કાંઈ?

નવ તત્ત્વ છેને નવ તત્ત્વ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. એમાં આત્મા એક શુદ્ધ ચૈતન્ય વસ્તુ. એકલો જ્ઞાન સૂર્ય જ્ઞાન સ્વભાવ એવું અંતર આદિ જ્ઞાન એકલું હોય એમાં આનંદ, જ્ઞાન દુઃખરૂપ ન હોય એટલે આનંદ ને શાંતિ વગેરે સાથે એવી ચીજ આત્મા. એને અનુભવનારી વીતરાગી પર્યાય નિર્વિકલ્પ સમાધિ શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન વીતરાગી દશા એને અનુભવે એ દશાનું નામ સંવર ને નિર્જરા કહેવાય છે અથવા એ દશાનું નામ મોક્ષનો માર્ગ કહેવાય છે. એ મોક્ષના માર્ગથી વિરુદ્ધ પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ એ આસ્રવ ને બંધ પર્યાય તત્ત્વ કહેવાય છે. આ અરાગી પર્યાયના વેરી એ રાગ પર્યાય છે. સમજાણું કાંઈ?

એવા શત્રુરૂપી વાદળ '**ઉનકે નાશ હોને પર...**' એ પુણ્ય-પાપના રાગ એક ક્ષણિક સમયની વિકૃત પર્યાય એના ઉપરથી લક્ષ છોડીને એકલો જ્ઞાનસ્વરૂપ વીતરાગસ્વભાવ આત્માનો એમાં અંતર લક્ષ ચોંટવાથી જે અનુભૂતિ થાય તે રાગ-દ્વેષને નાશ કરવાનો ભાવ છે. સમજાણું કાંઈ? આમાં બહુ વાત ટૂંકી ને મોટી લાગે જાણે. ભગવાન આત્મા વસ્તુ છેને એ તો જ્ઞાન આ

વિકલ્પો એને પણ જાણનારું. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... પ્રકાશ એકલો પ્રકાશ એવો ચૈતન્યપ્રકાશ તે આત્મા. એના પ્રકાશના અનુભવને રોકનાર, તે અનુભવની વીતરાગી પર્યાય એના વેરી રાગ ને દ્વેષ. એવા અનુભૂતિ દ્વારા જેણે અંતરમાં રાગ ને દ્વેષનો વ્યય કર્યો અને અરાગી શ્રદ્ધા, જ્ઞાન અનુભૂતિ ઉત્પન્ન કરી એને એવા નિર્મળ જ્ઞાનની પર્યાયમાં '**નિર્મલ મનરૂપી આકાશમેં કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ કિરણોંકર સહિત...**' જેમ આકાશના અંદર વાદળા ટળવાથી હજાર કિરણે ઉગતો સૂર્ય પ્રકાશમાન આકાશમાં દેખાય. વાદળના અભાવથી હજાર કિરણે પ્રકાશતો સૂર્ય આકાશમાં દેખાય. એમ રાગ-દ્વેષના વિકલ્પોનો અભાવ અને સ્વભાવની પર્યાય પ્રગટ કરવાથી એ મનમાં, જેમ આકાશમાં સૂર્ય દેખાય, એમ જ્ઞાનની નિર્મળરૂપી પર્યાયમાં અનંત ગુણના કિરણવાળો આત્મા શ્રદ્ધાય, અનુભવાય, દેખાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતાનું પૂર્ણ સ્વરૂપ એ જ્ઞાન છે એના ઉપર એ નજર નથી કરતો. એ નજર કરે છે વિકાર અને સંયોગ ઉપર એ એનો મિથ્યાત્વનો દોષ છે. સમજાણું કાંઈ? જ્યાં મહાન અસ્તિત્વ સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ છે એના અસ્તિત્વનો સ્વીકાર નથી કરતો અને એ ફક્ત પુણ્ય ને પાપના રાગ ઉઠે કે રાગના નિમિત્તો સંયોગ એ મારા એમ એના અસ્તિત્વમાં રોકાણો છે એનું નામ મિથ્યાત્વનો જીવનો દોષ. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ દોષનો વસ્તુ પૂર્ણ શુદ્ધ આનંદ છે એવી સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન દ્વારા નાશ થતાં, વાદળાનો નાશ થતાં આકાશમાં હજાર કિરણે સૂર્ય પ્રકાશે છે, એમ ભગવાન આત્મા પુણ્ય-પાપ અને સંયોગના હોવાપણાની જેટલી અંદર બુદ્ધિ હતી એને ભગવાન પૂર્ણાનંદ હું છું એવી અંતર બુદ્ધિ દૃષ્ટિ પ્રગટ થતાં એ વિકાર વિનાનો જે આત્મા પરમાનંદની મૂર્તિ એ નિર્મળ ચિત્ત-જ્ઞાનની પર્યાયમાં પ્રકાશે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વર્તમાનની વાત છેને. ઓલું વર્તમાન છે કે નહિ? રાગ-દ્વેષ આદિના હોવાપણામાં માન્યતા પણ વર્તમાનમાં જ છે. રાગ-દ્વેષ વિકલ્પની જાળ એકલી. ચૈતન્ય અનંત ગુણનો કિરણ ભગવાન આત્મા એક કોર પડ્યો રહ્યો. વર્તમાન શુભ-અશુભ રાગ વિકલ્પ આદિ મેલ એના હોવાપણાનો સ્વીકાર વર્તમાનમાં મિથ્યાત્વ ભાવ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ ભાવ વર્તમાન છે. એવો જ પરમાત્મા વર્તમાન અખંડ પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ છે એની સન્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન કર્યા એ વર્તમાન છે. એ વર્તમાન જ્ઞાનમાં ચૈતન્યમૂર્તિ ભગવાન દેખાય છે. આહા..હા..! જેમ વર્તમાન શ્રદ્ધામાં મિથ્યાત્વમાં, રાગ, દ્વેષ અને વિકલ્પો જ પ્રતીતમાં એને ભાસે છે, એમ જ ભગવાન પૂર્ણ અસ્તિત્વ, પૂર્ણ અસ્તિત્વ આખો જ્ઞાનનો પુંજ પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાનની

પર્યાય નિર્મળમાં વર્તમાનમાં આત્મા પૂર્ણ અનંત ગુણનો કિરણવાળો છે એ વર્તમાન સમ્યક્ શ્રદ્ધા જ્ઞાનમાં જણાય છે, પ્રતીતમાં આવે છે. સમજાણું કાંઈ? શું આ હશે? શેની છે આ વાત? ભાઈ! તારી અત્યારની વાત છે. સમજાણું કાંઈ?

આખો ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ... જ્ઞાન સ્વરૂપ... જ્ઞાન સ્વરૂપ. એની સાથે આનંદ આદિ ભેગું આવી જાય. અહીં તો જ્ઞાનની સ્વ-પરપ્રકાશક વસ્તુ છેને, એથી જ્ઞાનપ્રધાન જ આખો આત્મા ગણવામાં આવે છે. એ જ્ઞાન... કારણ કે આમ પોતાને જાણે અને રાગાદિ બાકી એને જાણે એવું જ એ સ્વ-પરપ્રકાશક ચૈતન્ય સ્વરૂપ એને ન માનતા, પુણ્ય-પાપના વિકલ્પો રાગાદિ જે વસ્તુમાં નથી, અભૂતાર્થ છે, ખોટા છે એટલે વસ્તુમાં-સાચા વસ્તુમાં નથી એવા શુભ-અશુભભાવ એની ખંડતા એને પોતાની માન્યતામાં લઈ અને જે દુઃખ વેદે છે વર્તમાન, દુઃખ વેદે છે વર્તમાન એવો જ એ ભાવથી વિરુદ્ધ ભાવ પરમ મહાસત્તાસ્વરૂપ ભગવાન આત્મા મહાસત્તા અસ્તિત્વ સ્વરૂપ પ્રભુ એની સન્મુખની, ઓલાથી વિમુખ થઈને અહીં સન્મુખની અંતર શ્રદ્ધા, જ્ઞાનની પર્યાય નિર્મળમાં પરમાત્મા ભાસે છે અને આનંદ થાય છે, એમ કહે છે. આહા..!

વર્તમાન મિથ્યાત્વ ભાવમાં રાગ-દ્વેષ જેટલો ભાસતા એને મિથ્યાત્વમાં દુઃખ થાય છે. સમજાણું કાંઈ? વસ્તુ આત્મા એકલો આનંદ ને જ્ઞાનનું પૂર્ણ રૂપ એને અંતરમાં જ્ઞાનમાં લેતા જે જ્ઞાનની નિર્મળ દશા થાય એમાં, શ્રદ્ધા સહિતનું જ્ઞાન એમાં, એ આત્મા પૂર્ણ આ છે એમ, સૂર્ય કિરણવાળો આકાશમાં વાદળા વિના દેખાય એમ મેલ વિનાની નિર્મળ દશામાં ભગવાન આ સૂર્ય ચૈતન્ય છે એમ જ્ઞાનમાં જણાય અને તે સુખરૂપ થાય. સમજાણું કાંઈ?

'**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ કિરણોં...**' અનંત ગુણો છે, ભગવાનમાં અનંત ગુણો છે. એની એ પર્યાયો અનંત પર્યાય થાય, અનંત ગુણની અનંત પર્યાય થાય. અનંત ગુણના કિરણવાળો એટલે સ્વભાવવાળો જ્ઞાનની નિર્મળ પર્યાયમાં જણાતા એ પર્યાયમાં અનંતા ગુણોના નિર્મળ કિરણોના અંશ એમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? કહો, શશીભાઈ! ભારે વાત! આવો ધર્મ કેવો? વીતરાગનો ધર્મ આવો હશે? વીતરાગનો ધર્મ વીતરાગ પર્યાયરૂપ હોય. વીતરાગની પર્યાયમાં આખું વીતરાગી પૂર્ણાનંદ તત્ત્વ ભાસે ત્યારે એ વીતરાગી પર્યાય કહેવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજ શુદ્ધાત્મારૂપી સૂર્ય પ્રકાશ કરતા હૈ.**' સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી સ્વરૂપ તરફના સન્મુખ ભાવમાં એ અનંત ગુણનો કિરણવાળો ભગવાન, અનંત ગુણ... ઓલાને તો હજાર જ કિરણ સૂર્યને છે, આ ભગવાન આત્મામાં તો અનંત ગુણરૂપી શક્તિ પડી છે એની પ્રતીત કરતાં, એનું જ્ઞાન કરતાં એ જ્ઞાનની પર્યાયમાં શ્રદ્ધા પર્યાય, શાંતિ પર્યાય અનંતા ગુણના અંશોની નિર્મળ પર્યાય લેતું એ પ્રગટ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ચીમનભાઈ! આ બધું છે

ત્યાં કાંઈ મુંબઈમાં આ મળતું હશે? ઈજનેરમાં જાય આ મકાન મળે ને પૈસા મળે, ધૂળ મળતી હશે ત્યાં. મમતા મળે, એ તો મમતા, પૈસા કોને મળે છે? કોની પાસે મમતા હતી? પૈસો જડ છે એ આત્માને અડે છે? આત્મા પાસે આવે છે પૈસો? શરીર અહીં છે, પૈસો પૈસામાં આવે છે. શરીર શરીરમાં છે. શું આત્માને શરીર અડ્યું છે? એને મમતા અડી છે. એ મારા (અને) ચૈતન્ય અનંત આનંદનો કંદ હું નહિ, આ મારા અને અનંત આનંદનો કંદ ચૈતન્ય નહિ– એવી મિથ્યાશ્રદ્ધાની મમતા એને સ્પર્શી ને અડી છે. બરાબર હશે? ચીમનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંય રહેતો નથી, અસંખ્ય પ્રદેશમાં રહે છે એ. ક્યાંય આત્મા રહેતો નથી. કાલ નહોતું આવ્યું? અસંખ્ય પ્રદેશમાં રહે છે સદાય અનાદિઅનંત. સમજાણું કાંઈ? ભગવાનસ્વરૂપ પ્રભુ એ પરમાં તો રહેતો નથી પણ પરમાર્થે એ પુણ્ય-પાપના વિકલ્પમાં એ ભગવાન રહેતો નથી. એ તો એણે માન્યું છે, માન્યતા કરી છે ઊભી. અસંખ્ય પ્રદેશ અનંત ગુણનો સાગર ભગવાન પૂર્ણ વસ્તુ એકલું જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય એ તે એના પોતાના ક્ષેત્રના ભાવમાં વસે કે એ તે પર ક્ષેત્રમાં વસે? આહા..હા..! ફક્ત મિથ્યાશ્રદ્ધા કાળમાં વિકારની પર્યાયમાં વસે છે એમ કહેવાય છે. એ પણ એનું પર્યાય સ્વક્ષેત્રમાં છે એને. સમજાણું કાંઈ? શું હશે આવી વાતું? બાપુ! આ તો સત્યની સત્યસૂર્ય પ્રભુ, આત્મા જેને કહીએ તે સત્યનો સૂર્ય છે એકલો, અનંત ગુણનું સત્યસ્વરૂપ સૂર્ય પ્રભુ છે. એને સમ્યગ્જ્ઞાનની પર્યાય દ્વારા આ આત્મા, એ અંશમાં એકલો આત્મા આ, એમ જ્ઞાનમાં જણાય તે જ્ઞાનને અહીંયાં અનુભૂતિનું જ્ઞાન કહેવામાં આવે છે. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આવ્યું. સદાય સંવર થઈ ગયો એને. ભરાવ્યું છેને બધું એણે ભ્રમણાઓ કંઈક. કેટલા ઘડી સંવર કરવો? કહે છે. ચોવીસ કલાક જેટલો કરે ચોવીસ? રાત, દિ' કરે કે નહિ? અહીં તો કહે છે કે, આત્મા વસ્તુ જે અનાકુળ આનંદનો કંદ જ્ઞાનમૂર્તિ એનો અંતર શ્રદ્ધા, જ્ઞાન દ્વારા સ્વીકાર થયો એ સમ્યક્ શ્રદ્ધા ને જ્ઞાન કાયમ રહેનારા છે. એટલો સંવર અને નિર્જરા તો કાયમ રહે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પથી રુચિ છોડી અને પૂર્ણાનંદની દૃષ્ટિ કરીને જ્ઞાન એમાં વાળ્યું એ તો સદાય કાયમ રહે છે. ભગવાન એવોને એવો તો શ્રદ્ધા, જ્ઞાન (પણ) એવા ને એવા, સંવર ને નિર્જરા, સંવર ને નિર્જરા કાયમ આત્માની સાથે જ રહે છે. આહા..! એ.. ન્યાલભાઈ! ચોવીસ કલાક ... બે ઘડીની સામાયિક, બે ઘડી રહેતી હશે સામાયિક? એ તો વિશેષ નિર્વિકલ્પ ઉપયોગની અપેક્ષાની વાત છે. બાકી તો જેટલી નિર્મળતા વીતરાગી પર્યાય પ્રગટ કરી વીતરાગ સ્વભાવને અવલંબે એ

સદાય સાથે જ રહે છે. સાથે જ છે પર્યાય, કાળ જ એનો લાંબો છે. સમજાણું કાંઈ? એ ૧૧૯ થઈ. ૧૨૦.

१२०) राएँ रंगिए हियवडए देउ ण दीसइ संतु।
दप्पणि मइलए बिंबु जिम एहउ जाणि णिभंतु॥१२०॥(विँ) ॥१२०॥

'**આગે જૈસે મૈલે દર્પણમેં રૂપ નહીં દિખતા, ઉસી તરહ રાગાદિકર મલિન ચિત્તમેં શુદ્ધ આત્મસ્વરૂપ નહીં દિખતા, ઐસા કહતે હૈં—**' પુણ્ય-પાપના મેલના પરિણામમાં રોકાયેલું ચિત્ત એમાં નિર્મળ ભગવાન દેખાતો નથી.

'**અન્વયાર્થ :- રાગકરકે રંજિત...**' અહીં તો વીતરાગ સ્વભાવની સામે રાગ એકલો લીધો. એ રાગમાં બધું પુણ્ય-પાપ, વિકલ્પ, વિષય વાસના બધું એમાં આવી ગયું અને મિથ્યાત્વ ભાવ પણ એ રાગમાં જ આવી જાય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ જે વીતરાગસ્વરૂપ છે એનાથી વિરુદ્ધ જે શ્રદ્ધા એ એકલી રાગમય મલિન શ્રદ્ધા. સમજાણું કાંઈ? એવા '**રાગકરકે રંજિત...**' રંગાયેલું હૃદય છે. અરે..! રાગમાં એકાકાર થયેલું જેનું ચિત્ત છે અંદરમાં એને '**शांतः देवः न दृश्यते**' એને વીતરાગી આત્મદેવ, શાંત એટલે વીતરાગી સ્વરૂપ આત્મદેવ, શાંત એટલે વિકાર વિનાનો ભગવાન આત્મા તે '**देवः न दृश्यते**' તે ભગવાન દેવ દેખાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મેલા દર્પણમાં મોઢું ન દેખાય. દેખાય? એમ જ્યાં એકલો ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ એનાથી વિરુદ્ધ એકલા પુણ્ય ને પાપના મલિન વિકલ્પો-ભાવ એ મેલું ચિત્ત એમાં પ્રભુનો પ્રકાશ ક્યાંથી આવે? સમજાણું કાંઈ? પ્રભુ એટલે પોતે આત્મા હોં! પાછો બીજો પ્રભુ અહીં નથી, આ તો પોતે જ પ્રભુ છે આત્મા. આહા..હા..! રાગમાં એકત્વથી રંગાયેલું ચિત્ત, વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એ રાગમાં રંગાયેલામાં કેમ વીતરાગી ચૈતન્ય દેખાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ કહે છેને ચાંદ ન દેખાય.

'**यथा**' '**જૈસે કિ મૈલે દર્પણમેં મુખ નહીં ભાસતા યહ બાત હે પ્રભાકર ભટ્ટ, તૂ સંદેહ રહિત જાન.**' એમ કહે છે. આહા..હા..! એનો અર્થ ગુલાટ ખાતા નિભ્રાંત થા, નિર્મળ પર્યાયમાં ભગવાન દેખાયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ઐસા શ્રી યોગીન્દ્રાચાર્યને ઉપદેશ દિયા હૈ કિ જૈસે સહસ્ર કિરણોંસે શોભિત...**' હજાર કિરણોથી શોભાવાળો '**સૂર્ય આકાશમેં પ્રત્યક્ષ દિખતા હૈ, લેકિન** (પરંતુ) **મેઘસમૂહકર ઢંકા હુઆ નહીં દિખતા,...**' મેઘના-વાદળાના ટૂકડા આડા આવે એ દેખાતો નથી. એમ ભગવાન આત્મા '**ઉસી તરહ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ કિરણોંકર...**' ભગવાન

આત્મા કેવળજ્ઞાનાદિ અનંત કિરણ, અનંત ગુણરૂપ કિરણોથી લોકાલોકને પ્રકાશવાવાળો. સમજાણું કાંઈ? એ તો ફક્ત જાણનાર, દેખનાર જ છે પછી લોકાલોક હોય કે ગમે એટલો હોય. સમજાય છે? આ તો એનું જ્ઞેયનું એક માપ કહ્યું. એ ચૈતન્યસૂર્ય તો લોકાલોકનું ક્ષેત્ર જ એટલું છે અને એટલો કાળ એને આત્મા જ્ઞાનસ્વભાવમાં જાણે એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ક્યારે? અત્યારે.

'**લોક-અલોકકા પ્રકાશનેવાલા ભી ઈસ દેહ (ઘટ) કે બીચમેં...**' આ દેહરૂપી ઘડામાં ભગવાન બિરાજે છે ભિન્ન. આ માટીનો પિંડલો એમાં ચૈતન્યસૂર્ય બિરાજે તદ્દન જુદો, તદ્દન જુદો. સમજાણું? '**શક્તિરૂપસે વિદ્યમાન નિજ શુદ્ધાત્મસ્વરૂપ...**' તત્ત્વરૂપ શક્તિરૂપ છે. પ્રગટ પર્યાયરૂપ કેવળજ્ઞાન નથી પણ શક્તિરૂપ-સામર્થ્યરૂપ, જેમ અબરખમાં સામર્થ્ય છે હજાર પુટ થવાની, તમારે ... થાય છેને અબરખ? એમ આત્માનો એવો સ્વભાવ છે, શક્તિરૂપ છે કે એમાં પર્યાયમાં અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય પ્રગટે એવું એનું શક્તિરૂપ છે. એવો ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન સામર્થ્ય, જ્ઞાન અનંત સામર્થ્ય, દર્શન અનંત સામર્થ્ય, આનંદનું અનંત સામર્થ્ય, વીર્યનું અનંત સામર્થ્ય વગેરે એવો શક્તિરૂપ ભગવાન આત્મા અત્યારે બિરાજમાન છે.

'**નિજ શુદ્ધાત્મસ્વરૂપ (પરમજ્યોતિ ચિદ્રૂપ) સૂર્ય કામ-ક્રોધાદિ...**' એવો જે ભગવાન સૂર્ય. '**કામ-ક્રોધાદિ રાગ-દ્વેષ ભાવોંસ્વરૂપ વિકલ્પ-જાલરૂપ મેઘસે ઢંકા હુઆ નહીં દિખતા.**' એવો ભગવાન સાક્ષાત્ અસ્તિ-સત્તા સામર્થ્ય પૂર્ણ સ્વભાવવાળો પદાર્થ છે. એ બહિર્મુખની લાગણી શુભાશુભ વિકલ્પો રાગ-દ્વેષ એના મેલમાં એ ભગવાન દેખાતો નથી. સમજાણું કાંઈ? આમાં પણ એમ કહ્યું કે, કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ છે માટે દેખાતો નથી એમ ન કહ્યું, જડ કર્મ છે માટે દેખાતો નથી એમ ન કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! પોતે ઊંધો પડ્યો પુણ્ય-પાપના વિકારી ભાવમાં એકાકાર થયેલો, વાદળામાં જેમ સૂર્ય દેખાય નહિ એવા વિકારની એકાગ્રતામાં ભગવાન નિર્મળાનંદ દેખાતો નથી. સમજાણું કાંઈ? ભલે આત્મા દેખે ન દેખે એમાં શું, અમારે ભાઈ! ધર્મ કરવો છે. પણ એનું નામ જ ધર્મ છે. આત્મા અખંડાનંદ પ્રભુ એને પુણ્ય-પાપના રાગમાં એકાકાર થઈને રહેવું એ અધર્મ છે. એ જ અધર્મ છે, અધર્મ કોઈ બીજી ચીજ બહારમાં હોતી નથી. ભગવાન અનંત ચૈતન્ય ગુણનો પિંડ પ્રભુ એને લક્ષમાં, દૃષ્ટિમાં, સ્થિરતામાં ન લેતા એકલા પુણ્ય-પાપ રાગ ને દ્વેષ ખંડમાં એકાકાર થઈને રહેવું એ જ એની અધર્મ દશા છે, એનું નામ અધર્મ દશા છે. એ દશા ક્યાંય બહાર રહેતી નથી. સમજાણું કાંઈ?

એને ધર્મ કરવો હોય તો એ અધર્મ દશા જે રાગ ને પુણ્ય-પાપની એકતાબુદ્ધિ છે તે છોડીને ત્રિકાળી જ્ઞાનાનંદ ભગવાનમાં એકતાબુદ્ધિ કરતા એને નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટે

તેને ધર્મ કહેવામાં આવે છે. ભારે વાત. સમજાણું કાંઈ? કોઈ દિ' સાંભળ્યું નહોતું. 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' બોલે જાય હાંકે રાખે ગાડા. ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં... કોને કહેવો 'કેવળી પણ્ણત્તો ધમ્મો'? ભગવાન જાણે તો ભગવાન જાણે, પણ તને શું? ભગવાનજીભાઈ! મંગળિક બોલે ને સવાર-સાંજ, હાંકે રાખે. મંગળિક બોલશું તો કાંઈક દુકાન ચાલશે, પૈસા-બૈસા ઠીક થશે, નાગા-ભૂખ્યા નહિ રહીએ. આવી તો આશાઓ મૂઢને. મિથ્યા શ્રદ્ધામાં આવી ભાવના. સમજાય છે કાંઈ? એ બધી મિથ્યાશ્રદ્ધાના લક્ષણ છે, મિથ્યાત્વ ભાવના લક્ષણ છે. મારે આ મળે ને આ મળે. ભગવાન મળે એવી એને ખબર નથી. સમજાણું કાંઈ?

એ આત્મા અનંત ગુણનો પિંડ સર્વજ્ઞ પરમેશ્વરે જેવો જોયો એવો અંતરમાં પુણ્ય-પાપના વિકલ્પની એકતા તોડીને સ્વભાવ તરફની એકતા કરવી એનું નામ વીતરાગ પર્યાય ને ધર્મ કહે છે. આહા..હા..! એ દૃષ્ટિ થઈ, વીતરાગસ્વરૂપ ભગવાન આખો આવો છે એવું જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાણું એ જ્ઞાન ધર્મ છે, શ્રદ્ધામાં-પ્રતીતમાં આવ્યો એ સમ્યગ્દર્શન ધર્મ છે, એટલો જેટલે અંશે એમાં ઠર્યો એ પણ ચારિત્રરૂપી ધર્મ છે. 'કેવળી પણ્ણત્તો ધમ્મો' આ છે. કોણ જાણે કોઈ દિ' સાંભળ્યું ન હોય. સાંઈઠ સાંઈઠ વર્ષ કાઢ્યા હોય વાડામાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખી વાત જ વિરોધમાં પડી ગઈ છે, પાટેથી ગાડી જ ઉતરી ગઈ છે અને ગાડી ચાલે છે એમ કામ કરે છે એટલું. ચાલે છે ખરી પણ ક્યાંક જાય છે. સમજાણું કાંઈ? દિશા બદલાવવાની આવશ્યકતા છે એની ખબર નથી એને. આહા..!

કહે છે, યોગીન્દ્રદેવ '**भगवतां श्रीयोगीन्द्रदेवानाम्**' એમ છે હોં ૧૨૨માં છેલ્લે. આ તો આપણે ૧૨૦મી ચાલે છે. ભગવાન યોગીન્દ્રદેવનો એ અભિપ્રાય છે. કુંદકુંદાચાર્યમાં આવે છેને જયસેનાચાર્યમાં '**भगवतां कुन्दकुन्दाचार्यदेवानाम् अभिप्राय**'. નિયમસારમાં આવે છે. એમ અહીં છે ૧૨૨માં છેલ્લે. મહાયોગીન્દ્રદેવ પણ જબ્બર થઈ ગયા હોં! મહા મુનિ દિગંબર સંત જંગલ વનવાસી જેને આત્મ ધ્યાન છઠ્ઠે, સાતમે ગુણસ્થાન ઝુલતા... ઝુલતા... ઝુલતા... વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્રો લખાઈ ગયા છે. સમજાણું કાંઈ? ઈ કહેશે. ૧૨૨માં કહેશે.

ક્યાં વસ્યો છે હંસ? માનસરોવરમાં. એમ ક્યાં ભગવાન વસે છે? કે નિર્મળ જ્ઞાન પર્યાયમાં. એમ યોગીન્દ્રદેવનો અભિપ્રાય કહે છે. પ્રભુ! તું ક્યાં વસે છો? કે નિર્મળ સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાનની પર્યાયમાં ભગવાન વસે છે. હંસલો ત્યાં વસે છે. એ કાંઈ અહીં સોનગઢની નદીમાં ન હોય ઉતાવળી નદીમાં હંસલા. તેમ દરિયામાં પણ ન હોય. મોટા દરિયા આવા ભર્યા ખારા, હંસલા ન્યાં ન હોય. જ્યાં માનસરોવર જ્યાં મોતી પાકતા હોય ત્યાં હંસલા હોય. જેને મોતીના ચારા છે. સમજાય છે? એવા માનસરોવર છે હોં! ભગવાને દેખેલા કહ્યા છે અમુક સ્થાનમાં. જ્યાં

એને મોતી પાકે, વેળુને ઠેકાણે મોતી પાકેલા હોય. એ હંસલા મોતીના ચારા ચરે, એ જુવાર ને બાજરા ન ખાય ઈ. આહા..હા..!

એમ ભગવાન આત્મા એની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાનના પર્યાયમાં હંસલા એ આત્માની શાંતિના ચારા ચરે. આહા..હા..! સમજાય છે કાંઈ? હંસ, એ વેળુ અને દાણાને જુદા પાડી મોતીને જ લે. જેવું ચાંચમાં મોતી આવ્યું અવળીને ફટ હેઠે પેટમાં જાય. એવું કડક ને કઠણ મોતી હોય, આમ લીધું ભેગું ઓગળીને પેટમાં જાય. એમ ભગવાન આત્મા અનંત જ્યાં શાંતિ ને આનંદના મોતી પાકે એવું સરોવર આત્મા છે. આહા..હા..! અનંતા આનંદ ને શાંતિના મોતી પાકે એવો ભગવાન સરોવર છે. એની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન દ્વારા એ ધર્મી-હંસલા આવા માનસરોવરના મોતીને ચરે છે. આહા..હા..! એ પુણ્ય-પાપના માંસના લોચા ને કાંકરા એ સમ્યગ્દૃષ્ટિ ખાતો નથી. આહા..હા..! અજ્ઞાની કાગડા માંસને ચુસે છે. એમ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિની શ્રદ્ધા છોડી એકલા પુણ્ય-પાપના વિકારરૂપી કાંકરા ને માંસને ખાય છે. સમજાણું કાંઈ?

જુઓને આ છાણા-બાણા સડ્યા હોયને. સાંજનું છાણું પડ્યું હોય, સાંજનું છાણ, છાણ. આખી રાત પડ્યું હોય તો જીવડા પડ્યા હોય, પછી સવારે કાગડો ચાંચથી આમ આમ કરે ફોલે. જીવ અંદર પડ્યા હોયને. સાંજનું છાણ હોય અને બાર કલાક રહ્યું હોય કોણ લઈ જાય એ વખતે? પછી જીવડા પડે આવડા આવડા. સવારમાં ચાંચ મારીને છોલે અને એ જીવડા ખાય. કાગડાને તો જીવડાનો ખોરાક હોય, એને શું બીજો ખોરાક હોય? એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને શાંતિનું સરોવર એની શ્રદ્ધા છોડીને એકલા પુણ્ય-પાપ જ હું, પુણ્ય-પાપ હું, શરીર હું એવી માન્યતાનો મિથ્યાત્વ ભાવમાં અજ્ઞાનીને રાગ-દ્વેષનો જ ખોરાક હોય. આહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન '**કામ-ક્રોધાદિ રાગ-દ્વેષ ભાવોંસ્વરૂપ વિકલ્પ-જાલરૂપ મેઘસે ઢંકા હુઆ નહીં દિખતા.**' પરમાત્મા તો બિરાજે છે એવોને એવો, પણ એ વિકલ્પની આડે ભગવાન અંદરમાં દેખાતો નથી. એ ભગવાન આત્માને શ્રદ્ધા જ્ઞાનમાં દેખવો એનું નામ ધર્મ છે. ધર્મ કોઈ બીજી વીતરાગ માર્ગમાં ચીજ નથી. આહા..હા..! ભારે પણ, માણસને આકરું લાગે હોં! એ.. ધીરુભાઈ! વ્યવહાર ધર્મ લોપ થઈ જાય છે. બાપુ! વ્યવહારનો લોપ થશે તો નિશ્ચય પ્રગટ થશે. એ વિના પ્રગટશે શી રીતે? વ્યવહાર તો રાગ પુણ્યને કહ્યું છે, પણ અહીંયાં નિશ્ચય થયા વિના એને વ્યવહાર કહેવો શી રીતે? અને એ ઘટતો જાય ને સ્થિરતા થતી જાય ત્યારે ધર્મની વૃદ્ધિ થાય છે. આહા..હા..! ભારે કામ આકરું. જગતને ... મળ્યા બહુ ને મળ્યા .. મળ્યા બહુ ઊંધા. ભર્યા ભાણે બધા મળ્યા ઊંધા એટલે આ ચીજ શું છે એને દૃષ્ટિમાં આવવું મુશ્કેલ પડે. જુગરાજજી!

**'મેઘસે ઢંકા હુઆ નહીં દિખતા.'** એ મેલ ને પુણ્ય-પાપની એકતાબુદ્ધિને ટાળતા ભગવાન આત્મામાં એકતા... એકતા... એકતા... તેનો આદર થઈને એકતા (થતાં) ચૈતન્યસૂર્ય એમાં દેખાય છે. એટલે શ્રદ્ધામાં આવે, જ્ઞાનમાં આ આખો આત્મા છે એમ જણાય છે. એવી શ્રદ્ધા, જ્ઞાનની પર્યાયને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? હવે પછી આવી વાત ઓલી જ લાગેને માણસને, નવ્વાણું જાત્રા કરવા જાતા હોય તો અહીં એકેય વાત આવતી નથી નવ્વાણુંની જાત્રાની. પછી માથે આમ ચડવું પછી આમ ઉતરે ત્યાં તો ધર્મ થાય. એક દિ'માં ત્રણ વાર થાય. એક ફેરી અમે ગયા હતા. ત્યારે એક છોકરી અગિયાર-બાર વર્ષની દોડીને જાય દર્શન કરીને હેઠે ઉતરે, વળી દોડીને જાય હેઠે ઉતરે, શું છે પણ? બહુ થઈ જાય એમ કે ... ખુબ જઈએ તો ખુબ ધર્મ થાય.

ભાઈ! એ તો ભગવાન! શુભભાવમાં લક્ષ કરે તો એ પુણ્યભાવનું કારણ છે, પુણ્ય શુભભાવ. ત્યાં તું માની લે કે એમાં ધર્મ છે અને સંવર-નિર્જરા છે, એ છે નહિ. અહીંયાં લોકો સામાયિક પોહા ને બેસે સામાયિક કરીને બેસે, સંવર થઈ ગયો. ક્યાં ધૂળમાં પણ સંવર નથી, સામાયિક કહેવી કોને એ ખબર નથી તને. સમજાણું કાંઈ? જેમાં પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે તેને એકરૂપ બંધ જાણે અને એનાથી રહિત અબંધસ્વરૂપ ભગવાનને શ્રદ્ધા જ્ઞાનમાં લે ત્યારે જે રાગ રહિત શ્રદ્ધા જ્ઞાન થયા એમાં સ્થિરતા થાય ત્યારે તેને સામાયિક કહેવામાં આવે છે. આવી તો સામાયિકની વ્યાખ્યા છે. આહા..હા..! ઓલો માથે ચડીને માની લે ધર્મ, આ ઘડીક બે ઘડી આમ બેસીને નીકળ્યો ત્યાં થઈ ગયો ધર્મ અમારે. ક્યાં ગયો હતો? વિકલ્પમાં. સમજાણું કાંઈ? ૧૨૧.

**'આગે જો વિષયોંમેં લીન હૈં, ઉનકો પરમાત્માકા દર્શન નહીં હોતા,...'** એટલે કે ભગવાન આત્માના લક્ષને છોડી બાર વિષયમાં લીન છે, સ્ત્રીને મુખ્ય ગણી છે અહીંયાં, એના પ્રેમમાં લીન છે એને આત્માનો વિષય અંદર શુદ્ધ ચિદાનંદ છે એ એમાં રહી શકતો નથી.

**૧૨૧) जसु हरिणच्छी हियवडए तसु णवि बंभु वियारि।**
**एक्कहिँ केम समंति वढ वे खंडा पडियारि।।१२१।।**

**'वढ वे खंडा पडियारि'. 'અન્વયાર્થ :- જિસ પુરુષકે ચિત્તમેં 'हरिणाक्षी' મૃગકે સમાન નેત્રવાલી સ્ત્રી બસ રહી હૈ...'** આચાર્ય એનું નામ આપે છે મુખ્ય તો. સ્ત્રીનો પ્રેમ જગતમાં અજ્ઞાનીઓને વિશેષ લાગે છે. સમજાય છે? ભગવાન આત્માનો ભોગ અનુભવને મૂકી અને એકલા સ્ત્રીના ભોગની આસક્તિમાં એકાકાર પડ્યો એવી આસક્તિમાં અંધારામાં ભગવાન ચૈતન્ય કેમ દેખાય? આહા..હા..! સમજાય છે કાંઈ? **'મૃગકે સમાન નેત્રવાલી...'** એમ મૃગલાના નેત્રો આમ લાંબા ઓલા હોયને ચકચકિત હોય એવી જેની આંખો આમ આમ. જેના હૃદયમાં

એ સ્ત્રીઓ અને રાગ વસ્યા છે '**उसके अपना शुद्धात्मा नहीं है,...**' એ ભગવાન આનંદમૂર્તિને વિષય કરી શકતો નથી. વિષય એટલે તેને લક્ષમાં લઈ શકતો નથી. આહા..હા..!

ત્યારે કહે, સમ્યગ્દષ્ટિ છેને, છન્નું હજાર સ્ત્રી હોય છેને? ના ના ભાઈ! તને ખબર નથી. એની દૃષ્ટિમાં સ્ત્રી વસી નથી, એના જ્ઞાનમાં રાગ વસ્યો નથી. એની દૃષ્ટિ ને જ્ઞાનમાં તો આનંદ ભગવાન વસ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દષ્ટિ સંસારમાં છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય, એ સ્ત્રીમાં નથી. એના પ્રત્યેનો જરી અશુભ રાગ એમાં એનું અસ્તિત્વ એ માનતો નથી. અરે..! જેને વસ્તુના જ્ઞાનસ્વભાવ વસ્તુ અતીન્દ્રિય આનંદના-શ્રદ્ધા, જ્ઞાનમાં સ્વાદ આવ્યા છે એને સ્ત્રી જ્ઞાનમાં કેમ વસે? સમજાણું કાંઈ?

સમ્યગ્દષ્ટિના જ્ઞાનમાં તો ચૈતન્યસૂર્ય ભાસ્યો છે અને એ ચૈતન્ય પણ અનાકુળ આનંદની દશાની સ્વાદ લેતો ભાસ્યો છે. આહા..હા..! એ સ્વાદના લોલુપી સમ્યગ્દષ્ટિ એને છન્નું હજાર સ્ત્રીના રાગમાં રંગ હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કોઈ એમ કહે કે આપણે સ્ત્રીઓ છોડી દઈએ. એમ નહિ. એના પ્રત્યેની રાગની વાસના જે વિકારની છે, એનો જ્યાં અંદર પ્રેમ છે એને નિર્વિકારી ભગવાન આત્મા અનાકુળ આનંદનો પ્રેમ નથી. અને ભગવાન અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા પરમાત્મા સર્વજ્ઞદેવે કહ્યો, ત્રિલોકનાથ તીર્થંકરે ભગવાને અનુભવ્યો પૂર્ણ, એવો જ ભગવાન પૂર્ણાનંદનો જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ આત્મા જેના અંતરમાં જ્ઞાનથી તેને જ્ઞેય બનાવી આત્માને અને શ્રદ્ધા, જ્ઞાન થયા છે એમાં તો આત્મા વસે છે ધર્મીના જ્ઞાનમાં. સ્ત્રીનો વાસ એક ક્ષણ પણ નથી. એ રાગના ભોગ કાળે રાગમાં એક ક્ષણ પણ આત્મા પોતાના જ્ઞાનમાં વસ્યો તે ખસતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને ધર્મના નામની ક્રિયા રાગની દયા, દાન, વ્રતના રાગની ક્રિયામાં બેઠો છે તો અજ્ઞાનીને એક સમય પણ આત્મા તેના જ્ઞાનમાં આવ્યો નથી, એના જ્ઞાનમાં તો એ વિકલ્પ ને રાગ વસ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ કોઈ અલૌકિક છે. એ કોઈ આલીદુઆલી માની બેસે છે એવો એ ધર્મ નથી. સમજાણું કાંઈ?

કહે છે અરે..! જેની જ્ઞાનમાં, આંખોમાં એ '**हरिणाक्षी**' સ્ત્રીના ભોગ અને લાગણી વસે છે, એ એક મ્યાનમાં બે તલવાર કેમ રહે? જેને એ આસક્તિના ભોગમાં પ્રેમમાં-પ્રીતિમાં અર્પાઈ ગયો છે એમાં ભગવાન વીતરાગી ચિદાનંદસ્વરૂપ એને જ્ઞાન, શ્રદ્ધામાં કેમ આવે? સમજાણું કાંઈ? આહા..હા..! સમજાણું આમાં? ઓહો..હો..! ત્યાગી હજારો રાણી છોડીને બેઠો પણ અંદરમાં રાગના વિકલ્પનો પ્રેમ ને રુચિ છે એના રાગમાં બધી સ્ત્રીઓ પડી છે. ભગવાન એના રાગમાં ન આવે, રાગમાં ભગવાન આત્મા ક્યાંથી આવે? એ રાગથી પૃથક થઈને અરાગી શ્રદ્ધા, જ્ઞાન દ્વારા આત્માને વસાવે તો નિર્મળ જ્ઞાનમાં ભગવાન આવે. એ કાંઈ રાગમાં ભગવાન આવે?

આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્યે પણ...

સાંભળ તો ખરો એકવાર. ભગવાન અનંતા ગુણનો નાથ પ્રભુ તેં તારા જ્ઞાનમાં વસાવ્યો નહિ અને એ જ્ઞાનમાં તેં રાગને અને રાગના નિમિત્તોને વસાવ્યા એ એક મ્યાનમાં બે નહિ રહે. સમજાણું કાંઈ? એ રાગનો ને ભોગનો પણ આદર અને ચૈતન્ય શુદ્ધનો પણ આદર, બે નહિ રહી શકે એમ કહે છે. આહા..હા..! સમજાણું?

'**અર્થાત્ ઉસકે શુદ્ધાત્માકા વિચાર નહીં હોતા,...**' જે એકલા વિકલ્પની રાગની જાળમાં જ રોકાઈ ગયો છે એને વિકલ્પ વિનાનો ભગવાન નિર્વિકલ્પ આનંદ પ્રભુ પોતાનું સ્વરૂપ એની વિચારધારા એને નહિ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઐસા હે પ્રભાકર ભટ્ટ! તૂ અપને મનમેં વિચાર કર. બડે ખેદકી બાત હૈ કિ એક મ્યાનમેં દો તલવારેં કૈસે આ સકતી હૈ?**' જ્યાં આત્મા આનંદકંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ એને પોતે નિર્મળ જ્ઞાનની દશા કરીને વસાવ્યો નથી એને, રાગ ને પુણ્યના પ્રેમમાં પડ્યો, એમાં રાગ જ્યાં વસ્યા ત્યાં ભગવાન કેમ હોય? અને ભગવાન જ્યાં જ્ઞાનમાં વસ્યા ત્યાં રાગ કેમ હોય? સમજાણું કાંઈ? એ સમ્યક્ ચોથા ગુણસ્થાનથી માંડીને આ વાત છે. સમ્યગ્દૃષ્ટિ જીવથી માંડીને વાત છે આ.

સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે, જેની દૃષ્ટિમાં વીતરાગ ચૈતન્ય વસ્યા છે, આત્મા વસ્યો છે. જેને રાગાદિ થાય પણ એ દૃષ્ટિમાં વસ્યા નથી. રહ્યું એને સ્થાન નથી, દૃષ્ટિ અને શ્રદ્ધામાં રાગને સ્થાન નથી. આહા..હા..! દૃષ્ટિમાં સ્થાન છે ભગવાન પૂર્ણાનંદ નાથનું સ્થાન છે. એ જુગરાજજી! આહા..હા..! એમાં વળી આ પૈસા બે, પાંચ કરોડ, ધૂળ કરોડ ભેગા થાય ને ગલગલીયા થાય, મૂઢ છો કહે છે. રૂપિયામાં મારા, મારા આમ થઈ ગયો ખુશી. આ રાગમાં ખુશી થયેલો એને ભગવાનનું સુખીપણું આવશે નહિ. કહો, સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે, ખેદ છે કે એક મ્યાનમાં બે તલવાર કેમ રહેશે? જેને રાગના પ્રેમ પુણ્ય-પાપના વસે છે ત્યાં ભગવાનનો પ્રેમ કેમ રહેશે? અને જ્યાં ભગવાન આત્માનો પ્રેમ દૃષ્ટિ થઈ ત્યાં રાગના પ્રેમ કેમ રહેશે? આહા..હા..! સમજાણું કાંઈ? એમ કરીને ચૈતન્ય ભગવાન આત્માની પ્રાપ્તિનું માહાત્મ્ય બતાવ્યું છે. સમજાણું કાંઈ? ત્યારે આત્મા પ્રાપ્ત થાય. અંદર દૃષ્ટિ કરતા રાગ ને પુણ્યનો વિકલ્પનો પ્રેમ છૂટી જાય. હો, પણ પ્રેમ છૂટી જાય. વસ્તુ વીતરાગાનંદ પ્રભુ આત્મા એનો પ્રેમ નામ એકતા થતાં ભગવાન જેના જ્ઞાનમાં વસે આ એને સમ્યગ્દૃષ્ટિ ધર્મી કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૮, બુધવાર, તા. ૧૫-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૨૧, ૧૨૨, પ્રવચન-૭૬**

૧૨૧ ગાથા. આજ કુંદકુંદાચાર્યદેવનો આચાર્યપદ આરોહણનો દિવસ છે. પોષ વદ ૮ શાસ્ત્રની, આપણે આ માગશર વદ ૮. કુંદકુંદાચાર્ય મહારાજ એ વખતે જૈનશાસનના મોટા સૂર્ય હતા. આચાર્યપદને લાયક. એ આચાર્ય પદ એ કોઈનું દીધું અપાતું નથી. એવી લાયકાત લઈને આવેલા. એમનો એક શબ્દ જ સવારમાં યાદ આવ્યો હતો-'**सव्व सिद्धे**'. સમજાણું? કુંદકુંદાચાર્ય કહે છે કે સર્વ સિદ્ધને એટલે અનંત સર્વજ્ઞદેવને હું મારા જ્ઞાનની પર્યાયમાં સ્થાપું છું અને શ્રોતાઓના પર્યાયમાં અનંત સિદ્ધને-અનંત સર્વજ્ઞને (સ્થાપું છું). સમજાણું? એમ કહીને એમણે એટલું એમાં કહ્યું છે કે જેણે જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞપદને સ્થાપ્યા એ તો જાણનાર-દેખનાર જ રહેશે. એને રાગનું કામ સોંપવું કે પરનાં કાર્ય સોંપવા એ સર્વજ્ઞપર્યાય જેના જ્ઞાનમાં બેઠી એને એ કામ ન હોય, એને સોંપાય નહિ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞપર્યાય અનંતા છે એ તો. એક જ સર્વજ્ઞ હો કે અનંત સર્વજ્ઞ બધી એક જ વાત છે. કારણ કે એક સર્વજ્ઞની પર્યાયમાં પણ અનંત સર્વજ્ઞ જણાઈ ગયેલા છે. એટલે કે અનંત સિદ્ધને સ્થાપતા જ એણે અનંત સર્વજ્ઞપણું એક સમયમાં અનંત સિદ્ધને જાણે અને લોકાલોકને જાણે એવો પર્યાય, એવો પર્યાય જેના જ્ઞાનની વર્તમાન પ્રગટ દશામાં સ્થાપ્યો એનો અર્થ છે કે એનું લક્ષ જ્ઞાયક ઉપર જાય છે અને એ વર્તમાન સર્વજ્ઞને પર્યાયમાં સ્થાપતા એ જ્ઞાતા-દૃષ્ટાપણે તું થા, અમે એમાં સમયસાર તને કહેશું. આહા..હા..! સમયસારમાં એ જ કહેશું એમ. જ્ઞાતાદૃષ્ટાપણું, જ્ઞાયકભાવપણું. સમજાણું કાંઈ?

રાગને જે સમયે થાય તે જ સમયે પણ પોતે એને સ્વના લક્ષે જાણનાર એ પરને (ફક્ત) જાણવાનું જ કામ કરે છે. સમજાણું કાંઈ? એ જાણવાના કામમાં પાંચેય ભાવ સાથે આવી જાય છે. સર્વજ્ઞે જેમ જોયા છે કે પુરુષાર્થથી જેણે નિયત જે સમયે પ્રગટ થવાની પર્યાય એ સમયે પુરુષાર્થ, એ સમયે સ્વભાવ, એ સમયે નિયત તે કાળ અને એ સમયે તે ભાવ. એમ જે સર્વજ્ઞ ભગવાને બીજા જીવના એક સમયના ધર્મ પુરુષાર્થવાળાના કાર્યમાં પાંચ સાથે જોયા છે... સમજાણું કાંઈ? એમ સર્વજ્ઞની પર્યાય જેના જ્ઞાનમાં બેઠી છે એ પણ એક જ સમયમાં જ્ઞાન સ્વભાવ છે, પુરુષાર્થ જ્ઞાતાપણાનો થાય છે, તે કાળે તે પ્રકારના કર્મના ઉદયનું નિમિત્તપણું પણ દર્શનમોહની એટલી યોગ્યતાવાળું, ચારિત્રમોહનો ઉદયનો પણ અભાવ છે,

એ સમયે તે કાળે તે પ્રગટવાની પર્યાય પ્રગટે છે અને એ જ પ્રકારનો ત્યાં ભાવ છે. સમજાણું કાંઈ? આ તો સવારમાં જરી ઉઠતા એમ થયું કે, આ અનિયત માનનાર સર્વજ્ઞને નથી માનતા એમ લાગે છે. પંડિતજીને પૂછ્યું પણ બહુ... કીધું, અનિયત માનનાર અલ્પજ્ઞ જ માને છે એનો અર્થ છે. સમજાણું કાંઈ? અનિયત માનનાર, આ જ્ઞાયકપણાને સ્થાપ્યા છેને પર્યાયમાં, એ સર્વજ્ઞ સ્વભાવી અને પર્યાયમાં સર્વજ્ઞપણું એ પણ માનતા નથી, એમ વાત છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે થોડી.

જેને જ્ઞાનમાં સર્વજ્ઞ કેવળજ્ઞાન બેઠું... એક વાત એ વખતે એક યાદ આવી હતી ઘણા વર્ષ પહેલા ૭૬ની સાલની વાત છે. ઝોબાળા, ઝોબાળા છેને તમારું દેવનું. એ ઝોબાળા ગયા હતા ત્યારે ઓલા હતાને ભાઈ ઉજમશીભાઈ રોચકાવાળા. ઉજમશી રોચકાવાળા ઈ ત્યાં આવેલા. વિશાશ્રીમાળીના ... આવેલા. બરાબર અહીં આવીને જ્યાં ન્યાં બેઠા ત્યાં આવ્યા ઈ અને એમ એને કહ્યું, ભાઈ! શાસ્ત્રમાં એક લેખ છે ઉત્તરાધ્યયનનો અગિયારમો. ... જેમ જંબુદ્વિપમાં એક જંબુ નામનું વૃક્ષ છે અનાદિ શાશ્વત. છેને? જંબુ વૃક્ષ. એમાં એક અનાઢ્ય દેવ નામનો વાસ છે. વારા ફરતી દેવ રહે પણ આનાઢ્ય એનું નામ આપે છે. એ ઉત્તરાધ્યયનમાં અગિયારમાં આવે છે. એમ કીધું, સમ્યગ્જ્ઞાનીના જ્ઞાનમાં જિન એના જ્ઞાનમાં વસેલા હોય છે. ભાઈ! સમજાણું કાંઈ? ઓલા દેવનું નામ પણ આનાઢ્ય છે કે નહિ? નામ આનાઢ્ય છે. આમાં જે આવતું હોય એ ખરું પણ એમાં એ છે–આનાઢ્યસ. હમણાં કાઢ્યું હતું. આનાઢ્યસ. તે દિ' આ તો ૭૬ની વાત છે. એ ઝોબાળા ગયા, પેઠા અને ઓલા આવ્યા એને આ વાત કરી મેં કે, જો ભાઈ! આમ છે હોં! કેટલામું છે જુઓ, અગિયાર, અગિયાર. જુઓ! ૨૭મી ગાથા છે. બહુશ્રતં. બહુશ્રુત એટલે જ્ઞાની. એ જ્ઞાનીના જ્ઞાનમાં સર્વજ્ઞ બેઠા છે. ... આ તો બધું આવડતું હતું કે નહિ? એ બધા શેઠિયાઓ છેને એના. ઝાડમાં પ્રધાન ઝાડ, ઝાડમાં પ્રધાન ... પ્રધાન. એ જંબુવૃક્ષ છે. આ જંબુદ્વિપ છેને એનું એ વૃક્ષ છે શાશ્વત્ એને નામે જંબુદ્વિપ છે. એ એનું બીજું નામ સુદંસણા છે. એ ઝાડનું બીજું નામ સુદંસણા છે. આમાં બે નામ છે. આમાં હોય એ ખરું. સમજાણું? અનાઢ્ય દેવસ. એમાં અનાઢ્ય એ નામનો એમાં દેવ વસે છે. ... એમ હોય બહુશ્રુતિ તેવો એક શબ્દ છે. તે દિ' પછી કહ્યું હતું કે, જ્યાં જ્ઞાનસ્વરૂપી ભાવ પ્રગટ્યો છે એવા બહુશ્રુત, ત્યાં તો બહુશ્રુત શબ્દ છેને, બહુશ્રુતિના જ્ઞાનની પર્યાયમાં આનાઢ્ય, સર્વજ્ઞની આજ્ઞા એટલે સર્વજ્ઞ વસ્યા છે. જુગરાજજી! આ તો ૭૬ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૬ થયા, ૪૬. એ વિહાર કરીને ગયાને ... ઈ આવ્યા. બાપુ! માર્ગ, કીધું, એવી કોઈ શૈલી છે કે, જ્ઞાનીના જ્ઞાનમાં તીર્થંકર વસે છે એમ કહ્યું હતું ભાઈ! તે દિ' તો. આહા..હા..! સમજાણું કાંઈ? એને તો ખબર પણ નહિ હોય બહુશ્રુત લખનારને.

અહીંયાં કહ્યું કે, સાંભળનારના ને કહેનારના જ્ઞાનમાં અમે સર્વજ્ઞને સ્થાપીએ છીએ. કહેનાર કહે છે કે, સર્વજ્ઞ અમારા જ્ઞાનમાં બિરાજે છે હોં! આહાહા..! એથી આ વાત બધી હવે નીકળશે. એમ કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત મહામુનિ અને અંતર જ્ઞાનની દશામાં અમે અનંત સર્વજ્ઞને અમે સ્થાપ્યા છે અહીં. હવે એ વાણી બધી નીકળશે સર્વજ્ઞે જેવી જાણી, માની, અનુભવી એવી જ વાણી નીકળશે એમ. આહા..! સમજાણું કાંઈ? અહીંયાં કુંદકુંદાચાર્ય મહારાજ તો ગજબ વાત કરે છે! અરે.. આત્મા! અમે અનંત અનંત, એક સર્વજ્ઞ કહો કે અનંત કહો, બધું એક જ છે. કારણ કે, એક સર્વજ્ઞની પર્યાયમાં અનંત સર્વજ્ઞ જણાઈ ગયા છે. સમજાય છે કાંઈ? એટલે કે અનંત સર્વજ્ઞને પર્યાયમાં અમે સ્થાપ્યા છે. આહા..હા..! હવે અમારે રાગનો ને નિમિત્તનો આદર ન હોઈ શકે. સમજાય છે કાંઈ? એ રાગ થાય તેનો આદર ન હોય, થાય તેનું અહીં જ્ઞાન હોય. કેવી શૈલીએ સ્થાપે છે! ઓહો..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ચારે કોર જોવો તો એક જ વસ્તુ સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે, અમે તો સર્વજ્ઞને અમારી દશામાં સ્થાપ્યા છે હોં! હવે આ વિકલ્પ ઉઠ્યો છે આ શાસ્ત્રનો લખવાનો, બોલવાનો એ પણ વિકલ્પના સર્વજ્ઞ જેમ કર્તા નથી એમ અમે પણ કર્તા નથી હોં! ત્યારે કર્તા નથી તો છો શું? અમે તો એના જાણનાર છીએ હોં! અમારા જ્ઞાનમાં સર્વજ્ઞ સ્થાપાયેલા છે. એમાં રાગનું કર્તૃત્વ અને સંયોગનું મેળવવું કે સંયોગનું હઠાવવું એ સર્વજ્ઞના જ્ઞાનમાં નથી. સર્વજ્ઞાનમાં બધું સ્થિત વ્યવસ્થિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! મંગળિક કરીને તો ગજબ કર્યો છે! આચાર્ય તે આચાર્ય! કુંદકુંદાચાર્ય તે ભગવાન તુલ્ય એને કહ્યા. સમજાણું કાંઈ? પોતે ભગવાન તુલ્ય. પછી અર્થમાં કર્યુંને કે, એ શુદ્ધાત્મા સાધ્ય છે સિદ્ધને સ્થાને. એમ આત્માના જ્ઞાનમાં શુદ્ધાત્મા સાધ્ય છે. પૂર્ણ સર્વજ્ઞ તે પ્રગટ કરવું છે, અલ્પજ્ઞમાં અને આમાં રહેવું નથી. સમજાણું કાંઈ? એટલે જ્યાં એક સમયમાં...

શ્રોતાને કહે છે કે, ભાઈ! તમારી પર્યાયમાં અમે અનંતા સિદ્ધને સ્થાપીએ છીએ, હોં! બિરાજીએ છીએ. હવે તમારાથી, સર્વજ્ઞ જેમ રાગ થાય એને જાણે, એમ તમારાથી પણ રાગ થાય એને જાણવાની વાત અમે કહેશું. એમાં એ આવશે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સાંભળવાનો વિકલ્પ જે આવે એનો પણ કહે છે કે, તું કર્તા ન થાય ત્યારે સર્વજ્ઞને સ્થાપ્યા કહેવાય. સર્વજ્ઞ રાગના માલિક છે? સંસારના માલિક છે? જાણે છે બધું, પણ માલિક છે પરના? એમ જેણે જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞપણું સ્થાપ્યું અહો..! એને અનિયત એવું કાંઈ છે જ નહિ. જેમ થાય છે એમ થાય છે. એ રાગ પણ થાય છે, નિમિત્ત પણ હોય છે, નિમિત્ત દૂર હટી જાય એમ જે વ્યવસ્થા જેમ થાય તેને, શ્રોતાને કહે છે કે, તું જાણનાર રહેજે. વજુભાઈ! કારણ કે, અમારે આખો આત્મા જ્ઞાયક સ્વરૂપ છે એમ સિદ્ધ કરવો છે અને જ્ઞાયક સ્વરૂપ

સિદ્ધ કરતાં પર્યાયમાં જ્ઞાતાપણું, દૃષ્ટાપણું જ આવે છે, બીજું આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ જ્ઞાતાપણાના ભાવમાં પાંચે સમવાય આવી જાય છે. ભગવાને જેમ કેવળજ્ઞાનમાં બીજા જીવના સમ્યગ્દર્શન-જ્ઞાનના કાળમાં જે પાંચે સમવાય પુરુષાર્થ આદિ જોયા, એમ જ્ઞાનીને તે સમયમાં તે પ્રકારનો સ્વભાવ, તે પ્રકારનો પુરુષાર્થ, તે પ્રકારનું ભવિતવ્ય એટલે ભાવ અને તે પ્રકારનો કાળ અને તે પ્રકારે ત્યાં કર્મનો અભાવ .. વર્તે છે એવું પાંચે સમવાયનું જ્ઞાન પણ તેને (વર્તે છે). એવું ભગવાન જોવે છે, એવું આ જોવે ત્યારે સર્વજ્ઞને સ્થાપ્યા કહેવામાં આવે. આહા..હા..! વજુભાઈ! સમજાય છે આમાં?

સર્વજ્ઞ પણ ધર્મી જીવના એક સમયનો જે પુરુષાર્થ સ્વભાવ ચાલે છે, કાળ તો તે જ છે, પુરુષાર્થ પણ ચાલે છે, સ્વભાવ જ્ઞાયક છે, ભાવ એ જ છે પ્રગટવાનો તે પર્યાયનો અને પરનો-એવું ભગવાનના જ્ઞાનમાં આ સાધક જીવના એક સમયના પાંચે બોલો એ સમયે જાણવામાં આવ્યા છે. બરાબર છે? શું કીધું? એકલું નહિ. પાંચે ભગવાને જોયા છે એના. એટલે પાંચે જેવા જોયા એવો સર્વજ્ઞને પર્યાયમાં સ્થાપ્યા એ પણ પાંચે એક સમયમાં જાણે છે. સમજાણું કાંઈ? જેમ સર્વજ્ઞને કાંઈ ફેરફાર કરવો નથી. સમજાણું કાંઈ? એમ સર્વજ્ઞની પર્યાય જ્યાં સ્થાપી ત્યાં જ્ઞાતા-દૃષ્ટા છું એમ નક્કી થયું, ત્યાં ફેરવવું-બેરવવું કાંઈ નથી. જે થાય તેને જાણે અને જાણનારને જાણતા તેમાં પાંચે સમવાય, પુરુષાર્થ આવી જાય છે, પાંચે આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ આચાર્ય કુંદકુંદાચાર્ય મહારાજે આચાર્યપદને આરોહણ કરી અને આ વાત સર્વજ્ઞના ઘરની દુનિયાને કહી હતી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા એને જે કહેવું હતું એ જ સર્વજ્ઞ.. એ જ સર્વજ્ઞના... જેને સર્વજ્ઞ પર્યાયમાં વસ્યા છે... સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત! એનો અર્થ જ થઈ ગયો કે આત્મા જ્ઞ સ્વભાવી છે એટલે કે એ સર્વજ્ઞ સ્વભાવી છે. એટલે કે સર્વજ્ઞ સ્વભાવી છે એણે પર્યાયમાં સર્વજ્ઞ પર્યાયપણે પ્રગટેલાને સ્થાપ્યા, એને પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટશે એમ સાધકપણું ત્યાં પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? હવે એને કરવું બીજું નથી. આમ જાણતા સર્વજ્ઞ સ્વભાવી આત્મા સર્વજ્ઞપર્યાયમાં સ્થાપ્યા, સર્વજ્ઞ સ્વભાવી દ્રવ્ય એમ અંતરમાં જે લક્ષ રહ્યા જ કરે છે એ જ્ઞ સ્વભાવની વૃદ્ધિ થઈને પર્યાયમાં રાગનું ઘટવું થઈને સર્વજ્ઞ થઈ જશે અને વીતરાગ થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, વજુભાઈ! આહા..હા..! કથન પદ્ધતિ સર્વજ્ઞની. એ નિશ્ચયથી જ્યાં સર્વજ્ઞને પકડાવ્યા ત્યારે વિકલ્પ છે કહે છે. છેને, છે તો શું થયું? હું તો જાણનાર છું. સમજાણું? કરનાર નથી, વાણીના કરનાર નથી, વિકલ્પના કરનાર નથી, સર્વજ્ઞ બધાના જાણનાર છે. એમ અમે અમારી શક્તિ પ્રમાણે જે શક્તિ પ્રગટી છે એમાં અમે જાણનાર જ છીએ. સમજાણું? એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર કહેવાય

છે. આહા..હા..! સમજાણું?

આચાર્યપદના આરોહણનો દિવસ છેને, આ એટલું મંગળિક આવ્યું લ્યો! 'वंदित्तु सव्व सिद्धे'. એક શબ્દ પહેલો, સમયસારનો પહેલો શબ્દ એક શબ્દ 'वंदित्तु सव्व सिद्धे' શું કહો છો પ્રભુ આ? અમે સર્વ સર્વજ્ઞોને આદરીએ છીએ, આદરીએ છીએ. વંદીએ એટલે આદરીયે છીએ, વંદન કરીએ છીએ, આદરીયે છીએ, સત્કાર કરીએ છીએ અને અલ્પજ્ઞ, રાગ, નિમિત્તનો આદર, સત્કાર નથી અમારે, એનું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

એથી અહીં આચાર્ય મહારાજ કહે છે કે, એક મ્યાનમાં બે તલવાર ન સમાય. ઈ ચાલે છેને આપણે. એક મ્યાનમાં બે તલવાર ન રહે. સમજાણું કાંઈ? જેમાં રાગના પ્રેમની રુચિનું કામ, જેને રાગના કર્તાપણાનું કામ પડ્યું તેમાં જ્ઞાતાપણું વસે નહિ અને જેમાં સર્વજ્ઞનું જ્ઞાતાપણું વસે ત્યાં રાગનું કર્તાપણું વસે નહિ. બે એક સ્થાનમાં ન હોય. સમજાણું કાંઈ? આહા..! જુઓ! ભાવાર્થ ૧૨૧.

'**ભાવાર્થ :- વીતરાગ નિર્વિકલ્પસમાધિકર ઉત્પન્ન હુઆ અનાકુલતારૂપ પરમ આનંદ અતીન્દ્રિય-સુખરૂપ અમૃત હૈ,...**' ઉત્પન્ન હુઆની વાત છે હોં અહીંયાં, ત્રિકાળીની વાત નથી. ભગવાન આત્મા તો ત્રિકાળી એવો જ છે વીતરાગ નિર્વિકલ્પ આનંદની મૂર્તિ, પણ એમ જ્યાં અંતરમાં જ્ઞપણે જ્ઞાનના સ્વભાવથી ભાન કર્યું એટલે પર્યાયમાં વીતરાગી-રાગ વિનાની અભેદ સુખામૃત શાંતિથી ઉત્પન્ન થયેલો અનાકુળરૂપ પરમ આનંદ એવું અતીન્દ્રિય સુખ અમૃત, એ પર્યાયની વાત કરી. સમજાય છે કાંઈ? સર્વજ્ઞપણાની પર્યાય જ્યાં સ્થાપી અંતરમાં ને એકાકાર સર્વજ્ઞ છું, (મેં) સર્વજ્ઞને મારા આંગણે પધરાવ્યા. આહા..! એ આંગણા કેટલા ઉજળા હોય કે જેમાં સર્વજ્ઞ આવે! એવા આંગણા... સર્વજ્ઞને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન એક સમયમાં પૂરું એને પધરાવ્યા. એટલે અંતરમાં યથાર્થપણે તો સર્વજ્ઞ સ્વભાવી દૃષ્ટિ કરીને વર્તમાન પર્યાયમાં સ્વભાવથી પ્રગટ થયેલો અતીન્દ્રિય આનંદનો અમૃતનો પ્યાલો... સમજાય છે? એવું જેને અનુભૂતિની પર્યાય પ્રગટ થવી જોઈએ. એમ ન પ્રગટતા... સમજાણું? એને રોકવાવાળું એટલે ત્યાં સર્વજ્ઞદેવ પૂર્ણાનંદ પ્રભુ છે અને હું પણ સર્વજ્ઞ સ્વભાવી છું એવી દૃષ્ટિ પર્યાયમાં રહી નહિ. દૃષ્ટિ અનાકુળ દ્રવ્યસ્વરૂપ એની પ્રગટવી જોઈએ અનાકુળ પર્યાય, એને ઠેકાણે રાગમય છું, વિકલ્પમય છું એમ જ્ઞાનમાં રાગને વસાવ્યો છે એ વીતરાગની પર્યાય પ્રગટ કરવાના એ વેરી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ સર્વજ્ઞ અને પૂર્ણ અનાકુળ આનંદ પ્રગટેલો છે, સર્વજ્ઞ દશા પ્રગટેલી છે. એવો જ ભગવાન અનાકુળ આનંદ અને સર્વજ્ઞ સ્વભાવી છે એનો જેણે આદર કર્યો છે પર્યાયમાં, એની પર્યાયમાં તો અનાકુળ આનંદના અમૃતનો પ્યાલો પ્રગટ થયો છે, આનંદ પ્રગટ્યો

છે કહે છે.

એનાથી વિરુદ્ધ આકુળતાને, રાગને જેણે વસાવ્યો જ્ઞાનમાં, જે વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? જેણે સ્ત્રી આદિના ભોગનો રાગ, રાગ વસાવ્યો જ્ઞાનમાં. રાગના પ્રેમમાં પડ્યો એને સર્વજ્ઞ સ્વભાવી આત્મા એની શ્રદ્ધામાં-દૃષ્ટિમાં ખસી ગયો છે. સમજાણું કાંઈ? એને તો અનાકુળ આત્મા અને અનાકુળ પર્યાય પ્રગટવી જોઈએ એના સ્થાનમાં વીતરાગ સ્વભાવથી વિરુદ્ધ, વીતરાગ પર્યાયથી વિરુદ્ધ રાગના અંશને જેણે જ્ઞાનની દશામાં રોક્યો છે એણે, જેના ચિત્તમાં રાગ એકલો વિકાર જેને વસ્યો છે એને ભગવાનની નિર્મળ અવિકારી પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય? એક મ્યાનમાં બે રહે નહિ. સમજાણું કાંઈ?

'**આકુલતાકો ઉત્પન્ન કરનેવાલે જો સ્ત્રીરૂપકે દેખનેકી અભિલાષાદિસે...**' આમ ભગવાનને દેખવાની અભિલાષા છોડી દીધી. જ્ઞાયકમૂર્તિ ભગવાન જ્ઞ સ્વભાવી પ્રભુ એને જોવાની દૃષ્ટિ છોડીને આ સ્ત્રીને જોવાની દૃષ્ટિમાં રોકાઈ ગયો રાગ કરીને. એકત્વબુદ્ધિની વાત છે હોં! અહીંયાં. સમ્યગ્દૃષ્ટિ છે એ રોકાણો નથી ત્યાં. આહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને આ રાગમાં એકત્વ નથી, એ જ્ઞાનની પર્યાયમાં એકત્વ છે. આહા..! એ રાગ છે એને જાણનારની ભૂમિકામાં એ બેઠો છે, રાગમાં એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભગવાન સર્વજ્ઞ પ્રભુ એવો આત્મા અને સર્વજ્ઞપર્યાય પ્રગટવાના કારણરૂપે અનાકુળ પર્યાય પ્રગટવી જોઈએ સ્વના લક્ષે, સ્વની શ્રદ્ધાએ, સ્વના આશ્રયે એને ઠેકાણે પરના લક્ષે, પરના આશ્રયે રાગમાં એકત્વ થયો, કહે છે કે, અનાકુળ પર્યાયને રોકનાર એકત્વબુદ્ધિ રાગની છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સ્ત્રીરૂપકે દેખનેકી અભિલાષાદિસે ઉત્પન્ન...**' મુખવિકાર-સ્ત્રીના મુખનો વિકાર. ભગવાન મુખ્ય પ્રભુ એની અવિકાર દશા દેખવાનું પડ્યું રહ્યું. આ ભાવ ચિત્તનો વિકાર એના મનમાં શું છે ઓલો જાણે. વિકારી છેને જીવ એને મનમાં (એમ થાય છે કે) એને મારા પ્રત્યે પ્રેમ વર્તે છે. અહીં ભગવાન આત્મામાં આનંદ વર્તે છે એની એને ખબર નથી. '**મુંહકા ટેઢા કરના,...**' સ્ત્રીનું આમ હસવું આદિ એ જ એના જ્ઞાનમાં, રાગમાં વસે છે. ભગવાન અનાકુળ આનંદકંદ પ્રભુ છે એને જ્ઞાનમાંથી એણે ખસેડી દીધો છે. સમજાણું કાંઈ? '**વિલાસ અર્થાત્ નેત્રોંકે કટાક્ષ...**' આંખની કટાક્ષતા પ્રેમાળ, પ્રેમાળ આંખની કટાક્ષતા ત્યાં જોવા રાગમાં રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદમૂર્તિ સમ્યગ્દર્શનનો જે વિષય એને આમ એના ઉપર નજર કરવી જોઈએ એમાં આમ છોડીને આમ નજરમાં એકાકાર રોકાઈ ગયો છે.

'**ઈન સ્વરૂપ વિકલ્પજાલોંકર,...**' એવા વિકલ્પની જાળ ઉત્પન્ન કરી ભગવાન જ્ઞાયકભાવના પ્રગટપણાની પર્યાયને રોકી. અરે..! એમાં તો એ પર્યાય પ્રગટ થવી જોઈએ જેની જાત છે તેવી પણ તેના આદર વિના આ વિકારી પર્યાય જેના સ્વભાવમાં નથી... સમજાણું કાંઈ?

એ વિકલ્પની જાળમાં એકત્વ થયો બધી વિકલ્પ જાળ ઉત્પન્ન કરી છે, એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એવી જાળોથી '**મૂર્છિત...**' થઈ ગયો છે. વાસિત થઈ ગયો છે. એક શબ્દ પડ્યો રહ્યો છે અર્થમાં. વાસિત—વાસના ગંધ જ બેસી ગઈ છે બધી. સ્ત્રી આદિના પાંચ ઈન્દ્રિયના ભોગોના વિકલ્પની જાળમાં જ વાસિત થઈ ગયો છે. ભગવાન અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ એને દૃષ્ટિમાંથી દૂર કર્યો છે. સમજાણું કાંઈ? 'રંજિત...' એવા વિકલ્પમાં તે રંગાઈ ગયો છે, એમાં પરિણત થઈ ગયું છે ચિત્ત. '**પરિણામ ચિત્તમેં બ્રહ્મકા (નિજ શુદ્ધાત્માકા) રહના કૈસે હો સકતા હૈ?**' એવા ચિત્તમાં ભગવાન કેમ આવે? એવા ચિત્તમાં ભગવાન આત્મા કેમ વસે? સમજાણું કાંઈ? જ્યાં ચિત્તની મલિનતામાં રોકાઈ ગયો છે, જેનું ચિત્ત જ ત્યાં સ્થંભાઈ ગયું છે એવા ચિત્તમાં શુદ્ધાત્મા બ્રહ્માનંદ પ્રભુ આત્મા કેમ આવે પર્યાયમાં? સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**જૈસે કિ એક મ્યાનમેં દો તલવારેં કૈસે આ સકતી હૈં?**' એક મ્યાનમાં બે કેમ સામે? અહો..! જેને સર્વજ્ઞ સ્વભાવી અને સર્વજ્ઞ ભગવાનને પર્યાયમાં સ્થાપ્યા એમાં રાગની એકતા કેમ આવે? અને રાગની વાસનાની મૂર્છાઈ ગયેલી પરિણતિમાં ભગવાન વીતરાગી ચૈતન્યમૂર્તિ પર્યાયમાં કેમ આવે? દ્રવ્ય તો છે જ ઈ. સમજાણું કાંઈ? મહાન સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞસ્વભાવી આવો ભગવાન જેની પર્યાયમાં નથી વસ્યો એને રાગની એકતા વસી, ત્યાં ભગવાન સર્વજ્ઞ સ્વભાવી પર્યાયમાં પ્રતીતમાં કેમ આવે? સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? જમુભાઈ! આમાં કાંઈ ભાષા બહુ ઓલી નથી, ભાષા તો સહેલી છે, ભાવ ભલે જરી (સૂક્ષ્મ છે). આહા..હા..! એક મ્યાનમાં બે (તલવાર) નહિ રહે. જ્યાં ભગવાન સર્વજ્ઞસ્વભાવીને વસાવ્યો પર્યાયમાં ત્યાં રાગનું એકત્વપણું વસવું નહિ રહે, ભિન્ન રહેશે. અને રાગનું એકપણું વસાવ્યું ત્યાં ભગવાન ભિન્ન રહી જશે. એકમાં બે નહિ રહે. સમજાણું?

રાગના વિકલ્પની મીઠાશમાં જ્યાં પડ્યો, એના કરવાપણાની રુચિમાં જ્યાં પડ્યો, એમાં અકર્તાપણું એવું રાગના અકર્તાપણું એવો ચૈતન્ય સ્વભાવ આવીને કેમ વસે? સમજાણું કાંઈ? જેને રાગનું કર્તાપણું વસ્યું છે. વ્યસન થઈ ગયું, વ્યસન, વ્યસન. વસ્યો, વ્યસન થઈ ગયું એને રાગ કરું... રાગ કરું... રાગ કરું... મીઠાશ વેદે છે. એ રાગની મીઠાશના કાળમાં, એના કર્તૃત્વના કાળમાં ભગવાન જ્ઞાતાસ્વરૂપ તેની પર્યાયમાં કેમ ભાસે એને? સમજાણું? એક મ્યાનમાં બે નહિ રહે. વિકલ્પની વાસનાનો પ્રેમ અને ચૈતન્યનો પ્રેમ, બે નહિ રહે. ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એકલો જ્ઞાયકસ્વભાવ એને જ્યાં પર્યાયમાં આવ્યો-વસાવ્યો, પર્યાયમાં આવ્યોને, ઈ તો છે ઈ છે, જ્ઞાતા-દૃષ્ટા જ્યાં ભાનપણે આવ્યો ત્યાં રાગ કેમ વસશે? એ ઘરમાં રાગ આવશે શી રીતે? આહા..! સમજાણું કાંઈ? એ રાગ રહેશે પર ઘરે. વજુભાઈ! ઓહો..હો..!

કહે છે, '**ઉસી તરહ એક ચિત્તમેં બ્રહ્મ-વિદ્યા ઔર વિષય-વિનોદ યે દોનોં નહીં સમા સકતે.**' ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ ચિત્તમાં વસે, ત્યાં વિષયના વિનોદનું વસવું કેમ હોઈ શકે? અને વિષયના વિનોદનું જ્યાં વસવું ત્યાં બ્રહ્મ-વિદ્યા કેમ આવે? સમજાણું કાંઈ? બધા ત્યાગી થઈ ગયા હોય એની હશે આ વાત? ત્યાગી જ છે અંદરમાં જ્ઞાની. જ્ઞાન સ્વરૂપમાં જ્યાં ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ એમ પ્રતીત શ્રદ્ધા, જ્ઞાનમાં જાણનાર... જાણનાર... જાણનાર... જાગ્યો ત્યાં રાગાદિનો ત્યાગ જ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિમાં, સમ્યગ્જ્ઞાનમાં રાગ સર્વનો ત્યાગ નામ પરનો બધાનો એમાં અભાવ છે. એમાં વસેલા નથી, એમાં વસેલા નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! વસ્તુ આ મહાન... મહાન... મહાન સ્વભાવવાળી એમાં દૃષ્ટિમાં જ્યાં આવ્યો એ મહાન સ્વભાવ, કહે છે કે, ત્યાં આગળ રાગ ને પર બિલકુલ વસતા જ નથી, છે જ નહિ એને, એનામાં છે જ નહિ. ઓહો..! સમજાણું કાંઈ? ભિખાભાઈ! બહુ વાતું મોટી. અરે..! ભગવાન! તું કેવડો મોટો! તારી વાતું કથનમાં સર્વજ્ઞને પૂરી ન આવે. અનુભવમાં આવે એ વાતે, વાતે પૂરું ન પડે. એવડો તું મોટો ભાઈ! આહા..હા..!

સર્વજ્ઞાની-સર્વદર્શી. ... સર્વજ્ઞાની-સર્વદર્શી. નિજ કર્મથી આચ્છાદ્ય. જુઓને એ વાત કરે છે, શું કરે છે! પુણ્ય-પાપનો અધિકાર છે ખરોને. પુણ્ય-પાપના વિકલ્પ છે. વિકલ્પથી એકત્વબુદ્ધિએ સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ ત્યાં રોકાઈ ગયો છે એટલે પર્યાયમાં જે સર્વજ્ઞ સર્વદર્શીની પ્રતીત જોઈએ એની ન રહી એને તો રાગની, પુણ્યની અને પર્યાયની પ્રતીત રહી. એ પ્રતીતમાં સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન ક્યાં આવ્યો? ૧૬૦ ગાથા સમયસાર. ઓહો..! પુરુષાર્થ ઈ પુરુષાર્થ બીજો પુરુષાર્થ ક્યો હતો ભાઈ! આમ ગુલાટ ખાય છે વીર્ય, આ સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ છે. બધાની વાત કરી છે હોં! એ બધા આત્માઓ. સર્વજ્ઞાની, સર્વદર્શી ભગવાન આત્મા. એ નિજ કર્મ આચ્છાદને એમ કહીને કહ્યું કે, નિજ નામ પોતાના પુણ્યનો વિકલ્પ છે તે મારો અને મારું કર્તવ્ય છે એમ કરીને રોકાણો એ ઢંકાઈ ગયો સર્વજ્ઞ સ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! ભગવાન! એને એક શુભ પરિણામથી આત્માને ખોળવો છે. સમજાણું? ભગવાન! મોટી ભીંત જેવી ભૂલ. આહા..હા..! સમજાણું? મોટા મેરુ પર્વતને ભૂકો કરીને ઉડાડી નાખ્યો એવી ભૂલ છે એની. આહા..હા..! કહે છે, પ્રભુ! શાંત થા. ભાઈ! સવારે તો પહેલો પ્રશ્ન એ જ ઉઠ્યો હતો કે આ અનિયત એટલે શું? આ અનિયત એટલે અલ્પજ્ઞને સ્થાપે છે. અનિયત તે અલ્પજ્ઞને સ્થાપે છે, વસ્તુ અલ્પજ્ઞતાવાળી જ છે, પર્યાય અલ્પજ્ઞ જ હોઈ શકે એમ. એટલે વસ્તુની શક્તિ પણ સર્વજ્ઞ છે એમ ન રહ્યું એને અંદર. સમજાણું કાંઈ? શક્તિ સર્વજ્ઞ છે, પર્યાય સર્વજ્ઞ થાય એ વાત જ ન રહી. બધી રીતે અલ્પજ્ઞ છે એમ સિદ્ધ કર્યું. એ ભલે

બીજી રીતે માને પણ એમ સિદ્ધ થાય છે ત્યાં. અહીંયાં તો સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ અને પર્યાયમાં સર્વજ્ઞ પ્રગટ થાય તો પહેલો પ્રતીતમાં પ્રગટ થયો સર્વજ્ઞ સ્વભાવી આત્મા. એ પ્રતીતમાં પુણ્યના વિકલ્પનું કર્તૃત્વ, આચાર્ય મહારાજ કહે છે કે એને હોય નહિ. તેથી પુણ્ય-પાપમાં એ શ્લોક મૂક્યો છે. વજુભાઈ! આહા..હા..! એને પુણ્યના વિકલ્પનું કર્તૃત્વ અને સર્વજ્ઞ સર્વદર્શીની શ્રદ્ધા એક સમયમાં બે ભેગા ન રહે. જુગરાજજી! સમજાણું કાંઈ? ભાઈ! આ તો શાંતની વાત છે, અંદરની વાત છે. આ કોઈ મોટા વાદ-વિવાદ ને આ ને આ ને એ કાંઈ વાત નથી. આ તો ઘરની વાતું ઘરથી સમજાય. એ કાંઈ વાદ-વિવાદથી ને એમ કાંઈ બેસે ને સમજાય?

કહે છે, અહો..! ભગવાન જ્યાં સર્વદર્શી સર્વ સિદ્ધને સ્થાપ્યા પહેલા, ત્યાં પુણ્ય-પાપમાં સર્વજ્ઞ સર્વદર્શી (કેમ રહે?) આહા..! આ શબ્દ જ્યાં આવે છેને સામે, ત્યાં એમાંથી એનું તત્ત્વ કેવડું એ મોટું આમ તરવરી જાય છે. આમ શબ્દ જ્યાં સામે આવે કે સર્વજ્ઞાની-સર્વદર્શી આહા..હા..! એટલે કે એ તો એકલો જ્ઞાન ને દર્શનનો પિંડ જ આત્મા છે. ઈ આ પુણ્યના વિકલ્પના કર્તૃત્વમાં રોકાણો, ભગવાન જ્ઞાતા, દૃષ્ટા ને જ્ઞાનનો પિંડ છે તેની પ્રતીતમાં નથી રહેતો. સમજાણું કાંઈ? જે પુણ્યના વિકલ્પની પ્રતીતિ અને એકત્વબુદ્ધિના લાભમાં પડ્યો તેને સર્વજ્ઞ સર્વદર્શી પ્રતીતમાં આવતો નથી અને સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન આત્મા એવો જ છે ઈ એમ જ્યાં પ્રતીતમાં શ્રદ્ધામાં આવ્યો ત્યાં રાગનું કર્તૃત્વ ને પુણ્યના પરિણામનું કર્તૃત્વ એના એ સ્થાનમાં બે ન રહી શકે, એ સ્થાનમાં બે રહી શકે નહિ. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહો..! એમને આચાર્યપદનો કાળ હશે. સમજાય છે? એના પ્રસંગ વખતે એના જેવો કલ્યાણ કાળ કહેવાય એ. સમજાય છે કાંઈ? આખા ભરતક્ષેત્રમાં જૈન ધર્મના આચાર્ય. તીર્થંકરના મુખમાંથી નીકળે ત્યાં મહાવિદેહ ગયા ત્યારે કે આ કોણ છે? ચક્રવર્તી પૂછે છે પ્રભુ! આ કોણ છે? ભરતક્ષેત્રના આચાર્ય જૈનશાસનના આચાર્ય છે. આહા..હા..! કેવળીના મુખે નીકળે એને હવે જોવે કોનું કામ? સમજાણું કાંઈ? ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર ભગવાનના મુખમાં (આવ્યું). પ્રભુ! આ કોણ છે? ચક્રવર્તી પૂછે છે. આ કોણ છે? નાનું આવું (શરીર). એ ભરતક્ષેત્રના ... આચાર્ય પ્રધાન આચાર્ય છે. આહા..હા..! સમજાણું? કહે છે, અહો..! ભગવાન! પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞપર્યાયને ન સોંપાય. સમજાણું? એ ચક્રવર્તીને ઝાડુ કાઢવાનું કામ ન સોંપાય. જુગરાજજી! મોટા ચક્રવર્તી. સાહેબ! માગ માગ, ચક્રવર્તી કહે. સાહેબ! મારે અહીંયા બાર મહિનાથી કાદવ પડ્યો છે કાઢ. તને આવડતું નથી, એ ચક્રવર્તીને એમ ન કહેવાય. ચક્રવર્તી એને ઘરે દાસના દાસના દાસ પડ્યા છે. એની દાસી હોય એની આમ હાથમાં એટલી તાકાત કે, હીરાનું ચૂર્ણ કરીને જેને ચાંદલો કરે એને વાસીદા ન સોંપાય.

એમ ભગવાન આત્મા સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુ આત્મા છે એમ જ્યાં ભાન થયા, એને રાગના

... રાગ કર, એને ન હોય. એ પુણ્ય પરિણામ કરે એમાં ન હોય, આવે એને જાણે છે. આહા..હા..! વ્યવહાર હોય છે એને જાણે છે. એ નિશ્ચયમાં વ્યવહારને એક કરતા નથી, આમ એનો અર્થ છે. ત્યારે બે રહ્યાને. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ આ મોટો પાસડો પડ્યો મોટો સ્વભાવનો સાગર એમાં જ્યાં વલણ વળ્યા, કહે છે કે એને રાગના કામના વલણ હોય નહિ. એઈ..! એ વ્યવહાર કરે નહિ એમ કહે છે. આરે આરે.. ભારે વાત ભાઈ! વ્યવહારનયે બોલાય. એ નિશ્ચય જ્ઞાન છે એ વ્યવહારને કરે નહિ અને વ્યવહારને કરે એ નિશ્ચય જ્ઞાન રહે નહિ. એક મ્યાનમાં બે સામે નહિ અહીં સિદ્ધ ઈ કરવું છે વધારે. સમજાણું કાંઈ? નિશ્ચય અને વ્યવહાર બે છે કે એક? બેને બેપણે રાખે તો બે કહેવાય કે બેને એકપણે રાખે તો બે કહેવાય? એનો અર્થ એ થઈ ગયો કે આત્મા જ્ઞાન સ્વરૂપી ભગવાન સર્વજ્ઞસ્વભાવી પર્યાયના પ્રતીતમાં ભાનમાં આવ્યો, બસ! એ નિશ્ચયમાં વ્યવહારનો વાસ હોઈ શકે નહિ. એના સંબંધીનું પોતાનું જ્ઞાન એમાં હોય. પોતામાં એ સંબંધીનું પોતાનું પોતામાં જ્ઞાન હોય, સ્વનું અને પરનું એ પોતામાં એનું (જ્ઞાન) હોય, એ (વસ્તુ) ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, એ ચિત્તમાં બ્રહ્મ-વિદ્યા એટલે આત્મા આનંદમૂર્તિનું ભાન અને વિષય-વિનોદ અને રાગની એકત્વબુદ્ધિ, રાગના પ્રેમ **'યે દોનોં નહીં સમા સકતે.'** બે નહિ રહી શકે. ન્યાલભાઈ! આવી વાતું ભારે ભાઈ આ. આહા..હા..! **'જહાં બ્રહ્મ-વિચાર હૈ, વહાં વિષય-વિકાર નહીં હૈ,...'** વિચાર અને વિકાર બે મેળવ્યું. જ્યાં ભગવાન જ્ઞાનમૂર્તિ શ્રદ્ધા, જ્ઞાનમાં વસાવ્યો છે, સર્વજ્ઞની પર્યાય વસાવી પર્યાયમાં ને સર્વજ્ઞનો સ્વભાવ વસાવ્યો શ્રદ્ધામાં. સમજાણું? સર્વજ્ઞ સ્વભાવી વસાવ્યો શ્રદ્ધામાં અને જ્ઞાનની પર્યાયમાં વસાવ્યા સર્વજ્ઞ. ખલાસ! એમાં વિકારનું વસવું હોઈ શકે નહિ. **'જહાં બ્રહ્મ-વિચાર હૈ,...'** આહા..હા..! વિચાર એટલે જ્ઞાનનું પરિણમન એ છે. જ્ઞાતા વસ્તુ એનું શ્રદ્ધા, જ્ઞાનનું પરિણમન છે, વિકાર એમાં હોય નહિ, ભગવાન! આહા..હા..! અને જ્યાં વિષય-વિકારની વાસના વસી છે ત્યાં ભગવાનના જ્ઞાનની પર્યાય વસે નહિ એટલે ત્યાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'જહાં વિષય-વિકાર હૈં વહાં બ્રહ્મ-વિચાર નહીં હૈ.'** જ્યાં રાગની વાસનાના રંગાયેલા ચિત્ત છે, જ્યાં રાગની, વિકલ્પની વાસના (છે), ભલે પુણ્ય આદિ હો એમાં વસાયેલું ચિત્ત છે ત્યાં વીતરાગી સ્વભાવ પર્યાયમાં વસી શકે નહિ. સમજાણું કાંઈ? **'ઈન દોનોંમેં આપસમેં વિરોધ હૈ.'** એ બેમાં માહોંમાહે વિરોધ છે. અહીંયાં તો બાહ્ય વિષયથી ઉત્પન્ન થયેલો રાગ, એ બધા પછી ગમે તે હો, સમજાય છે? બાહ્ય વિષયથી લક્ષથી ઉત્પન્ન થયેલો રાગ, રાગથી ચિત્ત જેના રંગાણા, અંતર વિષય જેવો આત્મા એની પર્યાય તે ઠેકાણે કેમ હોય? અને અંતર

વિષય ભગવાન આત્મા જેની પર્યાયમાં વસ્યો-શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યો, એને બાહ્ય વિષયના ઉત્પન્ન થયેલા રાગનું વસવું તેની પર્યાયમાં કેમ હોય? ગજબ શૈલી છે શાસ્ત્રની કથન પદ્ધતિ સંતોની! આહા..હા..! નિશ્ચયમાં વ્યવહાર નહિ અને વ્યવહારમાં નિશ્ચય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યારે એને વ્યવહાર અને ત્યારે એને નિશ્ચય કહેવાય. ... અર્થ આવી ગયા છે. ૧૨૨.

'આગે **રાગાદિ રહિત નિજ મનમેં પરમાત્મા નિવાસ કરતા હૈ, ઐસા દિખાતે હૈં**—'

૧૨૨) णिय-मणि णिम्मलि णाणियहँ णिवसइ देउ अणाइ।
हंसा सरवरि लीणु जिम महु एहउ पडिहाइ।।१२२।।

'**અન્વયાર્થ :- જ્ઞાનિયોંકે રાગાદિ મલ રહિત નિજ મનમેં અનાદિ દેવ આરાધને યોગ્ય...**' જુઓ! ભાષા કેવી કરી છે! ઓલી વીતરાગી પર્યાય તો કૃત્રિમ આદિવાળી છે. સમજાણું? ભગવાન અનાદિ દેવ પરમાત્મા પોતે છે અનાદિ દેવ, અનાદિ દેવ. આહા..હા..! શુદ્ધ પ્રભુ ભગવાન આત્મા અનાદિનો દેવ જેની પર્યાયમાં વસ્યો છે. સમજાણું? '**આરાધને યોગ્ય શુદ્ધાત્મા નિવાસ કર રહા હૈ, જૈસે માનસ સરોવરમેં લીન હુઆ હંસ બસતા હૈ.**' માનસ સરોવરના મોતી ચરવા હંસ જ્યાં લીન છે. એમ ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પોતે ભાળે આખો જ્ઞાનાનંદ એમાં એ પર્યાય લીન છે, એમ કહે છે. '**સો હે પ્રભાકર ભટ્ટ! મુજે ઐસા માલૂમ પડતા હૈ.**' હોં! એમ કહે છે જુઓ. શું કહે છે? માનસ સરોવરમાં જેમ હંસલો વસે છે એમ જ્ઞાનની પર્યાયમાં પરમાત્મા વસે છે. વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞાયકમાં લીન છે એમ મને દેખાય છે એમ કહે છે. 'प्रतिभाति' જેમ છે તેમ ભાસે છે કહે છે. પ્રતિ-જેમ છે એમ ભાસે છે એમ કહે છે. માનસ સરોવરમાં જેમ હંસ વસે છે, એમ શુદ્ધાત્મા આરાધને યોગ્ય જ્ઞાનમાં વસે છે. એ જ્ઞાનનો પર્યાય, માનસ સરોવરમાં જેમ હંસ છે એમ જ્ઞાનની પર્યાયમાં પરમાત્મા વસે છે. આખો ભગવાન જેનામાં વસે એટલે આખા પરમાનંદમાં એ જ્ઞાનનો પર્યાય લીન થયેલો માલૂમ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

માનસ સરોવરમાં જેમ હંસ લીન થયેલા દેખાય છે, એમ નિર્મળ ચિત્તની પર્યાયમાં ભગવાન પરમાત્મા વસ્યા છે અથવા એ પર્યાય પરમાત્મામાં લીન થઈ છે એમ માલૂમ પડે છે. અહીં આત્માની વાત. માન સરોવર છે એક કોર એનું અહીં કામ નથી. એ છે માનસ સરોવર ભગવાને દીઠું છે, ક્યાંક શાસ્ત્રમાં પાઠ છે. કહો, સમજાણું કાંઈ? મોટા સરોવર છે, હંસલા બહુ છે એમાં, ત્યાં મોતી બહુ થાય, મોતી પાકે બહુ, એ મોતીના ચારા ચરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં પણ નથી મોતી હવે, ધૂળ એ તો ધૂળ પાકે એમ કહેવું છે. આહા..હા..!

માનસ સરોવરના હંસલા મોતી વિના બીજા ચારા ન ચરે. એમ ભગવાન શુદ્ધ આત્મા જેના શ્રદ્ધા જ્ઞાનમાં બેઠો એને શાંતિના ચારા હોય એને રાગના ચારા હોય નહિ. આહા..હા..! ભગવાન એકલો વીતરાગ સ્વભાવી શાંતમૂર્તિ છે એમ આ જ્યાં દષ્ટિ ને જ્ઞાનમાં આવ્યું, કહે છે કે, એના ચારા તો આત્માના સરોવરના ચારા છે. ઓલા હંસલાને માનસ સરોવરના ચારા છે. એ હંસલા વેળુ ન ખાય. આહા..હા..! એમ જ્ઞાનાનંદમાં વસેલો આત્મા પર્યાયમાં વસ્યો, એ રાગને ન ખાય, એ રાગને ન અનુભવે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ભગવાન! માનસ સરોવરને કાંઠે વસે હંસલા, એમ ભગવાનની પર્યાયને કાંઠે વસે ભગવાન. નિર્મળ પર્યાય. અહીં નિર્મળ કીધું છેને. '**निर्मले निजमनसि**' એમ કીધું છેને. એમ જ્ઞાનની નિર્મળ પર્યાયમાં પુણ્ય અને વ્યવહાર ને વ્યવહારનું સ્થાન જ એનું નથી. જુઓ! એ ટીકાકાર પણ એમ લખીને છેવટે કહે છે હોં. '**हंस इवेत्यभिप्रायो भगवतां श्रीयोगीन्द्रदेवानाम्**' ટીકાનો છેલ્લો શબ્દ છે. આ હંસલાની જેવો ભગવાન છે. એ હંસ મોતીનો ચારો ચરે, એમ નિર્મળ જ્ઞાનની પર્યાયનો ચારો ચરે આત્મા. રાગ-બાગનો ચારો ચરે નહિ. આહા..હા..! '**भगवतां श्रीयोगीन्द्रदेवानाम्**' લ્યો! એટલું નામ આપ્યું છે. સમજાણું કાંઈ?

કહે છે, '**લીન હુઆ હંસ બસતા હૈ. સો હે પ્રભાકર ભટ્ટ! મુજે ઐસા માલૂમ પડતા હૈ.**' કે, શુદ્ધાત્મા આરાધને યોગ્ય મનમાં વસે છે. એ જ્ઞાનમાં તો એ ભગવાન જ સમીપમાં વસે છે. સમજાય છે? સમીપ આવે છેને. '**जस्स संणिहिदो अप्पा**' (ગાથા ૧૨૭) નિયમસાર. એ શબ્દો આમાં પણ આવે છે. જેના જ્ઞાનની પર્યાયમાં સમીપ દ્રવ્ય છે, જેની સમીપમાં રાગાદિ નથી. સમજાણું કાંઈ? ... એ સમીપ છે, રાગ સમીપમાં નથી. પુણ્ય-પાપના વિકલ્પો એ ભગવાન જ્ઞાનની પર્યાયમાં, ધર્માત્માની પર્યાયમાં એ સમીપમાં નથી, દૂર છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

ધર્મી સમ્યગ્દષ્ટિ જ્ઞાનીના સમીપમાં આત્મા છે. એને પડખે ચડ્યો છે, એના સમીપમાં ઈ છે. રાગાદિ પુણ્યની સમીપ પણ નથી, સમીપમાં એ ગયો પણ નથી. '**तस्स सामाइगं**' એને સામાયિક કહીએ. સામાયિક એટલે કે સામાયિક આ લોકો માને સામાયિક કરી લીધી. શું સામાયિક બાપા! હજી તો આત્મા કેવડો ક્યાં શ્રદ્ધા શું છે એને ખબર ન મળે, એની સ્થિરતામાં આત્મા વસાવ્યો! સમજાણું? એમ માલૂમ પડે છે. હંસ જેમ માનસ સરોવરમાં લીન, એમ નિર્મળ ચિત્ત ધર્માત્માનું પરમાત્મામાં પોતાના સ્વરૂપમાં આરાધવા યોગ્યમાં લીન છે, બીજામાં એ લીન થતું નથી. એનું નામ ધર્મ ને મોક્ષના માર્ગના આરાધક કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૯, ગુરુવાર, તા. ૧૬-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૨૨, ૧૨૩, પ્રવચન-૭૭**

પહેલા ભાગની ૧૨૨ ગાથા છે. ભાવાર્થ છે.

'**ભાવાર્થ :- પહલે દોહેમેં જો કહા થા કિ ચિત્તકી આકુલતાકે ઉપજાનેવાલે સ્ત્રીરૂપકા દેખના, સેવના, ચિંતાદિકોંસે ઉત્પન્ન હુએ...**' એવી ચિંતાથી ઉત્પન્ન થયેલો, '**રાગાદિ તરંગોંકે સમૂહ હૈં,...**' વિકલ્પોનો સમૂહ વિકાર. પર તરફના વિષયવાળા (વિકલ્પોનો સમૂહ). અહીંયાં તો અશુભથી વાત લીધી છે, પણ શુભાશુભનો વિકલ્પ '**ઉનકર રહિત નિજ શુદ્ધાત્મદ્રવ્યકા...**' પોતાનું નિજ શુદ્ધાત્મસ્વરૂપ વસ્તુ એનું '**સમ્યક્ શ્રદ્ધાન...**' એની સમ્યક્ સ્વરૂપ પ્રત્યેની અંતર્મુખની પ્રતીતિ. '**સ્વાભાવિક જ્ઞાન...**' સ્વાભાવિક જ્ઞાન. એ સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ એનું સ્વસંવેદન જ્ઞાનનું, જ્ઞાનનું વેદન એનું નામ સ્વ-સ્વભાવિક જ્ઞાન.

'**ઉસસે ઉત્પન્ન વીતરાગ પરમસુખરૂપ અમૃતરસ...**' એવા આત્માના શુદ્ધ સ્વભાવની સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ સ્વભાવિક જ્ઞાન એનાથી ઉત્પન્ન થયેલો આનંદ, રાગ રહિત પરમ આનંદ સ્વરૂપ આત્માની પ્રતીત, જ્ઞાનથી ઉત્પન્ન થયેલો પરમ સુખરૂપ અમૃતરસ. '**ઉસ સ્વરૂપ નિર્મલ નીરસે ભરે હુએ...**' એવા નિર્મળ નીરથી ભર્યા હુઆ, '**જ્ઞાનિયોંકે માનસસરોવરમેં...**' નિર્મળ ચિત્ત, નિર્મળ ચિત્ત. ભારે વ્યાખ્યા. પુણ્ય-પાપના વિકલ્પો છે એ રાગ છે એનાથી રહિત સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન એનાથી ઉત્પન્ન થતો અમૃત આનંદ, એવાથી ભરેલું જેનું મન અથવા જ્ઞાનીઓનું માનસસરોવર. ભારે વાત ભાઈ ઝીણી. જ્ઞાનની પર્યાય માનસસરોવર એને કીધું. વસ્તુ સ્વરૂપ ચિદાનંદ ભગવાન અતીન્દ્રિય આનંદનો પિંડ એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં આનંદરૂપી જ્ઞાન સરોવર, માનસસરોવર.

'**પરમાત્માદેવરૂપી હંસ નિરંતર રહતા હૈ.**' એવા સમ્યગ્જ્ઞાનના અમૃતમાં ભગવાન આત્મા વસે છે. શું કીધું સમજાણું? એ પુણ્ય-પાપના રાગમાં તો વિકાર વિકાર વસે છે. પર તરફના શુભાશુભ વિકલ્પો વિકાર એમાં તો સંસાર વસે છે. પણ એનાથી રહિત આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા પવિત્ર આનંદમૂર્તિ જોયો એવો જ જ્ઞાનમાં વેદન કરીને સમ્યક્ શ્રદ્ધામાં અમૃતના આનંદની ઉત્પત્તિરૂપી માનસસરોવરમાં એ આત્મા વસે છે. હંસ માનસસરોવરમાં વસે છે, એમ ભગવાન આત્મા શુદ્ધ સમ્યક્ નિર્મળ જ્ઞાનમાં વસે છે. સમજાણું કાંઈ?

કહે છે કે, સાધક સ્વભાવના જ્ઞાનમાં આત્મા વસે છે. એમ કહે છે લ્યો. જે જ્ઞાન આત્માના સ્વભાવનું સાધક થયું અંતર વેદન કરીને અને એવા સ્વરૂપની સમ્યક્ શ્રદ્ધા સન્મુખની નિર્વિકલ્પ થઈ, એનાથી થયો વીતરાગી-રાગ વિનાનો આનંદ. એવું જે સમ્યક્જ્ઞાનરૂપી સરોવર એમાં ભગવાન આત્મા વસે છે. કહો, સમજાણું? એ આત્મા ઘરમાં વસતો નથી કહેશે હમણા પછી, તરત જ કહેશે. મંદિરમાં વસતો નથી, આ વસવું આવ્યું ખરુંને. સમજાણું કાંઈ? '**જ્ઞાનીયોંકે માનસસરોવરમેં...**' શુદ્ધ સ્વભાવ ભગવાન આત્મા એનું સમ્યગ્જ્ઞાન, શ્રદ્ધા ને શાંતિ એને અહીં અમૃત કીધું. દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ કહ્યા. એમાં હંસ નિરંતર વસે છે. ભગવાન પોતાનો આત્મા એ સમ્યગ્જ્ઞાનમાં વસે છે. સમજાણું કાંઈ?

'**વહ આત્મદેવ નિર્મલ ગુણોંકી ઉજ્જ્વલતાકર...**' ભગવાન આત્મા નિર્મળ ગુણોની ઉજ્જ્વળતા કરીને '**હંસકે સમાન હૈ.**' એ પોતે હંસ સમાન છે. નિર્મળ, જેમ હંસ નિર્મળ છે ધોળો, એમ આત્મા નિર્મળ ગુણોરૂપી હંસ સમાન એ પરમ જ્ઞાન સરોવરમાં વસે છે. ભારે વાત ભાઈ. પાંચમા આરાના માટે હશે આ? ચોથા આરાને માટે હશે આ? પાંચમા આરાના મુનિ તો ધર્મની વાત કરે છે. સમજાણું? '**જૈસે હંસોંકા નિવાસ-સ્થાન માનસરોવર હૈ, વૈસે બ્રહ્મકા નિવાસ-સ્થાન જ્ઞાનિયોંકા નિર્મલ ચિત્ત હૈ.**' સમ્યગ્જ્ઞાનમાં આત્મા વસે છે, જણાય છે એમ કહે છે મૂળ તો. પુણ્ય-પાપના વિકલ્પથી આત્મા જણાતો નથી. સમજાણું કાંઈ?

'**ઐસા શ્રીયોગીન્દ્રદેવકા અભિપ્રાય હૈ.**' છેને અંદર? '**भगवतां श्रीयोगीन्द्रदेवानाम्**' ભગવાન શ્રીયોગીન્દ્રદેવ મુનિ, દિગંબર સંત હતા એમનો અભિપ્રાય છે. આમાં કહ્યું હતું કે નહિ? મુજે ઐસા માલૂમ પડતા હૈ. મને તો એમ ભાસે છે કે, આ જ્ઞાનમાં ભગવાન વસે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવો યોગીન્દ્રદેવનો અભિપ્રાય છે. ૧૨૩.

'**આગે ઈસી બાતકો દૃઢ કરતે હૈં—**'

**१२३) देउ ण देउले णवि सिलए णवि लिप्पइ णवि चित्ति।**
**अखउ णिरंजणु णाणमउ सिउ संठिउ सम-चित्ति।।१२३।।**

ભગવાન આત્મદેવ—આ આત્મદેવ પરમાનંદની મૂર્તિ આત્મા ભગવાન એ દેવાલયમાં નથી, એ મંદિરમાં ભગવાન વસતો નથી.

મુમુક્ષુ :- મંદિર નહિ બંધાવે.

ઉત્તર :- કોણે બંધાવ્યા છે? એ તો ... એકલે હાથે કર્યું. એ તો પછી બીજા ભળ્યા. એકલાએ પીસ્તાલીસ હજાર નાખીને મંદિર બનાવ્યું લ્યો! અહીં કહે છે કે હરામ કોઈ મંદિર બનાવી શકે તો. એ તો નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવે છે. એનો શુભભાવ હતો કે આ હોય

તો ઠીક, એવા શુભભાવનું નિમિત્ત, ન્યાં તો થવાનો કાળે તે થાય છે. એટલે અહીં તો કહે છે કે, એ મંદિરમાં ભગવાન નથી. એ કહેશે ખુલાસો હોં! એ જ્યાં છે ત્યાં ગોતવા જાય તો ત્યાં છે. જ્યાં છે ત્યાં ગોતવા જાય ત્યાં તે છે. અંતર આનંદકંદ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે એને જ્ઞાન સમ્યક્ દ્વારા ગોતે તો એમાં આત્મા છે, એમ કહે છે. પહેલા એ કીધુંને એને હવે સિદ્ધ કરે છે. આહા..! સમજાણું કાંઈ? એ કહેશે પાછું. અસ્તિ કહેશે. સમજાણું? ઓલા મૂર્તિવાળાને આમ કહે તો એને પણ વાંધો આવે. મૂર્તિને ઉથાપે એને કહે કે, ભાઈ મૂર્તિ છે તો એને વાંધો આવે. ન્યાલભાઈ! ભાઈ! મૂર્તિ, મંદિર હોય છે. જ્યારે સ્વરૂપમાં જીવ ઠરી શકે નહિ ત્યારે અશુભભાવ વંચનાર્થે વ્યવહારે (ધર્મ) કહેવાય. પણ એ સમયે એવા શુભભાવ ભક્તિ, પૂજાના હોય છે. એથી તેને શુભભાવમાં સામે લક્ષ જાય છે. પણ અહીં તો પરમાર્થ દેવ ભગવાન અહીં વસે છે ન્યાં વસતો નથી, એમ કહે છે. એ તો વ્યવહાર દેવની વાત છે. સમજાણું કાંઈ?

**અન્વયાર્થ :-** ભગવાન **'देवकुले'** નહિ. **'આત્મદેવ દેવલાયમેં (મંદિરમેં) નહીં હૈ,...'** મંદિરમાં નથી વસતા. ... **'शिलायां नैव' પાષાણકી પ્રતિમામેં ભી નહીં હૈ, લેપમેં ભી નહીં હૈ,...'** લેપની મૂર્તિ કરે છેને. એમ કે લૌકિક કરે. ખુલાસો કરશે. **'ચિત્રામકી મૂર્તિમેં ભી નહીં હૈ.'** કાગળની મૂર્તિ પણ નહિ. ચિતરીને કરે એ પણ નહિ. **'લેપ ઔર ચિત્રામકી મૂર્તિ લૌકિકજન બનાતે હૈં,...'** એ તો દાખલો આપ્યો બાકી જૈનદર્શનમાં સમ્યગ્દૃષ્ટિ જીવને એવો વિકલ્પ એને એવી પ્રતિમા બનાવવાનો ન હોય. સમજાય છે? **'પંડિતજન તો ધાતુ પાષાણકી હી પ્રતિમા માનતે હૈં,...'** ખુલાસો કર્યો. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ.. ધાતુ કાં પાષાણ પથ્થર એની પ્રતિમા હોય છે. ભગવાનનું મંદિર ને ભગવાનની મૂર્તિ એ શુભભાવમાં એક નિમિત્ત તરીકે હોય છે. સમજાણું કાંઈ? વ્યવહાર ભક્તિકાળમાં એ હોય છે. પણ આ લેપ અને ચિત્રામણની તો જૈનદર્શનમાં નથી. એ અન્યમતિઓએ કરી. એ એના નિષેધ ભેગું આ બે લઈ લીધું.

**'સો લૌકિક દૃષ્ટાંતકે લિયે દોહામેં લેપ ચિત્રામકા ભી નામ આ ગયા. વહ દેવ કિસી જગહ નહીં રહતા.'** હવે કહે છે **'વહ દેવ અવિનાશી હૈ,...'** ભગવાન અક્ષય છે, અવિનાશી પ્રભુ ચૈતન્ય છે. સમજાણું? **'निरंजनः' કર્માઞ્જનસે રહિત હૈ,...'** ભગવાન અહીં કર્મના રંજન જડથી રહિત છે, અહીંયાં અત્યારે હોં! **'કેવલજ્ઞાનકર પૂર્ણ હૈ,...'** એકલો જ્ઞાનનો પુંજ છે. જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ, ચૈતન્યબિંબ, એ ચૈતન્યબિંબ એ પરમાત્મા પોતે જ આ આત્મા છે. **'ઐસા નિજ પરમાત્મા સમભાવમેં તિષ્ઠ રહા હૈ, અર્થાત્ સમભાવકો પરિણત હુએ...'** પુણ્ય-પાપના રાગ રહિત આત્માની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એવા **'સમભાવકો પરિણત હુએ સાધુઓંકે મનમેં વિરાજ રહા હૈ,...'** એ સાધુના સમ્યગ્જ્ઞાન-

દર્શન-ચારિત્રમાં એ આત્મા પરમાત્મા બિરાજે છે. જુઓ આ સાધુપણું. અહીં વિશેષ ત્રણનું લેવું છેને, ચારિત્રસહિત. નહિતર સમ્યગ્દર્શન-જ્ઞાનમાં સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પરમાત્માનો જ આદર છે, સ્વરૂપનો જ આદર છે, રાગાદિનો આદર નથી. ધર્મી જીવને આત્માના પવિત્ર શુદ્ધ સ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાનમાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાન પૂર્ણ પરમાત્મા પોતે આદરણીય છે. આદરણીય છે કે એમાં વસેલો છે. સમ્યગ્જ્ઞાનીને પણ પુણ્ય-પાપના ભાવ વસેલા નથી, રહેલા નથી, એનો આદર નથી. પણ અહીંયાં વિશેષ મુનિપણાનું ચારિત્ર છેને. એકદમ મોક્ષનું કારણ છે. એટલે સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને શાંતિ ત્રણ કષાયના અભાવની શાંતિ છે. એવા સમભાવે વીતરાગ પર્યાયે પરિણમેલ મુનિને મનમાં એટલે સમભાવમાં એ આત્મા વસે છે. એ દેવ ત્યાં વસે છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'મનમેં વિરાજ રહા હૈ, અન્ય જગહ નહીં હૈ.'**

**ભાવાર્થ :- 'યદ્યપિ વ્યવહારનયકર ધર્મકી પ્રવૃત્તિકે લિયે...'** શુભભાવની. ધર્મ એટલે વ્યવહાર ધર્મ. શુભભાવ ધર્મીને હોય છે એવા કારણે, **'સ્થાપનારૂપ અરહંતદેવ દેવાલયમેં તિષ્ઠતે હૈં,...'** દેવાલયમાં સ્થાપનારૂપ ભગવાન બિરાજે છે પણ એ સ્થાપનારૂપ છે, સાક્ષાત્ ભગવાન ત્યાં નથી. **'ધાતુ પાષાણકી પ્રતિમાકો દેવ કહતે હૈં...'** સમજાણું? ધાતુ અને પાષાણની પ્રતિમા દેવ કહે છે, એ દેવાલયમાં બિરાજે છે અરિહંતના મંદિરમાં. **'તો ભી નિશ્ચયનયકર...'** એ વ્યવહાર શુભભાવમાં જ્યારે જીવ આવે ત્યારે ધર્મપ્રવૃત્તિ એટલે પુણ્ય, પુણ્યરૂપી ધર્મ, ધર્મ એટલે પુણ્યરૂપી ધર્મ-વ્યવહાર ધર્મ એની પ્રવૃત્તિ માટે એવા અરિહંત ભગવાન સ્થાપના નિક્ષેપે બિરાજે છે ત્યાં. પણ નિશ્ચયે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિના પરિણામમાં આત્મા બિરાજે છે. સમજાણું કાંઈ? (ધાતુ પાષાણકી પ્રતિમાકો) દેવ કહતે હૈં.

**'નિશ્ચયનયકર શત્રુ મિત્ર સુખ-દુઃખ જીવિત-મરણ જિસકે સમાન હૈં,...'** નિશ્ચયથી તો જેના પરિણામમાં સમભાવ છે. વીતરાગી આત્મા સમભાવી સ્વરૂપી પ્રભુ એ તો વીતરાગ એટલે સમસ્વભાવી વસ્તુ ત્રિકાળ છે આત્મા. એનું જેને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રના સમ પરિણામ થયા (એને) શત્રુ-મિત્ર બે સરખા છે ત્યાં, સુખ-દુઃખ સરખા છે-સંયોગો, જીવિત-મરણ સરખું છે, જીવન હો કે મરણ હો. **'તથા વીતરાગ સહજાનંદસ્વરૂપ પરમાત્મતત્ત્વકે...'** વીતરાગ સહજાનંદ પરમાત્મા સ્વરૂપ આત્મા, આ આત્મા પોતે. વીતરાગ-રાગ વિનાનું સહજ આનંદરૂપ પરમાત્મતત્ત્વ એવું સ્વરૂપ એનું સમ્યક્ શ્રદ્ધાન. એવા આત્માની સાથે અંદર સમ્યક્ નિર્વિકલ્પ શ્રદ્ધા, એનું સ્વસ્વરૂપનું જ્ઞાન અને ચારિત્રરૂપ સ્વભાવમાં ચારિત્રની રમણતા. એ **'અભેદ રત્નત્રયમેં લીન...'** એવા અભેદ રત્નત્રયમાં લીન. **'ઐસે જ્ઞાનિયોંકે સમ ચિત્તમેં પરમાત્મા તિષ્ઠતા હૈ.'** એવા સમભાવમાં પરમાત્મા આત્મા વસે છે. શુભભાવમાં આત્મા નથી વસતો એમ કહે છે. શુદ્ધ ઉપયોગના પરિણમનમાં, શુદ્ધ પરિણમનમાં આત્મા વસે છે, એમ કહે છે. આહા..હા..!

ભારે વાત.

'**ઐસા હી અન્ય જગહ ભી સમચિત્તકો પરિણત હુએ મુનિયોંકા લક્ષણ કહા હૈ.**' દેખો! એ પ્રવચનસાર અધ્યાય ત્રીજાની ગાથા ૨૪૧, એ આની સાથે મેળવે છે. આ બારમાં ગુણસ્થાનની વાત નથી હોં! કેટલાક કહે છે કે, આ બારમાં ગુણસ્થાનાની વાત છે. એની સાથે મેળવે આ ગાથા. આ તો મુનિના છઠ્ઠા, સાતમા ગુણસ્થાનની વાત છે. આહા..! મુનિપણું એટલે શું લોકોને (ખબર નથી). પરમાત્મપ્રકાશના આધારમાં, ટીકાના આધારમાં પ્રવચનસારનો આધાર ટીકાકાર આપે છે.

**समसत्तु बंधुवग्गो समसुहदुक्खो पसंसणिंदसमो।**
**समलोट्ठुकंचणो पुण जीविदमरणे समो समणो।।**

'**જિસકે સબ દુઃખ સમાન હૈં,...**' સંયોગો અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, જેને જ્ઞાતા-દૃષ્ટાપણામાં સમભાવ છે. સમજાય છે? પરિષહ હો કે ઉપસર્ગ હો કે પરિષહ વિનાની દશા પ્રતિકૂળતા વિનાની હો, બહારની અનુકૂળતા (હો), બેમાં જેનું ચિત્ત સમ છે. સમજાણું કાંઈ? એવા સમભાવમાં આત્મા વસે છે અને એને મુનિ કહેવામાં આવે છે. '**શત્રુ-મિત્રોંકા વર્ગ સમાન હૈં,...**' શત્રુનો મોટો વર્ગ હોય અને મિત્રોનો મોટો વર્ગ હોય—બેય સમાન છે, જ્ઞેય છે. મુનિને અંતર વીતરાગ પર્યાય પ્રગટી છે એવા મુનિને શત્રુ-મિત્રના વર્ગ મોટા ટોળા બે હોય, સમાન છે. સમજાણું કાંઈ?

પદ્મનંદી આચાર્ય કહે છે, અહો..! અમારી નિંદા કરીને જેને સુખી થવું હોય તો એમ થાવ. અમારા અવગુણ જોઈને જેને સુખ થતું હોય તો એમ થાવ. અમને મારવાના પ્રતિકૂળતાના તમને વિકલ્પ આવતા હોય મારીને તો એમ સુખ થાવ. આહા..હા..! અમે ક્યાં પરની કોઈ પર્યાય ફેરવી શકીએ છીએ અને અમારે ક્યાં ફેરવવાનો ભાવ પણ છે? આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે, શત્રુ, મિત્રના ટોળા હો, અમારે તો જ્ઞાનમાં સમભાવ છે બેય માટે. ઓહો..! નિયમસારમાં એક શ્લોક નથી આવતો? એક આવે છે. ધર્મી પ્રત્યે અને ઓલા પ્રત્યે... એક શ્લોક આવે છે. અમારે તો સમભાવ છે. સમજાણું? ક્યાં યાદ કાંઈ રહે છે. એ શ્લોક છે. ધર્મીનું મંડળ હો કે આ હો, અમારે તો બેય સરખું છે. યાદ છે? તમને યાદ નહિ હોય. કેટલું યાદ રહે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ, એ તો શ્લોક છે, આ તો કળશ છે પદ્મપ્રભમલધારીદેવનો. બધા માટે અમારે (સમભાવ છે). સંયમધારીઓ હો કે અસંયમધારી હો, એમ છે સમજ્યા? અમારે તો સમભાવ છે. મિત્રોમાં એ આવી ગયાને સાધર્મી જીવો. સાધર્મી જીવોનું ટોળું હોય કે વિરોધીનું

ટોળું હોય, અમારે બેમાં આ શત્રુ ને મિત્ર એવું છે નહિ. બધા જાણવા યોગ્ય જ્ઞેય છે. સમજાણું કાંઈ?

**'પ્રશંસા નિંદા સમાન હૈં,...'** પ્રશંસા હો કે નિંદા હો, એ મુનિઓને તો સમભાવ છે. પ્રશંસા એને ઘરે રહી. વાણીની અવસ્થા, નિંદા પણ વાણીની અવસ્થા એને ઘરે રહી. સમજાણું? સમભાવમાં ક્યાંક છે સમભાવમાં. સમભાવ નથી? એમાં ક્યાંક છે. **'પત્થર ઔર સોના સમાન હૈ,...'** મુનિને ક્યાંક આમ બહાર જંગલ જતાં આમ હીરાની ખાણ દેખાઈ જાય તોય સમાન છે. કોલસા દેખાય તો સમાન છે. એમ નથી કે, આહા..! કો'કને નજરમાં આવે તો વાપરે તો ખરા. કોને કહેવા હીરા અને કોને કહેવા પથરા? બધા પુદ્ગલની પર્યાય મુનિને તો બધું સમભાવ છે. સમજાય છે કાંઈ? **'પત્થર ઔર સોના સમાન હૈ,...'** પથરા નજરે પડે કે ક્યાંય સોનાના ઢગલા લાટા પડે આમ. ખાણમાં હીરા આદિના થર થર (હોય), બેય એક છે. આત્માને માટે કોઈ વિષમતા નથી, ઠીક ને અઠીક નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... ધૂળની પર્યાય છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લોકો ચાહે એમાં એનો અર્થ શું? એ તો મૂઢ તો ચાહે, એથી કાંઈ એની વિશેષતા થઈ ગઈ? મૂઢ લોકો હીરા, માણેકને ચાહે એ તો મૂઢ છે. ધર્મી તો આત્માને ચાહે છે. સમજાય છે કાંઈ? મૂઢની ચાહતથી કાંઈ જ્ઞાનીને હીરાની કિંમત થઈ જાય? કે, આ લોકો બહુ ચાહે છે માટે એની કિંમત થાય, એમ થાય? રંકમાત્ર.

અહીં કહે છેને **'પત્થર ઔર સોના સમાન હૈ,...'** બેય એકસરખું જ્ઞેય છે, જગતના જ્ઞેય. હું તો એનો જાણનાર છું. આ ઠીક ને આ અઠીક એવું છે જ નહિ જ્ઞાનમાં. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને એમ નથી કે આ ઠીક ને અઠીક. ફક્ત અસ્થિરતાનો રાગ આવે અને આ તો એ પણ નથી. વીતરાગ સમભાવ છે એમ વર્ણવવું છેને અહીં તો. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને ઠીક છે પરમાત્મા, અઠીક છે રાગ. સમજાણું કાંઈ? **'ઔર જીવન-મરણ જિસકે સમાન હૈં,...'** આયુષ્ય હો કે દેહનો અંત હો, બેય આત્મા માટે સરખું છે. આયુષ્ય હો કે દેહની સ્થિતિ પૂરી થઈ જાઓ, ધર્મીને બેય (સમ છે), વિષમતા ક્યાંય નથી. આહા..હા..!

**'ઐસા સમભાવકા ધારણ કરનેવાલા મુનિ હોતા હૈ.'** આવા સમભાવે પરિણમેલાને મુનિ કહે છે. સમજાણું આમાં? એવા સમભાવ... આ કુંદકુંદાચાર્યનો શ્લોક છે પ્રવચનસારનો. એવા સમભાવે પરિણત મુનિ તેને તેના સમભાવમાં પરમાત્મા પોતે આત્મા વસે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'અર્થાત્ ઐસે સમભાવકે ધારક શાંતચિત્ત યોગીશ્વરોંકે ચિત્તમેં**

**ચિદાનંદદેવ તિષ્ઠતા હૈ.'** લ્યો! ઓહો..! મેલા દર્પણમાં મોઢું ન દેખાય. એમ ચિત્ત મલિનમાં આત્મા જણાય નહિ. શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ જે નિર્મળ દશા, રાગ રહિત વીતરાગી પર્યાય નિર્મળ એમાં આત્મા જણાય અને એમાં આત્મા તિષ્ઠે, વસે. ઓહો..હો..! બહુ મોટી વાત. વીતરાગનો માર્ગ લોકોને ક્યાંનો ક્યાં ઠરાવી દીધો. એ.. ન્યાલભાઈ! એક શુભ રાગના ઠેકાણા નહિ, સામાયિક કરી, પોષા કર્યા, પડિકમણા માન્યા. રાગની મંદતાના પણ ઠેકાણા ન હોય. એ થઈ ગયો એને આત્મા, મોક્ષનો માર્ગી થયો. ધૂળમાં પણ નથી કહે છે સાંભળને! ધર્મ કોને કહેવો એની ખબર નથી. ભગવાન એક સમયમાં પૂર્ણ અનંત ગુણનો પિંડ આત્મા એને અંતરમાં તેટલી જ જોરથી સમ્યક્ શ્રદ્ધા ને જ્ઞાનથી વસાવે અને સમભાવ અંદર પ્રગટ થાય ત્યારે આત્મા એમાં વસ્યો, ત્યારે દેવનું આરાધન કર્યું, એણે આત્મદેવનું આરાધન કર્યું. સમજાણું? જુઓ! ઈ શબ્દ છે. છેને એમાં જુઓ! **'देउ देवः परमाराध्यः ण नास्ति'** એમ છે જોયું? સંસ્કૃત ટીકામાં છેને, પહેલો શબ્દ છે જુઓ! **'देउ देवः परमाराध्यः'** એમ. મૂળ તો એ કહેવું છેને. પરમ આરાધ્ય તો આ આત્મા છે. દેવ એ પોતે. કેમકે આરાધવા લાયક છે પરમ આરાધ્ય. ભગવાનની પ્રતિમા ને શુભભાવ એ બધા પરમ આરાધ્ય નથી. સમજાણું કાંઈ? લ્યો, મંદિર ને મૂર્તિ પરમ આરાધ્ય નથી. તેથી શબ્દ એમ વાપર્યો છેને, આત્મદેવ એમ. સમજાણું? **'परमाराध्यः ण नास्ति'**. એ દેવાલયમાં પરમ આરાધ્ય ભગવાન ન વસે. આહા..હા..! પરમ આરાધ્ય એવો ભગવાન તે શુભ રાગમાં ન વસે. સમજાણું કાંઈ? નિર્મળ રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમાં ભગવાન વસે છે. સમજાણું? એ નિર્મળ પરિણામને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મમાં ધર્મી વસે છે, ધર્મી એટલે આત્મા. કહો, ભીખાભાઈ! ઓહો..હો..!

એના માર્ગ અલૌકિક માર્ગ છે, એ લૌકિકે કેમ જણાય? કહે છે, એવા યોગીશ્વરોંના શાંત ચિત્તમાં ચિદાનંદ દેવ ભગવાન બિરાજમાન છે. અરે..! વિકલ્પની જાળોમાં કાંઈ ભગવાન હોય? ભગવાન તો નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે. એમ કહે છે કે શુભાશુભ રાગથી જાણ્યો જણાય નહિ. કારણ કે, એ શુભાશુભ વિકલ્પની જાતની ચીજ નથી. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા પરમાનંદની ચીજ છે, શાંત વસ્તુ છે, વીતરાગ સમભાવી સ્વરૂપ આત્મા છે. એને વીતરાગી સમભાવી પર્યાયે જાણવામાં આવે. આહા..! સમજાણું કાંઈ? ૧૨૩ થઈ. બીજી ૧૨૩.

**૧૨૩) मणु मिलियउ परमेसरहँ परमेसरु वि मणस्स।**
**बीहि वि समरसि हूवाहँ पुज्ज चडावउँ कस्स।।१२३*२।।**

**'ઈસપ્રકાર ઈકતીસ દોહા-સૂત્રોંકા-ચૂલિકા સ્થલ કહા. ચૂલિકા નામ અંતકા હૈ, સો પહલે સ્થલકા અંત યહાં તક હુઆ. આગે સ્થલકી સંખ્યાસે સિવાય દો પ્રક્ષેપક દોહા કહતે હૈં.'** એ મન પરમેશ્વરમાં મળી ગયું. આહા..હા..! મન એટલે વિકલ્પરૂપ મન,

મળી ગયું એટલે વિકલ્પ મરી ગયા એમ. વિકલ્પરૂપ મન એમાં મરી ગયું. મિલ ગયા એટલે? ભાષા તો એવી છે કે, **'વિકલ્પરૂપ મન ભગવાન્ આત્મારામસે મિલ ગયા.'** એટલે કે વિકલ્પ મટી ગયો એમ. વિકલ્પ હતો તે આમ મળી ગયો એમ નહિ. શુભ વિકલ્પ જે હતો રાગ, એ રાગરૂપી મન એ ભગવાન આત્મા તરફ ઢળ્યું ત્યાં એ વિકલ્પ મરી ગયો. એ વિકલ્પ મરી ગયો એટલે મન આત્મામાં ભળ્યું એમ કહેવામાં આવે છે. એટલે આત્મા જેવો નિર્વિકલ્પ છે એવું મન નિર્વિકલ્પ થઈ ગયું. એમ. શું કીધું?

મનનો ધર્મ તો શુભાશુભ વિકલ્પ છે પરિણામ એના. તેથી કહ્યુંને વિકલ્પરૂપ મન પરમેશ્વર **'ભગવાન આત્મારામસે મિલ ગયા–તન્મયી હો ગયા...'** એટલે કે શુભ રાગ હતો એવું જે મન એ શુદ્ધ ચૈતન્ય તરફ જતા એ મન એમાં મળી ગયું એટલે કે નિર્મળ પર્યાય થઈ ગઈ. જે રાગ હતો તે અહીં મળી ગયો એટલે નિર્મળ પર્યાય થઈને ભળી ગયો એમ. સમજાણું કાંઈ? ભગવાન આત્માને અંતર જોતાં મન જે રાગવાળું હતું, વિકલ્પવાળુ હતું એ પરમેશ્વર પોતે ભગવાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ પ્રભુ આત્મા છે, આ આત્મા છે નિર્વિકલ્પ સ્વરૂપ એનામાં મન વિકલ્પ વિનાનું થઈને ભળી ગયું એમ કહે છે. એટલે જ્ઞાન એકાકાર થઈ ગયું એમ. આમ વિષય કરતું એ આમ વિષય કરવા લાગ્યું નિર્મળ પર્યાય એમ કહે છે. રાગ જે શુભ હતો એ વિષય પરને કરે છે. એ જ્ઞાનની પર્યાય આમ વળી હતી રાગવાળી એ પર્યાય આમ વળી એટલે નિર્મળ પર્યાય થઈને આત્મામાં ભળી ગઈ. મન મળ્યું ભગવાનને અને ભગવાન મળ્યા મનને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ છૂટી ગયો, રહ્યો ક્યાં? એટલે તો ખુલાસો કર્યોને કે, વિકલ્પરૂપ મન જે આમ હતું લક્ષમાં (એ) ભગવાન આત્માસે મિલ ગયા. એટલે વિકલ્પ છૂટી ગયો અને નિર્વિકલ્પ પર્યાય થઈને આમાં ભળી ગઈ એમ એનો અર્થ છે. આ ભગવાનની ભક્તિ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન પોતે જ પરમેશ્વર છે આત્મા, નિર્મળ પર્યાય એમાં ભળી ગઈ એ ભગવાનની પૂજા કરી એણે એમ કહે છે. આહા..! બહારની પૂજા શુભભાવ છે. એ ભગવાન આત્મા પરમ આરાધ્ય દેવની પૂજા નથી. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂજા કરનારો વિકલ્પ હતો એ છૂટીને અહીં નિર્વિકલ્પ થઈને ભળી ગયો એમ. સમજાણું કાંઈ? આમ ચિદાનંદનું જ્યાં એકાકાર ધ્યાન કરવા ગયો (તો) વિકલ્પ છૂટી ગયો, રાગ હતો આ બાજુ, આમ એકાકાર થઈ ગયો. સેવવા યોગ્ય ભગવાન અને સેવક નિર્મળ પર્યાય એક થઈ ગઈ. સેવ્યસેવક એક થઈ ગયા. સમજાણું કાંઈ?

**'परमेश्वरः अपि' और परमेश्वर भी मनसे मिल गया तो...'** દેખો! આ પરમેશ્વર પ્રભુ આત્મા પોતે નિર્મળ પર્યાયમાં અભેદ થઈ ગયો, મળી ગયો. નિર્મળ પર્યાય આમ થઈ ભળી, ભગવાન નિર્મળ પર્યાયમાં અભેદ થઈ ગયો. **'भगवान आत्मारामसे मिल गया– तन्मयी हो गया और परमेश्वर भी मनसे मिल गया तो दोनों ही को समरस (आपसमें एकमएक) होने पर...'** સમરસ થઈ ગયો. **'किसकी अब मैं पूजा करूं.'** કોની પૂજા કરું હવે? પોતાનો પૂજ્ય ભગવાન આત્મા અને પૂજવા યોગ્ય એની પરિણતિ બે એક થઈ ગઈ કોને પૂજા કરું હવે? પૂજવા યોગ્ય તો એ ભગવાન આત્મા હતો. એ નિર્મળ પર્યાય એમાં-પૂજવા યોગ્યમાં ભળી ગઈ. ઓહો..હો..! કહો, સમજાણું આમાં?

**'किसकी अब मैं 'पूजां समारोपयामि'** કોની હું પૂજા કરું? **'अर्थात् निश्चयनयकर किसीको पूजना, सामग्री चढाना नहीं रहा.'** નિશ્ચયનયમાં ... વ્યવહારમાં વિકલ્પ હતો ત્યારે આ ભગવાન ને આની પૂજા કરું એ શુભભાવમાં હતું. શુદ્ધની શ્રદ્ધા, જ્ઞાનની પરિણતિમાં જ્યાં એકાકાર થયો (તો) પૂજવા યોગ્ય અને પૂજવાની પરિણતિ બે એક થઈ ગઈ. વાહ! ભગવાન પોતે પ્રતિમા પરમેશ્વર પોતે. એની શુદ્ધ પર્યાય એમાં ભળી ગઈ હવે કોને ચડાવું પૂજન? કહો, સમજાણું આમાં? સત્ય નિશ્ચય પૂજા આ છે. સ્વરૂપમાં એટલો ઠરી ન શકે ત્યારે પાપથી બચવા, અશુભથી બચવા શુભભાવનું ભક્તિ આદિનું સ્વરૂપ છે ખરું, વ્યવહાર છે ખરો, વ્યવહાર નથી એમ નહિ. પણ એ વ્યવહારથી ધર્મ છે કે વ્યવહારથી નિર્જરા છે કે વ્યવહાર થાય છે માટે ત્યાં શુદ્ધમાં ટકી શકશે એમ નથી. એ ચીજ વ્યવહાર છે. ભારે વાતું ભાઈ! સાધન શું? સાધન શું એમ પૂછતા હતા ત્યાં અગાસમાં. સાધન શું? તમે બધું આમ કહો છો. સાધન એટલે આમ ભક્તિ કરે, આમ કરે એ બધા સાધન. એ તો નિમિત્ત, નિમિત્તથી સાધન છે, અંતર સાધન નથી. માણસને આકરું પડે છે.

મુમુક્ષુ :- ભલો તો ખરોને?

ઉત્તર :- ભલો એટલે પાપના નિષેધની અપેક્ષાએ વ્યવહારે ભલો. ધર્મની દૃષ્ટિએ ભલો નહિ. વ્યવહારથી પુણ્યભાવ વ્યવહાર પાપથી બચવાની અપેક્ષાએ ભલો કહેવાય. સ્વરૂપની દૃષ્ટિ અને શાંતિની અપેક્ષાએ એ વ્યવહાર છે, બંધનું કારણ છે, પુણ્યબંધનું કારણ છે, અબંધ પરિણામ એ નથી. બહુ આકરી વાત છે. વ્યવહાર નથી એમ નહિ, તેમ એ વ્યવહાર અબંધ પરિણામને મદદ કરે છે (એમ નથી). નિમિત્ત છે એટલે કે છે એ એનો અર્થ એમ છે. એ ચીજ છે ખરી. પણ આત્માના અબંધ પરિણામને એ મદદ કરે છે એમ નથી. એને વ્યવહારનયથી એમ કહેવાય કે સાધક છે.

ઉથાપી નાખ્યું આખું? પૂજા, ભક્તિ, મંદિર કાંઈ નહિ. એક જણા વળી એમાં જ બધો

ધર્મ માની બેઠા કે, એમાંથી કલ્યાણ થાશે. ન્યાલભાઈ! જેની જેટલી મર્યાદા હોય એટલી હોય. મર્યાદાથી આગળ જાય તો વસ્તુ રહે નહિ. ન રહે પરમાર્થ, ન રહે વ્યવહાર. અહીં તો ભગવાન આત્મા જ પૂજવા યોગ્ય દેવ પરમ આરાધ્ય છે. એની અંતરમાં શુદ્ધ પરિણતિ દ્વારા તેનું સેવન કરવું. બેય અભેદ થઈ ગયા. સમજાણું? હવે કહે છે કે કોને સામગ્રી ચઢાવું?

**ભાવાર્થ :- 'જબ તક મન ભગવાનસે નહીં મિલા થા,...'** સ્વરૂપની પરિણતિ એકાગ્ર નહોતી. **'તબ તક પૂજા કરતા થા,...'** શુભભાવમાં ભગવાન આદિની પૂજા હોય. અંતર તો દૃષ્ટિ જ્ઞાન તો અંતરમાં હોય, પણ સ્થિરતા ન હોય... સમજાણું કાંઈ? સ્વરૂપમાં સ્થિરતા ન હોય ત્યારે ભગવાનની પૂજા કરતા હતા. **'ઔર જબ મન પ્રભુસે મિલ ગયા, તબ પૂજાકા પ્રયોજન નહીં હૈ.'** પ્રયોજન ક્યાં રહ્યું નિમિત્તપણું ત્યાં? અહીં સ્વરૂપ તરફ જ્યાં ઢળી ગયું જ્ઞાન (ત્યાં) રહ્યું નહિ કાંઈ પ્રયોજન. સ્થિર થઈ શકતો નહોતો એટલે એવો પૂજાનો ભાવ હતો. પણ એ પરિણતિ જ જ્યાં સ્થિર થઈને અંદર ભળી (તો પૂજાનું) પ્રયોજન કાંઈ રહ્યું નહિ. સમજાણું કાંઈ?

**'યદ્યપિ વ્યવહારનયકર ગૃહસ્થ-અવસ્થામેં વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકો હટાનેકે લિયે...'** વિષય કષાય જે શુભ-અશુભ પરિણામ, પાપના ભાવ એવા અટકાવવા માટે. ભાષા તો એમ જ આવેને. વિકલ્પ એવો આવે છેને કે, આ ન હો એમ. **'ઔર ધર્મકો બઢાનેકે લિયે...'** શુભભાવ થવા માટે. વ્યવહાર ધર્મ શુભભાવ છેને, શુભભાવ છે ઈ. ભગવાનની પૂજા, ભક્તિ એ શુભભાવ છે, પુણ્યભાવ થવા માટે, એને વધારવા માટે એટલી ભાષા છે. સમજાણું કાંઈ? **'धर्मवर्धमानर्थं'**. એમ છેને ટીકામાં. **'પૂજા, અભિષેક, દાન આદિકા વ્યવહાર હૈ,...'** ભગવાનની પૂજા, ભગવાનનો અભિષેક, ભગવાનને... સમજાય છે? મુનિ આદિને આહારદાન આદિના ભાવ હોય છે. **'પૂજા, અભિષેક, દાન આદિકા વ્યવહાર હૈ,...'** મુનિઓને ધર્માત્મા આદિને દાનનો ભાવ આદિ હોય છે.

**'તો ભી વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લીન હુએ...'** રાગ રહિત અભેદ શાંતિમાં લીન થયું મન. **'યોગીશ્વરોંકો ઉસ સમયમેં બાહ્ય વ્યાપારકા અભાવ હોનેસે...'** બહારનો વેપાર રહ્યો નહિ, શુભ રાગ હતો તો એ ભક્તિ આદિનો ભાવ હતો. સમજાણું કાંઈ? **'સ્વયં હી દ્રવ્ય-પૂજાકા પ્રસંગ નહીં આતા,...'** દ્રવ્ય-પૂજા રહી નહિ. ઈ દ્રવ્યપૂજા છે, ભગવાનની પૂજા તે દ્રવ્યપૂજા, ભાવપૂજા તો અંદરમાં સ્થિર થવું તે. સમજાણું કાંઈ? **'ભાવ-પૂજામેં હી તન્મય હૈં.'** લ્યો! દ્રવ્યપૂજાકા પ્રસંગ નહિ રહ્યો, ભાવપૂજામાં તન્મય છે.

**'આગે ઈસી કથનકો દૃઢ કરતે હૈં—'** છેલ્લો શ્લોક, પહેલા ભાગનો છેલ્લો શ્લોક.

૧૨૩-૩) जेण णिरंजणि मणु धरिउ विषय-कसायहिँ जंतु।
मोक्खहँ कारणु एत्तडउ अण्णु ण तनु ण मंतु।।१२३-३।।

પાછો સરવાળો નિશ્ચયમાં લાવ્યા. '**અન્વયાર્થ :- જિસ પુરુષને વિષય કષાયોંમેં જાતા હુઆ મન કર્મરૂપી અંજનસે રહિત ભગવાન્‌મેં રક્ખા...**' લ્યો! જે આત્માએ શુભ-અશુભ રાગ પર તરફ જતો હતો, વિષય કષાયો તરફ એને '**निरंजने धृतं**'. એ મનને નિરંજન ભગવાન પોતાનો આત્મા અખંડ આનંદસ્વરૂપ પ્રભુ એમાં જેણે મનને ધર્યું. '**ઔર યે હી મોક્ષકે કારણ હૈં,...**' એક જ વાત લીધી અહીં. એને મોક્ષનું કારણ લીધું. જુઓ! પછી મોક્ષ આગળ આવશેને મોક્ષ, મોક્ષનું ફળ ને કારણ બતાવશે બીજા ભાગમાં. છેલ્લે આ મૂળ લઈ લીધું. ભગવાનની પૂજા આદિ વ્યવહાર હોય છે, શુભભાવ હોય છે, પણ ખરેખર મોક્ષનું કારણ એ નથી, વ્યવહારે રત્નત્રયમાં કહેશે. સમજાણું?

ભગવાનનો સ્વભાવ પોતાનો વીતરાગી ચૈતન્યબિંબ સ્વભાવ એ સ્વભાવનું સાધન સ્વભાવ જ છે, રાગ સાધન નથી. જેણે પુણ્ય-પાપના વિકલ્પને છોડી મળ અને અંજન વિનાનો પ્રભુ ભગવાન આત્મા એમાં જેણે મનને એકાગ્ર કર્યું છે એટલે શુદ્ધ સ્વરૂપની પરિણતિ પ્રગટ કરી છે એમાં શુદ્ધ ભગવાન સેવવા યોગ્ય થઈ ગયો છે. એ શુદ્ધ પરિણતિ એક જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? '**દૂસરા કોઈ ભી તંત્ર નહીં હૈં, ઔર ન મંત્ર હૈ. તંત્ર નામ શાસ્ત્ર વ ઔષધકા હૈ,...**' કોઈ એવું શાસ્ત્ર નથી કે ઔષધ નથી કે એનાથી મુક્તિ થઈ જાય. આ રોગ મટે છેને ઓસડ ખાઈને. એવું કોઈ ઔષધ છે કે એની અંજળી-અંજન લગાવીને મુક્તિ થઈ જાય. એમ. સળી-બળી લગાવે આંખમાં તો મુક્તિ ભાસી જાય અંદર.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- એ તો સિદ્ધાંજલી. આ સિદ્ધ, સિદ્ધ એની નિર્મળ અંજન પર્યાય લગાવે આત્મામાં (તો મુક્તિ થઈ જાય). ઔષધ-બૌષધ એવા હોય છેને, જડીબુટ્ટીના મોટા ઊંચા આટલી લગાવે તો મટી જાય. એવી કોઈ જડીબુટ્ટી છે કે મુક્તિ થાય? એવું કોઈ શાસ્ત્ર છે કે ભાઈ! આટલું ભણીએ તો મુક્તિ થાય? એમ કહે છે. કહો, વૈદ્યને તો શાસ્ત્ર ભણે તો એને આવડી જાય વૈદું. આમ કરો, આમ કરો, ફલાણું કરો, જડીબુટ્ટી નાખો, ઢીકણું કરો. એમ આમાં કોઈ એવું હશે શાસ્ત્ર કે જે શાસ્ત્ર ભણવાથી મુક્તિ થાય? કોઈ ઔષધિ એવી હશે કે ઔષધિ ખાવાથી ફટ પડી જાય અંદર રાગ ટળી જાય અને મુક્તિ થઈ જાય? ગોળી આપો ગોળી એવી કે જેથી અમને તરત આત્મા ઉઘડી જાય. ગોળી કઈ આપે આ ઓસડની? '**મંત્ર નામ મંત્રાક્ષરોંકા હૈ.**' કોઈ એવું મંત્ર છે કે, ૐ... ૐ... ૐ... ૐ... કરીએ તો મુક્તિ થાય? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં એવો મંત્ર છે (એનાથી) મુક્તિ થાય? એ જાપ છે એ

તો વિકલ્પ રાગ છે. પાંચ પદનો જાપ છે એ તો શુભ રાગ છે, એ જાપથી મુક્તિ ન થાય. આહા..હા..! ધર્મ એનાથી થાય નહિ એમ કહે છે. મંત્ર નામ મંત્રાક્ષરો. મંત્રના અક્ષર નથી આવતા? આવે છેને આપણે આમાં? દ્રવ્યસંગ્રહમાં નથી આવતા? ૐ, અ, આ આદિના ઘણા આવે છે. બધું આવે છે. એવા કોઈ મંત્ર છે કે મંત્ર જપ્યા કરીએ ને મુક્તિ થઈ જાય ફટ? એ મંત્રનો ઉચ્ચાર એ તો વાણી છે પણ અંદર વિકલ્પ છે એ તો શુભ રાગ છે. એ કાંઈ ધર્મ ને મુક્તિનું કારણ નથી, એમ કહે છે અહીં તો. આહા..હા..! ભારે ભાઈ!

'**વિષય કષાયાદિ પર પદાર્થોંસે મનકો રોકકર...**' પર તરફના વલણને, મનને રોકીને '**પરમાત્મામેં મનકો લગાના,...**' એ ભગવાન આત્મા પૂર્ણાનંદમાં ચિત્ત લગાડી દેવું, '**યહી મોક્ષકા કારણ હૈ.**' એટલે શુદ્ધ પરિણતિ જ મોક્ષનું કારણ છે, એમ કહેવું છે. શુભભાવ કે વિકલ્પ મંત્રાદિક કંઈ મોક્ષનું કારણ નથી.

'**ભાવાર્થ :- જો કોઈ નિકટ-સંસારી જીવ...**' સમજાણું? '**शुद्धात्मतत्त्वभावनाप्रतिकूलेषु**'. નિકટ સંસારી નામ જેનો સંસાર અંત (નજીક) છે. '**જીવ શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે...**' ભગવાન આત્મા શુદ્ધાત્મ વસ્તુ શુદ્ધ પરમાનંદની મૂર્તિની એકાગ્રતા એનાથી '**ઉલટા વિષય કષાયોંમેં જાતે હુએ મનકો વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**' પોતાના સમ્યગ્જ્ઞાન, વીતરાગી જ્ઞાન, ચૈતન્યના સમ્યગ્જ્ઞાનના બળ દ્વારા. '**પીછે હટાકર...**' દેખો! શુભાશુભ વિકલ્પને પોતાના આત્માના સ્વસંવેદનજ્ઞાનના બળથી હટાવીને. '**નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં સ્થાપન કરતા હૈ,...**' પોતાનો નિજ શુદ્ધાત્મ પદાર્થ એમાં જે સ્થાપન કરે છે '**વહી મોક્ષકો પાતા હૈ,...**' એ મોક્ષને પામે છે. '**દૂસરા કોઈ મંત્ર-તંત્રાદિ ચતુર...**' એ મંત્રમાં ચતુર, શાસ્ત્રમાં ચતુર એમ આવ્યુંને બધું એમાં. શાસ્ત્રમાં ચતુર, મંત્રમાં ચતુર, તંત્રમાં ચતુર, ઔષધ આદિમાં આ ગમે એવો '**ચતુર હોને પર ભી મોક્ષ નહીં પાતા.**' ભગવાન આત્માનો ચતુર અંદર જ્ઞાન, દર્શન, ચારિત્રની નિર્મળાનંદ વીતરાગી પરિણતિ એનાથી મુક્તિ પામે છે. એ સિવાય બીજી રીતે કોઈ દિ' મુક્તિ છે નહિ. એ પહેલો ભાગ એ રીતે પૂરો કર્યો. મોક્ષ લીધો છેને હવે બીજા અધિકારમાં મોક્ષ ને મોક્ષનું ફળ ને મોક્ષનું કારણ એ અધિકાર લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૦, શુક્રવાર, તા. ૧૭-૧૨-૧૯૬૫**
**ગાથા-૧ થી ૪, પ્રવચન-૭૮**

મહા અધિકાર. પહેલો અધિકાર પૂરો થયો કાલ. જુઓ! ક્ષેપકો સિવાય ૨૧૪ ગાથામાં ચાલશે આ. મોક્ષ, મોક્ષફળ ને મોક્ષનો માર્ગ એનો કહેવાનો બીજો અધિકાર છે. એમાં દસ દોહા તક તો મોક્ષની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે. પહેલો શ્લોક.

૧૨૭) **सिरिगुरु अक्खहि मोक्खु महु मोक्खहँ कारणु तत्थु।**
**मोक्खहँ केरउ अण्णु फलु जेँ जाणउँ परमत्थु।।१।।**

પ્રભાકર ભટ્ટ, યોગીન્દ્રદેવ મુનિને પ્રાર્થના કરે છે. '**અન્વયાર્થ :- હે શ્રીગુરુ, મુજે મોક્ષ...**' અને મોક્ષ કહો, '**तथ्यम् मोक्षस्य कारणं**' અને '**સત્યાર્થ મોક્ષકા કારણ,...**' તે કહો. પ્રશ્ન પૂછે છે. '**अन्यत्**' જો મોક્ષ સંબંધી ફળ, '**ઔર મોક્ષકા ફલ કૃપાકર કહો...**' ત્રણ પ્રશ્ન છે. મોક્ષ, મોક્ષનું સાચું કારણ અને મોક્ષનું ફળ. '**જિસસે કિ મૈં પરમાર્થકો જાનૂં.**' જેનાથી મને પરમાર્થનું ત્રણેનું જ્ઞાન થતાં પરમાર્થનું જ્ઞાન થાય. એમ શિષ્યનો (પ્રશ્ન છે). જુઓ! આ બીજું કાંઈ માગતા નથી, આ પૂછે છે. અને જેથી મને પરમાર્થનું જ્ઞાન થાય એમ કહે છે, બીજું બધું ઠીક. મોક્ષ, મોક્ષનું સાચું કારણ અને મોક્ષનું ફળ એ જાણવાથી મને પરમાર્થ નામ સાચું જ્ઞાન થાય એ વાત મને કહો. ગુજરાતી સમજતે હો ન? ઠીક.

ભાવાર્થ :- '**પ્રભાકર ભટ્ટ શ્રી યોગીન્દ્રદેવસે બિનતી કરકે મોક્ષ, મોક્ષકા કારણ ઔર મોક્ષકા ફલ ઈન તીનોંકો પૂંછતે હૈં.**' બીજો શ્લોક.

૧૨૮) **जोइय मोक्खु वि मोक्ख-फलु पुच्छिउ मोक्खहँ हेउ।**
**सो जिण-भासिउ णिसुणि तुहुँ जेण वियाणहि भेउ।।२।।**

'**અન્વયાર્થ :- હે યોગી, તૂને મોક્ષ ઔર મોક્ષકા ફલ તથા મોક્ષકા કારણ પૂછા, ઉસકો...**' '**जिनभाषितं**' આવ્યું ભાઈ. '**जिनभाषितं**'. જિને દેખેલું નહિ, પણ દેખેલું અને ભાસેલું બધું એક જ છે. '**जिनभाषितं**' '**જિનેશ્વરદેવકે કહે પ્રમાણ...**' પ્રશ્ન કરે છેને ભાઈ, જિનેશ્વર દેખ્યું એમ નહિ, જિનેશ્વરે કહ્યું એવું આપણે જાણવું. એમ કેટલાક તર્ક કરે છે. પણ જિનેશ્વરે દેખ્યું છે એવું એણે કહ્યું છે. મોટી તકરાર. કારણ કે જિનેશ્વરે દેખ્યું તો ત્રણ કાળ, ત્રણ લોક બરાબર નિયત ને વ્યવસ્થિત બધા દીઠા છે. પણ એણે કહ્યું છે અનેકાંત, એમ.

એમ કહે છે. અનેકાંત એટલે કે કોઈ સમયે પર્યાય થવાની હોય તે સમયે થાય અને તે સમયે બીજી પણ થાય એનું નામ અનેકાંત છે. નિયત, અનિયત નામ અનેકાંત છે. ભગવાને દીઠું એનાથી કહ્યું બીજું હશે? દીઠું એથી કહેવું બીજું હશે? ત્રણ કાળ, ત્રણ લોક સર્વજ્ઞ પરમાત્માએ જ્ઞાનમાં એક સમયે વ્યવસ્થિત દીઠા, વ્યવસ્થિત. જે સમયે જ્યાં જે પર્યાય જે કાળે, જે પ્રકારે થવાની છે એમાં તે પ્રકારે નિમિત્ત કોણ? ક્ષેત્ર ક્યાં? કેવો ભાવ? જે પ્રકારે જે જોયું છે એ પ્રમાણે ત્યાં બને છે, એવું જ ભગવાને કહ્યું છે. દીઠું કંઈ ને કહ્યું કાંઈ એમ હશે? પંડિતજી, ઈ કહે છે.

મુમુક્ષુ :- જાણ્યું હોય એવું કહે.

ઉત્તર :- એમ જ હોયને પણ. અહીં જિનભાષિત કહે પ્રમાણે નહિ, જિનેશ્વરે કહ્યું છે એમણે પ્રત્યક્ષ જોયું છે, એણે ભગવાને કહ્યું છે એ પ્રમાણે અમે કહીશું.

'**तू निश्चयकर सुन,...**' '**निशृणु**' શબ્દ છેને. '**निशृणु**' બરાબર સાંભળ, એમ. '**निशृणु**' એટલે બરાબર સાંભળ. સમજાય છે? નિશ્ચયકર એટલે બરાબર જેમ છે તેમ તું સાંભળ. '**जिसे के भेद अच्छी तरह जान जावे...**' પરમાર્થને જાણવાનું પૂછતા હતા એના ઉત્તરમાં ... લઈને મોક્ષની પર્યાય, મોક્ષનું કારણ, મોક્ષનું ફળ એની જેમ જુદાઈ જે રીતે છે તેનું જ્ઞાન તને થાય એ રીતે હું તને ભગવાનનું કહેલું કહું છું.

**ભાવાર્થ :-** '**श्रीयोगीन्द्रदेव गुरु, शिष्यसे कहते हैं कि हे प्रभाकरभट्ट! योगी...**' યોગી છેને ઈ. '**शुद्धात्माकी प्राप्तिरूप मोक्ष,...**' વ્યાખ્યા કરી ટીકામાં. મોક્ષની વ્યાખ્યા— આત્મા શુદ્ધ શક્તિરૂપે જે છે એની પર્યાયપણે શુદ્ધાત્માની પૂર્ણતાની પ્રાપ્તિ એનું નામ મોક્ષ. કહો, સમજાણું? મોક્ષ એટલે શુદ્ધ સ્વભાવની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મોક્ષ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. મોક્ષ એટલે આત્મા મુક્તસ્વરૂપ શુદ્ધ તો ત્રિકાળ છે. શુદ્ધ શક્તિરૂપે, સત્ત્વરૂપે, વસ્તુરૂપે મુક્ત છે. એની પર્યાયમાં પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ થવી એને મોક્ષ કહે છે. કહો, સમજાણું આમાં? તેથી શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષ, એમ. અશુદ્ધ આત્માની પ્રાપ્તિ એ સંસાર. સમજાણું કાંઈ? શુદ્ધસ્વરૂપ છે એમાં વિકાર, મિથ્યાત્વ, રાગ-દ્વેષની પ્રાપ્તિ થાય, શુદ્ધ દ્રવ્યમાં અશુદ્ધ પર્યાયની પ્રાપ્તિ (થાય) એ સંસાર. શુદ્ધ આત્મામાં પૂર્ણ શુદ્ધ નિર્મળ દશાની પ્રાપ્તિ થાય એનું નામ મોક્ષ.

'**केवलज्ञानादि अनंतचतुष्टयका प्रगटपना स्वरूप मोक्ष-फल,...**' લ્યો! એનું ફળ કહ્યું. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવું જેનું ચતુષ્ટયપણું પ્રગટપણું એ સ્વરૂપ, પ્રગટપણાસ્વરૂપ મોક્ષનું ફળ, એ મોક્ષનું ફળ છે. શુદ્ધાત્માની પ્રાપ્તિ તો થયું શું એમાં? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય એ મોક્ષનું ફળ છે. સમજાણું કાંઈ? હવે

અહીંયાં પૂછ્યું છે તથ્ય એટલે જરી.. પાઠમાં એમ આવ્યું છેને, '**मोक्षकारणं**'. સત્યાર્થ મોક્ષનું કારણ.

'**ઔર નિશ્ચય વ્યવહારરત્નત્રયરૂપ મોક્ષકા માર્ગ,....**' હૈ. નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ '**ઈન તીનોંકો ક્રમસે જિનઆજ્ઞાપ્રમાણ તુજકો કહૂંગા.**' જિનઆજ્ઞા પ્રમાણે કહીશ, '**ઉનકો તૂ અચ્છી તરહ ચિત્તમેં ધારણ કર,...**' ભેદકો જાણ, એમ. '**જિસસે સબ ભેદ માલૂમ હો જાવેગા.**' એ નિશ્ચય અને વ્યવહાર બેય સાથે વર્ણવે છે. સમજાય છે? નિશ્ચય મોક્ષમાર્ગ સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટે એ નિશ્ચય મોક્ષમાર્ગ છે અને તે સમયે વિકલ્પરૂપ વ્યવહાર રત્નત્રયરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ છે એને નિમિત્ત તરીકે ગણીને પ્રમાણજ્ઞાનમાં એને સાથે કહ્યું છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગ આ બે.. બે છે એના વાંધા આવ્યા છે. મોક્ષમાર્ગ બે છે. મોક્ષમાર્ગનું કથન બે છે. કથન બે પ્રકારે છે. સમજાણું કાંઈ? પણ મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ તો એક જ છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ એનો આશ્રય કરીને સમ્યક્ નિશ્ચય, સમ્યક્ થાય એ સ્વસંવેદનનું જ્ઞાન નિશ્ચય અને સ્વરૂપમાં અરાગી પરિણતિરૂપી ચારિત્ર એ જ અભેદ રત્નત્રય એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? પણ સાથે વ્યવહાર કહ્યો, નિમિત્ત બતાવ્યું છે. સમજાય છે કાંઈ?

જેમ સ્વયં જીવ, જડ ગતિમાં પરિણમતાને ધર્માસ્તિનું નિમિત્તપણું સહાયકપણું કહ્યું છે, એમ શુદ્ધ સ્વભાવે નિશ્ચયથી આત્મા પોતાના નિશ્ચયપણે પરિણમે છે ત્યાં વિકલ્પ આવા વ્યવહારના હોય એને નિમિત્તપણે સહાયક અને સાધક કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ આમાં? ધર્માસ્તિકાય, જેમ જડ ને ચૈતન્ય સ્વયં પરિણમે ગતિમાં એને ધર્માસ્તિ નિમિત્ત કહેવામાં, એને સહાયક કહેવામાં આવે છે. સહાયક, સાધક, સહાયક, મદદ કરનાર. નિમિત્ત છે એને મદદ કરનાર કહ્યું, બસ એટલું.

એમ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ એનો અંતર આશ્રય નિશ્ચયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ પર્યાય જે સ્વભાવને આશ્રયે પ્રગટ થાય એ એક જ મોક્ષમાર્ગ સ્વયં પરિણમે છે, સ્વયં પરિણમે છે ત્યાં ઓલો વ્યવહાર વિકલ્પ જે છે એને સાધક, સહાયક, સાધક, વ્યવહાર, નિમિત્ત તરીકે તેને કહેવામાં આવ્યો છે. સાધક કહ્યું છે. અહીં કહ્યું છે જુઓ! ... બે બોલ્યા છે. એઈ..! એ બે મોક્ષમાર્ગનું કથન છેને બે, સાથે પ્રમાણજ્ઞાન કરાવવું છે પ્રમાણ. નિશ્ચય અને વ્યવહાર બેનું પ્રમાણજ્ઞાન કરાવવું છે. એકલો મોક્ષમાર્ગ નિશ્ચય હોવા છતાં ત્યાં વિકલ્પ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જ વિકલ્પ હોય. સમજાય છે?

મુનિને પંચ મહાવ્રત આદિનો જ વિકલ્પ હોય અને છ કાયની દયા આદિનો જ વિકલ્પ

હોય, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધાનો જ વિકલ્પ હોય. એવો વિકલ્પ હોય એ સિવાય બીજો ન હોય એટલી મર્યાદા બતાવવા તેને વ્યવહારનો આરોપ કરીને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? મોટા વાંધા. ઓલો કહે કે વ્યવહાર ચોથેથી એકલો બાર સુધી વ્યવહાર હોય. કેટલાક (કહે), વળી ચોથેથી સાત સુધી વ્યવહાર હોય, આઠમેથી નિશ્ચય. ઓલો એક જણો કહે, તેરમેથી નિશ્ચય સમ્યગ્દષ્ટિ. આહાહા..! અહીં તો ચોથેથી માંડીને મોક્ષમાર્ગ શરૂ થાય છે, છઠ્ઠે ચારિત્ર ભેગું (હોય છે) એટલે ન્યાંથી વિશેષ ગણ્યું છે. સમજાણું આમાં? એ નિશ્ચય-વ્યવહાર રત્નત્રય સ્વરૂપ મોક્ષનો માર્ગ એને જિન આજ્ઞા પ્રમાણે કહીશ એ તું જાણ. ત્રીજો શ્લોક.

**१२९) धम्महँ अत्थहँ कामहँ वि एयहँ सयलहँ मोक्खु।**
**उत्तमु पभणहिँ णाणि जिय अण्णेँ जेण ण सोक्खु।।३।।**

**'અબ ધર્મ, અર્થ, કામ ઔર મોક્ષ ઈન ચારોંમેં સુખકા મૂલકારણ મોક્ષ હી સબસે ઉત્તમ હૈ,...'** ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ મોક્ષમાં સુખ કહ્યું અને એ મોક્ષમાં જ સુખ છે, બીજે ધર્મ, અર્થ, કામમાં નથી. ધર્મ, અર્થ, કામ. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ એટલે ભોગ. ત્રણમાં સુખ નથી પણ ત્રણે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? ક્યા કહતે હૈં? પુણ્ય કીધુંને, પુણ્ય કીધું હમણાં. નીચે આવશે, ધર્મ એટલે પુણ્ય શુભભાવ. કહેશે, નીચે કહેશે. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ એટલે ભોગ અને મોક્ષ એટલે પૂર્ણ શુદ્ધ, શુદ્ધાત્માની પ્રાપ્તિ. ચારેમાં સુખનું મૂળ કારણ મોક્ષ એ સબસે ઉત્તમ હૈ. **'ઐસા અભિપ્રાય મનમેં રખકર ઈસ ગાથા-સૂત્રકો કહતે હૈં—'** કહો, સમજાણું?

**'અન્વયાર્થ :- હે જીવ, ધર્મ,...'** શબ્દે પુણ્ય નીચે છે ભાવાર્થમાં જુઓ! **'ધર્મ શબ્દસે યહાં પુણ્ય સમજના.'** નીચે છે નોટ. ભાવાર્થમાં પહેલો શબ્દ. ધર્મ એટલે પુણ્ય, વ્યવહાર ધર્મને પુણ્ય કહેવાને શબ્દે ધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ? અર્થ એટલે લક્ષ્મી અને કામ-ભોગ **'एतेषां सकलानां' 'ઈન સબ પુરુષાર્થોમેંસે...'** જુઓ, પુરુષાર્થ તો બધામાં છે. શેમાં? પુણ્યમાં પણ પુરુષાર્થ છે એટલો શુભ રાગનો વીર્ય, અર્થમાં અશુભ પુરુષાર્થ છે અને ભોગમાં પણ અશુભ પુરુષાર્થ છે અને પુણ્યમાં શુભ પુરુષાર્થ છે, પણ ત્રણે દુઃખરૂપ છે, આકુળતા છે. સમજાણું કાંઈ?

ધર્મ, અર્થ અને કામ ત્રણેય દુઃખરૂપ પુરુષાર્થ છે. બરાબર હશે? અન્ય ધર્મ કામાદિ સુખ જ્ઞાની પુરુષ મોક્ષને ઉત્તમ ચાર પુરુષાર્થમાં કહે છે. કેમ? કે **'અન્ય ધર્મ, અર્થ, કામ આદિ પદાર્થમેં પરમ સુખ નહીં હૈ.'** સુખ નથી, પરમ એટલે કલ્પનાનું સુખ છે, કલ્પનાનું સુખ છે, વાસ્તવિક સુખ નથી. **'ધર્મ શબ્દસે યહાં પુણ્ય સમજના,...'** હોં! પાઠમાં જ છે સંસ્કૃત

**'धर्मशब्देनात्र पुण्यं कथ्यते'** ટીકામાં જ છે. ધર્મ એટલે પુણ્ય, રાગની મંદતા શુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ બધો શુભભાવ છે, એ પુણ્ય છે, એ વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. નિશ્ચય ધર્મ જ્યાં હોય ત્યાં એવો વ્યવહાર ધર્મનો વિકલ્પ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે. છતાં છે એ આકુળતા. સમજાણું કાંઈ?

**'અર્થ શબ્દસે પુણ્યકા ફલ...'** લ્યો! એ પુણ્યનું ફળ રાજ આદિ વિભૂતિ, પુણ્યનું ફળ રાજ વિભૂતિ, કુટુંબ, સ્ત્રી આદિ અનુકૂળ એ બધું પુણ્યનું ફળ છે. સમજાણું કાંઈ? જુઓ, કેટલાક ના પાડે છેને કે ભાઈ! પુણ્યનું ફળ એ નહિ. એમ નથી. પુણ્યનું ફળ છે. જેવા શુભભાવ કરેલા હોય એનું બંધાયેલું પુણ્ય હોય, એના ફળ તરીકે પૈસા, લક્ષ્મી, રાજ, વૈભવ, સંપદા એ બધું પુણ્યનું ફળ છે. એના વર્તમાન રાગનું ફળ નથી, રળવાનો રાગ કરે માટે પૈસા મળે? તો બધાને મળવા જોઈએ. કમાવવાનો રાગ કરે માટે પૈસા મળે? પૂર્વના પુણ્યને લઈને એ પૈસા રાજની વિભૂતિ આદિ મળે છે. સમજાણું?

એ એમાં પણ આવી ગયું છે આવશે આપણે. ૬૦ ગાથામાં આવશે. આમાં. ઓલો પુણ્ય પણ વૈભવ આવે છેને. ૬૦-૬૦ ગાથા. ૧૬૦ વિશેષ થઈ ગઈ હતીને વાત? ૬૦ ગાથા. ૨૦૧ પાને આમાં છે, ૬૦-૬૦ .

**पुण्णेण होइ विहवो विहवेण मओ मएण मइ-मोहो।**
**मइ-मोहेण य पावं ता पुण्णं अम्ह मा होउ।।६०।।**

૬૦મી ગાથા. બીજા ભાગની ૬૦મી ગાથા. ૬૦. એમાં ૬૦ કીધી પછી એમાં પ્રશ્ન શું? ૬૦.

મુમુક્ષુ :- ૧૬૦.

ઉત્તર :- ના, ના, ૬૦. તમારે ક્યાં કહતે હૈં હિન્દીમે? ૬૦. દેખો! અર્થ **'अथ निश्चयेन पुण्यं निराकरोति'** છે ને એમાં ૬૦માં. **'पुण्णेण होइ विहवो'** એ **'પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ,...'** પુણ્યથી પૈસો મળે, મિથ્યાદૃષ્ટિને **'ધનસે અભિમાન હોતા હૈ,...'** છે? એ પુણ્યથી પૈસો મળે, પૈસાથી અજ્ઞાનીને અભિમાન થાય. સમ્યગ્દૃષ્ટિને નહિ, મિથ્યાદૃષ્ટિની વાત છે. સમજાણું કાંઈ?

અભિમાન થાય એમ વાત છેને? એટલે પછી મથાળું લખ્યું છે લખનારે. નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિનું એમ. મૂળ પાઠ નથી. **'निश्चयेन पुण्यं निराकरोति'** એટલું જ છે મથાળું, પણ એણે અર્થ ભર્યો કે ઓલો અભિમાન કરે છેને. સમ્યગ્દૃષ્ટિને અભિમાન હોતું નથી, સમ્યગ્દૃષ્ટિને પૂર્વના પુણ્યનું ફળ હોય, પણ અભિમાન હોતું (નથી), આ મારા છે એમ હોતું નથી. એનું સમ્યગ્દૃષ્ટિને તો જ્ઞાનાનંદ સ્વરૂપ એ જ મારું છે. પુણ્યનો ભાવ ઉઠે શુભ એ પણ પોતાનો નથી. પુણ્યનો ભાવ

એ પણ પોતાનો નથી, તો પુણ્યના ફળ તો જડ, માટી આવ્યા બહાર. એ ક્યાંથી આવ્યા પોતામાં? ધર્મી પોતાનું જ્ઞાનાનંદ સ્વરૂપ એ જ પોતાનું માને છે. જે શુભ આવે વ્યવહારરત્નત્રય રાગ એ પણ આસ્રવ તત્ત્વ માને છે, પોતાનું તત્ત્વ માનતો નથી અને પુણ્યના ફળરૂપે ધૂળ આદિ મળે આ રાજ્યાદિ એ તો જડ અને અજીવ છે. એને સમકિતી મારા માનતો નથી. એથી અહીં લીધું છે કે, પુણ્ય અને ફળ તરીકે પૈસા. અહીં બધું લીધું છે હોં અર્થમાં. રાજ્યાદિ વૈભવ બધું. આપણે ચાલતામાં. અને એ વૈભવથી એને મદ થાય. અમે પૈસાવાળા, અમે રાજવાળા, અમે રાણીઓ, અમારે આ, અમારે અભિમાન થાય. અને '**માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ,...**' ભ્રમણા થઈ જાય કે જાણે અમે બધાથી અધિક છીએ. બુદ્ધિ આવે ભ્રમણા થઈ જાય એમ કહે છે. ઠીક! મતિ મોહ.. ભ્રમણા થઈ જાય કે હું મોટો થઈ ગયો જાણે. આ બધા સાધારણ માણસ શું બિચારા? પાંચ કરોડ, દશ કરોડ રૂપિયા થઈ જાય એટલે એને મતિ ફાટી જાય, આંખ ઓડે જાય અને આ મતિ ભ્રમ થઈ જાય અજ્ઞાનીને.

'**બુદ્ધિકે ભ્રમ હોનેસે (અવિવેકસે) પાપ હોતા હૈ, ઈસલિયે એસા પુણ્ય હમારે ન હોવે.**' જુઓ! સમજાણું કાંઈ? એવું પુણ્ય, આચાર્ય કહે છે કે ધર્મી માગતા નથી. એવું પુણ્ય અમારે જોતું નથી. આહા..હા..! ધર્મી જીવ તો, આત્માની શુદ્ધ પવિત્રતાની દૃષ્ટિ છે અને પવિત્રતાની જ ભાવના કરે છે. ધર્મી જીવ આત્માની પવિત્રતા અખંડાનંદ શુદ્ધ એની દૃષ્ટિ છે અને એ શુદ્ધની જ ભાવના કરે છે, એ પુણ્યની ભાવના કરતો નથી. આવે છે ખરો, શુભભાવ આવે. વ્યવહારે એમ કહેવાય કે વ્યવહાર રત્નત્રયને આરાધે છે. નિશ્ચયથી એનું આરાધન છે જ નહિ. સમજાણું કાંઈ?

ધર્મ કરીને એ માગે છે લ્યો ઠીક! મૂઢ માગે. ધર્મ હતો કે દિ' એને? ધર્મ કરીને પૈસા માગે છે એમ કહે છે. ધર્મ કરીને પૈસા મળે, સુખી થઈએ, નાગા-ભૂખ્યા રહીએ નહિ. રોટલા અને શરીરના ઓશીયાળા રહીએ સદા ભિખારી. મૂઢ એવી માંગણી કરે છે, ધર્મીને તો એક શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ મારી પૂર્ણ દશા મને પ્રાપ્ત થાઓ. એ સિવાય બીજી ભાવના ધર્મીને હોતી નથી. સમજાણું કાંઈ? પુણ્ય સમજના. '**અર્થ શબ્દસે પુણ્યકા ફલ રાજ્ય વગૈરહ સંપદા જાનના,...**' પુણ્ય ફળ છે, એ કાંઈ આત્માના રાગનું ફળ નથી, એમ આત્માની મોક્ષના કારણના માર્ગનું એ ફળ નથી. મોક્ષમાર્ગનું ફળ તો અનંત ચતુષ્ટય કીધું. સમજાણું કાંઈ? આ તો પુણ્યનું ફળ છે ધૂળ રાગાદિ ને સંપદા મળે એ.

'**ઔર કામ શબ્દસે ઉસ રાજ્યકા મુખ્યફલ સ્ત્રી, કપડે, સુગંધિતમાલા આદિ વસ્તુરૂપ ભોગ જાનના.**' ઊંચી ચીજ આદિ. સમજાય છે? એ વસ્તુ '**ભોગ જાનના. ઈન તીનોસે પરમ સુખ નહીં**' તીનોસે આત્માનું સુખ નહિ, પરમ એટલે આત્માનું, પરમ એટલે થોડું સુખ

નહિ, આત્માનું સુખ એમાં નથી. સમજાય છે કાંઈ? **'ક્લેશરૂપ દુઃખી હૈ'** ક્લેશ છે, ક્લેશ છે. કહો, પુણ્યના ફળમાં વૈભવ, કામમાં અશુભભાવ અને પુણ્ય ભાવમાં વર્તમાન આકુળતા. એ ત્રણે દુઃખરૂપ છે. આમ કહીએ તો અર્થ અને ભોગ એ અશુભભાવ, પુણ્ય એ શુભભાવ ત્રણેય આકુળતારૂપ છે. શું કીધું? પુણ્ય એટલે શુભભાવ, પૈસાનો ભાવ એટલે અશુભભાવ, ભોગનો ભાવ એટલે અશુભભાવ. એ બે અશુભ અને શુભ બેય દુઃખરૂપ છે, ત્રણે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? કહો, બરાબર હશે? નેમીદાસભાઈ! પૈસા મેળવવાનો ભાવ દુઃખરૂપ હશે?

મુમુક્ષુ :- મીઠા લીમડાની કઢી છે.

ઉત્તર :- શેની? મીઠા લીમડાની કઢી. લે ઠીક! એ ક્યાંથી કાઢી?

કહે છે કે, ત્રણે **'ક્લેશરૂપ દુઃખ હી હૈ,...'** ભગવાન આત્મા આનંદમૂર્તિ એનો પરમાનંદની પર્યાયની પ્રાપ્તિ મોક્ષ એમાં સુખ છે, એમ સિદ્ધ કરવું છે. બાકી આ શુભભાવ અને અશુભ બેમાં એકલું દુઃખ છે. ધર્મ શબ્દે પુણ્ય અને પુણ્ય શબ્દે દુઃખ. એમ કહે છે. લક્ષ્મી શબ્દે લક્ષ્મીના રળવાનો ભાવ. અર્થનો પુરુષાર્થ કહેવો છેને, પુરુષાર્થ કહેવો છેને ત્રણનો. ચારનો પુરુષાર્થ કહેવો છે કે નહિ? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારનો પુરુષાર્થ. તો ધર્મનો પુરુષાર્થ એટલે શુભભાવનો પુરુષાર્થ એ દુઃખરૂપ, લક્ષ્મીનો પુરુષાર્થ એ અશુભભાવરૂપ દુઃખરૂપ, ભોગનો પુરુષાર્થ અશુભભાવરૂપ દુઃખરૂપ. સમજાણું કાંઈ? એ ત્રણ પુરુષાર્થ દુઃખરૂપ છે. એક પુરુષાર્થનું ફળ જે કેવળજ્ઞાન એ મોક્ષનું કારણ એ સુખરૂપ છે.

**'ઈસલિયે ઈન સબસે ઉત્તમ મોક્ષકો હી...'** એ ત્રણમાં કાંઈ સુખ નથી, ક્લેશ જ છે. માટે બધાથી ઉત્તમ મોક્ષને **'વીતરાગ સર્વજ્ઞદેવ કહતે હૈં,...'** વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે એ વીતરાગ સર્વજ્ઞદેવે એમ જાણ્યું નથી કે સુખ જ મોક્ષ છે? જાણ્યું છે એવું કહે છે. સમજાણું કાંઈ? એ જાણ્યું છે એને એમ કહે છે કે તમે કરવા માગો છો કે, જાણ્યું એમ કહીને નિયત સિદ્ધ કરવા માગો છો, પણ એણે કહ્યું છે અનેકાંત એ સિદ્ધ કરવા માગતા નથી. એમ કહે છે. અરે..! ભગવાન પણ ભાઈ! ઊંધી તે લાઈન. ભગવાને જાણ્યું છે એમ જ છે અને જાણ્યું છે એવું કહ્યું છે અને કહ્યું છે એવું જાણ્યું છે અને કહ્યું છે એવું છે. ત્રણે એક જ વાત છે. સમજાણું કાંઈ?

કોથળીમાં રૂપિયા પડ્યા હોય ૩૫૦૦. અહીં જમામાં ૩૫૦૦ નીકળે, જ્ઞાનમાં પણ એ આવે પૈસા ત્યાં પડ્યા છે અને લખ્યું છે અહીં. ત્રણે એમ આવે. ત્રણેમાં ફેર આવે? એમ જગતમાં જે ચીજ કોથળીમાં પડી છે દ્રવ્ય, ગુણ, પર્યાયનું જેવું સ્વરૂપ એવું ભગવાને જાણ્યું, જાણ્યું એવું વાણીમાં કહ્યું, કહ્યું એવું ત્યાં છે, છે એવું વાણીમાં આવ્યું અને છે એવું જાણવામાં આવ્યું. સમજાણું કાંઈ? ભારે ભાઈ! પુણ્યનો પુરુષાર્થ એ દુઃખરૂપ. આ બધા હેરાન થઈ જાય

છે. એય..! જયચંદભાઈ! પુણ્યનો પુરુષાર્થ દુઃખરૂપ કહે છે. પણ સાચું તમને લાગે છે કે નહિ પાછું સાચું? એમ કહે ન્યાં રળવાનો ભાવ એ સુખરૂપ લાગે અને ભગવાન કહે છે દુઃખરૂપ. એમ તો વાંધો આવ્યો. કમાવવાનો ભાવ તે દુઃખરૂપ છે એમ ભગવાન કહે છે એમ તને લાગે છે કે નહિ? કે કમાવવાનો ભાવ એ સુખરૂપ લાગે છે એમ કહે છે. અને છન્નું હજાર સ્ત્રીના ભોગનો ભાવ એ પાપરૂપ, દુઃખરૂપ છે. ઇન્દ્ર અને ઇન્દ્રાણીઓ કરોડોના ભોગનો ભાવ અશુભ પાપરૂપ છે. સમજાણું કાંઈ? અને શુભભાવ, જે શુભભાવ રાગની મંદતા, વ્યવહાર ધર્મ એટલે કે પુણ્ય એ દુઃખરૂપ છે. નવનીતભાઈ!

કરશે નહિ તો આવ્યા વિના રહેશે નહિ, કરવું હતું ક્યાં એને? ભૂમિકા પ્રમાણમાં એને શુભભાવ આવ્યા વિના રહેશે નહિ, પણ છે દુઃખરૂપ. આવશે ખરો, આવ્યા વિના રહેશે? આ રળવાનું પાપ કહે. ભાઈ પાપભાવ છે, પાપભાવ એટલે આવ્યા વિના રહેશે? એ કાંઈ વીતરાગ થઈ ગયો છે તે ન આવે એને? રળવાનો ભાવ હોય જ છે, ભોગનો ભાવ હોય જ છે એમ પુણ્યનો ભાવ હોય જ છે. સમજાણું કાંઈ? પણ ત્રણે ભાવ એક શુભ અને બે અશુભ ત્રણે દુઃખરૂપ છે, એ ત્રણે ક્લેશરૂપ છે. પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ પેદા કરતા હોય અને કહે છે ક્લેશરૂપભાવ છે એ વખતનો રળવાનો.

મુમુક્ષુ :- રળનારને જ પૂછી લ્યોને.

ઉત્તર :- એને જ પૂછીએ છીએ. આ પૂછે એના બાપને અહીં. કહો, સમજાણું આમાં? આહા..હા..!

'**ક્યોંકિ મોક્ષસે જુદા જો ધર્મ, અર્થ, કામ હૈં,...**' દેખો! મોક્ષથી જુદો ધર્મ નામ પુણ્ય. એનાથી જુદો અર્થ પુરુષાર્થ હોં! એનાથી જુદો કામ પુરુષાર્થ. '**વે આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે હૈં,...**' આહા..હા..! કહો, જમુભાઈ! અથવા પુણ્યભાવ કરવામાં મજા નથી રહેતી એમ કહોને હજી પહેલી. પુણ્યભાવમાં દુઃખ છે તો મજા નથી આવતી. એ માટે તો કહે છે અહીં. પુણ્યભાવ આવે એમાં મજા ન માનવી. કેમકે એમાં દુઃખ છે. પુણ્યના ફળ આવે એમાં મજા ન માનવી કેમકે એનો પુરુષાર્થ જ પાપરૂપ છે. ભોગમાં મજા ન માનવી કેમકે ભોગનો ભાવ જ પાપરૂપ છે. આહા..હા..!

અહીં તો પુરુષાર્થની વાત છેને? ચાર પુરુષાર્થ છે—ધર્મ પુરુષાર્થ, અર્થ પુરુષાર્થ, કામ પુરુષાર્થ, મોક્ષ પુરુષાર્થ. ચારેમાં વીર્ય છે. ધર્મ નામ પુણ્ય પુરુષાર્થ એ શુભભાવ પુરુષાર્થ પણ એ શુભભાવ પુરુષાર્થ આકુલતા ક્લેશરૂપ દુઃખ છે. સમજાણું કાંઈ? અર્થ પુરુષાર્થ એ અશુભભાવ છે, પુરુષાર્થ છે, અશુભ છે, દુઃખરૂપ છે, ક્લેશરૂપ છે. ભોગ પુરુષાર્થ એ પુરુષાર્થ છે, અશુભ છે, દુઃખરૂપ છે. મોક્ષ પુરુષાર્થ એ સુખરૂપ છે. મોક્ષના માર્ગનો પુરુષાર્થ એ સુખરૂપ છે અને એનો મોક્ષ

એ પોતે સુખરૂપ છે. આહા..હા.! સમજાણું કાંઈ? મોક્ષ સુખરૂપ છે અને મોક્ષનો માર્ગ પણ સુખરૂપ છે એમ સિદ્ધ થાય એમાં.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ એની અંતરમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ, ચારિત્રની રમણતા એ મોક્ષનો માર્ગ, એ સુખરૂપ છે. એનો અર્થ કે શુદ્ધ પરિણામ તે સુખરૂપ છે. શુભ અને અશુભ બે પરિણામ તે દુઃખરૂપ છે. એના વાંધા ઉઠ્યા મોટા. શુભ પરિણામથી ક્ષાયિક સમકિત થાય છે, લ્યો! શુભયોગથી ક્ષાયિક સમકિત થાય છે. આવી વાતું. હવે ભારે ઉંધું માર્યું છેને. સમજાણું કાંઈ? આ કીધુંને શું કીધું આ?

આત્મા અખંડ અનંત ગુણનો પિંડ શુદ્ધ પરમ બ્રહ્મ આત્મા એની અંતરની સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ. શાંતિ એટલે ચારિત્ર એવો જે મોક્ષનો પુરુષાર્થ એટલે માર્ગ અત્યારે આપણે લેવો. મોક્ષ પુરુષાર્થ તો પૂર્ણ થઈ ગયું એ, પણ અહીંયાં એનો માર્ગ જે છે એ સુખરૂપ અને આનંદરૂપ અને શાંતિરૂપ છે. મોક્ષમાર્ગ દુઃખરૂપ ન હોય શકે. અરે..! કરવું પડે છે, બહુ દુઃખ થાય છે, મહા સહન કરવું (પડે છે)- એમ ન હોય. મોક્ષમાર્ગ આનંદરૂપ હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એ આસ્રવરૂપ મોક્ષમાર્ગ ન હોય, આસ્રવતત્ત્વ તો દુઃખરૂપ છે. શુભભાવ છે એ પુણ્ય છે, એ આસ્રવતત્ત્વ છે. એનાથી નવા આવરણ આવે એ તો દુઃખરૂપ છે. એથી મોક્ષમાર્ગ એ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે જગતને.

ભગવાન આત્મા શુદ્ધ મોક્ષ સ્વરૂપ જ છે વસ્તુ. એનું મુક્ત સ્વરૂપનું સમ્યગ્દર્શન થવું- શુદ્ધ ચૈતન્યની અંતર નિર્વિકલ્પ રુચિ, દૃષ્ટિ એ સુખરૂપ છે અને પૂર્ણ સુખનું કારણ છે. સુખરૂપ છે, પૂર્ણ સુખનું કારણ છે. એ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એનું સ્વસંવેદનજ્ઞાન, એનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાનવેદન. એ સમ્યગ્જ્ઞાન એ સુખરૂપ છે, આનંદરૂપ છે, પૂર્ણ આનંદનું કારણ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદની મૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન સહિતની સ્થિરતા, અંદર ચરતા, રમણતા, ચારિત્ર એ આનંદરૂપ છે, અનાકુળરૂપ છે, શાંતિરૂપ છે, પૂર્ણ આનંદનું કારણ છે. સમજાણું કાંઈ? તેથી તો અહીંયાં ચાર પુરુષાર્થની વ્યાખ્યા કરી. પુરુષાર્થ તો છે ચારે. એક શુભનો પુરુષાર્થ, (બે) અશુભનો, એક શુદ્ધનો. સમજાણું કાંઈ?

કહે છે એ '**મોક્ષસે જુદા જો ધર્મ, અર્થ, કામ હૈં, વે આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે હૈં,...**' આહા..હા..! અહીંયાં કહ્યું હતુંને શિષ્યે? પ્રભુ બધું મને જણાવો કે જેથી હું પરમાર્થ જાણું. ત્યારે ગુરુએ કહ્યું કે એ ભેદ તું આ કહીશ એને તું ભેદને જાણજે. આવા પ્રકાર જે ભિન્ન-ભિન્ન છે એને તું જાણજે. '**તથા વીતરાગ, પરમાનંદસુખરૂપ અમૃતરસકે આસ્વાદસે વિપરીત હૈં,...**' આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદની મૂર્તિ આત્મા તો છે. એની પર્યાયમાં રાગરહિત પરમાનંદસુખરૂપ અમૃતરસ આસ્વાદન એ એની નિર્મળ પર્યાય

છે. એ સુખરૂપ પર્યાય છે. એ સંવર-નિર્જરારૂપ પર્યાય છે, એનાથી વિપરીત શુભ અને અશુભ એ આસ્રવ અને બંધરૂપ પર્યાય છે. સમજાણું કાંઈ?

શું કીધું? નવ તત્ત્વમાં ઉતાર્યું. નવ તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. જીવ તત્ત્વ કોણ? જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય પદાર્થ તે જીવ. એના તત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન શાંતિ.. એ કહ્યુંને? વીતરાગ પરમાનંદરૂપ અમૃતરસનો આસ્વાદ એ સુખરૂપ પર્યાય, એ સુખરૂપ પર્યાય. બીજી ભાષાએ કહીએ તો સંવર, નિર્જરારૂપ દશા. સમજાણું કાંઈ? આ એનાથી વિપરીત. કોણ? એ શુભભાવ અને અશુભભાવનો પુરુષાર્થ, પુણ્યનો પુરુષાર્થ અને ભોગનો અને અર્થનો. એ ત્રણે પુરુષાર્થ આસ્રવ અને બંધરૂપ છે. નવ તત્ત્વમાં એ આસ્રવ અને ભાવબંધરૂપ છે. સમજાણું કાંઈ?

એ આસ્રવ અને બંધરૂપ પરિણામ એનું ફળ સંસાર. વીતરાગ પરમાનંદની પર્યાયની શાંતિનું પરિણમન એનું ફળ મોક્ષ છે. નવે આવી ગયા, નવે તત્ત્વ એમાં. સમજાણું કાંઈ? અજીવ તત્ત્વ તો ભિન્ન રહી ગયું, જીવ તત્ત્વ જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા. એ તો પૂર્ણ શુદ્ધ આત્મા તેનું નામ આત્મા. આત્મા એટલે? પુણ્ય-પાપના આસ્રવ વિનાનો, અજીવ કર્મ વિનાનું. અજીવ કર્મ તો અજીવ તત્ત્વમાં જાય. પુણ્ય-પાપના ભાવ આસ્રવમાં જાય, એનાથી રહિત એકલું જ્ઞાયક તત્ત્વ તે આત્મા. શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ તે આત્મા. હવે, એવા જ્ઞાયકતત્ત્વની જે અંતર પુરુષાર્થની ગતિ સ્વભાવની, શુદ્ધ સ્વભાવ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ સંવર, નિર્જરાનો પુરુષાર્થ, એ મોક્ષમાર્ગનો પુરુષાર્થ. એના ફળ તરીકે મોક્ષ. કહો, સંવર, નિર્જરા આવી ગયું, આત્મા આવી ગયો, મોક્ષ આવી ગયો. આ બાજુ આસ્રવ અને બંધ એ (સુખના) આસ્વાદથી વિપરીત ધર્મ, અર્થ અને કામ.

ભગવાન આત્માની વીતરાગ અમૃતના સ્વાદની દશા એ સંવર, નિર્જરા, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એનાથી વિપરીત પુણ્ય-પાપના ભાવ અને ધર્મ, અર્થ ને કામનો ભાવ એ આસ્રવ અને બંધભાવ, બસ બંધભાવ એ એને એ સંસાર છે. એ સંસાર છે. એ સંસાર છે. આસ્રવ અને બંધભાવ એ પોતે સંસાર છે. સમજાય છે કાંઈ? આ નવ તત્ત્વમાં સમાઈ ગયું બધું આમાં. એથી કહ્યું જુઓ! કે શુભ-અશુભભાવ આકુળતાના ઉત્પન્ન કરનારા એટલે ઉદયભાવ છે એટલે સંસારભાવ છે અને વીતરાગ પરમાનંદ સુખરૂપ અમૃત એ આત્માની નિર્મળ નિર્વિકારી પર્યાય છે. વીતરાગ પરમાનંદની મૂર્તિ એ દ્રવ્ય અને એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ તે એની પર્યાય. એ મોક્ષનો માર્ગ છે, એ સુખરૂપ છે. એનાથી ઉલટું શુભ-અશુભભાવ એ દુઃખરૂપ છે, આસ્રવ અને બંધરૂપ છે, એ સંસારરૂપ છે. સમજાણું કાંઈ? હવે નવ તત્ત્વની જ્યાં હજી ખબર ન મળે સરખાઈની. કોને કહેવા નવ? કોને કહેવા એના ફળ? સમજાણું કાંઈ?

**'ઈસલિયે સુખકે કરનેવાલે નહીં હૈં,...'** એ પુણ્ય અને પાપના ભાવ આસ્રવતત્ત્વ છે, દુઃખરૂપ છે માટે સુખના કરવાવાળા નથી. **'એસા જાનના.'** લ્યો! સમજાણું? એમ જાણવું. એક-એક ગાથામાં ઘણું સમાડી દે છે. ધર્મ એટલે વ્યવહાર ધર્મ. વ્યવહાર એટલે કે ધર્મ નથી એને ધર્મ કહેવું એનું નામ વ્યવહાર. ધર્મ વાસ્તવિક નથી તેને ધર્મ કહેવો એનું નામ વ્યવહાર. પણ શું થાય? શાસ્ત્રમાં ઓલું આવે દયા, દાન ને ધર્મ. તો કહે આ ધર્મ. પણ એ ધર્મ વ્યવહાર કે નિશ્ચય? સાચો કે ઉપચાર? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઓછું ભણેલા...

ઉત્તર :- ઓછું ભણેલા સમજણ વિનાના ભૂલાવામાં પડે. શબ્દને લઈને ભૂલાવામાં પડે છે? શબ્દને લઈને ભૂલાવામાં પડે તો એ બધાના ભૂલનું કારણ થાય. એની અણસમજણને લઈને ભૂલાવામાં પડે છે. અર્થ અને ભોગ એનાથી જરી જુદું બતાવવું છે એથી એને વ્યવહાર ધર્મ કહ્યો. એમ વ્યવહારથી.. વ્યવહારથી. કહ્યું તો દુઃખરૂપ. કહ્યું પુણ્ય, કીધો ધર્મ, કીધો દુઃખરૂપ હવે શું કહેવું છે? એ દુઃખરૂપ પુરુષાર્થ છે, એમ કહે છે. આહા..હા..!

એની શ્રદ્ધાના, જ્ઞાનના પણ ઠેકાણા ન મળે અને એને ધર્મ થાય. વસ્તુ એક સમયમાં પૂર્ણાનંદની મૂર્તિ એ તો આત્મા. નવમાં એ આત્મા. એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ શ્રદ્ધા થાવું તેનું નામ સંવર અને નિર્જરા. એનાથી વિપરીત પુણ્ય અને પાપ તે આસ્રવતત્ત્વ, તે બંધ અને આસ્રવ ભાવ, ભાવબંધ હોં! દ્રવ્યબંધ જડમાં જાય. સમજાણું કાંઈ? જડબંધ પડ્યો એ અજીવ પર્યાય છે. એ તો અજીવ પર્યાય છે. અજીવ જુદું, ભાવઆસ્રવ-બંધ જુદાં, ત્રિકાળ જ્ઞાયકનો શ્રદ્ધા, જ્ઞાન, ભાવ જે નિર્મળ એ જુદો. આસ્રવ બંધનું જ્ઞાન થયું. સંવર-નિર્જરાનો આદર થયો, સંવર-નિર્જરામાં આત્મા આદર થયો. શુદ્ધ પર્યાયમાં આત્મા આદર થયો, ત્યારે શુદ્ધ પર્યાય પ્રગટી, આસ્રવ બંધ છે એનું જ્ઞાન થયું. જુદો પડ્યો એટલે જ્ઞાન રહ્યું એનું, જ્ઞાનમાં એ આસ્રવ બંધ ન આવ્યા, પણ જ્ઞાનમાં એ જણાણા ખરા. સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાન થતાં સંવર, નિર્જરાનો પર્યાય પ્રગટ થતાં તેમાં સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું. એ પર્યાય છે. એ વસ્તુની-અંતર પૂર્ણાનંદ પ્રભુ એની શ્રદ્ધા અને જ્ઞાન. એમાં આસ્રવ પુણ્ય-પાપના પર્યાય છે પુરુષાર્થમાં. સમકિતીને પણ. છે કે નહિ? છે એ જ્ઞાનમાં ન આવ્યા, જ્ઞાનમાં એ ન ભળ્યા, પણ એનું જ્ઞાન થયું, આ છે એમ જ્ઞાન થયું. સમજાણું કાંઈ આમાં? શું કીધું? શુદ્ધ આત્માની શ્રદ્ધા જ્ઞાન આદિ થતાં તે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનમાં એ આસ્રવ-બંધ આમાં ન આવ્યા, પણ આસ્રવ-બંધ સંબંધીનું જ્ઞાન આમાં આવ્યું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ પ્રભુ એની અંતરની અંશે દર્શન, જ્ઞાન ને શાંતિ ચારિત્રની એ તો સંવર, નિર્જરાના સુખરૂપ દશામાં ગઈ. વસ્તુ આખી સુખરૂપ, એની દશા

થઈ સુખરૂપ. અને શુભ અને અશુભભાવ એ દુઃખરૂપમાં ગયું. એ સુખરૂપમાં દશામાં એ દશા ન ભળી, પણ દુઃખરૂપ દશાને જ્ઞાન જાણે છે કે, આ એક છે બસ એટલું. આહા..હા..! સમજાણું કાંઈ? અને જ્ઞાન જાણે છે કે દ્રવ્યબંધનું એક નિમિત્તપણું સામે છે-એવું જ્ઞાન જાણે છે. જ્ઞાનમાં એ દ્રવ્યબંધ અને ભાવબંધ જ્ઞાનમાં અંતરમાં, અસ્તિત્વમાં ન આવ્યો. જ્ઞાનના સમ્યક્ જ્ઞાનના અસ્તિત્વમાં એ આસ્રવ-બંધ અને અજીવ આવ્યું અહીં નહિ, પણ એ સંબંધીનું જ્ઞાન આવ્યું આમાં. સમજાણું કાંઈ? બાપુ! માર્ગ મોક્ષ ઝીણો છે. એ કાંઈ એમ ને એમ માણસ લઈ જાય એવી વાત નથી. જુગરાજજી! આહા..હા..!

તેથી પૂર્ણ જ્યાં મોક્ષ થઈ ગયો ત્યારે મોક્ષની પર્યાય એકલી રહી ગઈ. પછી એને આસ્રવ બંધના પરિણામનું જ્ઞાન છે? કે અહીં આવ્યું તો નથી, પણ આસ્રવ-બંધનું જ્ઞાન પણ હવે રહ્યું નહિ. એટલે પૂર્ણ થઈ ગયું છે નહિ. એ તો બધાનું જ્ઞાન કરે એમ ભેગું જ્ઞાન થઈ ગયું સૌનું બધાનું. આખી દુનિયાનું. આહા..હા..! સમજાણું કાંઈ?

ગુરુ શિષ્યને કહે છે કે, હે ભાઈ! આમ તું જાણ, પુણ્ય અને પાપના ભાવને દુઃખરૂપ જાણ. ભગવાન આત્મા સુખરૂપી સ્વરૂપી પ્રભુ એની વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિને તું સુખરૂપ જાણ અને આને દુઃખરૂપ જાણ, અજીવને જ્ઞેય તરીકે જાણ, એ બધા ભેદો એમાં જાણવામાં આવી ગયા. ઓલો કહે, ભાઈ અમારે પરમાર્થ જાણવો મહારાજ! મોક્ષ, મોક્ષનું કારણ ને મોક્ષનું ફળ એવું કહો તો અમને પરમાર્થ જણાય. અહીંયાં મોક્ષ, મોક્ષનું ફળ અને મોક્ષનું કારણ બતાવતા એમાં બધું ઓલો બીજો ભાવ જ્ઞાનમાં આવ્યો. સમજાણું કાંઈ? પૂર્ણ શુદ્ધપર્યાય નિર્મળ મોક્ષ, પૂર્ણ શુદ્ધ દ્રવ્ય વસ્તુ, એના મોક્ષની પર્યાયનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-નિશ્ચય શુદ્ધ સંવર દશા નિર્જરા એ કારણ. બસ એ કારણ ઓલું ફળ, એનું ફળ પાછું અનંત જ્ઞાનાદિ. આ એ કારણનું કારણ પાછું શુદ્ધ દ્રવ્ય સ્વભાવ. એનું જ્ઞાન આવી ગયું. પરમાર્થ જ્ઞાન આવી ગયું એમાં આસ્રવ, બંધ અને અજીવનું જ્ઞાન પણ આવી ગયું. લ્યો! અહીં ત્રણના અસ્તિમાં ઓલાનું જ્ઞાન પણ ભેગું આવી ગયું. સમજાણું કાંઈ? જુઓ, ભેદ જાણે છે એમ લીધુંને? સમજાણું? એમ તું જાણ. ૩ થઈ.

**'આગે ધર્મ, અર્થ, કામ ઇન તીનોંસે જો મોક્ષ ઉત્તમ નહીં હોતા તો ઇન તીનોંકો છોડકર જિનેશ્વરદેવ મોક્ષકો ક્યોં જાતે?'** દાખલો આપ્યો ભગવાનનો સાક્ષાત્. સમજાણું કાંઈ? જુઓ! તીર્થંકર તરવરે છે એને. સર્વજ્ઞ ભગવાન જિનેશ્વર દેવ પરમાત્મા. જો આ પુણ્ય અને પાપમાં સુખ હોત તો એને છોડીને પૂર્ણાનંદ દશાને પ્રાપ્ત કેમ કરે છે? એમ કહે છે.

१२९) जइ जिय उत्तमु होइ णवि एयहँ सयलहँ सोइ।
तो किं तिण्णि वि परिहरवि जिण वच्चहिँ पर-लोई।।४।।

**અન્વયાર્થ :-** 'હે જીવ! જો ઈન સબોંસે મોક્ષ ઉત્તમ હી નહીં હોતા...' પુણ્યભાવ અને પાપભાવથી મોક્ષ જો ઉત્તમ ન હોય. સમજાય છે? ભાઈ! શુભભાવ ધર્મપુરુષાર્થ વ્યવહાર પુણ્ય અને અશુભભાવ લક્ષ્મી ભોગનો પુરુષાર્થ. જો એનાથી મોક્ષમાં સુખ ન હોત તો એને છોડીને, વ્યય કરીને મોક્ષના ઉત્પાદમાં કેમ પરિણમેત? ભગવાન મોક્ષને કેમ પામેત? પર શબ્દનું પરલોક કરશે. સમજાણું કાંઈ? આહા..હા..! ઘડીક તો એને લાગે કે કાંઈક બીજા દેશમાં છીએ. કહો, સમજાણું કાંઈ? શું કીધું? અમારે પંડિતજી અર્થ કરે છે.

**'હે જીવ! ઈન સબોંસે મોક્ષ ઉત્તમ હી નહીં હોતા તો શ્રી જિનવરદેવ ધર્મ, અર્થ, કામ ઈન તીનોંકો છોડકર મોક્ષમેં ક્યોં જાતે?'** આહા..હા..! જુઓ તો ખરા. અરે..! આત્મા! પુણ્ય પુરુષાર્થ અને પાપ પુરુષાર્થથી મોક્ષનો પુરુષાર્થ અને મોક્ષ સુખરૂપ ન હોત તો એને છોડીને એ કેમ મોક્ષરૂપે પરિણમત? એમ કહે છે. સમજાય છે કાંઈ? જિનેશ્વરદેવને શું ખામી હતી બહારની? ઈન્દ્રો જેના સેવક. સમજાણું? ચક્રવર્તી તીર્થંકર જેને તો છન્નું છન્નું હજાર સ્ત્રી પદમણી જેવી. નવ નિધાન સોળ હજાર દેવ સેવા. એલા! એને શુભ અને અશુભમાં જો સુખ માન્યું હોત તો એ છોડીને શુદ્ધમાં કેમ જાત? એમ કહે છે.

મુમુક્ષુ :- છોડીને ગયા?

ઉત્તર :- છોડીને ગયા, શુભાશુભભાવ છોડીને અંદરમાં ગયા, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે! ક્યાં ભાઈ! આ તેથી તો દાખલો આપ્યો છે આ. માથે પુણ્યને ધર્મ કીધું અને અહીં કીધું કે છોડ્યું એમણે. નહિ. એમને અર્થ-લક્ષ્મીનો શું તૂટો હતો? ઈન્દ્રો જેના અર્ધલોકના સ્વામી, ઈન્દ્રો જેના સેવક. કહે છે કે એ અશુભ અને શુભભાવ છોડીને આત્માના મુક્તિમાં પહોંચ્યા કેમ? જો એ સુખરૂપ ન હોય તો આવા દુઃખને છોડીને સુખરૂપમાં જાય કોણ? આહા..હા..! સમજાણું?

જિનેશ્વરનો દાખલો. પહેલો આવ્યો હતોને આપણે? પ્રભુ! તારી ચારિત્ર દશા અને અમારી ચારિત્ર દશામાં જરીએ ફેર નહિ હોં! એમ કહ્યું. તમારે છન્નું હજાર સ્ત્રી અને ઈન્દ્રો સેવક માટે તમારું ચારિત્ર વળી ઊંચું હશે. તમે આટલું છોડ્યું માટે વધારે ઊંચું હશે અને અમારા ઘરના કુબા છોડ્યા અને આટલું માટે અમારું ચારિત્ર નાનું. કહે, ના, ના હોં! ભગવાન! આહા..હા..! સમજાણું ભાઈ! પહેલા આવી ગયું આમાં. આ તો ગજબ 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવે' કોઈ બીજી રીતે જ મલાવ્યું છે આખું. આહા..હા..!

ભગવાન! તમે આવી ઋદ્ધિનો ભાવ છોડ્યો અને એ ઋદ્ધિ છોડી, માટે તમારું ચારિત્ર કોઈ બહુ ઊંચું થઈ ગયું હશે અંદરમાં. એમ ને? ના ના. અમે પણ તમારી જેવા જ, જેટલા

જ ચારિત્રવંત છીએ કહે છે. મુનિ કહે છે. સમજાય છે કાંઈ? અને એ ચીજને લઈને કાંઈ મોટપ નહોતી કે ઘણું છૂટ્યું માટે મોટપ ચારિત્ર થઈ ગઈ. થોડું છૂટ્યું માટે ચારિત્ર ઓછું રહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! જેનાથી લક્ષ ખસેડવું છે એ ચીજ પછી ઝાઝી હોય કે મોટી હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! અમે લક્ષ ખસેડ્યું અને તમે ત્યાંથી ખસેડ્યું. અમે ચોટાડ્યું અહીં અને તમે ચોટાડ્યું અહીં. બે સરખા થયા આપણે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનમાં દેખાય છે કે નહિ? બધું દેખાય. શું ન દેખાય જ્ઞાનમાં? સમજાણું કાંઈ? હે જિનવરદેવ! વાહ! જુઓને અહીં જિનવરદેવને જ યાદ કરે છે. **'ધર્મ, અર્થ, કામ ઈન તીનોંકો છોડકર મોક્ષમેં ક્યોં જાતે? ઈસલિયે જાતે હૈં કિ મોક્ષ સબસે ઉત્કૃષ્ટ હૈ.'** પાછળ એનો અર્થ કરશે હોં!

**ભાવાર્થ :- 'પર અર્થાત્ ઉત્કૃષ્ટ મિથ્યાત્વ-રાગાદિ રહિત કેવલજ્ઞાનાદિ અનંત ગુણ સહિત પરમાત્મા વહ પર હૈ,...'** એમ. એનો લોક આપણે આવી ગયું છે એનું. એનું અવલોકન તે પરમાત્મા. **'અર્થાત્ અવલોકન વીતરાગ પરમાનંદ સમરસીભાવકા અનુભવ વહ પરલોક કહા જાતા હૈ,...'** એને તો પરલોકને અનુભવ્યો, અવલોક્યો, આને અવલોકવા રહ્યા, નવરા પણ ન રહ્યા, એમ કહે છે. આહા..હા..! શુભભાવ, અશુભભાવ, અર્થ અને ભોગના અશુભભાવ એને કેટલા હતા? સમજાણું? ચક્રવર્તીને તો છન્નું હજાર પદમણી જેવી સ્ત્રી. એમાં કોઈ વૃદ્ધ થાય અને મરી જાય, વૃદ્ધ થાય અને વળી થઈ જાય તો પાછી બીજી એટલી ને એટલી આંકડે રહે, એ આંકડો ખસે નહિ, ઓછો ન થાય. કોઈ અર્જિકા થઈ જાય, કોઈ ફલાણું થઈ જાય તો પાછો આંકડો તો એટલો ને એટલો રહે. એટલું છોડ્યું અને ભગવાન અમારે એકેય કાંઈ નહોતું. સાંભળને! કહે. અમે પરના લક્ષ છોડીને સ્વરૂપની દૃષ્ટિને સ્થિર થયા. ભગવાન અમારું ચારિત્ર ને તમારું ચારિત્ર એક જ પ્રકારનું છે હોં! જરીએ ફેર નહિ, જરીએ ફેર નહિ. અમે એવા પુરુષાર્થથી મોક્ષ લેવાના અને તમે એવા પુરુષાર્થથી લીધો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આતમરામના ખેલ છેને એ? કહે છે, પરલોકે. પરલોકનું મોક્ષ કર્યું છે ને? હવે એની પરલોકની વ્યાખ્યા કરે છે. શબ્દમાં પરલોકનો અર્થ મોક્ષ કર્યો. હવે પરલોકની વ્યાખ્યા અવલોકન કરે છે. ભગવાન અવલોકન કરે છે. અર્થાત્ ઉત્કૃષ્ટ મિથ્યાત્વ આદિ સર્વ વિકાર ટાળીને. જોયું? ઓલું શુભ-અશુભ ટાળ્યુંને. ટાળ્યા છે શુભ-અશુભ. ટાળીને સર્વથા બધો વિકાર ટળીને. **'કેવલજ્ઞાનાદિ અનંત ગુણ સહિત પરમાત્મા વહ પર હૈ, ઉસ પરમાત્માકા લોક અર્થાત્ અવલોકન વીતરાગ પરમાનંદ સમરસીભાવકા અનુભવ વહ પરલોક કહા જાતા હૈ,...'**

એને પરમાત્માને પરલોકે એને અવલોક્યું ભગવાને. ઓલાનું જાણવું, વસ્તુ તો છૂટી ગઈ, તેનું જ્ઞાન પણ છૂટી ગયું એમ કહે છે ભાઈ! આહા..હા..! શુભ-અશુભભાવ તો છોડ્યા એને જાણવું પણ છૂટી ગયું. એ તો અધૂરું હતું તો સાધકમાં જાણતા આ છે એટલું. એકલો પરલોક પરમાત્મા પોતે વીતરાગ પરમાનંદની પર્યાય તે આત્માને અવલોકે છે. જો આમાં સુખ હોત તો છોડીને ત્યાં કેમ જાય? એમ કહે છે. સમજાણું કાંઈ? માટે મોક્ષમાં સુખ અને આનંદ છે એ બીજે નથી. પુણ્ય અને પાપ, ભોગ, અર્થમાં ક્યાંય સુખ છે નહિ. એમ સમજાવીને મોક્ષનો પુરુષાર્થ કરાવવા આ વાત કરે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૧, શનિવાર, તા. ૧૮-૧૨-૧૯૬૫**
**ગાથા-૪ થી ૬, પ્રવચન-૭૯**

પરમાત્મા કોને કહેવો એની વ્યાખ્યા છે. પર નામ ઉત્કૃષ્ટ. ઉત્કૃષ્ટ કેવળજ્ઞાન આદિ અનંત ગુણ સહિત એમ છે, પણ વચમાં નાખ્યું છે મિથ્યાત્વ રાગાદિ રહિત, એમ. મિથ્યાત્વ નામ વિપરીત અભિપ્રાય અને રાગ-દ્વેષના પરિણામ. એ રહિત ઉત્કૃષ્ટ '**કેવળજ્ઞાનાદિ અનંત ગુણ સહિત...**' કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ સહિત. 'પરમાત્મા વહ પર હૈ,...' અહીં તો હજી પરની વ્યાખ્યા કરી એટલી. એને પરમાત્મા કહીએ. '**ઉસ પરમાત્માકા લોક અર્થાત્ અવલોકન વીતરાગ પરમાનંદ સમરસીભાવકા અનુભવ વહ પરલોક કહા જાતા હૈ,...**' જુઓ! ભગવાન તો પરલોકને-લોકને અવલોકે છે એમ નહિ. એ તો આત્મા પરમ સ્વરૂપ ઉત્કૃષ્ટ છે એને અવલોકન કરે છે.

'**વીતરાગ પરમાનંદ સમરસીભાવકા અનુભવ વહ પરલોક કહા જાતા હૈ,...**' કહો, સમજાણું આમાં? વીતરાગ પરિણતિ દ્વારા આત્માને અવલોકવો એને અહીંયાં આત્મા એટલે પર, એનું અવલોકન તેને પરલોક કહે છે. પરના અવલોકનની અહીંયાં વ્યાખ્યા-વાત છે જ નહિ. ભગવાન આમ લોકાલોકને અવલોકે છે. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ પૂર્ણ આનંદ, પર નામ ઉત્કૃષ્ટ અનંત ગુણનો પિંડ આદિ એને પોતાના વીતરાગ સમભાવ પરિણામથી અવલોકવું એને પરલોક કહે છે. કહો, સમજાણું કાંઈ?

'**અથવા પરમાત્માકો પરમશિવ કહતે હૈં,...**' એવા પરમ સ્વરૂપ ભગવાન આત્મા એનું

અવલોકન એવા પરમાત્માને પરમશિવ કહે છે. પરમ કલ્યાણરૂપ એ છે. પોતાનું સ્વરૂપ પોતાનું અવલોકન કરવું એ જ પરમશિવ અને પરમ કલ્યાણ છે. કહો, સમજાણું આમાં? '**ઉસકા જો અવલોકન વહ શિવલોક હૈ, અથવા પરમાત્મા કા હી નામ પરમબ્રહ્મ હૈ,...**' પરમબ્રહ્મ, પરમ આનંદ તો એ આત્મા જ પરમબ્રહ્મ ને આનંદ છે. એનું અંતર અવલોકન એ જ પરમબ્રહ્મલોક છે. પરમબ્રહ્મલોક એ છે. બીજો બ્રહ્મલોક અને વૈકુંઠલોક કાંઈ બહાર નથી. '**ઉસકા લોક વહ બ્રહ્મલોક હૈ, અથવા ઉસીકા નામ પરમવિષ્ણુ હૈ,...**' પોતે પોતાના પરમ ઉત્કૃષ્ટ કેવળજ્ઞાનાદિ ગુણને વીતરાગ સમસ્વભાવ ભાવે અવલોકવું એનું નામ પરમવિષ્ણુ લોક છે, એ પરમવિષ્ણુ લોક એ આત્મા છે.

મુમુક્ષુ :- એટલે પોતાનું?

ઉત્તર :- પોતાની વાત છે ને અહીં. અહીં તો પૂર્ણ પરમાત્માની વાત છે. નીચે પણ પોતાના શુદ્ધ સ્વરૂપને જેટલે અંશે અવલોકે એટલે અંશે એ સ્વને અવલોકન કરનારો એટલો પણ પ્રધાનલોક છે એનો. પરમાત્મા પૂર્ણ અવલોકે છે પોતાના સ્વરૂપને. સમજાણું કાંઈ?

એ જ પરમશિવ લોક, પરમવિષ્ણુ લોક, પરમબ્રહ્મ લોક, પરમવૈકુંઠ લોક એ આત્મા જ છે. '**યે સબ મોક્ષકે નામ હૈં,...**' અહીં તો વ્યાખ્યા ભગવાન આત્મા અનંત જ્ઞાનાદિ ગુણનું સ્વરૂપ પ્રભુ એને વીતરાગ પર્યાય કેવળજ્ઞાન આદિથી અવલોકન કરવું, એ જ અહીંયાં શિવલોક, બ્રહ્મલોક, વૈકુંઠલોક, વિષ્ણુલોક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? '**દૂસરા કોઈ કલ્પના કિયા હુઆ શિવલોક, બ્રહ્મલોક યા વિષ્ણુલોક નહીં હૈ. યહાં પર સારાંશ યહ હુઆ કિ પરલોક કે નામ સે કહા ગયા પરમાત્મા હી ઉપાદેય હૈ,...**' જુઓ, આ પરલોકથી કે પર-અવલોકન એવા પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપી આત્મા જ ઉપાદેય છે. અંતર પરમ સ્વરૂપ ભગવાન આત્મા એને જ અવલોકવું એ જ ઉપાદેય અને આદરણીય છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, વિકલ્પ, નિમિત્ત એ કોઈ ઉપાદેય અને આદરણીય નથી એમ કહે છે. ધર્મી જીવને પોતાનું અનંત જ્ઞાનાદિ ગુણ સંપન્ન મહાપ્રભુ એ જ દૃષ્ટિ જ્ઞાન એને અવલોકવા લાયક છે, એ જ ઉપાદેય છે.

મુમુક્ષુ :- એ ઊંઘી ગયો છે પૂછનાર પણ.

ઉત્તર :- પૂછનાર ઊંઘી ગયો છે એ પૂછે છે કોણ? ભાન ન મળે ભાન કહે છે. પરને અવલોકે છે એમ કહે છે. પોતાની જ્ઞાન ભૂમિકામાં પર જ દેખાય, છતાં જ્ઞાન ભૂમિકાનો જોનાર હું પોતે કોણ છું એને એ જોતો નથી એમ કહે છે. કોઈ પણ પર ચીજને અવલોકવામાં પોતાની જ્ઞાન પર્યાયમાં જ એ અવલોકન થાય છે. પરવસ્તુ અવલોકાતી નથી. જ્ઞાનની દશામાં પોતે જ હોય પહેલો તો 'આ છે' એમ અવલોકન કહેવાય છે. જ્ઞાનની મુખ્ય દશામાં પોતે જ્ઞાન

હોય તો આ રાગ, આ શરીર, આ લોક, આ ફલાણું, આ બાયડી. એ જ્ઞાનની મુખ્યતામાં અવલોકન જ્ઞાન આવે છે છતાં અજ્ઞાનીને એમ જણાય છે કે હું આને અવલોકું છું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાની જ્ઞાનસંપદાનો ધણી પ્રભુ પોતાની જ્ઞાનદશા વડે એને અવલોકવા જાય છે પણ એ જેમાં અવલોકાય છે એ તો જ્ઞાનદશા છે. એને અવલોકે છતાં એને માને આને અવલોકું છું. એટલે એની જ્ઞાન દશા પરના અવલોકનમાં રોકાય છે એટલે સ્વને અવલોકન કરી શકતી નથી. સમજાણું કાંઈ? મહા ભગવાન પોતે જેની અનંત-અનંત પ્રભુતાની સંપદા, અનંત-અનંત પ્રભુતાની સંપદા. ઓહો..! જેમાં નજર નાખતા નજર નિર્મળ અને પવિત્ર થાય. સમજાય છે કાંઈ? અહીં નજર નાખતા, પરને જોતા રાગ અને દ્વેષ થાય, એમ અહીંયાં કહે છે.

ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ પ્રભુતાનો પિંડ પ્રભુ એને અવલોકનમાં જે શાંતિ છે એવી અવલોકનમાં શાંતિ બીજામાં ક્યાંય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જે જ્ઞાનની વર્તમાન સંપદા પ્રગટ એ જ્ઞાતામાં અંતર જોઈને એને અવલોકે એ જ એની જ્ઞાનની શાંતિ છે અને એ જ સુખ છે અને એ જ ધર્મ છે. સમજાણું કાંઈ? કહે છે એ પૂર્ણ પ્રભુ આત્મા થઈ ગઈ દશા અને પૂર્ણ જ્ઞાન અને શાંતિ દ્વારા આત્માને અવલોકે પર એટલે પ્રભુ પોતે એને અવલોકે, અવલોકન તેને અહીંયાં પરલોક, વિષ્ણુલોક, બ્રહ્મલોક જે કોઈ તે આત્મા છે. સમજાણું કાંઈ?

પરમાત્મા '**ધ્યાન કરને યોગ્ય હૈ, અન્ય કોઈ નહીં.**' લ્યો ! ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ એ જ દૃષ્ટિમાં લેવા લાયક, ધ્યાનમાં લેવા લાયક, લક્ષમાં લેવા લાયક એ આત્મા છે. સમજાણું કાંઈ? બીજું બધું આ શાસ્ત્ર લક્ષમાં લેવા લાયક છે, ફલાણું લક્ષમાં—એની અહીં ના પાડી દીધી લ્યો! સમજાણું કાંઈ? આ આત્મા જ પોતે પરમબ્રહ્માનંદ એને જ અંદર લક્ષમાં લઈને અવલોકવા લાયક છે, એનું લક્ષ અને એનું ધ્યેય કરવા લાયક છે. બીજાનું લક્ષ ને ધ્યેય છોડવા લાયક છે, એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ ?

હવે પાંચમી ગાથામાં જરીક આચાર્ય દૃષ્ટાંત આપીને, '**આગે મોક્ષ અનંત સુખ દેનેવાલા હૈ, ઈસકો દૃષ્ટાંતકે દ્વારા દૃઢ કરતે હૈં** -'

૧૩૧) उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।
तो किं इच्छहिँ बंधणहिँ बद्धा पसुय वि सोइ।।५।।

**અન્વયાર્થ :-** અરે..! '**જો મોક્ષ ઉત્તમ સુખકો ન દેવે...**' અરે..! બંધનથી છૂટવાના ભાવમાં ઉત્તમ સુખ ન હોય. સમજાણું કાંઈ? બંધનથી છૂટવામાં ઉત્તમ સુખ ન હોય '**તો બંધનોંસે બંધે પશુ ભી ઉસ મોક્ષ કી હી ઈચ્છા કરતે હૈ.**' એ સામાન્ય પશુ પણ ખીલે બાંધેલા છૂટવાની ભાવના, સામાન્યપણે બહારથી બંધાયેલા એ છૂટવાના અભિલાષ કરે

છે. સમજાણું કાંઈ? પશુ ખીલે બાંધ્યા છે ખીલે. ખીલે સમજતે હૈં? ક્યાં કહતે હૈ? ખૂંટા એ પશુ ખૂંટે બાંધેલો પણ છૂટવા માગે છે. સમજાય છે? જો છૂટવામાં સુખ ન હોય તો એ છૂટવા કેમ માગે? એમ કહે છે. તો પછી પૂર્ણ બંધનથી છૂટવું એ આત્માનો મોક્ષ, એમાં સુખ કેમ ન હોય? એમ આચાર્ય કહે છે.

અથવા કે ભાઈ! આ પશુ પણ બંધનથી છૂટવા ઇચ્છે છે તો તમે, તમને અમે બંધનના વિકાર, પુણ્ય-પાપના વિકારના બંધનથી આત્મા તરફ દૃષ્ટિ કર, જ્ઞાન કર એ છૂટવાનો ઉપાય છે એમ તને કહીએ છીએ. પશુ બંધનથી છૂટીને પણ થનગનાટ કરે છે તો તને બંધન રહિતના ભાવ બતાવતા તને રાજીપો, ખુશીપો કેમ થતો નથી? સમજાય છે કાંઈ? તને પુણ્ય-પાપના ભાવબંધનની વાતમાં તને મજા આવે એમ કહે છે. પુણ્ય-પાપના ભાવમાં બંધનની મજા તને આવે. ઢોર જેવા પશુ પણ છૂટવાના અભિલાષી, બંધાયેલા ચોવીસ કલાકથી બંધાયેલા હોય ખૂંટે, સાંજે છોડે જરી પાણી પાવા. એ છૂટવાના આમ થનગને, થનગનાટ કરે. બાંધ્યો હોય અને દોરડું? છૂટી જાય એવું દોરડું હોય વળી આમ અંદર ખીલામાં હોયને એમાં જરીક કાપો માર્યો હોય. એ કહે છે, આમ છોડવા જાય ત્યાં એને ખેંચવું પડે એને. એમ આજ છૂટશું. હમણા છૂટશું, હમણા છૂટશું. બહાર પાણી પીવા જશું અવેડાને વગેરે. એલા પશુ પણ ખીલે ચોવીસ કલાકના બાંધ્યા આ છોડવા માગે એ ખુશી થાય છે. નેમિદાસભાઈ!

એલા! અનાદિ કાળનો પુણ્ય અને પાપના વિકારમાં બંધાયેલો તું. એ બંધનથી મુક્તિના ઉપાય અમે કહીએ અને તને થનગનાટ, રાજીપો ન આવે અને એ અમને બંધન છોડાવી દ્યો, અરે મારું બંધન, હાય..! હાય..! અરે! અમારું પુણ્ય ચાલ્યું જાય છે, અમારું પુણ્ય ચાલું જાય છે, અમારું પુણ્ય ચાલું જાય છે. અમારું પાપ ચાલ્યું જાય છે, અમારું પુણ્ય ચાલ્યું જાય છે. હાય..! હાય..! અરે..! પશુ પણ બંધનથી છૂટીને રાજી થાય અને તને પુણ્ય-પાપના વિકારના બંધનથી છૂટવાની વાત કરીએ અને રાજીપો ન થાય, (તો) પશુમાંથી જાય એવો છો એમ કહે છે. નવનીતભાઈ! આહા..હા..! એ નિહાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ રાગ-દ્વેષનું મોટું દોરડુ બંધાણું છે, મિથ્યાત્વનો ખીલો માર્યો છે એમાં, આ ઠીક છે એવો. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના વિકાર એમાં ખીલો માર્યો છે કે આ મને ઠીક છે. મિથ્યાત્વ ભાવનો બંધન કર્યું છે. કહે છે કે તને અમે છૂટવાની વાત કરીએ. એ પુણ્ય-પાપના વિકાર વિનાની ચીજ તારી સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ એને એનાથી છૂટીને આની શ્રદ્ધા કર. એ રાગથી છૂટીને સ્થિરતા કર એવી વાત તને કહીએ અને તું રાજી ન થા, તો તો પશુમાંથી જાય એવો છો એમ કહે છે અહીં તો. આહા..હા..! એને ક્યાં પૈસા-બૈસા દેવા

છે કાંઈ ...માં? સારું લાગે કે ન લાગે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

એ પ્રભુ અંદર પરમાત્મા બિરાજમાન મુક્ત સ્વરૂપ છે કહે છે. એ મુક્તને મુક્ત કરવાની વાત કરીએ છીએ તો તને કેમ રુચતી નથી? આમ આ બતાવો, બંધનનું બતાવો, પુણ્યનું બતાવો, પાપનું બતાવો, આનું બતાવો. એનાથી આમ થાયને. ભાઈ! બંધાયેલા છૂટે પશુ ખુશી થાય અને બંધાયેલા ભાવથી છૂટવાની વાત કરીને ખુશી થવી જોઈએ, રુચિ કરવી જોઈએ, પ્રમોદ કરવો જોઈએ. એને ઠેકાણે એ એમ નહિ, એ એમ નહિ. શું થયું તને આ? સમજાણું કાંઈ? આહા..હા..! પશુમાંથી જઈશ ભાઈ! સામાન્યપણે છૂટના એ સામાન્ય-વિશેષ લેશે. હમણા પૂછ્યું હતું ભાઈ પંડિતજીને. કીધું, આ વિશેષને શું કહ્યું છે વળી આ છેલ્લો શબ્દ છેને સંસ્કૃતમાં? '**ज्ञानिनो विशेषणे मोक्षमिच्छन्ति**' એટલે કે સામાન્યપણે ઓલું બંધન-લૌકિક બંધન એનાથી છૂટવાના કામી રાજી થાય અને આ તો વિશેષ છૂટવું છે. વિકારના, પુણ્ય-પાપના ભાવથી છૂટવું એ વિશેષ છૂટવું છે અને વિશેષ એ મોક્ષની અભિલાષા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**બંધન કે સમાન કોઈ દુઃખ નહીં હૈ, ઔર છૂટને કે સમાન કોઈ સુખ નહીં હૈ,...**' જુઓ! બે સિદ્ધાંત કહ્યા. '**બંધનસે બંધે જાનવર ભી છૂટના ચાહતે હૈં,...**' આહા..હા..! બંધનથી બંધાયેલા ઢોર એ પણ છૂટવાની ભાવના કરે છે. આહા..હા..! '**ઔર જબ વે છૂટતે હૈં, તબ સુખી હોતે હૈં.**' ન્યાંથી છૂટે ત્યારે અંદર રાજી થઈ જાય છે આમ. આ છૂટ્યા. સમજાણું કાંઈ? '**ઈસ સામાન્ય બંધનકે અભાવસે હી પશુ સુખી હોતે હૈં,...**' ઓલા સામાન્ય સાથે ઓલું વિશેષ. સામાન્ય એટલે આ લૌકિક બંધન એમ. સમજાણું કાંઈ?

એનાથી પણ '**પશુ સુખી હોતે હૈં, તો કર્મ-બંધનકે અભાવસે જ્ઞાનીજન પરમસુખી હોવેં, ઈસમેં અચમ્ભા ક્યા હૈ.**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધ્રુવ સ્વરૂપ એને પુણ્ય-પાપના બંધનના પ્રેમથી છોડાવી અને ભગવાન પૂર્ણાનંદનો નાથ એના પ્રેમ અને એની રુચિ એ મોક્ષનો છૂટવાનો ઉપાય છે. કહે છે કે એ છૂટવાના ઉપાયમાં કેમ ખુશી થતો નથી? સમજાણું કાંઈ ? કહો, જમુભાઈ! આહા..હા..! દુનિયાની સાથે, લૌકિક સાથે મેળવ્યું. વાછડા અને બચ્ચા નાના ઢોરના એ ખીલે બાંધેલા છૂટે અને થનગનાટ. આ તારા અજ્ઞાનના અનાદિના બંધન વિકારમાં ભગવાન આત્મા મુક્ત સ્વરૂપ આનંદ છે એની પ્રીતિ કરાવીએ અને આની પ્રીતિ છોડાવીએ તો તને રાજીપો કેમ થતો નથી? અરે..! મારું પુણ્ય ચાલ્યું જાશે. અરે..! મારા પુણ્ય ચાલ્યા જશે, મારે બંધન ચાલ્યા જશે, મારું બંધન ચાલ્યું જશે.

મુમુક્ષુ :- સુખ છે ખરુંને.

ઉત્તર :- સુખ માન્યું છે, ધૂળમાં સુખ નથી. માન્યું છે મૂઢે. પુણ્ય-પાપના બંધન વિકારી

ભાવ, વિકાર ભાવ તે આકુળતા છે. ધૂળમાં સુખ છે એમાં? શુભ-અશુભભાવ પણ વિકારી આકુળતા છે એમાં સુખ ક્યાંથી આવ્યું? એમાંથી છોડવા મગાવે છે ત્યારે કહે નહિ.. નહિ. એ નહિ... નહિ... નહિ... રાડ પાડી ગયા છે રાડ આમ અંદરથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો કહે છે અજ્ઞાનમાં પશુ છો. બપોરે નથી આવતું? પશુ. આ પશુ જ છે બાપુ! ભગવાન આત્મા અરે..! અનાકુળ આનંદનો કંદ પ્રભુ બિરાજે છે વસ્તુ અને એને પડખે ચડતો નથી અને વિકારને પડખે ચડીને મજા માને છો, ભાઈ! તારી દિશા જ ફરી ગઈ છે. સમજાણું કાંઈ?

એ પુણ્ય-પાપ, શુભાશુભ વિકારને પડખે રાજી થઈ જા છો. ભગવાન વિકાર વિનાની ચીજ એને પડખે ચડતા તને ઠીક પડતું નથી. સમજાય છે કાંઈ? છૂટવાના માર્ગ તને રુચતા નથી, બંધના માર્ગ ભાઈ તને રુચે છે. ભાઈ! આ વિશેષ બંધનના ઢોર પણ છૂટે તો ઠીક માને તો તને કેમ આ છૂટા પડતા ઓલું નથી લાગતું? કહો, જુગરાજજી! શું વાત કરે હવે? આહા..હા..! વસ્તુ... વસ્તુ... વસ્તુ... તદ્દન અબંધ સ્વરૂપ ભગવાન આત્મા છે. વસ્તુ અબંધ સ્વરૂપ જ છે. એને આ પુણ્ય-પાપ મારા (એવી) એકત્વબુદ્ધિ તે બંધન છે. આહા..હા..! બહારની ચીજને પોતાની માને તોપણ કાંઈ એના એકત્વમાં એ આવતી નથી. એના એકત્વની માન્યતામાં તો પુણ્ય-પાપનો વિકાર એકત્વની માન્યતામાં આવે છે. માન્યતા મિથ્યાત્વ અને પુણ્ય-પાપ એકત્વમાં આવવું બસ. ભગવાન એની શ્રદ્ધામાં આખો આત્મા આવે, બંધન રહિત પરિણામ અને બંધન રહિત સ્વભાવને બંધન રહિત પરિણામથી જોતા એને સમ્યગ્દર્શનના પરિણામ થાય અને સાથે સ્થિરતા તેને શાંતિનું, આનંદનું વધારે કારણ થાય. સમજાણું કાંઈ?

કહે છે, '**તો કર્મ-બંધનકે અભાવસે જ્ઞાનીજન પરમસુખી હોવેં, ઈસમેં અચમ્ભા ક્યા હૈ.**' અહો..! જેટલો બંધનભાવ છૂટે તેટલો ભગવાનઆત્મા અબંધ સ્વરૂપની દૃષ્ટિમાં સ્થિર થાય એમાં સુખ હોય, એમાં વિશેષ નવાઈ શું કહે છે? પૂર્ણ બંધનથી રહિત થાય તો પૂર્ણ સુખરૂપ દશા થઈ જાય. સમજાણું કાંઈ? '**ઈસલિયે કેવલજ્ઞાનાદિ અનંત ગુણસે તન્મયી...**' દેખો! '**અનન્ત સુખકા કારણ મોક્ષ હી આદરને યોગ્ય હૈ,...**' વર્તમાન અનંત કેવળજ્ઞાન, અનંત દર્શનની સાથે આનંદ એવો જે મોક્ષ ભાવ એ જ આદર અને મોક્ષની પર્યાય આદરવા યોગ્ય થઈ એને પુણ્ય-પાપના ભાવ આદરવા યોગ્ય રહે નહિ. એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

વસ્તુ સ્વભાવ શુદ્ધ છે એ તો ઉપાદેય છે પણ જેને અનંત કેવળજ્ઞાનાદિ મોક્ષની દશા જ્યાં ઉપાદેય સ્વીકારે એને પુણ્ય-પાપના વિકારનો સ્વીકાર અને આદર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? '**ઈસ કારણ જ્ઞાની પુરુષ વિશેષતાસે મોક્ષકો હી ઈચ્છતે હૈં.**' ઓલો સામાન્યપણે જ્યારે બંધનથી છૂટીને, મોક્ષ એટલે છૂટવું સારું લાગે છે. તો તારે તો વિકારથી છૂટવું એ

એની ઈચ્છા જ્ઞાની કરે છે. વિકારથી બંધાવું એ જ્ઞાની ઈચ્છા કરતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદની મૂર્તિ પ્રભુ. જેવો સર્વજ્ઞ પરમેશ્વરે આત્માનો આનંદ પૂર્ણ પર્યાયમાં અનુભવ્યો એવો જ પૂર્ણાનંદનો નાથ આત્મા છે. કહે છે કે એને પડખે ચડતા બંધનનો જેટલો ભાવ છૂટે એટલો એને આનંદ આવે. એવા પૂર્ણાનંદને ઈચ્છનાર, અલ્પ આનંદમાં રહેનાર એ વિકારને કેમ ઈચ્છે? આહા..હા..! વિકાર હો ભલે, હો, પણ અંદર ઈચ્છતો નથી, એની ભાવના કરતો નથી, એમાં એકાગ્ર થતો નથી. આહા..હા..! બહુ બીજી ઢબે વાત કરી છેને. ભાઈ! તું પરમાત્મા છોને શક્તિએ. પૂર્ણ પરમાત્માને પ્રગટ થયા એને તો પૂર્ણ આનંદ છે. હવે એ પૂર્ણ આનંદ તારે પ્રગટ કરવો હોય તો રાગનો આદર અને પુણ્ય-પાપનો આદર ન થઈ શકે. એનો આદર ન થઈ શકે એટલે ભગવાન પૂર્ણાનંદનો આદર થશે. એનો (-રાગનો) આદર નહિ થાય તો આનો આદર થશે. એ આદરમાં પૂર્ણ મોક્ષની ભાવના એમાં વર્તે છે. રાગ કરવાની કે રાગ રાખવાની ભાવના જ્ઞાનીને નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પાંચમી ગાથા.

'આગે બતલાતે હૈં - **જો મોક્ષમેં અધિક ગુણોંકા સમૂહ નહીં હોતા, તો મોક્ષકો તીન લોક અપને મસ્તક પર ક્યોં રખતા?**' દેખો! લોકને અગ્રે ભગવાન બિરાજે છે. મોક્ષ, મોક્ષ લોકને અગ્રે બિરાજે છે. એ મોક્ષમાં અનંત સુખ ન હોય તો લોક એને માથે શું કરવા રહેવા દે ભગવાનને? સમજાય છે? '**મોક્ષકો તીન લોક અપને મસ્તક પર ક્યોં રખતા?**' એમ કહે છે. શિર પર તો ઊંચી વસ્તુ રાખેને માણસ? પાઘડી ઊંચી રાખતા હશે કે જોડા મૂકતા હશે ઉપર? પાઘડી રાખે, ટોપી રાખે, સારા મોટા મોટા જુઓને આ શિયાળામાં વળી બાંધે મોટા ઊંચા. એ કાંઈ જોડા બાંધતા હશે માથે? સાફા બાંધે. એ ઊંચી ચીજ જે છે તે સિર ઉપર રાખે. તો કહે છે કે ભગવાન ત્રણ લોકના નાથ પરમાત્મા અનંત આનંદના અનુભવ કરનારા. જગત લોક એને ઊંચે રાખે છે, સિદ્ધને માથે રાખ્યા. બધા અનંતા જીવો નીચે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ કરીને સિર તો ત્યાં જ હોય, શિખર ઉપર જ હોય એ વળી સિદ્ધ કરે છે. ઓલા કહે કે ઉપર ન હોય, આઘા જાત ધર્માસ્તિ હોત તો. એ ત્યાં વળી એવું ઠરાવે છે. સમજાણું? કહે છે, જો એ છઠ્ઠી ગાથા.

१३२) अणु जइ जगहँ वि अहिययरु गुण-गणु तासु ण होई।
तो तइलोउ वि किं धरइ णिय-सिर-उप्परि सोइ।।६।।

**અન્વયાર્થ :-** અરે..! '**ફિર જો સબ લોકસે ભી બહુત જ્યાદા ગુણોંકા સમૂહ ઉસ મોક્ષમેં નહીં હોતા,...**' ઘણા અનંતા ગુણનો સમૂહ મોક્ષની દશામાં ન હોય, '**તો તીનોં હી લોક અપને મસ્તકકે ઉપર ઉસી મોક્ષકો ક્યોં રખતે?**' ત્રણ લોક માથે એને

રાખે છે, જુઓ! આ કેવી ઉપમા આપીને વાત કરી છે! મોક્ષ જ ઉત્કૃષ્ટ દશા છે અને એ જ આદરવા લાયક છે. એ સિવાય કોઈ આદરવા લાયક નથી. ધર્મીને મોક્ષ જ ઇચ્છવા લાયક, ભાવના કરવા લાયક છે. રાગાદિ એ માટે ... આહા..હા..! માથે ચૌદ બ્રહ્માંડની ઉપર ભગવાન બિરાજે, ત્રણ લોક એને માથે કેમ રાખે છે? સમજ્યા ને? આને રાખે છે. કહે, એ ભલે રહ્યા, પણ આ કેમ રાખે છે? એમ કહે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'મોક્ષ લોકકે શિખર (અગ્રભાગ) પર હૈ,...'** લ્યો! સમજાણું કાંઈ? શિખર પર છેને માથે? કે આઘા જ ચાલ્યા જતાં હશે સિદ્ધ પછી ઉપર? એ કહેશે બધું. ઘણી વ્યાખ્યા કરશે. શિખર પર છે એની વ્યાખ્યા કરીને અન્યમતિઓના વિરોધ ભાવ મોક્ષનો છે એનો નિષેધ કરશે. **'સો સબ લોકોંસે મોક્ષમેં બહુત જ્યાદા ગુણ હૈં,...'** આ બધા લોકોથી મોક્ષમાં અનંત આનંદ પરમાત્મા છે. **'ઇસલિયે ઉસકો લોક અપને સિર પર રખતા હૈ.'** એ માટે લોક પોતાના માથે રાખે છે. **'કોઈ કિસીકો અપને સિરપર રખતા હૈ, વહ અપનેસે અધિક ગુણવાલા જાનકર હી રખતા હૈ.'** સમજાણું કાંઈ? કોઈ વખતે કહે કે છોકરાને માથે રાખે છે, પણ એને પ્રેમ છે એના ઉપર. પ્રેમ વધી ગયો છે. છોકરાને બેસાડે છે કે નહિ માથે? એને વધી ગયો છે કે આ મારું નામ રાખે એવો અને ...

મુમુક્ષુ :- એને શિખર બનાવે છે.

ઉત્તર :- હા, પણ બેસાડે છેને આમ કોઈ વખત? પણ એને એની ઉપર પ્રીતિનો ઉગ્ર ભાવ થઈ ગયો છે. ઊંચો માને છે એને પોતે, તોપણ ઊંચે રાખે છે. ભગવાન ત્રણ લોકના નાથ મોક્ષમાં લોકના સિરને અગ્રે બિરાજે ત્રણ લોક રાખે છે એને ઊંચા માને છે. સમજાય છે? ઓહો..હો..!

**'યદિ ક્ષાયિક-સમ્યક્ત્વ કેવલદર્શનાદિ અનંત ગુણ મોક્ષમેં ન હોતે,...'** ક્ષાયિક સમકિત, કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદની પૂર્ણ પર્યાય એ મોક્ષમાં ન હોય, **'તો મોક્ષ સબકે સિર પર ન હોતા,...'** સમજાણું કાંઈ? આહા..! **'મોક્ષકે ઉપર અન્ય કોઈ સ્થાન નહીં હૈં,...'** મોક્ષની ઉપર કોઈ સ્થાન છે પછી? છે નહિ. **'સબકે ઉપર મોક્ષ હી હૈ, ઔર મોક્ષકે આગે અનંત અલોક હૈ,...'** લ્યો! મોક્ષ છે તો અનંત અલોક, અલોક ખાલી ભાગ, ખાલી ભાગ. **'વહ શૂન્ય હૈ, વહાં કોઈ સ્થાન નહીં હૈ. વહ અનંત અલોક ભી સિદ્ધોંકે જ્ઞાનમેં ભાસ રહા હૈ.'** કહે છે કે, ભલે લોકને અગ્રે રહ્યા, પણ અલોકને હેઠે રહ્યા એમ કહે છે, પણ છતાં અલોકનું જ્ઞાન તો એમાં વસી ગયું છે. સમજાણું કાંઈ?

ભગવાનના જ્ઞાનમાં લોકાલોક ભાસી ગયા છે. કોઈ બાકી નથી. ભલે અલોક અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અપાર એ પણ ભગવાનના

જ્ઞાનમાં ભાસી ગયા છે. કોઈ પણ બાકી રહ્યું નથી. **'वह अनंत अलोक भी सिद्धोंके ज्ञानमें भास रहा है.'** કહો, અલોકનો તો અંત નથી. અંત નથી તો અંત નથી તે શી રીતે ભાસ્યું અહીંયાં? ભાસ્યું ત્યાં અંત આવી ગયો અલોકનો. નહિ? અનંત છે એમ અનંત ભાસ્યું. આહા..હા..! એ તે કોઈ વાત છે! એના જ્ઞાનની હદ છે? બેહદ જ્ઞાન. કહે છે કે પોતે લોકને અગ્રે રહ્યા, પણ બેહદ જ્ઞાન અલોકને પૂર્ણ જાણે એવા મોક્ષમાં અનંત સુખ કેમ ન હોય? એવા અનંત સુખને ધર્મી કેમ ન ઈચ્છે? સમજાય છે? અને ધર્મી એ પુણ્ય-પાપના વિકારને અને એના ફળને કેમ ઈચ્છે? એમ કહે છે મૂળ. આહા..હા..! કહો, શુભ-અશુભભાવ થાય એને કેમ ઈચ્છે? એમ કહે છે. તો એના ફળરૂપે સંયોગ મળે એને કેમ ધર્મી ઈચ્છે? આહા..હા..! વાંધા ઉઠે. શું કરે? આમ પ્રેમ છેને, પ્રેમ છેને. ... પુણ્યનું લાકડું મીઠું. લ્યો, એને શું કહેવાય છે ઓલું? કઢી શું કહેવાય છે એને? એ કઢી મીઠી લાગેને. આહા..હા..! નરમ કઢી. એમ અનાદિથી ભગવાન પવિત્ર આનંદકંદ એના પ્રેમ ન મળે. આત્મપ્રીતિ આવે છેને નિર્જરામાં? એની પ્રીતિ ન મળે, એને પુણ્ય-પાપના ભાવની પ્રીતિ વર્તે છે એ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનાકુળ આનંદનો કંદ પ્રભુ એવા આત્માની જેને પ્રીતિ, રુચિ, દષ્ટિ, પ્રેમ નથી એને પુણ્ય-પાપના ભાવની પ્રીતિ, રુચિ, પ્રેમ છે તે મિથ્યાદષ્ટિ છે. શું હશે આમાં? પણ આ પૈસાવાળા બધા સુખી દેખાય છેને. દુઃખી છે. દેખાય છે એમ લોકો કહે છેને ભાઈ! લોકો એમ કહે.

મુમુક્ષુ :- લોક એટલે?

ઉત્તર :- આ લોક એટલે પોક મૂકે એવા. લોક મૂકે પોક ઊંધી, પોક એટલે ઊંધુ બોલે એમ. સમજ્યા ને? બોલે એવું કે આ સુખી છેને ... પોક મૂકે છે બધા. મોહનભાઈ! બરાબર છે? આહા..હા..! એ રતનચંદજી કહેતા. ઓલા હતાને પાલનપુર. ... લોક મૂકે પોક, લોકનું સાંભળવું નહિ. સમજાણું કાંઈ? એ સ્થાનકવાસી સાધુ હતાને પછી શ્રીમદ્‌માં માનીને છોડી દીધી (દીક્ષા). કે, લોકો તો બોલ્યા જ કરે કે એ આ. એક રતનચંદજી હતા. જુગરાજજી! એ સિદ્ધપરે, સિદ્ધપરે છેને? ત્યાં એક સ્થાનકવાસી સાધુ હતા પહેલા. ભણેલ ઘણું, વિદ્વાન માણસ. પછી છોડી દીધું. શ્રીમદ્‌ના ભગત થયા. પછી તો એની લાઈન લૌકિકમાં વઈ ગઈ હતી પાછી. ગાંધીની લાઈન અને ટીકા શું કરવું આ? લૂગડું-કાપડું એમાં. થોડા રૂપિયા કોકે રાખ્યા એનું પછી અનશન કર્યું એના. હવે તે છોડ્યું શું કરવા? આ મારા ... બહુ સારું કર્યું, છોડ્યું એ સારું કર્યું, માર્ગ આ છે, લોક મૂકે પોક, લોકનું ધ્યાન ન રાખવું એમ કહે પોતે. સિદ્ધપરથી આવ્યું છે.

અહીં તો કહે છે, પુણ્ય-પાપનું અવલોકન કરવું, અવલોકન એનું એકલું એ પણ પાપ છે એમ કહે છે. શું કીધું? પુણ્ય-પાપ તો પોતે બંધન છે, પણ એનું એકલું અવલોકનનું જ્ઞાન

પણ બંધનનું કારણ છે. ભગવાનને આમ અવલોકવો એમ કહે છે અહીં તો. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એનું અવલોકન તો પરનું જ્ઞાન એકલું છે. એમાં શું છે? એ તો પરપ્રકાશક થયું.. સમજાણું? અહીં અવલોકન લીધું છેને? લોક અવલોક ઇતિ લોકઃ આમ જુઓ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનું અવલોકન તેને પરપ્રધાન લોક, પ્રધાન દશા કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો હજી પુણ્ય-પાપના ભાવ છોડવાનું કહે ત્યાં ઠીક પડતું નથી. અહીં તો કહે છે, પુણ્ય-પાપના તરફનું અવલોકન જ્ઞાન પણ પરપ્રકાશનું એકાંત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન પોતાના આત્માને પોતે જ્ઞાનથી અવલોકતાં એ જ્ઞાનમાં પછી જરી બાકી છે ઓલો પુણ્ય-પાપનો ભાવ. તેનું જ્ઞાન સ્વ-પરપ્રકાશમાં આવી જાય છે. સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું આમાં? માર્ગ બાપુ! અલૌકિક માર્ગ. એના ફળ અલૌકિક તે માર્ગ અલૌકિક જ હોયને. લૌકિક માર્ગે તો લૌકિક ફળ મળે. અહીં તો કહે છે કે, અહો..! અનંત અલોક પણ જેના જ્ઞાનમાં વસે છે. એ અહીં અવલોકતા વસી ગયા છે એમ કહે છે. પોતાનો સ્વભાવ પૂર્ણ કેવળજ્ઞાનથી અવલોક્યો એથી લોક, આ પરને અવલોક્યો માટે લોક-પરલોક. એમાં અલોક સ્વના અવલોકનમાં આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'યહાં પર મોક્ષમેં અનંત ગુણોંકે સ્થાપન કરનેસે મિથ્યાદષ્ટિયોંકા ખંડન કિયા.'** શું કહે છે ? અહીંયાં મોક્ષમાં અનંત ગુણનું સ્થાપન કરવાથી, પર્યાય, પર્યાયમાં અનંત ગુણ પ્રગટ થયા છે ભગવાનને. કેટલાક નથી માનતા કે મોક્ષમાં ગુણ ન હોય, ગુણાતીત થઈ જાય તે મોક્ષ. એમ કેટલાક માને છે. ગુણાતીત થાય નહિ, વિકારાતીત થાય.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કંઈ ન રહેવું હોય, પરમ આનંદ રહે અને પરમ ગુણની દશા રહે. દુઃખ ને વિકાર ન રહે. કંઈ ન રહે એ મોક્ષ. પૂર્ણ રહે, આત્માનું પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવી બધી પર્યાય રહે તેને મોક્ષ કહેવાય છે. વાત એ કે વસ્તુ શું અને એની પર્યાયની પૂર્ણતા શું એનો અસ્તિપણે સત્તાપણાનો સ્વીકાર જ એની દષ્ટિમાં બેસતો નથી એટલે જાણે મોક્ષ એટલે શું? લ્યો! સમજાણું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- આ ગાડીની વાડી નહિ, પણ આત્માના આનંદની ગાડી વાડી છેને એમાં? આત્માના અનંત ગુણોની ... ગમન ગાડી ચાલે છે એ વાડીમાં આત્મા એ વાડમાં રમત કરે છે. આનંદમાં કહેશે અહીં. સિદ્ધ ભગવાન એમાં મજા કરે છે. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાનનો આત્મા

પોતાની પૂર્ણ આનંદની આદિ અનંત ગુણની પર્યાયમાં રમી રહ્યા છે. સમજાણું કાંઈ? એ કહેશે, સાતમીમાં ખૂબ કહેશે. મોક્ષમાં આત્માને સિદ્ધ નિરંતર ક્યોં સેવે? અનંતા સુખને સેવે છે સમયે સમયે સિદ્ધ ભગવાન. એ સાતમીમાં કહેશે. અહીંયાં તો હજી મોક્ષને સ્થાપ્યું છે. સમજાણું?

'**કોઈ મિથ્યાદષ્ટિ વૈશેષિકાદિ એસા કહતે હૈં, કિ જો બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર ઈન નવ ગુણોંકે અભાવરૂપ મોક્ષ હૈ,...**' અજ્ઞાની કહે છે કે આ નવ ગુણ ચાલ્યા જાય તો મોક્ષ થાય. '**ઉનકા નિષેધ કિયા,...**' ખોટી વાત છે તારી. '**ક્યોંકિ ઈન્દ્રિયજનિત બુદ્ધિકા તો અભાવ હૈ,...**' ભગવાન મોક્ષની દશામાં '**ઈન્દ્રિયજનિત બુદ્ધિકા તો અભાવ હૈ, પરંતુ કેવળ બુદ્ધિ અર્થાત્ કેવલજ્ઞાનકા અભાવ નહીં હૈ,...**' દેખો! કેવળજ્ઞાનરૂપી બુદ્ધિ છે. ધવલમાં આવે છેને કેવળજ્ઞાનને બુદ્ધિ કીધી. ધવલમાં પહેલા ભાગમાં. કેવળજ્ઞાનને બુદ્ધિ કીધી છે. આહા..! સમજાણું કાંઈ? આ ઈન્દ્રિયજનિત બુદ્ધિ નથી ભગવાનને. કેવળજ્ઞાનની બુદ્ધિ પૂર્ણ પ્રગટી. અનંત આંખ ખૂલી ગઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈન્દ્રિયજનિત બુદ્ધિ નથી. કેવળજ્ઞાનરૂપી બુદ્ધિ છે. એનો અભાવ નથી. ઓલો કહે છેને બુદ્ધિનો અભાવ, પણ એ બુદ્ધિનો અભાવ એટલે ઈન્દ્રિયજનિત બુદ્ધિનો અભાવ. ઓલો કહે બુદ્ધિનો જ અભાવ. બુદ્ધિનો અભાવ તો કેવળજ્ઞાનનો અભાવ થઈ ગયો, કેવળજ્ઞાનનો અભાવ તો આત્મા જ રહે નહિ. બુદ્ધ ભગવાન આત્મા એની કેવળજ્ઞાનની બુદ્ધિ તો ત્યાં પરમાત્મામાં પણ છે. ઓહો..હો..! સમજાણું?

'**ઈન્દ્રિયોંસે ઉત્પન્ન સુખકા અભાવ હૈ,...**' ઓલો કહે છેને. સુખ અભાવ કીધો છે. ઈન્દ્રિયોના સુખનો અભાવ પરમાત્માને છે. '**લેકિન અતીન્દ્રિય સુખકી પૂર્ણતા હૈ,...**' અતીન્દ્રિય સુખની પૂર્ણતા ભગવાનને પ્રગટી છે. મોક્ષમાર્ગમાં અતીન્દ્રિય આનંદની અપૂર્ણતા હોય છે, મોક્ષમાં પૂર્ણતા હોય છે. સંસાર દશામાં એકલું દુઃખ દશા હોય છે. સંસારમાં આત્માના આનંદથી ઉલટી દુઃખ દશા છે. મોક્ષમાર્ગમાં અતીન્દ્રિય આનંદનો ઓછો ભાગ-અપૂર્ણ પ્રગટેલો છે, મોક્ષમાં પૂર્ણ આનંદ પ્રગટેલો છે. સમજાણું કાંઈ?

સંસાર અવસ્થામાં એકલું દુઃખ છે કહે છે. ચારે ગતિ. સાચી વાત. એ શરીરનો રોગ એમ નહિ. એ ઈન્દ્રના ઈન્દ્રાસનમાં ઈન્દ્ર દુઃખી, એમ કહે છે. કેમકે વિકારનો ભાવ તે દુઃખરૂપ છે. એ કરોડો અપ્સરાઓ (ઉપર) લક્ષ જાય છે એ ભાવ વિકલ્પ અને આકુળતા છે, એ દુઃખ છે, એ સુખ નથી. ભગવાન આત્માને પરમાત્મામાં અતીન્દ્રિય પૂર્ણ સુખ છે. '**દુઃખ, ઈચ્છા, દ્વેષ, યત્ન ઈન વિભાવરૂપ ગુણોંકા તો અભાવ હી હૈ,...**' દુઃખ... ચાર બોલ લીધા હતા ને ઓલા પણે? દુઃખ, ઈચ્છા, દ્વેષ ને યત્ન એનો તો વિભાવનો... '**કેવલરૂપ પરિણમન**

હૈ,...' કેવળજ્ઞાનરૂપી પરિણમન છે, પુરુષાર્થ છે, કેવળજ્ઞાનનું પ્રયત્ન પુરુષાર્થ પરિણમી રહ્યું છે.

**'વ્યવહાર-ધર્મકા અભાવ હી હૈ,...'** ધર્મ કીધો છેને એને? એ પુણ્યરૂપી ધર્મ તેનો પરમાત્મામાં અભાવ છે. **'ઔર વસ્તુકા સ્વભાવરૂપ ધર્મ વહ હી હૈ,...'** પરમાત્માની પર્યાયમાં વસ્તુના સ્વભાવનો પર્યાયરૂપ ધર્મ નિર્મળ નિરાકુળ છે. પુણ્યરૂપી ધર્મ નથી. ધર્મ જ નથી એમ નહિ. ભગવાન પરમાત્માને પણ ધર્મ છે. ધર્મ એટલે પૂર્ણ સ્વભાવની પરિણતિ. એ ધર્મ છે, પુણ્યનો ભાવ તે ધર્મ નથી એને. કારણ કે પુણ્ય ભાવ તે વિકાર હતો, એ વિકાર ટળીને પૂર્ણાનંદની પર્યાય પરમાત્માને પ્રગટી છે. સમજાણું?

**'અધર્મકા તો અભાવ ઠીક હી હૈ,...'** લ્યો! ભગવાનને અધર્મ તો અભાવ, **'ઔર પરદ્રવ્યરૂપ-સંસ્કાર સર્વથા નહીં હૈ,...'** એ સંસ્કાર ના પાડેને પરદ્રવ્યનો સંસ્કાર નથી પણ સ્વભાવ સંસ્કાર. પૂર્ણ સંસ્કાર થઈ ગયા ભગવાનને કેવળજ્ઞાન, કેવળદર્શના સંસ્કાર પૂરા થઈ ગયા. પરમાત્માને, કેટલાક આમ માને છે કે સંસ્કાર ન હોય, ધર્મ ન હોય, અધર્મ ન હોય, બુદ્ધિ ન હોય. આ એનો ખુલાસો કર્યો. એ પરમાત્માને ઓળખતા નથી. મોક્ષ, મોક્ષ તો બધા કરે છે, પણ મોક્ષની વાસ્તવિકતાને જાણ્યા વિના એને મોક્ષની શ્રદ્ધા સાચી થતી નથી. સમજાણું? **'જો મૂઢ ઈન ગુણોંકા અભાવ માનતે હૈં, વે વૃથા બકતે હૈં, મોક્ષ તો અનંત ગુણરૂપ હૈ.'** મોક્ષ તો અનંત ગુણની પર્યાયરૂપ નિર્મળ છે. **'ઈસ તરહ નિર્ગુણવાદિયોંકા નિષેધ કિયા.'**

**'તથા બૌદ્ધમતી જીવકે અભાવકો મોક્ષ કરતે હૈં.'** જીવનો અભાવ તે મોક્ષ. બૌદ્ધ એમ કહે છે. **'વે મોક્ષ એસા માનતે હૈં કિ જૈસે દીપકકા નિર્વાણ (બુઝના)...'** એ દીવો ઓલવાઈ જવો. એમ આત્માનું જ્ઞાન ઓલવાઈ જવું એનું નામ મોક્ષ. એમ અજ્ઞાની માને છે. **'ઉસી તરહ જીવકા અભાવ વહી મોક્ષ હૈ. એસી બૌદ્ધકી શ્રદ્ધાકા ભી તિરસ્કાર કિયા.'** એની પણ શ્રદ્ધા ખોટી કરી. **'ક્યોંકિ જો જીવકા હી અભાવ હો ગયા, તો મોક્ષ કિસકો હુઆ?'** દીવો બુજાઈ ગયો તો દીવાનો અભાવ થઈ ગયો. હવે જીવ જ નથી તો પછી મોક્ષ થયો કોનો? મોક્ષમાં જીવ જ ન હોય તો મોક્ષ થયો કોનો? એ તો કહેને, જીવનો અભાવ તે મોક્ષ, જાવ. પણ શું મોક્ષ કોનો પણ. ક્ષણિક માને છેને ક્ષણિક? ક્ષણિકના સંસ્કાર ગયા એટલે પછી જીવનો અભાવ થઈ ગયો એમ. આવા ને આવા.

**'જીવકા શુદ્ધ હોના વહ મોક્ષ હૈ,...'** જીવની પર્યાયમાં શુદ્ધતા થવી મોક્ષ છે. જીવનો અભાવ થવો એ મોક્ષ નથી. અથવા કેટલાક કહે છેને કે ત્યાં મોક્ષ છે એમાં જીવ જાય ભળી જાય ભેગો. બીજા સિદ્ધ ભગવાનમાં આ મોક્ષ જાય એટલે એ પણ ભેગો ભળી જાય. તો એ તો જીવનો અભાવ થયો કે એની જીવની શુદ્ધતાની પૂર્ણતા થઈ? એ તો અભાવ થઈ

ગયો, પરમાં ભળી જાય તો અભાવ થઈ ગયો. અનાદિ ભિન્ન છે. સંસારમાં પણ અનાદિ સત્તા ભિન્ન છે, મોક્ષમાં પણ આત્માની સત્તાનું પરિણમન આખું તદ્દન ભિન્ન છે. બીજા સિદ્ધને એની સિદ્ધની પર્યાય કોઈ એક થતી નથી. સમજાય છે?

**'અભાવ કહના વૃથા હૈ. સાંખ્યદર્શનવાલે ઐસા કહતે હૈં કિ જો એકદમ સોનેકી અવસ્થા હૈ, વહી મોક્ષ હૈ,...'** સૂવાની અવસ્થા સુઈ ગયો, બસ એનું નામ મોક્ષ. **'જિસ જગહ ન સુખ હૈ, ન જ્ઞાન હૈ, ઐસી પ્રતીતિકા નિવારણ કિયા.'** એ ખોટું કર્યું કે, ભાઈ! અનંત જ્ઞાન ને અનંત આનંદ છે. સૂવાની તદ્દન સુઈ જાય અને ભાન ન મળે એવી મોક્ષ અવસ્થા નથી. અનંત જ્ઞાન છે. એક જણો કહે હજી એને અનંત જ્ઞાન? એને હજી એ પર્યાયનું લપ વળગ્યું? સિદ્ધને પણ હજી પર્યાય? પણ મારા પર્યાય તો એનો સ્વભાવ છે. એ તો અનંત આનંદનો અનુભવ છે. એ તો .. કહેશે. દ્રવ્ય જેમ ત્રિકાળી વસ્તુ છે એમ પર્યાય પણ એનો એક સમયનો અનુભવ છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ એ પર્યાય છે.

કેટલાક વળી એમ કહે છે કે, **'નૈયાયિક ઐસા કહતે હૈં કિ જહાંસે મુક્ત હુઆ વહી પર હી તિષ્ઠતા હૈ, ઉપરકો ગમન નહીં કરતા.'** કહે છેને અહીં ને અહીં થઈ ગયું. પાંખ પંખીની તૂટી પંખી ત્યાં ને ત્યાં પડ્યું રહે. એમ બંધન છૂટી જાય તો અહીં ને અહીં પહોળો થઈ જાય જીવ. અનંતમાં ભળી જાય. એમ નથી. આહા..હા..! મુક્ત થાય તો ઉપર જાય છે, ગમન કરીને ઉપર જાય છે. **'ઉપરકો ગમન નહીં કરતા. ઐસે નૈયાયિકકે કથનકા લોક-શિખર પર તિષ્ઠતા હૈ,...'** લ્યો! લોકના શિખર ઉપર રહે છે. આગળ જતાં નથી અને અહીં હેઠે રહેતા નથી. બેય વાત કરી. ઓલા કહે આગળ ચાલ્યા જ જાય. એમ પણ નથી. સમજાણું? (ધર્માસ્તિકાય) નથી એ તો એટલો જ સ્વભાવ છે એનો. ....નથી એ તો નિમિત્ત નથી એની વ્યાખ્યા કરી. ઉપાદાન એટલું જ છે એની પર્યાયની એ લોકને શિખર જ રહે.

આમ મોક્ષની વાતું ને આત્માની વાતું કરે, પણ વાસ્તવિક આવું સમજ્યા વિના એણે આત્માની, મોક્ષની દશા બધી ખોટી કલ્પી છે. ઘણા એમ કહે બસ લ્યો વિકલ્પ છોડી દ્યો ભાઈ! બસ અનંતમાં ભળી જશો. ક્યાં? ક્યાં શું જ્યાં છો ત્યાં ભળ, કીધું. એમ નથી. આત્માની પૂર્ણાનંદની પૂર્ણ દશા પ્રગટ થતાં, શીંગનો દાણો જેમ છૂટીને બહાર પડી જાય છે અથવા ધૂમાડો નીકળીને ઊંચે જાય છે. એમ આ છૂટીને ઉપર ગમન કરે છે. સમજાણું કાંઈ? આવી દશા ન માને એને નથી આત્માની ખબર, નથી એને મોક્ષની પર્યાયની ગતિ કેમ હોય, ક્યાં રહે એની ખબર.

**'ઈસ વચનસે નિષેધ કિયા.'** કે લોકના શિખર પણ રહેશે. સમજાય છે? આગળ ગમન

કરતા નથી, આગળ પણ ગમન કરતા નથી અને નીચે રહેતા નથી. **'જહાં બંધનસે છૂટતા હૈ, વહાં વહ નહીં રહતા,...'** બંધન તો અહીં છૂટ્યો, મુક્તિ અહીં થઈ. અહીં રહેતો નથી. મુક્તિ તો અહીં થાય છે. અસ્થિરતા છૂટી ગઈ અને સ્થિરતા પૂર્ણ થઈ ગઈ. અકંપ દશા તો અહીં થઈ જાય, અહીં, અહીં. ચૌદમા ગુણસ્થાનને અંતે સ્થિરતા અહીં થઈ જાય અકંપ. છૂટી ગયો અહીં, અહીં રહે નહિ. સમજાણું કાંઈ?

મુક્ત દશા થાય છે શરીરમાં અહીં, પણ રહે નહિ અહીં, એમ કહે છે. પૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ સ્થિરતા, શાંતિ, પૂર્ણ પરિણતિ શુદ્ધ, પૂર્ણ પરિણતિ શુદ્ધ. ઉદયભાવનો અભાવ, શુદ્ધ ભાવની પૂર્ણ પ્રાપ્તિ આ શરીરમાં થાય છે, આ ક્ષેત્રમાં અહીં થાય છે. છતાં એક સમયે ચાલ્યો જાય છે. એવી મોક્ષની પર્યાય અને મોક્ષનું સ્વરૂપ છે. એવું ન સમજે એને મોક્ષ અને આત્માની ખબર નથી. અન્યમતિમાં ઘણા પ્રકારે ઊંધુ મારે, આમ વાત કરે જાણે શુદ્ધ છે, શુદ્ધ છે, ફલાણું, ફલાણું, પણ બધી વાતું ઊંધી હોય. સમજાણું?

કહે છે, **'યહ પ્રત્યક્ષ દેખનેમેં આતા હૈ, જૈસે કૈદી કૈદસે જબ છૂટતા હૈ, તબ બંદીગૃહસે છૂટકર અપને ઘરકી તરફ ગમન કરતા હૈ,...'** દેખો! એ એનું ઘર છે. આહા..હા..! જેમ કેદી કેદથી છૂટીને બંદીગૃહથી છૂટી પોતાને ઘરે જાય છે. એમ **'વહ નિજઘર નિર્વાણ હી હૈ.'** નિર્વાણ એ નિજઘર છે પોતાની નિર્મળ પર્યાય અને નિજઘર વ્યવહારથી. સમજાણું? **'જૈન-માર્ગમેં તો ઇન્દ્રિયજનિતજ્ઞાન જો કિ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય હૈં, ઉનકા અભાવ માના હૈ,...'** મોક્ષમાં ભગવાનને ચાર જ્ઞાનનો અભાવ છે, પણ અતીન્દ્રિય જ્ઞાનરૂપ કેવળજ્ઞાનનો સદ્ભાવ છે. કેવળજ્ઞાન બિરાજમાન પરમાત્મા. લ્યો! આ બધું મોક્ષનું જ્ઞાન વિરુદ્ધ છે એને જાણવું પડશે. નહિતર બીજા બધા ઘણા વાતું કરે, નિર્વિકલ્પ અનુભવ કરો, આમ કરો, ફલાણું કરો.

મુમુક્ષુ :- વિચાર રહિત થઈ જાવ.

ઉત્તર :- વિચાર રહિત થઈ જાવ. વિચાર રહિત થઈને વિચાર તો મતિનો પર્યાય છે. વિચાર રહિત શી રીતે થશે? જડ થઈ જાય. પછી આત્માની એની દશા અને શું શ્રદ્ધા કરવી ને કેમ જ્ઞાન કરવું? એની મુક્તિ શું થાય? એનો કેવો પર્યાય પ્રગટ થાય? એની કાંઈ ખબર ન મળે અને એ આત્માનું ધ્યાન કરે. શુષ્ક થાય શુષ્ક.

**'વસ્તુકા સ્વભાવ હૈ,...'** શું કીધું? કેવળજ્ઞાન થવું એ તો વસ્તુનો સ્વભાવ છે. ચાર જ્ઞાનપણે ન રહે કેવળ. પૂર્ણદશા થઈ ગઈ. મતિશ્રુત ન રહે. **'ઉસકા અભાવ આત્મામેં નહીં હો સકતા.'** કેવળજ્ઞાનની પર્યાયનો આત્મામાં અભાવ થઈ શકતો નથી. **'સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ ઇન પાંચ ઇન્દ્રિય વિષયોંકર ઉત્પન્ન હુએ સુખકા તો અભાવ હી હૈ,...'**

પાંચ ઈન્દ્રિયના સુખથી ઉત્પન્ન થયેલું સુખ એ તો ત્યાં અભાવ છે. '**લેકિન અતીન્દ્રિય સુખ જો નિરાકુલ પરમાનંદ હૈ, ઉસકા અભાવ નહીં હૈ,...**' લ્યો! પરમાનંદ... પરમાનંદ... પરમાનંદ... જુઓ! પરમાનંદ, નિત્યાનંદ પ્રભુ છે એવો જ નિત્યાનંદ સાદિ-અનંત પર્યાય પ્રગટ થઈ.

'**કર્મજનિત જો ઈન્દ્રિયાદિ ઈસ પ્રાણ અર્થાત્ પાંચ ઈન્દ્રિયાં, મન, વચન, કાયા, આયુ, શ્વાસોચ્છ્વાસ ઈન દસ પ્રાણોંકા ભી અભાવ હૈ, જ્ઞાનાદિ નિજ પ્રાણોંકા અભાવ નહીં હૈ.**' સમજાણું? જ્ઞાનાદિ પ્રાણ ભગવાનને છે, અનંત જ્ઞાન, અનંત દર્શન, સુખ, આનંદ એ પ્રાણ છે એમના. આ પ્રાણ નથી, પણ એ પ્રાણ તો છે. '**જીવકી અશુદ્ધતાકા અભાવ હૈ,...**' એ જીવની અશુદ્ધતાનો તો ભગવાનમાં અભાવ છે. '**શુદ્ધપનેકા અભાવ નહીં,...**' કહો, સમજાણું કાંઈ? '**યહ નિશ્ચયસે જાનના.**' આવો ભગવાન મોક્ષની પર્યાયનો સ્વભાવ છે એમ એણે બરાબર નક્કી કરવું જોઈએ.

'**આગે કહતે હૈં કિ જો મોક્ષ ઉત્તમ સુખ નહીં દે, તો સિદ્ધ ઉસે નિરંતર ક્યોં સેવન કરેં ?**' જુઓ, આવ્યું. નિરંતર સેવે સિદ્ધ ભગવાન નિરંતર. આંતરો પડ્યા વિના પર્યાયનું અનંત આનંદનું સેવન. ઓહો..હો..! સમજાણું? સંસારમાં આંતરો પડયો વિના સમય સમયનું અનંતુ દુઃખ. મોક્ષમાર્ગમાં આંતરો પડ્યા વિના થોડું સુખ. મોક્ષમાં આંતરો પડ્યા વિના સાદિ અનંત સુખ, પૂર્ણ સુખ. ઓહો..હો..! એવું ઉત્તમ સુખ જો ન હોય આત્મામાં, પર્યાય દશામાં, મોક્ષ દશામાં '**તો સિદ્ધ ઉસે નિરંતર ક્યોં સેવન કરેં?**' પરમાત્મા એને નિરંતર સેવે છે જુઓ! એ અનંત આનંદને સેવે છે સિદ્ધ.

આત્મા અને વળી પર્યાયનું સેવન. મારે ભારે વાત! બે થઈ ગયું. પણ બે છે એમ કહે છે. બેની દ્વૈતતાનો વિકલ્પ નથી, પણ પૂર્ણ વસ્તુ અને પૂર્ણ પર્યાયના આનંદનું સેવન. સમજાય છે કાંઈ? આહા..હા..! એને મોક્ષ કહે છે અને એને સિદ્ધ કહે છે. એવા અનંત આનંદને સિદ્ધ જો સેવે છે તો કહે છે, સુખ ન હોય તો સેવે શું કરવા? દુઃખ હોય તો નીકળી જાય થોડાક વખત પછી. દુઃખ સ્થે કાંઈ ઘણો કાળ રાખવાનું? એ અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ... આહા..હા..!

'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન સહિત' અનંત દર્શન જ્ઞાન સહિત જો, અનંત દર્શન જ્ઞાન. ભગવાન સાદિ અનંત, અનંત સમાધિ સુખમાં. આદિ અનંત સ્વભાવ સુખમાં ભગવાન પર્યાયમાં સેવે છે પરમાત્મા. પોતાના આનંદને સેવે છે. લે! એ વળી સેવવું! પર્યાય છેને અનુભવવું. આહા..હા..! અહીં શું સેવે છે? વિકાર, દુઃખ. વિકાર કહો કે દુઃખ કહો. દુઃખને વેદે છે અને દુઃખને સેવે છે. પરમાત્મા અનંત આનંદને વેદે અને સેવે છે. આહા..હા..! એવો અનંત આનંદ ન હોય તો સિદ્ધ કેમ અનંત કાળ સુધી એને સેવન કરે? સમજાય છે? એ ગાથા વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**માગશર વદ ૧૨, રવિવાર, તા. ૧૯-૧૨-૧૯૬૫**
**ગાથા-૭-૮, પ્રવચન-૮૦**

'પરમાત્મપ્રકાશ' છે આ. ૭મી ગાથા બીજા અધ્યાયની. '**આગે કહતે હૈં કિ જો મોક્ષ ઉત્તમ સુખ નહીં દે, તો સિદ્ધ ઉસે નિરંતર ક્યોં સેવન કરેં? –**' 'પરમાત્મપ્રકાશ' છે તો પરમાત્મા દ્રવ્યસ્વરૂપે અંતર આનંદ છે અને પર્યાય સ્વરૂપ એમાં પણ પૂર્ણ આનંદ છે. એટલે આ ગાથા એમ લીધી. સિદ્ધમાં જે પોતાના ઉપાદાન આનંદથી પ્રગટેલું આનંદ અતીન્દ્રિય સુખ, એવી મોક્ષ દશામાં અનંત આનંદ ન હોય તો સદા ભગવાન સિદ્ધ એને કેમ સેવે? સમજાય છે? '**ઉત્તમ સુખ નહીં દે, તો સિદ્ધ ઉસે નિરંતર ક્યોં સેવન કરેં?**' પરમાત્મ દશામાં સિદ્ધ દશામાં જ પૂર્ણ આનંદ છે, બીજે આનંદ એવો નથી. એ વાત કરે છે.

**૧૩૩) उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।**
**तो किं सयलु वि कालु जिय सिद्धि वि सेवहिँ सोइ।।७।।**

**અન્વયાર્થ :–** '**જો ઉત્તમ અવિનાશી સુખકો નહીં દેવે,...**' સિદ્ધ દશા નામ મોક્ષ દશા એમાં, જો અનંત સુખ એ દશામાં પ્રાપ્ત ન હોય, '**તો મોક્ષ ઉત્તમ ભી નહીં હો સકતા,...**' તો મોક્ષની દશાને ઉત્તમ કહેવાય નહિ. એક વાત. '**ઉત્તમ સુખ દેતા હૈ, ઈસીલિયે મોક્ષ સબસે ઉત્તમ હૈ.**' મોક્ષ સબસે ઉત્તમ હૈ. બધી દશા, સંસાર દશા તો હેય છે, પણ મોક્ષનો માર્ગ છે એના કરતા પણ મોક્ષની દશા એ સર્વોત્કૃષ્ટ ઉત્તમ છે. '**જો મોક્ષમેં પરમાનંદ નહીં હોતા...**' ભગવાન આત્મા નિજ આનંદ રસના ઘોલનથી જે નિજ આનંદ રસ પર્યાયમાં પ્રગટ થયો એવી સિદ્ધ દશા એમાં જો પરમાનંદ ન હોય, '**તો હે જીવ, સિદ્ધપરમેષ્ઠી ભી સદા કાલ ઉસી મોક્ષકો ક્યોં સેવન કરતે?**' અનંતકાળ જ્યારથી પરમાનંદ પ્રગટ્યો મોક્ષ દશામાં. ત્યારથી અનંત કાળ એ આનંદને જ અનુભવે છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :– '**વહ મોક્ષ અખંડ સુખ દેતા હૈ,...**' મોક્ષમાર્ગમાં થોડું સુખ છે. આત્મા ચિદાનંદ રસ સ્વરૂપ આત્મા એના આત્મરસની ઘોલન દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા એ આત્મરસમાં, રસ તો પૂર્ણ છે વસ્તુમાં. ચિદ્રસ, આનંદરસ તો આત્મ દ્રવ્યમાં પૂર્ણ છે, પણ એ ચિદ્રસના અંતર ઘોલનમાં શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતામાં જે ચિદ્રસનું ઘોલન અને શાંતિ છે. એના

કરતા મોક્ષ દશામાં પૂર્ણ આનંદરસ છે. ત્યાં આખો ચિદ્દરસ ઘોળાઈ ગયો અને પૂર્ણ થઈ ગયો છે. સમજાણું કાંઈ? '**મોક્ષ અખંડ સુખ દેતા હૈ,...**' અખંડ સુખ તો દ્રવ્યમાં પડ્યું છે. એ કહેશે આગળ ઉપાદાનથી. અખંડ આનંદની શક્તિના ઘોલન દ્વારા જ ઉપાદાનથી મોક્ષની પર્યાયનો આનંદદશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

તેથી કહે છે, '**મોક્ષ અખંડ સુખ દેતા હૈ, ઈસીલિયે ઉસે સિદ્ધ મહારાજ સેવતે હૈં, મોક્ષ પરમ આહ્‌લાદરૂપ હૈ,...**' ઓહો..! ભગવાન આત્મા પણ પરમ આહ્‌લાદરૂપ છે અને પરમ આહ્‌લાદના રસના ઘોલનથી એના જ્ઞાન, દર્શન, આનંદના એક-એક ગુણના રસના ઘોલનથી જે આનંદ ઉપાદાનથી પ્રગટે છે એ સિદ્ધમાં પૂર્ણાનંદની દશા ઉપાદાનથી પ્રગટી છે. સમજાણું કાંઈ? કેમકે '**મન ઔર ઈન્દ્રિયોંસે રહિત હૈ,...**' જુઓ! એ પરમાનંદ સ્વરૂપ મોક્ષનો પરમાનંદ ભાવ મન અને ઈન્દ્રિય રહિત છે. '**ઈસીલિયે ઉસે સદાકાલ સિદ્ધ સેવતે હૈં,...**' સમજાય છે કાંઈ? કેમકે ત્યાં નીચે પણ ભગવાન પરમાનંદનો રસ તે સ્વરૂપથી ભરેલું તત્ત્વ એને સમ્યગ્દર્શન, જ્ઞાન દ્વારા આનંદના ઘોલનથી ઉત્પન્ન થયેલો આનંદ, એને મન અને ઈન્દ્રિય અને વિકલ્પથી રહિત જ અહીંયાં આનંદ સેવતો હતો. મોક્ષમાર્ગમાં પણ ધર્મી મન અને ઈન્દ્રિય અને રાગથી રહિત એવું ચિદાનંદ સ્વરૂપ એના આનંદની દશાને ધર્મી જીવ મોક્ષમાર્ગમાં રાગ અને નિમિત્ત વિનાનું આનંદનું ઘોલનનું સેવન હતું. સમજાય છે કાંઈ? એ સેવનથી પૂર્ણાનંદની પર્યાય જેને પ્રગટી, તેથી અહીં મન ને રાગ નહોતો, ત્યાં પણ મન ને રાગ બિલકુલ છે જ નહિ. સમજાણું કાંઈ? '**મન ઔર ઈન્દ્રિયોંસે રહિત હૈ, ઈસીલિયે ઉસે સદાકાલ સિદ્ધ સેવતે હૈં,...**' એટલે કે સ્વાધીન છે, સ્વતંત્ર આત્મદ્રવ્યથી પ્રગટેલું છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

'**કેવલજ્ઞાનાદિ ગુણ સહિત સિદ્ધભગવાન નિરંતર નિર્વાણમેં હી નિવાસ કરતે હૈં,...**' ભગવાન આત્મા અહીં પર્યાય સહિતની વાત લેવી છે. દ્રવ્યમાં તો કેવળજ્ઞાનાદિ અનંત ગુણાદિ સહિત દ્રવ્ય બિરાજમાન છે, પણ દ્રવ્યની એકાગ્રતાના ઘોલન દ્વારા જે પર્યાયમાં કેવળજ્ઞાન આદિ થયા, એવા સહિત સિદ્ધ ભગવાન નિરંતર, નિર્વાણ નામ શાંત, નિર્વાણ દશા, પોતાની શાંત દશા, રાગથી અભાવ થઈને પૂર્ણ શાંત દશામાં નિવાસ કરે છે. એવી શાંત દશામાં પરમાત્મા પર્યાયમાં વસે છે. સમજાણું?

'**સિદ્ધોંકા સુખ દૂસરી જગહ ભી એસા કહા હૈ...**' દેખો! સિદ્ધ ભક્તિ, સિદ્ધ ભક્તિનો શ્લોક છે. કે, '**વહ કૈસા હૈ કિ અપની-અપની જો ઉપાદાન-શક્તિ ઉસીસે ઉત્પન્ન હુઆ હૈ,...**' દેખો! એ સિદ્ધાંત આ. સિદ્ધ ભક્તિ એ શ્લોક છે. એ આત્મા આનંદ સ્વરૂપ અંતર છે. સમજાણું? આ આત્મા.. જુઓ કેટલા સિદ્ધાંત સિદ્ધ કરે છે આમાં!

કે આ આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે તો એના ઉપાદાનથી અંતર આનંદ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઉપાદાનથી એટલે?

ઉત્તર :- ઉપાદન સ્વદ્રવ્યના આશ્રયે શક્તિની વ્યક્તતા થાય છે. એને રાગ, વ્યવહાર અને નિમિત્ત એના અવલંબે આ આનંદ પ્રગટતો નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદ સ્વરૂપ ઉપાદાન એટલે શુદ્ધ દ્રવ્ય ધ્રુવ સ્વરૂપ. આનંદ સ્વરૂપ આત્મા. સુખ લેવું છેને અહીંયાં? એની વર્તમાન પર્યાયમાં પણ શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો આનંદ, પોતાના દ્રવ્યથી પ્રગટેલો શુદ્ધ આનંદ એને પૂર્ણપણે ઉપાદાનથી પ્રગટ કર્યો એવો સિદ્ધનો આનંદ. સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ એની એકાગ્રતાની શક્તિમાંથી જે અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો એ પોતાના સ્વભાવથી, પોતાના કારણથી, પોતાના ઉપાદાનથી, પોતાના દ્રવ્યથી પ્રગટ થાય છે. એટલે એનો અર્થ એ થયો કે જે વચ્ચે વ્યવહાર અને વિકલ્પ અને નિમિત્ત છે એનાથી ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે કે એ ઉપાદાન શક્તિસે ઉત્પન્ન હુઆ હૈ. નિમિત્ત અને રાગ એનાથી ઉત્પન્ન થયેલો નથી. પોતાના શુદ્ધ સ્વભાવના અવલંબનથી ઉત્પન્ન થયેલો છે. નિમિત્ત અને વ્યવહાર એનું ભલે જ્ઞાન હો, પણ એનાથી આનંદ પ્રગટ થાય એમ નથી. જ્ઞાન હોય એટલે એક બીજી ચીજ છે. એમ જ્ઞાનમાં જ્ઞાન પણ પ્રગટ્યું છે ઉપાદાનથી. એ ઉપાદાન અંતરથી પ્રગટેલા જ્ઞાન અને આનંદમાં રાગ અને આદિ ચીજ છે એનું જ્ઞાન હો કે આ છે, પણ પ્રગટેલું જ્ઞાન ને આનંદ એ પોતાથી પ્રગટેલું છે. સમજાણું કાંઈ? લ્યો! આમાં તો ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર બધું આવી ગયું આમાં. આ સિદ્ધ ભગવાન પણ પ્રગટેલું ક્યાંથી પહેલેથી?

મુમુક્ષુ :- પછી આગળ જાય અને શુદ્ધ થાય પછી થાય.

ઉત્તર :- પણ થાય. આહા..હા..! સર્વજ્ઞે...

મુમુક્ષુ :- ... કર્યું એટલું પૂરું થાય એમ વાત કરે છે.

ઉત્તર :- હા, અહીંથી થયું છે પૂર્ણ ઉપાદાનથી ત્યાં પૂરું થાય છે. અહીંથી પૂરું કરું ત્યાં શરૂ અહીંથી થાય છે. વ્યવહારથી, નિમિત્તથી શરૂ કર્યું નથી માટે એનાથી પૂરું થતું નથી. આહા..હા..! અને એના સિદ્ધાંતમાં તો એમ પણ આવ્યું કે કેવળજ્ઞાની ભગવાને એ આત્માને એ સમયમાં સાધક જીવને એ સમયમાં એમ ભગવાને જોયું છે કે એનું દ્રવ્ય જ્ઞાયક સ્વરૂપ આનંદમૂર્તિ છે એમ જોયું છે ભગવાને, એમ જ્ઞાન સ્વભાવી દૃષ્ટિવાળો પોતાને જ્ઞાન સ્વભાવવાળો દેખે છે. એ ભગવાને દીઠું હોય એવું દેખે. જુઓ!

ભગવાને એમ દીઠું છે કે સ્વભાવના આશ્રયે જે ત્યાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ્યા એ પર્યાય છે, સંવર-નિર્જરા છે. આ જ્ઞાયક તત્ત્વ છે, આ સંવર-નિર્જરા છે એમ ભગવાને જ્ઞાનમાં એ સમયે આનું જોયું. જ્ઞાની પણ એ સમયે પોતે પોતાના દ્રવ્યને જ્ઞાયકભાવે (અને) સંવર-નિર્જરાની પર્યાયને સંવર-નિર્જરા ભાવે જાણે, જોવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! પ્રભુ! આ તો સમય સમયનો ધર્માત્મા પણ પોતાને જે રીતે જાણે અને જોવે છે, એ રીતે ભગવાન પણ એના જ્ઞાનમાં, એના આત્માની દશાને એ રીતે જ જોવે અને જાણે છે. આહા..હા..!

શું થાય પણ હવે આ વાત. એટલે એમાં સર્વજ્ઞે જોયું એ પણ નક્કી આવી ગયું અને એને પણ એ નક્કી આવી ગયું. જેમ સર્વજ્ઞ જોવે છે એમ હું મારા જ્ઞાનથી મારી દ્રવ્યને, મારી પર્યાયને, વચ્ચે રાગ રહ્યો એને અને નિમિત્ત કર્મનો જેટલો અભાવ છે અને સદ્‌ભાવ તેને. ભગવાન કેવળજ્ઞાનમાં પણ એના દ્રવ્ય, ગુણ અને પર્યાય અને નિમિત્ત આ રીતે જોવે છે. એમ જ્ઞાની પણ પોતાના આત્માને એ રીતે અલ્પજ્ઞાનમાં પણ જ્ઞાયક આત્મા, શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનની પર્યાય એ સંવર-નિર્જરા, રાગાદિ આસ્રવ એનું જ્ઞાન, એનું જ્ઞાન. અને નિમિત્ત આદિનું જ્ઞાન, એ વસ્તુ છે. એમ જ્ઞાની પણ એક સમયમાં આ રીતે જોવે છે, એમ સર્વજ્ઞ ભગવાન એના આત્માને આ રીતે જોવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છોટાભાઈ! આમાં તો બધું આવી ગયું. નિયત, નિમિત્ત, ઉપાદાન, નિશ્ચય, વ્યવહાર પાંચે સમાઈ ગયા આમાં તો. આહા..હા..!

શું કરે પણ? વાતનું સ્વરૂપ છે એમ જ્યાં સુધી એની દૃષ્ટિમાં ન આવે અને ભગવાને જેની શ્રદ્ધા મિથ્યા છે, રાગથી સ્વભાવ માને છે, નિમિત્તથી રાગની ઉત્પત્તિ માને છે એવી જેની મિથ્યા શ્રદ્ધા છે એને જ્ઞાયક સ્વભાવની પ્રતીત નથી. શ્રદ્ધામાં મિથ્યાત્વની દશા છે અને નિમિત્તમાં રાગાદિ અને બધું છે એમ એને છે, એમ ભગવાન પણ એને એમ જોવે છે. સમજાય છે કાંઈ? કે એને શ્રદ્ધામાં મિથ્યાત્વ છે, દ્રવ્યમાં જ્ઞાયકપણું છે, પર્યાયમાં મિથ્યાત્વ છે, કર્મમાં નિમિત્તપણું એનું છે. એમ અજ્ઞાની એમ નથી માનતો એમ જ્ઞાની પણ એને જોવે છે. એમ માનતો નથી અને આમ માને છે એમ જ્ઞાની પણ જોવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા સિદ્ધ પરમાત્માને સિદ્ધપણું ઉપાદાનથી પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? એમ કહેતા એને વ્યવહારથી, નિમિત્તથી તે આનંદ ભગવાનને પ્રગટ થયો નથી. અસ્તિમાં એ નાસ્તિ આવી ગઈ. એમ ભગવાન આત્મા સર્વજ્ઞે જોયેલું, જાણેલું તત્ત્વ એનો જ્યાં નિર્ણય કરવા જાય છે સર્વજ્ઞની પર્યાયનો. એ પર્યાયનો નિર્ણય પર્યાયમાં પર્યાય આશ્રય ન થતાં,

દ્રવ્ય આશ્રયે પર્યાયમાં નિર્ણય થતાં તેના જ્ઞાનમાં કેવળજ્ઞાનની પર્યાય કેવી હોય એવું જ્ઞાનની પ્રતીતમાં આવી જાય છે અને એ પ્રતીતમાં, મારો જ્ઞાયકભાવ આવો છે અને પર્યાય આવી છે એ પણ પ્રતીતમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

'**ઉપાદાન-શક્તિ ઉસીસે ઉત્પન્ન હુઆ હૈ,...**' ઓહો..હો..! એક બોલ કીધો ત્યારે બીજાથી નહિ એમ આવ્યું કે નહિ એમાં? શરીરથી, સંહનનથી, રાગથી ભગવાનને પરમાનંદ ઉત્પન્ન થયો નથી. એ જ્ઞાયક સ્વભાવ એને આશ્રયે ઉપાદાનથી ભગવાન પરમાત્માને અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન થયેલો છે. એમ કહેતા જ ધર્મી જીવને પણ ઉપાદાન નામ જ્ઞાયકભાવના ઘોલનના સ્વભાવ અને પુરુષાર્થથી જે આનંદ પ્રગટ્યો છે, ભલે અધૂરો, પણ એને પણ ઉપાદાનથી જ પ્રગટ્યો છે. સમજાણું કાંઈ? વચ્ચે વિકલ્પ આદિ વ્યવહાર હો એ જ્ઞાનમાં નિમિત્ત તરીકે છે, પણ આનંદના ઉત્પત્તિમાં એ સાધન તરીકે નથી. સમજાણું કાંઈ?

'**પરકી સહાયતાસે નહીં હૈ,...**' દેખો! અસ્તિ-નાસ્તિ કર્યું. પાઠ જ છે એવો હોં! છેને ? '**आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्वीतबाधं**' '**પરકી સહાયતાસે રહિત હૈ,...**' સમજાણું? '**अन्यद्रव्यानपेक्षं**' છે ને એમાં? એ પછી આવશે. અહીં '**પરકી સહાયતાસે રહિત...**' ભગવાનઆત્મા સિદ્ધ ભગવાનને આનંદ ઉત્પન્ન થયો એમાં પરની બિલકુલ સહાય નથી. એમ ધર્મીને પોતાને ધર્મ પ્રગટ્યો એ પોતાના આત્માથી પ્રગટે છે એને બિલકુલ પરની સહાય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**સ્વયં (આપ હી) અતિશયરૂપ હૈ,...**' એ આનંદ પોતે જ પોતાથી વિશેષરૂપ છે, વિશેષ એટલે ખાસ અતીન્દ્રિય આહ્લાદ સ્વરૂપ જ આનંદ સિદ્ધનો છે. એને બીજા કારણે એની વિશેષતા છે એમ નહિ. એની વિશેષતા અતીન્દ્રિય આનંદની પોતાથી વિશેષતા છે એની. '**સબ બાધાઓંસે રહિત હૈ,...**' વિઘ્ન વિનાની ચીજ છે. પૂર્ણાનંદ પરમાત્માને દશા પ્રગટી એમાં વિઘ્ન જ નથી. એમ ધર્મી જીવને પોતાના દ્રવ્યના અવલંબે આનંદ, શાંતિ, મોક્ષમાર્ગ પ્રગટ્યો એ ઉપાદાનથી પ્રગટ્યો પરની સહાય વિના અને એ વિઘ્ન વિના. એને કોઈ વિઘ્ન છે નહિ. અહીંથી શરૂ થયું તો ત્યાં પૂર્ણ થઈ ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિરાબાધ હૈ,...**' બાધા-પીડા કોઈ નથી, વિઘ્ન નથી. '**વિસ્તીર્ણ હૈ,...**' વિશાળ, વિશાળ આનંદ છે એમ કહે છે. કેવો આનંદ છે પરમાત્માને? વિસ્તીર્ણ છે. સમજાણું કાંઈ? વિશાળ આહા! એ આત્માના અંતરથી પ્રગટેલી શક્તિનો વિકાસ એક સમયની અવસ્થામાં જે આનંદ, વિશાળ આનંદ, વિશાળ આનંદ, અનંત આનંદથી એટલે વિશાળ આનંદથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવે. ...ની ક્યાં કામ છે અહીં? ભાવે એના આનંદના માપ ટાંકવા મુશ્કેલ એટલો વિશાળ આનંદ છે. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ, દર્શનાનંદ, ચારિત્રાનંદ, વીર્યાનંદ, અસ્તિત્વાનંદ, વસ્તુત્વાનંદ એવા અનંત ગુણનો એક સમયે વિશાળ આનંદ, વિશાળ આનંદ. સમજાણું કાંઈ? '**विशालं**' છે. '**ઘટતી-બઢતીસે રહિત હૈ,...**' '**वृद्धिह्रासव्यपेतं**' વધી-ઘટી ક્યાં છે? પૂર્ણ દશા થઈ ગઈ છે. મોક્ષમાર્ગમાં તો હજી સ્વભાવને આશ્રયે અપૂર્ણ દશા છે એ આનંદ આદિ વૃદ્ધિ પામે, અંશે અંશે વૃદ્ધિ પામે છે. પૂર્ણાનંદમાં વૃદ્ધિ-હાનિ કાંઈ નથી, પૂર્ણ થઈ ગઈ. એકરૂપ દશા પ્રગટ થઈ ગઈ. સમજાણું?

એમ કે અનંત કાળ રહે એમ ને એમ તો પહેલે બહુ હોય ને પછી કાંઈ થોડું થાય-એમ હશે? એમ. અને અનંત કાળ રહે એટલે ખૂબ પુષ્ટિ થાય એની પર્યાયમાં. અનંત આનંદ, અનંત કાળ રહે માટે પુષ્ટિ થાય સમયના આનંદમાં. ના, એમ નહિ. એક સમયનો વિશાળ જેટલો આનંદ પ્રગટ્યો એટલો અને એટલો સાદિ-અનંત રહેશે. '**વિષય-વિકારસે રહિત હૈ,...**' '**विषयविरहितं**' પરના લક્ષ વિનાનું છે. પરના લક્ષ વિનાનું છે. અંતરના લક્ષે પ્રગટેલું પૂર્ણાનંદ છે. એમાં વિષય અને વિકારનો વિકલ્પ છે નહિ એવો આનંદ છે. દુનિયા કાંઈ વિષય વિકારના રાગનો આનંદ દુનિયા માને છે. એ દુઃખ છે તેને આનંદ અજ્ઞાની માને છે. સમજાણું?

ધર્મીના સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાનમાં આનંદ છે. રાગાદિનું દુઃખ છે એ એના જ્ઞાનના આનંદમાં એનું સ્થાપન નથી. સમજાણું કાંઈ? ધર્મી જીવને પોતાના આનંદના ઘોલનથી જે દશા સિદ્ધરસની પ્રગટી, સિદ્ધરસની. પુણ્ય-પાપના વિકાર રસ રહિત, અહીં વિકાર રહિત કીધુંને? અહીંયાં પણ પુણ્ય-પાપના વિકારના રસ રહિત ભગવાન ચૈતન્યના રસ સહિતની જે દશા પ્રગટી એને, પણ એમાં વિષયનો વિકાર આદિનો ભાવ એ દશામાં નથી. સમજાય છે કાંઈ? એક બીજો ભાગ છે. સિદ્ધને પૂર્ણ છે એમાં કોઈ ભાગ બાકી પણ નથી કે જેનું જ્ઞાન કરવું રહે છે. સમજાણું કાંઈ?

'**વિષય-વિકારસે રહિત હૈ, ભેદભાવસે રહિત હૈ,...**' લ્યો! ભેદ નથી, '**निःप्रतिद्वन्द्वभावम्**' પ્રતિદ્વંદ્વ નથી કે જેથી બીજો એમાં ભેદ કે ઓછપ રહે. એકલો દ્વન્દ્વ વિનાનું સુખ છે ભગવાનને. સમજાણું? '**ભેદભાવસે રહિત હૈ, નિર્દ્વન્દ્વ હૈ,...**' એમ બે ભેગું કરી નાખ્યું. '**निःप्रतिद्वन्द्वभावम्। अन्यद्रव्यानपेक्षं**' નિર્દ્વન્દ્વ એટલે એકરૂપ છે, બે દ્વન્દ્વ નથી, બે પ્રકાર નથી. '**જહાં પર વસ્તુકી અપેક્ષા હી નહીં હૈ,...**' સમજાણું કાંઈ? આ આત્માની પૂર્ણ દશાનું વર્ણન કરતા એ દ્રવ્યનું પણ સ્વરૂપ એવું જ છે અને શ્રદ્ધા, જ્ઞાનમાં પણ એવું જ આવે એમ સમજવું એમાં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

'**પર વસ્તુકી અપેક્ષા હી નહીં હૈ,...**' આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એના

આનંદને માટે ધર્મીને પણ પરવસ્તુની અપેક્ષા નથી. પરમાત્માને પણ પૂર્ણાનંદમાં પરની અપેક્ષા નથી. નિરપેક્ષ વસ્તુ છે, ભાઈ! નિરપેક્ષ ન હોયને ભગવાનના માર્ગમાં? એમ કહે છેને સાપેક્ષ હોય. આહા..હા..! અહીં તો નિરપેક્ષ કહ્યું. જુઓ! છે કે નહિ? '**अन्यद्रव्यानपेक्षं**' કથંચિત્ અન્યદ્રવ્ય સાપેક્ષ અને કથંચિત્ '**अन्यद्रव्यानपेक्षं**' એને અનેકાંત ઠરાવે છે અત્યારે લ્યો! આહા..! સર્વથા નિરપેક્ષા નહિ. અહીં તો કહે કે બિલકુલ પરદ્રવ્યની અપેક્ષા નહિ. સિદ્ધની પર્યાયમાં બિલકુલ પરદ્રવ્યની અપેક્ષા નહિ એવું સ્વતંત્ર નિરપેક્ષ એ સુખ છે.

મુમુક્ષુ :- અસ્તિકાયનો અભાવ કરીને...

ઉત્તર :- અરે..! એટલું પરતંત્ર થઈ ગયા, દુઃખી થઈ ગયા તો તો. રહી શું જાય? ધૂળ રહી જાય? અરે..! ભગવાન! એણે આખી વાતને બહુ ફેરવી નાખી. બહુ આખું રૂપ ભગવાન પૂર્ણાનંદની પર્યાયથી નિરપેક્ષ પરથી છે. એને કોઈની સાપેક્ષતા છે જ નહિ. તો એ ધર્માસ્તિકાય આગળ નથી માટે એને લઈને અટકવું પડ્યું એટલું એને પર અપેક્ષિત દુઃખ છે? (ના).

મુમુક્ષુ :- કહ્યુંને અન્યદ્રવ્ય...

ઉત્તર :- એની તો વ્યાખ્યા ચાલે છે. એના દ્રવ્યની અપેક્ષા વિનાનું સુખ છે એમ. એ તો એમ કહે ગતિમાં એ નથી એમ કહે સુખ ભલે હો એમ. પણ એટલી પરાધીનતા સુખમાં પણ પરાધીનતા થઈ ગઈ. પરદ્રવ્યની અપેક્ષા છે જ નહિ સિદ્ધ ભગવાનને. આહા..હા..! અનંત ગુણની કોઈ પર્યાયમાં નથી, કોઈ પર્યાયમાં નથી. ... નિરપેક્ષ થયું સુખ. સુખ આવ્યું બધી પર્યાય નિરપેક્ષ છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..! એમ મોક્ષના માર્ગમાં પણ નિરપેક્ષ પોતાની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પરની અપેક્ષા વિના પ્રગટ થાય છે. દ્રવ્યની અપેક્ષા, પરની અપેક્ષા નહિ. ઓહો..હો..! વિકાર પણ પ્રગટ થાય છે એ નિરપેક્ષ છે. વિકાર જેમ પ્રગટ થાય છે એ પણ ખરેખર પરની અપેક્ષા વિના સ્વતંત્ર પારિણામિક પર્યાય છે એ. સમજાણું કાંઈ? એમ મોક્ષમાર્ગ પ્રગટ થાય એ પરની અપેક્ષા વિનાનો સ્વતંત્ર છે. સિદ્ધ પર્યાય પ્રગટ થઈ એ પણ પરની અપેક્ષા વિના સ્વતંત્ર. કહો, સમજાણું આમાં?

સિદ્ધને કથંચિત પરતંત્ર, કથંચિત સ્વતંત્ર. તો અનેકાંત થાય, સર્વથા સ્વતંત્ર નહિ. ભારે ભણતર થયું પણ. આહા..હા..! પર વસ્તુની અપેક્ષા જ નથી. વસ્તુની સ્થિતિને પરદ્રવ્યની અપેક્ષા નથી, વસ્તુના મોક્ષમાર્ગની પર્યાયને પરની અપેક્ષા નથી અને પૂર્ણ પર્યાયને પણ પરની અપેક્ષા નથી. એમ રીતે એમ સિદ્ધ થયું કે ભગવાન આત્મા પોતે પરમાનંદ નિરપેક્ષ છે પરદ્રવ્ય વિનાનું દ્રવ્ય. એનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદનો પર્યાય પણ વ્યવહારની અપેક્ષા વિનાનો એ આનંદ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર્મુખની દશા

પ્રગટેલી એ બહિર્મુખની અપેક્ષા રાખતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ વસ્તુ જેમ પરની અપેક્ષા રાખતું નથી, એમ એની અપેક્ષાએ, દ્રવ્યની અપેક્ષાએ પ્રગટેલો ધર્મ અને આનંદ એ પણ રાગ અને વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા રાખતું નથી. પૂર્ણ સિદ્ધની પર્યાયના પૂર્ણ આનંદમાં પૂર્ણ માટે કાંઈક જોઈએ એ બિલકુલ પરની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..! એ સુખને ઉપમા એની. બીજી ઉપમા એની સાથે લાગુ પડતી નથી. કોની ઉપમા આપવી? સમજાણું? એમ આત્માના દ્રવ્યને કોની ઉપમા? એના મોક્ષમાર્ગની પર્યાયને એની એને ઉપમા, એને બીજાની શું ઉપમા? એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનો સિદ્ધરસ તત્ત્વ, સિદ્ધરસ તત્ત્વ એની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, એવો જે ધર્મભાવ એને, કહે છે કે ઉપમા કઈ આપવી? તત્ત્વ અનુપમ, એનો માર્ગ અનુપમ, એનું ફળ અનુપમ. સમજાણું કાંઈ?

'**અનુપમ હૈ,...**' સિદ્ધ જેવા સિદ્ધ. એ તો એના ને એના જેવું... બીજી ઉપમા એને લાગુ પડતી નથી. ઓહો..! તીર્થંકરના સમવસરણ, એના આ અને એવું કેટલું સુખ એને? એવું સુખ હશે? સમવસરણનું અને એને ભોગવે છેને ભગવાન પણ પુણ્યના ફળ ભોગવે છે લ્યો! એમ કહે છે. કહો, તમે કહો છો પુણ્યને વિષ્ટા, પણ ભગવાન પણ પુણ્યના ફળને ભોગવે છે. અરે..! ભગવાન! તું શું કહે છે? પ્રભુ! જડને તો અજ્ઞાની પણ ભોગવે નહિ, તીર્થંકરને હજી પુણ્ય ભોગવવા રહ્યા. સમવસરણના પુણ્ય ભોગવતા હશે એ? જેના જ્ઞાનમાં જ્ઞેય ચીજ છે એ તો નિમિત્ત તરીકે, એને એ ભોગવતા હશે એ? બહુ પણ ફેરફાર.

કહે છે કે ભગવાન આત્માનું સુખ સિદ્ધનું. ઉપમા વિનાનું એને કોઈ પરની અપેક્ષા નથી. એમ અહીંયાં કેવળીના આનંદને પણ કાંઈ સમવસરણ અને તીર્થંકર પ્રકૃતિના ફળ, ઈન્દ્રો આમ ચામર ઢાળે એની અપેક્ષા હશે ભગવાનના આનંદને? આહા..હા..! કેટલું સુખ! ઈન્દ્રો ચામર ઢાળે, એ હીરાના સિંહાસનો ઉપર આમ ઉપર બેસે, ભલે ઉપર ઉઠે જરી. અને એ મણિ-રત્નના ગઢ. આહા..! અરે..! ભાઈ! એનું સુખ તો એની અપેક્ષા રાખીને પ્રગટેલું છે. એને વર્તમાન કોઈ નિમિત્તની અપેક્ષા નથી. આહા..હા..! કહો, એને ભોગવે અરિહંત કહે, સમવસરણ પ્રકૃતિ બાંધી પોતે બાંધી તો એના ફળ તો ભોગવે ને? ... નથી? કર્યા કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. આહા..હા..!

કહે છે, ભાઈ! ભગવાન સિદ્ધની દશા એની સાથે તારા આત્માને મેળવ એમ કહે છે અહીં. આહા..હા..! સમજાય છે? કહેશેને આગળ કે '**મોક્ષકા હી સુખ અભિલાષા કરને યોગ્ય હૈ,...**' એમ છેલ્લે કહેશે. પૂર્ણ આનંદ અભિલાષા, ભાવના કરવા લાયક છે. વચ્ચે રાગાદિ આવે એ ભાવના કરવા જાય એવું નથી. એમ એનો સરવાળો લાવશે. આવા સુખનું

વર્ણન જેના જ્ઞાનમાં આવે એને તો આત્માના આનંદનો પ્રેમ અને રુચિ થાય. એને રાગનો પ્રેમ અને રુચિ ટળી જાય. ત્યારે મોક્ષને એણે જાણ્યો અને મોક્ષની ભાવના કરી એમ કહેવામાં આવે છે. સમજાણું ?

**'અનંત હૈ, અપાર હૈ,...'** આહા..હા..! કેટલા શબ્દ વાપર્યા છે! ભગવાનનો પર્યાય આનંદનો અપાર અનંત છે. અંત શું એનો? એની પર્યાયનો અંત શું? વર્તમાન ભાવનો હોં! અપાર-પાર નથી, પાર નથી કેટલા શબ્દો? આહા..હા..! તારા એક આનંદ ગુણની અવસ્થાના આટલા તો વિશેષણોથી ઉપમા છે. આહા...! **'જિસકા પ્રમાણ નહીં...'** જેનું માપ નથી કે આટલું એ. **'સદા કાલ શાશ્વત હૈ,...'** એમ પ્રગટ્યું એ પ્રગટ્યું પરમાત્માને મુક્તિ. સિદ્ધ સુખ એમ ને એમ સદાકાળ રહે છે. **'મહા ઉત્કૃષ્ટ હૈ,...'** આહા..હા..! મહા ઉત્કૃષ્ટ છે. છેલ્લામાં છેલ્લું ઉત્કૃષ્ટ છે એમ કહે છે. મહા ઉત્કૃષ્ટ સુખ છે. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગીને સુખ, બારમા ગુણસ્થાનમાં સુખ, એથી મોક્ષની પર્યાયમાં મહા સુખ છે એમ કહે છે. ભાવમોક્ષે કેવળીને ભાવમોક્ષ છે. આહા..હા..! **'અનંત સારતા લિયે હુએ હૈ.'** એ બધો સાર ભરેલો છે એકલો. આહા..! અનંતા સાર, અનંત સાર, અનંત આનંદનો અનંત સાર-કસ ભર્યો છે. ઓહો..! સિદ્ધ ભક્તિ. ભગવાન પૂર્ણાનંદની પર્યાય અનંત કસ સહિત, સાર સહિત છે, અસારપણું એમાં જરીએ નથી. અનંત સાર, અનંત સાર, અનંત કસ, અનંત કસ. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે શી રીતે કરે ? એ કહેશે. એ પછી કહેશે ૯મી ગાથામાં પૂછશે કે, મહારાજ! આ અતીન્દ્રિય સુખની વાત કરો પણ અમને શી રીતે બેસે આ? એ કહેશે ૯માં. સમજાણું?

**'જગતકે પ્રાણી અતીન્દ્રિય સુખકો જાનતે હી નહીં હૈં, ઇન્દ્રિય સુખકો હી સુખ માનતે હૈં.'** તો મહારાજ! શી રીતે અમારે જાણવું? એ પછી કહેશે ૯મી ગાથામાં. અહીં કાંઈ બાકી રાખે એવું નથી કાંઈ. સમજાણું? એ ત્યાં કહેશે. એક સાધારણ પ્રાણી પણ બેઠો છે કહે છે. કોઈ અત્યારે ઇચ્છા વિષય ભોગની નથી અને બેઠો છે ને કહે, કેમ? ભાઈ! નિરાકુળ છું. હમણાં કાંઈ ચિંતા કોઈ માથે બોજો, કામ, કાજ કાંઈ નથી. નિરાંતે એટલા બાહ્યના પ્રસંગમાં પણ બાહ્યથી જ્યાં આટલી નિવૃત્તિમાં પણ અવ્યાકુળતા છે એમ કહે છે. તો જેને બિલકુલ વિકલ્પ અને આદિ નથી એની અવ્યાકુળતા અને એના આનંદનું શું કહેવું? એમ. સમજાણું કાંઈ? આમ બેઠો તૃપ્ત કરી. ખાઈ-પી નિરાંત કરે સુઈને ઉઠ્યો પાછો એમ. એટલે વળી .. નથી? બેઠો છે. વળી પાછું કાંઈ દુકાને જાવું નથી, માથે કોઈ બોજો નથી, કોઈ શું કહેવાય? ફરજ-ફરજ કે ભાઈ! આટલું દુકાને કલાક જાવું પડશે તમારે ટપાલ વાંચવા. કાંઈ (નથી), નિશ્ચિંત થઈને આમ. આહા..હા..! બધા છોકરાઓ તો આમ

કરે છે. એને કહે કેમ ભાઈ! કેમ છે? મજા છે.

મુમુક્ષુ :- ઈન્દ્રિયોનો કોઈ ભોગ નથી.

ઉત્તર : ઈન્દ્રિયોનો ભોગ નથી, ખાતો નથી, પીતો નથી, દેખતો નથી, બીજું નથી લ્યો! છતાં પાંચ ઈન્દ્રિયના વિષયનો આ બહારથી અભાવ છે ને એટલો એક દૃષ્ટાંત સિદ્ધ કરવું છે. એટલો એમ કહે છે કે, ભાઈ અમે તો અત્યારે સુખી. ઓ બહુ સુખી, બહુ સુખી.

મુમુક્ષુ :- બીજી નિરોગતા હોવી જોઈએને.

ઉત્તર :- નિરોગતા તો હોય છે. એ નિરોગતા એ સુખનું કારણ છે? ઠીક કહે છે એ. જયચંદભાઈનું કીધું. પણ તમારે તો બધું છે, તમારે ક્યાં શું છે?

મુમુક્ષુ :- સુખી જ છે એ તો.

ઉત્તર :- સુખી માને છે, પણ એને કેવી કલ્પના કેટલી છે એને? ત્યાં જાવું પડે છે હજી આમ છે ને તેમ છે. ઓલો તો કાંઈ ન કરતો હોયને બેઠો હોય એની વાત છે અત્યારે તો. આહા..હા..!

કહે છે આવો પાંચ ઈન્દ્રિયનો વેપાર જેના સ્થૂળરૂપે નથી એ પણ વર્તમાન સુખી છે એમ કહેવા માગે છે. તો જેને કાંઈ વેપાર જ વિકલ્પ આદિનો નથી, એવો અતીન્દ્રિય આનંદનો સુખ એને કેમ ન હોય? કહો, સમજાણું? દૃષ્ટાંત આપ્યો એને. કહે સાધારણ ડોશી એવા હોય, કાંઈ કામકાજ ન હોય, શરીર સારું હોય. કાંઈ ન હોય. ઘરે વહુ બે, ચાર, પાંચ કામ કરતી હોય. ... કાંઈ છે ભાઈ એને?

મુમુક્ષુ : નવ નિરાંત.

ઉત્તર : નવ નિરાંત. એ ડોશી એમ કહે હોં! બાપુ! મારે તો અત્યારે કોઈ મારે કાંઈ જરૂર નથી. જાવ તમે ત્યારે જાવ. એલા! આટલું પણ જરૂર નથી જેને પરની કેટલો કાળ અમુક, એ પણ એમ વ્યાકુળતા રહિત ઠીક છે એમ માને છે. તો જેને કાંઈ વિકલ્પ આદિ નથી એની ઠીકતા એટલે સુખનું શું કહેવું? એમ કહે છે. ઠીક એટલે સુખ. સમજાય છે કાંઈ?

એવા સિદ્ધ ભગવાનના અતીન્દ્રિય આનંદના પ્રવાહ અંદર પાટુ .. વહે અંદરથી. ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર, એમાંથી અતીન્દ્રિય આનંદ વહ્યા જ કરે, વહ્યા જ કરે. એના પારનું શું કહેવું? એના સારનું શું કહેવું? અનંત સાર છે. આહા..હા..! '**એસા પરમસુખ સિદ્ધોંકે હૈ,...**' લ્યો! આ સિદ્ધ ભગવાનના ગાણા. એટલે તારી પૂર્ણ પર્યાયમાં આવું હોય એના ગાણા ગાયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. વસ્તુ જે દ્રવ્ય છે એ તો ત્રિકાળ સિદ્ધસ્વરૂપ જ છે. એની અંતરમાં એકાગ્ર થઈને જે મોક્ષમાર્ગ પ્રગટ કરવો અને એમાંથી પૂર્ણતા પ્રગટ કરવી એની પારતા ને સારતાનું શું કહેવું? અપાર

અને અનંત સાર, અપાર અને અનંત સાર. આહા..હા..! કહો, સમજાણું આમાં?

**'અન્યકે નહીં હૈ.'** એવું સુખ અન્યને નથી. **'યહાં તાત્પર્ય યહ હૈ કિ હમેશા મોક્ષકા હી સુખ અભિલાષા કરને યોગ્ય હૈ,...'** દેખો! કેવળજ્ઞાનીના, મોક્ષના સુખને હંમેશા અભિલાષ કરવા જેવું છે. એનો અર્થ કે **'ઔર સંસાર-પર્યાય સબ હેય હૈ.'** ભગવાન આત્મા પૂર્ણાનંદ ને કેવળજ્ઞાનની ભાવના જ્યારે ભાવે, ત્યારે એની ભાવનાનું રૂપ દ્રવ્ય ઉપર જાય છે. વસ્તુના દ્રવ્ય એટલે જ્ઞાયકભાવ ઉપર એની એકાગ્રતા, એની ભાવના મોક્ષની અભિલાષા એને કહેવામાં આવે છે. છૂટવું છેને બંધન રહિત થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિની ભાવના, એ દ્રવ્ય સ્વભાવમાં એકાગ્ર થાય એને રાગાદિ હેય વર્તે છે. પુણ્ય આદિ, વ્યવહાર આદિ, નિમિત્ત આદિ બધા હેય વર્તે ત્યારે એને મોક્ષની અભિલાષા આત્મદ્રવ્ય તરફ કરી કહેવામાં આવે છે. આહા..હા..! બહુ શરતો પણ ઊંચી.

**'હમેશા મોક્ષકા હી સુખ અભિલાષા કરને યોગ્ય હૈ,...'** હંમેશાનો અર્થ શું કર્યો? નિરંતર. સમજાણું? નિરંતર. જુઓ છેને પાઠ? **'अत्रेदमेव निरन्तरमभिलषणीयम्'** સંસ્કૃત છે. **'निरन्तरमभिलषणीयम्'** એનો અર્થ શું કર્યો? કે આવા સિદ્ધની જે પર્યાય આટલા વખાણ કર્યા એને પ્રગટ કરવા માટે, એની ભાવના કરવા માટે હંમેશા તત્પર રહેવું. હંમેશા તત્પર રહેવું એટલે એણે વસ્તુના સ્વભાવ તરફની નિરંતર દૃષ્ટિ અને એકાગ્રતા રાખવી, નિરંતર નિશ્ચય તરફની દૃષ્ટિ રાખવી. સમજાય છે કાંઈ? **'निरन्तरमभिलषणीयम्'** અહો..! છૂટવાની પર્યાયની પૂર્ણતા, એની અભિલાષા એટલે વર્તમાનમાં રાગાદિની પર્યાયની .. એમાં પણ એ ન્યાય આવી ગયો.

તાત્પર્ય-આનો એ સાર છે કે સિદ્ધ ભગવાનની પર્યાયનું આવું સ્વરૂપ જે વર્ણવ્યું, તે હંમેશા તેની ભાવના કરવા જેવી છે. એની ભાવના કરવા જેવીના અર્થમાં એ આવ્યું કે વસ્તુ સ્વભાવમાં આનંદ છે તેની તરફની એકાગ્રતા કાયમ દૃષ્ટિમાં રાખવી જોઈએ. કાયમ એના તરફની દૃષ્ટિ રાખવી જોઈએ. ક્યાંય વ્યવહાર અને વિકલ્પમાં દૃષ્ટિ કોઈ દિ' ન જાય ત્યારે એણે આત્મદ્રવ્યની, મોક્ષમાર્ગની, મોક્ષની અભિલાષા કરી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ સાત ગાથા થઈ. **'સંસાર-પર્યાય સબ હેય હૈ.'** ઉદયભાવ આદિ બધો હેય છે. ક્ષાયિક પર્યાય પૂર્ણ પ્રગટ કરવાની ભાવનાની અપેક્ષાએ તો વર્તમાન ક્ષયોપશમ આદિ પર્યાય પણ હેય છે. એકલો વસ્તુ સ્વભાવ જેમાં પૂર્ણ આનંદ પડ્યો છે એ એક જ દૃષ્ટિમાં ઉપાદેય છે. એ ઉપાદેય છે એને મોક્ષની અભિલાષા કહેવામાં આવે છે. કહો, સમજાણું? ઓહો..! એટલી એક એ ગાથા સિદ્ધ ભક્તિની કરી છે. શ્લોક. સિદ્ધ ભક્તિ. ગાથા ૭ છે.

**અન્વયાર્થ :- 'આગે સભી મહાન પુરુષોંકે મોક્ષ હી ધ્યાવને યોગ્ય હૈ એસા**

કહતે હૈં –'

૧૩૪) हरि-हर-बंभु वि जिणवर वि मुणि-वर-विंद वि भव्व।
परण-णिंरजणि मणु धरिवि मुक्खु जि झायहिँ सव्व।।८।।

'**નારાયણ (વાસુદેવ) વા ઈન્દ્ર, રુદ્ર (શંકર) અન્ય જ્ઞાની પુરુષ શ્રીતીર્થંકર પરમદેવ મુનીશ્વરોંકે (વૃંદો) સમૂહ...**' ઓહો..હો..! લાખો મુનિઓ. '**તથા અન્ય ભી ભવ્ય જીવ...**' ચોથો, પાંચમો આદિ બધા, બધાય. સમજાય છે કાંઈ? આ તો અન્ય ભવ્ય બીજા સાધારણ બીજા, એમ ભાષા છે. ઓલા તો મોટા-મોટા ઋદ્ધિવાળા લીધા, પણ એ સિવાયના સમ્યગ્દૃષ્ટિ બીજા. સમજાણું કાંઈ? '**નારાયણ વા ઈન્દ્ર, રુદ્ર અન્ય જ્ઞાની પુરુષ શ્રીતીર્થંકર પરમદેવ મુનીશ્વરોંકે સમૂહ તથા અન્ય ભી ભવ્ય જીવ પરમ નિરંજનમેં...**' દેખો! પરમ નિરંજનમેં... સમજાણું કાંઈ? છેને અર્થ એમાં? નિરંજન, વ્યાખ્યા. '**परमनिरञ्जनाभिधाने निजपरमात्मस्वरूपे**' નિરંજનની વ્યાખ્યા જ એ છે. પરમ નિરંજને નિજ પરમાત્મ સ્વરૂપને પરમ નિરંજન કીધો છે. નિજ પરમાત્મ સ્વરૂપ. સમજાણું?

વર્તમાન જ્ઞાયકભાવ ત્રિકાળ નિરંજન-અંજન રહિત છે. પરમ નિજ સ્વભાવ ભગવાન રાગનું અંજન, કર્મનો અંજન રહિત જ વસ્તુ છે. એવો નિરંજન ભગવાન આત્મા નિજ પરમાત્મ સ્વરૂપ. સમજાય છે કાંઈ? એમાં '**મન રખકર...**' મન નામ દૃષ્ટિ રખકર. આહા..હા..! જુઓ! ઈન્દ્ર, નરેન્દ્ર, નારાયણ, રુદ્ર, મુનિયો અને ભવ્યો બધાની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર કાયમ પડેલી હોય છે એમ કહે છે. '**निरञ्जने मनः धृत्वा**' પરમાનંદની મૂર્તિ ભગવાન પરમાત્મા નિરંજન, એમાં જેણે મનને અને દૃષ્ટિને ધાર્યું છે. સમજાણું? '**मनः धृत्वा**' છેને? મન રખકર એટલે દૃષ્ટિને રાખીને એમ.

'**સબ હી મોક્ષકો હી ધ્યાવતે હૈં.**' એ રીતે રહીને મોક્ષને ધ્યાવે છે. સમજાણું કાંઈ? હવે એમાં વ્યવહારમાં રાખીને મોક્ષને ધ્યાવે છે એમ ન આવ્યું એમાં. એ વ્યવહાર પણ મોક્ષમાર્ગ કહ્યો. પહેલા બે આવી ગયું હતું ભેદાભેદ રત્નત્રય નહોતું આવ્યું? એ તો હતું એનું જ્ઞાન કરાવ્યું હતું. આ ભગવાન આત્મા એક જ પ્રકાર લીધો. જુઓ! ઈન્દ્રોને, ગણધરોને, મુનિના વૃંદોને, તીર્થંકરોને ને સામાન્ય ભવ્ય જીવને. '**સબ હી મોક્ષકો** (પરમ નિરંજનમેં દૃષ્ટિ રાખીને) **ધ્યાવતે હૈં.**' એમ. એટલે મોક્ષને અભિલાષા કરવી એની વ્યાખ્યા શું કહે છે? એમ. મોક્ષની અભિલાષા કરવી એમ જે કહ્યું હતું એનો અર્થ ભર્યો. મોક્ષની અભિલાષાની વ્યાખ્યા કે ભગવાન મુક્ત સ્વરૂપ પરમાત્મા, નિજ મહિમાવંત પરમાત્મા, નિજદ્રવ્ય એમાં દૃષ્ટિને કાયમ રાખવી એનું નામ મોક્ષની અભિલાષા કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! આ તો ઈન્દ્રને એમાં રાખવું? આ બધી અપ્સરાઓ છે, આ બધા બત્રીસ લાખ

વૈમાનો છે. સમજાણું કાંઈ? આ ચક્રવર્તી છ ખંડના ધણી પણ જેને મોક્ષની અભિલાષા છે એનું સ્વરૂપ એવું છે કે એ કાળે નિરંજન પરમ સ્વરૂપ ભગવાન આત્મામાં દૃષ્ટિ સ્થાપી છે, એની એકાગ્રતા છે, એનું નામ મોક્ષની અભિલાષા કહેવામાં આવે છે. આહા..હા..! લ્યો! અહીં તો ઓલું કીધું, ભાઈ! ચોથા, પાંચમાવાળાને શુભમાં રહેવું અને આગળ છે એટલે શુદ્ધનો ઉપયોગ છે. મોક્ષનો માર્ગ નીચે શુભ મોક્ષનો માર્ગ છે. મૂળચંદજી! ... ચોથે, પાંચમે... આ ઇન્દ્રો ચોથે છે. સમજાય છે? કેટલાક ભવ્ય જીવો ચોથે, પાંચમે છે. તો મુનિઓ છઠ્ઠે છે, સાતમે છે. એ બધાને જિનવર પણ જ્યારે ચોથે અને જ્યારે સાતમે આ મુનિ થઈને થાય. સમજાય છે? પાંચમે હોય લ્યોને જિનવર તો. પણ એ બધાને એક જ પ્રકાર મોક્ષની અભિલાષા એને કહીએ. એ જીવો મોક્ષની ભાવના કરનારા છે એમ, એમ કહીએ કે, જે નિરંજન પરમાત્મ સ્વરૂપમાં જેણે દૃષ્ટિ સ્થાપી છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આમાં એ આવે છે કે નહિ આમાં? કે ચોથા, પાંચમા, છઠ્ઠાવાળાને બીજું અને બીજાવાળાને બીજું હશે એવું હશે? જિનવર પણ ચોથે, પાંચમે હશે ત્યારે ચોથામાં ઓલા શુભમાં હશે એમ ને? જિનવર ત્રણ જ્ઞાનને લઈને આવ્યા, ક્ષાયિક સમ્યક્ લઈને આવ્યા. એના શુભભાવને લઈને હશે બધું એને? શું કરે છે પણ?

મુમુક્ષુ : જિનસેન આચાર્યે કીધું છેને.

ઉત્તર : કાંઈ કહ્યું નથી જિનસેન આચાર્યે. એ નિમિત્તથી કથન કર્યા છે કેટલાક એટલે વસ્તુ એવી થઈ ગઈ? અહીં તો કહે છે જેટલા તીર્થંકરો થયા અને જેટલા મોક્ષમાર્ગમાં ભવ્ય જીવો આવે છે, મોક્ષની અભિલાષા કરે છે, ઇન્દ્રો અને રુદ્રો, નારાયણ, વાસુદેવ આદિ કરે લ્યો! વાસુદેવને તો ચોથું ગુણસ્થાન હોય એને વધારે હોય નહિ. આ તો મનુષ્યમાં, ઓલો દેવમાં. છતાં મોક્ષના અભિલાષી જીવનું આ સ્વરૂપ જે છે કે એણે નિરંજન એવો ભગવાન નિજ પરમાત્મા એને મનમાં ધાર્યો હોય છે. સમજાય છે? એને દૃષ્ટિમાં રાખ્યો હોય છે, દૃષ્ટિ ત્યાં સ્થાપેલી હોય છે. શુભ વિકલ્પ અને નિમિત્તમાં એની દૃષ્ટિ હોતી નથી. જ્ઞાન હોય એનું. સમજાણું કાંઈ? સ્થિરતા ઓછી-વત્તી હોય એ જુદી વાત છે, પણ જેની મોક્ષની અભિલાષા એક જ પ્રકાર છે. એનો એક જ પ્રકાર કે દ્રવ્યમાં જેની દૃષ્ટિ સ્થાપેલી હોય છે. બસ આ એક જ વાત છે. પણ કોઈ વિશેષ સ્થિરતા હોય ને કોઈને ઓછી સ્થિરતા હોય. સમજાણું કાંઈ આમાં?

છૂટવાના અભિલાષીએ છૂટેલું તત્ત્વ દ્રવ્ય એમાં એણે દૃષ્ટિ એકાગ્ર કરવી જોઈએ. એને મોક્ષના અભિલાષી કહેવામાં આવે છે. આહા..હા..! કેટલું સ્પષ્ટ છે લ્યો! મુનિવરોને એમ નથી કહ્યું. મુનિવરે અને તમારે ઓલા પંચ મહાવ્રતના પરિણામમાં દૃષ્ટિ સ્થાપવી. એમ છે?

જેટલા ચોથેથી, પાંચમે, છઠ્ઠે. સમજાય છે તીર્થંકરો હોય કે મુનિઓ હોય કે સાધારણ ભવ્ય જીવ મોક્ષની અભિલાષાવાળા સમ્યક્(વંત) જીવ હોય. એ બધાએ '**निरञ्ज मनः धृत्वा** એક સિદ્ધાંતમાં આ. '**परमनिरञ्जन**' નામ નિજ શુદ્ધાત્મા એના સ્વરૂપમાં '**विषयकषायेषु गच्छत् सद् व्यावृत्त्य धृत्वा**' લ્યો! વિકલ્પમાંથી ખસીને એ વસ્તુની દૃષ્ટિમાં રહીને સભી મોક્ષકો હી ધ્યાવતે હૈ, લ્યો! બધા આત્માઓ બધા મોક્ષને જ ધ્યાવે છે. લ્યો!

રુદ્ર ઈન્દ્ર મોક્ષને ધ્યાવે? હજી ચોથે પડ્યા એ? એને તો ઘણા કષાયો બાકી છે. એટલું બધું મોક્ષને ધ્યાવે? એ તો કહે ચારિત્રને ભાવે અને ચારિત્ર મોક્ષને ભાવે. બધા મોક્ષને ભાવવાની વ્યાખ્યા જ એક છે કહે છે અહીં તો. સમજાણું કાંઈ? જુઓને કેટલી વ્યાખ્યા લીધી! મોટી તકરાર .. એટલી. ઓલો કહે શ્રાવકને બાર પડિમા આદરણીય છે. એને આદરવા લાયક છે? નહિ, એક કે નહિ, એક કહે નહિ છે. શ્રાવક હોકો પીતો હોય ને કહે બાર પડિમા સાધુને આદરણીય છે. ઓલો કહે એક કહે છે અને એક કહે કે નહિ. એ તકરાર મોટી. ..ભીક્ષુની પડિમા એમ કહે શ્રાવકને હોય? એમ એક જણો કહે. અમારે મૂળચંદજી. શ્રાવકને આદરણીય હોય. ઓલો ગિરધર વોરો હતો કે શ્રાવકને આદરણીય ભીક્ષુની પડિમા છે. ઓલો કહે ખાતો હોય તોપણ? કહે હા ખાતો હોય તોપણ એને ભીક્ષુની પડિમા આદરવા લાયક છે. ઓલો કહે કે નહિ. એ પણ વાંધા. હા ના થઈ ગઈ ને. ઓલો દૃઢ ઓલામાં અને ઓલો દૃઢ ઓલામાં હતો. ઓલો કહે ભિક્ષુની પડિમા ઉત્કૃષ્ટ કહેવાયને સાર ઊંચી? એટલે ઓલો ભીક્ષુની પડિમા પછી ઊંચી હોય કે મોક્ષ હોય કે ગમે એ હોય પણ શ્રાવકને એ આદરણીય છે એમ ગિરધર વોરા કહે. ત્યારે ઓલા મૂળચંદ કહે, નહિ એને ન હોય. એ તો આગળ વધેલા હોય સાધુ એને ભીક્ષુની પડિમા આદરવા લાયક છે. પણ આદરવા લાયક સંવર અને નિર્જરા ઉત્કૃષ્ટ બધાને આદરવા માને નહિ? માનવામાં આદરવા લાયક માને કે નહિ?

અહીં શું કીધું? જુઓને મોક્ષની અભિલાષા ચોથે, પાંચમેથી બધા એક જ જાતની કરે છે. મોક્ષ તો ભાઈ કેવળજ્ઞાન. ચારિત્ર થાય પછી મોક્ષની અભિલાષા હોય એમ છે? સમજાણું કાંઈ? એ છૂટવાના અભિલાષીઓએ દ્રવ્ય છૂટેલું પડ્યું છે એના ઉપર જેની એકાગ્રતા ભાવના હોય છે એને મોક્ષની અભિલાષા બધાને છે એમ કહેવામાં આવે છે. '**यह मन विषयकषायोंमें जो जाता है, उसको पीछे लौटाकर अपने स्वरूपमें स्थिर अर्थात् निर्वाणका साधनेवाला करते हैं.**' ભાવાર્થ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૩, સોમવાર, તા. ૨૦-૧૨-૧૯૬૫**
**ગાથા-૮-૯, પ્રવચન-૮૧**

'પરમાત્મપ્રકાશ' ૮મી ગાથાનો ભાવાર્થ. શું ચાલે છે આ? મોક્ષનું ફળ-ફળ. મોક્ષ ચાલે છે આ. મોક્ષનું ફળ પછી. મોક્ષ કેવો છે? પરમ સુખરૂપ છે. મોક્ષમાં જ પરમ આનંદ છે, બીજે ક્યાંય આનંદ નથી. તેથી તીર્થંકરો આદિ મહાપુરુષો મોક્ષને સાધવા માટે અંતર આત્મ સ્વભાવને સાધે છે. એમ વાત સિદ્ધ કરે છે.

**ભાવાર્થ :-** '**શ્રી તીર્થંકરદેવ...**' પહેલેથી લીધા. '**તથા ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ,...**' ચાર તો મોટા પહેલા લીધા શલાકા પુરુષ. '**પ્રતિવાસુદેવ, મહાદેવ ઈત્યાદિ સબ પ્રસિદ્ધ પુરુષ...**' એ મોક્ષ અને મોક્ષમાં સુખ છે માટે તે આત્માનું ધ્યાન કરે છે. અને આત્માના ધ્યાનથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? એવા મહા '**પ્રસિદ્ધ પુરુષ અપને શુદ્ધ જ્ઞાન,...**' જુઓ! હવે શું કહે છે? મોક્ષનું ધ્યાન કરે છે એટલે શું? પોતાનો જે આત્મા શુદ્ધ જ્ઞાન સ્વરૂપ અખંડ એટલે એક સ્વભાવ. આત્મા અખંડ એક સ્વભાવી વસ્તુ જ્ઞાન.

'**જો નિજ આત્મદ્રવ્ય...**' એ સ્વભાવ સ્વરૂપ નિજ આત્મદ્રવ્ય એમ. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન અખંડ એટલે એક. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ. એટલે એકનો 'અખંડ' અર્થ કર્યો છે. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન એક. એકરૂપ સ્વરૂપ છે ત્રિકાળ એવા એકરૂપ સ્વભાવનું, '**ઉસકા સમ્યક્ શ્રદ્ધા...**' એવો આત્મદ્રવ્ય. એમ આત્મદ્રવ્યની વ્યાખ્યા કરી. આત્મદ્રવ્ય એને કહીએ આત્મા વસ્તુ કે જે શરીર-કર્મથી તો રહિત, પણ પુણ્ય-પાપના આસ્રવતત્ત્વથી તે આત્મતત્ત્વ ભિન્ન. જીવતત્ત્વથી ભિન્ન અને પુણ્ય-પાપના આસ્રવતત્ત્વથી ભિન્ન એવું જે આત્મદ્રવ્ય, આત્મતત્ત્વ કેવું? કે શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ એવું આત્મદ્રવ્ય. સમજાણું?

એવું એનું સમ્યક્ શ્રદ્ધાન, એવો ભગવાન આત્મા એક શુદ્ધ જ્ઞાનસ્વભાવી, એની સમ્યક્ શ્રદ્ધાન એટલે સમ્યક્(દર્શન). ઉસકા સમ્યક્જ્ઞાન એ એક સ્વભાવી, જ્ઞાનસ્વભાવી આત્મદ્રવ્ય. એનું સમ્યક્ જ્ઞાન અને એક સ્વભાવી શુદ્ધ જ્ઞાન એવું આત્મદ્રવ્ય એનું આચરણ-એમાં સ્થિરતા. એવો જે '**અભેદરત્નત્રયમય સમાધિકર...**' સમજાણું? અભેદરત્નત્રય એવી શાંતિ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવી આત્મદ્રવ્ય એની અંતર શ્રદ્ધા, અંતર્મુખનો નિશ્ચય, અંતર્મુખનું એનું જ્ઞાન અને એનું આચરણ એ રૂપે અભેદરત્નત્રયમય સમાધિ. નિશ્ચય રત્નત્રયરૂપ શાંતિ.

એમાંથી '**ઉત્પન્ન વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ ઉસકે અનુભવસે પૂર્ણ...**'

રાગ રહિત, તે આત્મદ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ રાગ રહિત. વીતરાગ એટલે રાગ રહિત. સહજાનંદ એ આત્મામાં સ્વભાવિક આનંદ પ્રગટ્યો એવું અતીન્દ્રિય સુખરસ એના અનુભવથી પૂર્ણ '**કલશકી તરહ ભરે હુએ...**' કળશ જેમ પૂરો ભર્યો હોય એમ ભગવાન આત્મા એવી સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી ભરેલો, પૂર્ણ આનંદથી ભરેલી પર્યાય.

'**નિરંતર નિરાકાર...**' નિરંતર, નિરાકાર એટલે નિરંજન, '**નિરંતર નિરાકાર (નિરંજન) નિજસ્વરૂપ...**' પરમાત્મા આખું જાણે કળશથી ભરેલો ભગવાન છેને. આખો કળશ ભરેલો હોયને અમૃતથી, એમ ભગવાન આત્મા અમૃતના આનંદથી આખો કળશ અસંખ્ય પ્રદેશ પૂર્ણ ભરેલો છે. કળશની પેઠે આકાર છેને આ શરીરનો જુઓને. એવો જ આત્મા અંદર પૂર્ણ અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. સમજાય છે? '**પરમાત્માકે ધ્યાનમેં સ્થિર હોકર...**' એ દ્રવ્ય. કળશ તે. એની સ્થિરતા તે ધ્યાન. એમાં '**સ્થિર હોકર મુક્ત હોતે હૈં.**' એમાં સ્થિર થઈને મુક્ત થાય છે. આ મુક્તિનો ઉપાય. બતાવવો છે તો મોક્ષ. વ્યાખ્યા મોક્ષની છે. પણ મોક્ષ કેમ થાય છે? એક અખંડ જ્ઞાન સ્વભાવી આત્મદ્રવ્ય એની અંતર્મુખનું સમ્યગ્દર્શન, એનું અંતર્મુખ સમ્યગ્જ્ઞાન, એનું અંતર્મુખ સ્થિરતા. એનાથી ઉત્પન્ન થયેલો, પરમ સુખામૃતથી ભરેલો ભગવાન એનાથી ઉત્પન્ન થયેલું ધ્યાન. એવા ધ્યાનથી તે મુક્તિ થાય છે. લ્યો! મોક્ષનો માર્ગ કહ્યો, આત્મદ્રવ્ય કહ્યું અને મોક્ષ પર્યાય ત્રણે વાત કરી. ઓહો..હો..!

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન અને આનંદ એક સ્વરૂપી છે આત્મા, એની શ્રદ્ધા, જ્ઞાન શાંતિનો આનંદ અનુભવ કરતા પૂર્ણ આનંદથી ભરેલો ભગવાન એને પૂર્ણ આનંદની પ્રતીતિ અનુભવ કરતા પૂર્ણ આનંદની પર્યાયને પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા. જ્ઞાનથી વાત કરી અને ભેગો આનંદ ભેગો લીધો. સમજાય છે પહેલું? એક જ્ઞાન લીધું હતું, પછી અતીન્દ્રિય સુખના અનુભવથી પૂર્ણ કળશની તરહ પરમાત્મા ભરેલો છે. એ અતીન્દ્રિયની પર્યાય આનંદની પ્રગટી એમાં પૂર્ણાનંદ પરમાત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ છે. પૂર્ણ આનંદ સ્વરૂપ આત્મા એની નિરંજનનું ધ્યાન કરતાં જે આનંદ પ્રગટે વીતરાગી શાંતિ, એ દ્વારા પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય છે. એ દ્વારા પૂર્ણ આનંદરૂપી મુક્તિની પ્રાપ્તિ. ભારે! સમજાણું કાંઈ?

'**કૈસા વહ ધ્યાન હૈ? કિ ખ્યાતિ (પ્રસિદ્ધિ) પૂજા (અપની મહિમા)...**' બહારની મહિમા કે અંદરના જ્ઞાનની અલ્પજ્ઞતામાં પણ એની બડાઈ-મોટાઈ. '**ઔર ધનાદિકકા લાભ...**' બહાર લક્ષ્મી આદિ મળી ખૂબ એનું અભિમાન, એની બડાઈ. '**ઇત્યાદિ સમસ્ત વિકલ્પ-જાલોંસે રહિત હૈ.**' પરની માહાત્મ્યની દૃષ્ટિથી રહિત, સ્વ માહાત્મ્યની દૃષ્ટિથી સહિત, એમ કહે છે. સમજાય છે કાંઈ? શરીર, વાણી, લક્ષ્મી, પુણ્ય-પાપ કે પર્યાયનો ઉઘાડભાવ એની

મહિમાથી રહિત, એની મહિમાના વિકલ્પ જાળથી રહિત. એકલો અખંડ જ્ઞાનાનંદ સ્વભાવની મહિમા સહિત.

'**यहां केवल आत्म-ध्यान ही को मोक्ष-मार्ग बतलाया है,...**' એવો ભગવાન આત્મા પૂર્ણ આનંદની અંતર મહિમાવાળી દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એવું એક ધ્યાન એને જ ભગવાને મોક્ષનો માર્ગ કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? એ મુક્ત સ્વરૂપ જ આત્મા છે દ્રવ્યે તો. તેથી કહ્યુંને એક જ્ઞાન સ્વરૂપ આનંદ. વસ્તુ-વસ્તુ એની પર્યાયમાં પૂર્ણ આનંદની દશારૂપી મુક્તિ પ્રગટ કરવા માટે એ પૂર્ણાનંદથી, જ્ઞાન પૂર્ણથી ભરેલો દ્રવ્ય, એનું અંતરમાં ધ્યાન એને ધ્યેય કરીને, ધ્યાન કરીને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

મુમુક્ષુ :- કર્મ નહિ રોકે?

ઉત્તર :- કર્મ હતા ક્યાં? છે નહિ. પહેલેથી કીધું હતું. કર્મ અને શરીર અને રાગથી રહિત છે દ્રવ્ય. પછી રોકે કોણ? ભગવાનઆત્મા કર્મ, રાગ અરે..! અલ્પજ્ઞ વર્તમાન અવસ્થા એ બધાથી રહિત પૂર્ણ છે, એમ કહ્યું હતું. આ તો પાંચમા આરાના માણસોને માટે કહ્યું જુઓ! જેઓ રુદ્ર અથવા ઈન્દ્ર અથવા અત્યારના જીવો, ભવ્ય જીવો આદિ છેને? બધા લીધા ઈત્યાદિમાં. એ જીવો અત્યારે પણ એવા ભગવાનઆત્માનું ધ્યાન પૂર્ણ મોક્ષની પર્યાય પ્રગટ કરવા માટે કરે છે. સમજાણું કાંઈ? કહો, મગનભાઈ! આ અત્યારે પાંચમા આરાને માટે હશે આ વાત? ભવ્ય જીવ કહ્યાને. 'अन्य भी भव्य जीव'નો પાઠ આમાં આવ્યો છે.

ભગવાનઆત્મા પૂર્ણ આનંદનો કંદ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો રસ. એટલે મુક્ત સ્વરૂપ એટલે કે દુઃખનો અભાવ સ્વરૂપ. એની અંતરમાં દૃષ્ટિ, નિશ્ચય કરી. નિશ્ચય એનું જ્ઞાન હોં! શાસ્ત્ર જ્ઞાન આદિની અહીં વાત નથી. એનું જ્ઞાન અને એની અંતર આચરણ રમણતા ચારિત્ર. એવું અભેદ રત્નત્રયરૂપી એને એક બોલે ધ્યાન કીધું. સમજાણું કાંઈ? એ આત્માનું આ ધ્યાન જ એક મોક્ષનું કારણ છે. બાકી કોઈ મોક્ષનું કારણ નથી. સમજાણું? જુઓ, વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી, પ્રતિવાસુદેવ, તીર્થંકરો પણ અને ભવ્ય જીવ. એ પોતે જ અંતરમાં, ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ અંતર ધ્યાન લગાવીને જેટલે અંશે આત્મદ્રવ્યને એકાગ્ર કર્યું છે આત્મામાં, એટલો એને મોક્ષનો માર્ગ છે. એ આગળ વધીને એકાગ્ર વિશેષ થઈને મોક્ષને પામે છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ ત્રણ કાળમાં વીતરાગ માર્ગમાં નથી. સમજાણું કાંઈ?

'**केवल आत्म-ध्यान ही को मोक्ष-मार्ग बतलाया है,...**' એનો સરવાળો કર્યો એ. સમજાણું કાંઈ? એકલો આત્મધ્યાન જ મોક્ષનો માર્ગ છે. એમ કીધુંને એનું? સરવાળો કર્યો એ તો. '**सहजानन्दैकसुखरसानुभवेन पूर्णकलशवत् भरितावस्थे निरञ्जनशब्दाभिदेयपरमात्मध्याने स्थित्वा मोक्षमेव ध्यायन्ति। अयमत्र भावार्थः।**' મોક્ષનો એકલો આ જ માર્ગ છે, બીજો

કોઈ માર્ગ નથી. બે માર્ગ નથી, બીજો કોઈ માર્ગ નથી, બીજી કોઈ રીત નથી ત્રણે કાળમાં. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની અંતર્મુખ નિશ્ચય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ સ્થિરતા—એ રૂપી ધ્યાન એ જ મુક્તિનો માર્ગ છે. સમજાણું કાંઈ?

'**ઔર અપના સ્વરૂપ હી ધ્યાવને યોગ્ય હૈ.**' બે વાત કરી. આત્મ-ધ્યાન હી મોક્ષકો માર્ગ બતાલાયા. ધ્યાન કોનું કરવું? '**અપના સ્વરૂપ હી ધ્યાવને યોગ્ય હૈ.**' એમ. પોતાનો આત્મા પૂર્ણાનંદ એનું જ ધ્યાન કરવા લાયક છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! બધા વ્યવહારના ઝઘડા એવા તોફાન થાય કે, આનાથી થાશે અને આનાથી થાશે. પૂજા, ભક્તિ, વ્રત અને ફલાણા એનાથી થાશે એમ ના પાડી. એ તો બધા વિકલ્પ ઉઠે. એ તો વિકલ્પો છે, એ તો રાગ છે. એનાથી આત્મધ્યાન થાય નહિ અને આત્મધ્યાન વિના મુક્તિ હોય નહિ. બે ટૂંકી વાત કરી. કેવળ આત્માનું ધ્યાન જ મોક્ષનો માર્ગ અને ધ્યાનમાં અપના સ્વરૂપ હી ધ્યાવને યોગ્ય. બસ આ વાત. ધ્યાન કરવા લાયક એ આત્મા પોતાનો સ્વભાવ, બાકી બધું પર.

'**તાત્પર્ય યહ હૈ કિ યદ્યપિ વ્યવહારનયકર પ્રથમ અવસ્થામેં વીતરાગસર્વજ્ઞકા સ્વરૂપ અથવા વીતરાગકે નામમંત્રકે...**' એ વિચાર વિકલ્પમાં પહેલો ભાવ આવે. ણમો અરિહંતાણ, પાંચ પદનું જ્ઞાન. એ પહેલી અવસ્થા એટલે જ્યાં વિકલ્પ દશામાં હોય છે ત્યારે એવો વિચાર આદિ આવે. '**અક્ષર અથવા વીતરાગકે સેવક મહામુનિ ધ્યાવને યોગ્ય હૈં,...**' શુભ રાગ, શુભ વિકલ્પકાળમાં એનું લક્ષ કરે છે. '**તો ભી વીતરાગ નિર્વિકલ્પ તીન ગુપ્તિરૂપ પરમસમાધિકે સમય અપના શુદ્ધ આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' ત્યાં તો જે શુભ રાગ છે અંદર દૃષ્ટિ તો છે, પણ રાગ છે વિકલ્પમાં એ પંચ પરમેષ્ઠી લક્ષમાં આવે આવા મુનિ હતા, આવા આ હતા. પણ એને છોડીને સ્વરૂપમાં એકાકાર થાય. ત્રણ ગુપ્તિ એટલે મન, વચન અને કાયાથી રહિત વર્તમાન-વર્તમાન. વર્તમાન મન, વચન અને કાયાના વિકલ્પથી રહિત વર્તમાન અથવા મિથ્યા, અવ્રત, પ્રમાદ, કષાય, યોગનો જે વિકલ્પ એક સમયની પર્યાય છે એનાથી રહિત આત્માનું અંતરધ્યાન, નિર્વિકલ્પ દૃષ્ટિ, શાંતિ એ જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? પ્રથમ વિકલ્પ દશામાં પણ વીતરાગ પરમાત્મા આદિનો વિચાર અને એનું ધ્યાન હો. એ તો પુણ્યબંધનું કારણ પરદ્રવ્ય અનુસારી વિકલ્પ છે. અશુભ તરફના રાગ અને ન ઉત્પન્ન થાય એથી આ પ્રકારના વિચારો આવે, પણ એ માર્ગ મુક્તિનો નથી.

વ્યવહાર મુક્તિનો માર્ગ સાધક વ્યવહાર નિમિત્ત તરીકે કહેવાય, પણ એને છોડીને આત્માના અંતરમાં ત્રિગુપ્તપણે સ્થિત થાય, ત્યારે તેને ધ્યાન લાગે અને એ ધ્યાન મુક્તિનું કારણ, એ નિર્જરા છે. સમજાણું? એવા અંતર શાંતિના ધ્યાન કાળે.. 'સમય' છેને પરમસમાધિને કાળે

એમ કહે. '**અપના શુદ્ધ આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' ભારે વાત પણ ભાઈ! '**અન્ય કોઈ ભી દૂસરા પદાર્થ પૂર્ણ અવસ્થામેં ધ્યાવને યોગ્ય નહીં હૈ.**' આગળ પૂર્ણ અવસ્થા થવા માટે બીજો કોઈ ધ્યાન કરવા લાયક નથી એમ. એ આઠમી ગાથા થઈ. ૯મી.

'**અબ તીન લોકમેં મોક્ષકે સિવાય અન્ય કોઈ ભી પરમસુખકા કારણ નહીં હૈ,...**' આત્માની પૂર્ણ આનંદ દશારૂપી મુક્તિ એમાં સુખ છે, એ સિવાય ક્યાંય ત્રણ કાળમાં બીજે સુખ નથી. '**એસા નિશ્ચય કરતે હૈં –**'

**૧૩૫) तिहुणयि जीवहँ जत्थि णवि सोक्खहँ कारणु कोइ।**
**मुक्खु मुएविणु एक्कु पर तेणवि चिंतहि सोइ।।९।।**

**અન્વયાર્થ :–** '**તીન લોકમેં જીવોંકો મોક્ષકે સિવાય કોઈ ભી વસ્તુ સુખકા કારણ નહીં હૈ,...**' કહો, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, આબરૂ એ સુખનું કારણ નથી. ભોગ, ચક્રવર્તીપદ ભરત આદિ એ કોઈ સુખનું કારણ નથી. સુખનું કારણ તો એક મોક્ષની દશા. '**એક સુખકા કારણ મોક્ષ હી હૈ ઈસ કારણ તૂ નિયમસે એક મોક્ષકા હી...**' '**परं एकं तम् एव**' એક મોક્ષની નિર્મળ આનંદ પર્યાય એને પ્રગટ કરવાનો ધ્યાન કર. બીજું કોઈ કરવા જેવું નથી. આહા..હા..! એનું ચિંતવન. ચિંતવન શબ્દે એકાગ્રતા છે હોં! ચિંતવન શબ્દે વિકલ્પની વાત નથી.

ભગવાનઆત્મા મોક્ષની પર્યાયને ધ્યાવે, ચિંતવન કરે એટલે પૂર્ણ આનંદની પર્યાયને ધ્યાવે એટલે કે પૂર્ણાનંદનો સ્વભાવ આત્મા એમાં એકાગ્ર થાય. એનું નામ પૂર્ણ મોક્ષની પર્યાયને ધ્યાવે છે. એમ કહેવામાં આવે છે. ભારે ઝીણું ભાઈ! એકલો આત્મા... આત્મા... આત્મા... આત્મા સિવાય પણ છે શું ત્યારે? તારી પાસે આત્મા સિવાય છે શું? તારી પાસે આસ્રવ નથી, કર્મ નથી, શરીર નથી. તારી પાસે તો આત્મા છે. કહો, ભીખાભાઈ! કેટલાક કહે આત્મા જ આત્મા માંડે છે. હમણા એક કો'ક બાઈ આવી હતીને. એક બાઈ આવી હતી. અહીં તો આત્માની જ વાત છે કહે. પૂજા, ભક્તિ, જાત્રા કરવાની કે એનો કાંઈ મહિમા? પણ તારી પાસે છે શું? એ કહે. અથવા તું છો શું? તું તો જ્ઞાન આનંદકંદ એવો આત્મા તું છો, તારી પાસે કે તું તો આ છો. હવે તારી એની માંડવી છે કે પુણ્ય-પાપ ને શરીર-વાણી તારા નથી એની માંડવી છે કહે? ત્યાં બેસે નહિ. તું છો કોણ કે તારી સિવાય બીજી વસ્તુની વાત કરે? પુણ્ય-પાપના વિકલ્પો એ આત્મા નથી. દેહની ક્રિયા આદિ થાય એ આત્મા નથી, એ તો જડ છે. સમજાણું કાંઈ? જાત્રામાં શરીર આદિ ચાલે એ તો જડની ક્રિયા છે. એમાં શુભ વિકલ્પ ઉઠે તો આસ્રવતત્ત્વ છે. હવે તું છો કોણ? તું તો જ્ઞાનાનંદ

શુદ્ધ સ્વભાવ એકરૂપ આત્મા. એ તો આત્મદ્રવ્ય કીધું એણે. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવી ભગવાન આત્મદ્રવ્ય. એ તું છો એની માંડવી છે કે તારે કોની માંડવી છે કહે? સમજાણું કાંઈ? કહો, ધર્મચંદજી!

મુમુક્ષુ : ...

ઉત્તર : કોણ કરે? લોકો વાત કરે. એ તો ભાવ એને આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી સ્થિરતા નથી એટલે ભાવ આવે, પણ એ ભાવ આવે એ મુક્તિનું કારણ નથી. સમજાય છે? એ બંધનું, પુણ્યબંધનું કારણ વાત એમ છે. આવે તો ખરું પૂર્ણ વીતરાગ ન થાય ત્યારે, સ્થિર ન થાય ત્યારે ભાવ તો હોય. પણ એ આત્મા નથી એટલે આત્માના સમીપમાં એ કામ કરી શકે એમ નથી. એને લક્ષે આત્માના સમીપમાં જવાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભ આસ્રવ લક્ષ કે દેહની ક્રિયા, એને લક્ષે આત્મા સમીપમાં જવાય એવું નથી એમ કહે છે અહીં તો. હવા કોની પણ? એ શુભભાવની છે. શેની હવા?

મુમુક્ષુ : હળવા.

ઉત્તર : હળવા-ફળવા. હળવો રાગ છે એમાં હળવું ક્યાં આવ્યું? એ તો વિકલ્પ છે, એ પોતે તો છે નહિ. પોતે છે નહિ એમાં હળવો ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ : ...

ઉત્તર : પણ એ તો આસ્રવતત્ત્વ પોતે છે નહિ. હવે પોતે છે નહિ અને થયું એટલે હળવો ક્યાં થયો પણ એમાં? એ તો સમૂળગો ભાર થયો. નથી એને વળગાડ્યું. વાત તો ભાઈ એવી છે જરી. સમજાણું કાંઈ? નિશ્ચય માર્ગની અંદર સિદ્ધ થઈ શકે નહિ તો એવો શુભભાવ હોય ખરો, પણ એ આત્માના સમીપમાં જવાનું કારણ નથી. સમજાણું કાંઈ?

અહીં તો આત્માની પરમાનંદની પર્યાય મોક્ષ, એનો વિચાર ધ્યાન કરવું છે. હવે એની પરમાનંદની પર્યાય એવી પોતાની પર્યાય પડી છે દ્રવ્યમાં. સમજાય છે? પડી છે દ્રવ્યમાં એમાંથી પ્રગટ કરવી છે. એ કાંઈ શુભ રાગમાં, નિમિત્તમાં એમાં ક્યાંય પડી નથી. નવનીતભાઈ! આહા..હા..! મોક્ષની પર્યાય એટલે પૂર્ણ શુદ્ધ આનંદ, જ્ઞાન આદિની પૂર્ણતા. એ પૂર્ણની પર્યાય ક્યાં રાગમાં-શુભ રાગમાં પડી છે કે એનું એક ધ્યાન કરે? ક્યાંય બહારમાં પડી છે કે એનું ધ્યાન કરે? આહા..હા..! ભગવાન આત્મામાં એ શુદ્ધ અનંતી... અનંતી... અનંતી... મોક્ષની પર્યાય બધી પડી છે અંદર. સમજાણું કાંઈ? જ્યાં છે ત્યાં નજર નાખે તો નીકળે. જ્યાં નથી ત્યાં નજર નાખે ને કેમ નીકળે? સમજાણું કાંઈ? લોકોને વ્યવહારના એકલા પક્ષકારને આકરું લાગે એવું છે.. તેથી લોકો કહે ને અરે..! વ્યવહાર લોપ થઈ જાય છે. પણ એ વ્યવહાર હોય એનો લાપ કરે અને અંદર જાય ત્યારે જ એને ધર્મ પ્રાપ્ત થાય. ત્યારે જ

એ કહેશે ૧૪મી ગાથામાં. ત્યારે પૂર્ણ થાય એનો જે વિકલ્પ હતો એ છૂટી ગયો અને જ્યારે સ્થિર થયો ત્યારે એને પૂર્ણ... એ એને વ્યવહાર કારણમાં કહેવાય. ૧૪મી ગાથાનો અર્થ આવશે. ભાઈ! વાત તો એવી છે બાપુ! આહા..હા..!

એ તું ક્યાં અધૂરો છો કે જ્યાં બીજાનું અવલંબન લેવું પડે? એમ કહે છે. તું ક્યાં અપૂર્ણ છો કે જે રાગ અને નિમિત્તના અવલંબે તારી પર્યાય પ્રગટ થાય? આહા..હા..! પણ વાત, પોતે આવું દ્રવ્ય છે એ વાત એને બેસતી નથી. મહાન પરમાત્મા છો. અનંત એક સમયની કેવળજ્ઞાનની પર્યાય અનંત ચતુષ્ટ પર્યાય, એવી અનંતી... અનંતી... અનંતી... અનંતી... પર્યાયનો જે પિંડ ગર્ભમાં પડ્યો એવો હું આત્મા છું. એકલો જ્ઞાન એટલે જ્ઞાનની એક પર્યાય ન લીધી ત્યાં. એકલું જ્ઞાન એટલે એકલો અનંત અનંત સામર્થ્યવાળો ગુણ. જેમાં અનંતા જ્ઞાન ગુણમાં અનંતી પરમાત્માની પર્યાય જેના ગુણમાં પડી છે. જ્ઞાન ગુણમાં અનંતા પરમાત્મા કેવળજ્ઞાનની પર્યાયો અનંતી થાય સાદિ-અનંત, એ બધી પર્યાયો તે જ્ઞાન ગુણમાં પડી છે. આનંદ જે પ્રગટ થાય પરમ આનંદ, આનંદ મુક્તમાં. એ એક સમયની આનંદ દશા એવી અનંત સમયની આનંદ દશા. એક આનંદ ગુણમાં એ બધી દશા પડી છે. વર્તમાન આનંદ ગુણમાં અનંત દશા પડી છે. નવનીતભાઈ! આહા..હા..!

એમ શ્રદ્ધા ગુણમાં ક્ષાયિક સમકિત જે પ્રગટે એ અનંતકાળ એમ ને એમ ક્ષાયિક સમકિત રહ્યા કરે. એવી અનંતી પર્યાય શ્રદ્ધા ગુણમાં, એવી ક્ષાયિક સમકિતની અનંતી પર્યાય શ્રદ્ધા-ગુણમાં પડી છે. ગુણ કોને કહે? અને એવા ગુણનું એકરૂપ તે દ્રવ્ય. આહા..! એક સ્વભાવ કહ્યો હતોને? રાતે પ્રશ્ન થાતો હતોને ઘણો. સમજાણું કાંઈ? એક્કો-એક્કો. એક્કો તમારે છે કે નહિ? ગંજીપા. શું કહેવાય એ? જીતી જાય. આ શું કહેવાય તમારે રમવાનું? ગંજીપો. ગંજીફરાક થઈ ગયું. પહેરવાનું ગંજીફરાક અને ઓલો ગંજીપો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એક્કો જ્યાં એક્કો છે આ. એમ કહે છે અહો..! જેના એક-એક ગુણ અનંત પર્યાય પ્રગટ કરવાના સામર્થ્યવાળો અને એથી પણ અનંત ગુણ બીજું સામર્થ્ય શક્તિવાળું. એવા અનંત ગુણનું એકરૂપ પ્રભુ એના સમીપમાં ગયા વિના મુક્તિની પર્યાય જ્યાં છે ત્યાંથી આવશે ક્યાંથી? છે તો ત્યાં. વ્રત દયા, દાન આદિ વિકલ્પ છે એમાં એ પડી છે પર્યાય કે એના લક્ષે ત્યાં આવે?

ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ એને અહીંયાં પરમાત્મા કહે છે. એમાં એકાકાર મન, વચન, કાય ગુપ્તિનો અર્થ? જે વિકલ્પો અહીં છે મન, વચન, કાયના. એનાથી આમ, કોઈ કહે, ત્રિગુપ્તિ એ તો કોઈ મુનિને થઈ જાય વળી એમ કહે છે. એ તો આવે અહીંનો અર્થ જે વિકલ્પો મન, વચન, કાયા સંબંધીના વિકલ્પ છે. એનાથી હટીને આ બાજુમાં ચડ્યો એ

ત્રિગુપ્તિમાં આવી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! વસ્તુ તદ્દન અનંત ગુણનો પિંડ પ્રભુ, એના જ્યાં અંતર એકાગ્રમાં આવ્યો, કહે છે કે એ ત્રિગુપ્તિરૂપ સમાધિ થઈ જાય છે. આહા..હા..! સમજાણું? આમ પરમ સમાધિ અને ત્રિગુપ્તિ મોટા શબ્દ સાંભળીને જાણે એ તો કોઈ ઊંચે થાતું હશે આગળ. એ ભગવાન આત્મા અખંડ પરમાત્મા પરમ પ્રતાપી પ્રભુ એના પ્રતાપની પ્રતીત, જ્ઞાન અને રમણતા એમાં ત્રિગુપ્તિરૂપી શાંતિ છે. એવા સમયે અપના શુદ્ધ આત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે. જોયું? એ કાળે એમ કહે. કાળે એટલે? આડેઅવળે કાળે વિકલ્પના વિચાર આવે એ કાળે એ આત્મા ધ્યાન કરવા યોગ્ય ન થયો ત્યાં. સમજાણું કાંઈ? એ સ્વરૂપ તરફની એકાગ્રતાને કાળે જ તે આત્મા ધ્યાન કરવા યોગ્ય થયો, એમ કહે છે. આત્મા એ ધ્યાન કરને યોગ્ય થયો ત્યારે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'મોક્ષકે સિવાય કોઈ ભી વસ્તુ સુખકા કારણ નહીં હૈ, ઈસ કારણ તૂ નિયમસે એક મોક્ષકા હી ચિંતવન કર, જિસે કિ મહામુનિ ભી ચિંતવન કરતે હૈં.'** નવમીનો અર્થ. **'परम एकं तम् एव' 'परम एकं तम् एव'** મહા શબ્દો છે બધા.

**ભાવાર્થ :- 'શ્રીયોગીન્દ્રાચાર્ય પ્રભાકરભટ્ટસે કહતે હૈં...'** 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ હતા. મહા દિગંબર સંત આત્મ ધ્યાનમાં મસ્ત. અતીન્દ્રિય આનંદમાં મસ્ત જંગલમાં નગ્ન મુનિ. એ પોતાના શિષ્યને દિગંબર આચાર્ય કહે છે. શિષ્યે પુછ્યું હતું પ્રભુ! મને એવું બતાવો, મને મુક્તિ બતાવો, મોક્ષનો માર્ગ બતાવો અને મોક્ષનું ફળ બતાવો, બસ ત્રણ. એમાં આ મોક્ષની વ્યાખ્યા કરે છે. પણ મોક્ષની વ્યાખ્યા કરતા મોક્ષ ધ્યાવવા યોગ્ય છે એમ કહેતા એનો માર્ગ પણ સાથે બતાવી દીધો. આપણને માર્ગ બતાવશે પછી હજી. સમજાણું? **'શ્રીયોગીન્દ્રાચાર્ય પ્રભાકરભટ્ટસે કહતે હૈં...'** દિગંબર મહા સંત પરમાત્માને આરાધનારા. **'કિ હે વત્સ!...'** હે શિષ્ય! **'મોક્ષકે સિવાય...'** પરમાનંદની પરિણતિરૂપી મોક્ષ એના સિવાય **'અન્ય સુખકા કારણ નહીં હૈ,...'** એના સિવાય કોઈ સુખનું કારણ નથી એટલે કે મોક્ષ હો સુખ એમ. **'ઔર આત્મ-ધ્યાનકે સિવાય અન્ય મોક્ષકા કારણ નહીં હૈ,...'** બે શું કીધું એ? પૂર્ણાનંદરૂપી પર્યાય સિવાય બીજે સુખ નહિ અને આત્મ-ધ્યાન સિવાય મોક્ષનું કારણ નહિ. સમજાણું કાંઈ? ... વાત ભાવનાની છેને એટલે વારંવાર એના બીજા અનેક પડખેથી વાત કહે.

આ કહે છે, મોક્ષ સિવાય અન્ય સુખસ્વરૂપ નથી એમ. મોક્ષ સિવાય કોઈ સુખસ્વરૂપ નથી અને આત્મ-ધ્યાન સિવાય મોક્ષનું કારણ નથી એમ. પૂર્ણાનંદની મોક્ષ પર્યાય એ સિવાય ક્યાંય સુખ નથી અને આત્માના ધ્યાન સિવાય કોઈ સુખનું, મોક્ષનું કારણ નથી. સમજાય છે કાંઈ? એ ચોથે ગુણસ્થાનથી માંડીને વાત છે હોં આ. વળી કોઈ કહે, આ ધ્યાન વળી

આઠમે થાતા હશે અને ફલાણે થાતા હશે. અત્યારે તો એ મંડ્યા છે બધા વ્યવહાર મોક્ષમાર્ગ. શું કરે? લઈને બેઠા હવે નીકળ્યો બીજો માર્ગ. આ બહારના વ્રત અને એમાં... થઈ રહ્યું જાવ. બાપુ! તું જ્યાં છો તને કાળ લાગુ પડતો નથી. કે એને ચોથે આરે બીજો માર્ગ હોય અને પાંચમે માર્ગ બીજો હોય એમ છે નહિ, એમ કહે છે. અને ચોથે આરે વળી નિર્વિકલ્પથી મોક્ષ થાય, અત્યારે સવિકલ્પથી મોક્ષમાર્ગ શરૂ થાય-એમ માર્ગની રીત પણ બીજી નથી અને કાળે ફેરે કોઈ માર્ગ બીજો થતો નથી. જુઓને બે જ કારણ કહ્યા. '**મોક્ષકે સિવાય અન્ય સુખકા કારણ નહીં હૈ,...**' એટલે મોક્ષ સિવાય બીજે ક્યાંય સુખ નથી એમ. '**ઔર આત્મ-ધ્યાનકે સિવાય અન્ય મોક્ષકા કારણ નહીં હૈ,...**' ઓહો..હો..! એમાં ધ્યેય આત્માને બનાવવું એવી જે ધ્યાનની પર્યાય એ જ મોક્ષનું કારણ છે. જેમાં પરમ આનંદ પડ્યો છે. જે શક્તિરૂપે મોક્ષ પોતે છે એને ધ્યેય બનાવીને જે પર્યાય ધ્યાનની થાય એ ધ્યાન જ મોક્ષનું કારણ છે. આહા..હા..! આકરું પડે એટલે માણસ પછી બીજું ગોતવા માંડે ક્યાંક. બીજું કોઈ મળે? બીજું કાંઈ મળે?

'**ઈસલિયે તૂ વીતરાગનિર્વિકલ્પસમાધિમેં ઠહરકર...**' જેટલે અંશે રાગ રહિત થયો એટલે અંશે વીતરાગ થયો અંતર દૃષ્ટિમાં. નિર્વિકલ્પ અભેદ શાંતિ, સ્વભાવ સાથે એકરૂપ શાંતિ. વીતરાગ એક સમાધિમેં ઠહરકર, '**નિજ શુદ્ધાત્મ સ્વભાવકો હી ધ્યા.**' એક નિજ સ્વભાવ ભગવાન એનું જ ધ્યાન કર. તારા ચૌદ પૂર્વ અને બાર અંગનો આ સાર છે. સમજાણું કાંઈ? '**યહ શ્રીગુરુને આજ્ઞા કી.**' લ્યો! ગુરુએ આ આજ્ઞા કરી. ભાઈ! તારા આનંદ સ્વરૂપનું ધ્યાન કર. એમાં ચિત્તને સમાડી દે. '**તબ પ્રભાકરભટ્ટને બિનતી કી, હે ભગવન્! તુમને નિરંતર અતીન્દ્રિય મોક્ષ-સુખકા વર્ણન કિયા હૈ,...**' આપ તો અતીન્દ્રિય મોક્ષના સુખનું જ વર્ણન કરો છો.

'**સો યે જગતકે પ્રાણી અતીન્દ્રિય સુખકો જાનતે હી નહીં હૈં,...**' લ્યો! ...ભાઈ! '**ઈન્દ્રિય સુખકો હી સુખ માનતે હૈં.**' આ ધૂળ, ઈન્દ્રિયો, વિષય, ભોગ, પૈસા, શરીર, માંસ, હાડકા એમાં મજા, મજા એમ ઈન્દ્રિય સુખમાં અજ્ઞાની સુખ માને છે. અતીન્દ્રિય સુખની આપ વાત કરો છો. લોકોને શી રીતે સમજાય કે અતીન્દ્રિય સુખ હશે જગતમાં? આ બધું ભાળીએ છીએ અમે તો, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. સમજાણું? માવા અને મેવા અને પડ્યા હોય આમ બધા આમ. આહા..હા..! આમ અંદર ખાતો હોય અને પીતો હોય અને ક્રિયા થાતી હોય જડની. એ તો ક્રિયા હોં! પણ એમાં એને મજા દેખાય છે. ભારે મજા છે. આ શરીરના ભોગ માંસના, હાડકાના. એમ એ લક્ષ જઈને એ ભોગની ક્રિયા જડની. એમાં લક્ષ જઈને કહે આહા..હા..! ભારે મજા. પ્રભુ! અમે તો ઈન્દ્રિય સુખને જાણીએ

છીએ. જગતના પ્રાણી તો ઈન્દ્રિય સુખને જાણે છે. તમે વળી અતીન્દ્રિય સુખની વાત કરો છો એ તે શું હશે? ગાંડો થઈ જાય ઘડીકમાં તો. ત્યાં પાગલ થઈ જાય કે પાંચ કરોડ આવ્યા, પાંચ કરોડ આવ્યા. એટલે પાંચ કરોડ .. મરી ગયો. ગાંડો થઈ જાય ગાંડો. એક બાઈને બાર હજાર આવ્યા લોનમાં. રૂપિયો ભર્યો હશે અને બાર હજાર આવ્યા. બાર હજાર. આહા..હા..! ગાંડી થઈ ગઈ. એ ગાંડા થઈ ગયા છે આ બધાય. એ બહુ પાગલ દેખાય, બીજું શું? આ જરી સૂક્ષ્મ દૃષ્ટિએ જોવે તો પાગલ દેખાય છે. સમજાણું કાંઈ? પૈસા, બાયડી, છોકરા, કુટુંબ, રાજ, પાટ એની પાછળ ગાંડા થયા છે કહે છે. ગાંડા સમજ્યા? પાગલ. પાગલ-પાગલ છે. એ ધર્મચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એણે કોઈ દિ' બીજી ચીજ શું છે એ સાંભળી નથી. સાંભળી એને કહેવાય કે વારંવાર એ શું ચીજ છે એના ખ્યાલમાં આવી જોઈએ. સમજાણું કાંઈ? અનાદિ નિગોદથી માંડીને આ અનુભવ. નિગોદથી માંડીને એની જ્ઞાનની પર્યાય ઈન્દ્રિય આધીન કામ કરે. આમ તો કોઈ દિ' શું છે એ તો જોયું નથી. અને જોવા જેવું છે એવું સાંભળ્યું નથી બરાબર. બરાબર સાંભળ્યું નથી એમ. સમજાણું કાંઈ? એટલે ઈન્દ્રિયસુખ જગતને દુઃખ છે તેને સુખ માનીને બેઠા છે.

તો કહે છે. '**ઈન્દ્રિય સુખકો હી સુખ માનતે હૈં. તબ ગુરુને કહા કિ હે પ્રભાકરભટ્ટ! કોઈ એક પુરુષ...**'નું સાંભળ. તને અતીન્દ્રિય સુખનો જરીક સ્થૂળ ન્યાય આપું ન્યાય. '**એક પુરુષ જિસકા ચિત્ત વ્યાકુલતા રહિત હૈ,...**' અત્યારે વ્યાકુળ નથી બેઠો નિરાંતે. '**પંચેન્દ્રિયકે ભોગોંસે રહિત અકેલા સ્થિત હૈ,...**' બેઠો. '**ઉસ સમય કિસી પુરુષને પૂછા કિ તુમ સુખી હો.**' કેમ ભાઈ! ઠીક છે? મજા છે. મજામાં છે. મજા છે. '**તબ ઉસને કહા કિ સુખસે તિષ્ટ રહે હૈં,...**' બેઠા છે સુખે. એય..! બેઠા છે. અત્યારે ચિંતા કઈ જાતની. કોઈ ફિકર નથી, કોઈ ફરજ નથી, કોઈ ફિકર નથી, મારે માટે આટલું કામ કરવું (એવી) કોઈ ફરજ નથી. બસ નિરાંતે. '**ઉસ સમય પર વિષય-સેવનાદિ સુખ તો હૈ હી નહીં,...**' કોઈ ઈન્દ્રિયનું કહેશે ખુલાસો નીચે. '**ઉસને યહ ક્યોં કહા કિ હમ સુખી હૈ?**' આંખનો વિષય નથી, કાનનો સાંભળતો નથી, ખાતો નથી, સૂંઘતો નથી, સ્પર્શ ભોગવતો નથી. પાંચ ઈન્દ્રિયના ભોગ તો છે નહિ. બેઠો છે અમથો.

'**ઉસને યહ ક્યોં કહા કિ હમ સુખી હૈં. ઈસલિએ યહ માલૂમ હોતા હૈ, સુખ નામ વ્યાકુલતા રહિતકા હૈ,...**' જેટલે અંશે આકુળતા સ્થૂળ પણે નથી એટલે અંશે આકુળતા રહિત છું એમ એ માને છે. આટલું દૃષ્ટાંત સિદ્ધ કરવું છે. '**સુખકા મૂલ નિર્વ્યાકુલપના**

**હૈ,...'** સુખનું મૂળ કારણ તો વ્યાકુળતા રહિત છે. **'વહ નિર્વ્યાકુલ અવસ્થા આત્મામેં હી હૈ,...'** એ આત્મામાં છે નિરાકુળતા. **'વિષય-સેવનમેં નહીં.'** જો હવે કહે છે ઓલા પુરુષનો દાખલો. **'ભોજનાદિ જિહ્વા ઇન્દ્રિયકા વિષય ભી ઉસ સમય નહીં હૈ,...'** એની પાસે. ખાતો નથી બેઠો છે અમથો. મેવો કે એ માવો ખાતો નથી બેઠો છે. સમજાણું? આમ તો વળી કાજુકળીયા આમ ખાતો હોય છે. હવે તો એ પણ નથી કાંઈ. આ 'ભાવનગર'માં કાજુકળીયા બહુ ખાતા ભાઈ. ખાવાનું તો અમુક ટાણે ખાય કાજુકળીયા ખીસ્સામાં રાખતા. ભાવસિંહજી હતાને. અમે તો નાની ઉંમરમાં બધું સાંભળેલુંને. કોટ હોય શું કહેવાય પહેરવાનું કોટ પાટલૂન આવે. ખીસ્સામાં કાજુકળીયા રાખે. સમજાણું કાંઈ? કાજુકળીયા જ કહે છેને? આ બેઠો છે, કાજુકળીયા ખાતો નથી.

**'સ્ત્રીસેવનાદિ સ્પર્શકા વિષય નહીં હૈ,...'** સ્ત્રી જોડે બેઠી નથી, એકલો બેઠો છે. કોઈ .. યાદ પણ નથી કાંઈ. સમજાય છે? **'ઔર ગંધમાલ્યાદિક નાકકા વિષય ભી નહીં હૈ,...'** ફુલ-બુલના હાર પણ પહેર્યા નથી. અમથો બેઠો છે. **'દિવ્ય સ્ત્રિયોંકા રૂપ અવલોકનાદિ નેત્રકા વિષય ભી નહીં,...'** સામે કોઈ વેશ્યા કે એની સ્ત્રી પણ ઉભી નથી કે જે આમ નજર કરીને રૂપ જોવે. **'ઔર કાનોંકા મનોજ્ઞ ગીત વાદિત્રાદિ શબ્દ વિષય ભી નહીં હૈં,...'** પણ વાગતું નથી ત્યાં કે એનું લક્ષ જાય. બેઠો અમથો કાંઈ. કોઈ પાંચ ઇન્દ્રિયના વિષયોનો સંયોગ નથી. **'ઇસલિયે જાનતે હૈં કિ સુખ આત્મામેં હી હૈ.'** લ્યો! એમ જાણીએ છીએ પાંચ ઇન્દ્રિયના વિષયના અભાવ સહિત બેઠેલો સુખી માને છે. એનો અર્થ કે વ્યાકુળતા રહિતમાં સુખ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મન..

ઉત્તર :- મનનું અહીં ક્યાં કામ છે અહીં? મનનું હોય તો મૂળ આનંદમાં જાય. આ તો દાખલો છે. મનમાં વિકલ્પ ન હોય તો મૂળ આનંદમાં જાય. આ તો દાખલો સિદ્ધ કરવો છેને? દાખલામાં મન બતાવતા અતીન્દ્રિય આનંદ થઈ ગયો. ત્યાં તો તો મૂળ આનંદ આ દાખલો છે એનો સિદ્ધાંત તો ઓલો કરવો છે. મનમાં વિકલ્પ વિનાનો છે? સમજાણું કાંઈ?

અહીં તો પાંચ ઇન્દ્રિય સંબંધીનું બતાવે છે એટલે એનાથી ઇન્દ્રિય સિવાય અતીન્દ્રિય પછી. એ અતીન્દ્રિયનો જરી એક અંશ બતાવ્યો એમાં. મન પણ અતીન્દ્રિય છે એક ન્યાયે. બહારની આકુળતા નથી તો વ્યાકુળતા રહિત બેઠો છે. એટલે એ વિષય વેપારથી રહિત છે. કહે છે, **'જો એકાદેશ વિષય-વ્યાપારસે રહિત હૈં,...'** અહીં તો ઇન્દ્રિયનો વેપાર પણ અતીન્દ્રિય કહેવું છેને ભાઈ! એટલે જરી દાખલો એટલો આપ્યો એ બરાબર આપ્યો છે.

મુમુક્ષુ :- મનનો નથી આપ્યો.

ઉત્તર :- મનનો શેનો આપે? મનના વિકલ્પ તો નથી, મનના વિકલ્પ નથી એને. એ તો સિદ્ધાંત સિદ્ધ કરવો છે એ તો. સમજાણું કાંઈ? આહા..! એક અંશે કાંઈ ન મળે. ખાતો નથી, પીતો નથી, જોતો નથી, જાગતો નથી, સ્પર્શતો નથી. બેઠો છે. તો કહે છે કે સુખી છું એનો અર્થ શું? પાંચ ઈન્દ્રિયના વિષયનો ભાગ ભોગનો તો દેખાતો નથી જરી. છતાં કહે છે સુખી છું. તો એનો અર્થ થયો કે એટલા પાંચ ઈન્દ્રિય તરફના ભોગની વાસના વિનાનો છે એટલી વ્યાકુળતા વિનાનો, એટલી આકુળતા વિનાનું સુખ છે એમ. કેટલાક ક્ષણનું. સમજાણું કાંઈ?

'**ઉનકે એકોદેશ થિરતાકા સુખ હૈ, તો વીતરાગ નિર્વિકલ્પસ્પસંવેદન જ્ઞાનિયોંકે સમસ્ત પંચ ઈન્દ્રિયોંકે વિષય...**' હવે આવ્યું જુઓ! '**ઔર મનકે વિકલ્પ-જાલોંકી રુકાવટ...**' અહીં તો સિદ્ધાંત એ સિદ્ધ કરવો છે. જેની પાંચ ઈન્દ્રિયો તરફની પ્રવૃત્તિ નથી એટલા પૂરતો એ વ્યાકુળતા રહિત દેખાય છે. તો જેને પાંચ ઈન્દ્રિય અને મનના વિકલ્પ રહિત... સમજાણું કાંઈ? '**મનકે વિકલ્પ-જાલોંકી રુકાવટ હોને પર વિશેષતાસે નિર્વ્યાકુલ સુખ ઉપજતા હૈ.**' વિશેષ ઓલું સામાન્ય કહ્યું. પાંચ ઈન્દ્રિયો તરફનું લક્ષ નથી એટલે... આ રળવું છે કે એ પણ નથી એને એ વખતે આ ભોગનું. અંદર વિકલ્પ ભલે અમુક હોય, પણ અહીં જે આ જાવું છે, આ કરવું છે એ બધું નથી. એટલી તો નિર્વ્યાકુલતા એક અંશે ઈન્દ્રિય સંબંધીના ભોગના અભાવરૂપમાં એક અંશે નિરાકુળતાનો સિદ્ધાંત સિદ્ધ થયો. સમજાણું?

તો જેને રાગ રહિત, મનનો પણ રાગ નહિ જ્યાં હવે. કારણ કે મન ઈન્દ્રિયોમાં કામ કરતું ને આમ? એ મનના વિકલ્પ રહિત વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન—રાગ રહિત પોતાના જ્ઞાનના વેદનમાં, પોતાના જ્ઞાનના વેદનમાં આવ્યો. ઈન્દ્રિયો તરફનું તો નથી, પણ મન તરફ ઈન્દ્રિયો જે મન વિના કામ નથી કરતી એ મનના વિકલ્પો પણ ગયા અને એના રહિત આત્માની અંદરમાં એકાગ્ર થયો, ત્યારે તો અભેદ સ્વસંવેદન થયું. એક આત્માના જ્ઞાનનું જ્ઞાન થયું. આત્માના જ્ઞાનનું વેદન રહ્યું. આત્માના જ્ઞાનનું અનુભવનું વેદન, આત્માના એ સ્વ વિષયનું વેદન રહ્યું, પર વિષયનું વેદન ગયું. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો અંશ સિદ્ધ કરે છે.

'**જ્ઞાનિયોંકે સમસ્ત પંચ ઈન્દ્રિયોંકે વિષય ઔર મનકે વિકલ્પ-જાલોંકી રુકાવટ હોને પર વિશેષતાસે નિર્વ્યાકુલ સુખ ઉપજતા હૈ.**' ઓલો સામાન્ય દાખલો આપ્યો હતો, અંતરમાં રાગ રહિત સ્વરૂપના સમીપમાં એકાગ્ર થતાં વિશેષપણે અતીન્દ્રિય સુખની

પ્રાપ્તિ થાય છે. એ અતીન્દ્રિય સુખને સિદ્ધ કરે છે. '**ઈસલિયે યે દો બાતેં પ્રત્યક્ષ હી દૃષ્ટિ પડતી હૈં. જો પુરુષ નિરોગ ઔર ચિંતા રહિત હૈં,...**' ઓલો પહેલો દાખલો એની વાત કરે છે. '**ઉનકે વિષય-સામગ્રીકે બિના હી સુખ ભાસતા હૈ,...**' એક બોલ. સાથે છેને કહે પ્રત્યક્ષ. '**ઔર જો મહામુનિ શુદ્ધોપયોગ અવસ્થામેં ધ્યાનારૂઢ હૈં, ઉનકે નિર્વ્યાકુલતા પ્રગટ હી દિખ રહી હૈ,...**' લ્યો! બે સિદ્ધાંત સિદ્ધ થઈ ગયો આખો. સમજાણું કાંઈ?

નિરોગ ઔર ચિંતા રહિત બે સાથે લીધી વાત. સમજાણું? નિરોગપણું સુખનું કારણની વાત અહીં બતાવવી નથી હોં! પણ એમ કે કાંઈ ઓલું રોગનું હોય તો તો એની ઉપાધિ હોય તો આ દવા કરું કે ફલાણું કરું. એમ. પાંચ ઈન્દ્રિયના વિષયો નથી એમ. ભૂખ્યો હોય તો ભૂખનું ઓલું હોય. આ તો ખાયને બેઠો છે અને હમણા છ કલાકે ખાવું નથી. ૧૦ વાગે ખાધું હોય તો સાંજે ખીચડી કઢી ખાવી હોય. એ એની વિચારણા પણ અહીં હોય નહિ કલાક-બે કલાક. કહે છે કે બે દાખલા સિદ્ધ થઈ ગયા. એક તો નિરોગ અને ચિંતા રહિત એક વિષય સામગ્રી વિના પણ સુખ દેખાય છે એને. ઉસ વ્યાકુલતા, એમ. '**મહામુનિ શુદ્ધોપયોગ અવસ્થામેં ધ્યાનારૂઢ હૈં,...**' બિલકુલ આકુળતા રહિત. '**ઉનકે નિર્વ્યાકુલતા પ્રગટ હી દિખ રહી હૈ, વે ઈન્દ્રાદિક દેવોંસે ભી અધિક સુખી હૈં.**' એ તો દૃષ્ટાંત આપ્યો હોં! ઈન્દ્રોને સુખ છે એ સુખ નથી એ તો ઝેર છે, રાગ છે. ઈન્દ્રોને, પૈસાવાળાને- આ ધૂળવાળાને સુખ છે એ તો રાગનું સુખ છે. રાગ એટલે ઝેર છે, પણ આ આત્માનું સુખ છે એ એનાથી વિશેષ બતાવવામાં ઓલું માપ કાઢે છે. આ સાધારણ છે અને ઓલું તો અલૌકિક છે. '**ઈન્દ્રાદિક દેવોંસે ભી અધિક સુખી હૈં.**' સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈન્દ્રાદિ જેવું. અહીં તો આત્માની વાત લેવી છે. આત્માની વાત. ઓલો તો દાખલામાં ગયા. અહીં તો આત્માની વાત લેવી છે. એની ક્યાં વાત થાય છે? 'વે' એટલે આત્મા. એનું શું કામ છે અત્યારે? .. સુખ કે દિ' હતું? અહીં તો એક સુખ બહારની પાંચ ઈન્દ્રિયોના વિષયોથી રહિત છે એટલો આકુળતાનો અંશ બતાવીને આકુળતા રહિત છે. નિરાકુળ સુખ છે આત્માનું જે ઈન્દ્રોને પણ નથી એમ. સમજાણું કાંઈ? ઓલો ક્યાં ન્યાં ઈન્દ્ર જેવો સુખી હતો?

'**ઈસ કારણ જબ સંસાર અવસ્થામેં હી સુખકા મૂલ નિર્વ્યાકુલતા દિખતી હૈ,...**' સંસારમાં પણ એટલા અંશે વ્યાકુળતા રહિત સુખ દેખાય છે '**તો સિદ્ધોંકે સુખકી બાત હી ક્યાં હૈ?**' તો મુનિઓને અહીં સંસાર અવસ્થામાં પણ જરી જેટલો આમ રાગ રહિત

થઈ ખસીને અંતર ઉપયોગમાં આવ્યો, એટલો આનંદ દેખાય છે, (તો) પૂર્ણાનંદની શું વાત કરવી? સમજાણું કાંઈ? '**સિદ્ધોંકે સુખકી બાત હી ક્યાં હૈ? યદ્યપિ વે સિદ્ધ દૃષ્ટિગોચર નહીં હૈં,...**' અનુમાનથી વાત કરે છે હવે. '**તો ભી અનુમાન કર એસા જાના જાતા હૈ, કિ સિદ્ધોંકે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ નહીં,...**' જુઓ! એક આત્મા છે એને જડકર્મ નથી, વિકલ્પના ભાવકર્મ નથી અને શરીર નથી. '**તથા વિષયોંકી પ્રવૃત્તિ નહીં હૈ,...**' ત્રણનો સંબંધ નથી, વિષયની પ્રવૃત્તિ નથી. '**કોઈ ભી વિકલ્પ-જાલ નહીં હૈ,...**' મનની જાળ છે નહિ. '**કેવલ અતીન્દ્રિય આત્મીક-સુખ હી હૈ,...**' આથી સિદ્ધને અનંત સુખ છે એમ સિદ્ધ થાય છે, એમ કહે છે. '**વહી સુખ ઉપાદેય હૈ,...**' લ્યો! એ જ આનંદ આત્માને આદરણીય છે. ધર્મી જીવને એક આનંદ આ જ આદરણીય. '**અન્ય સુખ સબ દુઃખરૂપ હી હૈં.**' ચાર ગતિના સુખો કલ્પનાના એ તો દુઃખ, દુઃખ અને દુઃખ છે. '**જો ચારોં ગતિયોંકી પર્યાયેં હૈં, ઉનમેં કદાપિ સુખ નહીં હૈ. સુખ તો સિદ્ધોંકે હૈ,...**' પરમાત્મા પૂર્ણાનંદમાં જ્યાં વિકલ્પ-જાળ નહિ, પાંચ ઇન્દ્રિયના વિષય નહિ, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ નહિ. એકલા રહેલાને સુખ છે એમ કહેવું છે. એકલા રહેલાને સુખ છે. એમ અહીં એકલો વિકલ્પ રહિત થાય તો એને સુખ છે. સમજાણું?

'**યા મહામુનીશ્વરોંકે સુખકા લેશમાત્ર દેખા જાતા હૈ,...**' આ અતીન્દ્રિય પૂર્ણને સિદ્ધ કરવા માટે. મહા ધર્માત્માને અંદર અતીન્દ્રિય આનંદનો લેશ અનુભવમાં આવે છે, તો પરમાત્માને પૂર્ણાનંદ (હોય). '**દૂસરેકે જગતકી વિષય-વાસનાઓંમેં સુખ નહીં હૈ...**' એવા બીજા .. ચક્રવર્તી કે ઇન્દ્રો એમાં ક્યાં વાસનામાં સુખ નથી. '**એસા હી કથન શ્રીપ્રવચનસારમેં કિયા હૈ.**' ભગવાન 'કુંદકુંદાચાર્ય' '**કિ જો શુદ્ધોપયોગકર પ્રસિદ્ધ એસે શ્રીસિદ્ધપરમેષ્ઠી હૈં,...**' શુદ્ધોપયોગથી પ્રસિદ્ધ થયેલા, પ્રગટ થયેલા. પુણ્ય-પાપના અશુદ્ધ ઉપયોગથી રહિત. પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ ઉપયોગ છે, અશુદ્ધ આચરણ છે. એ અશુદ્ધ આચરણ રહિત, શુદ્ધ શુદ્ધોપયોગનું આચરણરૂપ સિદ્ધ ભગવાન પરમેષ્ઠી સિદ્ધ પરમેષ્ઠી હૈ.

'**ઉનકે અતીન્દ્રિય સુખ હૈ, વહ સર્વોત્કૃષ્ટ હૈ, ઔર આત્મજનિત હૈ,...**' એ આવ્યું હતું કાલે. એ આત્માના આનંદથી ઉત્પન્ન થયેલું એટલે આનંદની સાથે સદાય આત્માની સાથે રહેનારું. '**તથા વિષય-વાસનાસે રહિત,...**' ભગવાન આત્માનું સુખ છે. આ મોક્ષની મહિમા બતાવે છે. એવું મોક્ષ તારે ધ્યાન કરવા લાયક છે, એ મોક્ષનું ધ્યાન એટલે કે આત્મામાં એકાગ્ર થવા લાયક છે. એમ. '**અનુપમ હૈ,...**' એ ભગવાનઆત્માને સુખ ઉપમા વિનાનું અતીન્દ્રિય છે. લ્યો! '**જિસકે સમાન સુખ તીન લોકમેં ભી નહીં હૈ,...**' સિદ્ધના અતીન્દ્રિય સ્વભાવી સ્વસમીપથી પ્રગટેલું એવા સુખની ઉપમા ત્રણ લોકમાં કોઈ જીવની એને હોઈ શકે

નહિ. આહા..હા..!

**'જિસકા પાર નહીં...'** જેના અતીન્દ્રિય આનંદનો પાર શેનો હોય પણ? પોતાની આત્માની પર્યાયથી પ્રગટેલો અને એ પર્યાય અપાર છે... અપાર છે... અપાર છે... પાર શું? જ્યાં સ્વભાવનો અંશ છે, ત્રિકાળ સ્વભાવ જ્યાં અપાર છે, એ પર્યાય સ્વભાવનું સુખનું કામ જ તે અપાર છે. એક સમયના અતીન્દ્રિય સુખના સ્વભાવનું અપાર (સુખ. એની). હદ શી? **'એસા બાધારહિત સુખ...'** એવું વિઘ્ન વિનાનું સુખ, **'સિદ્ધોંકે હૈ.'** માટે મોક્ષમાં સુખ છે, માટે મોક્ષના સુખને ઉપાદેય માનવાવાળા એણે ભગવાન આત્માને ઓળખીને તેનું ધ્યાન કરવું. એણે મોક્ષને ઉપાદેય માન્યો કહેવાય છે. નહિતર પુણ્ય-પાપને આદરણીય માનીને રખડે એને આર્તધ્યાન ને રૌદ્રધ્યાન થાય છે. મોક્ષનું ધ્યાન કરે એને આત્માનું ધ્યાન થાય છે. એને સમ્યગ્જ્ઞાન, દર્શનનું ધ્યાન થતાં એને મુક્તિનું કાર્ય પ્રગટ થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૪, મંગળવાર, તા. ૨૧-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૦ થી ૧૩, પ્રવચન-૮૨**

**'આગે જિસ મોક્ષમેં એસા અતીન્દ્રિયસુખ હૈ, ઉસ મોક્ષકા સ્વરૂપ કહતે હૈં -'** હે પ્રભાકરભટ્ટ! એમ કહે છે.

૧૩૬) जीवहँ सो पर मोक्खु मुणि जो परमप्पय-लाहु।
कम्म-कलंक-विमुक्काहँ णाणिय बोल्लहिँ साहू।।१०।।

આત્મા, વસ્તુસ્વરૂપે તો આત્મા અતીન્દ્રિય સુખની શક્તિ સ્વરૂપ છે. આત્મા વસ્તુ પોતે શક્તિ સ્વરૂપે અતીન્દ્રિય સુખ અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એ. શક્તિરૂપે એના સત્વરૂપે. પણ એના અતીન્દ્રિય આનંદની દશાની પર્યાય પ્રગટ મોક્ષ દશામાં થાય છે. સમજાય છે કાંઈ? શક્તિરૂપે જે અતીન્દ્રિય આનંદ આત્મા છે એની પ્રગટતા મોક્ષ પર્યાયમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદની દશા થાય છે. તેથી કહે છે કે અતીન્દ્રિય સુખ મોક્ષનું સ્વરૂપ કહે છે.

**અન્વયાર્થ :- 'જો કર્મરૂપી કલંકસે રહિત જીવોંકો જો પરમાત્મકી પ્રાપ્તિ હૈ...'** જુઓ! મોક્ષની વ્યાખ્યા. વિકાર અને વિકલ્પ રહિત આત્મા શક્તિરૂપે અતીન્દ્રિય આનંદમય છે. તેની પર્યાયમાં પૂર્ણ આનંદની પર્યાયની પ્રાપ્તિ એને પરમાત્માનો લાભ થયો એમ કહેવામાં

આવે છે. સમજાણું કાંઈ?

પરમાત્મા શક્તિરૂપે તો પોતે પરમાત્મા અતીન્દ્રિય આનંદ છે, પણ પુણ્ય-પાપના વિકલ્પ અને કર્મ રહિત થઈ અને એ શક્તિમાં એકાગ્રતા થતાં જે પરમાત્માની પૂર્ણ પર્યાયનો લાભ, એમાં અતીન્દ્રિય આનંદનો લાભ એને પરમાત્માનો લાભ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અનાદિથી પુણ્ય-પાપના વિકારનો લાભ છે. વિકારનો લાભ અને એ લાભમાં ભ્રાન્તિ છે કે એ મને સુખ છે. એવું જે આત્માના સ્વરૂપથી વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ એ આત્માને દુઃખરૂપ દશાની પ્રાપ્તિ છે એનું નામ સંસાર છે. અને આત્માને પૂર્ણાનંદનું સ્વરૂપ એનું જે છે અંતર એની શક્તિની વ્યક્તતા અંતર્મુખ થઈને પ્રગટ દશાનું થવું એને પરમાત્માનો લાભ, અતીન્દ્રિય સુખનો લાભ (કહે છે). એવું મોક્ષનું સ્વરૂપ અતીન્દ્રિય સુખમય છે એનો એને લાભ થયો એમ કહેવામાં આવે છે. જુઓ, લાભ તો કીધો આ. દુનિયા નથી કહેતા કે લાભ સવાયા વાતું નથી કરતા? આ ધૂળ-બૂળ મળેને પાંચ, પચાસ લાખ, એક કરોડની. શું કહે છે? લાભ-લાભ. લક્ષ લાભ લ્યો! એનો લક્ષ ત્યાં હતું તો લાભ થયો ધૂળમાં.

મુમુક્ષુ :- લાખના એમ.

ઉત્તર :- લાખ હવે લાખની અત્યારે ક્યાં ગણતરી હતી અત્યારે તો? અત્યારે તો કરોડો અને મોટો પચાસ કરોડ અને લાખ અને ધૂળને બધા આંકડા મોટા ગણવા મંડ્યા છે મોટા. કહે છે કે એનો લાભ એવો જે અંદર ભાવ થાય (કે) આ મને લાભ થયો, એને દુઃખનો લાભ અંદર દશામાં થયો. સમજાણું કાંઈ? પૈસાનો લાભ, બાયડીનો લાભ, છોકરાનો લાભ, આબરૂનો લાભ એવો જે અંદર ભાવ કે આ મને લાભ થયો. એ ભાવ દુઃખના ભાવનો લાભ એને છે. કહો, શું હશે આમાં?

મુમુક્ષુ :- .. કેમ લાગે છે?

ઉત્તર :- લગાડે છે માટે લાગે છે. એક જરીક કાંઈક ડોકું આમ ખસે ત્યાં ઉં.. ઉં.. આત્મામાં બે પ્રકારના લાભ. અહીં મોક્ષના લાભની વ્યાખ્યા છે. મોક્ષની વ્યાખ્યા શું કરી? કર્મરૂપી કલંક રહિત જીવને પરમાત્માનો લાભ. જોયું?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પોતે આત્મા પણ એ શક્તિ છે, એને શક્તિનો સ્વાદ એ પ્રગટ થયા વિના ન આવે. સમજાય છે કાંઈ? પીપરના દાણામાં ચોસઠ પહોરી તીખાશ શક્તિ છે, પણ એમ ભરડે એનો સ્વાદ ન આવે. ચોસઠ પહોરી, પીપરમાં ચોસઠ પહોરી શક્તિ છે એમાં તીખાશની. એમ ખાવા માંડે તો એનો સ્વાદ ચોસઠ પહોરીનો નહિ આવે. એને ઘસીને પ્રગટ કરે ત્યારે ચોસઠ પહોરો સ્વાદ આવે. સમજાય છે કાંઈ? એમ આત્મામાં અતીન્દ્રિય આનંદની જ મૂર્તિ એ તો અતીન્દ્રિય આનંદ શક્તિરૂપે પડ્યો છે. એ

સીધો એકલા દ્રવ્યને ચાટવા જાય તો એ દ્રવ્યમાં સ્વાદ એમ ન આવે. એ દ્રવ્યમાં એકાગ્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા રમણ કરતાં જે શક્તિમાંથી પ્રગટ આનંદ થોડો થઈ અને પછી તેમાંથી પૂર્ણ આનંદ પ્રગટ થાય એને આત્માનો અતીન્દ્રિય સુખનો લાભ, એને પરમાત્માનો લાભ થયો એમ કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**ઉસીકો નિયમસે તૂ મોક્ષ જાન,...**' શિષ્યને ગુરુ કહે છે, હે ભાઈ! એ આત્માની અતીન્દ્રિય સુખની દશાનો લાભ થાય એને તું મોક્ષ જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? '**એસા જ્ઞાનવાન્ મુનિરાજ કહતે હૈં,...**' પોતે પણ કહે છે. જ્ઞાનીના સાધુઓ, ધર્માત્મા સંતો એને આત્માના આનંદનો લાભ થયો એમ મુનિરાજો કહે છે.

**ભાવાર્થ :-** '**કેવળજ્ઞાનાદિ અનંતગુણ પ્રગટરૂપ જો કાર્યસમયસાર...**' કાર્યસમયસાર એટલે મોક્ષ. '**કેવળજ્ઞાનાદિ અનંતગુણ પ્રગટરૂપ જો કાર્યસમયસાર અર્થાત્ શુદ્ધ પરમાત્માકા લાભ...**' એમ એની વ્યાખ્યા. પાઠમાં એમ છેને પરમાત્મલાભ. પરમાત્મલાભની વ્યાખ્યા કે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ પ્રગટરૂપ જે કાર્ય પર્યાય એનું નામ શુદ્ધ પરમાત્માનો લાભ અને એને મોક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..! દુનિયાને તો જરી કાંઈ રાજ પાટ, પૈસા કાંઈ મળ્યા ધૂળના અમને લાભ થયો. શેનો? મમતાનો. શેનો? દુઃખનો. એમ હશે? નેમિદાસભાઈ! દુઃખનો લાભ, એ અણાત્માનો લાભ.

મુમુક્ષુ :- ...અનુકૂળ લાભ થયોને.

ઉત્તર :- એ કીધુંને, એની પાસે રાગ થયો, મમતા થઈ. આ આવ્યું. આ આવ્યું. એટલે અનાત્માનો લાભ થયો. આ મોક્ષ એટલે આત્માનો લાભ, પરમાત્માનો લાભ કહો કે આત્માનો લાભ કહો. સમજાણું કાંઈ? વ્યાખ્યા પણ જુદી બધી આ. જુઓ, ભગવાન આત્મા કેવળજ્ઞાન આદિ અનંત ગુણનું સ્વરૂપ તો શક્તિરૂપ છે. એની પ્રગટતારૂપ કાર્ય સમયસાર એટલે કારણ પ્રભુ ત્રિકાળ જ્ઞાનાનંદથી ભરેલું તત્ત્વ છે એમાં એકાગ્ર થઈને જે કાર્યરૂપે પર્યાય, સમયસાર એટલે આત્મા કાર્યરૂપે પૂર્ણ થયો એને પરમાત્માના લાભરૂપી મોક્ષ કહેવાય છે. ઓહો..! આચાર્યે શબ્દ શું વાપર્યો જુઓને '**परमप्पय-लाहु**' '**परमप्पय-लाहु**' પરમ પદનો લાભ. આ ભાષા. સમજાણું કાંઈ?

'**યહ મોક્ષ ભવ્યજીવોંકે હી હોતા હૈ.**' અભવિને હોતો નથી. હવે કેવા ભવ્ય જીવને થાય છે? કે '**ભવ્ય કૈસે હૈં કિ પુત્ર કલત્રાદિ પરવસ્તુઓંકે મમત્વકો આદિ લેકર સબ વિકલ્પોંસે...**' દુઃખભાવ. '**પુત્ર કલત્રાદિ પરવસ્તુઓંકે મમત્વકો આદિ લેકર સબ વિકલ્પોંસે...**' એટલે મમત્વ એટલે દુઃખભાવ એનાથી '**રહિત જો આત્મ-ધ્યાન ઉસસે જિન્હોંને...**' આત્મામાં આનંદની એકાગ્રતા જેણે કરી. સમજાય છે કાંઈ? ભગવાન મહાન

સત્તા આનંદ સ્વરૂપ એમાં જેણે એકાગ્રતા, સર્વ વિકલ્પ જે દુઃખો છે એનાથી રહિત આત્માના પૂર્ણ આનંદ શક્તિમાં જેણે એકાગ્રતા, અનાકુળ શાંતિ, અનાકુળ સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ એ દ્વારા જેણે એકાગ્રતા કરી એવું જે આત્મધ્યાન. સમજાણું કાંઈ?

'**ઉસસે જિન્હોંને ભાવકર્મ ઔર દ્રવ્યકર્મરૂપી કલંક ક્ષય કિયે હૈં,...**' એ વડે જેણે પુણ્ય-પાપના વિકલ્પ એ ભાવકર્મ (અને) જડકર્મ નિમિત્ત એનો નાશ થયો. વસ્તુના સ્વરૂપનો વિકલ્પ રહિત ધ્યાન કરવાથી જેને ભાવકર્મ, દ્રવ્યકર્મનો નાશ થયો. કર્મ કલંક છેને શબ્દ પાઠમાં. સમજાણું? '**कम्म-कलंक-विमुक्काहँ**' '**એસે જીવોંકે નિર્વાણ હોતા હૈ,...**' એવા જીવને આત્માના આનંદની પ્રાપ્તિરૂપ નિર્વાણ થાય છે. આહા..હા..! '**એસા જ્ઞાનીજન કહતે હૈં.**' એવું સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ સંતો આદિ કહે છે.

'**યહાં પર અનંત સુખકા કારણ હોનેસે મોક્ષ હી ઉપાદેય હૈ.**' લ્યો! એ અનંત સુખ પરમાનંદની પર્યાય પ્રગટ થાય એવો જે પરમાત્મ લાભ એ જ આદરણીય છે. એ આદરણીય કરનારને—આત્મદ્રવ્યમાં એકાગ્ર થાય એને-મોક્ષની પરમાનંદ દશાને ઉપાદેય તરીકે સ્વીકારી એમ કહેવાય છે. સમજાણું કાંઈ? '**અનંત સુખકા કારણ હોનેસે મોક્ષ હી ઉપાદેય હૈ.**' મોક્ષ જ અનંત સુખરૂપ છે. મોક્ષ દશા એ અનંત (સુખનું કારણ), એ ઉપાદેય છે. અંગીકાર કરવા લાયક અથવા ઉત્પન્ન કરવા લાયક છે. એવું ઉત્પન્ન કરવા લાયક છે એમ જે માને છે એની આત્મા અતીન્દ્રિય ભગવાન આત્મામાં લીનતા થઈ છે. એ લીનતા થઈ છે એણે મોક્ષના પર્યાયને ઉપાદેય તરીકે જાણ્યો, માન્યો કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? જે કોઈ રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપમાં એકાગ્ર થઈને પડે છે એણે સંસારના દુઃખને ઉપાદેય માન્યો છે. આહા..હા..! કહો, દુનિયામાં તો આ વાત ભારે પડે.

મુમુક્ષુ :- ભારે થઈ ગઈ વાત.

ઉત્તર :- એ ઉપાદેય માને. અનુભવે છે એનો અર્થ થયોને આદરણીય તરીકે અનુભવે છે. અહીં આનંદને અનુભવતો નથી.

મુમુક્ષુ :- દુઃખ કોઈને ગમે?

ઉત્તર :- (ન) ગમે. પણ દુઃખનું ભાન નથી કે આ દુઃખ કેમ એની ખબર ક્યાં છે એને? વિકલ્પો અને ભ્રમણા જે ઉઠે છે એ બધા દુઃખ છે. એમાં એકાકાર થાય છે એનો અર્થ જ એણે ઉપાદેય માન્યું એમ એનો અર્થ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... અહીં તો મોક્ષના સ્વરૂપની ત્રણ ગાથાઓ એવી પહેલા મોક્ષના સ્વરૂપની આવશે છેલ્લી મોક્ષના ફળની આવશે અને પછી આવશે મોક્ષના માર્ગની ત્રણ ગાથાઓ એક સાથે.. આ મોક્ષનું સ્વરૂપ એ કે પરમ આનંદ સ્વરૂપ દશા. એ જે ઉપાદેય તરીકે પ્રગટ કરવા

લાયક છે એમ માને એની દૃષ્ટિ અનંત આનંદમય આત્મા એના ઉપર એનું ઢળવું, એકાગ્ર થવું હોય છે. ત્યારે તે પરમાત્માના પૂર્ણ લાભને સ્વીકારે છે અથવા મોક્ષને સ્વીકારે છે. અને એ સિવાય જેણે પુણ્ય અને પાપના વિકલ્પ અને જડકર્મ અને સંયોગ એ મારે ઠીક છે એમ જે માને છે એની વર્તમાન દશામાં ભ્રમણાને, વિકારને ઉપાદેય તરીકે અનુભવે છે, દુઃખને અનુભવે છે. એને અણઆત્માનો લાભ થાય છે, આને આત્માનો લાભ થાય છે એમ બે વાત છે આમાં. સમજાણું કાંઈ? લાભ તો થાય છે. અહીં તો ઓલો પરમાત્મ લાભ આવ્યુંને એટલે એની સામે જરીક. ભગવાન આત્મા અનંત આનંદ મહા પ્રભુ ચૈતન્ય સ્વરૂપ શક્તિનું તત્ત્વ એની જેણે અંતરમાં એકાગ્રતા કરી, એને જ મોક્ષની પૂર્ણ પર્યાય આદરણીય ને ઉત્પન્ન કરવા લાયક માની છે. નવરંગભાઈ! એ સિવાય જે આ પુણ્ય અને પાપના વિકલ્પો એ મને ઠીક છે, એનું બંધન મને ઠીક છે, એના ફળ મને ઠીક છે આ ધૂળ આદિના— એમ માનનાર એ દુઃખને અનુભવે એટલે દુઃખને ઉપાદેય માને છે. કહો, શું કહેવું છે આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને પૂછે પણ? ગાંડાને શું પૂછે? પાગલને પૂછે કે તું પાગલ છો? તો એ કહે પાગલ છું? સમજાય છે? એ તો કહે, હું ડાહ્યો છું. પાગલ કોને કહો છો તમે? આહા..હા..! એક પરમાત્મ લાભ શબ્દ મૂકીને આચાર્ય કેટલું કહેવા માગે છે! પરમ આત્મ લાભ, પરમ સ્વરૂપનો લાભ એમ. પરમ આત્મ લાભ, પરમાત્મ લાભ. 'પરમાત્મપ્રકાશ' છેને? એ શબ્દે એને પરમ સ્વરૂપનો લાભ એટલે અતીન્દ્રિય આનંદનો લાભ, એને પરમાત્માનો લાભ, એને મોક્ષ સ્વરૂપ કહેવામાં આવે છે. અહા..હા..! સમજાણું કાંઈ?

અને જેને એનાથી ઊંધું શુભાશુભ પરિણામ જે આસ્રવ તત્ત્વ છે, એ દુઃખરૂપ છે, આકુળતા છે એમાં એકાગ્ર થાય છે એ દુઃખને જ ઉપાદેય માને છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? એ મોક્ષના સ્વરૂપની ત્યાં વ્યાખ્યા પૂરી થઈ એ ગાથાએ. સમજાણું? 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' શ્રીમદ્ કહ્યુંને 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' અહીં કહ્યું કે, મોક્ષ પરમાત્મ સ્વરૂપનો લાભ. ભગવાન આત્માનું પરમ સ્વરૂપ જે અંદર આનંદ છે એનો પર્યાયમાં પરમ સ્વરૂપનો અતીન્દ્રિય આનંદનો લાભ એને મોક્ષ કહેવામાં આવે છે. બહુ સાદિ સીધી વાત છે. કહો, '...ભાઈ'! આ પૈસાના લાભમાં ક્યાં નાખવું આમાં? કેટલો એને સુખી કહેવો? હવે આ બધા ઘણા કહે છે આ. કરોડોપતિ ને ઢીંકણાપતિ ને ધૂળપતિ. મારા ઠીક છે એમ કહે છે લોકો લ્યો! ભગવાન કહે છે કે દુઃખપતિ છો. આ સુખનો પતિ મોક્ષ દશા એ પૂર્ણાનંદના લાભનો સ્વામી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ એને લાભ થયો લાભ. ઓલાને લાભ તો છે દુઃખનો, મીઠું ઝેર. આહા..હા..!

એ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહ્યો છતાં ચક્રવર્તીના રાજમાં અને એના તરફના રાગમાં એ સુખબુદ્ધિ એને છે નહિ. આહા..હા..! એનું ખેંચાણ અતીન્દ્રિય આનંદની દૃષ્ટિમાં પડ્યું છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદ આત્મદ્રવ્ય છે એના ભાનમાં અતીન્દ્રિય આનંદ સુખની લાલચ છે. એટલે રાગાદિ અને બાહ્યના સંયોગમાં સુખબુદ્ધિ અને એનો મને સુખનો લાભ થયો એમ જ્ઞાની માનતો નથી. આહા..હા..! શુભ રાગ થયો કે શુભ રાગના પુણ્ય બંધાઈ ફળ આવ્યા, મને લાભ થયો એમ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલે અંશે પરમસ્વરૂપ ભગવાન આત્મા એની એકાગ્રતા થઈને જે લાભ થયો એટલે અંશે લાભ સમકિતી પોતાને માને છે. પૂર્ણ લાભ પરમાત્મ દશા થાય તે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સરસ વ્યાખ્યા આવી આ ગાથા હોં! '**परमात्मलाभः परमप्पय-लाहु**' લાભ થયો. આહા..હા..! આ શક્તિમાં ભગવાન હતો ને એને પર્યાયમાં પ્રગટ કર્યો એ તને પરમાત્માનો લાભ થયો. સમજાણું કાંઈ?

હવે અહીંયાં '**ઈસપ્રકાર મોક્ષકા ફલ ઔર મોક્ષ-માર્ગકા જિસમેં કથન હૈ, એસે દૂસરે મહાધિકારકે દસ દોહોંમેં મોક્ષકા સ્વરૂપ દિખલાયા.**' મોક્ષની વ્યાખ્યા અત્યારે પૂરી થઈ. હવે જરી મોક્ષના ફળની એક ગાથા કરી અને પછી મોક્ષના માર્ગની વ્યાખ્યા કરશે.

'**આગે મોક્ષકા ફલ અનંતચતુષ્ટ્ય હૈ, યહ દિખલાતે હૈં –**'

**૧૩૭) दंसणु णाणु अणंत-सुहु समउ तुट्टइ जासु।**
**सो पर सासउ मोक्ख-फलु बिज्जउ अत्थि ण तासु।।११।।**

**અન્વયાર્થ :-** '**જિસ મોક્ષ-પર્યાયકે ધારક શુદ્ધાત્માકે...**' શું કીધું? પહેલી મોક્ષપર્યાયનું-મોક્ષનું સ્વરૂપ કહ્યું, હવે એનું ફળ. કહે છે કે એ મોક્ષની પર્યાય જે અનંત જ્ઞાન, અનંત દર્શન, કેવળદર્શન, અનંત સુખ અને અનંત વીર્ય એમ અર્થ લઈ લેવો. '**કેવલદર્શન, કેવલજ્ઞાન, અનંતસુખ ઔર અનંતવીર્ય ઈન અનંતચતુષ્ટ્યોંકો આદિ દેકર અનંત ગુણોંકા સમૂહ એક સમયમાત્ર ભી નાશ નહીં હોતા, અર્થાત્ હમેશા અનંત ગુણ પાયે જાતે હૈં.**' એ એનું ફળ છે. સમજાણું કાંઈ? એ પરમાત્મ લાભ જે અનંત જ્ઞાન, દર્શન આદિનો થયો હવે એક સમયમાત્ર પણ ચૂકશે નહિ. એ એનું ફળ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**એક સમયમાત્ર ભી નાશ નહીં હોતા, અર્થાત્ હમેશા અનંત ગુણ પાયે જાતે હૈં. ઉસ શુદ્ધાત્માકે વહી નિશ્ચયસે હમેશા રહનેવાલા મોક્ષકા ફલ હૈ,...**' એ ફળ આવ્યું એ હમેશાં રહે માટે એનું નામ મોક્ષનું ફળ એમ. આ ધૂળ આવે અને રાગ આવે વળી વયો જાય અને હાલ્યો જાય, જાય ને આવે થયા કરે એ કાંઈ ખરું ફળ નથી. ભગવાન

આત્મા પોતામાં શક્તિરૂપે આનંદ અને કેવળજ્ઞાન છે એને એકાગ્રતા દ્વારા ખેંચીને પર્યાયમાં પ્રગટ કર્યું. એવા અનંત આનંદમય પરમાત્માનો લાભ થયો, એ લાભ હવે કોઈ દિ' નાશ નહિ થાય. એ એનું ફળ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હમેશા રહનેવાલા મોક્ષકા ફલ હૈ,...'** શાશ્વતફલ એમ. એ પર્યાય હવે શાશ્વત્ રહેશે એમ કહેવું છે. એ એનું ફળ એમ. વસ્તુ ભગવાન આત્મા એની ઊંડી-ઊંડી ગોદામમાં અનંત આનંદ પડ્યો હતો. ગોદામ જેવું મકાન મોટું આવ્યુંને એટલે યાદ આવ્યું. સમજાણું? અંદર અંતર અનંત આનંદ જેની ખાણમાં પડ્યો હતો. ઊંડો એટલે શક્તિરૂપે એમ પછી પ્રગટ નથી એમ. એની એકાગ્રતા દ્વારા, મોક્ષમાર્ગ દ્વારા જેને મોક્ષની પર્યાય પૂર્ણ પ્રગટ થઈ ગઈ, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ તે પરમાત્માનો લાભ તે મોક્ષ. હવે એ ન તૂટે તે મોક્ષનું ફળ. એ શાશ્વત્ એમ ને એમ પર્યાય છે, એ શાશ્વત એટલે પર્યાય ભલે બદલે, પણ એની એ... એની એ... એની એ... એની એ... એવી સાદિ-અનંત રહેવાની. સમજાણું કાંઈ? ... ..ને પ્રગટ થઈ, એમ ને એમ રહેવાની. સમજાણું કાંઈ?

**'હમેશા રહનેવાલા મોક્ષકા ફલ હૈ, ઈસકે સિવાય દૂસરા મોક્ષફલ નહીં હૈ, ઔર ઈસસે અધિક દૂસરી વસ્તુ કોઈ નહીં હૈ.'** એનાથી કોઈ અધિક ચીજ નથી કે જે એના ફળમાં હવે કચાશ કરે. એ પૂર્ણ થયું એમ ને એમ, એમ ને એમ સાદિ-અનંત જ્યારથી

સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.

અનંત દર્શન જ્ઞાન એવું સુખ એ અતીન્દ્રિય સુખ એમ ને એમ કાયમ રહે એ મોક્ષ સ્વરૂપનું ફળ કહેવામાં આવે છે. કહો, સમજાણું? આ દુનિયા તો એમ કહે કે લક્ષ્મી આવી ન જાય હમણા તો આપણે સુખી છીએ એમ કહેને? ધૂળમાં પણ નથી. એક જણો કહે કે અમારે તો હે બસ સો પેઢીથી પૈસા પેદા કરે છે તોપણ ખુટે એવું નથી કાંઈ. દરરોજ લાખ પેદા કરે, દરરોજ લાખ પેદા કરે. સો વર્ષ ખૂટે એવું નથી, સો પેઢીએ. ધૂળમાં પણ નથી. હવે તું ક્યાં રહેવાનો અને એ ક્યાં રહેશે ...? સમજાણું કાંઈ?

ભાવાર્થ :- **'મોક્ષકા ફલ અનંતજ્ઞાનાદિ જાનકર સમસ્ત રાગાદિકકા ત્યાગ કરકે ઉસીકે લિયે નિરંતર શુદ્ધાત્માકી ભાવના કરની ચાહિયે.'** લ્યો! મોક્ષનું ફળ અનંત આનંદ કાયમ રહેવાવાળો જાણીને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત ભગવાન આત્માને-શુદ્ધાત્માને ઉપાદેય તરીકે ધ્યાન કરવા લાયક છે. એની ભાવના. ભાવના કહો કે એકાગ્રતા, એકાગ્રતા કહો કે ધ્યાન કહો. નિરંતર ભગવાન આત્મા એની ભાવના એટલે કે એકાગ્રતા એટલે કે તેને ધ્યેય કરીને ધ્યાન કરવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષનું ફળ શાશ્વત આવો

આનંદ છે એમ જાણીને... પહેલામાં એમ કહ્યું કે મોક્ષનો પર્યાય આવો છે એ જ ઉપાદેય કરવો. ઉપાદેય કરવો એ કે આત્માના દ્રવ્યમાં એકાગ્ર થવું. અહીં કહે છે, એ પણ મોક્ષના ફળની આવી સ્થિતિ જાણીને આત્માએ પોતાના દ્રવ્ય સ્વભાવની ભાવના કરવી. કે જે ભાવનાથી મોક્ષ મળે ને મોક્ષનું ફળ એમ ને એમ રહે. સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ' છેને આ તો?

**'ઈસપ્રકાર દૂસરે મહાધિકારમેં મોક્ષ-ફલકે કથનકી મુખ્યતાકર એક દોહા-સૂત્ર કહા.'** એક દોહામાં પૂરું કર્યું ફળ. ફળ એક દોહાએ પૂરું કર્યું. મોક્ષનું સ્વરૂપ દસ દોહાએ કહ્યું હતું. હવે મોક્ષનો માર્ગ આવ્યો. મોક્ષનું સ્વરૂપ કહ્યું, મોક્ષનું ફળ કહ્યું, હવે એનો માર્ગ. ક્યા રસ્તે જાવાથી મોક્ષની નગરીને પ્રાપ્ત થવાય? મોક્ષરૂપી અતીન્દ્રિય આનંદની નગરીને ક્યાં રસ્તે જવાથી પ્રાપ્ત થાય? એ રસ્તો હવે કહે છે. સમજાણું કાંઈ?

**'આગે ઉન્નીસ દોહાપર્યંત નિશ્ચય ઔર વ્યવહાર મોક્ષ-માર્ગકા વ્યાખ્યાન કરતે હૈં'** ૧૯ દોહા.

१३८) जीवहँ मोक्खहँ हेउ वरु दंसणु णाणु चरित्तु।
तेपुणु तिण्णि वि अप्पु मुणि णिच्छएँ एहउ वुत्तु।।१२।।

**અન્વયાર્થ :-** **'જીવોંકે મોક્ષનો હેતુ, મોક્ષકે કારણ...'** અતીન્દ્રિય આનંદરૂપ પરમાત્મ લાભનું કારણ. સમજાય છે કાંઈ? આત્માના અતીન્દ્રિય આનંદરૂપ પરમાત્મ સ્વરૂપના લાભનું કારણ. **'ઉત્કૃષ્ટ દર્શન જ્ઞાન ઔર ચારિત્ર હૈં...'** વર એટલે પ્રધાન દર્શન, જ્ઞાન અને ચારિત્ર. **'ફિર વે તીનોં હી નિશ્ચયકર આત્માકો હી જાને એસા શ્રી વીતરાગદેવને કહા હૈ, એસા હે પ્રભાકરભટ્ટ! તૂ જાન.'** એને ત્રણ ભેદ પાડ્યાને એટલે એને વ્યવહાર કહેશે. આત્મારૂપે એકાકાર છે તેને નિશ્ચય કહેશે.

**ભાવાર્થ :-** **'ભેદરત્નત્રયરૂપ વ્યવહાર-મોક્ષ-માર્ગ સાધક હૈ,...'** લ્યો! અહીં હવે ગોટા ઉઠ્યા. વાત એ છે કે આત્મા જ્ઞાયક ચિદાનંદ પ્રભુ એની અંતર એકાગ્રતા, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, નિશ્ચય આદિ જે એકાગ્રતા એને અહીં સાધ્ય કહેવામાં આવે છે. અથવા મોક્ષનું સાધન એ નિશ્ચય કહેવામાં આવે છે. અને વિકલ્પ જે દર્શન-જ્ઞાન-ચારિત્રનો વ્યવહાર રૂપી ભેદ ઉઠે એને એનું સાધક કહેવામાં આવે છે. વિકલ્પાત્મક દર્શન-જ્ઞાન-ચારિત્રને સાધક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ભેદરત્નત્રયરૂપ વ્યવહાર-મોક્ષ-માર્ગ સાધક હૈ,...'** એટલે શુભોપયોગરૂપી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચ મહાવ્રત આદિના મુનિને પરિણામ એ બધા ભેદરૂપે, વ્યવહારરૂપે મોક્ષમાર્ગનું નિમિત્ત છે એથી એને સાધક તરીકે કહેવામાં આવે છે. સમજાય છે? **'અભેદરત્નત્રયરૂપ નિશ્ચય-મોક્ષમાર્ગ સાધને યોગ્ય હૈ.'** એનાથી

વિકલ્પ છે એને છોડીને દ્રવ્યની વસ્તુની એકાગ્રતા કરવી, એ અભેદ રત્નત્રયરૂપ નિશ્ચય સાચો મોક્ષમાર્ગ સાધવા યોગ્ય છે. સમજાણું કાંઈ?

આ બધા ગોટા ઉઠ્યા છે આ 'પંચાસ્તિકાય'ની અને આ બધી વ્યાખ્યામાંથી. ઓલા કહે શુભ ઉપયોગ છે એ સાધક છે, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે. પછી સાધ્ય છે. એમ હોય નહિ. અહીં તો એક સમયમાં બે છે. એમાં રાગના શુભ ઉપયોગને વ્યવહાર સાધક કહ્યું છે. અને વસ્તુનું સ્વરૂપ અંતરની એકાગ્રતા તેને નિશ્ચય મોક્ષનો માર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? '**ઈસપ્રકાર નિશ્ચય, વ્યવહારમોક્ષ-માર્ગકા સાધ્ય-સાધકભાવ,...**' નિશ્ચય છે તે સાધ્ય છે, વ્યવહાર છે તે સાધક છે. '**સુવર્ણ, સુવર્ણ-પાષાણકી તરહ જાનના.**' અગ્નિનું નિમિત્ત પામી અને એમાં સુર્વણ અને પાષાણ જુદો પડે એવો વિકલ્પ જે છે, એમ આત્મા રાગથી, તીવ્ર રાગથી જુદો પડે અથવા પરથી જુદો પડવાનો વિકલ્પ. સમજાણું? એવો શુભ રાગ એને વ્યવહાર સાધક કહે છે. એનાથી ભિન્ન પડેલી જ્ઞાનની એકાગ્ર દશા એને સાધ્ય કહે છે. '**સુર્વણ-પાષાણકી તરહ જાનના.**' 'પંચાસ્તિકાય'માં આવ્યું હતુંને. જો કે સુર્વણ પોતે જ અગ્નિનું નિમિત્ત હોવા છતાં એ પોતે જ પરિણમતું ઉજ્વળતાને પામે છે. પણ એમાં અગ્નિનું નિમિત્ત થયું એથી એમ કહેવાણું કે એણે ઓલા પત્થરને જુદો પાડ્યો. એટલું નિમિત્તપણું કહેવામાં આવ્યું. પણ પોતે જ પોતે શુદ્ધપણે સોનું જ પરિણમતું નિર્મળ થતું જાય છે. એમ ભગવાન આત્મા પોતાના અંતર એકાગ્ર દ્વારા, શુદ્ધ પરિણતિ દ્વારા આત્મા પોતે શુદ્ધ થતો જાય છે. પણ જોડે ઓલો વિકલ્પ છે એને સાધક તરીકે પથ્થરમાંથી જેમ સોનું જુદું પડવામાં નિમિત્ત કીધું, એમ આને નિમિત્ત કહેવામાં આવે છે. આટલી વાત છે. એને વ્યવહાર હોય. એ નિશ્ચય સાધે છે એને ઓલો વ્યવહાર એને સાધક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આગળ એમ કહેશે કે, વ્યવહાર પહેલો નહિ, પહેલો નહિ. એ બધું વ્યહાર પહેલો એટલે? વિકલ્પ હોય છે એનો અભાવ કરીને નિશ્ચય થાય છે એથી એને કોઈ વખતે નૈગમનયને પહેલો પણ કહેવામાં આવ્યો છે. પણ ઓલો સાધ્યને સિદ્ધ કરે તો પૂર્વના વિકલ્પને વ્યવહારના આરોપ આવવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ઝઘડા આના મોટા ઝઘડા છે. નવનીતભાઈ! 'દ્રવ્યસંગ્રહ'માં પણ એનો આધાર આપ્યો છે અહીંયાં ટીકાકારે ૩૯ ગાથા છેને?

**सम्मद्दं सणणाणं चरणं मोक्खस्स कारणं जाणे।**
**ववहार णिच्छयदो तत्तियमईओ णिओ अप्पा।।३९।।**

એ ૩૯ છે ગાથા. '**ઈસકા અભિપ્રાય યહ હૈ કિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર યે તીનોં હી વ્યવહારનયકર મોક્ષકે કારણ જાનને,...**' ભેદ પડવારૂપ

ત્રણ છે એ વિકલ્પ છે એ વ્યવહારનયે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? '**ઔર નિશ્ચયસે ઉન તીનોંમયી એક આત્મા હી મોક્ષકા કારણ હૈ.**' અભેદરૂપ પરિણમન આત્માનું. ઓલો તો ભેદનો વિકલ્પ હતો. આ તો ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એની એકાગ્રતાનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અભેદ પરિણમન એ આત્મા જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

ઓહો..હો..! વ્યવહાર મોક્ષ શુભ ઉપયોગ, શુભ ઉપયોગ એ મોક્ષમાર્ગ છે. આહા..હા..! સાધક કહ્યો (એ) નિમિત્તપણે કહ્યું છે, નિમિત્તપણે કહ્યું છે. એ અહીંયાં સાધતો હોય સાધ્ય એમાં ઓલું નિમિત્ત છે માટે એને સાધક કહેવામાં આવે છે. આવી વાત છે. શું થાય? અરે..! જગત ક્યાં બિચારાને ઊંધે રસ્તે દોરી ગયું. એણે માંડ મનુષ્યપણું મળ્યું હોં! એમાં વીતરાગ માર્ગનું શું સ્વરૂપ છે એ સાંભળવાને મળે નહિ એ કે દિ' સાધે? આહા..! અરે..! નરકના, નિગોદના દુઃખોમાં સડી રહ્યો છે. અહીં તો કહ્યું કે મોટો ચક્રવર્તી હોય તો એને દુઃખનો લાભ છે. પર્યાયમાં મમત્વ છે એનું એને લાભ છે. જેને પરમાત્મ સ્વરૂપ ભગવાન આત્માનો અતીન્દ્રિય સુખનો લાભ જોતો હોય એણે ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની અંતર દૃષ્ટિની એકાગ્રતા કરવી એના વડે મુક્તિ થાય, બાકી બીજી વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ પ્રકારનો ભેદ વ્યવહારનય મોક્ષનું કારણ એ વ્યવહાર. નિશ્ચયથી ત્રણે (મળીને) એક આત્મા મોક્ષનું કારણ ભેગું છે હોં બધું. આહા..! જ્યાં સુધી પૂર્ણ નિશ્ચય વીતરાગતા પ્રગટી નથી, ત્યાં સુધી નિશ્ચય સ્વદ્રવ્યને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે એને અહીંયાં સાધ્ય કીધું ઓલા વ્યવહારની અપેક્ષાએ હોં! પૂર્ણની અપેક્ષાએ સાધન છે. સમજાય છે કાંઈ? અને એ વખતે વ્યવહારના વિકલ્પ ઉઠે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા, શાસ્ત્ર. એ બધો વિકલ્પ છે એને આવો નિશ્ચય જો સાધ્ય હોય તો એને નિમિત્ત તરીકે વ્યવહાર સાધક કહેવામાં આવે. આટલી મર્યાદા છે, આથી (બીજી) મર્યાદા લઈ જાય વસ્તુસ્થિતિ શ્રદ્ધામાં નહિ આવે. સમજાણું કાંઈ? મોંઘું પડે છેને. એથી કરી કાંઈ નીલમણી લીંબોળીની કિંમતે મળે? કહો, સમજાણું કાંઈ? જે કિંમત દેવી જોઈએ એટલી કિંમત ન ભરે અને પછી કહે, દ્યો મને હીરો દ્યો. એમ આત્મદ્રવ્યને આશ્રયે જે નિશ્ચય દર્શન આદિ થાય એ કિંમત ભરીને એણે આત્માને દીધો છે. જ્ઞાયક ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદની કાતળી આત્મા છે. એને જેણે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ દ્વારા પકડ્યો છે એણે કિંમત ભરી છે એની. એ શુભ વિકલ્પ એ કાંઈ એની કિંમત નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... નિમિત્ત ઇચ્છા નથી?

ઉત્તર :- ઇચ્છા હોય એ એકાગ્ર થયા વિના રહે નહિ. ઇચ્છા કોને કહેવી? ઇચ્છાની

ઈચ્છા ન મળે. જેને ઈચ્છાની ઈચ્છા ન મળે એને દ્રવ્યની એકાગ્રતા છે, એને આત્માની ભાવના કહેવાય. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- શું નીકળ્યો છો લેવા? ક્યાં ખબર નથી કે શું ચીજ છે ક્યાં છે એની ખબર નથી. શું લેવા નીકળ્યો?

મુમુક્ષુ :- નીલમણિ

ઉત્તર :- નીલમણિ ક્યાં નીલમણિ તો ખબર નીલમણિ તો અહીં છે. એમ નીલ નીલમણિ તો ચિદાનંદ સ્વરૂપ ભગવાન છે. ત્યાં તો દૃષ્ટિ કરતો નથી અને રાગને લઈને મળશે એમ કહે છે. ક્યાં લેવા નીકળ્યો છે એ? દુઃખ લેવા નીકળ્યો છે. પથરા લેવા નીકળ્યો છે. સમજાણું કાંઈ?

અહો..! વીતરાગ માર્ગ એ વીતરાગ પર્યાયથી શરૂ થાય છે. એ શુભ રાગાદિ ધર્મ થાય એ ત્રણ કાળમાં બનતું નથી, પણ શું થાય? અરે..! નરક અને નિગોદથી માંડ નીકળ્યો છે. જ્યાં નીકળ્યોને, ઓલા માતાના પેટમાંથી નીકળે, ઝટ જાણે નીકળું ને હવે અહીંથી. બહાર નીકળ્યા પછી થઈ રહ્યું, પાછું થઈ રહ્યું. એમ આ માંડ નીકળ્યો ત્યાં પાછો સલવાણો ત્યાં ને ત્યાં. પાછા નરક ને નિગોદ જાવાના ભાવમાં સલવાણો. સમજાણું કાંઈ?

એ પુણ્ય-પાપના ભાવનો આદર એ સંસારમાં ઊંડા જવાનો આદર છે. આહા..હા..! ઊંડો એટલે નિગોદ એમ. પેટ મોટું છે. કાલે કહ્યું હતુંને, ભાઈ! રહેવા દે જો હોં તત્ત્વનો વિરોધ કરવો. નિગોદના પેટ મોટા છે હોં! નહિતર ત્યાં નિગોદમાં જાવું પડશે. એમ કહ્યું છે. આહા..હા..! અત્યારે આ બહારના જે ત્યાગ ને બધું થાય પછી અમે છીએ, બસ આમ હોય... આમ હોય... આમ હોય... બાપા! આ તો વીતરાગના માર્ગની પેઢી છે. એમાં રાગથી લાભ મનાવવા એ તો દુશ્મનની પેઢી વીતરાગ સામે માંડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહો..! વીતરાગ પરમાત્મા જેણે રાગના વિકલ્પનો શુભનો અંશ પણ રહેવા ન દીધો. એવી જેણે વીતરાગ પર્યાય પ્રગટ કરી. એ પરમાત્માની વાણીમાં હુકમ (આવ્યો કે) વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા એના તરફ ઢળ ભાઈ! રાગ અને નિમિત્તની ઉપેક્ષા કર. પ્રભુ! તારા પૂર્ણ સ્વભાવની અપેક્ષા કર. આવું વીતરાગની વાણીમાં આવ્યું છે. સમજાણું કાંઈ? એ વિના પ્રભુ તારા પત્તા નહિ લાગે તને. આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા... ઓલો વિકલ્પ હોય છે ખરોને. પણ વિકલ્પ છે એ શુભ રાગ છે, એ તો વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન મહાવ્રત એ તો શુભ રાગ છે. એ ભૂમિકામાં એવો જ રાગનો ભાવ હોય ત્યારે એટલું એને નિમિત્ત કહેવામાં આવે છે, પણ ભગવાન

આત્મા પોતાના ખજાના ખોલવામાં એકાગ્ર થાય એટલો એને મોક્ષના માર્ગનો લાભ છે. સમજાણું કાંઈ? આવી શ્રદ્ધા પણ ન કરે, તો એના વીર્યના વલણ તો રાગમાં જાય એને એમાં પડે. સમજાણું કાંઈ? આવી શ્રદ્ધા પણ ન કરે કે આત્મા તરફ વળવું એ જ મોક્ષનો ખરો માર્ગ છે એની શ્રદ્ધામાં રાગથી લાભ થાય એનું વીર્ય બહારમાં જ ભમ્યા કરે છે. એ એકાગ્ર નહિ થઈ શકે હોં! આહા..હા..! આમ આમ અહીં લાભ, અહીં લાભ, અહીં લાભ, અહીં લાભ. અહીં કહે છે કે એ માર્ગ નહિ હોં! સમજાણું કાંઈ?

એ જ્ઞાનમૂર્તિ પ્રભુ એકલો વીતરાગી નિર્દોષ સુખનો કંદ-પિંડ આત્મા એના તરફના અંતરના વલણની દશા એ એક જ મુક્તિના ઉપાયરૂપ છે. વચ્ચે આ વ્યવહાર છે એ જાણવા લાયક છે. તેથી એને વ્યવહાર સાધક તરીકે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયસે ઉન તીનોંમયી એક આત્મા હી મોક્ષકા કારણ હૈ.**' જુઓ! જરી બે થોડી વાત કરી અને હવે પાછું ઓલું કહે છે. '**આગે નિશ્ચયરત્નત્રયરૂપ પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા હી મોક્ષકા માર્ગ હૈ,...**' જુઓ! પાછુ ઓલું જરીક સાધકપણું બતાવ્યું ખરું, જ્ઞાન કરાવ્યું. ઓહો..! ભગવાન આત્મા તો નિર્વિકલ્પ આનંદની મૂર્તિ છે. એનો જેટલો ભાવ નિર્વિકલ્પ શાંતિની પર્યાય એકરૂપે પરિણમે એટલો મોક્ષનો માર્ગ. સમજાણું? એથી કહે છે. વ્યવહાર સાધક કહ્યો હતો, નિશ્ચય સાધ્ય કહ્યું હતું. એમ બે ભેદ પાડ્યા હતા. હવે કહે છે ખરેખર તો નિશ્ચયરત્નત્રયરૂપ પરિણત હુઆ... ભગવાન આત્મા પોતાના દર્શન, સમ્યગ્દર્શનરૂપે પરિણમ્યો. શુદ્ધ આત્મા એ નિર્વિકલ્પ દૃષ્ટિપણે પરિણમ્યો, એનું જ્ઞાનરૂપે નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનપણે થયો અને સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્રની શાંતિ પ્રગટી, એ રૂપે પરિણમ્યો એ જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ છે. ઓલું એક નિમિત્ત સાધન તરીકે ઓળખાવ્યું હતું ભાઈ! '**એસા કહતે હૈં –**'

**૧૩૯) पेच्छइ जाणइ अणुचरइ अप्पिं अप्पउ जो जि।**
**दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि।।१३।।**

મોક્ષનું કારણ. મોક્ષ એ સ્વદ્રવ્યની શુદ્ધ પરિણતિ છે. મોક્ષ એ પૂર્ણ શુદ્ધ દ્રવ્યની અતીન્દ્રિય આનંદમય દશા છે. તો એનું કારણ પણ શુદ્ધ, અપૂર્ણ-શુદ્ધ પર્યાય જ એનું કારણ હોય. શુદ્ધ દ્રવ્ય સ્વભાવ, શુદ્ધ પરિણતિની પૂર્ણ દશા તે મુક્તિ. એનું કારણ શુદ્ધ દ્રવ્યને આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટે અંતરમય એ જ મોક્ષનું કારણ હોય. આ 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' સમજાણું કાંઈ?

**અન્વયાર્થ :-** ‘**જો અપનેસે આપકો દેખતા હૈ,...**’ જુઓ ભાષા! ભગવાન આત્મા પોતાને દર્શનથી દેખે, પોતાને દેખે. સમ્યગ્દર્શનમાં શ્રદ્ધા, પણ તેને અચક્ષુદર્શન ઉપયોગ દ્વારા પણ એને પોતે પોતાને દેખે એમ કહે છે. દેખવું એ શ્રદ્ધા અને દેખવા બેના અર્થમાં લે છે. અભવિને એવું દેખવું નથી એમ પ્રશ્ન કરશે. કહે છે એ શબ્દ પડ્યો છે ખરોને. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ છે એને જે જ્ઞાન દ્વારા દેખે દર્શન દ્વારા દેખે એ મોક્ષનું કારણ છે. આત્મા પોતાને જાણતા હૈ. ‘**અપનેસે આપકો દેખતા હૈ, અપનેસે આપકો જાનતા હૈ,...**’ ઓહો..હો..! અપનેસે. પોતાથી પોતાને જાણે એનું નામ જ્ઞાન. સમજાણું કાંઈ? પોતે પોતાને દેખે, પોતે પોતાને જાણે. આહા..હા..! શાસ્ત્રજ્ઞાનથી જાણે એ વાત ન રહી. સમજાણું કાંઈ? એ શાસ્ત્રજ્ઞાનથી જણાય એવો આત્મા નથી. આહા..હા..!

‘**અપનેસે આપકો દેખતા હૈ,...**’ પણ વિકલ્પ કે પરનો આશ્રય જેમાં નથી. ‘**અપનેસે આપકો જાનતા હૈ,...**’ અપનેસે-અપની નિર્મળ જ્ઞાનાનંદ પર્યાયસે અપનેકો દેખતે હૈ. એનું નામ સમ્યગ્જ્ઞાન. પણ આ જરી નિવૃત્તિ કરીને વિચાર કરે તો ખરો. હજી વિચાર ક્યાં કરે છે એ? એને તો આ બહારની બધી હોળીમાં સળગીને બેઠો છે અંદર. જરી જ્યાં પ્રતિકૂળતા આવે ત્યાં રાડેરાડ પાડે છે અંદર. છે કે નહિ? હરીભાઈ! આ જયચંદભાઈ છે આ. મોરબીવાળા જરીક ઓલું થયું આહાહા હવે મરી જાઉં. ક્યાં જાવું છે? પણ ત્યાં મા-બાપ બેઠી છે મા કોઈ? ત્યારે એ હજી કેનીકોર નીકળેને જાવું એની ખબર ન મળે, એ વિચાર શી રીતે કરશે? નવનીતભાઈ! આહા..હા..! આમ ભગવાન અંદર મોટો પરમાનંદની મૂર્તિ અંદર બેઠો દેહદેવળમાં. એની એને ખબરું ન મળે, એના વિચાર ન મળે, એની ગંધની ખબર ન મળે. હવે એને ક્યાં શું કરવું અને શું આવે વિચાર?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળે છે ક્યાં અંદર? સાંભળે એ અંદર. એ જયચંદભાઈ! શું કહે છે આ? લ્યો એમ છે ઠીક! અહીં સુખની વ્યાખ્યા શું કરી સાંભળી નહિ? વિકારના પરિણામનો લાભ તે દુઃખી છે. નિર્વિકાર પૂર્ણ પરિણામનો લાભ તે સુખી મોક્ષ છે. અને આત્માના દ્રવ્યસ્વભાવની એકાગ્રતાના નિર્વિકારી પરિણામનો લાભ તે અપૂર્ણ સુખી છે. સુખી-દુઃખી કોને કહેવું? એ સુખી છે એમ તમારી હિસાબે? આ નીરોગતા છે ને એમ કહે, જુવાન શરીર છે નીરોગતા છે. ટાંગો આમ થઈ જાય. કહો, મણીભાઈ! એ દુઃખી કહે છે. શું છે પણ? એ તો વાત કાલ કરી હતી, ‘શરીરે સુખી તો સુખી સર્વ વાતે.’ મૂઢ અજ્ઞાની પાખંડી માને છે. સમજાણું? પોતાના આત્માને ઠગનારો, ધૂતારો એ પરના શરીરની અનુકૂળતાએ સુખી એમ આત્માનો ઠગ એ માને છે, ધૂતારો માને છે. કાલ આવી હતી ને? ભાઈ! આહા..હા..! સમજાણું

કાંઈ?

અહીંયાં તો ભગવાન આત્મા પૂર્ણાનંદની મૂર્તિ પ્રભુ આત્મા એવો છે. એનો જેને દર્શન, જ્ઞાનમાં લાભ થાય તે સુખી છે. કહો, સમજાણું કાંઈ? બાકી જેને આખી દુનિયા, શરીર નીરોગ ને પાંચ, પચાસ કરોડ ને છોકરા આઠ, દસ મોટા યોદ્ધા જેવા અને લાંબા પાંચ હાથના અને રૂપાળા ને આ બધું કામ. બધા દુઃખી... દુઃખી... દુઃખી... એ મારા છે એવી માન્યતા એ દુઃખરૂપ દશા છે. કહો, હવે કોને કહેવો સુખી? આહા..હા..! '....' નથી આવતું? દેવ, દેવતા, દેવ .... નથી સુખી ... સુખી મુનિ વીતરાગ. એને ખબર નથી, મુનિ .. બહારના ત્યાગ છોડીને બેઠા એ સુખી થઈ ગયા. એ ધૂળમાં પણ નથી. આકુળતા બધી છે.

ભગવાન આત્મા અહો..! જેની શક્તિમાં ઊંડે અમાપ, આનંદ અને શાંતિ પડી છે. જેના તળિયામાં–આત્મદ્રવ્યના તળિયામાં તો અનંત આનંદ અને શાંતિ છે. એના તળિયાના તાગ લેવા જાય તો આનંદ અને શાંતિ મળે એવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પ વિનાની ચીજ જેના તળમાં, જેના તળમાં અતીન્દ્રિય શાંતિ અને આનંદ પડ્યા છે. એના જેણે તાગ લીધા એ સુખી છે. બાકી દુનિયાના તાગ લીધે બધા દુઃખી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કોને કહેવા શરીર ધૂળ માટી? હવે જરીક થોડું સરખું રહ્યું તો શું અને ન સરખું રહે તો શું? માટી છે આ તો. એમાં પૈસા અને બાયડી, છોકરા થોડા સરખા રહ્યા કે ન સરખા રહ્યા, એ તો ધૂળ પર છે. તારે શું છે એમાં? આ એને એ મારા છે અને એથી કહે ઠીક, એ જ મહા દુઃખ છે. શરીર નીરોગતાએ મને ઠીક એ જ ભાવ દુઃખ છે. શું કરે? આહા..હા..! આ આત્મા નીરોગી ચિદાનંદ ભગવાન છે એની શ્રદ્ધા અને જ્ઞાન કરે તે સુખી છે, બાકી કોઈ સુખી-બુખી છે નહિ. આહા..હા..! ભાઈ! એ તારી નજરુંમાં એ દૌલત ચૈતન્યમાં છે એને તું જોતો નથી અને જ્યાં નથી ત્યાં જોઈને મારી દૌલત છે એમ માને છો, મોટી મુર્ખાઈ કરે છે. આહા..હા..!

શું કહે છે? અહીં જુઓને આત્માને જાણે તે જ્ઞાન. **'અપનેસે આપકો જાનતા...'** તે જ્ઞાન, અપનેસે આપકો પાછા એમ. વિકલ્પથી, રાગથી, શાસ્ત્રથી એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાને પોતાથી, પોતાથી એટલે નિર્વિકલ્પ શાંતિ, આનંદ. જે જ્ઞાન વડે આત્મા જણાય તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! જે દર્શનથી આત્મા દેખાય, પ્રતીતમાં આવે એને આત્માએ આત્માને દેખ્યો એને સુખી કહેવામાં આવે છે. અને **'અપનેસે આપકો આચરણ કરતા હૈ,...'** એ ત્રણેમાં લઈ લેવું. ભગવાન આત્મા પોતાથી, પોતાને... વિકલ્પ મહાવ્રતના આદિ પોતેપણું નથી એ તો આસ્રવ છે. મહાવ્રતના વિકલ્પો એ આત્મા

નથી એ તો અણઆત્મા આસ્રવ છે. પોતાથી પોતામાં અંતર આચરણ કરે, નિર્વિકલ્પ વીતરાગની પરિણતિનું આચરણ તેને ચારિત્ર કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્માથી પડે, ખબર કોનાથી પડે? આહા..હા..! રાખવા જેવું શું છે અત્યારે એમાં? અહીં શું કીધું ?

'**જો અપનેસે આપકો દેખતા હૈ, જાનતા હૈ, આચરણ કરતા હૈ, વહી વિવેકી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણત હુઆ જીવ મોક્ષકા કારણ હૈ.**' આહા..હા..! એ ભગવાન આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમ્યો એ મોક્ષનું કારણ. પૂર્ણ પરિણમન તે મોક્ષ છે. આ મોક્ષની પર્યાય નિર્મળ ... એ મોક્ષનું કારણ છે. બાકી બધી વાતું છે. કહો, સમજાણું? એનો ભાવાર્થ આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧, ગુરુવાર, તા. ૨૩-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૩-૧૪, પ્રવચન-૮૩**

'પરમાત્મપ્રકાશ' બીજો ભાગ છે. **ભાવાર્થ :-** '**જો સમ્યગ્દૃષ્ટિ જીવ અપને આત્માકો આપકર નિર્વિકલ્પરૂપ દેખતા હૈ,...**' પોતાના આત્માને આત્મા '**અપને આત્માકો આપકર...**' પોતે પોતાને પોતાથી. ભગવાન જ્ઞાનમૂર્તિ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ એને '**નિર્વિકલ્પ દેખતા હૈ,...**' અંતરમાં અભેદપણે રાગ વિના અભેદ દૃષ્ટિથી જે આત્માને દેખે છે. એક વાત. '**અથવા તત્ત્વાર્થશ્રદ્ધાનકી અપેક્ષા ચંચલતા ઔર મલિનતા તથા શિથિલતા ઈનકા ત્યાગકર શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' ત્રણ દોષ છે ચંચલતા, મલિનતા અને શિથિલતા. એના દોષ રહિત શુદ્ધાત્મા ઉપાદેય છે. તદ્દન શુદ્ધ જ્ઞાયક એકલો પરમ સ્વભાવ એ જ આદરણીય છે એવી અંતર દૃષ્ટિ કરીને '**ઈસપ્રકાર રુચિરૂપ નિશ્ચય કરતા હૈ,...**' અંતર રુચિરૂપ નિશ્ચય

કરે છે એ સમ્યક્-નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

'**વીતરાગ સ્વસંવેદનલક્ષણ જ્ઞાનસે જાનતા હૈ...**' રાગ વિના પોતાના પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા, જ્ઞાન દ્વારા સ્વસંવેદન જ્ઞાનથી 'આ આત્મા છે' એમ જાણે છે. એનું નામ સમ્યક્ જ્ઞાન છે. '**ઔર સબ રાગાદિક વિકલ્પોંકે ત્યાગસે નિજ સ્વરૂપમેં સ્થિર હોતા હૈ,...**' વર્તમાન વિકલ્પો શુભાશુભ રાગ એનાથી રહિત થઈ અને સ્વરૂપમાં સ્થિર થાય છે. '**સો નિશ્ચયરત્નત્રયકો પરિણત હુઆ પુરુષ...**' એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમેલો પુરુષ આત્મા એ જ મોક્ષનો માર્ગ છે. એ આત્મા જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? વસ્તુ પૂર્ણાનંદ શુદ્ધ એને અંતર્મુખ નિર્વિકલ્પથી અવલોકન કરવું એટલે કે તત્ત્વાર્થ શ્રદ્ધાન ચંચળ વિકલ્પ અસ્થિરતા આદિ છોડીને, શુદ્ધ સમ્યગ્દર્શન નિશ્ચય પ્રતીત કરવી. રુચિરૂપ નિશ્ચય સમ્યક્ કરવું, રાગ રહિત જ્ઞાન અને રાગ રહિત સ્થિરતા એ રીતે '**નિશ્ચયરત્નત્રયને પરિણત હુઆ...**' સાચા ત્રણ રત્નરૂપ એકરૂપે આત્મા થયો એ જ મોક્ષનો માર્ગ છે. એ મોક્ષનો માર્ગ આત્મા એ રૂપે પરિણમી જાય. સમજાણું કાંઈ? અવલોકન આવ્યુંને અવલોકન? એનામાં પ્રશ્ન ઉઠ્યો. તમે કીધું પાઠમાં એમ છે ખરું ને '**पेच्छइ**', '**पेच्छइ**' એવો શબ્દ છે.

**૧૩૯) पेच्छइ जाणइ अणुचरइ अप्पिं अप्पउ जो जि।**
**दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि।।१३।।**

ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો. '**એસા કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા કિ...**' તમે કહ્યું કે આત્માને અવલોકવો. એમાં પ્રશ્ન એને ઉઠ્યો. '**હે પ્રભો! તત્ત્વાર્થશ્રદ્ધાન રુચિરૂપ સમ્યગ્દર્શન વહ મોક્ષકા માર્ગ હૈ,...**' જોયું? આ નિશ્ચય સમ્યગ્દર્શન છે હોં આ. તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ, રુચિરૂપ સમ્યગ્દર્શન મોક્ષનો માર્ગ છે. '**ઈસમેં તો દોષ નહીં ઔર તુમને કહા કિ જો દેખે વહ દર્શન,...**' દેખે એ દર્શન એ દેખે ક્યાંથી આમાં આવ્યું? '**જાનેં વહ જ્ઞાન,...**' એ મૂળ પાઠથી ઉતાર્યું છે એમાં. '**ઔર આચરણ કરે વહ ચારિત્ર હૈ. સો યહ દેખનેરૂપ દર્શન કૈસે મોક્ષકા માર્ગ હો સકતા હૈ?**' દેખવું તો અભવિને પણ હોય છે અને તમે કહો છો કે દેખવાથી મોક્ષમાર્ગ થાય. આત્માને દેખવાથી મોક્ષમાર્ગ થાય. તો દેખવું તો અભવિને (પણ) હોય છે. આ કઈ જાતનું દેખવું તમે કહો છો? એમ કહે છે.

'**ઔર જો કભી દેખનેકા નામ દર્શન કહો તો દેખના અભવ્યકો ભી હોતા હૈ,...**' દેખવું તો અભવ્ય પણ દેખે છે. ચક્ષુ, અચક્ષુ દર્શન નથી એને? દેખવું તો એને પણ છે. '**ઉસકે મોક્ષ-માર્ગ તો નહીં માના હૈ?**' ભગવાને તો એને મોક્ષમાર્ગ કહ્યો નથી. '**યદિ અભવ્યકે મોક્ષ-માર્ગ હોવે, તો આગમસે વિરોધ આવે.**' જુઓ! આ નીચેથી

જ ઉપાડી છે વાત ભાઈ! ઓલું તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યક્ અને વ્યવહાર નહિ નિશ્ચયથી જ ઉપાડ્યું છે આ તો. સમજાણું ? **'યદિ અભવ્યકે મોક્ષ-માર્ગ હોવે, તો આગમસે વિરોધ આવે.'** દેખવાથી કહો તો દેખવું તો અભવિને પણ છે. અને એ દેખે તો એને મોક્ષમાર્ગ થાય. તો મોક્ષમાર્ગનો ભગવાને તો અભવિને નિષેધ કર્યો છે. અભવિનો હોતો નથી. કહો, સમજાણું કાંઈ?

**'ઉસકા સમાધાન યહ હૈ...'** આ પ્રશ્ન સમજાણો પ્રશ્ન? પ્રશ્ન કેમ ઉઠ્યો એ સમજાણું? કે આત્માને દેખે તે દર્શન એમ આપ કહો છો. તો દેખવું તો અભવિને પણ હોય છે તો એ દેખવું કઈ જાતનું તમે કહો છો કે જે દેખવું એ સમ્યગ્દર્શન? દેખવું એ સમ્યગ્દર્શન (હોય) તો અભવિને હોવું જોઈએ. અભવિને ચક્ષુદર્શન, અચક્ષુદર્શન દેખવું છે. સત્તા-અવલોકન. અને જો એને મોક્ષમાર્ગ માનો તો વિરોધ આવે આગમથી. દેખવાથી દર્શન કહેવાય તેને મોક્ષમાર્ગ થઈ જાય અભવિને. એ તો આગમથી વિરોધ છે, અભવિને દેખવું સમ્યગ્દર્શન હોતું નથી. **'કિ અભવ્યોંકે દેખનેરૂપ જો દર્શન હૈ, વહ બાહ્યપદાર્થોંકા હૈ,...'** એ બાહ્ય પદાર્થ એને ચક્ષુ, અચક્ષુ દર્શનથી દેખે છે. અંતર આત્માનું અવલોકન એને અંતર દૃષ્ટિમાં નથી. સમજાણું કાંઈ? અંતર જે દર્શન આત્માનું અવલોકન થવું જોઈએ, સ્વ ચૈતન્ય પદાર્થ દૃશ્યમાં આવવો જોઈએ. એવું એને હોતું નથી. અભવિ તો બહારથી દેખે આ બીજા પદાર્થને, સ્વને મૂકીને બીજા. **'અંતરંગ શુદ્ધાત્મતત્ત્વકા દર્શન તો અભવ્યોંકે નહીં હોતા,...'** ભગવાન જ્ઞાનમૂર્તિ વસ્તુ નિર્વિકલ્પ ચૈતન્ય તત્ત્વ એનું દેખવું તો અભવિને હોતું નથી. કહો, સમજાણું આમાં?

**'ઉસકે મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિયોંકા ઉપશમ ક્ષયોપશમ ક્ષય નહીં હૈ,...'** નિમિત્તથી વાત કરી પહેલી કેમકે **'શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, એસી રુચિરૂપ સમ્યગ્દર્શન ભી ઉસકે નહીં હૈ,...'** આ મૂળ વસ્તુ તો આ. જોયું! આ નિશ્ચયની જ વાત ચાલે છે હોં. આ કોઈ આમાંથી વ્યવહાર એકલો કહે તો વ્યવહાર નથી આ. શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ. શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્મળ જ્ઞાયકભાવ પરમાનંદ સ્વરૂપ શુદ્ધ સ્વભાવ એ ઉપાદેય અંગીકાર કરવા લાયક છે. **'એસી રુચિરૂપ સમ્યગ્દર્શન ભી ઉસકે નહીં હૈ,...'** અભવિને એવું દર્શન નથી. બહારના દેખવાને લઈને એને શું છે, બહાર તો બધું દેખે છે. સમજાણું?

અંતરંગ શુદ્ધાત્માનું અંતર દર્શન થવું એ તત્ત્વાર્થ શ્રદ્ધાન શુદ્ધાત્માની રુચિ હોય તેને થાય છે. એને એ હોતી નથી. શુદ્ધાત્મા અંતર વસ્તુ છે એ દેખવા લાયક, રુચિ કરવા લાયક એવું એને બેસતું નથી. કહો, સમજાણું આમાં? એ બોલ આગળમાં પણ આવે. એ બોલ આગળમાં આવે ૧૭૧ પાને એમાં ને એમાં. ઈ ત્યાં આવે છે ૩૫મી ગાથામાં આવે છે.

૩૪. છે ૩૪. ત્યાં પણ છે. '**યહાં પ્રભાકરભટ્ટ પૂછતા હૈ કિ આપને જો કહા કિ નિજાત્માકા દેખના વહ દર્શન હૈ,** એસા બહુત બાર તુમને કહા હૈ,...' ૩૪. છે?

ઉત્તર :- હા એ. '**અબ સામાન્ય અવલોકનરૂપ દર્શન કહતે હૈં. એસા દર્શન તો મિથ્યાદષ્ટિયોંકે ભી હોતા હૈ, ઉનકો ભી મોક્ષ કહની ચાહિયે? ઈસકા સમાધાન - ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન યે દર્શનકે ચાર ભેદ હૈં. ઈન ચારોંમેં મનકર જો દેખના વહ અચક્ષુદર્શન હૈ, જો આંખોંસે દેખના વહ ચક્ષુદર્શન હૈ. ઈન ચારોંમેંસે આત્માકા અવલોકન છદ્મસ્થઅવસ્થામેં મનસે હોતા હૈ ઔર વહ આત્મ-દર્શન મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિયોંકે ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયસે હોતા હૈ. સો સમ્યગ્દષ્ટિકે તો યહ દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોનેસે મોક્ષકા કારણ હૈ,...**' અહીંની જેમ વાત કરી.

'**જિસમેં શુદ્ધ આત્મ-તત્ત્વ હી ઉપાદેય હૈ, ઔર મિથ્યાદષ્ટિયોંકે તત્ત્વશ્રદ્ધાન નહીં હોનેસે આત્માકા દર્શન નહીં હોતા.**' છેને ? એ તો એ ગાથાની શૈલી છે ૧૩ (ગાથા). '**મિથ્યાદષ્ટિયોંકે સ્થૂલરૂપ પરદ્રવ્યકા દેખના-જાનના મન ઔર ઈન્દ્રિયોંકે દ્વારા હોતા હૈ, વહ સમ્યગ્દર્શન નહીં હૈ, ઈસલિએ મોક્ષકા કારણ ભી નહીં હૈ. સારાંશ યહ હૈ કિ તત્ત્વાર્થશ્રદ્ધાનકે અભાવસે સમ્યક્ત્વકા અભાવ હૈ, ઔર સમ્યક્ત્વકે અભાવસે મોક્ષકા અભાવ હૈ.**' લ્યો! એ દેખવું નહિ, દેખવું તો અંદર શુદ્ધાત્મા. સમજાણું કાંઈ? એ બધા શબ્દો એ અહીં છે. શુદ્ધાત્મા ઉપાદેય એકલો આત્મા શુદ્ધ. પુણ્ય-પાપના વિકલ્પ, કર્મ, શરીર કાંઈ અંગીકાર કરવા જેવું નથી. આ એ વસ્તુના સ્વરૂપમાં એ નથી. એવું સમ્યગ્દર્શન અભવિને હોતું નથી. એનો અર્થ કે ભવિને એ હોય શકે છે આ સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી વાત છે હોં! નિશ્ચયની.

'**ઔર ચારિત્રમોહકે ઉદયસે વીતરાગ ચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્માકા સત્તાવલોકન ભી ઉસકે કભી નહીં હૈ.**' લ્યો! ચારિત્ર મોહના અભાવમાં વીતરાગ ચારિત્રથી અનુભવમાં અંતર વિશેષ અનુભવવું એવું પણ એને હોતું નથી. '**તાત્પર્ય યહ હૈ, નિશ્ચયકર અભેદરત્નત્રયકો પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા હી મોક્ષકા માર્ગ હૈ.**' લ્યો! ખરેખર તો આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની-અંતર શુદ્ધ સ્વભાવની રુચિ એ શુદ્ધ સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન અને શુદ્ધ સ્વરૂપમાં લીનતા એ આત્મા એ પોતે મોક્ષનો માર્ગ છે. જુઓ! આ કેટલાક આ તેરમે કહે છે. આહા..! સમજાણું કાંઈ? અત્યારે તો કંઈક ફાટા ફાટ્યા છે. કોઈક કાંઈક ને કોઈ કાંઈકને. .. આ તેરમે ગુણસ્થાને હોય. નિશ્ચય મોક્ષમાર્ગ તેરમે હોય, નિશ્ચય સમકિત તેરમે હોય એવું ચાલ્યું છે. એ છાપામાં નાખે છે માળા. ટીકા કરીને એક જણાએ કે ભાઈ!

આ તમે આનું કેમ નાખો છો? આમાં તો મેળ વિનાનું છે. ટીકા કરી છે વળી કો'કે. કોણ ટીકા પણ કરે? વાંચે જાય. ભાન વિનાના માણસ જ્યાં પડ્યા હોય ત્યાં. કાંઈ ખબર ન મળે કાંઈ તત્ત્વ શું છે. એ સામો કહે એ હા. જાવ ભાઈ! ભીખાભાઈ! **'એસી હી દ્રવ્યસંગ્રહમેં સાક્ષીભૂત ગાથા કહી હૈ.'** ઓલામાં ૩૯નો દાખલો હતો ૧૨મામાં. સમજાણું? હતોને? આમાં ૪૦મો. ૧૨મામાં ૩૯મો.

**रयणत्तयं ण वट्टइ अप्पाणं भुइत्तु अण्णइवियम्हि।**
**तम्हा तत्तियमइओ होदि हु मोक्खस्स कारणं आदा।।४०।।**

**'ઉસકા અર્થ એસા હૈ કિ રત્નત્રય આત્માકો છોડકર અન્ય (દૂસરી) દ્રવ્યોંમેં નહીં રહતા,...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિકલ્પ આદિમાં રહેતું નથી એમ કહે છે. એની સાથે સંબંધ ન કર્યો. આણે તેરમા .. વાત કરે છે. ઓલા પણ આઠમા અને નવમાની. .. વાતું કરે. બધાય ગપ્પે ગપ્પ મારે. આહા..હા..! કહે છે, આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ... અહીં જે કીધુંને **'पेच्छइ जाणइ अणुचरइ'** એના આધારમાં આપી ગાથા. પાઠમાં એમ આવ્યું ને? **'पेच्छइ जाणइ अणुचरइ'** એવો આત્મા જ પોતે મોક્ષનો માર્ગ છે. એમ ઓલો વિકલ્પ દયા, દાન આદિ, વ્રત આદિ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ? **'રત્નત્રય આત્માકો છોડકર અન્ય દ્રવ્યોંમેં નહીં રહતા,...'** ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ...

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રમાં નથી રહેતા ?

ઉત્તર :- દેવ-ગુરુ-શાસ્ત્રમાં નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં પણ નથી રહેતા એમ કહે છે. સમજ્યા? શ્રદ્ધા એ વિકલ્પ છે, રાગ છે. સાધન છે એટલે નિમિત્તરૂપ છે અહીં કરે તો, એને છોડીને કરે તો. એ આવશે. કહો, સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ આવશે, ... હમણાં જ આવશે ૧૪મામાં, ૧૪મી ગાથામાં આવશે. કહો, સમજાણું? **'દ્રવ્યોંમેં નહીં રહતા, ઈસલિયે મોક્ષકા કારણ ઉન તીનમયી નિજ આત્મા હી હૈ.'** ભગવાન શુદ્ધ સ્વરૂપ પવિત્ર એ જ પોતે અંતરમાં શક્તિરૂપ સત્વ બધું છે એને જ અંદર એકાગ્રતા દ્વારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિરૂપ પરિણમતો આત્મા જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? એ વિકલ્પ શુભ રાગ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, નિમિત્ત એમાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તતા નથી, હોતા નથી. સમજાણું કાંઈ? એ ૧૩મી કીધી. હવે ૧૪મી.

'આગે ભેદરત્નત્રયસ્વરૂપ-વ્યવહાર વહ પરમ્પરાય મોક્ષકા માર્ગ હૈ, એસા દિખલાતે હૈં.'

१४) जं बोल्लइ ववहारु-णउ दंसणु णाणु चरित्तु।
तं परियाणहि जीव तुहुँ जेँ परु होहि पवित्तु।।१४।।

આખો અર્થ ટીકામાંથી અહીં પાનામાં લખ્યો છે, એ જુદો છે તદ્દન. હવે એમાંથી સાંભળશે, એ અર્થમાં નથી, અર્થ એમાં. 'પરમાત્મપ્રકાશ' અધ્યાય બીજો. ગાથા ૧૪મી સંસ્કૃત ટીકાનો અનુવાદ પંડિતજીએ કર્યો છે આપણે. આ ટીકા છે સંસ્કૃતની સીધી પાઠમાં છે એ. લખાણમાં જરી ફેર છે. પાટેથી નીચે ઉતરી જાય એટલે પછી કાંઈ મેળ રહે?

'હે જીવ,...' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રય છે લક્ષણ જેનું એવા નિશ્ચય મોક્ષમાર્ગના સાધક વ્યવહાર મોક્ષમાર્ગને જાણ. સમજાણું કાંઈ? ગાથામાં વ્યવહારની જ્યાં વ્યવહારની વાત છે. જેમ '**बोल्लइ**' છેને? કહે છે, વ્યવહાર કહે છે. નિશ્ચય રત્નત્રય આત્માનો જે કહ્યો ૧૩માં. શુદ્ધ સ્વભાવ પૂર્ણાનંદ એની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ એટલે રાગ વિનાની સ્વભાવની દૃષ્ટિ, રાગ વિનાનું ચૈતન્યનું સ્વસંવેદન જ્ઞાન, રાગ વિનાની સ્થિરતા એ આત્મા જ મોક્ષનો માર્ગ છે. હવે એમાં વ્યવહાર વિકલ્પ હોય છે વ્યવહાર મોક્ષમાર્ગ સાધક તરીકે, નિમિત્ત તરીકે સાથે હોય છે, એ કેવો? એની આ વ્યાખ્યા કરે છે. અને પૂર્વની અપેક્ષા પણ એને વિકલ્પ લઈને સાધક કહેશે.

એ નિશ્ચય મોક્ષમાર્ગના સાધક વ્યવહાર મોક્ષમાર્ગને જાણ. જેને જાણવાથી... જાણ કહ્યું છે હોં! એને જાણ. જેને જાણવાથી તું કેવો થઈશ? પરંપરાએ પવિત્ર પરમાત્મા થઈશ. લ્યો ઠીક! એ વ્યવહાર છે એ પરંપરા મોક્ષનો માર્ગ છે એમ કહે છે. નિશ્ચય છે એટલે સાક્ષાત્ મોક્ષનો માર્ગ છે એમ કહે છે મૂળ તો. સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ જ સાક્ષાત્ મોક્ષનું કારણ. પણ જોડે પૂર્વનો વિકલ્પ હોય એ અપેક્ષા લઈને કાં વર્તમાન એને પરંપરા સાધક તરીકે પરંપરા મોક્ષનું કારણ વ્યવહાર છે માટે કહ્યું છે. સમજાણું કાંઈ? પરંપરાએ પવિત્ર પરમાત્મા છે. મૂળ તો નિશ્ચયથી થશે, પણ એમાં આ વિકલ્પ છે એ પરંપરા એટલે કે એનો અભાવ કરીને પછી સ્થિર થઈશ. સમજાણું કાંઈ? વ્યવહાર નિશ્ચય મોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. વ્યવહાર અને નિશ્ચય એવા મોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. કે, જેમકે વીતરાગ સર્વજ્ઞ પ્રણીત ષટ્દ્રવ્ય આદિના સમ્યક્ શ્રદ્ધાન. વીતરાગ સર્વજ્ઞે કહેલા છ દ્રવ્યો, એની સાચી શ્રદ્ધા, એવો શુભ વિકલ્પ, શુભ ઉપયોગ, શુભ રાગ, જ્ઞાન. ભગવાને કહેલા, સર્વજ્ઞ કહેલા, સર્વજ્ઞ પરમાત્માએ કહેલા ષટ્દ્રવ્યાદિ એનું જ્ઞાન. જોયું? વ્યવહાર પણ આ હોય એને. કારણ કે દ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે સહજ એક સમયની પર્યાયમાં પોતાને જાણતા બધાને

જાણે છે. એવો એનો સ્વભાવ છે માટે એને પહેલા વિકલ્પાત્મક જ્ઞાનમાં ભગવાને કહેલા ષટ્દ્રવ્યનું એને જ્ઞાન હોવું જોઈએ. જુઓ! આ સમજાણું?

આ બીજા વાતું કરે છેને આમ કરો, આમ કરો, વિકલ્પ તોડીને નિર્વિકલ્પ (થાઓ). પણ વિકલ્પ પહેલો કેવો હોય? એને વ્યવહારના વિકલ્પની આવી જાત હોય છે. ષટ્દ્રવ્યની શ્રદ્ધાનું જ્ઞાન હોય એને ષટ્દ્રવ્યનું જ્ઞાન એને હોય છે. એકલો આત્મા-આત્મા કરે એમ ન ચાલે. વ્યવહાર હોં વ્યવહાર. પછી એને છોડીને એકલો નિશ્ચય પામે તેને મોક્ષમાર્ગ કહે છે. જેને આવી વ્યવહારરૂપ શ્રદ્ધા પણ નથી, એને તો નિશ્ચય કોઈ રીતે પામી શકે નહિ. એટલું બતાવવા અહીંયાં વ્યવહારને સાધક કહ્યો છે. સમજાણું કાંઈ?

કારણ કે એ ષટ્દ્રવ્યની શ્રદ્ધા ને ષટ્દ્રવ્યનું જ્ઞાન એવો જે વિકલ્પ છે એવો એને વ્યવહારનો એ જ જાતનો વિકલ્પ આવે. એ જાતનું જ્ઞાન અને ક્ષયોપશમમાં એ જાતની શ્રદ્ધા. એવો એ વ્યવહાર હોય છે. એ સિવાય બીજો વ્યવહાર એક જ આત્મા છે, ફલાણા છે, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એવા કહેલાએ આવા તત્ત્વ છે, એવો એને જ્ઞાન અને વિકલ્પ એને વ્યવહાર હોતો નથી. માટે તેને અહીંયાં નિશ્ચય મોક્ષમાર્ગનો નિમિત્ત તરીકે, સાધન તરીકે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના. ... એવું થાય, એવું નથી આમાં જરીએ. એનાથી થાય એવું નથી એમ કીધું. સાધકનો અર્થ કીધોને આ. કે એવો જેને જ્ઞાનના ઉઘાડમાં બહિર્દ્રવ્ય અને જ્ઞાનવાળો ક્ષયોપશમ એવો જ વિકલ્પ એવો કે ષટ્દ્રવ્ય વસ્તુ છે. અનંતા આત્માઓ, અનંતા પરમાણુ એવા અસંખ્ય કાલાણુ એવી વસ્તુ એનો પોતાનો જ્ઞાનનો પર્યાય એવો છે જીવનો. એક સમયનો પર્યાય કે ષટ્દ્રવ્યને જાણવાની તાકાતવાળો છે. સમજાય છે કાંઈ? પરલક્ષી જ્ઞાનના પર્યાયમાં એટલું ષટ્દ્રવ્યને જાણવાની તાકાતવાળો પર્યાય છે, પણ એ વિકલ્પવાળુ જ્ઞાન છે. સમજાણું કાંઈ? એમાંથી એક આત્મા તારવીને નિર્વિકલ્પ કરવો એનું નામ નિશ્ચય મોક્ષમાર્ગ છે. એથી આ જરી વ્યવહાર બતાવ્યો છે. ભાઈ! કાલે આ બે દિ' ચાલ્યું હતું. પરમ દિ' રાતે ચાલ્યું ને કાલ ચાલ્યું નહોતું એક? બહુ પંડિતજીએ તો ખુલાસો નહોતો કર્યો. થોડું થોડું કહીને મૂકી દીધું હતું. વખત રાતે... કહો, સમજાણું કાંઈ?

અહીં તો વાત ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાની અભેદતા એક જ નિશ્ચય મોક્ષમાર્ગ. પણ એની સાથે વ્યવહાર, પૂર્ણ વીતરાગ નથી, કેવળી થયેલ નથી એથી એને વિકલ્પ એવો જ હોય કે છ દ્રવ્યની શ્રદ્ધા, છ દ્રવ્યનું જ્ઞાન અને રાગની મંદતા (એટલે) તીવ્ર રાગથી (હટે). સમજાય છે કાંઈ? શુભ રાગનો પુરુષાર્થ છે,

અશુભ રાગનો પુરુષાર્થ છૂટીને શુભ રાગનો છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટીને સુદેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે. બીજાઓએ અનંત તત્ત્વ ઊંધા કહ્યા છે, એના જ્ઞાન ને શ્રદ્ધાનો ભાવ છોડીને આવા છ દ્રવ્ય આદિના શ્રદ્ધાનું જ્ઞાન ને શુભ રાગ છે. કહો, સમજાણું કાંઈ?

અહીં વસ્તુનું સ્વરૂપ એવું છે એટલે વ્યવહારો વિકલ્પ એવી જાતનો એમ વર્ણવવા માગે છે. ભાઈ! વસ્તુ જ એવી છે મહાન ચૈતન્યમૂર્તિ, જેની એક પર્યાય પરને લક્ષે પણ છ દ્રવ્યને જાણવાની તાકાતવાળુ એ પર્યાય છે. એથી અહીંયાં નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના ભૂમિકામાં આવા જ વિકલ્પો નિમિત્તરૂપે હોય, બીજી જાત હોય નહિ. એથી એને સાધક તરીકે ત્યાં આરોપ કહેવામાં આવ્યો છે. એમ છે. સમજાણું કાંઈ?

એથી તો કાલ વાત નહોતી થઈ અગ્નિની અને ઓલા સોનાની? અગ્નિ આમ સોનાને જુદું પાડે છે પથ્થરથી, પણ એ સોનું પોતે જુદું પોતાથી પરિણમી રહ્યું છે. પરથી જુદું પાડે છે એમ જે નિમિત્ત કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવું છે. અગ્નિ વિના જ થાય છે, એમ કહે છે અહીં તો. એ સોનું જ પોતે પોતાથી આમ પરિણમી રહ્યું છે, એની પોતાની શુદ્ધતાપણે આમ સોળ વલું થઈ રહ્યું છે ત્યારે ઓલા અગ્નિથી જુદું પથ્થરો પાડે છે એમ વ્યવહાર નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી પરિણમતું નથી અહીં. એમ આ નિમિત્તથી અહીં નિશ્ચય થતો નથી. નિશ્ચય તો પોતાના દ્રવ્યને આશ્રયે થયા કરે છે. વાત તો એવી છે. વસ્તુની એવી સ્થિતિ જ છે. સમજાણું કાંઈ? આવો હોય, પાછો નિમિત્ત પણ આવો હોય એમ. એ એકલું સામાન્ય નિમિત્ત એમ નહિ. નિમિત્તમાં, ફેર નિમિત્તમાં છે એટલે એને સાધક કહ્યું છે. સમજાણું કાંઈ? જેને ષટ્દ્રવ્યનો જ જ્ઞાનમાં વિકલ્પ હોય, ષટ્દ્રવ્યની જ વ્યવહાર શ્રદ્ધા હોય અને એ સંબંધી એને કષાયની મંદતા હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ગૃહીત મિથ્યાત્વ એ નહિ. અહીંયાં તો ષટ્દ્રવ્ય આદિની શ્રદ્ધાનું જ્ઞાન આદિ એને મહાન તોળનાર તત્ત્વ એકલું નિશ્ચયથી તોળનાર છે અંતર. એના વિકલ્પના વ્યવહારમાં આવો ષટ્દ્રવ્યને તોળે, શ્રદ્ધે, જ્ઞાન કરે એવો જ વિકલ્પ હોય, બસ એટલી જ વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ટાળ્યું-ફાળ્યું એની વાત નથી. સમજાણું કાંઈ?

અહીં તો રહ્યું એની વાત છે ભાઈ! અહીં. શું કહેવું છે? સમજાણું આમાં? અહીં નિશ્ચયથી આ થયું છે ત્યારે વ્યવહારથી આવું હોય છે એમ કહેવું છે અહીં. ભારે વાત! સમજાણું કાંઈ? જ્ઞાનની પરલક્ષી ક્ષયોપશમ દશાના પર્યાયમાં પણ જેણે પરલક્ષી વિકલ્પમાં ષટ્દ્રવ્યની શ્રદ્ધાને તોળી છે, જાણી લીધી છે. ષટ્દ્રવ્યનું જ્ઞાન જેણે અંદર પ્રગટ કર્યું, ષટ્દ્રવ્ય તે છે

એવું જ્ઞાન કહ્યું. સમજાણું કાંઈ? સ્વદ્રવ્યનું તો અંદર નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર તોળ્યું છે ભાઈ! શું કીધું? સમજાણું આમાં? આ નિશ્ચય દર્શન જ્ઞાને છ દ્રવ્યને... એ તો મહાન પદાર્થ, મહાન પદાર્થ. એણે આમ નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાને કર્યું અને આ વિકલ્પવાળી એવા એ ષટ્દ્રવ્ય આખા ષટ્દ્રવ્યની શ્રદ્ધા, ષટ્દ્રવ્યનું જ્ઞાન, એ જાતના વિકલ્પ ને કષાયની મંદતાને આવામાં આવો જ ભાવ હોય છે એટલો ભૂમિકામાં બીજો હોતો નથી એમ ગણીને તેને સાધકપણે કહેવામાં આવ્યું છે. નિશ્ચયથી તે કાળે પોતાના સ્વરૂપનું સાધન થાય છે તે સાધક છે. સમજાણું કાંઈ? મોક્ષનું સાધક તો સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે જ પોતે સાધક છે. પણ આવી જાતની ત્યાં યોગ્યતાનો વિકલ્પ એ જાતનો જ હોય, બીજો હોય નહિ, બીજું જ્ઞાન હોય નહિ બીજી જાતનું. સમજાય છે કાંઈ? એક આત્મા છે એવું જ્ઞાન અને સર્વ વ્યાપક અથવા આત્મા... સમજાય છે? સિદ્ધ થઈ ગયા અને પછી પાછી મુક્તિ થયેલા આવે. એ એવી વસ્તુની શ્રદ્ધા એને ષટ્દ્રવ્યમાં એવી હોય નહિ એમ કહે છે. ષટ્દ્રવ્યનું જેવું સ્વરૂપ સિદ્ધનું છે એવું સંસારીનું છે. જે રીતે છે એ રીતે એની શ્રદ્ધામાં વિકલ્પ એ જાતનો વર્તે. સમજાણું કાંઈ આમાં? આહા..હા..! આમાં તો વ્યવહાર કહીને તો ભગવાને પરના ઊંધા ભાવથી એને વિકલ્પ બીજા હોતા નથી, એવી જાત હોય છે એમ બતાવ્યું છે. છતાં એ પુણ્યબંધનું કારણ છે.

મુમુક્ષુ :- શુદ્ધિમાં આવ્યો જ નથી.

ઉત્તર :- શુદ્ધિમાં જરીએ આવ્યું નથી એને લઈને. શુદ્ધિ તો સ્વદ્રવ્યને આશ્રયે થયું હોય એ શુદ્ધિ છે. આટલો આવ્યો એને શું કહેવું? હોય એને શું કહેવું? છે એને સાધક કેમ કહ્યો? એની વ્યાખ્યા ચાલે છે અહીં તો. સમજાય છે કાંઈ? ભાઈ! માર્ગ તો એવી ચીજ છે. આમ ભગવાન આત્મા જેના ગુણનું અપારપણું, જેના ભાવનું અપારપણું શક્તિના સામર્થ્યનું. આખો પદાર્થ જ્યાં નિર્વિકલ્પ દૃષ્ટિમાં લીધો, સ્વસંવેદને જાણ્યો, સ્થિરતાએ રમ્યો એ જ મોક્ષનો માર્ગ તો ખરેખર એક જ વાત છે નિશ્ચય. મોક્ષમાર્ગ તો એ એક જ છે. બીજો આવી શૈલીને ગણીને, કે જેને આમ ષટ્દ્રવ્યનું વિકલ્પ ને એનું શ્રદ્ધાન આદિ રાગ મંદ (હોય), એવો ભાવનો વજન ગણીને એને વ્યવહાર તરીકે, વ્યવહાર તરીકે સાધક કહ્યો છે. નિશ્ચયથી સાધક છે નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- જોર તો સ્વભાવ તરફનું છે. બહારનું ક્યાં હતું જોર? પણ આવા જ વિકલ્પની જાત વ્યવહારની હોય છે એને. બીજો અમે એક જ આત્મા છે ને ફલાણું છે ને બધા આત્મા એક જ છે ને બધાનો ધર્મ એક જ છે ને—એવો વિકલ્પ એને હોય નહિ. સમજાણું

કાંઈ? એમ કહે ભાઈ! જરીક ષટ્દ્રવ્યમાં પણ અનંત આત્માઓ, એમાં અનંત આત્મા સિદ્ધરૂપે છે, અનંત નિગોદરૂપે છે એ બધું છે કે નહિ એની અંદર? સમજાણું? એવું એને ભલે વિશેષ ખ્યાલ નથી, પણ એવો જ એને એ જાતનો જ વિકલ્પની મર્યાદા હોય છે, એથી તેને એને વ્યવહાર સાધક તરીકે કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારથી કહેવાય સહાયક-સહાયક. પણ છે નહિ ખરેખર કાંઈ. એ વ્યવહારનું કથન જ એવું છે. પોતે સ્વયં પરિણમતાને ધર્માસ્તિકાય નિમિત્ત છે એટલે એને સહાયક એમ કહેવાય, પણ એનો અર્થ શું ? પોતે પરિણમતું નહોતું? પરિણમવવાનો સ્વકાળ નહોતો? કે એને એના સહાયકે આમ પરિણમ્યો, આમ ઊંચો આવ્યો કે આમ થયું? સમજાણું કાંઈ? એ બધા ધર્માસ્તિકાયવત્ નિમિત્ત સમજવા. આહા..હા..! ભારે વાત છે ભાઈ! વસ્તુસ્થિતિ જ આવી છે હોં! એ કચડીમચડીને ફેરવે એ ન થાય અંદરમાં. કાલ તો કહ્યું હતું કે સર્વજ્ઞને સિદ્ધ કરવા જાય તો આ રીતે ઊભું થાય છે, બીજું ઊભું થાતું નથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ભગવાન છે આખા જગતની અંદર એ સર્વજ્ઞનો જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યારે એને દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. એટલે દ્રવ્ય સ્વભાવ ઉપરનું જ્ઞાન થતાં નિશ્ચય જ્ઞાન, દર્શન થતાં જે કાંઈ ભાગે રાગ રહી જાય છે એને જાણનાર રહી જાય, એ જાણનારો રહી જાય. પછી એને વ્યવહારે સમજાવ્યું કે આ વ્યવહાર છે, આ સાધક છે, આ નિમિત્ત છે. એમ સમજાવ્યું બાકી એને ઓલો રાગ રહી જાય છે એને વ્યવહાર કહ્યો, નિશ્ચય થયો એને નિશ્ચય કહ્યો. બહાર નિમિત્ત હોય એને નિમિત્ત. પોતે પણ એમ જાણે છે ધર્મી અને કેવળજ્ઞાની પણ એના આત્માને એ રીતે જાણે છે. એ રીતે મેળ છે, બીજી રીતે મેળ હોતો નથી. સમજાણું આમાં કાંઈ?

સર્વજ્ઞ છે એ આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. એ સર્વજ્ઞસ્વભાવનું સાધકપણું સ્વદ્રવ્યને આશ્રયે જ્યાં સર્વજ્ઞ છે, એકલો જ્ઞાયક છે. એમ જ્યાં અંતર નિશ્ચય થયો, નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું, સ્થિરતા... સમજાય છે? ત્યારે બાકી રહેલો રાગ એને વ્યવહાર કહેવામાં આવ્યો. સ્વ આશ્રય, આવું જે સર્વજ્ઞ સ્વભાવને આશ્રયે જે પ્રગટેલું જ્ઞાન-દર્શન નિશ્ચય કહ્યું સ્વ આશ્રય. ઓલો રાગ છે તે પર આશ્રય એને વ્યવહાર કહ્યો. બાકી એવી સ્થિતિ રહી જાય છે. આ નિશ્ચય ને આ વ્યવહાર એણે કહ્યો. ભગવાન કેવળીએ પણ એના આત્મા માટે એમ જોયું. એના જે સમયનું પરિણમન એ રીતે વર્તે છે, ભગવાને પણ એમ જોયું કે એનો આત્મા આ છે, એની શ્રદ્ધા, જ્ઞાન આ છે, રાગ બાકી આ છે, નિમિત્ત આ છે અથવા તે વખતે કર્મનો અભાવ એને થયો છે. એવું આને બેઠું છે, જાણે છે, એમ કેવળી જાણે છે. સમજાણું

કાંઈ? બહુ ઝીણું ભાઈ! વાંધા જ આખા ઉઠ્યા એમાંથી મોટા સર્વજ્ઞના. એ જો એને બેસે તો આ બધી ઘડી, બધી ઘડે ઘડ બેસી જાય. એ જ અહીં કહે છે. વીતરાગ સર્વજ્ઞ પ્રણીત ષટ્દ્રવ્ય આદિના. જુઓ, સર્વજ્ઞ પ્રણીત ભાઈ! એમ આવ્યું ને. આહા..હા..! એ તો કથનની પદ્ધતિ.

મુમુક્ષુ :- સર્વજ્ઞને માન્યા પહેલા.

ઉત્તર :- સર્વજ્ઞને માન્યા, પણ સર્વજ્ઞે કહેલા ષટ્દ્રવ્યો. એવું વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! સર્વજ્ઞ પ્રણીત ષટ્દ્રવ્ય આદિ. એ નવ તત્ત્વો, ષટ્દ્રવ્યો, પંચાસ્તિકાય વગેરે. સમ્યક્ શ્રદ્ધાન, એનો સમ્યક્ શ્રદ્ધાનો રાગ વિકલ્પ છે એ. ઉઘાડ જ્ઞાનનો એવો હોય છે, જ્ઞાન એ જાતનો ઉઘાડ પણ એની સાથે વિકલ્પ હોય છે. અને વ્રતાદિ અનુષ્ઠાન. હવે વ્રત, દાન આદિના શુભ પરિણામ એ વ્યવહાર મોક્ષમાર્ગ છે, એ વ્યવહાર મોક્ષમાર્ગ છે. એ પર આશ્રિત વિકલ્પ તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવાય છે. ખરેખર મોક્ષમાર્ગ નથી તેને મોક્ષમાર્ગ કહેવો એનું નામ વ્યવહાર. છે તેને કહેવું એનું નામ નિશ્ચય. વાત આમ છે. અરે!

મુમુક્ષુ :- નિશ્ચય અને વ્યવહાર આવો...

ઉત્તર :- એ કીધુંને. આ હોય ત્યારે આ છે, બાકી રહે છે. સર્વજ્ઞથી નક્કી કરે, પોતાથી નક્કી કરે, તોપણ આજ રીતે ઊભું થાય છે, બીજું થાતું નથી. આ નિશ્ચય થયો એટલે રાગ જાણે વ્યવહાર કહ્યો. સ્વ આશ્રય થયો એને નિશ્ચય કહ્યો, પર આશ્રય રાગને વ્યવહાર કહ્યો. ભગવાન પણ એને એ રીતે નિયત, સ્વભાવ, પુરુષાર્થ બધું દેખે છે. એક સમયે પાંચેય એને દેખે છે અને પોતે પણ પાંચેથી પ્રગટ થઈ છે પર્યાય. સમજાણું કાંઈ?

નિશ્ચય ન હોય ત્યાં વ્યવહાર વિકલ્પની ભૂમિકા ઊભી હોય. વ્યવહારની ભૂમિકા હોય ત્યાં નિશ્ચય હોય એમ નહિ. ભલે આમથી ભાષા, પણ ઓલો નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય અને વ્યવહાર જ્યાં હોય ત્યાં નિશ્ચયનું પરિણમન અંદર હોય ત્યારે એને વ્યવહાર કહેવામાં આવે છે. વસ્તુ આમ છે. લખાણ આવે અનેક પ્રકારના. સમજાણું કાંઈ? આહા..હા..! નિજ શુદ્ધ આત્માના સમ્યક્ શ્રદ્ધાન. દેખો! લખાણ પહેલું આવ્યું એ. નિજ શુદ્ધ આત્માના સમ્યક્ શ્રદ્ધા, નિજ શુદ્ધ આત્માનું સમ્યગ્જ્ઞાન, નિજ શુદ્ધ અનુષ્ઠાનરૂપ નિશ્ચય માર્ગ છે, એ નિશ્ચય માર્ગ છે. અથવા વ્યવહાર મોક્ષમાર્ગ સાધક છે, નિશ્ચય મોક્ષમાર્ગ સાધ્ય છે. લ્યો! ઓલાને સાધક કહ્યો નિમિત્ત છે એટલે, આને સાધ્ય કહ્યું મૂળ વસ્તુ છે માટે. સમજાણું કાંઈ?

ઓલામાં એમ આવ્યુંને હેમરાજજીના બોલમાં ન કીધું? 'નિશ્ચયનય પહલે કહે પીછે લે વ્યવહાર...' એમ કીધું ને સામું? એનો અર્થ થયો. સનાતન દિગંબર જૈનધર્મમાં નિશ્ચય છે એ પહેલો આવે છે. પછી ઓલાને વ્યવહાર પછી ભલે નહિ, પણ એ વખતે આમ ભાન

છે એટલે ઓલાને વ્યવહાર કહેવામાં આવે. વસ્તુ એમ ચાલતી હતી એને યશોવિજયે લક્ષમાં લીધી કે આ લોકો આમ કહે છે. સમજાણું? જે નિશ્ચય થયો ત્યારે વ્યવહાર હોય છે એમ કીધું. પછી છે એનો અર્થ એ કે આ નિશ્ચય થયો અને પછી વિકલ્પ બાકી રહી ગયો એને વ્યવહાર કહ્યો. એ જાતના જ વિકલ્પ પાછા આવ્યા. ષટ્દ્રવ્યની શ્રદ્ધા, ષટ્દ્રવ્યનું જ્ઞાન અને ષટ્દ્રવ્ય સંબંધીનો જે રાગ મંદતા, એમાં પરથી ખસીને આચરણરૂપ વ્યવહાર વ્રત આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત. અરે!

અહીં શિષ્ય બોલ્યા કે નિશ્ચયમોક્ષમાર્ગ નિર્વિકલ્પ છે. તે કાળે સવિકલ્પ મોક્ષમાર્ગ નથી તો તે સાધક કેમ થાય? લ્યો ઠીક! આ પ્રશ્ન ઉઠ્યો હવે. સાધક-સાધ્ય તમે કીધું, હવે આ સાધક તો શી રીતે કરવું? સાધક તો થયું રાગ અને આ સાધ્ય થયો નિર્વિકલ્પ વીતરાગ. આ શી રીતે થયું? એમ કહે છે. સાધક-સાધ્યમાં એને પ્રશ્ન આ ઉઠ્યો કે સાધક તો વિકલ્પ છે, સાધ્ય તો નિર્વિકલ્પ છે. એમ પ્રશ્ન ઉઠ્યો. સમજાણું? પ્રશ્ન ઉઠવાનું કારણ શું? સાધક અને સાધ્ય શબ્દ આવ્યો પહેલા. છેને? વ્યવહાર મોક્ષમાર્ગ સાધક, નિશ્ચય સાધ્ય એમાંથી પ્રશ્ન ઉઠ્યો. કે સાધક જો એને તમે કહો, મદદગાર કહો, સહાયક કહો, એ એનાથી થાય એમ કહો તો વ્યવહાર મોક્ષમાર્ગ તો વિકલ્પ છે. સમજાણું? નિશ્ચય મોક્ષમાર્ગ નિર્વિકલ્પ છે એમ પ્રશ્ન ઉઠ્યો છે. એ તો ઉઠાવ્યો છે પોતે ટીકાકારે. જ્યારે તમે એમ કહો કે નિશ્ચય તે સાધ્ય છે અને વ્યવહાર તે સાધન. તો એને કારણે આ પ્રગટ્યું, એને કારણે આ પ્રગટ્યું એમ તમારા કથનમાં આવ્યું. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. આ કારણ આ પ્રગટ્યું. કારણ તો વિકલ્પ છે (અને) પ્રગટે એ નિર્વિકલ્પ વીતરાગ દશા છે. એને આ કારણ કેમ કહેવાય? એમ શિષ્યનો પ્રશ્ન ઉઠ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કીધું એનો અર્થ કરે છે હવે. એને વ્યવહાર સાધક કહીને, નિશ્ચય સાધ્ય છે એમાં બાકી રહેલો (રાગ) છે એ છે. પૂર્ણ સ્થિર થશે આગળ વધીને એટલે આને છોડી દેશે અને સ્થિર થશે ત્યારે મુક્તિ થશે એમ. સમજાણું કાંઈ? અહીં શિષ્ય બોલ્યા કે નિશ્ચય મોક્ષમાર્ગ તો વીતરાગ પર્યાય છે. સમજાણું? નિશ્ચય મોક્ષમાર્ગ તો વીતરાગ દશા છે. તે કાળે રાગ મોક્ષમાર્ગ, રાગ મોક્ષમાર્ગ નથી, તે કાળે સવિકલ્પ મોક્ષમાર્ગ નથી તો તે સાધક કેમ કહેવાય? પ્રશ્ન અહીં ઉઠ્યો છે. તે કાળે તો રાગ નથી અને તમે સાધક એને કહો છો. એટલે સાધ્ય વીતરાગ પર્યાય કહો છો. સાધકને રાગ પર્યાયને કહો છો, સાધ્ય થયો ત્યારે ઓલો ભાવ તો નથી. ત્યારે હવે તમે કેમ એને સાધક કહો છો? જુઓ લ્યો! આ પ્રશ્ન બરાબર ઉઠે છે. સમજાણું કાંઈ ?

અહીં સમાધાન કરે છે. ભૂતનૈગમનયે તે પરંપરાએ છે. એ તો ગયે કાળે એવો વિકલ્પ હતો એને વર્તમાન ગણીને એમ કહેવામાં આવ્યું કે છે. વર્તમાન નથી. સાધ્ય થયું ત્યારે એ વિકલ્પને સાધક કહ્યો તો એ વિકલ્પ એ કાળે નથી. વિકલ્પને તોડીને નિર્વિકલ્પ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારનું આમ ષટ્દ્રવ્ય અને આ બધો વગેરે વિકલ્પ છે, પણ એનું લક્ષ છોડીને નિર્વિકલ્પ થયો છે. સમજાણું કાંઈ? એટલે વિકલ્પને સહારે નિર્વિકલ્પ થયો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભૂતનૈગમનયે તે પરંપરાએ. એટલી વાત એ પહેલી હોં! પછી બીજી વાત કરશે. એટલે એ રાગથી સાધકને આ વીતરાગ એમ કહેવું એ તો પરંપરાની નૈગમનયની અપેક્ષાએ. પહેલો ભાવ હતો એને વર્તમાન સાધક તરીકે કહ્યો એટલે વર્તમાન સાધક અને આ સાધ્ય એ તો પૂર્વે હતો એ અપેક્ષાએ કહ્યું છે. પણ અત્યારે રાગ છે એ આને મદદ કરે છે એમ નહિ. પૂર્વે રાગ હતો એનો અભાવ કરીને ઠર્યો ત્યારે રાગને સાધક તરીકે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જેટલો જેટલો આગળ વધતો જાય છે એટલો એટલો રાગ તોડતો જાય છે એને રાગને પછી સાધક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે તકરાર ભાઈ! આ વાત તો આવી છેને. સાધક આવું હોય છે એ ભૂમિકામાં, પણ જેટલો અંદરમાં આગળ સ્થિર થતો જાય છેને એટલો એટલો વિકલ્પનો અભાવ થતો જાય છે. છતાં એને વિકલ્પ વર્તમાન વિકલ્પ સાધક છે એમ પૂર્વ નૈગમની અપેક્ષાએ રાગને સાધક કહ્યો છે. બાકી તો અભાવ કરતો જાય છે. એ બાકી રહ્યું એને કહ્યું એનું કારણ કે અભાવ થતો જાય છેને પૂર્વનો એથી એને કહ્યું છે, એમ કહે છે. તોડતો જાય છે ત્યારે જેટલો વિકલ્પ નિર્વિકલ્પ થયો એ રાગના આશ્રયે થયો નથી એમ કહેવું છે અહીં તો. રાગનું રહ્યો તો એને સાધક કહ્યો એ તો પૂર્વનો રાગ હતો એનો અભાવ કરતો જાય માટે આ રાગને સાધક કહ્યો એમ કહે છે. આને પણ હવે તોડતો જાય છે એટલે પૂર્વના રાગને સાધક કહેવાય છે. આહા..હા..!

ખૂબી છે એમાં એની. સાધક એ રીતનો એમ કહે કે આ રાગ છે એ અત્યારે વીતરાગપણાને મદદ કરે છે એમ નથી. એ રાગ તો છે નહિ. દૃષ્ટિ નિર્વિકલ્પ થઈ ત્યાં રાગ છે નહિ એટલી તો. સમજાય છે? પણ પૂર્વનો રાગ હતો એને અભાવ કરીને થયો ત્યારે એ રાગ છે એને પણ સાધક તરીકે કહેવામાં આવ્યો છે. એ પણ હળવે ઘટાડતો જાય અને સ્થિર થતો જશે. સમજાણું કાંઈ? શું આમાં શું આવ્યું? આહા..હા..! અરે..! માર્ગ તો બાપા! વીતરાગ છે ભાઈ! એક જ સ્વરૂપ છે, એક જ માર્ગ છે. આને સાધકને અપેક્ષાએ એવો ભાવ હતો

એટલે અપેક્ષાથી ઘટતો ગયો અને ઘટતો ગયો એટલો વીતરાગ થતો ગયો એની અપેક્ષાએ એને વ્યવહાર કહ્યો પછી પરંપરા કરશે. એટલે આનું પૂરું કરી દેશે અભાવનું. એટલે એને આરોપ કરીને કહ્યું છે. એકલો વીતરાગી પર્યાય તદ્દન વર્તમાન બસ એ જ મોક્ષનું કારણ છે. આ રીતે છે, કીધું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. ખુલાસો.

ઉત્તર :- આ જ છે ખુલાસો. બીજો ખુલાસો હોય ક્યાંથી પણ? આહા..હા..!

**અથવા** હવે બીજી વાત લીધી એટલી વાત ઓલાની પૂર્વ પ્રશ્નની કહી. હવે એમાંથી વિશેષ બીજી વાત કરે છે. સવિકલ્પ અને નિર્વિકલ્પ ભેદ વડે નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે. સમજાણું? ઓલો તો મોક્ષમાર્ગ સાધક કહ્યો હતોને વ્યવહારને એનો ખુલાસો કર્યો. હવે વળી બીજી વાત કરે છે. અથવા સવિકલ્પ, નિર્વિકલ્પ ભેદ વડે નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે. નિશ્ચય મોક્ષમાર્ગ હોં! ઓલો તો વ્યવહાર મોક્ષમાર્ગ સાધકની શૈલીની વાત કરી નૈગમનયથી. આ તો બીજી રીતે વાત કરવી છે. સવિકલ્પ અને નિર્વિકલ્પ ભેદ વડે નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે. તેમાં એને જે સ્વ આશ્રયમાં વિકલ્પ ઉઠે છે એટલો તો હજી પરાશ્રય છે પણ એને આમ ... હું અનંત જ્ઞાન, હું અનંત દર્શન એમ ઉઠે છેને એ અપેક્ષાએ નિમિત્તથી સવિકલ્પ નિશ્ચય કીધું. છે તો આસ્રવ એ. ઓલો પરાશ્રય હતો એકલો. ષટ્દ્રવ્યની શ્રદ્ધા આદિનો પરાશ્રય રાગ. અને એમાં આ તો હું છું, આવો હું છું. એમ થાય છેને. તેમાં અનંત જ્ઞાનરૂપ હું. એટલે આ સ્વભાવ અપાર અમાપ... અમાપ... અમાપ... અમાપ... અમાપ... અનંત જ્ઞાન, અનંત દર્શન... સમજાય છે? એવો અનંત, આ અનંત, આ અનંત એવો જે વિકલ્પ ઉઠે છે. એને નિશ્ચય મોક્ષમાર્ગ અપેક્ષાએ કહ્યો છે. છે તો એ આસ્રવ, પણ સ્વના ભૂમિકામાં અંદર પેસતા આવો એક વિકલ્પ આવ્યો અનંત જ્ઞાન. બેહદ આનંદ, અનંત સ્વરૂપ એ જ્ઞાન શબ્દે વાપર્યો છે એમાં. જ્ઞાન એટલે આત્મા એમ વર્ણવવું છેને આ તો? એમાં બધા ગુણો પછી લીધા. અનંત જ્ઞાનરૂપ હું વગેરે. અનંત આનંદરૂપ હું, અનંત... અનંત... અનંત... બેહદ જેની શાંતિરૂપ છું. એવો જે સ્વઆશ્રયનો વિકલ્પ ઉઠે છે એ સવિકલ્પ સાધક છે. લ્યો એ સવિકલ્પ સાધક છે. નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય છે. એમાંથી ખસીને ઠરવું છે, એ ખસે ત્યારે ઠરે છે. ત્યારે એને સવિકલ્પને સાધક વ્યવહારે કહ્યો એ એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ છેને વસ્તુ? એ વસ્તુને હું આમ છું એવો જે વિકલ્પ ઉઠે છે આમ અનંત અનંત જ્ઞાન. હવે આ રાગ છે અને પુણ્ય છે, આ નિમિત્ત છે એ વાત ગઈ. આમ ઢળ્યું છે જ્ઞાન એના વિકલ્પ વિચારમાં. આ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... બેહદ જ્ઞાન, બેહદ

સ્વભાવ. તેના સ્વભાવના સામર્થ્યની અચિંત્યતા એવો એક વિકલ્પ ઉઠ્યો. એ વિકલ્પ સ્વની અપેક્ષાવાળો છે એટલે નિશ્ચય કહ્યું, પણ છે તો એ વિકલ્પ આસ્રવ. એને સાધક કહ્યું કેમકે એ છૂટીને અંદર નિર્વિકલ્પ થવાનો છે. સમજાણું કાંઈ?

એ નિશ્ચય એટલે પણ આસ્રવવાળો. એ નિશ્ચય સાથે એટલે નિશ્ચય શું કરવા કીધો? સ્વનો વિકલ્પ છે માટે. બાકી છે તો એ વ્યવહાર એ તે. રાગ છેને. પણ છતાં આમ છે... આમ છે... આમ છે... એટલું થાય છેને એટલી વાત કરી જરી. શુદ્ધિ તો ઓલું નિર્વિકલ્પ થાય ત્યારે છે. કહેશે હોં! એ આસ્રવ છે એટલો. એ તો પોતે જ આસ્રવ એટલો છે. સમજાણું? દાખલો આધાર આપશે એને. એ અનંત જ્ઞાનરૂપ છું એમ નિશ્ચય કેમકે એ તો સ્વની અપેક્ષાનો વિકલ્પ છે માટે. ઓલો જે પરના ષટ્દ્રવ્ય આદિના માટે હતો એટલે એને વ્યવહાર કહ્યો છે. સમજાણું? એની અપેક્ષાએ નિશ્ચય કહ્યો છે, બાકી છે તો આ પણ વ્યવહાર. પણ અંતરના ઘોલનમાં જતાં પહેલા આવી એક દશા ઊભી થાય છે. મહાન ઓલું પરનું માહાત્મ્ય તૂટવા અને સ્વના માહાત્મ્યમાં લેતા વિકલ્પ એવો આવ્યો. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત આ મહાન, મહાન આ. એ સંબંધેનો વિકલ્પ આવ્યો હોં! એને નિશ્ચય આ અપેક્ષાએ પરની અપેક્ષાએ કહ્યો છે. ઓલા વ્યવહારના ષટ્દ્રવ્યના વિકલ્પની અપેક્ષાએ, ષટ્દ્રવ્યના જ્ઞાનની અપેક્ષાએ આને નિશ્ચય વિકલ્પ કહ્યો છે. નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? અરે! ભારે વાત!

એમાં સવિકલ્પ સાધક છે એટલે શું? કે એવો વિકલ્પ ઉઠ્યો છે એને તોડીને. એનો સરવાળો થઈને જાવું છે અંદર. એથી એને સવિકલ્પ સાધક કહેવામાં આવ્યો છે. ખરેખર સવિકલ્પ છે એ તો આસ્રવ છે, નિર્વિકલ્પ છે નિરાસ્રવ છે. પણ સાધકનો અર્થ એવો જ જાતનો વિકલ્પ એને એવા જ પ્રકાર, અનંત આનંદકંદમાં જવું છે એટલે એવો જ એક વિકલ્પ ઉઠ્યો છે એવી જાતનો જ વિકલ્પ, તેથી તેને એ સાધક કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મહાન ભગવાન એના માહાત્મ્યનો વિકલ્પ ઉઠ્યો છે તેથી એને નિશ્ચય મોક્ષમાર્ગમાં કહેવામાં આવે છે. બાકી છે આસ્રવ. આહા..હા..! પણ ઘણો નજીકમાં માહાત્મ્ય કરવા જાય છે, આમ બીજાનો માહાત્મ્ય હવે નહિ. દેવ, ગુરુ, શાસ્ત્ર કે ફલાણું વ્યવહાર આ વિકલ્પ આવ્યો વ્યવહાર શ્રદ્ધાનો—એનું નહિ. આ માહાત્મ્ય કરવા જાય છેને અંદર. આહા..! એવો જે વિકલ્પ તેને નિશ્ચય મોક્ષમાર્ગની પહેલી ભૂમિકાએ કહેવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્વિકલ્પ સમાધિ તે સાધ્ય છે. એથી ખસીને અંદર ઠરે છે તે એનું સ્વરૂપ છે, સાધ્ય તો

એ છે. આને કારણે થયું નથી, પણ એના અંદર લક્ષમાં એ હતું એમાંથી ખસીને ઠર્યો. સમજાણું કાંઈ? એવો ભાવાર્થ છે. લ્યો! એવો ભાવાર્થ આમાં સમજવો. એનો આધાર આપે છે. સવિકલ્પ, નિર્વિકલ્પ, નિશ્ચયમોક્ષમાર્ગ સંબંધી સંવાદ ગાથા કહે છે, જુઓ!

जं पुण सगयं तत्वं सवियप्पं होइ तह य अवियप्पं।
सवियप्पं सासवयं णिरासवं विगय संकप्पं।।५।।

હવે જે સ્વતત્ત્વ છે... સ્વતત્ત્વની વાત આવી પાછી. એ માથે કીધું એનો આધાર આપ્યો. સ્વતત્ત્વ છે તે સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે પ્રકારે. જુઓ, સ્વ છેને એ અપેક્ષાએ એને નિશ્ચય કહેવામાં આવ્યો. તે સવિકલ્પ અને નિર્વિકલ્પ બે પ્રકારે છે. સવિકલ્પ આસ્રવસહિત છે, એટલો વિકલ્પ પણ આસ્રવ છે, પુણ્ય છે. પણ અંદર કાંઠે ઊભો છે વિકલ્પ (કે) આ હું... આ હું... આ હું... એથી એને નિશ્ચય કહેવામાં આવ્યો છે. એને છોડીને ઠરે છે એ જ વસ્તુનું નિરાસ્રવ માર્ગ છે. નિર્વિકલ્પ આસ્રવ રહિત છે. વીતરાગ પર્યાય થઈ છે એ જ આસ્રવ રહિત છે, એ જ મોક્ષમાર્ગ છે. એવો વ્યવહાર વિકલ્પ કરે એ તો ... બહુ નજીકમાં અંદર આવ્યોને એ અપેક્ષાએ, બાકી એ વ્યવહાર, એ આસ્રવ છે. આહા..હા..!

કહો, આસ્રવથી કાંઈ સંવરનું અને નિર્જરાનું કામ થાતું હશે? સમજાણું કાંઈ? આ તો લખ્યું છે અર્થ .. નહિતર ઓલામાં જરી ફેર હતો. મેળ ખાવો જોઈએને પાછો કાંઈ મેળ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતરમાં એકાગ્ર થવામાં આવી એક વિકલ્પની મર્યાદા વર્તમાન અથવા ... એની અપેક્ષાએ એને સાધક કહ્યો છે. બાકી એ વસ્તુ એને કારણે અંદર નિર્વિકલ્પ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પોતાની વીતરાગી પર્યાયપણે પરિણમે છે એ જ મોક્ષનો માર્ગ છે. એને એક આ નિશ્ચયરૂપી નિમિત્ત કીધું, એક વ્યવહારરૂપી નિમિત્ત કીધું. બેય નિમિત્ત છે. બેને સાધક કહેવામાં આવ્યા, પણ બેય આસ્રવરૂપે છે. સમજાણું કાંઈ? આ રીતે નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ એણે બરાબર જાણવું જોઈએ. તો વસ્તુની સિદ્ધિ યથાર્થ થાય, નહિતર થાય નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૨, શુક્રવાર, તા. ૨૪-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૫ થી ૧૭, પ્રવચન-૮૪**

૧૫મી ગાથા, આ 'પરમાત્મપ્રકાશ' બીજા ભાગની. '**તીન દોહોંસે નિશ્ચય વ્યવહાર મોક્ષ-માર્ગકા કથન કિયા.**' પહેલા. '**આગે ચૌદહ દોહાપર્યંત વ્યવહારમોક્ષ-માર્ગકા પહલા અંગ વ્યવહારસમ્યક્ત્વકો મુખ્યતાસે કહતે હૈં** -' મુખ્યતાથી વાત કરે છે, ગૌણમાં અંતર આત્મદર્શન આદિ આવી જાય છે.

१४१) दव्वइँ जाणइ जहठियइँ तह जगि मण्णइ जो जि।
अप्पहँ केरउ भावडउ अविचलु दंसणु सो जि।।१५।।

'**અન્વયાર્થ :- જો...**' છ દ્રવ્ય છે ભગવાને કહેલા એને '**જૈસા ઉનકા સ્વરૂપ હૈ, વૈસા જાનેં,...**' છ દ્રવ્યને જાણે એ વ્યવહાર સમકિતના કારણ છે. સમજાણું કાંઈ? વ્યવહારશ્રદ્ધાના છ દ્રવ્ય કારણ છે. નિશ્ચયશ્રદ્ધાનો આત્મ કારણ છે. સમજાણું? '**ઔર ઉસી તરહ ઈસ જગતમેં નિર્દોષ શ્રદ્ધાન કરે,...**' એ છ દ્રવ્યની બરાબર વ્યવહાર શ્રદ્ધા કરે. '**વહી આત્માકા ચલમલિનાવગાઢ દોષ રહિત નિશ્ચલ ભાવ હૈ, વહી આત્મભાવ સમ્યક્દર્શન હૈ.**' એ વ્યવહારની સાથે અંદરમાં નિશ્ચય સમ્યગ્દર્શનનો જે ભાવ છે એ નિશ્ચય સમ્યગ્દર્શનનો ભાવ નિર્મળ કહેવામાં આવે છે. એ કહેશે ટીકામાં.

**ભાવાર્થ :-** '**યહ જગત્ છહ દ્રવ્યમયી હૈ,...**' કોઈએ કરેલા નથી. એમ કહેવું છે. જગત અનાદિ છ દ્રવ્યો વસ્તુનો સ્વભાવ(રૂપ) છ દ્રવ્ય અનાદિ છે. '**સો ઈન દ્રવ્યોંકો અચ્છી તરહ જાનકર શ્રદ્ધાન કરે,...**' એ છ દ્રવ્યનું જાણપણું કરીને, જાણપણું કરીને શ્રદ્ધા કરે એમ કહે છે. સમજ્યા વિનાની શ્રદ્ધા થાય નહિ, છ દ્રવ્ય, એના ગુણ-પર્યાય જેમ છે તેમ બરાબર વ્યવહાર શ્રદ્ધાનો એ વિષય છે. આવો વ્યવહાર શ્રદ્ધા હોય છે તો નિશ્ચય આત્માની શ્રદ્ધા પણ હોય છે અને જ્યાં આત્માની શ્રદ્ધા નિશ્ચય હોય ત્યારે આવો વ્યવહાર શ્રદ્ધા હોય. કોઈ કહે વ્યવહાર શ્રદ્ધા ન હોય અને અમારે નિશ્ચય શ્રદ્ધા એકલી છે. એમ ન હોય. એ માટે આ વાત વર્ણન કરે છે. આત્માની શ્રદ્ધા અમારે નિર્વિકલ્પ બસ આત્મા, પણ આ વ્યવહાર શ્રદ્ધા, શું એનો વ્યવહારનો વિષય શું? એની અમારે કાંઈ જરૂર નથી. એમ નથી, એમ બતાવવા આ વાત મુખ્યતાથી વ્યવહારદર્શનની વાત લેવા માગે છે. વ્યવહાર હોય જ નહિ જાણે એમ કહે છે અહીં. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવો હોય

એમ બતાવવા માગે છે. સમજાણું કાંઈ?

'**જિસમેં સંદેહ નહીં વહ સમ્યગ્દર્શન હૈ,...**' વ્યવહાર સમ્યગ્દર્શનમાં છ દ્રવ્યનું .. શ્રદ્ધા એમાં સંદેહ હોય નહિ. સમજાણું? એમાં જે નિશ્ચય '**યહ સમ્યગ્દર્શન આત્માકા નિજ સ્વભાવ હૈ.**' એ વ્યવહારના વિકલ્પ કાળે અંતરનો આત્માનો નિજ સમ્યગ્દર્શનનો સ્વભાવ એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? '**વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન નિશ્ચયસમ્યગ્જ્ઞાન...**' હવે બીજી વાત લે છે થોડી. .. આગળ.. પણ આમાં પણ થોડો, ઓલો '**जाणइ**' શબ્દ આવ્યો છે ખરોને એટલે લીધો થોડો. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન નિશ્ચય સમ્યગ્જ્ઞાન. આત્માનો અંતર રાગ વિનાનું જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, સ્વસંવેદન જ્ઞાન એ નિશ્ચય જ્ઞાન.

'**ઉસકા પરમ્પરાય કારણ જો પરમાગમકા જ્ઞાન...**' એનું પરંપરા કારણ શાસ્ત્રનું જ્ઞાન. પરંપરા કારણ શાસ્ત્રનું જ્ઞાન. એ શાસ્ત્ર જ્ઞાન પરંપરા કેમકે ત્યાં વિકલ્પ છે અને આ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન એ નિશ્ચય છે. સમજાણું કાંઈ ? સાક્ષાત્ કારણ સીધું સ્વસંવેદન જ્ઞાન એ મોક્ષનું અને ઓલા કેવળજ્ઞાનનું કારણ. આ પરંપરા, વિકલ્પ છે. છે તે પરંપરા કારણ છે. '**ઉસે અચ્છી તરહ જાન,...**' પરમાગને પણ બરાબર જાણે. '**ઔર મનમેં માનેં, યહ નિશ્ચય કરે કિ ઈન સબ દ્રવ્યોંમેં નિજ આત્મદ્રવ્ય હી ધ્યાવને યોગ્ય હૈ,...**' પાછું એ. છ દ્રવ્યનું જ્ઞાન, શ્રદ્ધા કરે, પણ એમાંથી તારવે એ. કે, '**ઈન સબ દ્રવ્યોંમેં નિજ આત્મદ્રવ્ય હી ધ્યાવને યોગ્ય હૈ,...**' પોતાનો આત્મા જ ધ્યાન કરવા લાયક છે. સમજાણું કાંઈ? નિજ શુદ્ધાત્મા નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ એ જ દૃષ્ટિ કરીને ધ્યાન કરવા લાયક છે. '**એસા રુચિરૂપ જો નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...**' દેખો! એવું રુચિરૂપ તેને સાચું સમકિત કહેવામાં આવે છે અને જોડે ઓલા છ દ્રવ્યનું શ્રદ્ધા અને આગમનું જ્ઞાન એને વ્યવહાર-શ્રદ્ધા ને વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- તો પહેલું શું કરવું?

ઉત્તર :- એ બે કરવું સાથે. એ નિશ્ચય કરતા વ્યવહાર વચ્ચે આવો હોય છે એમ જણાવે છે. પહેલું શું કરવું શું? એને છ દ્રવ્યનું જ્ઞાન ને શ્રદ્ધા એના ભાવમાં હોય છે, એમ સાથે વર્ણવે છે. સમજાણું કાંઈ? પહેલું કરવું નિશ્ચય દર્શન. એમાં છ દ્રવ્યની શ્રદ્ધાનો રાગ અંદર આવ્યા વિના રહે નહિ. એની શ્રદ્ધા ને જ્ઞાન એનું હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહારનો એવો ભાવ હોય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આગમનું જ્ઞાન છે. કરવું. નિશ્ચય અહીં આત્માનું જ્ઞાન, અહીં વ્યવહાર આત્માનું, આગમનું જ્ઞાન. નિશ્ચય આત્માનું દર્શન, વ્યવહારે ... દર્શનની શ્રદ્ધા. નિશ્ચય થયું એટલે આવો

વ્યવહાર ભેગો હોય છે એમ કહે છે. સમજાણું? અહીં વ્યવહારની મુખ્યતાથી કથન છે કે આ ભેગું હોય છે. સમજાણું કાંઈ? વ્યવહારની મુખ્યતાથી વાત છે. ગૌણ તો એને નિશ્ચય અંદર છે. તેથી મુખ્યતા શબ્દ વાપર્યો છે. જુઓ, પહેલું છે? વ્યવહાર સમકિત કો મુખ્યતાસે કહતે હૈ. એમ શબ્દ છે. સમજાણું કાંઈ? ગૌણપણે અંદર નિશ્ચય સમકિતની વાત છે, પણ મુખ્યપણું જેને કહ્યું છે એને અહીંયાં વ્યવહાર તરીકે વર્ણવવામાં આવે છે. અટપટી વાત જરી લાગે પણ એને...

'**ઉસકા પરમ્પરાયકારણ વ્યવહારસમ્યક્ત્વ...**' જુઓ! નિશ્ચય સમકિત જે છે, શુદ્ધ આત્મા નિર્મળ, પવિત્ર એની રુચિ તે નિશ્ચયસમ્યગ્દર્શન. એનું પરંપરા કારણ વ્યવહાર સમકિત. એટલે જોડે રહ્યો સાધક વિકલ્પ ભાવ એને પરંપરા કારણ કહેવામાં આવે છે. '**દેવ-ગુરુ-ધર્મકી શ્રદ્ધા ઉસે સ્વીકાર કરે.**' સાચા અરિહંત દેવ, નિર્ગ્રંથ ગુરુ અને ધર્મ અહિંસા એની બરાબર શ્રદ્ધા કરે. એ વ્યવહાર શ્રદ્ધા છે એ. સમજાણું કાંઈ? નિશ્ચય આત્માની નિર્વિકલ્પ ... શ્રદ્ધા એની સાથે આવી શ્રદ્ધા હોય છે. '**વ્યવહારસમ્યક્ત્વકે પચ્ચીસ દોષ હૈં,...**' જુઓ! એ વ્યવહાર મુખ્યતાથી કથન છેને એટલે એને વ્યવહારની વ્યાખ્યા. વ્યવહારમાં પચ્ચીસ દોષનો ત્યાગ છે. નિશ્ચયમાં તો આત્મા નિર્વિકલ્પ એની દૃષ્ટિ અને અનુભવ એ જ સમ્યગ્દર્શન છે. વ્યવહાર સમકિતમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા અને પચ્ચીસ દોષનો ત્યાગ. સમજાણું કાંઈ? જેણે આત્માનું કરવું છે એને તો આ બધું જાણવું પડશે કે નહિ? દુનિયાના વેપારમાં કેટલા ઊંડા ઉતરીને નથી જાણતા? એય...! ..ભાઈ! ઊંડા ઉતરીને જાણે છે કે નહિ? આનું આમ થયું, આનું આમ, .. આમ કરવા, ઢીંકણું આમ કરવું, કોતરણી આમ કરવી. સૂઝ એમાંથી આમ પડે. કેટલાય. તમારે મોટરમાં પણ થાતું હશેને બધું? અહીં તો જરી આત્મ ચક્ર જેને મોક્ષમાર્ગનું ચલવવું છે એણે આ નિશ્ચય અને વ્યવહાર બે જાણવા જોશે, બે ઓળખાણ કરીને શ્રદ્ધવા જોશે. સમજાણું કાંઈ? વ્યવહાર હોય જ છે, વીતરાગ ન થાય ત્યાં સુધી એવો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. જેને સાધક તરીકે કહ્યો, પરંપરા કારણ કહ્યું. નિમિત્ત કહો. સમજાય છે કાંઈ? પચ્ચીસ દોષ ટાળે. ન જ હોય એને-વ્યવહાર સમકિતને એમ કહે છે. યાદ કરવા પડે શું? એમ. શું કહે છે? જુઓ! '**मूढत्रयं**' છેને? શ્લોક છે હોં એ. એમાં છે?

**मूढत्रयं मदाश्चाष्टौ तथानायतनानि षट्।**
**अष्टौ शङ्कादयश्चेति दृग्दोषा पंचविंशति।।**

યશતિલકની ગાથા છે. તેને નિશ્ચય સમ્યગ્દર્શનનું ભાન એને વ્યવહાર આવા દોષો વ્યવહાર સમકિતમાં હોતા નથી. શું? '**કિ જહાં દેવ-કુદેવકા વિચાર નહીં હૈ, વહ તો દેવમૂઢ,...**'

જેને દેવ અને કુદેવનો વિચાર નથી. દેવમૂઢતા એને ન હોય.

મુમુક્ષુ :- ધર્મશાળા બંધાવે.

ઉત્તર :- ધર્મશાળે બંધાવે. શું ક્યાં બધું કોણ જાણે શું કરી નાખ્યું? ધર્મશાળા બંધાવે ત્યાં ત્યાગ ધર્મ થયો અને ત્યાગ ધર્મ એ મોક્ષનું કારણ છે એ તો. ત્યાગ ધર્મમાંથી કાઢ્યું ઓલા દશ પ્રકારનું ધર્મ.. છેને. અરે! ક્યાં મુનિને કહે, પણ એ ત્યાગ કોને કહેવો? આહા..હા..! વીતરાગ દૃષ્ટિ થઈ છે, વીતરાગી જ્ઞાન થયું છે, એમાં વીતરાગી પરિણતિ થાય તેને ત્યાગ કહે છે. ઓહો..હો..! ત્યાંના પેટામાંથી કાઢ્યું. ધર્મશાળા બનાવે ત્યાં મોક્ષ થઈ જાય કહો. કોણ જાણે શું? એ તમારે તો આ લાખો રૂપિયા ખર્ચ્યા લાખો એટલે મોક્ષ થઈ જતો હશે એમાંથી?

મુમુક્ષુ :- થઈ ગયોને બધાને.

ઉત્તર :- થઈ ગયો. એય..! નવનીતભાઈ! લાખો રૂપિયા ખર્ચ્યા છે મંદિરમાં ત્યાં. મોક્ષ થઈ જતો હશે ને? આને કરવું બાકી છે.

'**જહાં દેવ-કુદેવકા વિચાર નહીં હૈ, વહ તો દેવમૂઢ, જહાં સુગુરુ-કુગુરુકા વિચાર નહીં હૈ, વહ ગુરુમૂઢ,...**' એ વ્યવહાર સમકિતીને હોય નહિ. એને બરાબર વિવેક હોય છે. દેવ કોણ, કુદેવ કોણ, ગુરુ કોણ, કુદેવ-કુગુરુ કોણ એનો વિવેક હોય છે. '**જહાં ધર્મ-કુધર્મકા વિચાર નહીં હૈ,...**' ધર્મ કોને કહેવો, કુધર્મ કોને કહેવો એની ખબર નહિ. '**વહ ધર્મમૂઢ યે તીન મૂઢતા;...**' રહિત છે. એ હોતા નથી. કહો, સમજાણું? એને છોડીને તત્ત્વની શ્રદ્ધા કરે એમ કહેવું છે. આવા ત્રણ દોષોને છોડીને વ્યવહાર શ્રદ્ધા કરે. '**જાતિમદ,...**' ન હોય. એ વ્યવહાર સમ્યગ્દૃષ્ટિને જાતિનો મદ, જાતિ ક્યાં એની છે તે એનો મદ હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? કર્મથી ઉપાર્જેલો ભાવ જાતિ એનો મદ વ્યવહાર સમકિતીને ન હોય, નિશ્ચય સમકિતમાં તો અંદર આત્માની દૃષ્ટિ નિર્વિકલ્પતા છે. વ્યવહાર સમકિતીને સાથે જાતિ... સમજાય છે? અમારી માતાની આ જાતિ, આ અમારી માતા એનું એને મદ હોય નહિ. માતા કેવી? આત્માને ક્યાં છે એ? આત્મા તો નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ એની જ્યાં દૃષ્ટિ થઈ એને વ્યવહારમાં પણ અમારી માતા આવી અને મહાકુળને અમારે... સમજ્યાને? દિવાનની માતા, દિવાનની બહેન, ફલાણું ને ઢીંકણું ને દીકરી. એવો મદ હોય નહિ. કુળમાં જ અમારા બાપ આવા રાજા હતા, ફલાણું હતું. એવો મદ હોઈ શકે નહિ. વ્યવહાર સમકિતીને પણ મદ ન હોઈ કારણ કે એનું આમ અભિમાન હોય તો અહીં સ્વભાવની શ્રદ્ધા રહેતી નથી. અધિકપણે જેણે આત્માને રાગથી પણ ભિન્ન જ્યાં પ્રતીતમાં લીધો છે, રાગ અને વિકલ્પથી અધિક ભિન્ન જ્યાં આત્માને શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો એને વ્યવહારમાં આવા કુળના

અભિમાન હોતા નથી. કહો, સમજાણું કાંઈ?

**'ધનમદ,...'** લક્ષ્મીનો મદ હોતો નથી. લક્ષ્મી ક્યાં આત્માની હતી તે એને મદ હોય? સમજાણું કાંઈ? પૈસા, લક્ષ્મી, જડ, માટી અજીવ છે. એનું અભિમાન તો મિથ્યાદૃષ્ટિને હોય છે એના અમે પૈસાવાળા એટલે અમે અજીવવાળા. અમે અજીવના સ્વામી એટલે અમે જડ. એમ થયું કે નહિ? એવો ધનનો મદ ધર્મીને વ્યવહાર સમ્યગ્દર્શનમાં હોતો નથી. વિકલ્પ છે ખરોને. **'રૂપમદ,...'** શરીરના રૂપનું મદ હોતું નથી. સમજાણું? શરીરનું સુંદર રૂપ હોય અને લાવણ્યતા હોય એનો મદ શું? એ તો જડનું રૂપ છે. આત્માને શું? આત્માનું સ્વરૂપ નિર્વિકલ્પ જેણે અનુભવમાં, દૃષ્ટિમાં લીધું એને વ્યવહારમાં આવા રૂપના મદ હોતા નથી. કહો, સમજાણું?

**'તપમદ,...'** લ્યો! અહીં તપ કરવાની શક્તિ હોય, થોડો તપ કરતા હોય, શરીર-બરીર ઠીક હોય અને તપ કરે, બે, ચાર અપવાસ પાંચ. અમે તપ કરીએ, અમે તપ કરીએ. અમે કરીએ છીએ. એના અભિમાન શું? એ તો શુભ રાગ છે એવો. સમજાય છે? એનું અભિમાન તપનું ન હોય. **'બલમદ,...'** શરીરના બળનું મદ, સામર્થ્ય બળનું એનું મદ હોય કે આત્માના બળનું પ્રતીત હોય એને આનંદ (હોય)? મદ શેનો હોય? **'વિદ્યામદ,...'** શાસ્ત્રના ભણતરનો મદ. સમજાણું કાંઈ? વ્યવહાર સમકિતમાં એ ન હોય. અનંત સર્વજ્ઞ પદ જ્યાં આત્માની પ્રતીતમાં લીધું છે. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવો એક પર્યાય કેવળજ્ઞાનનો એવા અનંતા પર્યાયનો પિંડ દ્રવ્ય, એને જ્યાં શ્રદ્ધામાં, નિશ્ચયમાં લીધું એને આવા ભણતરના, જ્ઞાનના ઉઘાડના, વિદ્યાના અભિમાન-મદ હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'રાજમદ...'** લ્યો! અમે રાજ કુટુંબી છીએ. આમાં કુટુંબી કેવા આત્માને? આત્માનું કુટુંબ તો સિદ્ધની જાતનું કુટુંબ છે. એને રાજ આદિનું મદ. **'કુગુરુ, કુદેવ, કુધર્મ, ઈનકી ઔર ઈનકે આરાધકોંકી જો પ્રશંસા વહ છહ અનાયતન ઔર...'** દોષના સ્થાન છે. એ એને ન હોય. કુગુરુ, કુદેવ, કુધર્મ અને એના સેવકો-માનનારા એની પ્રશંસા ન હોય વ્યવહાર સમકિતીને. સમજાણું કાંઈ? કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એને માનવાવાળા, એની શ્રદ્ધાવાળા, એની સેવાવાળા, એના આરાધક એની પ્રશંસા એને વ્યવહાર સમકિતમાં પણ હોય નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- શું કરે? વખાણ શું કરવા કરે એના? .. વિષે વાત છે. ભારે ધર્મી. ભારે તમારી ધર્મની ભાવના છે હોં. મદ ન કરે. ભાવના કેવી? એમ કે દાન આપતો હોય કોઈ પાંચ લાખનું અને અન્યમતિ હોય ઓલો તો તો શું કરવું એનું? એમ કહે છે. .. વાત કરીએ છીએ. દાન આપે છે એટલું, પણ ધર્મની ભાવના તરીકે એને ધર્મ પ્રશંસા, તમે ધર્મ કર્યો સારો હોં! અને તમને સમજાય છે? એમ પ્રશંસા કરે નહિ. શું કરવું આમાં? એમ પૂછે

છે આ, જોયું?

કુગુરુ, કુદેવ, કુધર્મ એની અને એના આરાધક-સેવકની જે પ્રશંસા છ અનાયતન છે, અનાયતન એટલે અસ્થાન. એ ધર્મીને માનવા યોગ્ય સ્થાન નથી. બહુ જવાબદારી આમાં આવી. '**ઔર નિઃશંકિતાદિ આઠ અંગોંસે વિપરીત શંકા,...**' વીતરાગ માર્ગમાં, વ્યવહાર માર્ગમાં શંકા ન હોય એને. '**કાંક્ષા,...**' પુણ્ય આદિની ઇચ્છા ન હોય. '**વિચિકિત્સા,...**' દુગંછા ન હોય. જૈનમાર્ગમાં એને દુગંછા ન હોય. મુનિ આદિ .. આદિ હોય એની એને દુગંછા ન હોય. '**મૂઢતા,...**' ન હોય. માર્ગ મારો કેવો હશે આ? અન્યમતિમાં તો મોટા-મોટા રાજા, મહારાજા માને, એના ગુરુને હાથીએ ચડાવે. અને આમ જોવે તો ઓહો..! કે આ શું હશે? મૂંઝાય નહિ. એ તો જગતના, પુણ્યના ચાળા. એમ પુણ્યના ચાળા. ધબો નમઃ થઈ જવાના એ. સમજાય છે? ધર્મીને કદાચ બહારના એવા માન, સન્માન હોય નહિ અધર્મીને એવા પૂર્વના પુણ્યને લઈને માન, સન્માન મોટા હોય. એથી કરીને અહો..! એમાં કાંઈ આવા રહે મોટા. આવા સાધુ છે મોટા-મોટા, લાખો રૂપિયા ખર્ચે છે. સમજાણું? એથી એમાં મૂંઝાય નહિ. કહો, સમજાણું કાંઈ?

'**પરદોષ-કથન,...**' પરદોષનું કથન એ કરે નહિ. પોતાને દોષ ટાળવા છે એટલે પરના દોષનું કથન શું કરે? જાણે ખરું. '**અથિરકરણ,...**' અસ્થિર ન થવા દે આત્મા. સમજાય છે? નિઃશંકની સામે છેને બધા? '**સાધર્મિયોંસે સ્નેહ નહીં રખના,...**' એમ ન હોય. ધર્મીને સાધર્મી પ્રત્યે પ્રેમ હોય. વ્યવહાર સમકિતમાં પણ પ્રેમ હોય સાધર્મી પ્રત્યે, એમ કહે છે. એના પ્રત્યે દ્વેષ, ઈર્ષા, એના ગુણ સહન ન કરી શકે એમ ન હોય. એવો વ્યવહાર સમકિતમાં પણ એવો ગુણ હોય.

'**ઔર જિનધર્મકી પ્રભાવના નહીં કરના,...**' એટલે જિન ન કરવી એ દોષ એને ન હોય. જિન પ્રભાવના કરવી હોય. જિન પ્રભાવના ન કરવી એવો દોષ ન હોય એમ. '**યે શંકાદિ આઠ મલ, ઈસપ્રકાર સમ્યગ્દર્શનકે પચ્ચીસ દોષ હૈં, ઈન દોષોંકો છોડકર તત્ત્વોંકી શ્રદ્ધા કરે, વહ વ્યવહારસમ્યગ્દર્શન કહા જાતા હૈ.**' લ્યો! સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો આત્મા નિર્વિકલ્પ શ્રદ્ધા એની ભૂમિકામાં આવો વ્યવહાર સમ્યગ્દર્શનનો ભાવ હોય. એમાં આવા દોષ રહિત તે સમ્યગ્દર્શન હોય, એમ કહે છે. તેથી કોઈનો તિરસ્કાર કરવો કે એ આમાં આવતું નથી હોં પાછું. સમજાણું કાંઈ? કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, એના માનનારા એનો તિરસ્કાર કરવો એમ નહિ. એની પ્રશંસા ધર્મને નામે ન કરવી એટલી વાત છે.

'**જહાં અસ્થિર બુદ્ધિ નહીં હૈ,...**' હવે નિશ્ચય સમકિત યથાર્થ કહે છે. '**જહાં અસ્થિર બુદ્ધિ નહીં હૈ, ઔર પરિણામોંકી મલિનતા નહીં, ઔર શિથિલતા નહીં, વહ સમ્યક્ત્વ**

હૈ.' એ જરી નિશ્ચય લીધું છે. સમજાણું કાંઈ? આવા વ્યવહાર સમકિતના કાળમાં એને આવું એ નિશ્ચય સમકિત હોય છે. '**યહ સમ્યગ્દર્શન હી કલ્પવૃક્ષ,...**' લ્યો! સમજાણું કાંઈ? નિશ્ચય (સાથે) આવો વ્યવહાર હોય (એની) મુખ્યતાથી વાત કરી, ત્યાં આવું સમ્યગ્દર્શન એ કલ્પવૃક્ષ સમાન છે. કહો, સમજાણું કાંઈ? એમ લાગે છે.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એ દોષો વ્યવહારના કહ્યા. એવા વ્યવહારના દોષ રહિત સમકિત છે ત્યાં નિશ્ચય સમકિત એનું સ્થિર દઢતાવાળું હોય છે. એ સમકિત ચિંતામણી સમાન છે. લ્યો! ઓલા કલ્પવૃક્ષ સમાન છે. કહો, પછી '**કામધેનુ ચિંતામણિ હૈ, એસા જાનકર ભોગોંકી વાંછારૂપ જો વિકલ્પ ઉનકો છોડકર સમ્યક્ત્વકા ગ્રહણ કરના ચાહિયે.**' નિશ્ચય સમકિત ગ્રહણ કરવું એની સાથે વ્યવહાર સમકિત પણ આવું ગ્રહણ કરવું. કહો, સમજાણું?

'**એસા કહા હૈ 'હસ્તે' ઈત્યાદિ જિસકે હાથમેં ચિંતામણિ છે,...**' જેના હાથમાં ચિંતામણિ છે. '**ધનમેં કામધેનુ હૈ,...**' લ્યો! પૈસામાં કામધેનુ ગાય '**ઔર જિસકે ઘરમેં કલ્પવૃક્ષ હૈ, ઉસકે અન્ય ક્યાં પ્રાર્થનાકી આવશ્યકતા હૈ?**' એને કોઈ બીજી આવશ્યકતા નથી. એમ આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન એની સાથે વ્યવહારની મુખ્યતાની વાત કરી. ઓહો..! નિશ્ચય સમ્યગ્દર્શન પ્રતીત અનુભવ છે, નિશ્ચય જ્ઞાન છે, નિશ્ચય સ્વરૂપની સ્થિરતા છે. અહીં નિશ્ચય દર્શનની વાત લીધી. સમજાણું? એને બીજી પ્રાર્થનાની શું જરૂર છે? '**કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ તો કહને માત્ર હૈં, સમ્યક્ત્વ હી કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ હૈ, એસા જાનના.**' 'રત્નકરંડશ્રાવકાચાર'માં આવે છે. સમજાણું ? આ તો બીજો શ્લોક. ચિંતામણી, કામધેનુ અને કલ્પવૃક્ષ એ આત્માનું સમ્યગ્દર્શન છે. એની જોડે આવો મુખ્યમાં વ્યવહાર સમ્યગ્દર્શન પચ્ચીસ દોષ રહિત વર્તે છે. એને પણ વ્યવહારે કહેવાય છે કલ્પવૃક્ષ આદિ વ્યવહારે. નિશ્ચય તો આત્માને કહે છે. એ સમકિતના વ્યવહારની મુખ્યતામાં વાત કરી, નિશ્ચયને ગૌણપણે લીધો.

'**આગે સમ્યક્ત્વકે કારણ જો છહ દ્રવ્ય હૈં, ઉનસે યહ તીનલોક ભરા હુઆ હૈ,...**' એ વ્યવહાર સમકિતનું કારણ છ દ્રવ્ય. ભગવાને જોયા છ દ્રવ્ય-અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. એ છ દ્રવ્ય ભગવાને જોયા એ વ્યવહાર સમકિતનું કારણ છે. નિશ્ચય સમકિતનું કારણ તો આત્મા છે. સમજાણું કાંઈ? '**ઉનકો યથાર્થ જાનો, એસા અભિપ્રાય મનમેં રખકર યહ ગાથા-સૂત્ર કહતે હૈં -**'

१४२) दव्वइँ जाणहि ताइँ छह तिहुयणु भरियउ जेहिँ।
आइ-विणास-विवज्जियहिँ णाणिहि पभणियएहिँ।।१६।।

**અન્વયાર્થ :-** ‘**હે પ્રભાકરભટ્ટ! તૂ ઉન છહોં દ્રવ્યોંકો જાન,...**’ એ છ દ્રવ્યને જાણ. ‘**જિન દ્રવ્યોંસે યહ તીન લોક ભર રહા હૈ,...**’ આખો લોક છ દ્રવ્યથી ભર્યો છે. એક જ આત્મા છે એમ નહિ એમ સિદ્ધ કરવા વ્યવહારના સમકિતની વ્યાખ્યા કરી. છ દ્રવ્યથી આખો લોક, ચૌદ બ્રહ્માંડ ભર્યો છે. સમજાણું? ‘**યહ તીન લોક ભર રહા હૈં, વે છહ દ્રવ્ય જ્ઞાનિયોંને આદિ-અંતકર રહિત દ્રવ્યાર્થિકનયસે કહે હૈં.**’ ભગવાને એ છ દ્રવ્યને આદિ- અંત વિનાના કહ્યા. અનાદિ-અનંત છે. અનંત આત્માઓ આખા લોક પ્રમાણે, અનંત પરમાણુઓ આખા લોક પ્રમાણે, ધર્માસ્તિ આખા લોક પ્રમાણે, અધર્માસ્તિ આખા લોક પ્રમાણે, આકાશ લોક ને અલોક પ્રમાણે. કાળ પણ આખા લોક પ્રમાણે, પુદ્‌ગલ પણ આખા લોક પ્રમાણે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેમ નિશ્ચય સાથે વ્યવહાર આવો હોય. શું કામ છે શું? નિશ્ચય સાથે આવો વ્યવહાર હોય જ. એ ભૂમિકામાં વીતરાગતા કેવળજ્ઞાન થયું નથી ત્યાં સુધી આવો વ્યવહાર એનો બરાબર વિવેકવાળો હોય એમ બતાવવું છે. એ દૃષ્ટિ તો આત્માની થઈ, પણ પાછા હવે પૂર્ણતા નથી તેને વ્યવહાર વિકલ્પમાં છ દ્રવ્યની શ્રદ્ધા આવે છે કે નહિ? ભગવાને કહેલા છ દ્રવ્યો આખા લોક પ્રમાણે ભરેલા છે આખા. ઠસોઠસ. એની એને શ્રદ્ધા જાણીને શ્રદ્ધા હોય. અને કેટલાકને છ દ્રવ્યના નામ પણ આવડતા ન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મ કોને કહેવો? છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા અને એમાં આત્માની શ્રદ્ધા તે નિશ્ચય. વ્યવહાર શ્રદ્ધા, તે છ દ્રવ્યની શ્રદ્ધા એ વ્યવહાર.

**ભાવાર્થ :-** ‘**યહ લોક છહ દ્રવ્યોંસે ભરા હૈ,...**’ આખો લોક છ દ્રવ્યથી ભર્યો છે. ‘**અનાદિનિધન હૈ,...**’ એટલે અનાદિ અનંત. ‘**ઈસ લોકકા આદિ અંત નહીં હૈ, તથા ઈસકા કર્તા, હર્તા વ રક્ષક કોઈ નહીં હૈ.**’ આ છ દ્રવ્યનો કોઈ કર્તા ઈશ્વર-બિશ્વર નથી. પર્યાયનો કર્તા પણ કોઈ નથી, પર્યાયનો કર્તા એનું દ્રવ્ય છે. બીજો પર્યાયનો કર્તા હોય તો ઈશ્વર કર્તા થઈ ગયો. સમજાણું કાંઈ? છ દ્રવ્ય અનાદિના એનો કોઈ ઈશ્વર-બિશ્વર કર્તા નથી, એનો કોઈ હરનાર-નાશ કરનાર નથી. અને એનો કોઈ રક્ષક નથી. હવે છ દ્રવ્ય એ રક્ષક ઈશ્વર છે એ રક્ષા કરે છે. બધા ભ્રમ અજ્ઞાન. સમજાણું કાંઈ?

‘**યદ્યપિ યે છહ દ્રવ્ય વ્યવહારસમ્યક્‌ત્વકે કારણ હૈં,...**’ જોયું! એ તો એ જ કહ્યું

હતું ત્યાં પણ. પણ જરી આત્મ ભાવ આવ્યોને થોડો. 'તો **ભી શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વકા કારણ નિત્ય આનંદ સ્વભાવ નિજ શુદ્ધાત્મા હી હૈ.**' સાથે નાખ્યું પાછું. સમજાણું કાંઈ? છ દ્રવ્ય એની શ્રદ્ધા વ્યવહાર સમકિતનું કારણ. નિમિત્ત છેને એ છ દ્રવ્ય? તોપણ શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્માનુભૂતિ, શુદ્ધ આત્માનો અનુભવ એવું જે વીતરાગ સમકિતનું કારણ. કોણ? નિત્ય આનંદ સ્વભાવ નિજ શુદ્ધાત્મા. સમજાણું? પાછુ ઓલું વ્યવહાર સમકિતને કારણ ન કહ્યું ભાઈ! સમજાણું કાંઈ? એ ભલે સાધક ત્યાં કહ્યું હતું નિમિત્તથી. પણ અહીં તો કહે છે '**શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વકા કારણ નિત્ય આનંદ સ્વભાવ નિજ શુદ્ધાત્મા હી હૈ.**' સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા જ્ઞાયકમૂર્તિ પરમાનંદનો મૂળસ્વભાવ એ નિશ્ચય સમકિતનું કારણ. વીતરાગ સમકિતનું કારણ આત્મદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શેની વાત ચાલે છે આ? હશે શું? છે. ભાન ન મળે અને ખોવાઈ ગયું એટલે કાંઈ રત્ન ખોવાઈ ગયું એટલે રત્નની કિંમત વઈ જાય? કિંમત ન કરે એટલે કાંઈ કિંમત વઈ જાય? કરોડ રૂપિયાનો હીરો હાથમાં લઈને આ કોડી જેટલો છે એમ માને એટલે કાંઈ એને કિંમત વઈ જાય? કિંમત કરતા આવડતી નથી એને. ભાન ન મળે ભાન. મૂઢ થઈ ગયેલો અનાદિનો, એમ કહે છે. સમજાણું કાંઈ?

મહા નિશ્ચય સમકિતનું કારણ તો ભગવાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? જરીક પ્રતિકૂળતા થાય ત્યાં કહે આ.. આ.. થઈ ગયું. વળી આમ થયું કે આમ થયું. અનુકૂળતા થઈ ગઈ ત્યાં હું વધી ગયો. ક્યાં વધે ને ઘટે બહારમાં તે? આત્માના મોક્ષનું કારણ નિશ્ચય સમ્યગ્દર્શન, એનું કારણ આત્મદ્રવ્ય તું અખંડ પડ્યો છો એમ કહે છે. કહો, સમજાણું આમાં? એ તું પોતે અખંડાનંદ ભગવાન પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ સ્વરૂપ... એ સમ્યગ્દર્શન મોક્ષનું કારણ અને સમ્યગ્દર્શનનું તારું દ્રવ્ય કારણ. પૂર્ણ શુદ્ધિનું કારણ સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ. અને એ સમ્યગ્દર્શનનું કારણ તારું દ્રવ્ય. કહો, તું પોતે કારણ છો એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

જુઓ, '**वीतरागसम्यक्त्वस्य नित्यानन्दैकस्वभावो निजशुद्धात्मैव विषयो भवतीति**' સમ્યગ્દર્શનનો વિષય તો એકલો આત્મા જ છે. નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિ. એ નિશ્ચય સમ્યગ્દર્શન, એનો વિષય એટલે કે કારણ. જુઓ, વિષય કહો કે કારણ કહો તે આત્મા છે. સમ્યગ્દર્શનનો વિષય છ દ્રવ્ય, એટલે સમ્યગ્દર્શનમાં છ દ્રવ્ય કારણ છે એમ. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય, નિશ્ચય સમ્યક્ નિર્વિકલ્પ પ્રતીતિ

એનો વિષય આત્મા એટલે નિશ્ચય સમ્યગ્દર્શન, વીતરાગી દૃષ્ટિનું કારણ આત્મદ્રવ્ય. અને રાગ વિકલ્પ વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય એ છ દ્રવ્ય એટલે કે છ દ્રવ્ય વ્યવહાર સમકિત દર્શનનું કારણ છે એમ. સમજાણું કાંઈ? એ આ ભવમાં થાય એવું છે એમ કહે છે. દરકાર કરે નહિ તો? કહો, કોઈ ખાણમાં હીરાની ખાણ નીકળે તો આ ભવમાં લેવા માગે કે નહિ? કે ના હમણા નહિ. હીરાની ખાણ નીકળે ત્યાં ઓલા ચિરોડીને ઠેકાણે નીકળ્યા અંદરથી ઊંડે જતાં જતાં કોક... અરે .. કહે ના તમારું કામ નથી. વયા જાવ બધા. વયા જાવ બધાય. ઘરના મજૂર થઈને પડે અંદર. એ ફુલચંદભાઈ! એ વાયદો કરતો હશે? એમ આત્મા અનંત ગુણનો ખજાનો છે.

મુમુક્ષુ :- એ હીરાની ખાણ કે દિ' નીકળશે?

ઉત્તર :- એ અહીં નીકળશે અહીં આત્મામાં. બહારની ક્યાં વાત છે અહીંયાં? આ તો દાખલો છે. ઓલાને નીકળી નથી ક્યાંક? નીકળી છેને, કહે છેને. પચાસ અબજ રૂપિયાની સોનામહોર છે. પચાસ અબજ, પચાસને? પચાસ અબજના સોનામહોર નીકળી. કો'ક રાજા હશે પહેલાનો તો કાંઈક છોકરા માટે દાટી ગયો હશે. એ પછી એમાં લખ્યું છે. લખ્યું છે એમાં હોં! છોકરા માટે દાટી ગયો હતો. એક છોકરો એનો રાજકુમાર હતો. એના માટે દાટી ગયો હતો. પછી નાનો છેને તો મોટો થાય એટલે મળે. પણ એ પણ ક્યાંક વયો ગયો અને છોકરા અને એની મા વયા ગયા અને એમ ને એમ પડ્યું રહ્યું. પછી એમાં લખાણ છે. એ લખાણે બધા ચિહ્નો નીકળે છે. અહીં જશો તો આ નીકળશે, અહીં જશો તો આ નીકળશે, અહીં જશો આ બધા ચિહ્નો દેખાય છે. અહીંથી પછી અહીં. ન્યાંથી પછી આગળ જઈ અને જ્યારે ત્યાં જરીક પૂજા ભક્તિ કરી લ્યો ને પછી ... એમ લખ્યું છે. એવા ચિહ્નો દેખાડતા જાય છે. ઓલું નીકળે ત્યારે ખરું. પણ આ ઠેકાણે આ પછી આ દાટ્યું છે, પછી આ દાટ્યું છે, પછી આ દાટ્યું છે એમ. એ રસ્તે ચાલ્યા જજો. એમ અહીં આત્મા દાટ્યો છે એમ કહે છે. અનંત ગુણનો અંદર આત્મા છે એને વિકલ્પમાં પહેલો લઈને પછી અંદર જઈને અંદર જો આત્મ નિદાન છે એમ કહે છે. બહારનું શું કામ છે અહીં? સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞે કહ્યું કે, તારો આત્મા અનંત ગુણનો રત્નનો ભંડાર અંદર દાટેલો પડ્યો છે. સમજાણું કાંઈ? તારે દૃષ્ટિ કર એટલે ત્યાં મળેલું, તત્ત્વ પડેલું જ છે. આહા..હા..! મજૂરી, મજૂરી શું કરે? મજૂર ક્યાં હતો એ? મફતનો મજૂરી કરીને મરી ગયો હેરાન થઈને અને કરોડો રૂપિયા આવ્યા અને પાંચ કરોડ અને દસ કરોડ આવ્યા એમાં શું, એને શું થયું? એને શું થયું? મમતા થઈ એને તો. મમતા આવી છે એની પાસે, ચીજ તો ત્યાં રહી ગઈ. એમાં કાંઈ હાય..હાય..! વાપરી શક્યા નહિ, ખાય શક્યા નહિ, માંડ જ્યારે ટાણા આવ્યા

ત્યારે મરણ આવ્યા. એમ પાછા કહે. હાય..! હાય..! કોઈ ઉપાય નથી લાગતો હવે કહે છે. ડૉકટરોએ હાથ ખંખેર્યા મારે પૈસા આટલા થયા અને હવે કરવું શું? ધૂળેય નથી સાંભળને હવે. સમજાણું કાંઈ? આ ચૈતન્ય રત્નનું નિધાન, ભગવાન કહે છે, તારી પાસે પડેલો તું, દાટેલું તે છે. આહા..હા..!

'**શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વકા કારણ નિત્ય આનંદ સ્વભાવ નિજ શુદ્ધાત્મા હી હૈ.**' જોયું! નિત્ય આનંદ સ્વભાવ. એ નિત્ય આનંદ સ્વભાવ આત્મા. એ નિત્ય આનંદ સ્વભાવ. એક સ્વભાવ છેને? નિત્યાનંદ સ્વભાવ નિજ શુદ્ધાત્મા (એમાં) 'એક' પડ્યો રહ્યો છે. એ તો એકકોર મૂકી દે છે. કારણ કે કોક ઠેકાણે અખંડ.. કોક ઠેકાણે લે છે. એક સ્વભાવ જુઓ, એ તો એકરૂપ છેને એટલે એમ કહે છે. સમજાણું? નિશ્ચય સમ્યગ્દર્શન એટલે શુદ્ધ પ્રતીતિનું કારણ તો તારું દ્રવ્ય છે એમ કહે છે. કારણ કહો કે વિષય કહો, ધ્યેય કહો. વ્યવહાર સમકિતનું કારણ કહો કે વિષય કહો, એ છ દ્રવ્ય છે. બેની દિશા ફેર છે આમ. દિશા એક આમ આ છે, એક આમ છે બે વસ્તુ છે.

મુમુક્ષુ :- એક દિશા .. બે સાથે હોય છે.

ઉત્તર :- બે સાથે હોય છે. આ પૂર્ણ હોય તો સાથે હોય માટે ફેર છેને? બે વસ્તુ છે તો બે... આ નિશ્ચયનો વિષય એનો વ્યવહારનો વિષય એક હોય તો બે કહેવાણા કેમ? વ્યવહાર સમકિતનું કારણ એ આત્મા, નિશ્ચય સમકિતનું કારણ હોય તો પછી બે કહેવાણા કેમ? સમજાણું કાંઈ? બે નય છે તો બેના નયના વિષય જુદા છે. નહિતર બે પડ્યા કેમ? પહેલું પરના ઉપરનું લક્ષ એ વિકલ્પ છે. પોતાનો આશ્રય છે નિર્વિકલ્પ. બે વસ્તુ ફેર છે. એક વીતરાગ પર્યાય છે અને એક રાગ પર્યાય છે. સમજાણું?

વિષય કીધો નથી ઓલામાં? પંચાસ્તિકાયમાં ન લીધું? વ્યવહાર રત્નત્રયનો વિષય આત્મા નથી. આત્માથી પર છે. 'પંચાસ્તિકાય' હા, ૭૨માં લીધુંને. બધી એકની એક વાત કરે છે બધી રીતે. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિષય આત્મા નથી. આત્માથી પર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પર છે કેમ? છે, રાગ છે કે નહિ? ભૂમિકામાં એવો શુભ રાગ હોય છે વ્યવહાર સમ્યગ્દર્શન. નિશ્ચયનો વિષય સ્વ છે. પછી ભેગા ઓલા છ દ્રવ્યની વાત કરી ખરીને? તો છ દ્રવ્ય તો વ્યવહાર સમ્યક્‌નો વિષય છે. સમજાય છે? એમાં જે નિશ્ચય સમકિત છે એનો વિષય તો આત્મા ત્રિકાળ વસ્તુ શુદ્ધ આનંદમય આત્મા એક સ્વભાવી આત્મા છે. એ બે નિશ્ચય અને વ્યવહારની વ્યાખ્યા, એના કારણો, એનો વિષય, એનું સ્વરૂપ એ બધી વાત એમાં આવી ગઈ. સમજાણું કાંઈ?

શુદ્ધ નિર્વિકલ્પ દૃષ્ટિનો વિષય તે આત્મા, નિર્વિકલ્પ દૃષ્ટિનું કારણ તે આત્મા, સવિકલ્પ

વ્યવહાર સમ્યગ્દર્શનનું કારણ છ દ્રવ્ય અને તેનો વિષય તે. જે કારણ છે તે વિષય એમ. સમજાણું કાંઈ? અને એ કારણ નિશ્ચયનું નહિ એમ. એ કારણ નિશ્ચયનું નહિ. નિશ્ચયનું કારણ દ્રવ્ય અને વ્યવહાર એ આત્માને કારણે નહિ. વ્યવહાર એ પરને કારણે, પરના લક્ષે, પરને વિષયે ઉત્પન્ન થયેલો ભાવ છે. સમજાણું કાંઈ? એમ અહીં 'પરમાત્મપ્રકાશ'માં બે બોલનું નિશ્ચય સહિત વ્યવહાર અને વ્યવહારની મુખ્યતાથી કથન કર્યું છે. બાકી નિશ્ચય તો અંદર હોય છે. એથી તો ભાઈએ કહ્યુંને. વ્યવહાર સમકિતમાં, નિશ્ચય સમકિત નિરંતર ગમનરૂપ છે. 'ટોડરમલ્લજી'. 'ટોડરમલ્લજી'એ તો બહુ આખો નિચોડ કર્યો છે. સમજાય છે? પણ હવે લોકોને અભિમાન હોયને. અમે જાણે ભણ્યા છીએ વધારે એટલે એ સત્યને કબુલ કરવું મુશ્કેલ પડે. લ્યો ૧૬ ગાથા એ કીધી. પા કલાક ચાલી.

**'આગે ઉન છહ દ્રવ્યોંકે નામ કહતે હૈં -'** 'હે શિષ્ય,...' હવે નામ આપે છે હોં! વ્યવહાર સમકિતનો વિષય હોં! વ્યવહાર સમકિતના વિષયના નામ આપે છે. વ્યવહાર અભૂતાર્થ છેને? પણ છેને.

૧૪૩) जीउ सचेयणु दव्वु मुणि पंच अचेयण अण्ण।
पोग्गलु धम्माहम्मु णहु कालेँ सहिया भिण्ण।।१७।।

**અન્વયાર્થ :- 'હે શિષ્ય! તૂ જીવ ચેતનદ્રવ્ય હૈ, ઐસા જાન, ઔર બાકી પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ઔર કાલ સહિત જો પાંચ હૈં, વે અચેતન હૈં ઔર જીવસે ભિન્ન હૈં, તથા યે સબ અપને-અપને લક્ષણોંસે આપસમેં ભિન્ન** (જુદા-જુદા) **હૈં,...'** દેખો! જડ અને ચૈતન્ય પોત-પોતાના લક્ષણથી માંહોમાંહે તદ્દન જુદા છે. સમજાણું કાંઈ? કોઈ એક છે નહિ. આ તો એકલા આત્મા, એકલો આત્મા, બસ એકલો આત્મા. એક જ આત્મા છે. પણ એક આત્મા હોય તો પછી કરવાનું એને શું રહ્યું? એક જ આત્મા હોય તો એને વિવેક કરવો શું? એને સમજવું શું? એને સુધરવું શું? એક જ હતો એમાં વળી સુધરવાનું ક્યાં આવ્યું ને બગડવું ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ? એક જ આત્મા હોય સર્વ થઈને તો સુધરવું ને બગડવું ક્યાં રહ્યું એમાં કાંઈ? એથી કહે છે કે જેણે એક આત્મા માન્યો એને આવો વિવેક હોતો નથી. પણ અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ ને અનંત છ દ્રવ્યો પોતાના લક્ષણે બિરાજમાન છે. આહા..હા..! એનાથી તારું દ્રવ્ય ભિન્ન સવિકલ્પ વિનાનું નિર્વિકલ્પ દ્રવ્ય છે એને તું નિશ્ચયથી નક્કી કર એમ. સમજાણું કાંઈ? **'કાલકે બિના પાંચ અસ્તિકાય હૈં.'** આમ છ દ્રવ્ય છે, પણ કાળમાં અસ્તિ છે પણ કાય નથી.

ભાવાર્થ :- **'સમ્યક્ત્વ દો પ્રકારકા હૈ, એક સરાગસમ્યક્ત્વ દૂસરા વીતરાગસમ્યક્ત્વ, સરાગસમ્યક્ત્વકા લક્ષણ કહતે હૈં. પ્રશમ અર્થાત્ શાંતિપના,...'** કષાયની મંદતા. 'સંવેગ

**અર્થાત્ જિનધર્મકી રુચિ...**' સંવેગની વ્યાખ્યા કરી. '**જિનધર્મકી રુચિ તથા જગતસે અરુચિ,...**' સંવેગ અને નિર્વેગ બે ભેગા લઈ લીધા. નિર્વેગ એટલે અરુચિ. '**અનુકંપા પરજીવોંકો દુઃખી દેખકર દયા ભાવ...**' એ વ્યવહાર સમકિતનું લક્ષણ છે હોં! કષાયની મંદતા, કષાયની મંદતા એટલો એને ઉપશમભાવ, ક્ષયોપશમભાવ. સમજાણું કાંઈ? '**ઔર આસ્તિક્ય અર્થાત્ દેવ-ગુરુ-ધર્મકી તથા છહ દ્રવ્યોંકી શ્રદ્ધા...**' લ્યો! એ વ્યવહાર સમકિતનું લક્ષણ સરાગ સમકિત, સરાગ સમકિત કીધુંને એ? એ રાગ છે સાથે એટલે એને તો સરાગ કહેશે, આગળ વીતરાગની વાત વધારે મૂકી.

'**દેવ-ગુરુ-ધર્મકી તથા છહ દ્રવ્યોંકી શ્રદ્ધા ઈન ચારોંકા હોના વહ વ્યવહારસમ્યક્ત્વરૂપ સરાગસમ્યક્ત્વ હૈ, ઔર વીતરાગસમ્યક્ત્વ જો નિશ્ચયસમ્યક્ત્વ વહ નિજશુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રસે તન્મયી હૈ.**' અહીંથી પ્રશ્ન ઉઠ્યો એટલે જરી .. થયો. વીતરાગ સમ્યગ્દર્શન જો નિશ્ચય સમ્યગ્દર્શનસે યહ નિજશુદ્ધાત્માનુભૂતિ, શુદ્ધ ચૈતન્યનો અનુભવ એનું વીતરાગ ચારિત્રથી એકમેક(પણું) છે. સમજાણું કાંઈ? એટલે પ્રશ્ન ઉઠાવ્યો. '**યહ કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા. હે પ્રભો! નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, એસી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વકા કથન પહલે તુમને અનેક બાર કિયા,...**' શું કીધું? પ્રશ્ન કેમ ઉઠ્યો? કે વીતરાગ ચારિત્રથી તન્મયી આપ અત્યારે કહો છો. પહેલા તો એમ કહેતા કે '**શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, એસી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વ...**' પહેલા કહેતા હતા. પ્રશ્ન શું ઉઠ્યો સમજાણું? પહેલા તો આપ નિશ્ચય શુદ્ધ સમ્યક્ આત્માની શુદ્ધ દૃષ્ટિ... સમજાય છે? એવો એને સમકિત કહેતા હતા.

'**ફિર અબ વીતરાગચારિત્રસે તન્મયી નિશ્ચયસમ્યક્ત્વ હૈ, વહ વ્યાખ્યાન કરતે હૈં, સો યહ તો પૂર્વાપર વિરોધ હૈ.**' પ્રશ્ન સમજાણો પ્રશ્ન? ન સમજાણું? ફુલચંદભાઈ ના પાડે ન સમજાય. વાણિયાને એકવારમાં કાંઈ સમજાય છે? પહેલા તમે એમ કહેતા કે આ શુદ્ધ આત્માની રુચિથી નિશ્ચય સમ્યગ્દર્શન. શુદ્ધાત્મા ઉપાદેય નિર્મળાનંદ નિર્વિકલ્પ એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન. વળી અહીં તમે નિશ્ચય સમ્યગ્દર્શન સાથે વીતરાગ ચારિત્ર એટલે તન્મયી એવો નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું. આ તો હવે ફેરવી વાત આપે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વીતરાગ ચારિત્ર હોય વિશેષ બતાવવા માટે છે. વિશેષ-વિશેષ બતાવવું હતું એટલું પણ આનું આ વિશેષ બતાવવા માટે .... '**વહ વ્યાખ્યાન કરતે હૈં, સો યહ તો પૂર્વાપર વિરોધ હૈ.**' સમજાણું? '**ક્યોંકિ જો નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈં, એસી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો...**' હવે સાંભળો. અહીં ગૃહસ્થ ને મુનિપણાનો ફેર

જરી બતાવવો છે. બાકી છે તો નિશ્ચય સમકિત એ જ, પણ વધારે વીતરાગ ચારિત્ર સહિત હોય છે એને નિશ્ચય સમકિતમાં વિશેષ ગુણ છે. રાગવાળું છે એમ છે એ પણ એવું નિશ્ચય સમકિત ગૃહસ્થાશ્રમમાં તો હોય છે એમ કહે છે જુઓ! '**ક્યોંકિ જો નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈં, એસી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો ગૃહસ્થમેં તીર્થંકર પરમદેવ...**' સમજાય છે? તીર્થંકરદેવને, ગૃહસ્થ દશામાં ત્રણ જ્ઞાનવાળા ભગવાનને એવું નિશ્ચય સમકિત તો હતું. 'ભરત ચક્રવર્તી'આદિને હતું. '**ભરત ચક્રવર્તી ઔર રામ, પાંડવાદિ બડે-બડે પુરુષોંકે રહતા હૈ,...**' લ્યો! '**લેકિન ઉનકે વીતરાગ ચારિત્ર નહીં હૈ.**' શિષ્ય કહે છે. સમજાય છે કાંઈ? તમે તો વીતરાગ ચારિત્રથી એકમેકને નિશ્ચય સમકિત ત્યાં કહો છો.. અમે તો આ સાંભળ્યું છે અને આપે કહ્યું છે કે ભાઈ આ બધા ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકરો, ભરત ચક્રવર્તી એને નિશ્ચય સમકિત હોય છે, રહે છે એમ તો કહ્યું છે આપે. વળી વીતરાગ ચારિત્રથી તન્મય કહો છો ત્યાં એને વીતરાગ ચારિત્ર તો છે નહિ ગૃહસ્થાશ્રમમાં. સમજાય છે? '**યહી પરસ્પર વિરોધ હૈ.**' શિષ્યને લાગ્યો છે. '**યદિ ઉનકે વીતરાગચારિત્ર માના જાવે, તો ગૃહસ્થપના ક્યોં કહા?**' હવે એને વીતરાગી ચારિત્ર જો કહો તો એને ગૃહસ્થપણું કેમ કહો છો? '**યહ પ્રશ્ન કિયા.**' આ પ્રશ્ન શિષ્યે કર્યો. પ્રશ્નમાં પણ જરી માલ છે સમજીને.

'**ઉસકા ઉત્તર શ્રીગુરુ દેતે હૈં. ઉન મહાન્** (બડે) **પુરુષોંકે શુદ્ધાત્મા ઉપાદેય હૈ એસી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો હૈ,...**' સમજાય છે કાંઈ? '**शुद्धात्मोपादेयभावनारूपं निश्चयसम्यक्त्वमं विद्यते**' એમ છે હોં! ભાવનારૂપં એટલે? નિશ્ચય પછી થશે એમ નહિ, એકાગ્રતા રૂપ. સમજાણું કાંઈ? .. કાંઈક લખ્યું હતું. '**પરમ્પરાય મોક્ષકે કારણ ઔર સાક્ષાત્ પુણ્યબંધકે કારણ જો દેવ-શાસ્ત્ર-ગુરુ હૈં, ઈનકી જો નિંદા કરતા હૈ, ઉસકે નિયમસે પાપ હોતા હૈ,...**' એમ. ૬૨મી ગાથામાં છેને ભાવાર્થ ઉપર. એ ભાવાર્થમાં પણ છે. '**નિજ પરમાત્મદ્રવ્યકી પ્રાપ્તિકી રુચિ વહી નિશ્ચયસમ્યક્ત્વ,...**' ૬૨ ગાથા. '**ઉસકા કારણ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ વ્યવહારસમ્યક્ત્વ, ઉસકે મૂલ અરહંત દેવ, ગુરુ આદિ...**' એમ. એ ખુલાસો કર્યો. અહીં અમારે ૨૦૪ પાનું છે, ૬૨મી ગાથા છે. એ હજી આવવાની છે. અને આ બાજુ કાંઈક છે.

૬૧ ગાથામાં છે. '**વિષય કષાયકર ઉત્પન્ન હુએ આર્ત રૌદ્ર ખોટે ધ્યાનોંકે નાશકા કારણ શ્રીપંચપરમેષ્ઠીકે ગુણોંકા સ્મરણ કરતે હૈં, ઔર દાન પૂજાદિક કરતે હૈં, પરંતુ ઉનકી દૃષ્ટિ કેવલ નિજ પરિણતિપર હૈ, પર વસ્તુપર નહીં હૈ. પંચપરમેષ્ઠીકી ભક્તિ આદિ શુભ ક્રિયાકો પરિણત હુએ તો ભરત આદિક હૈં, ઉનકે બિના ચાહે પુણ્યપ્રકૃતિકા આસ્રવ હોતા હૈ. જૈસે કિસાનકી દૃષ્ટિ અન્ન પર હૈ,...**' એ ૬૧મી ગાથામાં છે,

આ ૬૨મા છે. સમજાય છે? શું કીધું?

કહે છે કે ભાઈ ! મહા પુરુષો, તીર્થંકરો, ભરત ચક્રવર્તી આદિ એને '**શુદ્ધાત્મા ઉપાદેય હૈ ઐસી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો હૈ, પરન્તુ ચારિત્રમોહકે ઉદયસે સ્થિરતા નહીં હૈ.**' સમજાણું કાંઈ? અસ્થિરતા છે, અસ્થિરતા છે. '**જબ તક મહાવ્રતકા ઉદય નહીં હૈ, તબ તક અસંયમી કહલાતે હૈં, શુદ્ધાત્માકી અખંડ ભાવનાસે રહિત હુએ...**' શુદ્ધાત્માકી અખંડ ભાવનાસે રહિત. એકાગ્રતા નહિ અને અખંડ નહિ. '**ભરત, સગર, રાઘવ, પાંડવાદિક નિર્દોષ પરમાતમા અરહંત સિદ્ધોંકે...**' સમજાય છેને? '**भरतादयो**' છેને? તીર્થંકરાદિ નથી લીધા. '**भरतादयो**' લીધા. .. પાઠમાં તો એમ છેને. અહીં કહે, શુદ્ધાત્માકી અખંડ ભાવનાસે રહિત એમ લીધું સમજ્યા ને? ... એટલે શુદ્ધ ભાવનામાં એકાગ્ર નથી ત્યારે એમ. સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તી, સગર ચક્રવર્તી, રાઘવ એટલે રામચંદ્રજી, પાંડવો (આદિ) નિર્દોષ પરમાત્મા, સમજાણું?

'**અરહંત સિદ્ધોંકે ગુણસ્તવન, વસ્તુસ્વતનવરૂપ સ્તોત્રાદિ કરતે હૈં,...**' લ્યો! શુભ રાગમાં આવો શુભભાવ એને હોય છે, રામકથા. '**ઔર ઉનકે ચારિત્ર પુરાણાદિક સુનતે હૈં,...**' મહા તીર્થંકરો આદિના ચારિત્ર પુરાણો સાંભળતા હતા એ પુરુષો. '**તથા ઉનકી આજ્ઞાકે આરાધક જો મહાન પુરુષ,...**' દેખો! '**આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઉનકો ભક્તિસે આહારદાનાદિ કરતે હૈં,...**' સમજાણું ? '**આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઉનકો ભક્તિસે આહારદાનાદિ કરતે હૈં, પૂજા કરતે હૈં. વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકે રોકનેકે લિયે તથા સંસારકી સ્થિતિકે નાશ કરનેકે લિયે...**' વિશેષ સ્થિતિ ઘટે છેને? સંસારનો અભાવ થતો નથી, અભાવ થતો નથી પણ સ્થિતિ ઘટતી જાય છે.

'**એસી શુભ ક્રિયા કરતે હૈં. ઈસલિયે શુભ રાગકે સંબંધસે સમ્યગ્દૃષ્ટિ હૈં,...**' લ્યો! '**શુભ રાગકે સંબંધસે સમ્યગ્દૃષ્ટિ હૈં, ઔર ઈનકે નિશ્ચયસમ્યક્ત્વ ભી કહા જા સકતા હૈ, ક્યોંકિ વીતરાગચારિત્રસે તન્મયી નિશ્ચયસમ્યક્ત્વકે પરમ્પરાય સાધકપના હૈ.**' ઓલું અહીં વીતરાગપણું સાથે લેવું છે એટલું. સમજાય છેને? રાગરહિત ચારિત્ર સહિતનું સમકિત એ એને નથી એટલું વીતરાગ સમકિત. પણ નિશ્ચય સમકિત તો છે. '**વીતરાગચારિત્રસે તન્મયી નિશ્ચયસમ્યક્ત્વકે પરમ્પરાય સાધકપના હૈ.**' નિશ્ચય સમકિતવાળો જીવ રાગની આવી ક્રિયામાં છે એ વીતરાગચારિત્ર તન્મયી એવું નિશ્ચયસમ્યક્ત્વનું પરમ્પરા કારણ થાય છે.

'**અબ વાસ્તવમેં (અસલમેં) વિચાર જાવે, તો ગૃહસ્થ અવસ્થામેં ઈનકે સરાગસમ્યક્ત્વ હી હૈ...**' હવે અપેક્ષાએ-ઓલી ચારિત્રની અપેક્ષાએ હોં! નિશ્ચયની અપેક્ષા

તો સમ્યગ્દર્શન બરાબર છે, પણ ચારિત્રની અપેક્ષાએ વીતરાગ ચારિત્રપણું ત્યાં નથી એ અપેક્ષાએ રાગની પ્રધાનતા ગણીને મુખ્યપણું વ્યવહારની શ્રદ્ધાનું મુખ્યપણું છેને આમાં? આ બધી વ્યવહારની મુખ્યતાથી કથન ચાલે છેને ભાઈ! વ્યવહાર સમ્યગ્દર્શનની મુખ્યતાના આ દોહા છે બધા. આ બીજા પ્રકારનું બતાવ્યું. વ્યવહારની મુખ્યતાથી આ કથનો બધા છે. પહેલેથી શરૂ કરી ૧૪ ગાથા સુધી. એને સરાગપણાની પ્રધાનતા છે એથી એને ઓલું વીતરાગ ચારિત્રવાળું સમકિત નિશ્ચય નથી. સમજાય છે? આહા..હા..!

'વીતરાગ **તન્મયી હૈ. અબ વાસ્તવમેં (અસલમેં) વિચારા જાવે, તો ગૃહસ્થ અવસ્થામેં ઈનકે સરાગસમ્યક્ત્વ હી હૈ ઔર જો સરાગસમ્યક્ત્વ હૈ, વહ વ્યવહાર હી હૈ, ઐસા જાનો.**' ઓલા રાગની અપેક્ષાએ હોં! નિશ્ચય સમ્યગ્દર્શન તો બરાબર છે પણ વીતરાગ ચારિત્રની અપેક્ષાનું સમકિત એ અપેક્ષાએ આને રાગ સહિત એને વ્યવહાર સમકિત કહેવામાં (આવે છે). સમકિત તો નિશ્ચય છે (પણ) ઓલા ચારિત્રની અપેક્ષાએ ભેદ પાડીને વ્યવહાર કહેવામાં આવ્યું છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૩, શનિવાર, તા. ૨૫-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૮ થી ૧૯, પ્રવચન-૮૫**

૧૮મી ગાથા, 'પરમાત્મપ્રકાશ' બીજા ભાગની. '**આગે ચાર દોહોંસે છહ દ્રવ્યોંકે ક્રમસે હરએકકે લક્ષણ કહતે હૈં –**'

१४४) मुत्ति-विहूणउ णाणमउ परमाणंद-सहाउ।
णियमिं जोइय अप्पु मुणि णिच्चु णिरंजणु भाउ।।१८।।

**અન્વયાર્થ :-** 'હે યોગી,...' 'પ્રભાકરભટ્ટ' શિષ્યને 'યોગીન્દ્રદેવ' કહે છે કે '**નિશ્ચય કરકે તૂ આત્માકો ઐસા જાન. કૈસા હૈ આત્મા? મૂર્તિસે રહિત હૈ,...**' આત્મામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મૂર્ત નથી. '**જ્ઞાનમયી હૈ,...**' એ ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપ

ચૈતન્યમૂર્તિ છે અને '**પરમાનંદ સ્વભાવવાલા હૈ,...**' પરમાનંદ અને જ્ઞાન મુખ્ય બે લેવું છેને? બે જ વસ્તુ આખી જ્ઞાન ને આનંદમૂર્તિ આત્મા છે. અને '**નિત્ય હૈ,...**' કાયમ રહેનાર છે. '**નિરંજન હૈ, એસા જીવપદાર્થ હૈ.**' લ્યો!

ભાવાર્થ :- '**યહ આત્મા અમૂર્તિક શુદ્ધાત્માસે ભિન્ન જો સ્પર્શ-રસ-ગંધ-વર્ણવાલી મૂર્તિ ઉસસે રહિત હૈ,...**' આ આત્મા અમૂર્તિક શુદ્ધાત્મા એમ લેવું. આ આત્મા અમૂર્તિક શુદ્ધાત્મા એનાથી જુદા. સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળી મૂર્તિ ઉસસે આત્મા ભિન્ન-જુદો છે. શરીર, કર્મ આદિ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા પદાર્થ છે. આત્મા અમૂર્તિક એનાથી તદ્દન જુદો પદાર્થ છે. '**લોક-અલોકકા પ્રકાશ કરનેવાલે કેવલજ્ઞાનકર પૂર્ણ હૈ,...**' અરૂપી-મૂર્તથી રહિત હોવા છતાં એનો સ્વભાવ લોક-અલોક પ્રકાશ કરનેવાલા. મૂર્ત અને અમૂર્ત બધા પદાર્થોને પ્રકાશ કરવાવાળો એનો સ્વભાવ છે. '**કેવલજ્ઞાનકર પૂર્ણ હૈ,...**' ભગવાન આત્મા કેવલજ્ઞાનકર પૂર્ણ છે, અત્યારે હોં! અત્યારે. સમજાણું કાંઈ? આ આત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, જડ જે શરીર, વાણી, કર્મ એનાથી તદ્દન જુદો છે. પોતે પરથી જુદો પણ, પોતાના જ્ઞાનના સ્વભાવથી પરિપૂર્ણ છે. ભગવાન આત્મા જ્ઞાન સ્વભાવ અને આનંદ સ્વભાવથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. સમજાય છે કાંઈ? એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ, જડ જે માટીના, શરીરના, વાણીના, કર્મના એ રંગ, ગંધ, રસ, સ્પર્શ, જડ એમાં આત્મામાં નથી. એ તો અરૂપી આત્મા છે.

મુમુક્ષુ :- કે દિ' નથી?

ઉત્તર :- ત્રણે કાળે નથી. કે દિ' નથી શું? અત્યારે નથી અને ત્રણે કાળે નથી. આ તો જુદા જડ, માટી, ધૂળ છે. કેમ હશે? જયચંદભાઈ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આ મૂર્ત જે વાણી, શરીર, કર્મ, જડ એનાથી તદ્દન જુદો અત્યારે છે. જુદો છે તો છે અરૂપી. છે અરૂપી તો એમાં કોઈ સ્વભાવ છે? કે, એનામાં જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને લોકાલોકને જાણે એવું જ્ઞાન ભરેલું છે આત્મામાં. એ તો લોકાલોકનો જાણનાર જ આત્મા છે. સમજાય છે કાંઈ? લોકાલોકનો રચનાર નહિ, લોકાલોકને ફેરવનાર નહિ, લોકાલોકનો રક્ષક નહિ, લોકાલોકને ટાળનાર નહિ. શું કીધું? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી આત્મા છે. એ જ્ઞાન ભગવાન આત્મા જેટલા પરપદાર્થ લોક અને અલોક, ત્રણકાળ, ત્રણલોક પદાર્થ એનો એ આ આત્મા પ્રકાશક છે. કોઈ એની ચીજમાં એ ચીજ નથી, તેમ એ ચીજનો જાણનાર છે, પણ એ ચીજનો કાંઈ ફેરવનાર રક્ષક, ભક્ષક, વ્યય કરનાર, પરવસ્તુનો ફેરવનાર એ આત્મા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જાણનાર જ છે.

ઉત્તર :- જાણનાર છે, જગતને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે વળી લ્યો! આવ્યું ભાઈ! ઓલું રાતે કહ્યું હતું. ક્યાંનું ક્યાં આવ્યું! સમજાણું કાંઈ? આત્મા જાણનાર છે. એને ને બીજા અનંત પદાર્થ આત્માઓ અનંતા માટી, ધૂળ, શરીર આદિ, પૈસા, લક્ષ્મી, ધૂળ આદિ એ બધા જ્ઞાનમાં જ્ઞેય જણાવા લાયક છે. અને એ પદાર્થ જાણવામાં જણાય એવો એનો સ્વભાવ છે. આત્મા જાણનાર છે અને એ ચીજો જડ આદિ બધા જણાવા યોગ્ય છે. બસ આટલો સંબંધ છે. બાકી કોઈ એને સંબંધ નથી. સમજાણું કાંઈ? રતિભાઈ! હવે આ લોઢાના વેપારનો સંબંધ ખરો કે નહિ કરવાનું? પૈસા રાખવાનો ખરો કે નહિ? નહિ? પૈસા બીજાને દેવાનો સ્વભાવ ખરો કે નહિ? એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ કહે છે કે તારું સ્વરૂપ સર્વજ્ઞ જ્ઞાનસ્વરૂપ છે ભાઈ! અને જગતના બધા શરીર, વાણી, કર્મ, પૈસા, ધૂળ, મકાન સરખા બધા. એ લોક અને અલોક બધા લઈ લીધા અહીં તો. એ બધા તારા જ્ઞાનમાં જ્ઞેય જણાવા લાયક છે. તું એક જાણનાર છો. આ સિવાય પરપદાર્થ સાથે તારો કોઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ?

ખબર નથી એને (કે) કોણ છું હું, શું કરું છું હું, શું થાય છે પરમાં, શું સંબંધ છે મારે અને એને? જુઓ, રાતે તો અમથુ આવ્યું હતું ઉપરથી હોં! આમાં તો અહીં આવ્યું પાછું આ. સમજાણું કાંઈ? આત્મા લોકાલોકનો પ્રકાશ કરનાર, '**જોકિ કેવલજ્ઞાન સબ પદાર્થોંકો એક સમયમેં પ્રત્યક્ષ જાનતા હૈ,...**' આ પણ આત્મા એક સમયમાં બધાને જાણવાનો સ્વભાવ એનો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા એને અહીં આચાર્ય મહારાજ અથવા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાણા. એવા ભગવાન તીર્થંકરદેવના શ્રીમુખે દિવ્યધ્વનિમાં એમ આવ્યું, ભાઈ! તું કોણ છો? તું કોણ છો? કે, તું તો લોકાલોકને જાણનાર, દેખનાર આનંદમૂર્તિ છો. સમજાય છે કાંઈ? લોકાલોકમાં શું બાકી રહી ગઈ ચીજ? અનંતા પરમાણુ દાળ, ભાત, રોટલા, શાક, આ પૈસા, ધૂળ, શરીર, માટી, મકાન—એ બધા પદાર્થ તારા જ્ઞાનમાં જણાય અને તું જાણ એવો જ એનો સંબંધ છે. એ પરપદાર્થને તું, પરપદાર્થ કર્તા અને તારું કાંઈ કામ થાય એવો એમાં સંબંધ નથી. તેમ આત્મા કર્તા અને આ શરીરના આદિના કામ થાય કાર્ય, એવો પરપદાર્થ સાથે તારે કાંઈ સંબંધ છે નહિ. બરાબર હશે? આ દવા-બવા કરી.

મુમુક્ષુ :- એ પ્રત્યક્ષ જ છે.

ઉત્તર :- શું પ્રત્યક્ષ છે ?

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એમ નહિ. કરી શકતો નથી, એમ પણ અહીં નથી. એ થાય છે જગતના ભાવો એને જાણનાર જ છે ફક્ત એટલું. પહેલા કરી શકતો હતો અને અત્યારે નથી કરી શકતો એમ શલ્ય નાખીને વાત નથી. સમજાણું કાંઈ? પહેલા ધમાલ કરી હતી એ કરતા હતા એ વાત મૂઢ માને છે કહે છે. અહીં એમ કહે છે. શરીર ઠીક હતું ત્યારે કરતા ને આમ હાલતા ને આમ મુંબઈ જતાં ને વિલાયત જતાંને. એ વાત ખોટી છે એમ ભગવાન કહે છે. મણિભાઈ! શું કીધું?

એ તો એમ કહે કે પહેલા અમે આમ ગયા હતા વિલાયતમાં ને હોળીમાં ને અમેરીકામાં ને મોટરોમાં ભૂં..ભૂં.. કરીને. હરામ વાત છે એમ કહે છે. પરપદાર્થના દ્રવ્ય, ગુણની પર્યાયની સાથે તારો જાણવાનો સ્વભાવ અને એ જણાય સંબંધ એટલી વાત છે. એ સિવાય અજ્ઞાની મૂઢ એમ માને કે મારા ને પરદ્રવ્યના કર્તા-કર્મ સંબંધ છે, હું કરનારો અને એના કાર્ય થાય. અથવા એ કરનાર અને મારામાં કાંઈ કામ થાય એવો આત્માનો અને પરનો સ્વભાવ સંબંધ છે નહિ. એમ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ તીર્થંકરદેવ કેવળજ્ઞાનમાંથી પોકારે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- આ એની માટે તો વાત ચાલે છે કહો, સમજાણું કાંઈ? આમ પાંચ, પચ્ચીસ લાખની મૂડી ને જો આ સવારમાં જ કહેતા હતા કે, પચાસ લાખ રૂપિયા છે તો અહીં નથી કાંઈ કરી શકતા કે મણીભાઈ લ્યો એમ કહેતા હતા સવારમાં. સવારમાં આવીને હોં! ધૂળમાં શું પચાસ લાખ કરતો હતો ને કરોડ કરતો હતો? એ તો આત્મા જાણનારને એ જ્ઞેય છે. જણાવા યોગ્યને જાણે. સમજાણું કાંઈ? સવારમાં આવ્યા હતા ત્યારે કીધું હતું લ્યો! આ મણીભાઈ પાસે પચાસ લાખ. ચાર ભાઈઓ પાસે, પણ શરીર કાંઈ કામ નથી કરતું. ધૂળ પણ કોના પૈસા? પચાસ લાખ કોના ને પાંચ કરોડ કોના ને પાઈ કોની ને શરીર કોનું? આ તો માટી, જડ, પર પદાર્થ છે. એ આત્મા જાણનારને જણાય એટલો સંબંધ છે. એ સિવાય મારા માન્યા એ મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- અત્યારે તો .. મળે છે.

ઉત્તર :- .. આમ ને આમ મળ્યો? મળે છેને જુઓને. કેમ મોહનભાઈ! શું હશે આ? હાય..હાય..!

અહીં તો એક વાત એવી કહે છે કે આત્મા લોકાલોકને જાણનાર સર્વ પદાર્થને એક સમયમાં પૃથક જાણે એવો જ એનું સ્વરૂપ જ છે. સમજાય છે? એને જરૂરનું પાછું ઓલો

ક્રમકરણ શબ્દ પડ્યો છે ને ક્રમકરણ એટલે **'આગે-પીછે નહીં જાનતા,...'** આત્માનું જ્ઞાન જે આખા જગતના અનંતા પરમાણુઓ, અનંતા આત્માઓ, અસંખ્ય કાલાણુઓ, ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ પદાર્થ છે. એ વસ્તુને એક સમયે બધું છે તેમ જાણે, એ જણાય અને આ જાણે બસ. એ સિવાય હું ભોક્તા અને એ ચીજો મને ભોગ્ય છે એ મૂઢ માને છે. એમ છે નહિ. શું કીધું? આ દાળ, ભાત, રોટલી, સ્ત્રી, કુટુંબ, પૈસા મારે ભોગવવા લાયક છે અને હું ભોક્તા છું. મૂઢ છો? ભોગવવા લાયક પરપદાર્થ કેવો તારામાં? એય..! રતિભાઈ! શું હશે આ? આ બધા તમને પૈસાવાળાને બહુ કહે કે બહુ ઓહો..હો..! એમ કહે છે. જુઓ! આ કરોડપતિ એમ છે મોહનલાલ ઘીયા એમ કહે છે માણસો. અને આ બધું આમ છે અને ધૂળ છે ને એ વાતું કરે છે લોકો. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે જ્ઞાનનો પતિ તું છો. એ ચીજો જે છે અનંત જગતમાં એક શરીરના રજકણથી માંડીને, વાણીના રજકણથી માંડીને અનંત—એ બધાને આત્મા જાણનાર, એ જણાય બસ. આ સિવાય બીજો સંબંધ માને (તો) મૂઢ મિથ્યાદષ્ટિ આત્માની હિંસા કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂર્ખાઈ નહિ, મહા પાપ બાંધ્યા. સમજાય છે? મૂઢતા એ પાપના મોટા ચીકણા લોચા બાંધ્યા.

મુમુક્ષુ :- લોચો ઉખેડી દ્યો.

ઉત્તર :- કોણ ઉખેડે? કહે છેને સમજણ કર. કર સમજણ તું. હું તો જ્ઞાન છું. જગત જાણવા યોગ્ય પદાર્થ છે. સમજાય છે? કાલે અહીં કીધું હતું મણિભાઈને એક શબ્દ. કીધું હતુંને ..નું કીધું હતું. કીધું, જ્ઞાન છું એટલું ધ્યાન રાખવું. સમજાણું કાંઈ? સાંજના કીધું. સાંજે આવ્યા હતાને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ. કેવી રીતે વાત કરે છે જુઓને! અહીં તો હજી આત્માની સાધારણ વાત કરે છે હોં! આત્મા કેવો એમ. આ એની અંદરમાં આ નાખ્યું. પરમાત્મા સ્વરૂપ છેને. આ તો આત્મા પરમ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ એનું છે. ભગવાન જેની આંખો જ જ્ઞાન છે. બધી ચીજો અનંતી તે તેના જ્ઞાનમાં જાણવા લાયક છે. આ જાણનાર છે, બાકી એ સિવાય એનાથી અધિક બીજી રીતે અંદર ખતવણી કરે એ અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિ અને મિથ્યાબુદ્ધિથી કરે છે. કહો, ઉજમભાઈ! ઓહો..! શું કરવું આ ગામ ને ખેતર ને જમીન ને? ઓહો..હો..! દશ-દશ ભાઈઓ હોય અને બાર-બાર ભાઈઓ. બારભાયા એવું આવે છેને? કેટલા ભાઈઓ ને કેટલા કાકા ને કેટલા મામા ને ધૂળને. કહે છે, ભગવાન! એ બધી વાત તું કહે કે મારા એ બધી વાત જૂઠી છે. તારે અને પરને જ્ઞાયક અને જ્ઞેય સંબંધ સિવાય

કોઈ સંબંધ છે નહિ. આહા..હા..! જુગરાજજી! આહા..હા..! વસ્તુનું સત્ જ એવું છે કે તું જ્ઞાનસ્વરૂપી ભગવાન. આાગળ, પાછળ નહિ જાણતા, એક ક્ષણમાં આખી દુનિયા લોકાલોક જે રીતે છે એને જાણવાનો તેમ છે એમ સ્વભાવ છે. આઘું, પાછું નથી કે આનું આમ થાશે, આનું આમ થાશે ને આનું આમ થાશે ત્યારે જણાશે. એક સમયમાં જ્યાં આખી દુનિયા એમ ને એમ છે એમ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. ત્યાં આઘું-પાછું નથી, ત્યાં વ્યવસ્થિત કામ ચાલે છે અને આઘું-પાછું આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આઘું-પાછું એટલે?

ઉત્તર :- આડું-અવળું આ જે સ્થિતિ એની દશા ચાલતી હોય એ અવસ્થાને ફેરવી નાખે, લાવ ફેરવી દઉં. આમ ચાલે છે માટે આમ કરી દઉં, આમ ચાલે તો આમ ફેરવી દઉં. એ અવસ્થા જે એની કાળે થયા કરે એને ફેરવી શકતો નથી. થાય એને જાણી શકે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આ જીવ.

ઉત્તર :- એ એનું નામ જીવ, એનું નામ આત્મા. કે જે ભગવાન જ્ઞાનસૂર્ય ચૈતન્ય સ્વરૂપ છે. એના લોકાલોક... અહીં તો આખું લઈ લીધું જુઓને અહીંયાં ..સામાન્યમાં પણ. આહા..હા..!

'**સબ પદાર્થોંકો એક સમયમેં પ્રત્યક્ષ જાનતા હૈ, આગે-પીછે નહીં જાનતા,...**' આગે-પીછે કેવા વળી? આગે-પીછે શું હોય? '**વીતરાગભાવ પરમાનંદરૂપ અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે સમરસી ભાવકો પરિણત હુઆ હૈ,...**' એવો જ એનો સ્વભાવ છે કહે છે. શું કહે છે? હવે આનંદ લે છે. વીતરાગભાવ-રાગ વિના, વિકલ્પ વિના, પરમાનંદરૂપ આત્મા પરમ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. અતીન્દ્રિય આનંદ રસ સ્વરૂપ ભગવાન જ્ઞાન સાથે, એકલો જ્ઞાન નથી એની સાથે અતીન્દ્રિય આનંદથી ભરેલો એક અતીન્દ્રિય સુખ સ્વરૂપ, એક અતીન્દ્રિય સુખનો સાગર ભગવાન છે. આહા..હા..!

'**અમૃતકે રસકે સ્વાદસે...**' ભગવાન અતીન્દ્રિય અમૃતના, અમૃત અતીન્દ્રિય રસના સ્વાદથી. સમરસી ભાવકો વીતરાગભાવે આનંદરૂપે પરિણમે એવો જ એનો સ્વરૂપ છે. '**પરિણત હુઆ હૈ, એસા હે યોગી;...**' દેખો! '**શુદ્ધ નિશ્ચયસે અપની આત્માકો એસા સમજ,...**' જુઓ! આહા..હા..! સમજાણું કાંઈ? નજર કરતો નથી. ઓલા માછલાનો દાખલો નથી આપ્યો એક શાસ્ત્રમાં? એક માણસ હતો તે બહુ (કહે), મોક્ષમાર્ગ મને બતાવો, મોક્ષમાર્ગ બતાવો, આત્મા બતાવો, આત્મા, આત્મા ક્યાં છે, આત્માનું જ્ઞાનજળ ક્યાં છે? એક માણસ મળ્યો કે ભાઈ! મારી પાસે નહિ, જા માછલા પાસે જા દરિયામાં, એ બતાવશે. ભાઈ! મારું જ્ઞાન ક્યાં છે? મારું જ્ઞાન ક્યાં છે? મારું જ્ઞાન ક્યાં છે? માછલા પાસે જા. માછલા પાસે જઈને,

ભાઈ! મને જ્ઞાન બતાવો. તમે મોટા પુરુષ લાગો છો મને કો'કે બતાવ્યું. કીધું માછલા પાસે. માછલો કહે, એમ બહુ સારી વાત. તમે તો મોટા પુરુષ લાગો છો, મારી પાસે આવ્યા. એટલે ઓલું માછલું કહે, ત્યારે મને એક પાણી થોડું લાવી દ્યોને. માછલું કહે છે. પાણી શું આ ભર્યું નથી જોતો તું માછલીને કહે છે. તું નથી જો તો કે આ જ્ઞાનથી ભરેલો તું? સમજાણું કાંઈ?

માછલી કહે કે તું મને શીખામણ દેવા આવ્યો કે આ પાણી રહ્યું. પણ તારામાં તું ગોતવા આવ્યો આ જ્ઞાનજળ, જ્ઞાન ક્યાં હશે? જ્ઞાન મારું ક્યાં હશે? જ્ઞાનથી ભરેલો તારો દરિયો પોતે જ છે. ભીખાભાઈ! 'પાણીમાં મીન પ્યાસી રે મુને દેખત આવત હાંસી.' ભજન આવે છે ભજન. સમજાણું? 'સુન સુન આવત હાંસી, પાણીમાં મીન પ્યાસી.' પાણીમાં મીન પ્યાસી. ભાન ન મળે. આમ મોઢુ કરીને બેઠા આમ. ઊંચું મોઢું કર્યું. પાણી એમાં છે. એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એની સામું જોતો નથી અને આમ બાહ્ય જોયા કરે છે આમ ઈન્દ્રિયોને, મનને અને જડને. ભરેલો દરિયો અંદરમાં પોતે છે. સમજાણું કાંઈ? હવે કેમ નથી જોતો? આ પર સામું જોવે છે માટે નથી જોતો. પોતે કોણ ચીજ છે એની સન્મુખ કોઈ દિ' જોયું છે ને એ વિચાર કર્યો છે? આમ ને આમ સામું મૂઢપણે આ ઈન્દ્રિયો તરફનું લક્ષ અને આ કર્યું ને આ મુક્યું ને આ દીધું ને આ જાણ્યું ને આ જાણ્યું, પણ જાણનારો કોણ છે એણે એક સમય પણ અનંત કાળમાં જાણવાનો પ્રયત્ન કર્યો નથી. સમજાણું કાંઈ? આહા..!

'હે યોગી;...' અહીં તો સમજાણું? '**परमानन्दैकरूपसुखामृतरसास्वादेन समरसीभावपरिणतस्वरूपत्वात्**' અહીં તો પરિણતિ સ્વરૂપ છે. એય..! એ તો પરિણત સ્વરૂપનું સ્વરૂપ જ એવું છે. આ પર્યાયપણે પરિણમે પરમ આનંદપણે એવો જ એનો સ્વભાવ છે. રાગરૂપે થવું કે વિકારરૂપે થવું કે પરનું કર્તા-ભોક્તા એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! એમાં ત્યાં નાખી દીધું. ઓલું પરની સાથે જે લોકાલોકને જાણે, ભેગા રાગાદિ જાણે અને વીતરાગપણે પરિણમે. એ વીતરાગની પર્યાયપણે, આનંદપણે પરિણમે એવો જ આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? લોકની સાથે જ્ઞેય સંબંધ છે અને રાગરૂપે થવું પણ એનો સ્વભાવ નથી. વિકારપણે થવું એનો સ્વભાવ નથી એમ કહ્યું. લોકાલોકની સાથે જ્ઞાન-જ્ઞેય સંબંધ છે અને વિકારપણે થવું એ પુણ્ય-પાપપણે થવું એનો સ્વભાવ નથી. એનો સ્વભાવ પરને જાણવું અને વીતરાગ આનંદપણે થવું એવો ભગવાન આત્માનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં? ઓહો..હો..!

મુમુક્ષુ :- એનું કેમ કરવું એમ કહે છે.

ઉત્તર :- એની દૃષ્ટિ કર એમ કહે છે. આવો આત્મા છે એમ માન અંદરમાં. આ માન્યું છે કે હું આ શરીર છું ને રાગ છું ને ધૂળ છું ને પુણ્ય-પાપ છું ને અલ્પજ્ઞ એક સમયની પર્યાય જેટલો—એ બધો મિથ્યા ભ્રમ અજ્ઞાન છે એમ કહે છે. ભારે વાત ભાઈ! ત્યાંનું ત્યાં નાખી દીધું. સમજાણું ? **'जीउ सचेयणु दव्वु'** ઓ ચેતનમાં આનંદ નાખી દીધો. સમજાણું? **'जीउ सचेयणु दव्वु'** એક શબ્દમાંથી વ્યાખ્યા કાઢી. ૧૭ છે ને? ૧૮, ૧૮. **'मुत्ति-विहूणउ णाणमउ परमाणंद-सहाउ।'** લ્યો! બે એમાંથી કાઢ્યું આ.

ભગવાન આત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો જ્ઞાનમય ને પરમ આનંદ સ્વભાવ, બસ એટલી વાત છે. લ્યો! ઓહો..હો..! એ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો સ્વભાવ એને અંતર જાણી, જોઈને વીતરાગ પર્યાયપણે પરિણમવું બસ એ તારો સ્વભાવ છે. ત્યારે એણે આત્માને માન્યો કહેવામાં આવે છે. કે હું આત્મા પરની સાથે જ્ઞેય જાણવાનો સંબંધ અને રાગાદિપણે નહિ થવાનો અને વીતરાગપણે થવાનો સંબંધ. એ પણે આત્માને જાણે, માને ત્યારે એણે આત્માને માન્યો કહેવામાં આવે છે. આત્મા છે એમ આ રીતે માને ત્યારે માન્યો કહેવામાં આવે છે. એમ કહ્યું અહીં. છ દ્રવ્યમાં સિદ્ધ કરે છે આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..!

**'णिच्चु णिरंजणु भाउ'** વાહ! કહે છે કે, આત્મા આને કહેવો છ દ્રવ્યમાં. હવે આત્માનું આ લક્ષણ કીધું ને? આ વર્ણવે છેને એને ભગવાન આત્મા એ આત્મા એને માન્યો, જાણ્યો કહેવાય કે એ આત્મા જગતના જ્ઞેયને જાણવાવાળું તત્ત્વ છે અને તે વીતરાગની પર્યાયપણે, આનંદપણે પરિણમવાવાળો આત્મા છે. આવો આત્મા માને તેણે આત્મા માન્યો, આત્માનો આસ્તિક થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં માને છે એ કોણે માન્યું આત્માએ? આત્મા તો આવો છે એમ માને છે કે દિ'? શું માને છે? આત્મા એટલે પણ કોણ? આત્મા માન્યો એટલે આત્મા એટલે કોણ? આત્મા એટલે જ્ઞાન સ્વરૂપ. આત્મા એટલે આનંદ સ્વરૂપ. એ આનંદ સ્વરૂપ ને જ્ઞાન સ્વરૂપ વીતરાગની આનંદપણાની પર્યાય પરિણમે એવો આત્મા. એ પરનું કરે અને પરથી લે ને દે એવો આત્મા નહિ. એટલે આવો આત્મા ન માને ત્યાં સુધી એણે આત્મા માન્યો નથી. એ ભીખાભાઈ! નામ લેશે તો? લીંબુડીને નીલમણી માની લે તો? નીલમણી છે જુઓ આ નીલમણિ છે. નીલમણી છે. નહિ? એમ આત્મા કહે અને એને આત્મા, એ આત્મા પરના કામ કરે એમ માને અથવા પરના કાર્યથી આત્માને લાભ થાય એમ માને. સમજાય છે?

એ આત્મા પૈસાવાળો છું એમ માને. એ પુણ્ય-પાપને રાગવાળો છું એમ માને. એણે આત્મા માન્યો નથી. એણે અલ્પજ્ઞ પર્યાય જેટલો માને એણે આત્મા માન્યો નથી. આ દુ:ખરૂપે પરિણમવાવાળો આત્મા એણે આત્મા માન્યો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? .. જીવ છેને? એને જાણનારો જીવ. અનંતા જીવને આત્મા જાણનાર અને એ જણાવા યોગ્ય એ સિવાય કાંઈ સંબંધ નથી. એને રાખું કે ટાળું એવો સંબંધ પરની સાથે છે જ નહિ. પર અનંત પદાર્થ છે એમ આવી ગયું. જ્ઞાયકમાં તે અનંત જીવો જ્ઞેય તરીકે જાણવા લાયક છે. સમજાણું? પણ એનું રક્ષણ કરવું, ભક્ષણ કરવું, તોડું-ફાડુ એવો સંબંધ તારે અને પરજીવની સાથે છે નહિ. કહો, આ કુટુંબનું ને મા-બાપનું ને દેશનું રક્ષણ કરવું એવો જ્ઞાનને ને શરીરને સંબંધ છે? જગતને? કે ના. ભારે વાત ભાઈ! જમુભાઈ! આ તો દરબાર આત્મ દરબારની વાત છે. આહા..હા..! ક્યાં ગયા દરબાર? ગયા? ઠીક! સમજાણું ? આહા..હા..!

આત્મા માન્યો એને કહીએ કે જે પરમાં સુખ ન માને. પર ચીજો જ્ઞાનમાં જ્ઞેય છે એમાં પરમાં સુખ માનવું ક્યાં રહ્યું? એય..! મલૂપચંદભાઈ! આ તો જરીક વિસ્તાર થાય છે. આત્મા જ્ઞાન અને એ જ્ઞેય એ એમ જાણે, પણ આત્મા સુખનો માનનાર-એમાં સુખ છે એમ માને એમ છે નહિ. એમ છે નહિ. વસ્તુમાં એમ છે નહિ. છે નહિ અને માને છે તો આત્માને માન્યો જ નથી એણે. શરીર, સ્ત્રી, કુટુંબ, પૈસા, લક્ષ્મી, આબરૂ એમાં સુખ છે, એમાં મજા છે એમ માનનારે આત્મા છે એવો માન્યો નથી. આહા..હા..! એય..! પ્રેમચંદભાઈ! બધા સાંભળ્યું નહિ હોય કોઈ દિ' ત્યાં. જોડામાં ક્યાં ત્યાં હતું? આહા..હા..! કેમ હશે? મનુભાઈ! આહા..હા..!

આત્મા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર ફરમાવે છે. આત્મા એણે માન્યો કહેવાય કે જે પરપદાર્થના કોઈ રજકણની દશામાં કે કોઈ જીવની પર્યાયમાં મારું સુખ છે ત્યાં એમ માને તો એ આત્મા માનતો નથી. કારણ કે આત્માને અને પરપદાર્થ અને જ્ઞાયકને જ્ઞેયનો સંબંધ છે એ સુખ દેનારાને આ સુખ લેનારો એવો કોઈ સ્વભાવમાં એમાં પરમાં પણ નથી, એ જણાવા યોગ્ય ને જાણનાર એ સિવાય બીજું પરમાં પણ નથી અને આમાં પણ નથી. સમજાણું કાંઈ? શું હશે? બંગલા-બંગલામાં સુખ હશે કે નહિ થોડું ઘણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સમજે છે આ કીધુંને. પરમાં અમે સુખ માનીએ અને પરને કરીએ એ બધા આત્મા. એમ માને છે આ મૂઢ જીવ અનાદિથી. સમજાય છે? તેથી તો 'मुत्ति-विहूणउ' પહેલો શબ્દ મૂક્યો છે. આ એનાથી રહિત પણ મૂર્ત ને આને જ્ઞેય, જ્ઞાયક સંબંધ છે. આહા..હા..! વાહ રે વાહ! શરીર, વાણી, મન, હાડકા, માંસ, ચામડા, પૈસા, ધૂળ, દાળ, ભાત, મોસંબી.

એ બધા મૂર્ત પદાર્થ, એનાથી રહિત ભગવાન. એ જ્ઞેય અને જ્ઞાન એટલો સંબંધ છે, પણ એમાં સુખ છે અને એમાં સુખ માને એ આત્માનું સ્વરૂપ નથી અને એમાં આત્માનું સુખ એમાં નથી, છતાં એમાં માને છે.

મુમુક્ષુ :- દેખાય છેને?

ઉત્તર :- ક્યાં દેખાય છે ધૂળ? શું ... દેખાય છે? મણિભાઈ ના પડે જુઓ! શું દેખાય છે? ધૂળમાં પણ નથી. આ બધા રૂપિયા એમ ને એમ પડ્યા છે તો આમ... આમ... આમ... થઈ ગયું લ્યો શરીર.

મુમુક્ષુ :- શરીર થયુંને. એમાં આત્મા ક્યાં છે?

ઉત્તર :- એ તો થાય. તે એનું થાય એને ઘરે થયું. શરીર એમાં થયું એમાં ક્યાં દુઃખ હતું? શરીરની જે અવસ્થા અનુકૂળ હતી એ પણ જ્ઞાનનું જ્ઞેય. પ્રતિકૂળ એ જ્ઞાનનું જ્ઞેય, પ્રતિકૂળ એ દુઃખદાયક અને અનુકૂળ એ સુખદાયક એવું એનામાં નથી. આ આત્મામાં એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો જ્ઞેય છે. અહીં કીધુંને. એ જ્ઞેયમાં જ સમાડી દીધું. એક જ વાત સમાડી દીધી. આહા..હા..! કથન તે કથન! પરમાત્મ પ્રકાશ છેને. તારો પ્રકાશ તો જાણવું, એનો પ્રકાશ જ્ઞેય થવું, જણાવવું તારામાં. એ સિવાય ત્રીજું ખોસ્યું વચમાં. સુમનભાઈ! બરાબર હશે આ? તમારા ચિંરજીવીને પૂછીએ છીએ. આહા..હા..!

કહે છે ભગવાન આત્મા ઓહો..હો..! એ તો આવું દ્રવ્ય છે, એ વસ્તુ આવી છે એ. છ દ્રવ્યમાં જીવ દ્રવ્ય આવું એમ હજી તો બતાવે છે. આહા..હા..! વાત તે એમ જ છેને પણ. ભગવાન આત્મા લોકાલોકને જાણવાનો સ્વભાવ અને પરમાનંદ વીતરાગની પરિણતિએ પરિણમવું, પરિણમવું, પરિણત હોના, બસ એ દ્રવ્યસ્વભાવ. એ દ્રવ્યનો સ્વભાવ.

મુમુક્ષુ :- શરીરની મદદથી થાયને?

ઉત્તર :- શરીરની દ્રવ્યની (ક્યાં), રાગની મદદથી નહિ. શરીરની તો ક્યાં, રાગ વિકલ્પ દયા, દાનનો ઉઠે એનાથી આત્માનું વીતરાગી પરિણતિ થાય એવો એનો સ્વભાવ જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કેટલી ટૂંકામાં વાત મૂકી છે! પરના નિમિત્તોથી કાંઈ અહીં પરિણમન થાય જ્ઞાન આનંદનું એવું તો નથી કારણ કે એ તો જ્ઞેય છે ને આ જ્ઞાન છે. પણ અંદર વ્યવહાર રત્નત્રયના વિકલ્પો ઉઠે દયા, દાન, ભક્તિ, પૂજાના, એનાથી આત્મા વીતરાગપણે પરિણમે એવો એનો સ્વભાવ નથી. પોતાથી પોતે જ્ઞાન અને વીતરાગની પરિણતિએ પરિણમે એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં? ઓહો..હો..! અમૃત લૂંટ્યા છે એકલા. એક જ શબ્દમાં, એક જ ગાથાના એક જ ભાગમાં આખો અમૃતનો દરિયો ઉછળે છે. ભગવાન! તું તો અતીન્દ્રિય

આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છોને અને તે પણ તારું પરિણમવું તો જ્ઞાનને પૂર્ણ જ્ઞાનપણે, પૂર્ણ જ્ઞાનપણે, પૂર્ણ વીતરાગી આનંદપણે એવી રીતે લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પીછે નહીં જાનતા, વીતરાગભાવ પરમાનંદરૂપ એક...**' એક શબ્દ રહી ગયો હતો. '**અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે સમરસી...**' એક સ્વરૂપ, એકરૂપે પરિણમવું એવો '**પરિણત હુઆ હૈ, એસા હે યોગી; શુદ્ધ નિશ્ચયસે અપની આત્માકો એસા સમજ,...**' એ શુદ્ધ નિશ્ચયનું વાસ્તવિક સ્વરૂપ તે આવું આત્માને જાણ. એ સિવાય બીજી રીતે જાણ તો તે આત્માને માન્યો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કોના માટે કહેવાય છે આ? સમજનારને સમજવા માટે કહેવાય છે કે નહિ? આહા..હા..! વાહ! અરે..! એક જ ગાથાએ, એક જ આંખે બધો ફેસલો થઈ જાય છે લ્યો! આહા..હા..!

ભગવાન આત્મા પરમાત્માના તેજના નૂરથી ભરેલો ભગવાન તું પોતે છો ભાઈ! પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ પ્રભુ એ જ્ઞાન અને આનંદ એવા પૂર્ણાનંદ ભગવાન. પરને જાણવું તે ત્રણકાળમાં એટલું, પણ એ સિવાય સાથે વીતરાગપણે આનંદપણે પરિણમવું, પરિણત હોવું એવો જ જીવ દ્રવ્યનો સ્વભાવ છે. એવું માનવું એણે જીવદ્રવ્યને માન્યું કહેવાય છે. બીજી રીતે માને એણે જીવદ્રવ્યને માન્યું છે નહિ. હું એક રળનાર અને હોશિયાર થયો માટે પૈસા મેળવ્યા. મૂઢ છો કહે છે. તે આત્માને માન્યો નથી. એય..! ...ભાઈ! સાચી વાત. મારા આ તો બધા માથા ફરી ગયેલા હોય છેને ઘણા તો. એક જાણે બે, પાંચ, દશ લાખ જ્યાં પેદા થાય ત્યાં તો આંખો ઓડે જાય એમ પાછળ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં પણ ઉકરડે, આ તો અજ્ઞાનપણાના ઉઠામા કરે છે મફતનો. ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે ફરમાવ્યો ભગવાન! જીવદ્રવ્ય તને કોને કહીએ? તારું દ્રવ્યપણું, વસ્તુપણું કોને કહીએ? આત્મા કોને કહીએ? આત્મા જ્ઞાન સ્વભાવે પરને જાણે, આનંદ ને વીતરાગપણે પરિણમે, પૂર્ણપણે પરિણમે હોં! આ સમરસી વીતરાગપણે પરિણમવું તેને આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! વાહ રે વાહ! વીતરાગની કથનની પદ્ધતિ. ઓહો..હો..! ચારે બાજુ કોઈપણ રીતે વાત ઉપાડો એક જ વસ્તુ પૂર્વાપર વિરોધ રહિત સિદ્ધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દેવાનુપ્રિયા! 'દેવાનુપ્રિયા' સમજો છો? દેવને વલ્લભ. મનુષ્યદેહ દેવને વલ્લભ છે. આહા..હા..!

'**એસા હે યોગી;...**' આ શિષ્યને કહે છે હોં! સમજાય છે? '**શુદ્ધ નિશ્ચયસે અપની**

**આત્માકો એસા સમજ, શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે બિના ટાંકીકા ઘડ્યા હુઆ સુઘટઘાટ...'** એ વસ્તુ તરીકે જુઓ તો અણઘડેલો એમ ને એમ સુઘટઘાટ છે. અસંખ્ય પ્રદેશી ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ એવો ને એવો. એ '**જ્ઞાયક એક સ્વભાવ નિત્ય હૈ.**' ત્યાં એક રહી ગયું. જ્ઞાયક એક સ્વભાવ નિત્ય, જ્ઞાયક એક સ્વભાવ નિત્ય. સમજાણું? '**તથા મિથ્યાત્વ રાગાદિરૂપ અંજનસે રહિત નિરંજન હૈ.**' નાસ્તિ કરી. મિથ્યાત્વ અને રાગાદિ બે ભ્રમણા અને રાગાદિ વિકલ્પ પુણ્ય, દયા, દાન આદિ એનાથી રહિત છે. એવો ભગવાન અત્યારે દ્રવ્ય સ્વરૂપે છે. આહા..હા..! અરે..! એણે આત્મા કેવો એ સાંભળ્યો નથી કોઈ દિ'. આત્મા આત્મા આસ્થામાં અને શ્રદ્ધામાં સાંભળ્યો નથી એણે. આને કહેવો આત્મા, બાકી આત્મા નહિ. આહા..!

મુમુક્ષુ :- જૈન છે એ તો...

ઉત્તર :- ધૂળમાં જૈન એટલે શું થઈ ગયું? જૈન વાડામાં જન્મ્યા થઈ ગયા? કોથળીમાં લખ્યા કરિયાતા અને માથે લખ્યા સાકર (તેથી) કરિયાતા મીઠા થઈ જતાં હશે? શું હશે? મલૂપચંદભાઈ! એમ ઉપર લખ્યા જૈન અને અંદરમાં ઠેકાણા ન મળે ભાનના કાંઈ. જૈન તો એને કહે છે કે આવો આત્મા માને તેને જૈન કહે છે. આ તો વસ્તુનું સ્વરૂપ જૈન કોઈ વાડો છે?

મુમુક્ષુ :- ..જૈન કૂળમાં જન્મે એ ભાગ્યશાળી કહેવાય?

ઉત્તર :- આ સમજે તો ભાગ્યશાળી કહેવાય. એમ એકલા જન્મે એમાં શું છે? વ્યવહારથી કહેવાય. સાંભળવાનો .. એટલે એ અપેક્ષાએ કહેવાય, પણ આ સમજ્યા વિના? આહા..હા..! એ નાસ્તિથી વાત લીધી. સમજાય છે? '**आत्मानं मन्यस्व नित्यं निरंजनं भावम्**' એની સામે નાખ્યું ઓલું અંજન વિનાનું એમ. નિરંજન શબ્દ વાપર્યો છેને? એટલે મિથ્યાત્વ અને રાગાદિ અંજનસે રહિત એમ. નિરંજન છે. ભ્રમણા અને રાગ-દ્વેષ વિનાનું તત્ત્વ છે એને આત્મ કહીએ. ભ્રમણા અને રાગ-દ્વેષ તો અચેતન પર્યાય, જડની પર્યાય છે, વિકારી પર્યાય છે, એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. '**એસી આત્માકો તૂ ભલી-ભાંતિ જાન,...**' આહા..હા..! એ આત્મા! આવા આત્માને તું ભલી રીતે જાણ. એને ભગવાને આત્મા કીધો છે. એ રીતે તું જાણ તો આત્મા જાણ્યો, માન્યો કહેવાય. આહા..હા..!

અહીં તો જરીક આબરૂ જ્યાં થાય ત્યાં કહે અમે સુખી છીએ. પાંચ, પચાસ લાખ થાય તો કહે અમારે બાદશાહી છે. કેમ છે? બાદશાહી. માળો મૂઢ તે પણ કેટલો થઈ ગયેલો? પાગલને કાંઈ પ્રમાણ હશે? જેવો પૂરે પૂરો જાણનાર છે પરનો, એને ઠેકાણે થોડીક ચીજ આ મારી. કેટલો પાગલ? એય..! ભારે વાત ભાઈ! જુગરાજજી! આહા..હા..! ભગવાન!

આ તો ત્રણલોકના નાથ તારા દ્રવ્ય સ્વરૂપને બતાવે છે. આહા..! ભાઈ! તું આવો છોને અને આવાને તું બીજી રીતે માન એ કાંઈ આત્મા માન્યો કહેવાય ભાઈ તને? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એસી આત્માકો તૂ ભલી-ભાંતિ જાન, જો સબ પદાર્થોંમેં ઉત્કૃષ્ટ હૈ.'** બધામાં તારું ઉત્કૃષ્ટપણું જગતમાં છે. કારણ કે બધા જ્ઞેય ને તું બધામાં જાણનાર. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઈન ગુણોંસે મંડિત શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ,...'** લ્યો! આવા ગુણોથી સહિત ભગવાન આત્મા એ જ અંતર ઉપાદેય નામ શ્રદ્ધામાં અંગીકાર કરવા લાયક છે. સમજાણું કાંઈ? આવો ભગવાન આત્મા કહ્યો, એવો જ આત્મા જીવોએ શ્રદ્ધામાં આદરવા લાયક છે. બાકી બીજી કોઈ ચીજ આદરવા લાયક છે નહિ. કહો, સમજાણું? **'ઔર સબ તજને યોગ્ય હૈં.'** જ્ઞેય તરીકે આદરવા લાયક નથી, જ્ઞેય તરીકે જાણવા લાયક છે. આદરવા લાયક નથી કે આ અમારું... આ અમારું... આ અમારું... પુણ્ય-પાપ અમારા, દયા-દાન અમારા, વિકલ્પ અમારા, શરીર ક્રિયા અમારી, પૈસા અમારા.

મુમુક્ષુ :- ભગવાન તો ખરાને અમારા?

ઉત્તર :- ભગવાન પણ આત્માના નહિ. ભગવાન ભગવાનના ઘરને જ્ઞેયના. આ જ આત્મામાં-જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભગવાન છે. આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા કહે છે, આત્માના દ્રવ્યના જ્ઞાયકમાં અમે પણ જ્ઞેય તરીકે તને છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! એક ગાથા થઈ. ૫૦ મિનિટ થઈ. કહો, સમજાણું આમાં? એ ક્યાંનું ક્યાંથી નીકળી ગયું છે ક્યાંનું ક્યાં, કહો. આહા..હા..! રાતે કહ્યું હતું કે આત્મા અને પરને તો ભિન્ન... ૨૦૦માં થઈ હતી પછી યાદ આવ્યું. ૨૦૦મી ગાથામાં છેને શરૂ કર્યા પછી યાદ આવ્યું. પહેલું તો અંતરથી થયું હતું. જ્ઞાયક અને જ્ઞેય સિવાય કાંઈ છે નહિ. આ કડીની ખબર નથી હોં! એ તો અત્યારે નીકળ્યું. ઓય મારું આ તો બધું એ નીકળ્યું. આહા..હા..! એમાં પરમાત્મા પડ્યો છે આખો, કહે છે. ભાઈ! એ પોતે જ્ઞાન અને આનંદથી રૂપે પરિણમેને, પરિપૂર્ણ પરિણત હુઆ પરિણમે તો જ એ એને જીવ દ્રવ્ય કહેવાય કહે છે. સમજાય છે?

એ રાગ પણ પરિણમેલો એ કાંઈ જીવનું-દ્રવ્યનું પૂરું સ્વરૂપ નથી. એ તો અપૂર્ણ (છે), એ કાંઈ જીવની પૂર્ણતાની પ્રતીત નથી એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આ એગં જાણઈ સવ્વં જાણઈ. આવો આત્મા જાણે એણે આખી દુનિયા ત્રણકાળ, ત્રણલોકને જાણી લીધા. છોટાભાઈ! આહા..હા..! લ્યો! એકની વાત કરી.

પુદ્ગલ, ધર્મ-અધર્મ એની વાત કરે છે ત્રણ દ્રવ્યની. આ આત્મદ્રવ્યની વાત કરી. અહીં

પુદ્‌ગલ અને ધર્મ, અધર્મ કાળની પછી કહેશે. સમજાણું કાંઈ? આકાશની પછી કહેશે.

૧૪૫) पुग्गलु छव्वहु मुत्तु वढ इयर अमुत्तु वियाणि।
धम्माधम्मु वि गयठियहँ कारणु पभणहिँ णाणि।।१९।।

**અન્વયાર્થ :-** ગુરુ શિષ્યને કહે છે કે, '**હે વત્સ, તૂ પુદ્‌ગલદ્રવ્ય છહ પ્રકાર તથા મૂર્તિક હૈ,...**' પુદ્‌ગલની છ પ્રકારની જાત છે એને પુદ્‌ગલ તરીકે જાણ. તારા તરીકે નહિ જ્ઞેયમાં આવા પુદ્‌ગલ છ પ્રકારના છે તેને જ્ઞેયમાં પુદ્‌ગલ મૂર્ત તરીકે જાણ. સમજાય છે? એ '**મૂર્તિક હૈ, અન્ય સબ દ્રવ્ય અમૂર્ત હૈં,...**' પુદ્‌ગલમાં, રજકણમાં, દરેકમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એ સિવાયના પાંચ પદાર્થો અમૂર્ત છે. ભગવાનના જ્ઞાનમાં છ પદાર્થો કેવળજ્ઞાનમાં જણાણા. એમાં એક પુદ્‌ગલ જ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળો છે. એ સિવાય જીવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ પાંચ અમૂર્ત છે, આ મૂર્ત છે. '**એસા જાન,...**' એમ તું જાણ. તારો જાણવાનો સ્વભાવ છે તો જાણ, એમ કહે છે.

'**ધર્મ ઔર અધર્મ ઈન દોનોં દ્રવ્યોંકો ગતિ-સ્થિતિકા સહાયક-કારણ કેવલી શ્રુતકેવલી કહતે હૈં.**' કહો, ધર્માસ્તિ, અધર્માસ્તિ બે પદાર્થ છે જગતમાં અરૂપી, ચૌદ રાજલોકમાં એ ગતિ, સ્થિતિમાં સહકારી કારણ. પાઠમાં સહકારી શબ્દ લેશે. સહકારી કારણ. જડ અને ચૈતન્ય સ્વયં પોતે ગતિ અને સ્થિરતારૂપે પરિણમતા હોય ત્યારે એને ધર્માસ્તિ ગતિમાંથી નિમિત્ત સહકારી સાથે હોં! આઘું-પાછું નહિ. જીવ અને જડ પરિણમે છે ત્યાં ગતિપણે ગતિમાં તે કાળે એક ધર્માસ્તિ સહકારી નિમિત્ત છે. સ્થિતિ પણે પરિણમે ત્યારે અધર્માસ્તિ સહકારી સાથે નિમિત્ત છે. આઘા, પાછા નહિ. સમજાણું કાંઈ?

એમ ભગવાન શ્રુતકેવળીઓ કહે છે. વીતરાગ સ્વસંવેદન જ્ઞાનીઓ, સંતો એમ કહે છે. **ભાવાર્થ :-** '**પુદ્‌ગલ દ્રવ્યકે છહ ભેદ દૂસરી જગહ ભી 'પુઢવી જલં' ઈત્યાદિ ગાથાસે કહતે હૈં. ઉસકા અર્થ યહ હૈ કિ બાદરબાદર ૧, બાદર ૨, બાદરસૂક્ષ્મ ૩, સૂક્ષ્મબાદર ૪, સૂક્ષ્મ ૫, સૂક્ષ્મસૂક્ષ્મ ૬, યે છહ ભેદ પુદ્‌ગલકે હૈં. ઉનમેંસે પત્થર, કાષ્ઠ, તૃણ આદિ પૃથ્વી બાદરબાદર હૈં,...**' અહીં શું કહે છે? એ ચીજો પુદ્‌ગલરૂપે છ પ્રકાર છે એને કારણે થયેલા છે. તારે તો તારા જ્ઞાનમાં જ્ઞેય છે. સમજાય છે? એ પત્થર, લાકડા, તરણા, પૃથ્વી કાંઈ તે બનાવ્યા નથી આમ ભેગા કર્યા ને તાર્યા અને આ. એ છ પ્રકારના પુદ્‌ગલનો જે પરિણમન એનો સ્વભાવ એ રીતે છ પ્રકારે થયા. એ તારા તો જ્ઞાનમાં જ્ઞેય છે. સમજ્યા?

મુમુક્ષુ :- .. પણ છોડે તો ખરાને.

ઉત્તર :- આ લાડવો કરી શકે અને લાડવો તોડી શકે અને એમ તારામાં નથી. એ બન્યો

છે ને તૂટે છે એવો એનો સ્વભાવ છે એને તું જાણનારો છો. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! પત્થરા, લાકડા, તરણા, પૃથ્વી એ બાદરબાદર છે. એ બાદરબાદર એના પરમાણુના પરિણમનથી પુદ્ગલો મૂર્તરૂપે પરિણમ્યા છે બાદરબાદર. એને કોઈ પરિણમનાર બીજો નથી કે તેં એને પરિણમાવ્યા નથી. તારાથી તે પરિણમ્યા નથી. પરિણમ્યા છે એનાથી. એને તું જાણનાર છો. **'ટુકડે હોકર નહીં જુડતે,...'** એ ટુકડા થઈને ભેગા થતાં નથી. એવો એનો જ્ઞેયને બાદરબાદર પુદ્ગલનો સ્વભાવ છે. એ એને કારણે છે ટુકડા થાય અને ટુકડા થઈને ભેગા ન થાય એ એનો સ્વભાવ છે. ટુકડા થઈને અને ન... એ ટુકડા થવું એનો સ્વભાવ છે, ભેગું ન થવું એનો સ્વભાવ છે. એ ટુકડા તું કરી શકતો નથી ને ભેગા તું કરી શકતો નથી. ભેગા તો ન થાય પણ ભેગા ટુકડા તું કરી શક એમ તારો સ્વભાવ નથી. લાકડાનો ટુકડો કરી શકે તું એવો તારો સ્વભાવ નથી. તેમ તારાથી ટુકડા થાય એવો એનો સ્વભાવ નથી. શું થાય?

મુમુક્ષુ : ...

ઉત્તર : એ બધી વાતું વ્યવહારની. એ ટુકડા બાદરબાદરના ટુકડા થાય તે તેના પરિણમનનો તે બાદરબાદરનો સ્વભાવ છે. ભેગા ન થવું પાછો કટકો પડીને ચોંટી જાય પાછો એ? એવો એનો સ્વભાવ છે એમ જ્ઞાન જ્ઞેયને જાણે. જ્ઞાન બાદરબાદર પુદ્ગલના જ્ઞેયને જાણે. એને બનાવે નહિ, ભેગા કરે નહિ, તોડે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ટુકડે હોકર નહીં જુડતે,...'** બીજો જોડી શકતો નથી પણ એનો સ્વભાવ જ એવો છે એમ કહે છે. પત્થરાના બે કટકા થઈ ગયા મોટાના સમજાય છે? લાકડાના પછી કાંઈ જોડાતા નથી. **'જલ, ઘી, તૈલ આદિ બાદર હૈં, જો ટૂટકર મિલ જાતે હૈં,...'** એ આમ પાણી જુદું થાય વળી મળી જાય. એ એનો બાદરનો એવો સ્વભાવ છે. એ તારે તો જ્ઞેય તરીકે જાણવાનો સ્વભાવ છે. મેં પાણીને આમ કરીને મેળવી દીધું. મૂઢ છો? કહે છે. મેં છાસ નાખીને દૂધને મેળવી દીધું દહીં કર્યું. હરામ છે કહે તે કર્યું હોય તો. એનો સ્વભાવ છે એ પ્રમાણે થવું બાદરનો. સમજાય છે? મિલ જાય ભેગા થઈને. છૂટા થઈને મળી જાય, ભેગા થઈને દહીંના. આ શું કહેવાય આ? સમજાણું?

છૂટા નથી થઈ જતા? પારો. પારો-પારો. એ એનો સ્વભાવ છે. તારે કારણે નહિ. આમ થાળીમાં રાખ્યું ને આમ પડ્યું હોય ને પછી આમ આમ કરે એટલે ભેગું થયું એટલે તે આમ કર્યું માટે ત્યાં ભેગું થયું એમ નહિ. એનો એ સ્વભાવ એ પ્રકારે છૂટા પડી એકઠા થવું. એને બાદર પુદ્ગલ કહેવામાં આવે છે. એ પુદ્ગલની જાતનો પર્યાયનો એવો એનો સ્વભાવ છે. એ તારે માટે તો જ્ઞેય છે, જાણવા લાયક તું જાણે કે આનું આમ કરી દઉં

ને આમ કરી દઉં એ હરામ વાત ત્રણકાળમાં હોય તો.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ જ કહે છે. પુદ્ગલનો એવો સ્વભાવ છે તે એને કારણે થાય. એ તારે માટે જ્ઞેય છે એને ઠેકાણે હું કરી દઉં તો એનો સ્વભાવ એવો નથી. એ તો એને કારણે એવો સ્વભાવ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું? લ્યો! એ બે કીધા, એ જાણવા લાયક છે એમ કીધા. એ જ્ઞેયનો સ્વભાવ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૪, રવિવાર, તા. ૨૬-૧૨-૧૯૬૫**
**ગાથા-૧૯, પ્રવચન-૮૬**

'પરમાત્મપ્રકાશ' જુઓ! આ પુદ્ગલની વ્યાખ્યા ચાલે છે. શું કહે છે આમાં? પહેલી વાત આવી છે ૧૮માં કે આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ પરવસ્તુને જાણે એ પરવસ્તુ જણાય અને આત્મા જાણનાર, બસ એટલો પરની સાથે સંબંધ છે. આત્મા એ ચૈતન્યમૂર્તિ છે જ્ઞાન સ્વરૂપ. એ પરવસ્તુને જાણવામાં જ્ઞાયકપણે જાણે અને પરવસ્તુ એને જ્ઞેયપણે જણાવાયોગ્ય જણાય. આ સિવાય પરપદાર્થની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કહો, રતિભાઈ! હવે એને પુદ્ગલની વાત કરે છે જુઓ. પુદ્ગલ છેને આ જડ પુદ્ગલો એના છ પ્રકાર ભગવાને જોયા છે. જુઓ! પત્થર, આ પથરા. એ પથરા છે એ સ્વતંત્ર પુદ્ગલની એક દશા છે. એ આત્મા એ પત્થરનું કામ કરી શકતો નથી અને આત્માને પત્થર કામમાં આવતા નથી. સમજાણું કાંઈ? તમારું લોઢું શેમાં આવતું હશે? પથરામાં. લોઢાના તમારે છેને લોઢાના સંચા. એ કહે છે કે ભગવાન આત્મા એ લોઢાના સંચાનું કામ જીવ કરી શકતો નથી. કેમકે એ પુદ્ગલ સ્વતંત્ર પદાર્થ છે. તેમ એ લોઢાના પદાર્થ આત્માને કામ આવતા નથી.

મુમુક્ષુ :- રૂપિયા તો કામમાં આવે.

ઉત્તર :- રૂપિયો શું હશે? રૂપિયા ધૂળ છે, પત્થર છે. એમાં કહ્યું રૂપિયો પત્થરમાં આવી ગયો. રૂપિયા ધૂળ ભગવાન કહે છે કે રૂપિયાના કામ આત્મા કરી શકતો નથી અને એ રૂપિયો આત્માને કામ આવતો નથી એમ કહે છે. ફુલચંદભાઈ! એ રતિભાઈ! એમ હશે? આ પૈસા

કામ ન આવે કહે છે કાંઈ.

મુમુક્ષુ :- મમતા કરવા કામ ન આવે?

ઉત્તર :- મમતા કરવા પણ નહિ એ કારણ નથી. એ ના પાડશે આગળ. એ કારણ નથી. આત્માને કારણ નથી. ઊભું કરે એ તો પોતાને કારણે ઊભું કરે છે, એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? મમતાને કારણ નથી, કાર્ય નથી, કારણ નથી સિદ્ધ એ કરવું છે. વ્યવહારે નિમિત્તનું જ્ઞાન કરે, પણ એ કારણ અહીંયાં આત્માને થાય એ એનામાં છે જ નહિ ગુણ. એનામાં પ્રમેય થવાનો એ જ્ઞેયનો ગુણ છે એમ સિદ્ધ કરવું છે અહીંયાં. આહા..હા..! કહે છે કે એ પથરા, લાકડા. આ લાકડા છેને એને ભગવાન બાદરબાદર કહે છે. લાકડા છે એ આત્માને કામ આવતા નથી અને લાકડાનું કામ આત્મા કરી શકતો નથી. એ લાકડા પુદ્‌ગલ છે એની અવસ્થા થવી એ લાકડાને કારણે, એને કારણે થાય. અને એ લાકડા આત્માને કામ આવતા નથી. મગનભાઈ! ભારે વાત.

એમ તરણા. તરણા-તરણા છેને. એ તરણા આત્મા કરી શકતો નથી. એ તરણા પુદ્‌ગલની એક પર્યાય પુદ્‌ગલથી થાય છે અને એ તરણાને આત્મા કરી શકતો નથી અને એ તરણા આત્માને કામ આવતા નથી. સમજાણું કાંઈ? આત્મા ફક્ત જાણનારને એ જણાય એટલી વાત સંબંધ છે. બીજો પર સાથે કાંઈ સંબંધ નથી, બીજો સંબંધ માને તો દૃષ્ટિમાં મિથ્યાત્વ અને પાપ દૃષ્ટિ છે, એમ કહે છે અહીં ભગવાન. સમજાણું કાંઈ? એ પૃથ્વી આદિ આ પૃથ્વી. સમજાય છે? બાદરબાદર છે, આ પૃથ્વીના ઢેલા. આ બધા... એ બાદરબાદર ભગવાન એને કહે છે. એ બાદરબાદર પુદ્‌ગલની વર્તમાન અવસ્થા પુદ્‌ગલથી થયેલી છે. એ કોઈ એને કરતું નથી, કોઈ આત્મા એને એ અવસ્થા બાદરબાદરની કરી શકે એમ નથી. અહીં તો પુદ્‌ગલનું વર્ણન છેને? તેમ એ પૃથ્વી આદિના પુદ્‌ગલો આત્માની પર્યાયમાં આત્માને કામ જરીએ આવતા નથી. ઓહો..હો..! રતિભાઈ! શું હશે આ? ઓલા સંચાઓ કામ કરો છોને ત્યાં.

મુમુક્ષુ :- એ તો છોકરા કરે.

ઉત્તર :- છોકરાઓ કરે. આહા..હા..! આ તો પણ સંચા છે કે નહિ બે, ત્રણ? છે કે નહિ બે-ત્રણ? છે કે નહિ એમ મેં કીધું. તમારે ક્યાં કીધું મેં? છે એ પુદ્‌ગલની પર્યાય એનાથી છે એમ અહીં ભગવાન કહે છે. અને એ ભગવાન કહે છે કે તારા આત્માને એ કામ આવતા નથી. કારણ જ નથી, તારા આત્માને કોઈ કારણ જ નથી એ પુદ્‌ગલો. આહા..હા..! 'પરમાત્મપ્રકાશ' છેને આ તો. એ તો જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા જાણનાર-દેખનાર છે. એ ચીજો જણાય છે બસ, એ ચીજોના કામ કરી શકે કે એ ચીજો આત્માને કામ આવે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. અજ્ઞાનીએ મિથ્યા શ્રદ્ધાએ એ બધું ઊભું કર્યું છે. જયંતિભાઈ!

'**ટુકડે હોકર નહીં જુડતે,...**' એના ટુકડા થઈને ભેગા એની મેળે થતાં નથી. એવી એક એ બાદરબાદર પુદ્ગલની જાત છે. હવે '**પાણી,...**' એ પાણી એવી ચીજ છે કે આમ જુદા પડીને ભેગા, પાણી આમ પાંચ શેર પાણી હોય જુદું આમ પડે ને વળી ભેગું થઈ જાય. એવા એ પુદ્ગલનો એનો સ્વભાવ છે. એ ભેગું કરવું કે જુદું પાડવું એ આત્મા કરી શકતો નથી. અને એ પાણી આત્માને કામ આવતું નથી.

મુમુક્ષુ :- પાણીનું કામ શું છે?

ઉત્તર :- પાણી પણ પુદ્ગલની પર્યાય છે. કામ શું? એ પુદ્ગલ પરમાણુની, પરમાણુ પુદ્ગલની એ પર્યાય છે, એ એનું કામ. પર્યાય એનું કામ. શું કીધું? પર્યાય એનું કામ. પરમાણુના સ્કંધરૂપે એની પર્યાય થઈ એ એનું કામ. એનું કામ આત્મા કરે નહિ અને એ આત્માને કામ આવે નહિ. એમ ન માને ત્યાં સુધી અજીવને જીવ માને છે અને જીવને અજીવ માને એ મિથ્યાદષ્ટિ જીવ છે. એને જૈન દર્શનની ખબર નથી. તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પાણી પીવું કે નહિ?

ઉત્તર :- કોણ પીવે છે પાણી? એ જ કહે છે અહીં. સમજાણું કાંઈ? આ તો 'પરમાત્મપ્રકાશ' છે બાપુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને ભગવાન! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે તો તને જ્ઞાન સ્વરૂપ જોયો છે. ભગવાન કેવળજ્ઞાનીએ (જોયું કે) જ્ઞાનસૂર્ય, ચૈતન્યસૂર્ય તું છો. એમાં અહીં બીજા પદાર્થ તારા નથી અને બીજા પદાર્થ તને કામ આવતા નથી. બીજા પદાર્થ તને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવા લાયક છે કે આ પ્રમાણે આ છે. પણ આ પ્રમાણે છે એ મારાથી છે એમ નહિ અને એ પ્રમાણે છે તો મને આ પ્રમાણે થયા તો મને હવે કામ આવશે એમ નહિ. સમજાણું કાંઈ? આહા..!

તો એણે પુદ્ગલને જીવથી જુદા જાણ્યા, માન્યા કહેવાય. જુદા જાણ્યા, માન્યા ત્યારે કહેવાય કે એ પુદ્ગલો એને કારણે ત્યાં કાર્ય પર્યાયરૂપે, કાર્યરૂપે થાય છે અને મને કામના નથી ત્યારે તેણે પુદ્ગલને પુદ્ગલ તરીકે જીવથી જુદા જાણ્યા, માન્યા કહેવાય. સમજાણું કાંઈ? કાળીદાસભાઈ! શું છે તમારે લોઢું છે કે નહિ? બધા લોઢાના વેપારી કહેવાય છે એ. લોઢાના વેપારી પૈસાવાળા બહુ થઈ ગયા એમ કહે છે. કહે છે કે, પૈસાવાળો આત્માને માનવો એ અજીવવાળો (માન્યો) પૈસા પૈસાની પર્યાયથી પૈસા છે, એ આત્માથી થયેલા નથી. પૈસા આત્માથી થયેલા નથી, તેમ એ આત્માને કામ આવવાના નથી. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- મિથ્યા ભ્રમણામાં કરે છે અજ્ઞાન. રાગ-દ્વેષ ને મિથ્યાશ્રદ્ધા. મિથ્યાશ્રદ્ધા કરે છે માટે કે આનું હું કરી દઉં ને એ મને કામ આવે. મિથ્યાશ્રદ્ધા કર્યા પછી જ્ઞાનીને જરી

રાગ થાય, એ રાગનું અસ્થિરતાપણું જ્ઞાની કરે. અને રાગ થયો માટે પુદ્ગલ એને કામ આવ્યા, રાગ થયો માટે પુદ્ગલની પર્યાય એણે કરી એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વાત થઈ ગઈ...

ઉત્તર :- ટળી નહિ, એમ છે. ટળી જાય શું? છે જ એમ. એણે માન્યું છે બીજી રીતે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર દેવ અરિહંત પરમાત્મા જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન છે. એ ભગવાન એમ ફરમાવે છે કે ભાઈ! તું તો આત્મા છોને પ્રભુ! તું આત્મા તો જ્ઞાનનો ધણી, જ્ઞાન સ્વભાવનો ધણી તું છો. એ તારા સિવાય આ પુદ્ગલો એ તું એનો સ્વામી નથી, એને તેં કર્યા નથી, એ તને કામમાં આવતા નથી. એમ તું નથી માનતો અને ઊંધુ માને છો એ મિથ્યાદષ્ટિથી, પાપથી તું દુઃખી થઈ રહ્યો છો, એમ કહે છે. જયંતિભાઈ!

મુમુક્ષુ :- સો ટકા વાત છે.

ઉત્તર :- સો ટકા! પણ આ ગળે ઉતરવું. એય..! ક્યાં ગયા મલૂપચંદભાઈ? એ મોટા સાંભર્યા. આ કરોડપતિના બે, ત્રણ કરોડ. એમ વાતું માણસ કરે છે. એ ક્યાં કોના બાપના છે? હિંમતભાઈ! એમ કહે પુનમચંદ, મલૂપચંદ બે ત્રણ કરોડના આસામી એમ કહે છે મુંબઈમાં. આમના દીકરા નથી? બાવીસ-બાવીસ માળના મકાન કરે છે નહિ. પુનમચંદ. અહીં કહે છે કે પૈસા મારા, એ છોકરાના શરીરને જીવ માને કે મારું, એના કાર્ય હું કરું. આ શરીરનું આમ આમ કરું એ શરીરની પર્યાય બાદરબાદર એનાથી થયેલી છે. એને ઠેકાણે એ પર્યાય હું કરું એ મિથ્યાદષ્ટિ છે અને એ શરીર મને કામ આવે છે એ મૂઢ જીવ છે એમ કહે છે અહીં. આહા..હા..! એય..! કનુભાઈ! કઈ જાતના કાયદા હશે આ?

આ ભગવાન કેવળજ્ઞાનીએ પ્રરૂપેલો '**केवलिपण्णत्तो धम्मो**' ખબર ન મળે, ખબર ન મળે એમ ને એમ આંધળી દોડે અવતાર અનંત કર્યા અને એમાં જન્મ્યા જૈનમાં, પણ જૈન શું કહે છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! કેવી રીતે વાત નાખી છે ને. 'ઘી,...' એ ઘી છે આમ પ્રવાહી છે ને? એ ઘીની પર્યાય સ્કંધની, પુદ્ગલની પર્યાય છે. એ આમ જુદી પડે ને ભેગી થાય એને કારણે. બીજો જીવ ઘીને જુદું પાડે અને ભેગું કરે એ ઘીના કામની પર્યાય જીવ કરી શકતો નથી. અને ઘી જીવને કામ આવતું નથી. સમજાણું કાંઈ? એય..! હિંમભાઈ! તમારે પણ લોઢાનું છેને. હમણા બધા લોઢાના વેપારી ઘણા થઈ ગયા. આહા..હા..! તો કહે છે, એ લોઢાનો પર્યાય થાય છે એક ઠેકાણેથી બીજે જાય. એ આત્મા કરી શકતો નથી. અને એ લોઢું આત્માને કામ જરીએ કિંચિત આવતું નથી. ત્યારે તેણે આત્માથી પુદ્ગલને અજીવને જુદા માન્યા કહેવામાં આવે,

જુદાના કામ આત્મા જુદો કરે તે જુદા છે એમ માન્યું નથી. અને જુદા છે એ મને કામ આવે. જુદાના કામ આ જુદો આત્મા કરે તો જુદા માન્યા નથી અને જુદા આત્માથી છે એ મને કામમાં આવે તોપણ તે આત્માથી જુદા માન્યા નથી, સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ એણે સમજવો, સાંભળવા મળે નહિ, સમજે કે દિ'? આ બહારની અને બહારની કડાકુટામાં ચાલી ગઈ જિંદગી. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ!

'**તૈલ**...' તેલ એ તેલ પ્રવાહી છે, છૂટું પડે છે અને ભેગું એ એનો કાર્ય સ્વભાવ છે. એ તેલના સ્કંધનો કાર્ય અને એનો પર્યાય સ્વભાવ છે. છૂટું પડેલું ભેગું થાવું. એ છૂટું પડેલું ભેગું આત્મા કરી શકે નહિ. જુદી ચીજના કાર્ય આત્મા કરી શકે નહિ અને જુદી ચીજ આત્માને કામ આવે નહિ. આમ એમ સિદ્ધ કરવું છે ભાઈ! આહા..હા..! એય..! નટુભાઈ! શું કરવું? આ બે વકીલ ભેગા થયા. આ શું કહે છે આ? શું કીધું? આ કામ ન આવે કહે છે. વાણી-બાણીના પુદ્‌ગલો આત્માને કામ ન આવે એમ કહે છે. અને વાણીના પુદ્‌ગલો આત્મા કરી શકે નહિ. એમ કહે છે. ચંદુભાઈ! જુઓ! અંદર શું જુઓ. '**તૈલ આદિ બાદર હૈં**,...' પછી આવશે હોં! ઓલું પછી આવશે.

'**જો ટૂટકર મિલ જાતે હૈં, છાયા**,...' હવે છાયા. છાયા છેને આ છાયા? '**આતપ, ચાંદની**...' આ ચંદ્રનો, સૂર્યનો તડકો. '**યે બાદરસૂક્ષ્મ હૈં**,...' એ ચીજ જગતની જડની અવસ્થા છે. '**છાયા, આતપ, ચાંદની યે બાદરસૂક્ષ્મ હૈં**,...' ભગવાન એને બાદરસૂક્ષ્મ કહે છે. કેમ? કે '**જો કિ દેખનેમેં તો બાદર**...' આવે, પકડી શકાય નહિ. આમ તડકો, છાયો દેખવામાં આવે પકડી શકાય નહિ. માટે એને ભગવાન બાદર સૂક્ષ્મ કહે છે. એ '**ગ્રહણ કરનેમેં સૂક્ષ્મ હૈં**,...' સમજાય છે ? '**દેખનેમેં તો બાદર ઔર ગ્રહણ કરનેમેં સૂક્ષ્મ હૈં**,...' એ આત્મા કરી શકતો નથી. છાયા, આતપ. સમજાય છે? કે ચાંદની. પકડી શકતા નથી. અહીં તો સમજાવે છે. પકડે કોણ? આમ પકડવામાં આમ નિમિત્ત થાય એવું એનામાં છે નહિ. એમ કહે છે. એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવ એનાથી થયેલો પુદ્‌ગલની જડથી થયેલો છે. એ આત્માને પ્રકાશ, છાયા, ચાંદની કામ આવતી નથી. કહો, આ ચંદનનો પ્રકાશ, સૂર્યનો પ્રકાશ આત્માને કામ નથી આવતો એમ કહે છે. ભારે વાત ભાઈ!

અરે..! ભગવાન એ તો પુદ્‌ગલની પર્યાય છેને પુદ્‌ગલ તો અચેતન અને જડ છે ને. આ પ્રકાશ તો પુદ્‌ગલનો પર્યાય છે. શેનો? પુદ્‌ગલ જડની અવસ્થા છે આ પ્રકાશ. એ અવસ્થા આત્મા કરે, એ તો પુદ્‌ગલની પર્યાય છે એ આત્માને પ્રકાશ કામ આવે? આત્મા અરૂપી ને જડને .. કામ આવે? કાર્ય જડના પ્રકાશનું ધૂળ પણ નથી બધું જોયું નથી અમે? ઓલો છ લાખનો છેને સૂર્યનો શું ત્યાં જામનગરમાં? છે ને જોયો છે ને અમે ગયા હતાને ત્યાં?

આપણા ડૉકટર છે ને પ્રાણજીવન ડૉકટર તે દિ' આ તો કઈ સાલમાં? એ ૯૧. ૯૧માં વંચાણું હતું ૧૦૦મી ગાથા. કર્તા કર્મની એ ડૉકરટ છેને પ્રાણજીવન ડૉકટર ત્યાંના મોટા? આવ્યા હતા સાંભળવા. .. આની સાથે મેળ ખાય. છ લાખનો તે દિ' હોં! ૯૧માં. વર્ષ ૩૧-૩૨. ધૂળ પણ મટતું નથી.

અહીં તો કહે છે, પરમાણુના-પરમાણુના કાર્ય, સ્કંધના સ્કંધે કર્યા છે, એ આત્માએ કર્યા નથી અને એ આત્માને સ્કંધની કોઈ પર્યાય કામ આવતી નથી. આહા..હા..! આમ ન માને ત્યાં સુધી એણે પુદ્ગલને જીવને જુદા માન્યા નથી. બેને એક માને એ મૂઢ જીવ છે. આહા..હા..! આમ તો બોલે જીવને અજીવ માને તો મિથ્યાત્વને અજીવને એ પછી મિથ્યાત્વમાં ઘડીયો હાંકે જાય.

મુમુક્ષુ :- રોજ બોલી જાય.

ઉત્તર :- રોજ બોલી જાય. ખબર ન મળે એક પણ શબ્દની અને એક પણ અર્થની અને એક પણ ભાવની. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! લ્યો! આ રવિવારે વળી આજ વાત આવી તમારે.

'**નેત્રકો છોડકર ચાર ઈન્દ્રિયોંકે વિષય રસ,...**' રસ છે ને ..રસ. એ રસ આંખે નથી દેખાતો. એ રસ રૂપ હોં! રસનું રૂપ આંખે દેખાય છે? રૂપ દેખાય તો આંખે પણ રસ છે એ આંખે દેખાય છે? એ તો જીભે જણાય છે. '**ગંધાદિ સૂક્ષ્મબાદર હૈં, જો કિ દેખનેમેં નહીં આતે,...**' દેખનામાં નહિ આવે એટલે રસનું રૂપ નથી, રૂપ છે એ તો આંખનો વિષય, પણ રસ છે એ કાંઈ આંખનો વિષય નથી. એ તો જીભનો વિષય થઈ ગયો. રસ એ જીભનો વિષય છે. ગંધ એ જ્ઞાનનો. એક વિષયો જગતના શબ્દ, રૂપ, રસ આદિ. સમજાણું? સૂક્ષ્મ કીધુંને વિષય રસ, ગંધ આદિ સૂક્ષ્મબાદર આદિ, એ વસ્તુ સૂક્ષ્મબાદર છે. એ એને કારણે થયેલી છે. એ સૂક્ષ્મબાદર રસ, સ્પર્શ, શબ્દ આદિ એને કારણે થયેલા છે. એ આત્માને કામ આવતા નથી. કહો, સમજાણું આમાં? ભારે વાત ભાઈ! નવરો મારો આ તો તદ્દન. એને કામ આવે એના ગુણનું ઉલટાઈ ને સવળાઈ. શું કીધું?

એ આત્મામાં અનંત ગુણ છે ભગવાનઆત્મામાં આ એના ગુણો ને એ દ્રવ્ય કામ આવે શેમાં? કે આ અવળુ કરવાની અવસ્થા પરને લક્ષે કરવાનું કાર્ય પર્યાયમાં. અને કાં સ્વને લક્ષે સવળુ કરવામાં કામ આવે બાકી બીજું કોઈ કામ આવતું એને નથી. રતિભાઈ! ખરેખર છે એ? ભારે વાત ભાઈ! કેમ મણિભાઈ! સમજાય છેને આ? આહા..હા..! ગંધ, શબ્દ, સ્પર્શ એ બધું એમાં જાય હોં! સમજ્યા ને? એ છે આંખથી ન દેખાય શબ્દ. એ કાનથી જણાય પણ એ શબ્દનો પર્યાય એ આત્માનું કાર્ય નથી. એમ શબ્દનો પર્યાય આત્માને કામ

આવતો નથી. એ તો જ્ઞાનમાં આ જ્ઞેય છે એમ જાણવામાં કામ આવે છે. જાણવા તરીકે કામ આવે બાકી બીજા કામમાં આવતું નથી. એ નિમિત્તથી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! કથનની પદ્ધતિ જુદી જાતની આખી.

પછી કહે છે '**કર્મવર્ગણા સૂક્ષ્મ હૈં,...**' આઠ કર્મ છે ને આઠ કર્મ? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, આયુષ્ય, ગોત્ર (અંતરાય) આઠ કર્મ. આત્મા એ જ્ઞાનાવરણીય કર્મની પર્યાય કરી શકતો નથી અને એ જ્ઞાનાવરણીની પર્યાય આત્માને કામ આવતી નથી. સમજાણું કાંઈ? મારું આ કઈ જાતનું કથન? કેટલાકે તો જિંદગીમાં પહેલું સાંભળ્યું હશે. આ વળી કેવી વાત હશે! ભગવાન! આ તો જીવ-અજીવની ભિન્નતાનું વસ્તુનું સ્વરૂપ છે આવું. ભગવાન આત્મા પુદ્‌ગલથી જુદો એમ કહેવું અને એ પુદ્‌ગલની અવસ્થાને આત્મા કરે એમ કહેવું બે વાતનો વિરોધ છે. ભગવાન આત્માથી પુદ્‌ગલ જુદા છે એમ કહેવું અને જુદા આત્માને કામ આવે એમ કહેવું બે વિરોધ છે. સમજાણું કાંઈ? આ હંબક જેવું થઈ જાય એવું છે માણસને. શું છે પણ આ? આ શું કહે છે? ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે એમ ફરમાવ્યું છે કે, હે જીવ! તારાથી ભિન્ન જેટલા પુદ્‌ગલો આ કહીએ, એ જ્ઞાનાવરણીય આદિ પુદ્‌ગલ એ તારાથી જુદી ચીજ છે. એ ચીજના કામને તું કરતો નથી. કર્મને બાંધવાનું કાર્ય તારું નહિ એમ કહે છે. આહા..હા..! અને એ કર્મ બાંધેલાનું કાર્ય તને કામ આપે, એ તને કામ આવે એમ છે નહિ.

મુમુક્ષુ :- હેરાન કરે છે.

ઉત્તર :- કોણ હેરાન કરે? કોઈ કરાવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ દર્શનાવરણીય કર્મ છેને? એનો આત્મા એને બાંધી શકતો નથી કારણ કે પુદ્‌ગલની પર્યાય છે એ તો. એમ આત્માને કામ આવતું નથી. એમ વેદનીય કર્મ, વેદનીય શાતા છે ને જડ બંધાય. જીવ શુભાશુભ પરિણામ કરે તો વેદનીય કર્મ એને કારણે બંધાય. એ આત્મા એના કાર્ય વેદનીયના બાંધવાના કરે એમ નથી. તેમ વેદનીયના કર્મનો ભાવ આત્માને કામ આવે, શાતા વેદનીયનો ઉદય આત્માને કામ આવે ત્રણકાળમાં નથી. ભારે વાત ભાઈ!

આ નીરોગતા એનું ફળ એ આત્માને કામ આવે એમ નથી. તે નીરોગતાની પર્યાય શાતા વેદનીયે કરી એમ પણ નથી. આ પુદ્‌ગલ જુદા, ઓલા જુદા ભાઈ! ઓલા તો કાર્મણના પુદ્‌ગલ છે અને આ છે બાદર છે. તેથી આ ભિન્ન પાડી છે વાત. બાદરબાદર છે અને ઓલી જાત ભિન્ન છે. એ ભિન્નને શાતા વેદનીય કર્મ છે સૂક્ષ્મ. એ એની પર્યાયથી આ બાદરબાદરની પર્યાય નીરોગતાની થઈ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! એ પ્રેમચંદભાઈ! સાંભળવા આવતા હોયને તો તો કાંઈક એને સમજાય થોડુંક, પણ સાંભળવાનું અટકાવી

દીધું એટલે ફટ દઈને બધું શું છે સત્ય એ ક્યાંય પડ્યું રહ્યું એમ ને એમ. છે અંધાધુંધ. અનંત કાળ ગયો એવો એમ ને એમ વયો જાય છે. ભગવાનનું સત્ સ્વરૂપ શું છે ભગવાન કહે છે. જીવ અને અજીવ જુદા શું ચીજ છે એની એને ખબર નથી. ખબર પડ્યા વિના જુદો... જુદાને જુદાના કામ જુદા અને જુદાના કામ આત્માને કામ આવે એમ નક્કી કર્યા વિના જુદાનો રસ્તો એને હાથ આવે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ વેદનીય. એ અશાતાની પર્યાય છે એ કર્મની પર્યાય છે. એ સૂક્ષ્મમાં જાય છે ભાઈ! વેદનીયનું અશાતા એ સૂક્ષ્મની પર્યાય, સૂક્ષ્મમાં જાય છે. એ સૂક્ષ્મની પર્યાય જીવ કરતો નથી અને એ અશાતાનો ઉદય આત્માને કામ આવતો નથી. તેમ એ અસાતાનો ઉદય બાદરબાદર જ્યાં રોગ-આ રોગની અવસ્થા એને એ કરતું નથી. કારણ કે એ જાત જુદી છે. આહા..હા..! શું છે? તે આગમ કાંઈ કહેતા નથી. શું કહે છે આગમ? શું કીધું આગમે? દવાની પર્યાય આવે છે એનો પર્યાય બાદરબાદર સ્વભાવ છે એ તો. એ દવા એને લઈને આવી છે. એ દવા આત્માને કામ આવતી નથી, દવાની દશાને આત્માએ કરી નથી. અરે ભગવાન! બાપુ તને હજી જડ ને આત્મા કીધા એની ખબરું ન મળે, તને ધર્મ શી રીતે થાય? આહા..હા..! ધર્મ કરવો છે રે ધર્મ કરવો. પણ ધર્મ ક્યાંથી થાતો હશે? સત્ય વસ્તુનું જ્ઞાન વિના એ ધર્મ ક્યાંથી આવતો હશે? સમજાણું કાંઈ? આ તો વળી ત્યાં આવ્યું કહો. ઠીક આવ્યું આ. ઓલું અકારણ એણે નાખ્યુંને એમાંથી આ બધું આવ્યું હોં! ના, બરાબર સ્થાને નાખ્યા. આહા..હા..! અહીં તો કહે છે, ભાઈ! આ મોહકર્મ છે ને અંદર એ મોહકર્મ સૂક્ષ્મરૂપે પરિણમેલા પુદ્ગલના પર્યાય એ તેં કર્યા નથી અને મોહનું કર્મ તને કામ આવતું નથી. આહા..હા..! વિકારી ભાવ કામ આવે તો તારો તેં કર્યો કામ આવે છે. પરથી પર તને કામ આવતું નથી. વિકારી ભાવ કરવામાં મોહ કામ આવતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

હવે આયુષ્યકર્મ લઈએ, આયુષ્યકર્મ જે બંધાય છે એ આ પાંચમા ભેદનો પુદ્ગલનો એક ભાગ છે. એ સૂક્ષ્મ, એ આયુષ્યકર્મ પુદ્ગલ એને કારણે બંધાય છે, આત્મા એને બાંધતો નથી. તેમ આત્માને આયુષ્યકર્મનો પર્યાય કામ આવતો નથી. અહીં રહેવા માટે અહીં શરીરમાં રહેવા માટે આયુષ્યનું કાર્ય કામ આવતું નથી. એમ કહે છે. ઠીક! લે આ વળી કેવું? આયુષ્ય હોય ત્યાં સુધી રહે શરીરમાંને એમ નથી? એ બધી વાતું નિમિત્ત-નૈમિત્તિકની વાત છે. કહે છે કે, પોતે પોતાની યોગ્યતાથી આત્મા રહે છે. આયુષ્ય કર્મ એને કામ આવે છે રહેવામાં એમ નથી. તેમ આયુષ્ય કર્મની પર્યાય આત્મા બાંધે એ તો પુદ્ગલ છે. પુદ્ગલનું કાર્ય તો પુદ્ગલથી થાય છે, શું આત્માના પર્યાયે...? જે ભાવથી નિમિત્ત થયું આયુષ્ય બાંધવામાં

એ નિમિત્તથી આયુષ્યનું કાર્ય થયું નથી એમ કહે છે. અને એ આયુષ્યના કાર્યથી આત્મા અહીં રહ્યો છે એમ નથી. ભારે વાત ભાઈ! એય..! ધર્મચંદજી! ક્યાં? પછી ક્યાં રહ્યું? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય. આયુષ્ય આવી ગયું ને? હવે આવ્યું નામ. એ નામકર્મ. એની ૯૩ પ્રકૃતિ છે જડની. ભગવાને નામકર્મની ૯૩ પ્રકૃતિ જોઈ છે. એ સૂક્ષ્મપણે પરિણમેલીનું કાર્ય પુદ્ગલોનું સ્કંધની પર્યાયનું છે. સૂક્ષ્મ સ્કંધપણે પરિણમેલાનું એ કાર્ય છે. એ કામ આત્માને આવતા નથી. ઓહો..! સમજાણું?

યશકીર્તિ પ્રકૃતિ છે એ સૂક્ષ્મપણે પરિણમી છે. બીજો જે બોલે છે, જશ ગાય છે ભાષા એ બીજી જાતના પર્યાય છે એના. સમજાણું? બીજી જાતના છે. પકડાય નહિ આંખ ન દેખે, કાનનો વિષય છે એ. બીજો છે. તો યશ પ્રકૃતિને કારણે આ સામાના પુદ્ગલ પરિણમે છે જશના, ઓલો બોલે છે આબરૂ, એમ નથી. એ આબરૂ બોલે એ આત્માને કામ આવે છે એમ નથી. યશ પ્રકૃતિનો ઉદય ઓલા બોલવામાં કામ આવે છે એમ નથી. યશ પ્રકૃતિનો ઉદય આત્માને કામ આવે છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે પણ ભગવાનની રીત. સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ભિન્ન-ભિન્ન છે. કરી નાખવાનું શું? છે એમ કહે છે અહીં તો. અહીં તો જ્ઞાન કરાવે છે કે તું જ્ઞાન છો અને એ જ્ઞેય છે, બસ ખલાસ. એ સિવાય તું એમ માન કે એ મારા કાર્ય છે અને એ મને કામ આવે એવું બે વસ્તુના સ્વભાવમાં નથી. નથી ને તું માન એ મિથ્યાદષ્ટિપણું, અજ્ઞાન છે, મહા પાપ છે. મિથ્યાત્વનું મહા પાપ છે પછી તું શું ઘટાડીશ હજી? મિથ્યાત્વના પાપને છોડ્યું નથી અને તું છોડીશ શું હજી? સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ બધું-બધું આવ્યું. બધું લાંબું-લાંબું કરવા જઈએ તો બધું ઘણું છે. આ તો સામાન્યમાં એના સિદ્ધાંતો વર્ણવ્યા છે, બસ થઈ રહ્યું. ચાર પૈસે શેર તો મણના અઢી. પછી સાડી સાડત્રીસનું કેટલું? એમાં આવી જાય બધું. બધાના આંકડા જુદા ન પાડવા પડે. પોણા અઢાર શેરનું કેટલું? કે, એમાં પોણા અઢારનું પોણા અઢાર આના. ચાર પૈસે શેર તો મણના અઢી. છ પ્રકારના પરિણમેલા પુદ્ગલો એના કાર્ય એના એ કામ તને ન આવે. આ સિદ્ધાંતમાં બધો ન્યાય આવી ગયો. સમજાણું કાંઈ? આહા..હા..!

માળા ગણાયને માળા? કહે છે, એ માળા ગણવાની પર્યાયનું કાર્ય તારે કામ ન આવે. અને એ માળાની પર્યાય ગણવામાં તું કાર્ય એનું કરી શકતો નથી. એમ કહે છે ભગવાન. આહા..હા..! બાદરબાદર છેને એ તો? મણકા અને દોરા. એ એનું આમ... આમ.. થવું

એ તારું કાર્ય નથી, એ તો એનું છે. અને એ આમ આમ થાય એ તને કામ આવતા નથી. પહેલું શુભભાવ થાય એમાં એ કામ નથી આવતા એમ કહે છે. ઓહો..હો..! શું પદ્ધતિની રીત! સમજાણું કાંઈ? આ તો વીતરાગી વિજ્ઞાન છે, સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે કહેલું વીતરાગી વિજ્ઞાન. જગતના વિજ્ઞાન બધા આંધળા અને ખોટા છે. તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અનંતજ્ઞાન જેને ખીલ્યા એ ખીલવાનો રસ્તો ભગવાન કહે છે. બાપુ! તું તો જ્ઞાનસ્વરૂપ છોને ભાઈ! તું તો જગતની ચીજને જાણનાર છોને. જગતની ચીજને કરનાર નથી અને જગતની ચીજને કામ લાગે એવો તું નથી અને એ એવા નથી કે તને કામ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આ તો સમજાય એવું નથી? અમલમાં એટલે શું? આ જાણવું એમ અમલમાં મૂકવું. જાણવું કે, આમ છે એ પહેલું અમલમાં મૂક્યું. અમલમાં શું બીજું મૂકવું હતું? એ કામ મારા નથી અને એ મને કામ આવતા નથી એમ નિર્ણય થયો એ અમલમાં મૂક્યું.

મુમુક્ષુ :- એ પછી છોડી દે છે અમલમાં ...

ઉત્તર :- છોડવું શું પણ છોડે? કોને છોડે? એ પર પડ્યા એમાં છોડવા શા? શું કહે છે અજ્ઞાની પણ આ તે. એ અહીંથી આઘા જવા, ન જવા એ તો એનું કાર્ય છે. તારું કાર્ય છે? અને તારાથી એ કાર્ય થાય છે? અને એનું કાર્ય તને કામ આવે છે? ત્યારે શું અમલમાં મૂકવું છે? આહા..હા..! અમલમાં એ મૂક્યું કે જડના છ પ્રકારના પુદ્‌ગલની પર્યાય તેના કાર્યથી થાય છે એ મને કામ આવતા નથી, તેને હું કરતો નથી. એ અમલમાં મૂક્યું નિર્ણયમાં. એ સત્‌નો નિર્ણય તેણે અમલમાં મૂક્યો બસ. આહા..હા..! એ શશીભાઈ! પછી ઓલા રવિવારે આવે ત્યારે કાંઈક નવું નીકળે. આજ તો નવું નીકળ્યું. વાત તો સાચી છે હોં! ઘણો વિસ્તાર છે એમાં. પદ્‌ગલની આખી જાતને ભિન્ન બતાવી દીધી છે અને નિમિત્ત તરીકે જ્ઞાનમાં ભલે હો, પણ આમ કામ આવે નહિ. વાહ રે વાહ!

આયુષ્ય નામ-નામ. આ નામની પ્રકૃતિ તીર્થંકરગોત્રની બંધાણી હોય ને, કહે છે કે એને આત્મા બાંધતો નથી એમ કહે છે. અને એ તીર્થંકરની પ્રકૃતિનો ઉદય આત્માને કામ આવતો નથી. આહા..હા..! એ છોટાભાઈ! ભારે વાત ભાઈ! બાપુ! બે પદાર્થ ભિન્ન છેને પ્રભુ! તું જુદો ને એ જુદા. જુદાના કામ તું કેમ કર? તો જુદા કેમ રહે? એ તો બે એક થઈ ગયા. અને જુદા તને કામમાં આવે તો પણ બે એક થઈ ગયા. બે જુદા રહ્યા નહિ. એમ બતાવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! ઉઠાવી લે જડના સ્વામીપણાની બુદ્ધિ. ઉઠાવી લે જડથી (કે) મને કાંઈ કામ આવશે જડ. ઉઠાવી લે બુદ્ધિ ખોટી. શાકભાજી પૈસા હોય તો કામ આવે તે વિના શાકભાજી આવતી હશે? એમાં એમ કહે છે કે શાકભાજી પણ બાદરબાદરપણે પરિણમેલા સ્કંધો જુદા છે અને પૈસા બાદરબાદર પણે પરિણમેલા સ્કંધો જુદા છે. આ

બાદરબાદરપણે પરિણમેલાથી ઓલા બાદરપણે પરિણમેલા શાક આવે એમ ના પાડે છે અહીં. કારણ કે અનંતા બાદરબાદરપણે પરિણમેલા સ્કંધો છે. આહા..હા..! અનંતાને પણ જો એક કરી નાખ તોપણ એ તારું જ્ઞાન ખોટું. એમ ઓલા એક થાતા નથી. ભારે વાત ભાઈ! એ હિંમતભાઈ! ...પ્રવિણભાઈ નથી આવ્યા? સમજાણું આમાં? આહા..હા..! આ વિધિથી વ્યાખ્યાન જ પહેલું છે આવું હોં! સમજાણું કાંઈ?

નામ. ઓહો..હો..! શું કહે છે? ભગવાન! એ બાદર સૂક્ષ્મપણે પરિણમેલા પુદ્‌ગલો એ આ બાદરપણે પરિણમેલા પુદ્‌ગલોને કામ ન આવે. અને સૂક્ષ્મપણે પરિણમેલા પુદ્‌ગલો એ આત્માને અરૂપીને કામ ન આવે. આહા..હા..! શું પણ ભિન્નતા! જેવી અનેકતા એ પુદ્‌ગલ છે અનેક તેમની અનેકતાના અનેક કાર્ય ભિન્ન-ભિન્ન છે. એમ ભગવાન આત્મા એનાથી જુદો, એનું કાર્ય પણ જડથી તદ્દન જુદું છે. સમજાણું કાંઈ? નામ, ગોત્ર. ગોત્રકર્મ. કહે છે કે એ સૂક્ષ્મપણે પરિણમેલું છે. એ કાંઈ ગોત્રમાં કર્મ અવતરે છે એમ કામ નથી આવતું. એ તો પર્યાય ભિન્ન છે, ઓલી પર્યાય ભિન્ન છે. ને એ ગોત્રકર્મ આત્માને કામ આવે, ઉચ્ચ ગોત્ર બંધાયેલું માટે એને સારા પરિણામ કરવામાં કામ આવે. ના. તારા પરિણામનો કર્તા તું. ઉચ્ચ ગોત્રની દશા જે સારા કુળમાં અવતાર થયો એ જુદી પર્યાય થઈ. એ કાંઈ એ પર્યાયને કારણે તારા સારા પરિણામ થાય એમ નથી. ઓહો..હો..! સર્વજ્ઞના પેટ બહુ ઊંડા, કેવળજ્ઞાનીના કહેણ બહુ ઊંડા.

મુમુક્ષુ :- એને કામ આવે એવું રહ્યું શું?

ઉત્તર :- એને કામ આવે એવા એના આત્માના ગુણો. અનંત ગુણનો પિંડ ભગવાન આત્મા છે. એનું અંતર લક્ષ કરે તો અનંતા ગુણનું કાર્ય પર્યાયમાં સવળું પરિણમે. આ એનું ન કરે ને પરનું લક્ષ કરે, પર પોતાના માને તો એની પર્યાયમાં વિકાર અને મિથ્યાત્વનું કાર્ય પોતે કરે. બસ પરથી નહિ અને પર કામ આવે નહિ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના કામ પર્યાયમાં કરે. બસ આટલી વાત છે. એય..! નેમિદાસભાઈ! તમે તો બહુ કામ કર્યા છે આ. પાંજરાપોળમાં ને પોરબંદરમાં. આવું બધું સાંભળ્યું નહિ. આટલા વર્ષમાં વ્યાખ્યાન સાંભળ્યું હતું કોઈ દિ'? અરે..! ભગવાન! બાપુ! તારી ભિન્નતાની જાત તો જો. અને એ ભિન્નતાની જાતના પણ ભિન્ન-ભિન્ન પ્રકારની જાત કેવી છે એને કારણે પરિણમેલી હોં! આહા..હા..! એ બધા તારા જ્ઞાનમાં જ્ઞેય છે, જાણવા લાયક છે. તારા જ્ઞાનના કાર્ય નથી, અને એના કાર્ય તારા જ્ઞાન અને આત્માને કામ આવે એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નામ નથી.

ઉત્તર :- નામ લખે એ તો બધી પુદ્‌ગલની પર્યાય. કોણ લખે? એ વિકલ્પ હતો એની

ક્રિયા એને કારણે થઈ, વિકલ્પમાં એ કામ આવી નથી, વિકલ્પ એને લઈને થયો નથી અને વિકલ્પને લઈને એ શબ્દો લખાણા નથી. એમ છે વાતું બાપુ આ તો. ઓહો..હો..! સર્વજ્ઞને કહેવાની રીત છ પ્રકારના પુદ્‌ગલમાં સમાડી દીધી. હવે. ગોત્ર અને અંતરાય કર્મ. અંતરાય કર્મ આત્મા બાંધી શકતો નથી, એ તો પુદ્‌ગલની સૂક્ષ્મ પર્યાય છે. એ સૂક્ષ્મ પુદ્‌ગલના સ્કંધની પર્યાય છે. એ સ્કંધની અંતરાય કર્મ આત્માને નડતું નથી. આત્માને કામ આવતું નથી.

હવે રહ્યો છઠ્ઠો બોલ '**સૂક્ષ્મસૂક્ષ્મ પરમાણુ હૈ,...**' કહો, કનુભાઈ! છમાં વાત નહોતી આવી તે દિ' કે પરમાણુ કામ ન આવે, શરીર કામ આવે? સુમનભાઈ અને કનુભાઈ બે ગયા હતા ને. ઘણા વર્ષ થઈ ગયા નહિ? ભાઈ! પુદ્‌ગલ આ સ્કંધનું કામ આવે કે નહિ? પરમાણુ કામ ન આવે. આ સ્કંધ તો કામ આવે. આનું કરી શકાય, પરમાણુનું ન કરી શકાય. રામજીભાઈના સુમનભાઈ અને આ કનુભાઈ બે એકફેરી અહીંયાં ઘણા વર્ષ થઈ ગયા. ગઈ સાલ. બે હજારની કે. અહીંથી પાલિતાણા ગયેલા અહીંથી સાંભળીને તો એમણે પૂછ્યું. આત્માને આ શરીરને કામ આવે કે નહિ? શરીરનું કરી શકે કે નહિ? શરીર કરી શકે કે નહિ? શરીર કરી શકે પરમાણુનું કરી શકે એ અનેકાંત.

અહીં તો ભગવાને, છએ પ્રકારના કામ આત્મા ન કરી શકે અને છએ પ્રકાર આત્માને કામ ન આવે એમ કીધું ન્યાં. સ્કંધ બાદરબાદર શરીરનું કામ કરી શકે અને પરમાણુ ન કરી શકે અને પરમાણુનું, એ કાંઈ છે નહિ આમાં. પરમાણુ પણ એને કારણે એક એક રજકણ પરિણમી ગયા. અનંતા રજકણો છે એને કારણે ત્યાં પરિણમ્યા છે. એ આત્મા એને કાર્ય કરી શકે નહિ. એ પરમાણુ આત્માને કામ આવે નહિ. જેમ આત્માને કામ ન આવે એવા સ્કંધો પણ આત્માને કામ આવતા નથી અને સ્કંધનું કાર્ય આત્મા કરી શકતો નથી. એક જાત સરખી છે. આહા..હા..! કહો, સમજાણું કે નહિ આમાં? કાયદા-બાયદામાં આવે છે આ? નટુભાઈ! ઊંધા બધા લખાણ હશે.

મુમુક્ષુ :- .. વિષય પણ નથી.

ઉત્તર :- નથી. આહા..હા..! ઠીક લ્યો! થઈ ગયું? એ ક્યાં આવ્યું જુઓ! '**સૂક્ષ્મસૂક્ષ્મ પરમાણુ હૈ, જિસકા દૂસરા ભાગ નહીં હોતા. ઈસ તરહ છહ ભેદ હૈં.**' એ પુદ્‌ગલના છ પ્રકારમાં કોઈ બાકી નહિ. જેટલા પરમાણુથી માંડીને અનંતા ... રજકણો પિંડ આ છ પ્રકારમાંથી બીજો, સાતમો ભેદ નથી. છએ પ્રકાર પુદ્‌ગલની પર્યાયના સ્વભાવ સ્વતઃ પરિણમી રહ્યા છે. સમજાણું? '**ઈન છહોં તરહકે પુદ્‌ગલોંકો તૂ અપને સ્વરૂપસે જુદા સમજ.**' જુઓ! સરવાળો આવ્યો. એ છએ પ્રકારના પુદ્‌ગલની જાતને તારા આત્માથી જુદા જાણ. જુદા જાણનો અર્થ તું જાણ ખરો, પણ એને જુદાના કાર્ય કર ને જુદા કામ આવે એમ

ન જાણ.

મુમુક્ષુ :- તો જાણ્યા ક્યાં કર્યા?

ઉત્તર :- જાણ્યા ક્યાં કર્યા? આહા..હા..! સમજાણું કાંઈ? વાહ! '**યહ પુદ્‌ગલદ્રવ્ય સ્પર્શ-રસ-ગંધ-વર્ણકો ધારણ કરતા હૈ,...**' એ છએ પદાર્થ છે કે નહિ પરમાણુથી માંડીને બધા? એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શને ધારણ કરે. એટલે મૂર્તિક છે, મૂર્તિક છે છએ. પરમાણુએ મૂર્તિક છે અને આ બાદરબાદર આ પણ મૂર્તિ.. બધા છએ જાતના મૂર્તિક તરીકે એક જાત છે. છ પ્રકારના પરિણમન તરીકે ભિન્ન-ભિન્ન છે. હવે બે છે.

'**અન્ય ધર્મ-અધર્મ દોનોં ગતિ તથા સ્થિતિકે કારણ હૈં,...**' એક ધર્માસ્તિ અને એક અધર્માસ્તિ એ બે પદાર્થ છે ભગવાને જોયેલા. આખા ચૌદ રાજમાં એક ધર્માસ્તિ નામનો દ્રવ્ય ભગવાને જોયું છે. કે, જે જડ અને ચૈતન્ય આમ ગતિ કરે ત્યારે એ નિમિત્ત થાય. પાણીમાં ગતિ કરતા માછલાને પાણી નિમિત્ત થાય, એમ ભગવાને ધર્માસ્તિકાય એક આ ચૌદ બ્રહ્માંડમાં દ્રવ્ય જોયું છે કેવળીએ. એ જડ ચૈતન્ય આમ ગતિ કરે તે નિમિત્ત. અને એક અધર્માસ્તિ જોયું છે. એ ગતિ કરતું સ્થિર થઈ જાય તો અધર્મ નિમિત્ત. જેમ પંથી ચાલતાને છાયો મળે જાડનો અને સ્થિર થઈ જાય તો એ છાયો નિમિત્ત કહેવાય. એવા એક, બે દ્રવ્ય ભગવાને જોયા છે. લ્યો! કાલે પૂછતા હતા એ. આજે આવ્યું. ધર્મ અને અધર્મ બે સમજ્યા ને? ગતિ સ્થિતિનું નિમિત્ત છે, '**ગતિ તથા સ્થિતિકે કારણ હૈં, એસા વીતરાગદેવને કહા હૈ.**' છે? એવું ભગવાન વીતરાગ પરમેશ્વર કેવળીએ કહ્યું છે.

'**યહાં પર એક બાત દેખનેકી હૈ કિ યદ્યપિ વજ્રવૃષભનારાચસંહનનરૂપ પુદ્‌ગલદ્રવ્ય મોક્ષકે ગમનકા સહાયક હૈ,...**' જુઓ! આત્માને કેવળજ્ઞાન થવામાં વજ્રનારાચસંહનન છેને પરમાણુ પુદ્‌ગલ એ બાદરપણે પરિણમેલા? સમજાય છે? એ નિમિત્ત તરીકે છે. એ નિમિત્તની સિદ્ધિ કરે છે હોં! ઈનકે બિના મુક્તિ નહિ હોતી એમ નથી. સહકારી કારણ છે એમ કહ્યું પાઠમાં. નિમિત્ત છે, નિમિત્ત છે. ખરેખર તો પછી કામ આવતું નથી (એમ) છેલ્લે (ચોખ્ખું) કરી દેશે.

મુમુક્ષુ :- પહેલા કામ આવે છે?

ઉત્તર :- એ તો નિમિત્ત છે એમ સિદ્ધ કર્યું. નિમિત્ત છે એટલું સિદ્ધ કર્યું. કહે નહિ. ખરું કારણ એ છે નહિ. એ નિમિત્ત કારણ છે ખરું કારણ નથી. ઉપાડી લીધું જુઓ. એમ નથી સહકારી પાઠમાં છે. જુઓ! '**मुक्तिगमनकाले सहकारिकारणं भवति**' એ નથી થતી એ તો ઉપરથી નાખ્યું છે એણે. એ નિમિત્તને સિદ્ધ કરવા બસ. સંસ્કૃત જુઓ!

'**संहननरूपेण पुद्गलद्रव्यं मुक्तिगमनकाले सहकारिकारणं भवति तथापि धर्मद्रव्यं**

च गतिसहकारिकारणं भवति, अधर्मद्रव्यं...' દેખો! છે ને બીજું અધર્મ સ્થિતિ 'लोकाग्रे स्थितिस्य स्थितिसहकारिकारणं भवति।' સિદ્ધ ભગવાન લોકને અંતે બિરાજે છે સિદ્ધ પરમાત્મા, ત્યાં અધર્માસ્તિનું નિમિત્ત છે. સિદ્ધ ભગવાન બિરાજે છેને લોકને અંતે? ત્યાં પોતે પોતાને કારણે પરમાત્મા છે સિદ્ધ. પણ ત્યાં અધર્માસ્તિ એક દ્રવ્ય છે એ નિમિત્ત છે. સમજાણું? બસ એટલું. એ બધાના 'अधर्मद्रव्यं स्थितिस्य स्थितिसहकारिकारणं' સહકારી કારણ છે. ... એ પોતે વધારે નાખ્યું છે એ આવશે હવે ૨૦માં. મૂળ ૨૦મી ગાથામાં આવશે. .... વધારે અહીં નાખી દીધું. હવે એ વાત બધા શબ્દો છે એ વાત જુદી વસ્તુ છે હવે. હવે એમ કહેવું છે કે ત્યાં મુક્ત પરમાત્મા જે અનંત સિદ્ધ બિરાજે છે લોકને અંતે એને અહીં ગતિમાં ધર્માસ્તિ નિમિત્ત હતું અહીંથી ભગવાન પધાર્યા આમ. મુક્તિ તો અહીં થઈ ગઈ. આમ ધર્માસ્તિ નિમિત્ત. અને (સ્થિર થયા) એમાં અધર્માસ્તિ નિમિત્ત. બસ બે. પુદ્‌ગલથી ભિન્ન.

એ 'मुक्तात्मप्रदेशमध्ये' એ બધા સિદ્ધ ભગવાન-અનંતા સિદ્ધો છે એના 'परस्पैरकक्षेत्रावगाहेन तिष्ठन्ति' એ ત્રણ દ્રવ્યો માંહોમાંહ એક ઠેકાણે રહેલા છે. ન્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં ધર્માસ્તિ, અધર્માસ્તિ ને પુદ્‌ગલો રહેલા છે. 'तथापि निश्चयेन विशुद्धज्ञानदर्शनस्वभावपरमात्मानः सकाशाद्भिस्वरूपेण मुक्तौ तिष्ठन्ति।' પણ ભગવાન આત્મા અનંતા સિદ્ધ જ્યાં બિરાજે છે. ત્યાં ઓલા ત્રણ દ્રવ્ય છે ખરા, પણ ભગવાન આત્માથી તે જુદા છે. અનંતા સિદ્ધ ભગવાનથી એ ત્રણે જુદા છે ત્યાં સિદ્ધ ભગવાનમાં. સમજાણું કાંઈ?

અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે લોકને અગ્રે. ત્યાં આગળ અહીંથી ગયાની અપેક્ષા લીધી ધર્માસ્તિ નિમિત્ત. અને સ્થિરમાં અધર્માસ્તિ નિમિત્ત અને પુદ્‌ગલો ત્યાં છે બીજા. અને એ છ પ્રકાર. એ સિદ્ધ જ્યાં બિરાજે ત્યાં ત્રણે દ્રવ્યો છે. છતાં એ ભગવાનના આત્માના સ્વભાવથી તે ભિન્ન છે ત્યાં. ત્રણે દ્રવ્યો ભગવાનના આત્માથી ભિન્ન પડ્યા છે ત્યાં સિદ્ધમાં ઉપર. ઓલા ભગવાન હશે ત્યાં હશે આ બધું પુદ્‌ગલો? છેને આખો લોક ભર્યો ઠાંસીને. આખો લોક ભર્યો ઠાંસીને પુદ્‌ગલ. જેમ શીશીમાં રોશનાઈ ભરી હોયને આખો? ખાલી હોય ક્યાંય? એમ ચૌદ બ્રહ્માંડ શીશી જેવી છે આ ચૌદ બ્રહ્માંડ પુરુષના આકારે. આખો ઠાંસોઠાંસ પુદ્‌ગલ ભર્યા છે. એ સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં ત્રણ દ્રવ્ય રહ્યા છે ખરા. છતાં તે ભગવાનથી તદ્દન જુદા છે. 'तथात्र संसारे चेतनाकारणानि हेयानीति भावार्थः' એ બે વાત લીધી. ઓલા સિદ્ધ લઈ લીધા. હવે અહીં ચેતન જેટલા સંસારી છે એને માટે પણ એ ત્રણે કોઈ કામમાં આવતા નથી. ભારે વાત ભાઈ! બે વાત લઈ લીધી, સિદ્ધ અને

સંસારી બે લઈ લીધા. સમજાણું કાંઈ?

એ હેઠે લખાણમાં ફેર છે. એ પંડિતજી સાથે કાલ વાત થઈ ગઈ. આપણને કાંઈ એ વાંચતા આવડે નહિ સંસ્કૃત સરખું. પણ પૂછીએ તો ખરાને પછી (કે) આ શું છે આ મેળ નથી ખાતો આ. શું કીધું? સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં એ આ ત્રણ દ્રવ્ય જે કીધા ધર્માસ્તિ, અધર્માસ્તિ અને પુદ્‌ગલો છે ત્યાં. પણ ભગવાનના આત્માથી ભિન્ન છે ત્યાં. એમ અહીં સંસારી ચૈતન્યને પણ અહીંયાં પુદ્‌ગલો, ધર્મ, અધર્મ છે, પણ આત્માથી ભિન્ન છે. અકારણ છે એને ખરેખર એ કામ આવતા નથી. આ ખરેખર કારણ છે નહિ. ખરેખર કારણ છે નહિ. વ્યવહાર કારણ કીધા નિમિત્ત (પણ) ખરેખર કારણ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ લખ્યું. શું લખ્યું જુઓને વાંચોને. **'संसारे चेतनाकारणानि'** સંસારી, સિદ્ધને માટે ભિન્ન બતાવ્યા. એટલે એને કારણ છે જ નહિ એમ કહ્યું એમાં પણ તે. સિદ્ધ ભગવાન જ્યાં બિરાજે છે ત્યાં પુદ્‌ગલ અને ધર્મ, અધર્મ એને કાંઈ કામના નથી. ભિન્ન છે એટલે પછી કામના નથી એમ થયું. ભલે છે ત્યાં ખરા. એમ અહીં સંસારી ચૈતન્ય જીવમાં એ પુદ્‌ગલ છ પ્રકારના ધર્મ, અધર્મ ભિન્ન છે ખરા અહીંયાં અકારણે. આત્માને ખરેખર કારણ નથી. નિશ્ચય કારણ ... સમજાણું કાંઈ?

લ્યો આ પરમાત્મપ્રકાશની ૧૯મી ગાથા, સમજાણું? બાપુ! તું નિરાળો પ્રભુ વસ્તુ ભલે હોય તું છે ત્યાં ભલે એ હો એ તો સિદ્ધ ભગવાન છે ત્યાં પણ છે એમ પહેલું સિદ્ધ કર્યું ને ભાઈએ? સિદ્ધ ભગવાન છે ત્યાં પણ છે એમ કીધું. કે શું એને શું કામના છે કહે છે લે હવે કહે? છે, એક ફક્ત જાણવાનું જ્ઞેય કીધું, એ તો પહેલું જ્ઞેય કરીને સિદ્ધ કરે છે આ વાત. જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે છે. એમ આ નીચે પણ આ છ પ્રકારના પુદ્‌ગલો બાદરબાદર આદિ અને ધર્માસ્તિ, અધર્માસ્તિ ત્રણ. આકાશનું પછી લેશે. એ અહીં છે, તું છો ત્યાં છે. પણ તને કાંઈ કારણ, ફારણ નથી ખરેખર. વ્યવહાર કારણ કહ્યા નિમિત્ત તરીકે. ખરેખર તો જ્ઞાનના જ્ઞેય તરીકે કહ્યા હતા. જ્ઞાનમાં જ્ઞેય તરીકે કહ્યા છે, એને નિમિત્ત કારણ તરીકે સમજાવ્યા, (પણ) ખરેખર એને કારણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું કાંઈ નહિ. ભાવનું સમજવાનું છેને. કહો, સમજાણું આમાં?

ઉપાદાન કારણ નથી એમ. એટલે કે ખરેખર કારણ એ નથી. એમ લેવું. ખરેખર કારણ તો તારું તારામાં છે. સિદ્ધનું સિદ્ધમાં છે. કારણ કે એમ લેવું છેને કે આત્મા તો જ્ઞાયક છે ને એ જ્ઞેય છે. બસ આટલું. હવે એ જ્ઞેયને આમ કારણ કહ્યું ભિન્ન પાડીને સમજાવવામાં

એના ગુણનો જે સ્વભાવ એટલું. પણ ખરેખર તો જ્ઞાયક અને જ્ઞેય છે એ (એકબીજાને) કારણ છે નહિ એમ કહે છે એ. સમજાણું કાંઈ? એટલે કે એ જ્ઞેય છે તો જ્ઞાન થાય છે એમ નથી. એ છે તો કાર્ય થાય છે એમ તો નથી, પણ જ્ઞેય છે માટે જ્ઞાન થાય છે. (એમ નથી) સમજાણું કાંઈ? આહા..હા..! ચારેકોરથી વીતરાગનું તત્ત્વ જુઓ, પૂર્વાપર અવિરોધી એક વાન સિદ્ધ થાય છે. અજ્ઞાનીના કથનો વીતરાગના સર્વજ્ઞને સમજ્યા વિનાના અને એ સિવાના અજ્ઞાનીઓએ મારેલા ગોળા એક આત્મા છે ને ફલાણું છે ને ઈશ્વર કર્તા છે એનો ક્યાંય એકેય મેળ છે નહિ. સમજાણું કાંઈ? આ તો એક ધારા છ દ્રવ્ય છે, અનંત છે, અનંતના અનંત કાર્ય છે. જ્ઞેય તરીકે ભલે કીધા, પણ ખરેખર તેના કારણ આત્મા જ્ઞાયક અને જ્ઞેય છે એ સિવાય કાંઈ નથી. આહા..! નિમિત્ત કારણ પણ જ્ઞેય છે, માટે હેય છે એમ કહેશે. અહીં .. અકારણ કહ્યું. પછી હેય કહેશે. આકાશને લઈને હેય છે, નિમિત્તે હેય છે. જ્ઞેય છે ખરું પણ હેય છે.

મુમુક્ષુ :- આમાં હેય કીધા.

ઉત્તર :- હા એની છેને. અકારણ હેય કીધું, પણ અકારણે એમ. કારણ નથી માટે હેય છે એમ. કારણ નથી માટે હેય છે. વસ્તુ એ જ છે જ્ઞેય છે. જાણવા યોગ્ય છે બસ એટલું. જાણવાયોગ્ય છે, છે માટે જ્ઞાન થાય છે એમ નથી એમ કહે છે વળી. જ્ઞાન તો પોતાથી કરે છે એમાં એ નિમિત્ત સામે જ્ઞેય છે જાણવા યોગ્ય. એ સિવાય એના કાર્ય કરવા કે એનાથી તારામાં કામ થાય. વસ્તુમાં જડ ચૈતન્યમાં એ વસ્તુ નથી અને તું માન તો તારા ઘરમાં મિથ્યાત્વનો લાભ આવે છે. કહો, સમજાણું કાંઈ? દૃષ્ટિપણું ટાળવા માટે આ વાત કરે છે. અને આ મિથ્યાત્વ ટળ્યા વિના એને કોઈ રીતે ધર્મનો અંશ પણ થાય નહિ. મિથ્યાત્વ ટળ્યા વિના સ્વરૂપમાં ઠરે ક્યાંથી? સમજાણું?

એ સ્વરૂપનું ભાન થઈ મિથ્યાત્વ ટળે ત્યારે સ્વરૂપમાં ઠરે ત્યારે એને ચારિત્ર કહેવાય. એ ચારિત્ર કાંઈ મિથ્યાત્વ ટળ્યા વિના આવી જાય એમ નથી. માટે પહેલી વાત (કે) પર છે જાણવા યોગ્ય, તું જાણનાર. જાણનાર કેટલાનો? કે, બધાનો. પાછું એમ. આટલા બધા અનંતા પુદ્‌ગલનો પણ તું જાણનાર. આહા..હા..! એકે પરમાણુના કાર્ય કરનાર નહિ, એનાથી કામ લેનાર નહિ. પણ અનંતાનો જાણનાર એક સમયમાં. અનંતનો જાણનાર એક સમયમાં, આવી તારી તાકાત છે જ્ઞાનની, એ જ્ઞાનમૂર્તિનો તું ધણી છો. એ જ્ઞાનમાં નક્કી કર. હું જ્ઞાન છું. એ સિવાય મારી કોઈ ચીજ નથી. રાગ પણ નહિ, શરીર નહિ અને પર પણ નહિ એમ અંદર નિર્ણય કરવો એનું નામ યથાર્થ સ્વસ્વરૂપ દૃષ્ટિ-સમ્યગ્દર્શન છે, એ સમ્યગ્દર્શન થવા માટે આ વાત કરી છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૫, સોમવાર, તા. ૨૭-૧૨-૧૯૬૫**
**ગાથા-૨૦ થી ૨૨, પ્રવચન-૮૭**

'પરમાત્મપ્રકાશ' ૧૯ ગાથા થઈ. બીજા અધિકારની ૨૦મી. શું ચાલે છે આ? વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છ દ્રવ્ય એનું સ્વરૂપ ચાલે છે. વ્યવહાર સમ્યગ્દર્શન છે એ એક શુભ રાગ વિકલ્પરૂપ ભાવ છે. સમજાણું?

મુમુક્ષુ :- વ્યવહાર છે તેથી કહેવાયને.

ઉત્તર :- આ વ્યવહાર કહેવાય છે, કીધું ને. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ એની અંતર્મુખની નિર્વિકલ્પ પ્રતીતિ સમ્યગ્દર્શન એ પવિત્ર પર્યાય છે. આત્મા શુદ્ધ આનંદ, જ્ઞાન (આદિ) અનંત ગુણનો પિંડ પ્રભુ એની અંતરમાં, અનુભવમાં પ્રતીતિ એ સમ્યગ્દર્શન અરાગી પર્યાય છે. એ ખરેખર સમ્યગ્દર્શન છે અને એ ખરેખર નિશ્ચયથી મોક્ષનો માર્ગ છે. એની સાથે આ છ દ્રવ્યની શ્રદ્ધાનો રાગ, છ દ્રવ્ય છે જગતમાં, એનો વિકલ્પ એવો ત્યાં ભૂમિકામાં હોય છે. છે હેય. છે હેય, પણ આવ્યા વિના રહેતો નથી. છ દ્રવ્ય છે જગતમાં. એ છ દ્રવ્યનો બહિર્ વિષય એ વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે એ છ દ્રવ્ય. નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય સ્વદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

સાચું સમ્યગ્દર્શન એ મોક્ષનો માર્ગ એનો વિષય સ્વ ચિદાનંદ આત્મા ભગવાન એનો વિષય છે. એટલે કે સમ્યગ્દર્શનનું કારણ સ્વદ્રવ્ય છે નિશ્ચય અને વ્યવહાર સમ્યગ્દર્શનનું કારણ છ દ્રવ્ય છે. છ દ્રવ્ય વિષય કહો કે છ દ્રવ્ય કારણ કહો. સમજાણું કાંઈ? એમ આ વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં છ દ્રવ્યો શું છે કેવા? એમ બરાબર એને જાણીને શ્રદ્ધવા જોઈએ. વ્યવહાર શ્રદ્ધા કરવી જોઈએ. એ વચ્ચે વ્યવહાર શ્રદ્ધા આવી આવે છે. એની વાત ચાલે છે. જુઓ, ત્રણ તો થઈ ગયા.

પુદ્ગલ, ધર્માસ્તિ અને અધર્માસ્તિ. એ ત્રણ દ્રવ્ય છે ભગવાને જોયેલા કેવળજ્ઞાની પ્રભુએ. એ પુદ્ગલો આ પરમાણુથી માંડીને શરીર, કર્મ બધા એ આત્માની પર્યાય માટે ખરેખર તો અકારણ છે, એ કાંઈ કામના નથી, પણ નિમિત્તરૂપે સામી ચીજ જ્ઞેયમાં છે એ હેય તરીકે છે. આમાં કર્મ-બર્મ બધા હેય તરીકે આવ્યા. પુદ્ગલમાં આવ્યા કે નહિ કર્મ? આઠ કર્મ છે નિમિત્તરૂપે. ભગવાન આત્મા પોતાની નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધા અંતરની સ્વદ્રવ્યને અવલંબે પ્રગટ કરે તે કાળમાં એને વ્યવહારે એક વિકલ્પ છ દ્રવ્યની શ્રદ્ધાનો, પુદ્ગલની શ્રદ્ધાનો, કર્મ છે

એ કર્મ છે એવી શ્રદ્ધાનો એક વિકલ્પ છે. એ વિકલ્પ છે એમાં એ છ દ્રવ્યનો વિષય છે પણ એ છ દ્રવ્ય એ હેય છે. અને એની શ્રદ્ધા જે રાગ છે એ પણ ખરેખર હેય છે કે (કેમકે) એમાં પરદ્રવ્યનું અવલંબન આવે છે. સમજાણું કાંઈ? પણ એ જ્ઞેય તો છેને? આવે છતાં જાણવા લાયક તો છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં?

એ ત્રણ ધર્માસ્તિ, અધર્માસ્તિ અને પુદ્‌ગલ. એ ત્રણ. છ દ્રવ્યમાં સમ્યગ્દર્શનનો વિષય ત્રણ કીધા. હજી ત્રણ બાકી રહ્યા. એમાં અહીંયાં આત્મા પોતાના સ્વભાવની શ્રદ્ધા કરે, નિશ્ચય ત્યારે સામે છ દ્રવ્યમાં એક આકાશ નામનો પણ પદાર્થ છે, લોકાલોક આકાશ છે પદાર્થ. એ પણ વ્યવહાર સમ્યગ્દર્શનના છ દ્રવ્યના વિષયમાં આવી જાય છે. સમજાણું કાંઈ? એટલે ત્રણને તો નિમિત્ત તરીકે ગણી, જ્ઞેય તરીકે ગણીને હેય તરીકે કહ્યા. પુદ્‌ગલને હેય ગણ્યા, જ્ઞેય તરીકે ગણીને હેય ગણ્યા. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- હેય પણ રાખવા જેવા તો ખરાને.

ઉત્તર :- આ હેય રાખવા જેવા ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ? વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે છ. એવો રાગ આવે, પણ એ બહિર દ્રવ્યનું એમાં અવલંબન છે. અને પરાધીન છે અને એ રાગ નાશવાન છે. એ રાગ પરને અવલંબે પ્રગટ થતો વિનાશીક રાગ છે. એથી તે ઉપાદેય અંતર સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ એક ઉપાદેય નથી. છેલ્લું કહ્યું નહિ? '**अकारणानि हेयानि**' શુદ્ધ આત્મા ઉપાદેય સમજવું એમાંથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ બધું સમજવું પડતું હશે? આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એણે છ દ્રવ્ય, અનાદિ અનંત સંખ્યાએ અનંત, જાતિએ છ (જોયા). એ છને બરાબર જાણીને શ્રદ્ધવા જોઈએ. શ્રદ્ધવાનો એવો વિકલ્પ એને આવ્યા વિના રહેતો નથી. તો કહે છે કે ત્રણ દ્રવ્ય હેય કહ્યા પહેલા. જાણીને હેય કહ્યા, શ્રદ્ધીને, શ્રદ્ધવા છતાં એ દ્રવ્યે પણ હેય છે અને એની શ્રદ્ધાનો રાગ પણ હેય છે, છોડવાલાયક છે હેય.

'**આગે આકાશકા સ્વરૂપ કહતે હૈં –**' આકાશ એક. એ આત્માની જ્ઞાન પર્યાયમાં વિકલ્પ સહિતની શ્રદ્ધામાં આ બધા દ્રવ્યો આવડા એની પ્રતીતમાં આવ્યા વિના રહે નહિ. એવી પ્રતીત ન હોય એને નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રતીત હોતી નથી. સમજાણું કાંઈ? એમ કહેવા માગે છે. જેને આવા છ દ્રવ્યની પણ શ્રદ્ધાના ઠેકાણા નથી એને એવા વિકલ્પ રહિત એક દ્રવ્ય અખંડાનંદ પ્રભુ આત્મા એનું સમ્યગ્દર્શનની શ્રદ્ધા એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ત્રીજું આકાશ સ્વરૂપ કહતે હૈ.

१४६) दव्वुइँ सयलइँ उवरि ठियइँ णियमेँ जासु वसंति।
तं णहु दव्वु वियाणि तुहुं जणवर एउ भणंति।।२०।।

**અન્વયાર્થ :-** જેના પેટમાં બધા દ્રવ્યો રહે છે આકાશમાં. પેટ એટલે ઉદરમાં. આકાશ છે, અરૂપી આકાશ છે હોં! અહીં. અહીં અરૂપી આકાશ સર્વ વ્યાપક બધે લોકાલોક. એના પેટમાં એટલે અંદરમાં '**સબ દ્રવ્યેં સ્થિત હુઈ...**' જોયું? ઉદર શબ્દ વાપર્યો છે. આકાશના પેટમાં એટલે આકાશ છે તેના અંદરમાં, પેટ એટલે. '**सकलानि द्रव्याणि स्थितानि**' '**નિશ્ચયસે આધાર...**' નિશ્ચયસે એટલે વસ્તુ છે એમ. વસ્તુ છે, આધાર આકાશ છે અને (પાંચ) દ્રવ્ય એમાં બીજા રહેલા છે આકાશ સિવાય પાંચ. એ આધેય છે. આકાશ આધાર છે એ વસ્તુ આધેય છે. એ નવું નથી કાંઈ, અનાદિનું છે. ભારે! આકાશ નામનો એક અરૂપી પદાર્થ એમ ને એમ અરૂપી હોં! આકાશ દેખાય એમ નહિ. આ ઓલો ખાલી આકાશ દેખાય એ આકાશ નહિ.

અહીંયાં આકાશ અરૂપી છે એમ ને એમ. અસંખ્ય પ્રદેશ એમ એને એમ ચાલ્યા જાય છે. ઠેઠ ખાલી ભાગ ક્યાંય અંત ન આવે, ક્યાંય અંત ન આવે, અંત ન આવે, અંત ન આવે એવો અનંત આકાશ પ્રદેશ એમ ને એમ ચાલ્યા જ જાય છે... ચાલ્યા જ જાય છે... ચાલ્યા જ જાય... દશે દિશામાં. ઊંચે... ઊંચે... ઊંચે... લ્યો તો એમ ને એમ આ ખાલી ભાગ પછી ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... ચાલ્યું જ જાય છે. ક્યાંય નથી એમ નથી. એ ચારે બાજુ આકાશ વ્યાપક અરૂપી અનંત પ્રદેશી છે. એના ઉદરમાં-પેટમાં આધારે આ પાંચ બીજા રહેલા છે. સકળ દ્રવ્યો. સમજ્યા ને? '**निश्चयेन णियमें वसन्ति**' એટલે છે એમ કહેવું છે. '**णियमें वसन्ति**' પાંચ દ્રવ્યો આકાશમાં છે. નથી એમ નહિ એ અપેક્ષાએ નિશ્ચય કહ્યા છે. એમ.

'**આધેયરૂપ હોકર રહતી હૈં, ઉસકો તૂ આકાશદ્રવ્ય જાન,...**' આહા..હા..! એ આકાશ આવો, આકાશ. એ કેટલો આકાશ? દસે દિશામાં ચાલ્યો જ જાય અરૂપી, અરૂપી અનંત પ્રદેશી આકાશ. એને કહે છે કે, જાણ. જો કહે છે. છેને? '**એસા જિનેન્દ્રદેવ કહતે હૈં.**' એવું જિનેન્દ્રદેવ વીતરાગ તીર્થંકર ત્રિલોકનાથ ફરમાવે છે. કહો, '**લોકાકાશ આધાર હૈ, અન્ય સબ દ્રવ્ય આધેય હૈ.**' આધારમાં આટલું અને લોકાકાશ છેને ચૌદ બ્રહ્માંડ જેટલું? એમાં લોકાકાશ આધાર અને બીજા આધેય છે. બીજો ખાલી આકાશ તો ખાલી છે અનંત અનંત લોકની બહાર.

**ભાવાર્થ :-** '**યદ્યપિ યે સબ દ્રવ્ય આકાશમેં પરસ્પર એક ક્ષેત્રાવગાહસે ઠહરી હુઈ હૈં,...**' બધા આત્માઓ અને આકાશને બધા ભેગા ત્યાં છએ રહ્યા. '**તો ભી આત્માસે અત્યંત ભિન્ન હૈં,...**' એ આકાશ આદિ આ આત્મા ભગવાન એનાથી તદ્દન જુદાં... જુદાં... જુદાં... છે. '**ઈસલિયે ત્યાગને યોગ્ય હૈં,...**' એ માટે આકાશ પણ શ્રદ્ધવા લાયક છે,

પણ એ શ્રદ્ધાનો વિકલ્પ અને એ આકાશ હેય કરવા લાયક છે. ભારે ભાઈ! જેને છોડવું છે એને જાણવું શું કરવા? પણ જાણ્યા વિના કોને છોડવું? એ શું ચીજ છે? સમજાણું કાંઈ?

**'ઔર આત્મા સાક્ષાત્ આરાધને યોગ્ય હૈં,...'** એ આકાશ છે એમ જાણી વિકલ્પ હો, છોડવા જેવો છે. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદકંદ એની દૃષ્ટિ કરી અને એને આદરવા લાયક છે. એની દૃષ્ટિ કરવી એ જ એને આદરવા લાયક કહેવાય છે. કહો, આ ભગવાન આત્મા જ આદરવા લાયક છે. આહા..!

મુમુક્ષુ :- આકાશ .. માને છે?

ઉત્તર :- માને. ક્યાં ભાન છે એને? આકાશ છે એનું ભાન નથી. આ તો આકાશ છે એટલું જાણવા લાયક અને એની શ્રદ્ધાનો વિકલ્પ છે એટલી વાત. પણ એને વિકલ્પને આદરવા લાયક માને ત્યાં આકાશને આદરવા લાયક માન્યું. શું કીધું? જે ચીજની શ્રદ્ધાનો વિકલ્પ ઉઠ્યો છે એ વિકલ્પ આદરણીય માને તે પરદ્રવ્ય જ એણે આદરણીય માન્યો, સ્વદ્રવ્ય આદરણીય ન માને. એમ વાત છે. સમજાણું કાંઈ?

આકાશ આમ સર્વવ્યાપક. છે એમ શ્રદ્ધા કરી જ્ઞાનમાં. વિકલ્પ છે, પરદ્રવ્યનું અવલંબન છેને એમાં? પણ એ વિકલ્પ પણ ઉપાદેય માને તો એ પરદ્રવ્યને એણે ઉપાદેય માન્યું. સ્વદ્રવ્યને ઉપાદેય ન માન્યું. લ્યો શું છે? ભાઈ! આ તો ખરાખરીના ખેલ છે વીતરાગના. વીતરાગનો માર્ગ સમજવો એ કાંઈ આલીદુઆલી સાધારણનું કામ નથી. એ માની લે અમે સમજ્યા છીએ, પણ એ સમજવાના ખેલ આકરા છે. સમજાણું કાંઈ? જુઓ! કીધું ને **'जिणवर भणंति'** જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે. કે આકાશ સર્વ વ્યાપક અપાર... અપાર... અપાર... અપાર... જ્ઞાનમાં શ્રદ્ધેય છે એમ એટલું. પણ એ શ્રદ્ધાનો વિકલ્પ છોડવા જેવો છે. ભગવાનઆત્મા આનંદમૂર્તિ જ્ઞાન એને એવો આત્મા ભગવાન અનંત ગુણનો રાશિ એક એની કિંમત કરીને એની શ્રદ્ધા કરવા લાયક છે. એની કિંમત કરીને શ્રદ્ધા કે પરદ્રવ્યની કિંમત કાંઈ જ્ઞાનમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જ્ઞાનનો પર્યાય છે પણ એ પરદ્રવ્ય પર્યાય છે. પરદ્રવ્ય અવલંબી પર્યાય છે પરાધીન છે, નાશવાન છે, રાગવાળો પર્યાય છે. કહો, સમજાણું કાંઈ? એ ૨૦મી ગાથામાં ભગવાનઆત્મા અનંત સુખ સ્વરૂપ છે. આ આત્મા અનંત આનંદની મૂર્તિ છે અંદર. અતીન્દ્રિય આનંદ હોં! આ ધૂળના આનંદ માને છે, પૈસાના ધૂળના એ આનંદમાં નથી એ તો રાગ છે અને દુઃખ છે. આ બાયડી, છોકરા અને ફલાણા ને પૈસા, હજીરાને એ મારા, એમાં

મને સુખ છે એ તો રાગ છે અને એમાં સુખ માન્યું એ તો મિથ્યાભ્રાન્તિ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ તો મિથ્યાત્વ ભાવ છે. આહા..હા..!

ભગવાન આત્મા અંદર વસ્તુ એની અંદર અતીન્દ્રિય-અતીન્દ્રિય આનંદ રસ પડ્યો છે. અતીન્દ્રિય આનંદ અપાર રસ પડ્યો છે આત્મદ્રવ્યમાં-વસ્તુમાં. પીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ પડી છે. પીપરનો દાણો, દાણો આ પીપરનો નથી આવડો? લીંડીપીપર. એમાં ચોસઠ પહોરી તીખાશનો રસ પડ્યો છે અંદર આટલીમાં ચોસઠ પહોરી. આ ઘૂંટે છે નીકળે છેને ચોસઠ પહોરી. ક્યાંથી આવી? પથરામાંથી? ઘસવામાંથી? કોલસા ઘસેને? એમાં પડી છે. એ પીપરને દાણે-દાણે ચોસઠ પહોરો રસ તીખો અને લીલો રંગ. બહાર કાળી દેખાય અંદર લીલો રંગ છે. પૂરો લીલો રંગ, પૂરો તીખો રસ. એમ આ ભગવાન આત્માના અંદરમાં પૂરો અતીન્દ્રિય આનંદ અને પૂરું સર્વજ્ઞપદ અંદરમાં પડ્યું છે. હાય! હાય! એ પીપરની પ્રતીત થાય પણ આની ખબર ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ, શું કીધું? ભગવાન એક આરાધવા યોગ્ય. '**अत्यन्तभिन्नत्वात् धेय**' સમજાય છે? '**उपादेयभूतादनन्तसुखस्व रुपात्**' એમ કીધું. ટીકા કહે છેને? કેમ ભગવાન આત્મા આદરણીય છે, શ્રદ્ધા કરવા લાયક છે? એની કિંમત કરીને એમાં ઠરવા લાયક છે કેમ? કે એ અનંત સુખ સ્વરૂપ છે. અતીન્દ્રિય-અતીન્દ્રિય અનંત જેવો સિદ્ધનો આનંદ છે, એવો આનંદ અંદર પડ્યો છે પૂરે પૂરો અખંડ એકરૂપ. શક્તિરૂપ આનંદ છે એને એકાગ્ર, એમાં એકાગ્ર થઈને એ આનંદનો જ અનુભવ લેવા લાયક છે. લ્યો! સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કે દિ' પ્રયત્ન કર્યો છે કે દિ'? એમ ને એમ બહારને બહાર ધમાલ કર્યા છે. આ ભાઈઓને સાચવ્યા, ફલાણાને સાચવ્યા, છોકરાને ઠેકાણે પાડ્યા અને ચોપડીયું કર્યું. કર્યું અભિમાન. એય..! 'શશીભાઈ'! શું કર્યું છે અત્યાર સુધી? કોઈ દિ' પોતે નિધાન પડ્યું છે અંતર અતીન્દ્રિય આનંદ. જિનવર ત્રિલોકનાથ પરમેશ્વર કહે છે, બાપા! તારામાં અતીન્દ્રિય, અતીન્દ્રિય-ઈન્દ્રિય વિનાનો અનંત અનંત રસનો પિંડલો છો. સમજાય છે કાંઈ? હજી શું હશે? કાંઈ મોંમાથુ હાથ આવતું નથી. કોઈ દિ' સાંભળ્યું નથી, સાંભળીને એની તુલનાનો વિચાર કર્યો નથી, વિચાર કરીને શું ચીજ છે એની દૃષ્ટિ કરી નથી. શું થાય? આ હોળી બહારના. આ કર્યા અને ધૂળ કરી અને આ કરી પૈસાને. પૈસા-બૈસા તો ક્યાં મેળવે છે? રાગ-રાગ. બાયડી, છોકરાને નહોતા ને સાંપડ્યા, નહોતાને ગયા. વાતું બહુ કરે માણસો. ગરીબ માણસ ન હોય એને સાંપડે પાંચ, પચ્ચીસ લાખ અને હોય એના પુણ્ય થઈ રહ્યા

તો વયા જાય. હતા અને ગયા, નહોતા અને સાંપડ્યા. ધૂળેય નથી ગયું ને આવ્યું. સાંભળને હવે એ તો. એ બહારના ધૂળના ધમાહા પુદ્ગલના લોચા જડ છે. એના વિકલ્પની જાળમાં એણે અનંત કાળ ગુમાવ્યો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અરે..! આવો મનુષ્ય દેહ માંડ મળ્યો. સમજાણું? ‘બહુ પુણ્યકેરા પુણ્યથી...’ નથી આવતું શ્રીમદ્‌માં? માનવદેહ મળ્યો.. આવો માનવ કે બાપા! આ સ્વરૂપની કિંમત નહિ કર તો (અને) કિંમત પરની કરીશ તો તારું રખડવું મટશે નહિ કોઈ દિ’. ભાઈ! તેં તારી કિંમત કોઈ દિ’ કરી નથી. હીરા-માણેકને પરખ્યા, મોતીઓને પરખ્યા, કપડાને પરખ્યા, ઘોડા-હાથીને પરખ્યા. પરખે નહિ કે આવો ઘોડો હોય તો આવો, આવો બળદ હોય તો આવો ને આવી ગાય હોય તો આવા ને આવું કપડુ હોય તો આવું. મકાનને કેવા પરખ્યા મકાનને? આ મકાન લે તો આમ આમ કરે પાછું. શું કહેવાય? ટકોર મારે. એનું પ્લાસ્તર કેવું છે, લાખ, બે લાખનું મકાન લેવું હોય તો પ્લાસ્ટર-બ્લાસ્ટરમાં આમ કરે કેવું ખોટું કેવું થઈ ગયું છે, કેટલા વર્ષનું છે? પ્લાસ્ટરમાં વચ્ચે પોલ તો નથી થઈ ગઈને? ત્યાં બધી પરીક્ષાઓ ધૂળની. લાખ, બે લાખનું મકાન લેવું હોય તો. આ ભગવાન કોણ છે એની પરીક્ષા કરી એણે કોઈ દિ’? જુગરાજજી! નથી કરતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્યાં ધંધા તમારે કપાડ, ક્યાં ધંધા હૈ?

મુમુક્ષુ :- કાપડ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કાપડની આવી જાત હોય અને કાપડની આવી જાત હોય અને કેટલી ખડકે. બે, પાંચ લાખનું નાખીને. આ લાવ ને આ રાખ ને. આહા..હા..!

મુમુક્ષુ :- ... આવતી નથી.

ઉત્તર :- એ આત્માની કૃપા થાય એટલે આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે! પ્રભુ કહે છે અહીં કે અનંત સુખ સ્વરૂપ. આ શબ્દ પડ્યો છેને? એ અનંત સુખ સ્વરૂપ એ જ દૃષ્ટિ કરીને આદરવાલાયક છે. બાપા! એ જ દૃષ્ટિ કરવા લાયક છે અને પછી ઠરવા લાયક છે. બસ આ એક છે એના માટે. આ શ્રદ્ધા કરવા લાયક છે, વિકલ્પ છે આવે, આવ્યા વિના રહેતો નથી. સમજાણું? આહા..હા..! એ બાહ્ય દ્રવ્યના અવલંબે એ વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્રનો રાગ હોય છે. ઓલી બાહ્ય દ્રવ્યના અવલંબનવાળી વાત છે માટે .. નાશવાન છે, પરાધીન છે. ભગવાન આત્માના અવલંબે એ સ્વાધીન છે, અવિનાશી છે. સમજાણું?

ત્યાં કહ્યુંને વ્યવહારનું? ... નિર્વિકલ્પ શાંતિ એ સ્વને આશ્રયે છે અને વ્યવહાર જ્ઞાન .. શ્રદ્ધા આદિ સમાધિથી વિરુદ્ધ છે. ઓલું પરાધીન કીધું પછી સમાધિથી વિરુદ્ધ છે. વ્યવહાર

મોક્ષમાર્ગ એ આત્માની શાંતિથી વિરુદ્ધ છે. વ્યવહાર મોક્ષમાર્ગ પરદ્રવ્ય અવલંબી છે, નિશ્ચય મોક્ષમાર્ગ સ્વદ્રવ્ય અવલંબી છે. વ્યવહાર મોક્ષમાર્ગ અશાંતિ છે, નિશ્ચય મોક્ષમાર્ગ સમાધિશાંતિ છે. સમજાણું કાંઈ? વ્યવહાર મોક્ષમાર્ગ વ્યવહારે પવિત્ર છે, નિશ્ચયે અપવિત્ર છે. ભગવાન આત્માનો નિશ્ચય સમ્યગ્દર્શન આદિ માર્ગ પરમાર્થે પવિત્ર છે. એ નિશ્ચય મોક્ષ માર્ગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. વ્યવહાર મોક્ષમાર્ગ વ્યવહારે પવિત્રતાનું કારણ ગણીને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે. બાકી નિશ્ચયથી તો પરાધીન, શાંતિથી વિરુદ્ધ અને ખરેખર સ્વભાવની શાંતિની અપેક્ષાએ એને પાપ પણ કહેવામાં આવે છે. આહા..હા..! અરે! આને પણ, પોતે કેવડો ક્યાં એની કિંમત ન મળે અને આ બહારની કિંમત બહુ એને. શાસ્ત્રના ભણનારા પણ ગોતી ગોતીને એમાંથી આ કાઢ્યું. સમજાણું? હીરો ગોતવો જોઈએ એને ઠેકાણે આ. શું કહે છે કાંઈ? ખોદ્યો ડુંગર ને શું કીધું? કાઢ્યો ઉંદર. હવે આ શું શાસ્ત્ર ગોતી ગોતીને કાઢ્યું શું તેં?

મુમુક્ષુ :- સમુદ્ર વલોવીને ઝેર કાઢ્યું.

ઉત્તર :- ઝેર કાઢ્યું. આહા..હા..! ભગવાન આત્મા ભાઈ! એની કિંમતું કેવળી પણ કોઈ બોલી શક્યા નથી. બોલી શક્યા નથી, જાણી શક્યાનું અનુભવ પૂરું પૂરી કિંમત ભગવાનની વાણીમાં પણ આવતી નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.' શું કહેવું એ? સ્વસંવેદન ચીજ આખી આનંદકંદ એને વાણી દ્વારા, વાણી જડ ઓલો આત્મા અરૂપી. આ રૂપી. આ મૂર્ત, ઓલો અમૂર્તિક એક બીજાના વિરોધી દુશ્મન. આહા..હા..!

એવો ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખનો સાગર પડ્યો છે પ્રભુ. કહે છે કે એની શ્રદ્ધા કરવા લાયક છે, એને અંતરમાં આદરવા લાયક છે. બાકી કોઈ આદરવા લાયક છે નહિ. આહા..હા..! આમાં આવા આકાશમાં એ નાખ્યું. ઓલા ત્રણમાં નાખ્યું. આકાશમાં. ચાર અને હવે કાળ રહ્યો. હેય છેને કાળ? એ તો કાળનો ભેદ તો કેદુંનું કહ્યું હતું મેં. ઓલા કાળલબ્ધિવાળા. ૨૧મી ગાથામાં નહિ. 'દ્રવ્યસંગ્રહ' ૨૧મી ગાથા તે દિ' ચોરાશીની સાલથી આમાં એને બતાવતા હતા. ઓલા કહે એય..! આમ છે. હવે સાંભળને. કાળ છે. કોણ ના પાડે છે? નિમિત્ત છે કાળ કીધું. આદરણીય તે આત્મા હશે કે કાળદ્રવ્ય આદરણીય હશે? એમાં છે એમાં પાઠમાં એ. ૨૧ નહિ? 'દ્રવ્યસંગ્રહ' તે દિ' ચોરાશીમાં. અમારા આ જીવરાજજીને ભરાવ્યા ઓલા.. વાતું કરતા હું બેઠો હતો અંદર અને એ જ મારે આવતું હતું. તાકડે પાનું એ આવ્યું હતું. ભાઈ! આ કાળ-ફાળ તો જાણવા લાયક છે. જાણીને એની શ્રદ્ધાનો વિકલ્પ પણ છોડવા લાયક છે. અહીં વ્યવહાર સમ્યક્‌નો વિષય બતાવે છે, પણ જાણવું તો ખરું ને. જાણ્યા

વિના શેને છોડવું? કઈ ચીજને કઈ રીતે છે તેને છોડવી એમ. સમજાણું કાંઈ?

આ માર્ગની તો ... સૌને હોય કે નહિ? બાપા આવો માર્ગ છે ભાઈ! આપણા વાણિયામાં તો નહિ ઓલો ફરસો આપે છે પરાણે. ખાધા પછી. આ રહ્યા જુઓ આ બધા મફતિયા એવા. ખાઈ ગયો હોય તોપણ થોડો ખા, થોડો ખા. પછી મરી જાઈશ ભાઈસાબ હવે પૂરું પેટ.. એમ આ કહે છે લે રે લે આ માર્ગ. તેં કોઈ દિ' આ માર્ગ જાણ્યો નથી. આહા..હા..! અનંત સુખ સ્વરૂપ ભગવાન આત્મા એ જ ઉપાદેય છે. બાકી બધું બીજું તો હેય છે, પણ એની શ્રદ્ધાનો રાગ પણ હેય છે. આહા..હા..!

હવે **'આગે કાલદ્રવ્યકા વ્યાખ્યાન કરતે હૈં -'** એક વસ્તુ છે હોં! કાળ. કેટલાક તો ભાઈ સંપ્રદાયમાં કાળને માનતા નથી એવો સંપ્રદાય જૈનમાં પણ એક છે એથી કાળ દ્રવ્યની વ્યાખ્યા જેવી છે એવી જાણવી જોઈએ. જાણીને એનો વિકલ્પ છે. એ શ્રદ્ધવામાં આવે પણ એ છોડવા લાયક છે.

૧૪૭) **कालु मुणिज्जहि दव्वु तुहुँ वट्टण-लक्खणु एउ।**
**रयणहँ रासि विभिण्ण जिम तसु अणुयहँ तह भेउ।।२१।।**

અન્વયાર્થ :- **'હે ભવ્ય, તૂ ઈસ પ્રત્યક્ષરૂપ વર્તનાલક્ષણવાલેકો કાલદ્રવ્ય...'** **'एतत्'** કીધુંને? આ. આ. એમ કીધું છે. એક કાળ નામના અસંખ્ય અણુઓ છે ભાઈ! ઝીણી વાત છે જરીક. આ ચૌદ બ્રહ્માંડ છે રાજુલોક એમાં અનંતા આત્માઓ છે, અનંતા પરમાણુઓ છે અને અહીંયાં આકાશના પ્રદેશ અસંખ્ય છે. એક-એક પ્રદેશે એક-એક કાલાણુ અરૂપી પદાર્થ છે. જેમાં એક કાલાણુમાં પણ અનંતા ગુણો છે જડના એના. એવા એક-એક અહીં આકાશ પ્રદેશ છે. એક-એક પ્રદેશે એક-એક (કાલાણુ) છે. રત્નના ઢગલાની પેઠે અસંખ્ય કાલાણુઓ ચૌદ બ્રહ્માંડમાં છે. એ વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં એ કાલાણુની શ્રદ્ધા આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ! **'ઈસ પ્રત્યક્ષરૂપ વર્તનાલક્ષણવાલેકો કાલદ્રવ્ય જાન...'** એ વર્તનાલક્ષણ, બીજા પરિણમે એમાં નિમિત્તરૂપે છે, એનું ગુણ વર્તનાલક્ષણ છે. **'અર્થાત્ અપને આપ પરિણમતે હુએ...'** દેખો! ભાષા. સંસ્કૃતમાં છે. આ જીવ અને પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ ને આકાશ પોતે પોતાથી બદલે છે, પરિણમે છે. **'અપને આપ પરિણમતે હુએ દ્રવ્યોંકો કુમ્હારકે ચક્રકી નીચેકી સિલાકી તરહ જો બહિરંગ સહકારીકારણ હૈ,...'** દેખો! શું કહે છે? આ શરીર આત્મા છેને ક્ષણે ક્ષણે પલટે છે. આત્મામાં પરિણમન થાય છે બદલવું, જડમાં બદલે છે અવસ્થા. એમ બીજા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ બદલે. એ કાળ નામના અણુઓ છે પદાર્થ. એ બીજા પરિણમે તેને પોતે પરિણમે તેને બાહ્ય સહકારી કારણ કહેવાય. સહ-

સાથે રહેલું એક નિમિત્ત કારણ કાળદ્રવ્ય છે. દરેક દ્રવ્ય પોતાની અવસ્થાપણે બદલે. એમાં બાહ્ય એક કાળદ્રવ્ય બાહ્ય સહકારી કારણ છે એને બરાબર શ્રદ્ધવું જોઈએ. સમજાણું કાંઈ?

કોની પેઠે? **'કુમ્હારકે ચક્કી નીચેકી સિલાકી તરહ...'** કુંભારનું ચક્ર ચાલેને એમાં નીચે હોયને શીલાની એક ખીલો-ખીલી, ખીલી ઉપર આખું ચક્ર ચાલે આમ. ચક્ર ચાલે છે પોતાથી, પણ એને નિમિત્ત ઓલું છે. એમ દરેક પદાર્થ બદલે છે, પરિણમે છે, રૂપાંતર થાય, અવસ્થાંતર થાય પોતાથી. એમાં નિમિત્ત કારણ, સહકારી કારણ એ બહિર કીધુંને. પાઠમાં છે જુઓને. **'स्वयमेव परिणममाणानां द्रव्याणां बहिरङ्गसहकारिकारणम्'** બહાર સહકારી કારણ. **'જો બહિરંગ સહકારીકારણ હૈ, યહ કાલદ્રવ્ય અસંખ્યાત પ્રદેશપ્રમાણ હૈ.'** અસંખ્યાત પ્રદેશ છે વસ્તુ. **'જૈસે રત્નોંકી રાશિ જુદારૂપ હૈ,...'** રત્નના ઢગલો હોય રત્ન. પાંચ શેર રત્ન એ ભિન્ન... ભિન્ન... ભિન્ન... એકલો ઢગલો આમ. એમ અસંખ્ય કાલાણુઓ ચૌદ બ્રહ્માંડમાં જુદાં-જુદાં છે. **'સબ રત્ન જુદા જુદા રહતે હૈં - મિલતે નહીં હૈં, ઉસી તરહ ઉસ કાલકે કાલકી અણુઓંકા ભેદ હૈ.'** એટલે કોઈ કાળનો અણુ એકમેક થતાં નથી. **'એક કાલાણુસે દૂસરા કાલાણુ નહીં મિલતા.'** એક કાળાણું છે અરૂપી. થોડું આ તો જાણવાનો વિષય છે. ભગવાનના કહેલા દ્રવ્યો છે, વ્યવહાર સમકિતનો વિષય છે એટલે એને જાણવું જોઈએ. કેટલાક ન જ માને કાળદ્રવ્યને, પુદ્ગલને આદિ ન માને તેને વ્યવહાર શ્રદ્ધામાં એ ખોટ છે. એને નિશ્ચય શ્રદ્ધા આત્માની થઈ શકે નહિ. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- હવે શિષ્યનો પ્રશ્ન છે. **'કિ સમય હી નિશ્ચયકાલ હૈ, અન્ય નિશ્ચયકાલ નામવાલા દ્રવ્ય નહીં હૈ?'** શું પૂછે છે શિષ્ય? જરીક ઝીણું પડે ધ્યાન રાખજો. કે મહારાજ! એક સમયનો પર્યાય છેને એક સમય એ જ કાળ, એ જ કાળ છે એના સિવાય બીજો કાળ નામનો પદાર્થ અમને દેખાતો નથી. એમ શિષ્ય પૂછે છે. **'અન્ય નિશ્ચયકાલ નામવાલા દ્રવ્ય નહીં હૈ?'** કાળ અણુ જે તમે કહો છો આખો એ તો મને નથી લાગતો. એની એક સમયની અવસ્થા થાય છે આ પર્યાય, એ પર્યાયને કાળ અમે તો માનીએ. આખું દ્રવ્ય તમે કહો છો જુદું એ અમને જણાતું નથી. **'ઈસકા સમાધાન શ્રીગુરુ કરતે હૈં. સમય વહ કાલદ્રવ્યકી પર્યાય હૈ,...'** ભાઈ! એક સમયની અવસ્થા એ પર્યાય છે કાળદ્રવ્યની દ્રવ્ય છે એ ત્રિકાળી છે. સોનું છે એ કાયમ છે, પણ એની કુંડળ, કડાની અવસ્થા વર્તમાન છે. એમ કાલાણુ એક અરૂપી કાયમ દ્રવ્ય છે એની એક સમય, બે સમય, ત્રણ સમય જેમ કહેવાય છે એ એની પર્યાયનો ભાગ છે. પર્યાય પર્યાય(વાન) વિના, પર્યાયવાન વિના હોય નહિ. **'ક્યોંકિ વિનાશકો પાતા હૈ.'** ક્યોંકિ એક સમયકી પર્યાય નાશ થઈને બીજે સમયે

બીજી અવસ્થા થાય, બીજી અવસ્થા-પર્યાય થાય છે. **'એસા હી શ્રીપંચાસ્તિકાયમેં કહા હૈ 'समओ उप्पण्णपद्धंसी' અર્થાત્ સમય ઉત્પન્ન હોતા હૈ...'** એક સમયની અવસ્થા ઉત્પન્ન થાય, બીજે સમયે સમાઈ જાય ને નવી અવસ્થા થાય, નવો સમય થાય.

**'ઈસસે જાનતે હૈં કિ સમય પર્યાય દ્રવ્યકે બિના હો નહીં સકતા.'** એક સમયની... આ સમય કહેવાયને કે એક સમય થયો. એક સમય થયો, એક કલાક થયો લ્યો! એક કલાક ગ્યો લ્યો! પાછો. એવો એક પર્યાય છે સમય. એ પર્યાયને સમય કહે છે. એક સમયની પર્યાયને એનો અવસ્થા કહે છે, પણ એ પર્યાય ત્રિકાળી દ્રવ્યનો એક અંશ છે. પર્યાય દ્રવ્ય વિના હોય નહિ, અવસ્થા અવસ્થાવાન વિના હોય નહિ. એક સમયની દશા, દશાવાન પદાર્થ વિના હોય નહિ. બહુ ઝીણી વાત. આ લોકોને ક્યાંય અત્યારે નિવૃત્તિ ન મળે. અનંત કાળથી એણે લીધી નથી કોઈ દિ'. **'કિસ દ્રવ્યકા પર્યાય હૈ, ઈસ પર અબ વિચાર કરના ચાહિયે. યદિ પુદ્ગલદ્રવ્યકી પર્યાય માની જાવે, તો જૈસે પુદ્ગલ પરમાણુઓંસે ઉત્પન્ન હુએ ઘટાદિ મૂર્તિક હૈં, વૈસે સમય ભી મૂર્તિક હોના ચાહિયે,...'** શું કહે છે? એક સમય માપ કહેવાય છેને? એક સમય. એક સમય જો પુદ્ગલની પર્યાય હોય તો પુદ્ગલ મૂર્ત છે તો એ પર્યાય પણ મૂર્ત દેખાવી જોઈએ. **'પરંતુ સમય અમૂર્તિક હૈ,...'** એક સમય એને રૂપ નથી, એ અમૂર્ત છે. **'ઈસલિયે પુદ્ગલકી પર્યાય તો નહીં હૈ. પુદ્ગલપરમાણુ આકાશકે એક પ્રદેશસે દૂસરે પ્રદેશકો જબ ગમન હોતા હૈ,...'** એક રજકણ છે પોઈન્ટ. એક પ્રદેશથી આમ બીજા પ્રદેશે જાય એટલામાં એક સમયનું માપ આવે છે. એ સમયનું માપ એ પર્યાય છે. સમજાણું?

**'જો સમય-પર્યાય કાલકી હૈ,...'** એ એક સમયની પર્યાય એ કાળ નામનો અણુ દ્રવ્ય ત્યાં છે એની અવસ્થા છે. **'પુદ્ગલપરમાણુકે નિમિત્તસે હોતી હૈં,...'** ભલે પરમાણુ આમ ગતિ કર્યો. એક પ્રદેશથી આમ બીજે પ્રદેશ એ પુદ્ગલની ગતિનું માપ કર્યું એથી એનું નિમિત્ત કહેવાણું, પણ ઓલો પર્યાય છે એ પુદ્ગલનો નથી, પુદ્ગલથી થયેલો નથી. કાળ નામનો એક પદાર્થ છે એનાથી થયેલો છે. **'નેત્રોંકા મિલના તથા વિઘટના ઉસસે નિમેષ હોતા હૈ,...'** નિમેષ આમ. નિમેષમાત્ર નથી કહેતા? મેખોનમેખ. એ વળી ઘણી સમયનું મેખોમેખ થાય. એક સમયને પર્યાય કહીએ, અસંખ્ય સમયને આમ મેખોમેખનો કાળ કહીએ. **'જલ-પાત્ર તથા હસ્તાદિકે વ્યાપારસે ઘટિકા હોતી હૈ,...'** એ વિશેષ ઓલી છેને? **'ઔર સૂર્યબિમ્બકે ઉદયસે દિન હોતા હૈ,...'** **'ઈત્યાદિ કાલકી પર્યાય હૈં, પુદ્ગલદ્રવ્યકે નિમિત્તસે હોતી હૈં, પુદ્ગલ ઈન પર્યાયોંકા મૂલકારણ નહીં હૈ,...'** પુદ્ગલદ્રવ્ય નિમિત્ત ખરું. એક સમય, બે સમય, ત્રણ સમય, ચાર સમય ગણતરીમાં પુદ્ગલનું નિમિત્ત ખરું,

પણ એનાથી ઉત્પન્ન થતી નથી. '**પુદ્‌ગલ ઈન પર્યાયોંકા મૂલકારણ નહીં હૈ, મૂલકારણ કાલ હૈ.**' થોડું-થોડું કહીએ ભાઈ! હોં! આમાં. સમજે આ વાત આવી જાય છે બધી. '**જો પુદ્‌ગલ મૂલકારણ હોતા તો સમયાદિક મૂર્તિક હોતે.**' એક સમય, બે સમય, ત્રણ સમય જો પુદ્‌ગલની પર્યાય હોય તો પુદ્‌ગલ મૂર્ત છે અને સમય પણ મૂર્ત હોવો જોઈએ.

'**જૈસે મૂર્તિક મિટ્ટીકે ઢેલેસે ઉત્પન્ન ઘડે...**' એ મૂર્તિક મિટ્ટીનો ઢગલો એનાથી ઘડો પણ મૂર્ત થાય છે, એનાથી ઘડો મૂર્ત થાય છે. એમ પુદ્‌ગલ મૂર્ત છે એનાથી જો સમય પર્યાય હોય તો એ પણ મૂર્ત હોવું જોઈએ. '**વૈસે સમયાદિક મૂર્તિક નહીં હૈં. ઈસલિયે અમૂર્તદ્રવ્ય જો કાલ ઉસકી પર્યાય હૈં,...**' માટે કાળ નામનો એક અણુ તે ઠેકાણે છે, પર્યાય હોય તે તે ઠેકાણે એ પર્યાયવાન હોય. જુઓ! આ શીશપેનની અવસ્થા છે આ. એ અવસ્થા સમયની એક અવસ્થા છેને આ અવસ્થા છે. તો એ અવસ્થા પ્રમાણે આખુ દ્રવ્ય છે. એ અવસ્થા જેટલામાં છે તેટલામાં એ દ્રવ્ય છે. એ બધી ઝીણી વાત છે. આ લોજીકથી વીતરાગનું તત્ત્વ એવું છે કે આ અવસ્થા છેને? આ આંગળીની અવસ્થા જુઓ! આ અવસ્થા છેને એટલી? એ અવસ્થા પ્રમાણે એ પરમાણુ છે ત્યાં એટલો પહોળો. અવસ્થા જેટલામાં છે એટલા જ પ્રમાણમાં એ દ્રવ્ય છે. એમ કાલાણુ જે અવસ્થા છે જે ઠેકાણે તે ઠેકાણે એ કાલાણુ પોતે છે. એ કાલાણુ દ્રવ્યની એ પર્યાય છે. સમજાણું?

'**પરંતુ વિનશ્વર હૈં, અવિનશ્વરપના દ્રવ્યમેં હી હૈ,...**' શું કહે છે? પર્યાય છે તે વિનશ્વર છે. એક સમયની અવસ્થા નાશવાન છે. અવિનશ્વરપણું તો ઓલા કાલાણુ દ્રવ્યમાં છે. પર્યાયમાં અવિનશ્વરપણુ નથી. '**યહ નિશ્ચયસે જાનના. ઈસલિયે સમયાદિકકો કાલદ્રવ્યકી પર્યાય હી કહના ચાહિયે, પુદ્‌ગલકી પર્યાય નહીં હૈં, પુદ્‌ગલપર્યાય મૂર્તિક હૈ. સર્વથા ઉપાદેય...**' હવે છેલ્લી વાત પાછી. આ જાણીને, શ્રદ્ધીને, ઓળખીને એનો વિકલ્પ છોડવા જેવો છે. ખાઈને પછી હાથ ધોઈ નાખો કે ખાધા વિના હાથ ધોવો? એમ કાલાણુ છે એનું નક્કી કરીને એનો વિકલ્પ છોડવા જેવો છે. આહા..હા..!

'**સર્વથા ઉપાદેય શુદ્ધ-બુદ્ધ કેવલસ્વભાવ...**' દેખો! હવે એ વ્યવહારમાં કાળદ્રવ્ય આવો છે, એની એક સમયની પર્યાય છે, એમ શ્રદ્ધવા લાયક છે. વ્યવહાર સમકિતના છ દ્રવ્ય વિષય છે, કારણ છે માટે માનવા લાયક છે, પણ આદરવા લાયક નથી. ભારે વાત ભાઈ! શુદ્ધ-બુદ્ધ સ્વભાવ-ભગવાન આત્મા શુદ્ધ છે, બુદ્ધ નામ જ્ઞાનનો પિંડ છે. એવો એક કેવળ સ્વભાવ. સમજાય છે? છેને શુદ્ધ એક સ્વભાવ એનો અર્થ કેવળ કર્યો. શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ પાઠમાં છે. એનો અર્થ અહીં કેવળ કર્યો. એક સ્વભાવ ભગવાન! શુદ્ધ નામ પવિત્ર છે આતમા, બુદ્ધ નામ જ્ઞાનની મૂર્તિ છે અને એક સ્વભાવ નામ કેવળ એક સ્વરૂપ

છે. આમ એકલો સ્વભાવ અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ. એ જીવ '**ઉસસે ભિન્ન કાલદ્રવ્ય હૈ,...**' કાળદ્રવ્ય આત્માના ભગવાનથી જુદો છે.

'**ઈસલિયે (કાલ) હેય હૈ,...**' એ કાળદ્રવ્ય હેય છે, આદરવા લાયક નથી. '**યહ સારાંશ હુઆ.**' એ સારાંશનો અંશ એમાંથી આ કાઢ્યો. જાણવું, માનવું અને છોડવું. કહો, સમજાણું? રાગ છે એમ જાણવું તો જોઈએ કે નહિ? રાગ છે જાણવો, છોડવો. આત્મા જ્ઞાનાનંદ છે જાણવો, આદરવો. સમજાણું કાંઈ આમાં? ભગવાન આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ સ્વરૂપ એક સ્વભાવ જાણવો. દૃષ્ટિ કરવી, ઠરવું, રાગાદિ જાણવો, છોડવો. એમ કાળદ્રવ્ય આદિ જાણવો એનો વિકલ્પ શ્રદ્ધામાં છોડવા લાયક છે. સમજાણું કાંઈ? એ ૨૧મી થઈ. જાણવાની વાત હતીને થોડી-થોડે લેવાની.

'**આગે જીવ, પુદ્‌ગલ, કાલ યે તીન દ્રવ્ય અનેક હૈં, ઔર ધર્મ, અધર્મ, આકાશ યે તીન દ્રવ્ય એક હૈં, એસા કહતે હૈં.**' એની સંખ્યા કહે છે હવે. સંખ્યા પણ એને શ્રદ્ધવામાં લેવી જોઈએ.

૧૪૮) जीउ वि पुग्गलु कालु जिय ए मेल्लेविणु दव्व।
इयर अखंड वियाणि तुहुँ अप्प-पएसहिँ सव्व।।२२।।

**અન્વયાર્થ :-** '**હે જીવ! તૂ જીવ ઔર પુદ્‌ગલ, કાલ ઈન તીન દ્રવ્યોંકો છોડકર...**' પુદ્‌ગલ પરમાણુ જે છે આ રજકણોની સંખ્યા અનંત. આત્માની સંખ્યા પણ અનંત છે. એક, બે, પાંચ, પચ્ચીસ સંખ્યા અસંખ્ય નહિ. આત્મા સર્વજ્ઞ ભગવાને અનંત જોયા છે, છે. છે એમ જોયું છેને? જોયું છે એમ છે. છે એમ જોયું છે, છે એમ કહ્યું છે. અનંત આત્મા છે, એક બટાટાની કટકી એટલી રાઈની કટકી જેટલી એક કટકી લ્યો, તો એમાં અસંખ્ય તો એક શરીર છે ઔદારિક ઝીણા અને એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ ભગવાન થયા એથી અનંત ગુણા જીવ એક શરીરમાં છે. શ્રદ્ધવા જોશે એણે માનવું જોશે, વ્યવહાર સમકિતના વિષયમાં, એમ કહે છે. અનંતી સંખ્યા માનવી પડશે ભાઈ! એમ કીધું. આહા..હા..! એક રાઈની કટકી લો બટાટાની, શકરકંદની, ડુંગળીની, લસણની આટલી કટકી હોં! રાઈ જેટલી તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે. આ મોટું છે. એ ઝીણું, બહુ ઝીણું એવું અસંખ્ય શરીર છે. એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ ભગવાન થયા, છ મહિના અને આઠ સમયે ૬૦૮ મુક્ત થાય, ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્ત થાય. એવા અનંત કાળથી મુક્ત થવાની સંખ્યા છે. એથી એક શરીરમાં અનંત ગુણા જીવ છે. એવા એવા અસંખ્ય શરીર છે આખો લોકમાં ઔદારિક ભરેલા. એ જીવની સંખ્યા અનંત છે એવી એને શ્રદ્ધવી જોઈએ. શ્રદ્ધીને તેનો વિકલ્પ છોડવા જેવો

છે. સમજાણું કાંઈ? એમ એનાથી અનંત ગુણા પુદ્‌ગલો છે. જુઓ, અહીં જીવ એક છે અને આ અનંત ગુણા રજકણો છે, આ રજકણ. આ કાંઈ મૂળ ચીજ નથી આ કટકા કટકા કરતાં... કરતાં... કરતાં... કટકો છેલ્લો રહે એને ભગવાન પરમાણુ કહે. ઝીણો અણુ એવું ઘણા રજકણનો આ દળ છે, ભેગું છે આ તો.. એવા એવા અનંત રજકણો છે આ બધા, એવા આ બધા અનંત રજકણ છે. એક જીવની સંખ્યા કરતા રજકણની-પુદ્‌ગલની અનંત ગુણી સંખ્યા છે. એવું એણે જ્ઞાનમાં શ્રદ્ધવું જોઈએ. શ્રદ્ધીને તે વિકલ્પ છોડવા જેવો છે. સમજાણું કાંઈ?

અને કાળ. કાળ છે એ અસંખ્ય છે. કાળ છેને? ચૌદ બ્રહ્માંડમાં એક એક આકાશના પ્રદેશે એક એક અણુ એ અસંખ્ય છે. જીવ અનંત, પુદ્‌ગલ અનંતા અનંત, કાળ અસંખ્ય એ ત્રણ ઘણા છે. અહીં ઘણાને ઘણા રીતે માનવા. અને એ છેને ત્રણે દ્રવ્યો છોડીને '**દૂસરે ધર્મ, અધર્મ, આકાશ...**' એક-એક છે. ધર્માસ્તિ નામનો એ પદાર્થ ભગવાને ચૌદ બ્રહ્માંડપણે જોયો કીધુંને હમણાં. જીવ ગતિ કરે ત્યારે નિમિત્તરૂપે છે. અને એક ગતિ કરીને ઠરે તે નિમિત્તરૂપે અધર્માસ્તિ છે અને આ રહેવાને માટે આકાશ. તે એક-એક દ્રવ્ય છે. ધર્માસ્તિ નામનો એક પદાર્થ છે, અધર્માસ્તિ નામનો એક, આકાશ નામનો એક છે, કાળાણુ અસંખ્ય છે, જીવ અનંત છે એથી અનંત ગુણા પુદ્‌ગલ છે. આ એક-એક છે, ઓલા ઘણા છે, એમ કીધું.

'**યે સબ તીન દ્રવ્ય અપને પ્રદેશોંસે અખંડિત હૈં.**' લ્યો! એ બધા ધર્મ, અધર્મ, આકાશ પોતાના પ્રદેશથી અખંડ છે. આ ચૌદ રાજુલોક પ્રમાણે ધર્માસ્તિ અસંખ્ય પ્રદેશી પિંડ છે આખો, અધર્માસ્તિ અસંખ્ય પ્રદેશી પિંડ છે. આકાશ પણ લોક પ્રમાણે અસંખ્ય પ્રદેશી પિંડ છે. આકાશ અનંત પ્રદેશી સર્વ વ્યાપક થઈને પિંડ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જૈનશાળાના પાઠશાળાને આ મૂળ શીખવાનું ન મળે, ઓલું શીખે. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. ફલાણું કરો. હવે એ તો પાઠ છે, હવે મૂળ આ સમજ્યા વિના. છ દ્રવ્ય, છ દ્રવ્યમાં આત્મા શું? છ દ્રવ્યની સંખ્યા કેટલી? છ દ્રવ્યમાં પ્રદેશો ઝાઝા કેટલા? થોડા કટેલા? નહિ પ્રદેશો કેટલા? પરમાણુ એક-એક છે. બધા થઈને અનંત પુદ્‌ગલો છે.

'**જીવદ્રવ્ય જુદા જુદા જીવોંકી ગણનાસે અનંત હૈં,...**' આવ્યું? એ જીવવસ્તુ ગણતરીને અપેક્ષાએ અનંત છે. બધા થઈને એક છે એમ છે નહિ. અનંત આત્મા છે, અનંત આત્મા. ઓહો..હો..! જુઓને લીલ-ફુગ, આ પાણીમાં જુઓને કેટલા ગોદડા થાય લીલફુગના. લીલ કહે છેને? એક આટલી રાઈમાં અનંતા જીવ છે. એ લીલફુગના ગોદડા. તળાવમાં જામે છેને લીલ? એ તો એકલો જીવનો સમૂહ. એ દેખાય છે શરીર હોં! એ શરીર દેખાય છે રજકણ, આ જેમ શરીર દેખાય એમ અને અંદર આત્મા. એમ ઓલો દેખાય છે શરીર અંદર અનંત

આત્મા છે. એમાં અનંતવાર હતો અને માંડ નીકળીને માણસ થયો છે. એને ભાન ક્યાં છે કે હું ક્યાં હતો ને ક્યાં આવ્યો છું? જેલમાંથી નીકળે તો ખુશી થાય થોડીક વાર નહિ? હાશ! કરો એલા લાપસીના આંધણ આજ. છોકરો છ વર્ષે જેલમાંથી નીકળ્યો. તમારા હતાને છોકરાઓ બે ઓલા? માંડલામાં. એ બિચારા બહાર નીકળ્યા તો હાશ! નહિતર ઓલું એવો થાતો નહોતો કાંતિ. કે અરે..! મારા બે ભાઈ જેલમાં છે. મને કાંઈ ચેન પડતું નથી. શાંતિ પહેલા આવ્યો હતોને. બે ભાઈ જેલમાં મારે શું કરવું? કેમ કરવું? આ જેલમાંથી નીકળીને, નિગોદની જેલમાંથી નીકળ્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- યાદ પણ આવતું નથી.

ઉત્તર : ક્યાંથી યાદ? યાદ તો છ મહિનાનો કેવડો હતો એ યાદ આવે છે? શું? છ મહિનાનું શરીર હતું ત્યારે શું હતો એ યાદ આવે છે? યાદ ન આવે એ માટે ન હતું?

મુમુક્ષુ :- બે-ચાર દિ' પહેલા શાક શું ખાધું....

ઉત્તર :- એ ન યાદ આવે તમને. પણ આ તો, હું તો છ મહિના, જન્મ્યા પછી છ મહિના આમ લડાવ્યો ને આમ કર્યું ને ઢીંકણું રોતો ઉં..ઉં.. આ ને આ. એ યાદ આવે છે કાંઈ? યાદ આવે ને માટે નથી, યાદ ન આવે માટે નથી, એમ કોણે કહ્યું? સમજાણું કાંઈ? એણે કોઈ દિ' દરકાર જ કરી છે કે દિ'? એમ ને એમ રખડવાની દરકારો કરી છે એણે. આહા..હા..! રતિભાઈ! બાર મહિના, છ મહિના નહોતો, આત્મા નહોતો ત્યાં? શરીર નહોતું? રોયો હતો કે નહિ? દૂધ પીધા છે, ફલાણું કર્યું છે, ઢીંકણું કર્યું છે, આ દિશા થઈને એં.. એં... કરીને આમ .. યાદ આવે છે કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ તમારું યાદ આવે છે કાંઈ? તમારું યાદ આવે છે કે નહિ? ત્યારે તમારું યાદ નથી આવતું માટે નહોતું એ કાળે? એ કાળે એ આત્મા નહોતો? એ વખતે શરીર નહોતું ? શું નહોતું? સમજાણું કાંઈ? એમ ભગવાને કહેલા છ દ્રવ્યો અનંત આત્માઓ નિગોદમાં અનંત કાળથી પડ્યા હતા. એને યાદ ન આવે એટલે પડ્યા હતા એ કાંઈ વયા જાય એમ છે? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એને કે દિ' હતાની ખબર છે? એને માનવું પડશે કે નહિ પરોક્ષ રીતે? કે ભાઈ! હું હતો કાંઈ મોટો થયો છો આવડો ત્રીસ વર્ષનો, ચાલીશ વર્ષનો કે છ મહિના ને બાર મહિના વિતાવીને ગયો, થયો છે કે નહિ? છ મહિના અને બાર મહિના વિત્યા વિનાનો ચાલીશ વર્ષનો થઈ ગયો? એ છ મહિનામાં, બાર મહિનામાં ક્યાં શું હતું તારું?

એ મને કાંઈ ખબર નથી. નથી ખબર માટે નહોતું? છે બધું. એમ વસ્તુની અનંતતા જીવની નિગોદમાં હતી એ છે. નથી ખબર માટે નથી એમ કોણે કહ્યું? સમજાણું કાંઈ? એય..! શશીભાઈ! ન્યાયની વાતમાં તો એવી વાત છે અહીં તો. સર્વજ્ઞ ભગવાનની કોર્ટ છે એ તો. ત્રણલોકના નાથ વીતરાગ જિનવરદેવ પોકારે છે વાણી. અનંતા નિગોદના જીવ છે એને અનંતા માન. છેને ? પુદ્ગલદ્રવ્યસે અનંત ગુણા છે એને માન. પુદ્ગલ પરમાણુ અનંત ગુણા છે એને માન. વ્યવહાર સમકિતના વિષયનો વિકલ્પ જુઓ! **'કાલદ્રવ્યાણુ અસંખ્યાત હૈં,...'** એમ માન. જુઓ, કાળને ઘણું છે, દ્રવ્ય છે. જીવ-અજીવની પર્યાય છે એમ નહિ. જીવ-અજીવની પર્યાય છે એમ નહિ, પણ કાલાણુથી દ્રવ્ય છે જુદાં. આહા..હા..!

**'ધર્મદ્રવ્ય એક હૈ,...'** ધર્માસ્તિ નામનો પદાર્થ ચૌદ બ્રહ્માંડમાં પણ એક વસ્તુ છે અરૂપી અનાદિ-અનંત. **'ઔર વહ લોકવ્યાપી હૈ,...'** લોકમાં વ્યાપેલો. **'અધર્મદ્રવ્ય ભી એક હૈ,...'** સ્થિર થવામાં એક નિમિત્ત છે, એ અપેક્ષા સમજ્યાને? **'અધર્મદ્રવ્ય ભી એક હૈ, ઔર વહ લોકવ્યાપી હૈ,...'** લોકમાં વ્યાપેલો છે. **'યે દોનોં દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી હૈં,...'** બેને અસંખ્ય પ્રદેશ છે એક એક કરતા. **'ઔર આકાશદ્રવ્ય અલોક અપેક્ષા અનંતપ્રદેશી હૈ,...'** આહા..હા..! આકાશ અલોક... અલોક... અલોક... ક્યાંક ક્યાંક ભીંત-વાડો કાંઈક હશે કાંઈ? શું કહેવાય? કાંટાની વાડ. પછી વાડ હશે? પછી શું હશે? વાડ હશે, વેલો હશે શું હશે? ભાઈ! એ તને ખબર નથી. આકાશ એમ ને એમ અરૂપી, અમાપ, અનંત પ્રદેશ ચાલ્યો જ જાય. જેનું ક્યાંય અસ્તિનું નાસ્તિ થતું નથી. એવો આકાશ નામનો પદાર્થ એને તું તારા જ્ઞાનમાં માન. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે.

**'લોક અપેક્ષા અસંખ્યાતપ્રદેશી હૈં.'** આકાશ લોક પ્રમાણે અસંખ્ય છે. સમજાણું? **'યે સબ દ્રવ્ય અપને-અપને પ્રદેશોંકર સહિત હૈં,...'** પોત પોતાના ક્ષેત્રથી, પોત પોતાના અંશથી બધા દ્રવ્યો છે. કોઈના કોઈના પ્રદેશ ને કોઈના-કોઈના ક્ષેત્રથી છે નહિ. **'કિસીકે પ્રદેશ કિસીસે નહીં મિલતે.'** આત્માના અસંખ્ય પ્રદેશમાં પરમાણુના પ્રદેશ નથી મળતા અને બીજા આત્માના પ્રદેશમાં આ આત્માના પ્રદેશ ભળતા નથી. ધર્માસ્તિના પ્રદેશ આત્મામાં ભળતા નથી ને આત્માના પ્રદેશ ધર્મમાં ભળતા નથી-ધર્માસ્તિ દ્રવ્યમાં. દરેકનું ભિન્ન-ભિન્ન ક્ષેત્ર ભિન્ન-ભિન્ન છે. **'ઈન છહોં દ્રવ્યોંમેં જીવ હી ઉપાદેય હૈ.'** લ્યો! આ છ વસ્તુમાં જાણીને વિકલ્પ છે જ્ઞાન એ સંબંધી. ભગવાન આત્મા... છમાં હવે ભેદ પાડે છે જરી. એ છ દ્રવ્યની અંદર એક જીવ જ આદરણીય છે.

**'યદ્યપિ શુદ્ધ નિશ્ચયસે શક્તિકી અપેક્ષા સભી જીવ ઉપાદેય હૈં,...'** શું કહે છે? જીવનું શક્તિપણું છે અને એ તો આનંદમૂર્તિ ને પૂર્ણ જ્ઞાનમૂર્તિ એક શક્તિ છે એની. એ

અપેક્ષાએ બધા જીવ જ્ઞાનમાં આદરવા લાયક છે. આહા..હા..! અનંત આત્માઓ પરમાત્મ સ્વરૂપ જ છે અંદર. એની પર્યાયમાં, એક સમયની દશામાં ફેર છે. ભગવાન, આહા..હા..! આખો લોક ભગવાનથી ભરેલો છે, અનંતા જીવ શક્તિની અપેક્ષાએ જીવ ઉપાદેય છે. '**તો ભી વ્યક્તિકી અપેક્ષા પંચપરમેષ્ઠી હી ઉપાદેય હૈં,...**' પણ પ્રગટ નિર્મળતા થઈ પાંચ પરમેષ્ઠીને, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. પંચ પરમેષ્ઠીને નિર્મળતા પ્રગટ થઈ ગઈ છે. આ અનંતા જીવની શક્તિરૂપે પવિત્રતા પડી છે અનંતની. તે અપેક્ષાએ શક્તિરૂપે તેને ગણીને અવસ્થા, રાગ, નિમિત્ત છોડવા લાયક (અને) ઓલું શક્તિરૂપે આત્મા છે તે આદરવા લાયક છે.

એ અનંત શક્તિનું આદરવો માને છે કેટલો એનો પર્યાય થઈ ગયો? બધા શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... અનંત આત્મા પરમાનંદની મૂર્તિ છે. એક સમયની દશામાં વિકાર, મિથ્યાત્વ, બ્રહ્મ અજ્ઞાન ભેદ એ બધું એક સમયની દશામાં. વસ્તુ તરીકે તો શક્તિ તો શુદ્ધ, શુદ્ધ અને શુદ્ધ. લાખ પીપરના દાણા એની ચોસઠ પહોરી તાકાત જ અંદર ભરેલી છે. સમજાય છે કાંઈ? એમ અનંત આત્માઓ અંતર શક્તિમાં પૂર્ણાનંદ, પૂર્ણસ્વરૂપ શુદ્ધ જ પડ્યું છે. એ અપેક્ષાએ લક્ષમાં લેવા લાયક, આદરવા લાયક છે. વ્યક્તિની અપેક્ષાએ પાંચ પરમેષ્ઠી. નિર્મળ પર્યાય શક્તિમાં હતી એ પાંચ પરમેષ્ઠીએ પ્રગટ કરી છે. ચોસઠ પહોરી જેમ પીપર શક્તિરૂપે હતી પછી ઘૂંટીને જેમ કોઈ પચ્ચીસ, ત્રીસ, ચાલીશ, પચાસ પહોર ભેગી કરે છેને વ્યક્ત ઘૂંટીને? એમ ભગવાન અરિહંત ને સિદ્ધે પૂર્ણ ઘૂંટીને બહાર પ્રગટ કરી છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુએ હજી અપૂર્ણ કરીને શક્તિની વ્યક્તતા પૂર્ણ, અધૂરી પણ પ્રગટ પવિત્ર કરી છે.

'**ઉનમેં ભી અરહંત સિદ્ધ હી હૈં,...**' પાંચમાં પણ અરિહંત અને સિદ્ધ પૂર્ણ પરમાત્મ દશા છે. માટે તે આદરવા લાયક છે. અનંત જીવ શક્તિએ છે અશુદ્ધ માટે આદરવા લાયક. એમ આ પાંચ પરમેષ્ઠીએ પવિત્રતા પ્રગટ કરી માટે આદરવા લાયક, એમાં પણ અરિહંત ને સિદ્ધે પૂર્ણ પવિત્ર પ્રગટ માટે આદરવા લાયક. '**ઉન દોનોંમેં ભી સિદ્ધ હી હૈં,...**' કારણ કે, અરિહંતની પણ હજી અપૂર્ણ દશા છે. સિદ્ધ દશા થઈ એ પૂર્ણ દશા નિર્મળ છે. એ ઉપાદેય. '**ઔર નિશ્ચયનયકર...**' એ એમાં પણ આ '**મિથ્યાત્વરાગાદિ વિભાવપરિણામકે અભાવમેં વિશુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' એ સિદ્ધ ભગવાન આદિ ઉપાદેય કહ્યા એ વિકલ્પથી આદરણીય ભલે હો. નિશ્ચયથી તો આ ભગવાન આત્મા પોતાનો શુદ્ધ આનંદકંદ ધ્રુવ. છે? વિશુદ્ધ આત્મા. પોતાનું શુદ્ધ નિર્મળાનંદ સ્વરૂપ એ જ. જુઓ, ભાષા એમ છે. શુદ્ધાત્મા એવ નિવૃત્તિ કાળે. પણ ક્યારે? કે મિથ્યાભ્રમ છોડી રાગ જેટલો હું પરમાં સુખ બુદ્ધિ. એ બધો મિથ્યા ભ્રમ છોડી અને રાગ-દ્વેષના વિકલ્પ છોડી, એ કાળે આ આત્મા

શુદ્ધ ચિદાનંદ વિશુદ્ધ છે, પરમાનંદની મૂર્તિ છે. એ જ આદરણીય દૃષ્ટિમાં એ કાળે છે. સમજાણું કાંઈ? શું કીધું?

સિદ્ધ આદિ આદરણીય છે પણ એ તો અમુક વિકલ્પને કાળે. અમુક આદરણીય... આદરણીય... આદરણીય માને. આ તો નિર્વિકલ્પ કાળે આ આદરણીય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભ્રમણા છોડી કે હું રાગ અને અલ્પજ્ઞ જેટલો છું કે પરમાં સુખ છે. એવી મિથ્યાત્વ ભ્રાન્તિ છોડી પૂર્ણાનંદ પ્રભુ વિશુદ્ધઆત્મા એવા પરિણામના-વિભાવના કાળમાં અભાવના કાળમાં અભાવવિશુદ્ધઆત્મા હી ભગવાન શુદ્ધ એ અંતર અનુભવમાં, દૃષ્ટિમાં આદરવા લાયક છે. એસા આ ગાથાનો સાર જાણવો. કહો, પ્રદેશની વ્યાખ્યા કરી, દ્રવ્યની વ્યાખ્યા કરી. એ છે એમ જાણવું, અનંત જીવ છે, અનંત પુદ્ગલ છે, અસંખ્ય કાલાણુ છે, એક ધર્મ, અધર્મ, આકાશ છે, આકાશના અનંત પ્રદેશ છે, ધર્મ, અધર્મના અસંખ્ય પ્રદેશ છે. એમ છે એમ જાણવું. જાણીને એ અનંત જીવોની શક્તિઓ શુદ્ધ છે તેને લક્ષમાં એને બરાબર માનવી. એ રીતે જાણવું, માનવું. પાંચ પરમેષ્ઠી જાણવા-આદરવા લાયક છે વ્યવહારે. પણ એમાંથી અરિહંત-સિદ્ધ અને એમાંથી સિદ્ધ. આ એમાંથી પણ પોતાનો આત્મા. સમજાણું કાંઈ? માળે આ ભારે ભાઈ! સિદ્ધ કરતા પણ આત્મા આદરવા લાયક તારો આત્મા કારણકે સિદ્ધનું લક્ષ કરવા જાય તો વિકલ્પ ઉઠે છે. નિશ્ચયનયકર એમ કીધું છેને જુઓને ભાષા શું લીધી છે? જુઓને. સમજાણું? નિશ્ચયથી પરમાર્થ શબ્દ પડ્યો છેને એમાં? **'मध्ये सिद्धा एव, परमार्थेन तु'** એમ. ઓલો વ્યવહારથી વિકલ્પ આમ જાણવાલાયક. નિશ્ચયનયકર અંદર સ્વરૂપ ભગવાન આત્મા ભ્રમણા અને વિકલ્પની જાળ છોડી, તે કાળે અભાવ વિભાવનું થતાં વિશુદ્ધ આત્મા તે આદરણીય છે એનું નામ સમ્યગ્દર્શનને જ્ઞાન કહેવાય છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્મા જ આદરણીય છે. બીજો કોઈ આદરણીય છે નહિ, એનું નામ ધર્મ કહેવાય છે લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)